BAOU
Education for all

# ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી

(ગુજરાત સરકાર દ્વારા સ્થાપિત)

NAAC ACCREDITED A++ GRADE 3.55/4

## બી. કોમ. સેમેસ્ટર - 3

## MDC301-BC

## સમગ્રલક્ષી અર્થશાસ્ત્ર



# સ્વાધ્યાયનું અજવાળું

ભારતના સંવિધાનના સર્જક, ભારતરત્ન ડૉ. બાબાસાહેબ આંબેડકરની પાવન સ્મૃતિમાં ગરવી ગુજરાતમાં, ગુજરાત સરકારશ્રીએ ઈ.સ. 1994માં યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન અને ડિસ્ટન્સ એજ્યુકેશન કાઉન્સિલની માન્યતા મેળવી અમદાવાદમાં ગુજરાતના એકમાત્ર મુક્ત વિશ્વવિદ્યાલય ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીની સ્થાપના કરી છે.

ડૉ. બાબાસાહેબ આંબેડકરની 125મી જન્મજયંતીના અવસરે જ ગુજરાત સરકાર દ્વારા યુનિવર્સિટી માટે અદ્યતન સગવડતા સાથે, શાંત જગ્યા મેળવી, જ્યોતિર્મય પરિસરનું નિર્માણ કરી આપ્યું. BAOUના સત્તામંડળે પણ યુનિવર્સિટીના આગવા ભવિષ્ય માટે ખૂબ સહયોગ આપ્યો, આપતા રહે છે.

શિક્ષણ એટલે  માનવમાં થતું મૂડીરોકાણ, શિક્ષણ લોકસમાજની ગુણવત્તા સુધારવામાં અધિક ફાળો આપી શકે છે. અહીં મને સ્વામી વિવેકાનંદનું શિક્ષણ વિષયક દર્શન યાદ આવે છે:

'જેનાથી ચારિત્ર્યનું ઘડતર થાય, જેનાથી માનસિક ક્ષમતાનું નિર્માણ થાય, જેનાથી બૌદ્ધિક વિકાસ સાધી શકાય અને જેના થકી વ્યક્તિ પગભર બની શકે તેને શિક્ષણ કહેવાય'

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી શિક્ષણમાં આવા ઉમદા વિચારને વરેલી છે. તેથી વિદ્યાર્થીઓને ગુણવત્તાયુક્ત, વ્યવસાયલક્ષી, જીવનલક્ષી શિક્ષણની સગવડ ઘરે બેઠાં મળી રહે એવા પ્રયત્નો મક્કમ બની કરે છે. બહોળા સમાજના લોકોને ઉચ્ચશિક્ષણ પ્રાપ્ત થાય, છેવાડાના માણસોને ઉત્તમ કેળવણી એમનાં રોજિંદાં કામો કરતાં  પ્રાપ્ત થતી રહે. વ્યાવસાયિક લોકોને આગળ ભણતરની ઉત્તમ તક સાંપડે અને જીવનમાં પોતાની ક્ષમતાઓ, કૌશલ્યોને પ્રગટ કરી સારી કારકિર્દી ઘડે, સ્વાવલંબી બની ઉત્તમ જીવન જીવતાં સમાજ અને રાષ્ટ્રનિર્માણમાં પોતાનું યોગદાન આપે, એ માટે પ્રયાસરત છે.

'સ્વાધ્યાય: પરમં તપ:' સૂત્રને ઓપન યુનિવર્સિટી કેન્દ્રમાં રાખીને અહીં પ્રવેશ કરતા છાત્રોને સ્વઅધ્યયન માટે સરળતાથી સમજાય એવો ગુણવત્તાલક્ષી શૈક્ષણિક અભ્યાસક્રમ ઉપલબ્ધ કરાવી આપે છે. દરેક વિષયની પાયાની સમજણ મળે તેની કાળજી રાખવામાં આવે છે. વિદ્યાર્થીઓને રસ પડે અને રુચિ કેળવાય તેવાં પાઠ્યપુસ્તકો નિષ્ણાત અધ્યાપકો દ્વારા તૈયાર કરવામાં આવે છે. દૂરવર્તી શિક્ષણ પ્રાપ્ત કરવા ખેવના રાખતા કોઈ પણ ઉંમરના છાત્રોને માટે અભ્યાસસામગ્રી તૈયાર કરવા માટે શિક્ષણવિદો સાથે પરામર્શ કરવામાં આવે છે. એ પછી જ માળખું રચી, અભ્યાસસામગ્રી તૈયાર કરી પુસ્તક સ્વરૂપે છાત્રોનાં કરકમળોમાં આપે છે. જેનો ઉપયોગ કરીને વિદ્યાર્થીઓ સંતોષપ્રદ અનુભવ કરી શકે છે.

યુનિવર્સિટીના તજજ્ઞ અધ્યાપકો ખૂબ કાળજીથી આ અભ્યાસસામગ્રીનું લેખન કરે છે. વિષયનિષ્ણાત પ્રોફેસરો દ્વારા એમનું પરામર્શન થયા પછી જ પરિણામલક્ષી અભ્યાસસામગ્રી યુનિવર્સિટીના વિદ્યાર્થીઓને પહોંચે છે. ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી જ્ઞાનનું કેન્દ્રબિંદુ બની રહી છે. વિદ્યાર્થીઓને 'સ્વાધ્યાય ટેલિવિઝન', 'સ્વાધ્યાય રેડિયો' જેવા દૂરવર્તી ઉપાદાનો થકી પણ એમના ઘરમાં શિક્ષણ પહોંચાડવાનો પુરુષાર્થ થઇ રહ્યો છે. ઉમદા હેતુ, શ્રેષ્ઠ ધ્યેયને આંબવા પરિશ્રમરત યુનિવર્સિટીના જ્ઞાનની પરબ સમા અધ્યાપકો તેમજ કર્મઠ કર્મચારીગણને અભિનંદન અને અમારી યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ સફળ થવા ખૂબ મહેનત કરી, જીવન સફળ કરવાની સાથે જીવન સાર્થક કરે એવી પરમેશ્વરને પ્રાથના કરું છું.

**પ્રો. (ડૉ.) અમીબહેન ઉપાધ્યાય**

**કુલપતિશ્રી,**

**ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી,**

**જ્યોતિર્મય પરિસર,સરખેજ-ગાંધીનગર હાઈવે,  છારોડી, અમદાવાદ**

# ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી

(ગુજરાત સરકાર દ્વારા સ્થાપિત)

બી.કોમ. સેમેસ્ટર-3

MDC301-BC

સમગ્રલક્ષી અર્થશાસ્ત્ર

ભાગ-1


એકમ : 1 સમગ્રલક્ષી અર્થશાસ્ત્રનો પરિચય અને રાષ્ટ્રીય આવક 03-21

એકમ : 2 આર્થિક વિકાસ અને આર્થિક વૃદ્ધિ 22-37

એકમ : 3 ઉત્પાદન આવક અને રોજગારી 38 -51

એકમ : 4 નાણું 52-68

લેખન : ડૉ. શ્રી દેવેન્દ્રસિંહ જાડેજા કેનિયા અને એન્કરવાલા આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, મુન્દ્રા, કરછ.

ડૉ. કૃતિ છાયા ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ.

ડૉ. મંજુલા લક્ષ્મણ ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદ.

ડૉ. દીના લોઢીયા બાહઉદ્દીન કોલેજ, જૂનાગઢ.

પરામર્શક(વિષય) : પ્રિ. નટુભાઈ પટેલ સી. યુ. શાહ કોમર્સ કોલેજ, અમદાવાદ.

પ્રિ. હીનાબેન પટેલ એમ. એમ. શાહ મહિલા આર્ટસ કોલેજ, કડી.

પરામર્શક(ભાષા) : ડૉ. જાગૃતિ જે. મહેતા ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ.

સંપાદન : પ્રો. (ડૉ.) મનોજ શાહ પ્રોફેસર & નિયામક, સ્કૂલ ઓફ કોમર્સ એન્ડ મેનેજમેન્ટ,
ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ.

સંયોજન સહાય : ડૉ. કૃતિ છાયા આસિસ્ટન્ટ પ્રોફેસર,
ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ.

પ્રકાશક : ડૉ. અજય સિંહ જાડેજા કુલસચિવ,
ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ.

આવૃત્તિ : સુધારેલ પુનઃ આવૃત્તિ (2026)

ISBN : 978-93-5598-030-4

**<u>સર્વાધિકાર સુરક્ષિત</u>**

**આ પાઠ્યપુસ્તક ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના ઉપક્રમે વિદ્યાર્થીલક્ષી સ્વઅધ્યન હેતુથી; દૂરવર્તી શિક્ષણના ઉદ્દેશને કેન્દ્રમાં રાખી તૈયાર કરવામાં આવેલ છે. જેના સર્વાધિકાર સુરક્ષિત છે. આ અભ્યાસ-સામગ્રીનો કોઈપણ સ્વરૂપમાં ધંધાધારી ઉપયોગ કરતાં પહેલાં ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીની લેખિત પરવાનગી લેવાની રહેશે.**

# એકમ 1

# "સમગ્રલક્ષી અર્થશાસ્ત્રનો પરિચય અને રાષ્ટ્રીય આવક"


1.1 ઉદ્દેશો.

1.2 પ્રસ્તાવના

1.3 એકમલક્ષી અર્થશાસ્ત્ર અને સમગ્રલક્ષી અર્થશાસ્ત્ર.

1.4 સમગ્રલક્ષી અર્થશાસ્ત્રનું સ્વરૂપ અને લક્ષણો.

1.4.1 સમગ્રલક્ષી અર્થશાસ્ત્ર 'એક નૂતન અર્થશાસ્ત્ર'

1.4.2 આર્થિક પ્રવૃત્તિતા સમગ્રલક્ષી સ્વરૂપનો અભ્યાસ.

1.4.3 સમાનગુણી પરિમાણોનો અભ્યાસ.

1.4.4 એકમલક્ષી અને સમગ્રલક્ષી અર્થશાસ્ત્રના કુલ પરિમાણોની ભિન્નતા

1.4.5 પેટા-પરિમાણો અને મૂળભૂત વિભાવનાઓનો અભ્યાસ

1.4.6 કુલ પરિમાણોનું વિશ્લેષણ

1.4.7 કુલ પરિમાણોનું પરસ્પરાવલંબન

1.4.8 અર્થતંત્રનું વિહંગાવલોકન

1.5 સમગ્રલક્ષી અર્થશાસ્ત્રનું કાર્યક્ષેત્ર

1.5.1 આવક અને રોજગારીનું નિર્ધારણ.

1.5.2 સામાન્ય ભાવ સપાટી

1.5.3 આર્થિક વૃદ્ધિ

1.6 સમગ્રલક્ષી અર્થશાસ્ત્રની ઉપયોગિતા

1.7 રાષ્ટ્રીય આવકનો અર્થ અને ખ્યાલ

1.7.1 કાચી આંતરિક પેદાશ

1.7.2 ચોખ્ખી આંતરિક પેદાશ

1.7.3 કુલ રાષ્ટ્રીય પેદાશ

1.7.4 ચોખ્ખી રાષ્ટ્રીય પેદાશ

1.7.5 આવકના એકમલક્ષી ખ્યાલો માથાદીઠ આવક

1.7.6 વૈયક્તિક આવક

1.7.7 ખર્ચવાપાત્ર આવક

1.8 રાષ્ટ્રીય આવક માપવાની પદ્ધતિઓ

1.8.1 ઉત્પાદન પદ્ધતિ

1.8.2 આવક પદ્ધતિ

1.8.3 ખર્ચ પદ્ધતિ

1.9 રાષ્ટ્રીય આવક માપનની મર્યાદાઓ

1.10 રાષ્ટ્રીય આવકનો ચક્રાકાર પ્રવાહ

1.11 સારાંશ

1.12 ચાવીરૂપ શબ્દો

1.13 કેટલાંક ઉપયોગી પુસ્તકો

1.14 તમારી પ્રગતિ ચકાસોના જવાબો

## 1.1 ઉદ્દેશો

આ એકમમાં સમગ્રલક્ષી અર્થશાસ્ત્રનો અર્થ અને તેના કાર્યક્ષેત્રની સમજૂતી આપી છે તેમજ રાષ્ટ્રીય આવકના ખ્યાલ અંગેનો પરિચય આપે છે. આ એકમનો અભ્યાસ કર્યા પછી આપણે એ સમજાવી શકીએ કે,

- એકમલક્ષી અને સમગ્રલક્ષી અર્થશાસ્ત્ર એટલે શું ?
- રાષ્ટ્રીય આવક માપવાની વિવિધ પદ્ધતિઓ કઇ છે ?
- રાષ્ટ્રીય આવકનો ચક્રાકાર પ્રવાહ.

## 1.2 પ્રસ્તાવના

અર્થશાસ્ત્રમાં માનવીની આર્થિક વર્તણૂંકનો અભ્યાસ કરવામાં આવે છે. માનવીની જરૂરિયાતો અમર્યાદિત છે. જેમ જેમ માનવીની જરૂરિયાતો સંતોષાતી જાય તેમ તેની જરૂરિયાતો વિસ્તરતી જાય છે અને આ જરૂરિયાતો સંતોષવા માટેના સાધનો મર્યાદિત છે અને તે વૈકલ્પિક ઉપયોગવાળા છે. આમ માનવીની અમર્યાદિત જરૂરિયાતોને મર્યાદિત અને વૈકલ્પિક સાધનોના સંદર્ભમાં માનવીઓના વર્તનનો અભ્યાસ અર્થશાસ્ત્રમાં કરવામાં આવે છે. અમર્યાદિત જરૂરિયાતને જ્યારે મર્યાદિત અને વૈકલ્પિક સાધનો દ્વારા સંતોષવાનો પ્રયત્ન થાય છે ત્યારે તેના કારણે કેટલાંક પ્રશ્નો ઉભા થાય છે. જેને આપણે આર્થિક પ્રશ્નો તરીકે ઓળખીએ છીએ. અર્થશાસ્ત્ર આ આર્થિક પ્રશ્નો કે આર્થિક સમસ્યાઓનો અભ્યાસ બે જુદી જુદી પદ્ધતિ દ્વારા કરવામાં આવે છે જે આ પ્રમાણે છે.

(1) એકમલક્ષી અર્થશાસ્ત્ર

(2) સમગ્રલક્ષી અર્થશાસ્ત્ર

આ બે શબ્દનો સૌપ્રથમ ઉપયોગ ક્રિસ્ક નામના વિદ્વાને કર્યો હતો ત્યારબાદ અર્થશાસ્ત્રમાં આ બે પદ્ધતિઓનો ઉપયોગ શરૂ થયો છે.

એકમલક્ષી અર્થશાસ્ત્રમાં વ્યક્તિ, પેઢી કે કોઈપણ નાનકડા સમૂહના આર્થિક વ્યવહારનો અભ્યાસ કરે છે.

જ્યારે સમગ્રલક્ષી અર્થશાસ્ત્રમાં વ્યક્તિગત પેઢી કે કુટુંબને બદલે સમગ્ર અર્થતંત્રમાં ચાલતી તમામ આર્થિક પ્રવૃત્તિનો એક સાથે અભ્યાસ કરવામાં આવે છે.

પ્રસ્તુત એકમમાં અહીં સમગ્રલક્ષી અર્થશાસ્ત્રની ચર્ચા કરવામાં આવેલ છે. અહીં સમગ્રલક્ષી અર્થશાસ્ત્રના એક ભાગ તરીકે રાષ્ટ્રીય આવકની ચર્ચા કરવામાં આવી છે જેમાં રાષ્ટ્રીય આવકનો અર્થ, રાષ્ટ્રીય આવકની ઉપયોગિતા, રાષ્ટ્રીય આવકને માપવાની વિવિધ પદ્ધતિઓ તથા રાષ્ટ્રીય આવકનો ચક્રાકાર પ્રવાહ વગેરેની ચર્ચા કરવામાં આવી છે.

## 1.3 એકમલક્ષી અર્થશાસ્ત્ર અને સમગ્રલક્ષી અર્થશાસ્ત્ર

અર્થશાસ્ત્ર એક સામાજીક વિજ્ઞાન છે. અર્થશાસ્ત્રમાં સમાજમાં રહેતા સામાન્ય માનવીની આર્થિક વર્તણૂકનો અભ્યાસ કરવામાં આવે છે આ અભ્યાસ અર્થશાસ્ત્રમાં જુદીજુદી પદ્ધતિઓ દ્વારા કરવામાં આવે છે.

1) એકમલક્ષી અર્થશાસ્ત્ર

2) સમગ્રલક્ષી અર્થશાસ્ત્ર

આ બે શબ્દનો સૌપ્રથમ ઉપયોગ ક્રિસ્ક નામના વિદ્વાને કર્યો હતો ત્યારબાદ અર્થશાસ્ત્રમાં આ બે પદ્ધતિઓનો ઉપયોગ શરૂ થયો છે.

- એકમલક્ષી અર્થશાસ્ત્ર :

એકમલક્ષી અર્થશાસ્ત્રમાં વ્યક્તિ પેઢી કે અન્ય કોઈપણ નાનકડા સમૂહના આર્થિક વ્યવહારનો અભ્યાસ કરે છે. જેમાં વ્યક્તિગત કિંમતો, વેતનો આવક કોઈ ખાસ વસ્તુઓનો અભ્યાસ કરવામાં આવે છે.

- સમગ્રલક્ષી અર્થશાસ્ત્ર :

સમગ્રલક્ષી અર્થશાસ્ત્રમાં વ્યક્તિગત પેઢી કે કુટુંબને બદલે સમગ્ર અર્થતંત્રમાં ચાલતી તમામ આર્થિક પ્રવૃત્તિઓનો અભ્યાસ કરવામાં આવે છે. તેમાં રાષ્ટ્રીય ઉત્પાદન, રાષ્ટ્રીય આવક, કુલ રોજગારી, સામાન્ય ભાવ સપાટી વગેરે બૃહદ પરિમાણો તથા તેમના વચ્ચેના આંતર સંબંધોનો અભ્યાસ સમગ્રલક્ષી અર્થશાસ્ત્રમાં કરવામાં આવે છે.

## 1.4 સમગ્રલક્ષી અર્થશાસ્ત્રનું સ્વરૂપ અને લક્ષણો

સમગ્રલક્ષી અર્થશાસ્ત્રનું આધુનિક સ્વરૂપ 1929માં આવેલી વિશ્વવ્યાપી મહામંદીને લીધે સર્જાયેલી આર્થિક અસ્થિરતામાંથી અર્થતંત્રને સુધારવાના હેતુથી અર્થતંત્રને અસર કરતા પરિબળોના અભ્યાસ અર્થે કરવામાં આવેલા પ્રયત્નોમાંથી આકાર પામ્યું છે. સમગ્રલક્ષી અર્થશાસ્ત્રના કેટલાંક મહત્ત્વના લક્ષણોનો પરિચય મેળવીશું.

### 1.4.1 સમગ્રલક્ષી અર્થશાસ્ત્ર 'એક નૂતન અર્થશાસ્ત્ર'

સમગ્ર વિશ્વમાં જ્યારે મહામંદીના કારણે જે આર્થિક પ્રશ્નો સર્જાયા તેના નિવારણ માટે અર્થશાસ્ત્રને અસર કરતા સમગ્રલક્ષી પરીબળો અંગેનો અભ્યાસ લોર્ડ કેઈન્સે કર્યો તે ખૂબ પ્રચલિત બન્યો જે નૂતન અર્થશાસ્ત્ર તરીકે ઓળખાય છે. ભૂતકાળમાં આ સમગ્રલક્ષી અર્થશાસ્ત્રનો નાણાંકીય અર્થશાસ્ત્ર તરીકે અભ્યાસ કરવામાં આવ્યો હતો.

### 1.4.2 આર્થિક પ્રવૃત્તિના સમગ્રલક્ષી સ્વરૂપનો અભ્યાસ

સમગ્રલક્ષી અર્થશાસ્ત્રમાં અર્થતંત્રમાં ચાલતી તમામ પ્રવૃત્તિઓનો અભ્યાસ કરવામાં આવે છે. સમગ્રલક્ષી અર્થશાસ્ત્રમાં રાષ્ટ્રીય આવક ભાવ સપાટી જેવાં કુલ પરિમાણો અને તેમના પેટા પરિમાણો જેવાં કે કુલ રાષ્ટ્રીય આવકના પેટા પરિમાણો કુલ વપરાશ, કુલ રોકાણ અને તેમને નક્કી કરતા તમામ પરીબળનો અભ્યાસ કરવામાં આવે છે.

### 1.4.3 સમાનગુણી પરિમાણોનો અભ્યાસ

સમગ્રલક્ષી અર્થશાસ્ત્રમાં એક સમાન ગુણ ધરાવતા તમામ પરિમાણોને એકત્રિત કરીને અભ્યાસ કરવામાં આપે છે. દા.ત. ફિશરના નાણાં પરિમાણના સિદ્ધાંતમાં કાયદા માન્યનાણું (M) અને બેન્કનાણું (M) તથા કાયદા માન્ય નાણાંનો ચલણ વેગ (V) તથા બેંકનાણાંના ચલણવેગ V' સમાનગુણી છે તેથી તેમના એક સાથે અભ્યાસ કરવામાં આવે છે.

### 1.4.4 એકમલક્ષી અને સમગ્રલક્ષી અર્થશાસ્ત્રના કુલ પરિમાણોની ભિન્નતા

**એકમલક્ષી અર્થશાસ્ત્ર અને સમગ્રલક્ષી અર્થશાસ્ત્ર વચ્ચેના તફાવતના મુદ્દા**

**એકમલક્ષી અર્થશાસ્ત્ર :**

– એકમલક્ષી અર્થશાસ્ત્રમાં કોઈપણ આર્થિક પ્રશ્નનો કોઇ એક આર્થિક એકમને ધ્યાનમાં રાખીને અભ્યાસ કરવામાં આવે છે. દા.ત. ગ્રાહક, કોઇ એક પેઢી, કુટુંબ, ઉદ્યોગ વગેરે આર્થિક પ્રશ્નનો અભ્યાસ કરવામાં આવે છે.
– કોઈપણ એક વ્યક્તિ કે એકમના સંદર્ભમાં અભ્યાસ કરવામાં આવે છે.
– એકમલક્ષી અર્થતંત્રના એક નાના ભાગના આર્થિક વ્યવહારોનું વિશ્લેષણ કરવામાં આવે છે.
– આમાં વ્યક્તિગત આવક, કુટુંબની આવક, તેની માંગની સમતુલાનો અભ્યાસ કરવામાં આવે છે.
– આમાં કોઇ એક ખાસ વસ્તુનું ઉત્પાદન નિર્ધારણ, કિંમત નિર્ધારણ વગેરેનો અભ્યાસ કરવામાં આવે છે.
– આમાં સીમાંત વિશ્લેષણ દ્વારા સમસ્યાઓની તપાસ કરવામાં આવે છે.
– આમાં પેઢી, ઉદ્યોગ, કુટુંબ, વ્યક્તિ વગેરેની આર્થિક પ્રવૃત્તિઓનો અભ્યાસ કરવામાં આવે છે.
– એકમલક્ષી અર્થશાસ્ત્રમાં કિંમત નિર્ધારણના સિદ્ધાંતો, સાધન કિંમત નિર્ધારણના સિદ્ધાંત, આર્થિક કલ્યાણના સિદ્ધાંત વગેરેનો સમાવેશ થાય છે.

**સમગ્રલક્ષી અર્થશાસ્ત્ર :**

- સમગ્રલક્ષી અર્થશાસ્ત્રમાં અર્થતંત્રની સમગ્ર આર્થિક ઘટનાઓનો અભ્યાસ કરવામાં આવે છે. દા.ત. કુલ રોજગારી, કુલ ઉત્પાદન, રાષ્ટ્રીય આવક, સામાન્ય ભાવ સપાટી વગેરેનો અભ્યાસ કરવામાં આવે છે.
- દેશના અર્થતંત્રના સંદર્ભમાં અભ્યાસ કરવામાં આવે છે.
- આમાં અર્થતંત્રના સમગ્ર સમૂહોના વ્યવહારોનું વિશ્લેષણ કરવામાં આવે છે.
- આમાં રાષ્ટ્રીય આવક, રાષ્ટ્રીય ઉત્પાદન, કુલ બચત, કુલ મૂડી રોકાણ, કુલ રોજગારી, ગરીબી, આમ અર્થશાસ્ત્રની આર્થિક વિકાસની પ્રક્રિયાનો અભ્યાસ કરવામાં આવે છે.
- આમાં કુલ આવક, કુલ માંગ, કુલ પુરવઠો, કુલ બચત કુલ મૂડી રોકાણ અને સામાન્ય ભાવ સપાટી વગેરેના નિર્ધારણ અને તેમાં આવતા પરિવર્તનોનો અભ્યાસ કરવામાં આવે છે.
- આમા સમૂહોના સરેરાશ દ્વારા અભ્યાસ કરવામાં આવે છે.
- આમાં અર્થતંત્રમાં ચાલતી તમામ આર્થિક પ્રવૃત્તિઓનો અભ્યાસ કરવામાં આવે છે.
- સમગ્રલક્ષી અર્થશાસ્ત્રમાં આવક ઉત્પાદન તથા રોજગારનો સિદ્ધાંત, કિંમતોના સિદ્ધાંત, આર્થિક વિકાસના સિદ્ધાંતો, સમગ્રલક્ષી વહેંચણીના સમગ્રલક્ષી સિદ્ધાંત વગેરેનો સમાવેશ થાય છે.

કુલ પરિમાણોના અભ્યાસમાં કુલ ઉત્પાદન, કુલ રોજગારી, કુલ આવક વગેરેનો સમાવેશ થાય છે. આ અભ્યાસ સમગ્રલક્ષી અર્થશાસ્ત્રમાં થાય છે એવું નથી. એકમલક્ષી અર્થશાસ્ત્રમાં પણ આ કુલ પરિમાણોનો અભ્યાસ થાય છે. હા પણ સમગ્રલક્ષી અર્થશાસ્ત્રમાં જે રીતે આ પરિમાણોનો વિચાર કરવામાં આવે છે. તેની તુલનાએ એકમલક્ષી અર્થશાસ્ત્રમાં અલગ રીતે વિચાર કરવામાં આવે છે. દા.ત. એકમલક્ષી અર્થશાસ્ત્રમાં કોઈ ચીજવસ્તુના કિંમત નિર્ધારણને જાણવા બજારમાંગ અને બજાર પુરવઠા વચ્ચેના પારસ્પરિક સંબંધનો અભ્યાસ કરવામાં આવે છે. તેમાં બજારમાંગ વ્યક્તિઓની માંગનો સરવાળો હોય છે તે જ રીતે બજાર પુરવઠો પણ વ્યક્તિ કે પેઢીઓના ચિજવસ્તુઓના પુરવઠાનો સરવાળો છે જ્યારે સમગ્રલક્ષી અર્થશાસ્ત્રમાં સમગ્ર અર્થતંત્રના કુલ પરિમાણો જેવાં કે રાષ્ટ્રીય આવક, કુલ રોજગારી, કુલ ઉત્પાદન વગેરેનો અભ્યાસ કરવામાં આવે છે.

### 1.4.5 પેટા-પરિમાણો અને મૂળભૂત વિભાવનાઓનો અભ્યાસ

સમગ્રલક્ષી અર્થશાસ્ત્રમાં કુલ પરિમાણોનો અભ્યાસ થાય છે તેની સાથે કુલ પરિમાણોના પેટા પરિમાણોનો પણ અભ્યાસ કરવામાં આવે છે. દા.ત. કુલ પરિમાણો જેવાં કે રાષ્ટ્રીય આવક કે રાષ્ટ્રીય ખર્ચ તેના પેટા પરિમાણો કુલ વપરાશ અને કુલ રોકાણ છે. આ પેટા પરિમાણો પણ એકબીજા સાથે સંકળાયેલા છે. તેમની એકબીજા પર અસર થાય છે આમ સમગ્રલક્ષી અર્થશાસ્ત્રમાં કુલ પરિમાણોની સાથે તેના પેટા પરિમાણોનો પણ અભ્યાસ કરવામાં આવે છે.

### 1.4.6 કુલ પરિમાણોનું વિશ્લેષણ

સમગ્રલક્ષી અર્થશાસ્ત્રના અભ્યાસક્ષેત્રમાં આવતા કુલ પરિમાણોનું માપન થઈ શકે છે તે પરિમાણોને આંકડામાં દર્શાવી શકાય છે અને વિશ્લેષણ કરી શકાય છે. દા.ત. કોઈ દેશની રાષ્ટ્રીય આવક પહેલા કેટલી હતી અત્યારે કેટલી છે ? તેનું વિશ્લેષણ કરવામાં આવે છે આ વિશ્લેષણ દ્વારા કારણ અને પરિણામ વચ્ચેના પારસ્પરિક સંબંધો તપાસવાનો પ્રયત્ન કરવામાં આવે છે.

### 1.4.7 કુલ પરિમાણોનું પરસ્પરાવલંબન

સમગ્રલક્ષી અર્થશાસ્ત્રમાં પરિમાણો એકબીજા સાથે ગાઢ રીતે અવલંબિત હોય છે તે એટલા એકબીજાથી અવલંબિત હોય છે કે એકબીજાના સંદર્ભ વિના તેમનો અભ્યાસ કરવો અશક્ય હોય છે. આમ સમગ્રલક્ષી અર્થશાસ્ત્રમાં પરિમાણોનું પરસ્પર ગાઢ અવલંબન હોય છે.

### 1.4.8 અર્થતંત્રનું વિહંગાવલોકન

વિહંગ એટલે પક્ષી અને વિહંગાવલોકન એટલે પક્ષીની માફક ઊડીને ઊંચેથી નિરીક્ષણ કરવું તે. સમગ્રલક્ષી અર્થશાસ્ત્રમાં સમગ્ર અર્થતંત્રની પરિસ્થિતિનું એક સાથે ઊપરથી નિરીક્ષણ કરવામાં આવે

છે. જેનાથી જુદા જુદા પરિમાણોના પરસ્પરાવલંબનનો ખ્યાલ આવે છે. આ માત્ર ઉપર છલ્લું સર્વ સામાન્ય નિરીક્ષણ હોય શકે આમાં વિગતવાર ઊડી માહિતીનો અભાવ જોવા મળે છે.

**(ક) તમારી પ્રગતિ ચકાસો.**

1) સમગ્રલક્ષી અર્થશાસ્ત્રની વ્યાખ્યા લખો.

---

---

---

2) સમગ્રલક્ષી અર્થશાસ્ત્રનો કોઈપણ ત્રણ લક્ષણો જણાવો.

---

---

---

---

**(2) સાચું ☑ ખોટું ☒ જણાવો.**

1) રાષ્ટ્રીય આવકનો અભ્યાસ સમગ્રલક્ષી અર્થશાસ્ત્રમાં કરવામાં આવે છે.

2) મૂડી રોકાણ વધારવાથી ઉત્પાદન આવકને અને રોજગારીમાં ઘટાડો થાય છે.

3) સમગ્રલક્ષી અર્થશાસ્ત્રનો અભ્યાસ આર્થિક નીતિઓના ઘડતરમાં મદદરૂપ થાય છે.

## 1.5 સમગ્રલક્ષી અર્થશાસ્ત્રનું કાર્યક્ષેત્ર

### 1.5.1 આવક અને રોજગારીનું નિર્ધારણ

સમગ્રલક્ષી અર્થશાસ્ત્રમાં કુલ આવક, કુલ રોજગારી, કુલ ઉત્પાદન કયા પરિબળોથી પ્રભાવિત થાય છે તેની સમજૂતી આપવાનું કાર્ય કરે છે સાથે રાષ્ટ્રીય આવક કે રોજગારીમાં લાંબા ગાળે કેવા પરિવર્તનો આવે છે અને વલણોમાં કેવાં ફેરફારો થાય છે તેની સમજૂતી આપે છે. કુલ આવક તથા કુલ રોજગારી કેવી રીતે નક્કી થાય છે. તેની સમજૂતી વપરાશ વિધેય અને રોકાણ વિધેય વિશ્લેષણ દ્વારા આપે છે. કુલ વપરાશ અને કુલ રોકાણ કુલ માંગને નક્કી કરે છે. જો કુલ માંગમાં વધારો થાય તો ઉત્પાદન, આવક અને રોજગારીમાં વધારો થાય છે અને જો કુલ માંગ ઘટે તો ઉત્પાદન આવક અને રોજગારીમાં ઘટાડો થાય છે. આમ સમગ્રલક્ષી અર્થશાસ્ત્ર અર્થતંત્રમાં આવક અને રોજગારીનું નિર્ધારણ કરવામાં મદદરૂપ થાય છે.

### 1.5.2 સામાન્ય ભાવ સપાટી

સમગ્રલક્ષી અર્થશાસ્ત્રમાં સામાન્ય ભાવ સપાટી કેવી રીતે નક્કી થાય છે તેનો અભ્યાસ કરવામાં આવે છે. આ માટે સમગ્રલક્ષી અર્થશાસ્ત્ર એ નાણાં પરિમાણના અનેક સિદ્ધાંતો આપ્યા છે. જેમકે ફિશરના નાણાં પરિમાણના સમીકરણ દ્વારા નાણાંના પુરવઠા અને ભાવ સપાટી વચ્ચેના સંબંધની સમજૂતી આપવામાં આવે છે. જો નાણાંનો ચલણવેગ યથાવત્ રહે અને તમામ આર્થિક પ્રવૃત્તિઓ યથાવત્ રહે તો નાણાંનો પુરવઠા અને સામાન્ય ભાવ સપાટી વચ્ચે સીધો અને પ્રમાણસરનો સંબંધ છે તેવું જણાવે છે.

### 1.5.3 આર્થિક વૃદ્ધિ

સમગ્રલક્ષી અર્થશાસ્ત્રમાં વૃદ્ધિ અને વિકાસનું અર્થશાસ્ત્ર ખૂબ મહત્ત્વની શાખા છે જેમાં સ્થિરતા સાથે આર્થિક વિકાસ કઇ રીતે જાળવી શકાય અને વૃદ્ધિ અને વિકાસ કયાં પરીબળોથી પ્રભાવિત થાય છે તેનો અભ્યાસ સમગ્રલક્ષી અર્થશાસ્ત્રમાં કરવામાં આવે છે. મૂડી રોકાણ કરવાથી આવકનું સર્જન થાય છે, સાથે અર્થતંત્રની ઉત્પાદન શક્તિમાં પણ વધારો થાય છે મૂડી રોકાણ ઉત્પાદન શક્તિ એટલે

કે મૂડીના જથ્થાનો પૂર્ણ ઉપયોગ કરવામાં આવે તો કુલ માંગમાં પણ વધારો થાય છે અને સ્થિરતા સાથે આર્થિક વિકાસ શક્ય બને છે. જેમ કે, રોકાણ કરવાથી ઉત્પાદન, આવક અને રોજગારી વધે છે અને પરિણામે માંગમાં વધારો થાય છે, ઉત્પાદન શક્તિનો પૂર્ણ ઉપયોગ થાય તો જ આર્થિક વિકાસ અવરોધહીન થાય છે.

આમ, સમગ્રલક્ષી અર્થશાસ્ત્રમાં અર્થશાસ્ત્રીઓ આર્થિક વિકાસના દરમાં આવતા પરિવર્તનનો અભ્યાસ કરે છે.

## 1.6 સમગ્રલક્ષી અર્થશાસ્ત્રની ઉપયોગિતા

સમગ્રલક્ષી અર્થશાસ્ત્ર વિશ્લેષણ પદ્ધતિ આર્થિક નીતિઓના નિર્માણમાં મદદરૂપ છે કોઈપણ આર્થિક નીતિ અર્થતંત્રની સમસ્યાને દૂર કરવા માટે લાગુ પાડવામાં આવે છે. દા.ત. અર્થતંત્રમાં જ્યારે તેજી કે મંદીની સમસ્યા હોય ત્યારે નાણાંકીય નીતિ કે રાજકોષીય નીતિ દ્વારા તેને નિયંત્રિત કરવામાં આવે છે. નાણાંકીય નીતિ કે રાજકોષીય નીતિ કે કોઈપણ આર્થિક નીતિનું નિર્માણ કરવા માટે સમગ્ર અર્થતંત્રનો અભ્યાસ કરવો અનિવાર્ય છે.

સમગ્રલક્ષી અર્થશાસ્ત્રનો અભ્યાસ આર્થિક વૃદ્ધિ કે આર્થિક વિકાસના લક્ષ્યને પ્રાપ્ત કરવા માટે મદદ કરે છે. સમગ્રલક્ષી અર્થશાસ્ત્રના પરિણામોના અભ્યાસ દ્વારા જાણી શકાય છે કે આર્થિક વિકાસ કેવી રીતે નિર્ધારીત કરી શકાય.

સમગ્રલક્ષી અર્થશાસ્ત્રના અભ્યાસ દ્વારા ભાવસ્થિરતા જાળવવા તથા અર્થતંત્રમાં આવતી તેજી અને મંદીની પરિસ્થિતિમાં અર્થતંત્રને સમતુલનમાં કઈ રીતે રાખી શકાય તે અંગેનુ માર્ગદર્શન આપે છે.

સમગ્રલક્ષી અર્થશાસ્ત્રના અભ્યાસ દ્વારા અર્થતંત્રની કામગીરીનું વિસ્તૃત જ્ઞાન પ્રાપ્ત થાય છે અર્થતંત્રના સમગ્રલક્ષી અભ્યાસ શક્ય બનતા દેશના આર્થિક વિકાસ માટે યોગ્ય આર્થિક નીતિઓના ઘડતરમાં મદદરૂપ થાય છે.

## 1.7 રાષ્ટ્રીય આવકનો અર્થ અને ખ્યાલ

રાષ્ટ્રીય આવક એ દેશની આર્થિક વિકાસની પ્રગતિને માપવાનું બેરોમીટર છે. રાષ્ટ્રીય આવકની મદદથી જે તે દેશની આર્થિક સ્થિતિનો તુલનાત્મક અભ્યાસ કરી શકાય છે. રાષ્ટ્રીય આવકના ખ્યાલ અંગે અર્થશાસ્ત્રીઓમાં મતમંતાર જોવા મળે છે. આથી રાષ્ટ્રીય આવકના ખ્યાલ અંગે સતત પરિવર્તનો થયા છે. રાષ્ટ્રીય આવકને માપવાની વિવિધ પદ્ધતિઓ વિકસી છે તેની ચર્ચા કરતા પહેલા રાષ્ટ્રીય આવકની કેટલીક વ્યાખ્યાઓ જોઈએ.

- પ્રો. માર્શલના મત મુજબ ''દેશમાં ઉપલબ્ધ શ્રમ અને મૂડીના સાધનો ભૂમિના સહયોગમાં કામ કરીને વર્ષ દરમિયાન સેવાઓ સહિત ભૌતિક અને અભૌતિક ચીજવસ્તુઓનો જે ચોક્કસ ચોખ્ખો જથ્થો પેદા કરે છે. તે દેશની ચોખ્ખી રાષ્ટ્રીય આવક છે.
- પ્રો. ફિશરના મત મુજબ ''ઉપભોક્તા દ્વારા અંતિમ વપરાશમાં લેવાતી ભૌતિક ચીજવસ્તુઓ કે માનવીય સેવાઓને રાષ્ટ્રીય આવકમાં સમાવેશ થઈ શકે છે.
- પ્રો. પીગુના મત મુજબ ''નાણાંની મદદથી માપી શકાય તેવી સમાજની વસ્તુલક્ષી આવક એટલે રાષ્ટ્રીય આવક વિદેશમાંથી પ્રાપ્ત થતી આવકનો પણ તેમાં સમાવેશ કરવો જોઈએ.
- પ્રો. હિકસના મત મુજબ ''સર્વસ્વીકાર્ય એવા નાણાંના માપદંડની મપાતી વસ્તુઓ અને સેવાઓનો સમૂહ એટલે રાષ્ટ્રીય આવક''
- પ્રો. સેમ્યુસનના મત મુજબ ''જ્યારે વિવિધ પ્રકારની વસ્તુઓ જેમ કે સફરજન, મોસંબી અને યંત્રો કે જે સમાજ પેદા કરે છે. તેને નાણાંના માપદંડની માપતા જે છેવટનો આંકડો આવે તે રાષ્ટ્રીય આવક છે.''
- ડૉ. સાયમન કુઝનેટસ ''દેશના ઉત્પાદન માળખામાંથી વર્ષ દરમિયાન અંતિમ ચીજવસ્તુઓ અને સેવાઓનો દેશના મૂડી સાધનોમાં ચોખ્ખો વધારો કરે છે. તેને રાષ્ટ્રીય આવક કહેવાય છે.

**રાષ્ટ્રીય આવકના ખ્યાલો**

રાષ્ટ્રીય આવકના અભ્યાસ માટે તેના વિવિધ ખ્યાલોની સમજૂતી મેળવવી આવશ્યક છે. રાષ્ટ્રીય

આવકના અનેક ખ્યાલો છે. દા.ત. કુલ રાષ્ટ્રીય પેદાશ, ચોખ્ખી રાષ્ટ્રીય પેદાશ, સાધન ભાવે રાષ્ટ્રીય આવક, વ્યક્તિગત આવક, ખર્ચવાપાત્ર આવક, વાસ્તવિક આવક વગેરેનો સમાવેશ થાય છે.

**1.7.1 કાચી આંતરિક પેદાશ (GDP)**

કાચી આંતરિક પેદાશ એટલે કે વર્ષ દરમિયાન દેશની અંદર થયેલા કુલ ઉત્પાદનના મૂલ્યના સરવાળાને કાચી આંતરિક પેદાશમાં દેશની અંદર દેશના નાગરિકો કે વિદેશના નાગરિકો દ્વારા દેશની સીમાની અંદર જે પણ ચીજવસ્તુઓ કે સેવઓનું વર્ષ દરમિયાન ઉત્પાદન થાય છે તેના કુલ મૂલ્યના સરવાળાને કાચી આંતરિક પેદાશમાં સમાવેશ કરવામાં આવે છે.

**1.7.2 ચોખ્ખી આંતરિક પેદાશ (NDP)**

કાચી આંતરિક પેદાશ એટલે વર્ષ દરમિયાન દેશની અંદર થયેલા કુલ ઉત્પાદનના મૂલ્યના સરવાળાને કાચી-આંતરિક પેદાશ કહેવામાં આવે છે. તેમાં તમામ ચીજવસ્તુઓ અને સેવાઓનો સમાવેશ થાય છે. આ ચીજવસ્તુ અને સેવાઓના ઉત્પાદન વખતે ઉત્પાદનના સાધનોને ઘસારો લાગે છે એટલે કુલ આંતરિક પેદાશમાંથી આ ઘસારા ખર્ચને બાદ કરવો જરૂરી છે કુલ આંતરિક પેદાશમાંથી આ ઘસારા ખર્ચને બાદ કરતા જે પેદાશ પ્રાપ્ત થાય છે. તેને ચોખ્ખી આંતરિક પેદાશ કહેવાય છે. દા.ત. કોઈ દેશમાં વર્ષ દરમિયાન રૂ. 100ની ચીજવસ્તુઓ અને સેવાઓનું ઉત્પાદન કરે છે અને આ રૂ. 100ની ચીજવસ્તુઓ સેવાઓના ઉત્પાદન વખતે વર્ષ દરમિયાન રૂ. 10નો મૂડી ઘસારો લાગે છે તે બાદ કરતા રૂ. 90 મળે છે તે ચોખ્ખી આંતરિક પેદાશ છે.

**1.7.3 કુલ રાષ્ટ્રીય પેદાશ**

કાચી રાષ્ટ્રીય પેદાશ એટલે કે કાચી આંતરિક પેદાશમાંથી વિદેશના નાગરિકો દ્વારા જે ઉત્પાદન કરવામાં આવ્યુ ંહોય તે બાદ કરવામાં આવે છે અને દેશના નાગરીકો દ્વારા વિદેશમાં જે ઉત્પાદન કરવામાં આવે છે તે ઉમેરવામાં આવે છે અને આ રીતે કુલ રાષ્ટ્રીય પેદાશ મેળવવામાં આવે છે. ટૂંકમાં કુલ રાષ્ટ્રીય પેદાશ એટલે દેશના નાગરીકો દ્વારા વર્ષ દરમિયાન જે ચીજવસ્તુ કે સેવાઓનું ઉત્પાદન કર્યું હોય તેનું નાણાંકીય મૂલ્ય.

**1.7.4 ચોખ્ખી રાષ્ટ્રીય પેદાશ (NNP)**

વર્ષ દરમિયાન જે ચિજવસ્તુઓ કે સેવાઓનું ઉત્પાદન  થાય છે. તેને ઉત્પાદન કરતા સાધનોને ઘસારો લાગે છે જેના પરિણામે કુલ રાષ્ટ્રીય પેદાશના મૂલ્યમાં ઘટાડો થાય છે આથી કુલ રાષ્ટ્રીય પેદાશમાંથી આ ઘસારો બાદ કરવામાં આવે તો ચોખ્ખી રાષ્ટ્રીય પેદાશ પ્રાપ્ત થાય છે.

**આવકના એકમલક્ષી ખ્યાલો**

**1.7.5 માથાદીઠ આવક :**

દેશની રાષ્ટ્રીય આવકને દેશની કુલ જન સંખ્યા વડે ભાગતા માથાદીઠ આવક પ્રાપ્ત થાય છે માથાદીઠ આવક સરેરાશ માપ છે.

કુલ રાષ્ટ્રીય આવક = કુલ માથાદીઠ આવક

કુલ જન સંખ્યા

દા.ત. કોઈ એક દેશની માથાદીઠ આવક રૂ. 1000 છે. એટલે કે દેશનો પ્રત્યેક નાગરીક વર્ષ દરમિયાન રૂ. 1000 આવક મેળવે છે. પરંતુ ખરેખર આવું હોતું નથી. દેશમાં આવકની અસમાન વહેંચણી જોવા મળતી હોય છે દેશની અંદર કેટલાંક લોકોની આવક માથાદીઠ આવક 1000 થી વધુ હોય તો કેટલાંકની તેનાથી નીચી જોવા મળે તેવું બને આ માથાદીઠ આવકએ એક સરેરાશ માપ છે.

કોઈપણ દેશની આર્થિક સ્થિતિના માપ તરીકે રાષ્ટ્રીય આવક કરતા માથાદીઠ આવકનો અભિગમ વધુ આધારભૂત છે. કારણ કે કોઈ એક દેશની રાષ્ટ્રીય આવક બીજા કોઈ એક દેશ કરતા વધુ છે. તેમ છતા તેની માથાદીઠ આવક ઓછી હોય તો તે દેશના નાગરીકોનું જીવનધોરણ નીચું હોઈ શકે.

દા.ત. A દેશની સરખામણીમાં B દેશની રાષ્ટ્રીય આવક બમણી છે. તેમ છતા A દેશની માથાદીઠ આવકની તુલનાએ B દેશની માથાદીઠ આવક ઓછી છે. આ માટે B દેશની વસ્તીનું મોટું કદ જવાબદાર છે જેમ કે A દેશની રાષ્ટ્રીય આવક રૂ. 500 છે અને B દેશની રાષ્ટ્રીય આવક રૂ. 1000 છે.

પણ જો A દેશની વસ્તી 100 છે અને B દેશની વસ્તી 500 છે આ પ્રમાણે A દેશની માથાદીઠ આવક 500/100 = રૂ. 5 તથા B દેશની માથાદીઠ આવક 100/500 રૂ. 2 છે. આમ B દેશની રાષ્ટ્રીય આવક A દેશની તુલનાએ વધુ છે. તેમ છતા માથાદીઠ આવક ઓછી છે. તે માટે B દેશની વસ્તીનું મોટુ કદ જવાબદાર છે.

આમ આર્થિક વિકાસના માપન માટે રાષ્ટ્રીયઆવકના ખ્યાલ કરતા માથાદીઠ આવકનો ખ્યાલ વધુ આધારભૂત છે. કારણ કે રાષ્ટ્રીય આવકના ખ્યાલમાં વસતિને ધ્યાનમાં લેવામાં આવતી નથી જ્યારે માથાદીઠ આવકના ખ્યાલમાં વસતિને ધ્યાનમાં લેવામાં આવે છે.

### 1.7.6 વૈયક્તિક આવક

વૈયક્તિક આવક એટલે એવી આવક કે જે આવક વ્યક્તિઓ કે કુટુંબોને વાસ્તવમાં પ્રાપ્ત થયેલી હોય તેવી આવકનો સરવાળો છે. રાષ્ટ્રીય આવક અને વૈયક્તિ આવક વચ્ચે તફાવત છે. રાષ્ટ્રીય આવકએ વર્ષ દરમિયાન વ્યક્તિઓ કે કુટુંબોએ ઉત્પાદનના સાધનોની મદદથી કમાયેલી આવક છે. જ્યારે વૈયક્તિ આવક વર્ષ દરમિયાન વ્યક્તિઓ કે કુટુંબોએ વાસ્તવમાં કેટલી આવક પ્રાપ્ત કરી છે તે છે. વર્ષ દરમિયાન વ્યક્તિઓ અને કુટુંબો દ્વારા જે આવક કમાય છે તે તમામ આવક તેના હાથમાં આવતી નથી એટલે કે વર્ષ દરમિયાન કમાયેલી કુટુંબો કે વ્યક્તિઓની આવક અને વાસ્તવમાં હાથમાં રહેલી આવક વચ્ચે અંતર હોય છે. દા.ત. આવકવેરા, કંપનીવેરા, સામાજીક સલામતી પાછળનો ફાળો, કંપનીઓનો વણવહેંચાયેલો નફો વગેરે રાષ્ટ્રીય આવકમાંથી બાદ કરવામાં આવે છે તથા પેન્શન, બેકારી ભથ્થા, વ્યાજ ચૂકવણી, રાહત ચૂકવણીઓ, તમામ બદલા ચુકવણીઓ વગેરે જે લોકોએ કમાયેલી હોતી નથી. તે રાષ્ટ્રીય આવકમાં ઉમેરવામાં આવે છે.

આમ વૈયક્તિ આવક પ્રાપ્ત કરવા માટે રાષ્ટ્રીય આવકમાં બદલા ચૂકવણીઓ ઉમેરવામાં આવે છે અને સામાજીક સલામતી પાછળનો ફાળો કંપનીવેરો, વણવહેંચાયેલો નફો વગેરે બાદ કરવામાં આવે છે.

### 1.7.7 ખર્ચવાપાત્ર આવક

ખર્ચવાપાત્ર આવક એટલે કે વૈયક્તિ આવકનો એ ભાગ કે જે વ્યક્તિ કે કુટુંબો માટે ખર્ચવા માટે ઉપલબ્ધ બને છે. વૈયક્તિક આવકની તુલનાઓ ખર્ચવા પાત્ર આવક ઓછી હોય છે. તેનું કારણ એ છે કે વૈયક્તિક આવકમાંથી કેટલાંક ભાગ કરવેરાની ચૂકવણી કરવી પડે છે.

## 1.8 રાષ્ટ્રીય આવક માપવાની પદ્ધતિઓ

રાષ્ટ્રીય આવક માપવાની મુખ્ય ત્રણ પદ્ધતિઓ છે એટલે રાષ્ટ્રીય આવકને ત્રણ બાજુઓવાળો સિક્કો કહેવામાં આવે છે.

રાષ્ટ્રીય આવક ઉત્પાદન, આવક અને ખર્ચના પ્રવાહની મદદથી જાણી શકાય છે.

### 1.8.1 ઉત્પાદન પદ્ધતિ :

કોઈપણ દેશમાં વર્ષદરમિયાન ઉત્પન્ન થયેલ ચીજવસ્તુઓ કે સેવાઓના કુલ મુલ્યને રાષ્ટ્રીય પેદાશ કહેવાય છે.

ઉત્પાદન પદ્ધતિ દ્વારા રાષ્ટ્રીય આવકની માપન માટે વર્ષ દરમિયાન દેશમાં ચીજવસ્તુઓ કે સેવાઓનું ઉત્પાદન થાય છે. તેના કુલ જથ્થાને તેની બજાર કિંમતે ગુણવામાં આવે છે અને જે આંક પ્રાપ્ત થાય છે તેને રાષ્ટ્રીય આવક કહે છે.

આ રીતે રાષ્ટ્રીય આવકની ગણતરી કરતી વખતે બેવડી ગણતરી થવાની શક્યતા રહે આ મુશ્કેલી થી બચવા માટે બે પદ્ધતિઓ છે.

- **અંતિમ વસ્તુઓને ધ્યાનમાં લેવાની પદ્ધતિ**

આ પદ્ધતિ અંતર્ગત અર્ધ તૈયાર વસ્તુઓ કે કાચામાલની ગણતરી કરવાને બદલે માત્ર તૈયાર ચીજવસ્તુઓના મૂલ્યને જ ગણતરીમાં લેવામાં આવે છે. દા.ત. બ્રેડના મૂલ્યને ગણવામાં આવે છે પણ તેની અંદર સમાયેલા લોટના મૂલ્યને ગણતરીમાં લેવામાં આવતું નથી. કારણ કે બ્રેડના મૂલ્યની અંદર લોટનું મૂલ્ય ગણાયેલું હોય છે.

- **મૂલ્યવૃદ્ધિ પદ્ધતિ**

આ પદ્ધતિમાં ઉત્પાદનના પ્રત્યેક તબક્કે મૂલ્યનું જે સર્જન થાય છે. તેને ધ્યાનમાં લેવામાં આવે છે.

કુલ આંતરિક પેદાશ એટલે દેશમાં વિવિધ ક્ષેત્રમાં વર્ષ દરમિયાન ઉત્પન્ન થયેલા કુલ ચીજવસ્તુ કે સેવાનું મૂલ્ય એટલે કે ઉત્પાદનના પ્રત્યેક તબક્કામાં મૂલ્યના સર્જનનો સરવાળો છે. મૂલ્યવૃદ્ધિ પદ્ધતિમાં ઉત્પાદનના પ્રત્યેક તબક્કામાં થયેલી મુલ્યવૃદ્ધિને ધ્યાનમાં લેવી પડે છે. મૂલ્યવૃદ્ધિ = તૈયાર વસ્તુનું મૂલ્ય - તૈયાર વસ્તુના ઉત્પાદનની પ્રક્રિયામાં વપરાયેલી કાચામાલની સામગ્રીનું ખર્ચ

દા.ત. શેરડીનું ખાંડમાં રૂપાંતર કરવામાં આવે છે અને ખાંડમાંથી મીઠાઈ બનાવવામાં આવે છે જો રૂ. 100ની શેરડીમાંથી બનાવેલ ખાંડનું મૂલ્ય 200 રૂપિયા હોય તો અહીં મૂલ્યવૃદ્ધિ રૂ. 100 જેટલી થાય છે. 200 રૂપિયાની ખાંડમાંથી બનાવેલ મીઠાઈનું મૂલ્ય રૂ. 500 હોય તો અહીં આ તબક્કે મૂલ્યવૃદ્ધિ રૂ. 300 થાય છે. અહીં મીઠાઈનું બજાર મૂલ્ય રૂ. 500 છે અને આ ત્રણ તબક્કામાં થયેલી મૂલ્યવૃદ્ધિનો સરવાળો પણ રૂ. 100 + રૂ. 100 + રૂ. 300 = રૂ. 500 છે.

**1.8.2 આવક પદ્ધતિ**

કોઈપણ ચીજવસ્તુઓના ઉત્પાદન માટે ઉત્પાદનના સાધનો જમીન, મૂડી, શ્રમ અને નિયોજકની આવશ્યકતા હોય છે. આ ઉત્પાદનના સાધનોને અનુક્રમે ભાડું, વ્યાજ, વેતન અને નફાના સ્વરૂપે આવક પ્રાપ્ત થાય છે. આ સાધનોની પ્રાપ્ત થતી આવકનો કરવામાં આવે તો રાષ્ટ્રીય આવક પ્રાપ્ત થાય છે. આવક પ્રાપ્તિ કે સાધન ખર્ચની મદદથી રાષ્ટ્રીય આવકની ગણતરીની પદ્ધતિમાં "ઉત્પાદનના સાધનોના માલિકો તરીકે રહેલી વ્યક્તિઓ અને ઉત્પાદન એકમોને વર્ષ દરમિયાન વિવિધ સ્વરૂપે જે નાણાંકીય આવકો પ્રાપ્ત થાય છે તેનો સરવાળો કરવામાં આવે છે.

આવક પદ્ધતિ દ્વારા રાષ્ટ્રીય આવક પ્રાપ્ત કરવા નીચે જણાવેલી આવકો ધ્યાનમાં લેવાની હોય છે.

- **ભાડાની આવક :-**

લોકોને જમીન, મકાન વગેરેનું ભાડું પ્રાપ્ત થાય છે. આ ઉપરાંત જે લોકો પોતાની માલિકીના મકાનમાં રહે છે તેમને પણ ભાડાની આવક પ્રાપ્ત થાય છે એમ માનીને આરોપિત ભાડું ધ્યાનમાં લેવામાં આવે છે.

- **વેતનની આવક :-**

શ્રમિકોને વેતન સ્વરૂપે જે આવક પ્રાપ્ત થાય છે તેનો પણ તેમાં સમાવેશ કરાય છે.

- **નફાની આવક :-**

ઉત્પાદનના સાધન નિયોજકને નફા સ્વરૂપે આવક પ્રાપ્ત થાય છે. દેશમાં ઉદ્યોગ સાહસિકો દ્વારા ઉદ્યોગ-ધંધાની પ્રવૃત્તિ ચાલે છે. તેમાંથી જે નફો કે ડિવિડન્ડ પ્રાપ્ત થાય છે તેનો સમાવેશ કરવામાં આવે છે.

- **વ્યાજની આવક :-**

ઉત્પાદનના સાધન મૂડીને વ્યાજ સ્વરૂપે જે આવક પ્રાપ્ત થાય છે તેનો સમાવેશ થાય છે. પરંતુ સરકાર દ્વારા જે વ્યાજ પ્રાપ્ત થાય છે. તે બાકાત રાખવામાં આવે છે. કારણ કે સરકાર એક તરફ કરવેરા દ્વારા નાણું મેળવે છે અને બીજી તરફ વ્યાજ ચૂકવવામાં એ જ નાણું ઉપયોગમાં લે છે. અહીંયા માત્ર આવકની હેરફેર થાય છે.

**1.8.3 ખર્ચ પદ્ધતિ :-**

આ પદ્ધતિ પ્રમાણે રાષ્ટ્રીય આવકની ગણતરી કરવા વર્ષ દરમિયાન જે નાણાંકીય આવકો પ્રાપ્ત થયેલી આવકોનો વ્યક્તિ, કુટુંબો, પેઢીઓ અને સરકાર સહિત જાહેર સત્તાઓએ જે ચીજવસ્તુઓ પાછળ જે ખર્ચ કર્યો હોય તેનો કુલ સરવાળાને રાષ્ટ્રીય આવક કહે છે.

આમ ટૂંકમાં વ્યક્તિ, કુટુંબ, પેઢીઓ અને સરકાર સહિતની જાહેર સત્તાઓએ જે ચીજવસ્તુઓ અને સેવાઓ પાછળ જે વાર્ષિક ખર્ચની બજાર ભાવે ગણતરી કરવામાં આવે છે અહીં આયાત કરેલી ચીજવસ્તુઓ તથા સેવાઓના મૂલ્યને તેમાં ઉમેરવામાં આવે છે. જ્યારે નિકાસ કરેલી ચીજવસ્તુઓ અને સેવાઓનું નાણાંકીય મૂલ્ય બાદ કરવામાં આવે છે.

- કુલ ખર્ચની પદ્ધતિમાં સમાજના ખર્ચનો મુખ્ય બે વિભાગ પાડવામાં આવે છે.

1) વપરાશી ખર્ચ, 2) મૂડી રોકાણ ખર્ચ, જ્યારે સમાજને મળતી આવકના બે ઉપયોગ દર્શાવાય

છે. 1) વપરાશી ખર્ચ 2) બચતો અહીં બચતોને ઉત્પાદનના સાધનો ખરીદવા માટે ઉપયોગમાં લેવામાં આવે છે. બચતોને મૂડી રોકાણ તરફ વાળવામાં આવે છે.

અહીં ગણતરી યોગ્ય રીતે કરી શકાય તે હેતુથી ખર્ચના જુદા જુદા વિભાગો પાડવામાં આવે છે.

જેમ કે વ્યક્તિગત વપરાશ ખર્ચ, સરકારનું ખર્ચ, સરકારી વપરાશ ખર્ચ, સરકારી મૂડી રોકાણ ખર્ચ, કુલ ખાનગી મૂડી રોકાણ ખર્ચ, ચોખ્ખુ વિદેશી મૂડી રોકાણ ખર્ચ વગેરે તમામ ખર્ચનો સરવાળો કરવાથી ચીજવસ્તુઓ અને સેવાનું બજાર કિંમતે કુલ મૂલ્ય પ્રાપ્ત થાય છે જેને રાષ્ટ્રીય આવક કહે છે.

- કુલ ખર્ચની રીતે રાષ્ટ્રીય આવકની ગણતરીમાં રહેલી મુશ્કેલીઓ આ પ્રમાણે છે.
- ભારત જેવાં વિશાળ દેશમાં અસંખ્ય ગ્રાહકો ઘણી બધી ચીજવસ્તુઓ પર ખર્ચ કરતા હોય છે. તેની સાચી માહિતી પ્રાપ્ત કરવી મુશ્કેલ છે.
- લોકોએ પોતાના સ્વ વપરાશના માટે જે ચીજવસ્તુઓનું ઉત્પાદન કર્યું હોય તેનું નાણાંકીય ખર્ચ દ્વારા ગણતરી રજૂ કરવાનું મુશ્કેલ છે.
- અલ્પ વિકસિત કે વિકસતા દેશોમાં આજે પણ ગામડાઓમાં વસ્તુ વિનિમય દ્વારા ચૂકવણીઓ કરવામાં આવે છે તેનાં નાણાંકીય ખર્ચની ગણતરી કઈ રીતે કરવી તે સમસ્યા છે.
- ખર્ચપદ્ધતિ દ્વારા રાષ્ટ્રીય આવકની ગણતરીમાં ઘસારાનું ખર્ચ ગણવાની સમસ્યા પણ રહેલી જ છે.

## 1.9 રાષ્ટ્રીય આવક માપનની મર્યાદાઓ

રાષ્ટ્રીય આવકની ગણતરી સમયે અનેક મુશ્કેલીઓ પડે છે. જેમ કે ગ્રામિણ વિસ્તારોમાં હજુ જ્યા વસ્તુ વિનિમય પ્રથા જોવા મળે છે. અલ્પ વિકસિત દેશોમાં જ્યા મોટાભાગની પ્રજા નિરક્ષર છે. જ્યા નાના પાયા પર ઉત્પાદન થાય છે અને જ્યા કેટલાંક લોકો એક કરતા વધારે વ્યવસાયોમાં રોકાયેલા હોય છે. તેવા દેશોમાં રાષ્ટ્રીય આવકની ગણતરીનું કાર્ય કઠિન છે.

- વિકસતા દેશોમાં જ્યાં સરકાર દ્વારા પ્રજાના આર્થિક વિકાસ માટે મોટા પ્રમાણમાં જાહેર ખર્ચ કરે છે. દા.ત. રસ્તાઓ, શાળાઓ, આરોગ્ય કેન્દ્રો, પીવાના શુદ્ધ પાણી માટે બંધો બાંધવા વગેરે પાછળ મોટા પ્રમાણમાં ખર્ચ કરે છે. તે જાહેર ખર્ચ કિંમતોની રાષ્ટ્રીય આવકમાં ગણતરી કરવામાં આવતી નથી.

- અલ્પ વિકસિત કે વિકસતા દેશોના લોકો ઘણી ચીજવસ્તુઓ કે સેવાઓ સ્વ-વપરાશ માટે ઉત્પન્ન કરે છે. તેનું બજાર મૂલ્ય ન હોવાથી તેની ગણતરી રાષ્ટ્રીય આવકમાં કરવામાં આવતી નથી.

- અલ્પ વિકસિત કે વિકસતા દેશોમાં આજે પણ ઘણા વિસ્તારોમાં વસ્તુવિનિમય પ્રથા મુજબ ચીજવસ્તુઓ કે સેવાઓનો વિનિમય થાય છે તેનું નાણાંકીય મુલ્ય જાણી શકાતું ન હોવાથી રાષ્ટ્રીય આવકમાં તેનો સમાવેશ કરવો એક સમસ્યા છે.

- અલ્પ વિકસિત જે વિકસતા દેશોમાં જનસંખ્યાનો મોટોભાગ અશિક્ષિત હોય છે તેઓ પોતાના આર્થિક વ્યવહારોનો વ્યવસ્થિત હિસાબ રાખી શકતા ન હોવાથી તેવા આર્થિક વ્યવહારોનો રાષ્ટ્રીય આવકમાં સમાવેશ કરવાનું કાર્ય મુશ્કેલ છે.

- અલ્પ વિકસિત કે વિકસતા દેશોમાં આજે પણ ઉત્પાદન પ્રથા જૂની-પુરાણી જોવા મળે છે. જેને કારણે નાના-પાયા પર ઉત્પાદન થાય છે અને તે પણ છુટા છવાયેલા અસંખ્ય ઉપાદકો દ્વારા થાય છે. જેથી રાષ્ટ્રીય આવકમાં તેમના આર્થિક વ્યવહારની યોગ્ય રીતે ગણતરી કરી શકાતી નથી.

- દેશમાં ઘણા લોકો એક કરતા વધારે વ્યવસાયોમાં રોકાયેલા જોવા મળે છે. જેમ કે ઘણા બજારો ઋતુગત જોવા મળે છે. કેટલાંક લોકો કેટલોક સમય કોઈ એક આર્થિક પ્રવૃત્તિ કોઈ બીજી આર્થિક પ્રવૃત્તિ કરતા જોવા મળે છે આ પરિસ્થિતિમાં તેમની આર્થિક પ્રવૃત્તિનું રાષ્ટ્રીય આવકમાં ગણતરી કરવામાં મુશ્કેલી પડે છે.

- ઘણી વખત લોકો પોતાની આવક અને સંપત્તિ છુપાવે છે. ત્યારે તે આવક રાષ્ટ્રીય આવકમાં દર્શાવી શકાતી નથી. અલ્પ વિકસિત કે વિકસતા દેશોમાં સંગઠિત ક્ષેત્રની તુલનાએ અસંગઠિતક્ષેત્રમાં કામ કરતા લોકોની સંખ્યા વધુ હોય છે અને આવા અસંગઠિત ક્ષેત્રે કામ કરતા લોકો પોતાના આર્થિક વ્યવહારોનો વ્યવસ્થિત હિસાબ રાખતા નથી જેથી રાષ્ટ્રીય આવકમાં તેની ગણતરી કરવામાં મુશ્કેલી સર્જાય છે.

**(ખ) તમારી પ્રગતિ ચકાસો**

**ટૂંકમાં ઉત્તર આપો.**

1) સમગ્રલક્ષી અર્થશાસ્ત્રનું કોઈપણ એક કાર્ય જણાવો.

2) સમગ્રલક્ષી અર્થશાસ્ત્રનું કોઈપણ એક મહત્ત્વ દર્શાવતો મુદ્દો જણાવો.

**(2) એક વાક્યમાં ઉત્તર લખો.**

1) રાષ્ટ્રીય આવક એટલે શું ?

2) રાષ્ટ્રીય આવક શેના માપન માટે ઉપયોગી છે ?


3) માથાદીઠ આવક એટલે શું ?

## 1.10 રાષ્ટ્રીય આવકનો ચક્રાકાર પ્રવાહ

અર્થતંત્રમાં રાષ્ટ્રીય આવક નાણાંકીય આવક અને ચીજવસ્તુઓના ચક્રાકાર પ્રવાહ સ્વરૂપે જોવા મળે છે. અને આ ચક્ર અર્થતંત્રમાં સતત ચાલ્યા કરે છે.

રાષ્ટ્રીય આવક એટલે વર્ષ દરમિયાન થયેલું કુલ ઉત્પાદન અથવા ઉત્પાદનના સાધનોને પ્રાપ્ત થતી કુલ આવકનો સરવાળો અથવા લોકો તથા સરકાર દ્વારા કરાયેલા કુલ ખર્ચનો સરવાળાનો સમાવેશ થાય છે.

- રાષ્ટ્રીય આવકનો ચક્રાકાર પ્રવાહ નીચેની આકૃતિમાં દર્શાવ્યા પ્રમાણે સતત ચાલતો રહે છે.



ચક્રાકાર પ્રવાહની સમજૂતી માટે અર્થતંત્રને બે ભાગમાં વહેંચવામાં આવે છે.

1) પેઢીઓ 2) કુટુંબો

પેઢીઓ ચીજવસ્તુઓનું ઉત્પાદન કરવા માટે ઉત્પાદનના સાધનો કુટુંબો પાસેથી મેળવે છે આ સાધનો ઉત્પાદક પેઢીઓને ભૂમિ, શ્રમ, મૂડી અને નિયોજકના સ્વરૂપમાં પ્રાપ્ત થાય છે અને આ ઉત્પાદનના સાધનોને અનુક્રમે ભાડું, વેતન, વ્યાજ, અને નફાના સ્વરૂપમાં પેઢીઓ પાસેથી આવક મેળવે છે. સરવાળાને રાષ્ટ્રીય આવક તરીકે ઓળખવામાં આવે છે. આમ પ્રથમ આવકનો પ્રવાહ પેઢીઓ પાસેથી કુટુંબો તરફ જાય છે.

હવે ઉત્પાદનના સાધનોના માલિકોને પેઢીઓ તરફથી જે આવક પ્રાપ્ત થાય છે. તેના દ્વારા તેઓ પેઢીઓ પાસેથી ચીજવસ્તુઓ અને સેવાઓની ખરીદી કરે છે. ત્યારે કુટુંબો તરફથી પેઢીઓ માટે નાણાંકીય આવકનો પ્રવાહ બને છે. તેના સરવાળા દ્વારા રાષ્ટ્રીય આવક પ્રાપ્ત થાય છે.

આમ પેઢીઓ ચીજવસ્તુઓ અને સેવાઓના ઉત્પાદન માટે ઉત્પાદનના સાધનો કુટુંબો પાસેથી મેળવે છે ત્યારે પેઢીઓ તરફથી નાણાંકીય આવકનો પ્રવાહ કુટુંબો તરફ જાય છે અને કુંટુબો આવક દ્વારા પેઢીઓ દ્વારા ઉત્પાદિત ચીજવસ્તુઓ અને સેવાઓની ખરીદી કરે છે. ત્યારે કુટુંબો તરફથી પેઢીઓ તરફ નાણાંકીય આવકનો પ્રવાહ જાય છે.

ટુંકમાં સમગ્ર વર્ષ દરમિયાન જુદી જદી ચીજવસ્તુઓ અને સેવાઓનો કુલ જથ્થો પેદા થાય છે તેને બજાર કિંમત વડે ગુણતા જે કુલ મૂલ્ય પ્રાપ્ત થાય તેના સરવાળાને રાષ્ટ્રીય આવકનું નાણાંકીય માપ કહે છે. ટૂંકમાં ગ્રાહકો દ્વારા ચીજવસ્તુઓ અને સેવાઓ પર જે કુલ ખર્ચ થાય છે. તે જ બજાર કિંમતે ચીજવસ્તુઓ અને સેવાઓના મૂલ્યનો સરવાળો છે. આથી જ રાષ્ટ્રીય આવકને ઉત્પાદન, આવક અને ખર્ચ એમ ત્રણ બાજુવાળો સિક્કો કહેવામાં આવ છે.

**(ગ) તમારી પ્રગતિ ચકાસો.**

1) રાષ્ટ્રીય આવકના ત્રણ પાસા છે : ઉત્પાદન, આવક અને ________ છે.

2) ઉત્પાદનના સાધન મૂડીને ________ સ્વરૂપે આવક પ્રાપ્ત થાય છે.

3) રાષ્ટ્રીય આવકનું માપ ________ પ્રવાહ છે.

રાષ્ટ્રીય આવકના ત્રણ બાજુવાળો સિક્કો છે સમજાવો.

________________________________________

________________________________________

________________________________________

________________________________________

## 1.11 સારાંશ

આ એકમમાં આપણે સમગ્રલક્ષી અર્થશાસ્ત્રની સમજૂતી મેળવી છે. અર્થશાસ્ત્ર આર્થિક સમસ્યાઓનો અભ્યાસ કરે છે. આ આર્થિક સમસ્યાઓ માનવીની અમર્યાદિત જરૂરિયાતોને સંતોષવા મર્યાદિત અને વૈકલ્પિક ઉપયોગ ધરાવતા સાધનોના ઉપયોગિતાના સંદર્ભમાં ઉદ્‌ભવે છે. આ આર્થિક પ્રશ્નોના અભ્યાસ માટે અર્થશાસ્ત્રમાં બે પદ્ધતિઓનો ઉપયોગ કરવામાં આવે છે. તે 1) એકમલક્ષી અર્થશાસ્ત્ર અને 2) સમગ્રલક્ષી અર્થશાસ્ત્ર છે. એકમલક્ષી અર્થશાસ્ત્રમાં વ્યક્તિ કુટુંબ કે પેઢીના આર્થિક વ્યવહારોનો અભ્યાસ કરવામાં આવે છે. જ્યારે સમગ્રલક્ષી અર્થશાસ્ત્રનો સમગ્ર અર્થતંત્રના તમામ આર્થિક વ્યવહારનો એક સાથે અભ્યાસ કરવામાં આવે છે. તેમાં કુલ આવક એટલે કે રાષ્ટ્રીય આવક, કુલ રોજગારી, સરેરાશ ભાવ સપાટી વગેરેનો અભ્યાસ કરવામાં આવે છે.

સમગ્રલક્ષી અર્થશાસ્ત્રના અભ્યાસનો એક ભાગ રાષ્ટ્રીય આવક છે તેની સમજૂતી આ એકમમાં આપવામાં આવી છે. રાષ્ટ્રીય આવકના ખ્યાલની મદદથી વિશ્વના જુદા જુદા દેશોની આર્થિક પ્રગતિને માપી શકાય છે. દરેક દેશની આર્થિક પ્રગતિની તુલના કરી શકાય છે. આથી રાષ્ટ્રીય આવકને રાષ્ટ્રની આર્થિક પ્રગતિ માપવાનું બેરોમીટર તરીકે ઓળખાય છે.

પ્રસ્તુત એકમમાં રાષ્ટ્રીય આવકનો અર્થ રાષ્ટ્રીય આવકના વિવિધ ખ્યાલો, રાષ્ટ્રીય આવકની માપનની વિવિધ પદ્ધતિઓ, તેની મર્યાદાઓ તથા રાષ્ટ્રીય આવકનો ચક્રાકાર પ્રવાહ વગેરેની ચર્ચા કરવામાં આવી છે.

## 1.12 ચાવીરૂપ શબ્દો

**1) આર્થિક પ્રવૃત્તિ :-**

નાણાંકીય લાભ પ્રાપ્ત કરવાની અપેક્ષાથી કરવામાં આવતા શારીરિક કે માનસિક શ્રમને આર્થિક પ્રવૃત્તિ કહેવાય છે.

**2) મૂડી રોકાણ :-**

પ્રત્યક્ષ કે પરોક્ષ વળતર પ્રાપ્ત કરવાની અપેક્ષાની ઉત્પાદકીય પ્રવૃત્તિમાં કરવામાં આવતા ખર્ચને મૂડી રોકાણ કહે છે.

**3) મૂલ્યવૃદ્ધિ :-**

ચીજવસ્તુઓના ઉત્પાદનના દરેક તબક્કે કિંમતમાં થતાં વધારાને મૂલ્યવૃદ્ધિ તરીકે ઓળખવામાં આવે છે.

**4) વપરાશી ખર્ચ**

ચીજવસ્તુઓ અને સેવાઓના વપરાશ માટે વ્યક્તિ કે કુટુંબને ખરીદી કરવા માટે જે ચૂકવણી કરવી પડે છે. તેને વપરાશી ખર્ચ કહેવાય છે.

વપરાશી ખર્ચ = આવક – બચત

**5) ઉત્પાદન :**

સામાન્ય ભાષામાં ઉત્પાદન એટલે કોઈપણ નવી વસ્તુનું સર્જન કરવુ એવો થાય છે. પરંતુ અર્થશાસ્ત્રની ભાષામાં ઉત્પાદન એટલે ઉત્પાદનના સાધનોની મદદથી કોઈપણ એક પદાર્થના તુષ્ટિ ગુણમાં ઉમેરો કરવાની પ્રક્રિયાને ઉત્પાદન કહે છે અને આ ઉત્પાદનનાં વપરાશ મૂલ્ય તથા વિનિમય મૂલ્ય હોવાની સાથે આર્થિક હેતુથી કરવામાં આવતું હોવું આવશ્યક છે.

**6) ઉત્પાદકતા :-**

ઉત્પાદનનું સાધનદીઠ સરેરાશ ઉત્પાદનને ઉત્પાદકતા કહે છે.

$$\text{ઉત્પાદકતા} = \frac{\text{કુ લ ઉત્પાદન}}{\text{ઉત્પાદનના સાધનના એકમોની સંખ્યા}}$$

**7) વિનિમય :-**

આર્થિક પ્રવૃત્તિમાં ચીજવસ્તુઓ કે સેવાઓના બદલામાં ચીજવસ્તુઓ કે સેવાઓનો જે વિનિમય થાય છે તેને વિનિમય કહે છે અથવા તો નાણાં દ્વારા જે વિનિમય થાય છે. તે અર્થતંત્રમાં અહીં ચીજવસ્તુમાં કે સેવાઓના બદલામાં ચીજવસ્તુઓ કે સેવાઓ પ્રાપ્ત કરવી કે નાણાં આપીને બદલામાં ચીજવસ્તુઓ કે સેવાઓ મેળવીને વિનિમય થાય છે.

**8) અલ્પ વિકસિત :-**

આ પરિસ્થિતમાં દેશની રાષ્ટ્રીય આવક, માથાદીઠ આવક નીચી હોય છે મૂડી રોકાણ અને બચતનો

દર નીચો હોય છે જેના કારણે બેરોજગારીનું પ્રમાણ ઊચું હોય છે જેથી આવક પણ નીચી હોય છે તેથી લોકોનું જીવન ધોરણ પણ નીચું જોવા મળે છે. આવી પરિસ્થિતિમાંથી અર્થતંત્ર ઝડપથી બહાર આવી શકતું નથી.

**9) આર્થિક વૃદ્ધિ :-**

આર્થિક વૃદ્ધિ એટલે એવી પરિસ્થિતિ કે જેમાં અર્થતંત્રમાં વાસ્તવિક રાષ્ટ્રીય આવક અને વાસ્તવિક માથાદીઠ આવકમાં સતત વધારો થવાની પ્રક્રિયા.

**10) આર્થિક વિકાસ :-**

આર્થિક વિકાસ એટલે અર્થતંત્રની એવી પરિસ્થિતિ કે જેમાં વાસ્તવિક રાષ્ટ્રીય આવકમાં વધારો અને વાસ્તવિક માથાદીઠ આવકના વધારો થવાની સાથે અર્થતંત્ર એવા માળખાગત પરિવર્તનો થાય છે. જેવી ગરીબીમાં ઘટાડો થાય છે. આર્થિક સમાનતામાં વધારો થાય છે. આમ આવક વૃદ્ધિની સાથે અર્થતંત્રમાં ગુણાત્મક ફેરફારો થાય છે.

## 1.13 કેટલાંક ઉપયોગી પુસ્તકો


1) H.L. Ahuja - Macro ECONOMICS S. Chand publicaton.
2) H.L.Ahuja - MACRO ECONOMICS THEORY AND POLICY - S. CHAND PUBLICATION.
3) K.R.DEWETI : MACRO ECONOMICS S. CHAND PUBLICATION
4) D.M.MITHANI :- A COURSE IN MACRO ECONOMICS - HIMALAYA PUBLICATION HOUSE.
5) MISHRA AND PURI : - PRINCIPLES OF MACRO ECONOMICS - HIMALAYA PUBLICATION HOUSE
6) S.M. MITHANI :- MACRO ECONOMICS - HIMALAYA PUBLISHING HOUSE.


## 1.14 તમારી પ્રગતિ ચકાસોના જવાબો

1) સમગ્રલક્ષી અર્થશાસ્ત્રની વ્યાખ્યા લખો.

ઉત્તરઃ- સમગ્રલક્ષી અર્થશાસ્ત્ર એટલે કોઈપણ દેશના સંદર્ભમાં અલગ અલગ તમામ આર્થિક ઘટકોનો અભ્યાસ કરતું શાસ્ત્ર. તે દેશની રાષ્ટ્રીય આવક, કુલ ઉત્પાદન, કુલ રોજગારી તથા સામાન્ય ભાવ સપાટી ને લગતા તમામ પરિમાણો અને તેમની વચ્ચેના સંબંધોનો અભ્યાસ કરતું શાસ્ત્ર છે.

2) સમગ્રલક્ષી અર્થશાસ્ત્રના કોઈપણ ત્રણ લક્ષણો જણાવો.

ઉત્તર : સમગ્રલક્ષી અર્થશાસ્ત્ર અર્થતંત્રની તમામ આર્થિક વ્યવહારોનો અભ્યાસ કરે છે તે પ્રમાણે તેના જુદા જુદા લક્ષણો દર્શાવામાં આવ્યા છે તે પૈકી ત્રણ લક્ષણો આ પ્રમાણે છે.

1) સમગ્રલક્ષી અર્થશાસ્ત્રએ એક નૂતન અર્થશાસ્ત્ર છે.

2) તેમાં આર્થિક પ્રવૃત્તિના સમગ્રલક્ષી સ્વરૂપનો અભ્યાસ કરવામાં આવે છે.

3) તેમાં સમગ્ર અર્થતંત્રનું વિકંગાવલોકન કરાય છે.

**2) સાચું ☑ ખોટું ☒ જણાવો.**

1) રાષ્ટ્રીય આવકનો અભ્યાસ સમગ્રલક્ષી અર્થશાસ્ત્રમાં કરવામાં આવે છે.

**ઉત્તરઃ** સાચું

2) મૂડી રોકાણ વધારવાથી ઉત્પાદન આવક અને રોજગારીમાં ઘટાડો થાય છે.

**ઉત્તરઃ** ખોટું

3) સમગ્રલક્ષી અર્થશાસ્ત્રનો અભ્યાસ આર્થિક નીતિઓના ઘડતરમાં મદદરૂપ થાય છે.

ઉત્તર : સાચું

(ખ)

**1) સમગ્રલક્ષી અર્થશાસ્ત્રનું આવક અને રોજગારી નિર્ધારણનું કાર્ય સમજાવો.**

સમગ્રલક્ષી અર્થશાસ્ત્રમાં કુલ આવક, કુલ રોજગારી, કુલ ઉત્પાદનને કયા પરિબળોથી પ્રભાવિત થાય છે તેની સમજૂતી આપવાનું કાર્ય કરે સાથે રાષ્ટ્રીય આવક કે રોજગારીમાં લાંબાગાળે કેવા પરિવર્તનો આવે છે તેની સમજૂતી આપે છે. કુલ આવક તથા કુલ રોજગારી કેવી રીતે નક્કી થાય છે. તેની સમજૂતી વપરાશ વિધેય અને રોકાણ વિધેય વિશ્લેષણ દ્વારા આપે છે. કુલ વપરાશ અને કુલ રોકાણ કુલ માંગને નક્કી કરે છે જો કુલ માંગ વધારો થાય તો ઉત્પાદન, આવક અને રોજગારીમાં વધારો થાય છે અને જો કુલ માંગ ઘટે તો ઉત્પાદન આવક અને રોજગારીમાં ઘટાડો થાય છે. આમ સમગ્રલક્ષી અર્થશાસ્ત્ર અર્થતંત્રમાં આવક અને રોજગારીનું નિર્ધારણ કરવામાં મદદરૂપ થાય છે.

**2) સમગ્રલક્ષી અર્થશાસ્ત્રનું મહત્ત્વ દર્શાવતા કોઈપણ એક મુદ્દો જણાવો.**

સમગ્રલક્ષી અર્થશાસ્ત્રના અભ્યાસ દ્વારા અર્થતંત્રની કામગીરીનું વિસ્તૃત સ્થાન પ્રાપ્ત થાય છે. અર્થતંત્રના સમગ્રલક્ષી અભ્યાસ શક્ય બનતા દેશના આર્થિક વિકાસ માટે યોગ્ય આર્થિક નીતિઓના ઘડતરમાં મદદરૂપ થાય છે.

**2) એક વાક્યમાં ઉત્તર આપો.**

1) રાષ્ટ્રીય આવક એટલે શું ?

રાષ્ટ્રીય આવક એટલે એક વર્ષ દરમિયાન દેશમાં પ્રાપ્ત ઉત્પાદનના સાધનોની મદદથી ઉત્પન્ન થયેલી અંતિમ સ્વરૂપની ચીજવસ્તુઓ અને સેવાઓનું નાણાંકીય મૂલ્ય.

2) રાષ્ટ્રીય આવક શેના માપન માટે ઉપયોગી છે ?

રાષ્ટ્રીય આવક દેશના આર્થિક વિકાસના માપન માટે ઉપયોગી છે.

3) માથાદીઠ આવક એટલે શું ?

દેશની રાષ્ટ્રીય આવકને દેશની કુલ જનસંખ્યા વડે ભાગતા માથાદીઠ આવક પ્રાપ્ત થાય છે.

(ગ) **તમારી પ્રગતિ ચકાસો.**

1) રાષ્ટ્રીય આવકના ત્રણ પાસા છે : ઉત્પાદન, આવક અને ________ છે.

ઉત્તર : ખર્ચ

2) ઉત્પાદનના સાધન મૂકીને _________ સ્વરૂપે આવક પ્રાપ્ત થાય છે.

ઉત્તર : વ્યાજ

3) રાષ્ટ્રીય આવકનું માપ _________ પ્રવાહ છે.

ઉત્તર : નાણાંનો

- રાષ્ટ્રીય આવક ત્રણ બાજુઓવાળો સિક્કો છે સમજાવો.

રાષ્ટ્રીય આવક એ દેશમાં ઉત્પાદનના સાધનોની મદદથી ઉત્પન્ન થતી ચીજવસ્તુઓ અને સેવાઓનો પ્રવાહ છે અને તેની સાથે ઉત્પાદન કાર્યમાં જોડાયેલા ઉત્પાદનના સાધનોને પ્રાપ્ત થતી

આવકનો પ્રવાહ પણ કહે છે. ઉત્પાદનના સાધનોને જે આવક પ્રાપ્ત થાય છે તેના વડે તે વપરાશ માટે પોતાની આવક ચીજવસ્તુઓ અને સેવાઓની ખરીદી પાછળ ખર્ચ છે. આમ તમામ ખર્ચ આવકમાંથી અને આવક ઉત્પાદન થવાથી ઉદ્ભવે છે. આમ ઉત્પાદન આવક અને ખર્ચ એ રાષ્ટ્રીય આવકરૂપી સિક્કાનાં ત્રણ પાસા છે. આમાં રાષ્ટ્રીય આવકએ ત્રણ બાજુઓવાળો સિક્કો છે.

**1.8.4 રા.આ.ની ગણતરીની નવી પદ્ધતિ**

ભારતનાં આંકડા અને યોજના અમલીકરણ મંત્રાલય (Ministry of statistics and programme limplementation) દ્વારા રાષ્ટ્રીય આવકની ગણતરીની નવી પદ્ધતિની શરૂઆત કરવામાં આવી છે. વર્ષ 2015 થી અપનાવાયેલી નવી પદ્ધતિમાં ત્રણ મુખ્ય ફેરફારો કરવામાં આવ્યા છે;

**(1) આધાર વર્ષમાં ફેરફાર**

**(2) અર્થતંત્રના બધાં ક્ષેત્રોનો સર્વગ્રાહી અને સંસ્થાકીય સમાવેશ**

**(3) ગણતરીની પદ્ધતિમાં ફેરફાર**

**(1) આધાર વર્ષમાં ફેરફાર :**

આધારવર્ષમાં કરવામાં આવેલો ફેરફાર એ નિયમિત થતી પ્રક્રિયા છે. કારણ કે જ્યારે રાષ્ટ્રીય આવકની ગણતરી કરવામાં આવે છે ત્યારે સમયનાં કોઈ ચોક્કસ બિંદુ કે ગાળા સાથે કરવામાં આવે છે. સરખામણીનો આ સમય બહુ દૂરનો કે બહુ નજીકનો ન હોવો જોઇએ. તે ઉપરાંત મોટા આર્થિક, રાજકીય, કે પ્રાકૃતિક પરિવર્તનોવાળો પણ ન હોવો જોઈએ. આથી વર્ષ 2015-16 અને તેની આગળનાં વર્ષોની ગણતરી કરવા માટે વર્ષ 2004-05 પ્રમાણમાં લાંબો ગાળો ગણાય. તેથી નવું આધાર વર્ષ 2011-12 પસંદ કરવામાં આવ્યું છે. આ પ્રકારે આધાર વર્ષ નિયમિત રીતે પરિવર્તિત કરવામાં આવતું હોય છે. જેમ કે 2004-05 પહેલાં 1998-99 આધાર વર્ષે હતું. તેના પહેલાં 2001-02 આધાર વર્ષ છે.

રાષ્ટ્રીય આવકની દર વર્ષે થતી ગણતરી અને આધાર વર્ષની નવેસરથી વિચારણામાં ભિન્નતા રહેલી છે. રાષ્ટ્રીય આવકની વાર્ષિક ગણતરીમાં પ્રાપ્ત થતી માહિતીના આધારે રાષ્ટ્રીય આવકમાં અગાઉના સમયગાળા (વર્ષ) દરમ્યાન થયેલા ફેરફારો જ માત્ર નોંધવામાં આવે છે. આવા સમયે અન્ય કોઈ સૈદ્ધાંતિક કે વ્યાવહારિક ફેરફારો કરવામાં આવતા નથી. બીજી બાજુ, જ્યારે આધાર વર્ષની પુનઃ પસંદગી કરવામાં આવે છે ત્યારે અર્થતંત્રમાં આવેલા બદલાવોને ધ્યાને લેવાય છે. આ સમયે રાષ્ટ્રીય આવક ગણતરીની પદ્ધતિમાં ફેરફાર કરી શકાય છે. ઉપરાંત આર્થિક પરિવર્તનોને આધારે માહિતીના નવા સ્ત્રોતનો ઉપયોગ આવકના અંદાજોની નવી રજૂઆત વગેરે આંતરરાષ્ટ્રીય સ્તરે સુસંગત રહે તે રીતે કરવામાં આવે છે.

**2) અર્થતંત્રનાં બધાં ક્ષેત્રોનો સર્વગ્રાહી સંસ્થાકીય સમાવેશ**

રાષ્ટ્રીય આવકની ગણતરીની નવી પદ્ધતિમાં કૃષિ, ઉદ્યોગો અને સેવા ક્ષેત્રની આર્થિક પ્રવૃત્તિઓને સર્વગ્રાહી અને સંસ્થાગત સ્તરે આવરી લેવામાં આવી છે. અર્થતંત્રનો આ ત્રણ આર્થિક ક્ષેત્રોના પેટાક્ષેત્રો અને આર્થિક પ્રવૃત્તિઓમાં ઉત્પાદન, આવક અને રોજગારમાં થતાં ફેરફારોની અલગથી જાણકારી અને સૂચિતાર્થો આ રીતથી મળી શકશે. જેમ કે, રાષ્ટ્રીય આવક ગણતી વખતે કૃષિક્ષેત્ર તરફથી નોંધાતો કુલ ફાળો જ ધ્યાનમાં લેવાના બદલે હવે સિંચાઈ, પશુ ઉછેર, ડેરી એમ અલગ-અલગ આર્થિક પ્રવૃત્તિઓનું માપન ધ્યાનમાં લેવામાં આવશે. તેવી જ રીતે ઉદ્યોગોમાં પણ બાંધકામ, મેન્યુફેકચરિંગ, ટકાઉ ઉપભોગની વસ્તુઓ અને મૂડીવસ્તુઓ એમ અલગ ક્ષેત્રોની ગણતરી પણ અલગથી કરવામાં આવશે. સેવાક્ષેત્રમાં શિક્ષણ, બેંકિગ, ઈન્સ્યુરન્સ, પરિવહન, સંચારક્ષેત્ર એમ વિવિધ રસ્તેથી રાષ્ટ્રીય આવકમાં ફાળો નોંધવામાં આવશે. આ રીતે કરવાથી રાષ્ટ્રીય આવકમાં વધારા કે ઘટાડાનાં કારણરૂપ આર્થિક પ્રવૃત્તિ ઓળખી શકાશે અને ઇચ્છિત ફેરફારો કરી શકાશે.

**3) રાષ્ટ્રીય આવકની ગણતરીની પદ્ધતિમાં ફેરફાર :**

ભારતમાં આવકની ગણતરી GVABP (Gross Value Added at basic Price) પ્રમાણે કરવામાં આવશે જે અગાઉ GDPfcની રીતે કરવામાં આવતી હતી.

GVAbp આંતરરાષ્ટ્રીય સ્તરે અપનાવાયેલી પદ્ધતિ છે. તેમાં જુદી જુદી આર્થિક પ્રવૃત્તિઓમાં વર્ષ દરમ્યાન ઉત્પાદનનાં મૂલ્યમાં થયેલો વધારો basic price એટલે કે આધાર કિંમતોએ નોંધવામાં આવે છે. અગાઉ GDPfc ની જે ગણતરી કરવામાં આવતી હતી તે હવેથી GVAFC + Taxes – subsidy ની રીતે કરી શકાશે.

કુલ અંતિમ ઉત્પાદનમાં મૂલ્યમાંથી મધ્યવર્તી વસ્તુઓનાં રોકાણનું મુલ્ય બાદ કરવાથી GVA નું મૂલ્ય મળે છે. તેથી GDPની વ્યાખ્યા એ રીતે કરી શકાય કે, "કોઈપણ અર્થતંત્રના રહેવાસીઓ દ્વારા થયેલાં ઉત્પાદનનો કુલ મૂલ્ય વધારો." આ રીતે થતી GVA ની ગણતરી જે-તે ક્ષેત્રની ગણતરી ઉપર આધારિત છે. ભારતમાં GVAની ગણતરી બે અભિગમમાંથી કરવામાં આવે છે : (1) ઉત્પાદન અભિગમ અને (2) આવક અભિગમ.

ઉત્પાદન અભિગમથી GVAના અંદાજનું સૂત્ર :

GVA = ઉત્પાદન – મધ્યવર્તી વસ્તુઓનું રોકાણ

આવકના અભિગમથી GVAનો અંદાજ મેળવવા માટે GVA = કર્મચારીઓને અપાયેલું વળતર + કાર્યકારી નફો + સ્થિર મૂડીને લાગતો ઘસારો.

આ પહેલા GVAની ગણતરી સાધન કિંમતોએ કરવામાં આવતી હતી. એટલે કે બધી જ કિંમતો રોકાણ ખર્ચને આધારે મેળવવામાં આવતી હતી. હવેથી તે બજાર કિંમતોએ કે ઉત્પાદકની કિંમતે મેળવવામાં આવે છે. તેથી GVAmp = રોકાણ ખર્ચ + પરોક્ષ કરવેરા – સબસિડી.

આમ,

GDPmp = બધાં જ ક્ષેત્રોનું કુલ GVAmp

GDPfc = બધાં જ ક્ષેત્રોનું કુલ GVAfc

તેથી

GDPmp = GDPfc + Indirect taxes – subsidies

ઉપરોક્ત મુદ્દો જોતાં, સ્વાભાવિક રીતે જ GPDmp નું મુલ્ય GDPfc કરતા વધારે હોવાનું.

આ રીતે GDPની જે ગણતરી કરવામાં આવે છે તે GVAની ચાલુ કિંમતોએ ગણતરી કરીને મેળવવામાં આવે તો તેને GDP at current price કહેવામાં આવે છે અને જો GVAની ગણતરી કોઈ આધાર વર્ષ સાથે સરખામણી કરવામાં આવે તો તેને આધાર કિંમતોએ GDP કહેવામાં આવે છે.

આ વિગત એક ઉદાહરણથી સમજીએ, ધારો કે કોઈ એક મોટરકાર બનાવતી કંપની છે. તેણે અગાઉના વર્ષમાં જેટલી કારનું વેચાણ કર્યું હતું. તેટલી જ સંખ્યાની કારનું વેચાણ હવે ગણતરી વર્ષમાં પણ કરે છે, પણ આ સમયે તેણે કારમાં સુધારા વધારા કરીને નવું સુધારેલું અને વધુ સુવિધાઓવાળું મોડેલ બજારમાં મૂકેલું છે. જેની કિંમત આગળની કારની કિંમત કરતા વધારે છે. હવે, જો જૂની પદ્ધતિએ ગણતરી કરવામાં આવે તો વેચાયેલી કારની સંખ્યામાં કોઈ જ વધારો થયો ન હોવાથી તેણે વિકાસ કર્યો હોવા છતાં કોઈ જ વિકાસ કર્યો નથી એમ ગણવામાં આવશે, જ્યારે નવી ગણતરી પ્રમાણે કારમાં સુધારા વધારા સાથે અને મુલ્યવૃદ્ધિ સાથે થયેલું વેચાણ રાષ્ટ્રીય આવકમાં થેયલો વધારો બતાવશે.

| **Full Form** | |
|---|---|
| GDP | : Gross Domestic Product |
| NDP | : NET Domestic Product |
| GDP | : Gross National Product |
| NNP | : NET National Product |
| GVA | : Gross Value Added |
| GVABP | : Gross Value Added at Basic Price |
| GDPFC | : Gross Domestic Product At Factor Cost. |
| GDPMP | : Gross Domestic Product At Market Prices |

# એકમ 2 આર્થિક વિકાસ અને આર્થિક વૃદ્ધિ

2.1 ઉદ્દેશો

2.2 પ્રસ્તાવના

2.3 આર્થિક વૃદ્ધિ : વિભાવના

2.3.1 આર્થિક વૃદ્ધિના માપદંડો

2.3.1.1 વાસ્તવિક રાષ્ટ્રીય આવક

2.3.1.2 વાસ્તવિક માથાદીઠ આવક

2.3.2 આર્થિક વૃદ્ધિની લાક્ષણિકતા

2.3.3 વિશ્વના દેશોનું આર્થિક વૃદ્ધિના માપદંડેના આધારે વર્ગીકરણ

2.4 આર્થિક વિકાસ વિભાવના

2.4.1 આર્થિક વિકાસ અંગે પરંપરાગત અભિગમ

2.4.2 આર્થિક વિકાસ અંગે આધુનિક અભિગમ

2.5 આર્થિક વિકાસના માપદંડો

2.5.1 વાસ્તવિક રાષ્ટ્રીય પેદાશ

2.5.2 વાસ્તવિક માથાદીઠ પેદાશ

2.5.3 જીવનનો ભૌતિક ગુણવત્તા (આંક) (Physical Quality of Life Index)

2.5.4 માનવ વિકાસ આંક (Human Development Index)

2.5.4.1 માનવ વિકાસ : અર્થ

2.5.4.2 શા માટે માનવ વિકાસ ?

2.5.4.3 માનવ વિકાસ આંકની રચના

2.5.5 સક્ષમતા અભિગમ

2.5.6 સાચો પ્રગતિ આંક

2.5.7 ઈકોલોજીકલ ફૂટ પ્રિન્ટ

2.6 આર્થિક વિકાસ પ્રાપ્ત કરવા માટેની મુખ્ય શરતો

2.7 આર્થિક વૃદ્ધિ અને આર્થિક વિકાસ વચ્ચેનો તફાવત

2.8 સારાંશ

2.9 ચાવીરૂપ શબ્દો

2.10 કેટલાંક ઉપયોગી પુસ્તકો

2.11 તમારી પ્રગતિ ચકાસો

2.12 તમારી પ્રગતિ ચકાસોના જવાબ

## 2.1 ઉદ્દેશો

પ્રસ્તુત વિભાગમાં મુખ્યત્વે આર્થિક વૃદ્ધિ (Economic Growth) અને આર્થિક વિકાસ (Economic Development)ની વિભાવનાને સમજીશું. વિશ્વમાં કેટલાંક દેશો આર્થિક રીતે સમૃદ્ધ છે જેમ કે નૉર્વે, ઓસ્ટ્રેલિયા, ડેન્માર્ક, કેનેડા, અમેરિકા, બ્રિટન જ્યારે કેટલાંક દેશો ખૂબ ગરીબ છે જેમકે ઈથોપિયા, નાઈજર (દક્ષિણ આફ્રિકા). આ દેશો ધનિક કે ગરીબ છે તે ક્યાં માપદંડના આધારે નક્કી થાય છે તે જાણવાની કોશિશ કરીશું. અર્થશાસ્ત્રનું કાર્ય ભૌતિક સમૃદ્ધિ વડે માનવ જીવનસ્તર વધુ ઊંચે લઈ જઈ તેઓનું આર્થિક કલ્યાણ મહત્તમ કરવા જેવી બાબતોનો વિચાર થાય છે. આથી આપણે અહીં આર્થિક વૃદ્ધિ અને આર્થિક વિકાસના મહત્ત્વના માપદંડોની ચર્ચા કરીશું. આર્થિક વૃદ્ધિ અને વિકાસ બંને એકબીજાના પૂરક છે અને ભિન્ન પણ છે. આર્થિક વૃદ્ધિની વિભાવના, આર્થિક વદ્ધિને ઓળખવા માટે તેના માપદંડો, લાક્ષણિકતા સમજીશું ઉપરાંત વિશ્વબેંક (World Bank) તેના અહેવાલ દ્વારા વિશ્વના દેશોનું વૃદ્ધિના માપદંડે વર્ગીકરણ કરે છે, તેમાં ભારતનું વિશ્વમાં સ્થાન તપાસીશું.

કોઈ પણ દેશની આર્થિક સમૃદ્ધિને આર્થિક વૃદ્ધિ વ્યક્ત કરે છે પરંતુ સમૃદ્ધિની અસમાન વહેંચણી થઈ હોય અને વ્યાપક ગરીબી, ઊંચો બાળ મૃત્યુ દર કે માતા મૃત્યુ દરની સાથે વ્યાપક બેરોજગારીના પ્રશ્નો હોય તો આ ભૌતિક સમૃદ્ધિ સાચી સમૃદ્ધિ નથી તેવું વિકાસમાં માનનાર અર્થશાસ્ત્રીઓ જણાવે છે. વાસ્તવમાં સમૃદ્ધિની સાથે નાગરિક કલ્યાણ થવું અતિ આવશ્યક છે નાગરીક કલ્યાણ આર્થિક ઉપરાંત બિન આર્થિક માપદંડો દ્વારા માપવામાં આવે છે, જેમ કે સાક્ષરતાનો દર અને જો આમ થાય તો આર્થિક વિકાસ થઈ રહ્યો છે તેમ કહી શકાય. આ સંદર્ભે આપણે આર્થિક વિકાસને ઓળખીશું, જેમાં તેની વ્યાખ્યા, માપદંડો, ભારતનું સ્થાન, આર્થિક વૃદ્ધિ અને આર્થિક વિકાસ વચ્ચેનો તફાવત અને આર્થિક વિકાસ પ્રાપ્ત કરવો હોય તો કેવી રીતે પ્રાપ્ત કરી શકાય તે સમજીશું.

## 2.2 પ્રસ્તાવના

એડમ સ્મિથે (1723-1790) દેશની સમૃદ્ધિ માટે સોનાના ભંડારો પર્યાપ્ત ગણાવ્યા હતાં, શિષ્ટ અર્થશાસ્ત્રીઓ માનતા હતાં કે ખેતી અને ગૃહઉદ્યોગોમાં વધુ ઉત્પાદન થાય અને તેની નિકાસ કોઈ પણ રાષ્ટ્રની આર્થિક સમૃદ્ધિ લાવી શકે છે. તેઓ ધનના ભંડારો અને લોકોની ખરીદ શક્તિમાં (વધુ વસ્તુઓ પ્રાપ્ત કરી શકે તેટલી નાણાં શક્તિ) રાજ્ય અને નાગરિકો પાસે વધુ એટલે દેશે ઊંચી આર્થિક સ્થિતિ પ્રાપ્ત કરી લીધી તેમ માનવમાં આવતું હતું. આવી વિચારધારા 1960 સુધી ચાલી. 1960ના દાયકા પછી વિશ્વમાં અર્થશાસ્ત્રીઓએ આર્થિક વૃદ્ધિ અને આર્થિક વિકાસ અંગે નવેસરથી વિચારવાનું શરૂ કર્યું. શા માટે તેઓએ આર્થિક વૃદ્ધિ અને વિકાસની વિભાવના અંગે વધુ સ્પષ્ટતાઓ કરી ? કારણ કે બીજા વિશ્વયુદ્ધ પછી સંસ્થાનવાદી સાશનથી મુક્ત થયેલા દેશો આર્થિક રીતે પડી ભાંગેલા અર્થતંત્રને બેઠા કરવા માટે વિવિધ આર્થિક પદ્ધતિ અપનાવી. જેમ કે ભારત દેશ 1947માં બ્રિટિશ સંસ્થાનવાદમાંથી મુક્ત થયું. તેણે લોકશાહી સમાજવાદી રાજકીય વ્યવસ્થા અને મિશ્ર આર્થિક પદ્ધતિ અપનાવી અને 1951થી આર્થિક વિકાસ પ્રાપ્ત કરવા માટે આર્થિક આયોજન અપનાવ્યું.

મિશ્ર આર્થિક પદ્ધતિ અન્વયે રાજ્ય અને ખાનગી બજાર તંત્રની વ્યવસ્થા અપનાવી. શરૂઆતના વર્ષોમાં રાજ્યે અર્થતંત્રમાં વિશેષ હસ્તક્ષેપ વડે કૃષિક્ષેત્રના વિકાસ, ઔદ્યોગિકરણ, આંતરમાળખાકીય સુવિધાઓ વિકસવા પંચ વર્ષીય યોજનાઓ દ્વારા મહત્ત્વની ભૂમિકા ભજવી હતી. તેના પરિણામે દેશની રાષ્ટ્રીય આવકમાં વધારો થયો. આવી જ રીતે એશિયા ખંડના દેશો જેમ કે ચીન, પાકિસ્તાન, બાંગ્લાદેશ, શ્રીલંકા, નેપાળ અને દક્ષિણ આફ્રિકાના દેશો, લેટિનઅમેરિકાનાં દેશોએ રાજ્યના હસ્તક્ષેપ દ્વારા આર્થિક વૃદ્ધિને પ્રાપ્ત કરવાના પ્રયાસો શરૂ કર્યા. આ બધાં દેશોમાં રાષ્ટ્રીય આવકમાં ઝડપી વધારો થયો પરંતુ ગરીબી, બેરોજગારી, ઊંચો બાલમરણ દર, ઊંચો માતા મૃત્યુદર, કૂપોષણ અને આર્થિક અસમાનતામાં ઘટાડો ન થયો. જો દેશની રાષ્ટ્રીય આવક વધતી હોય તો તેની સાથે ઉપરના પ્રશ્નો ઘટવા જોઈએ ઊલટું વધતી રાષ્ટ્રીય આવક સાથે આ બધા જ પ્રશ્નો એટલા જ ગંભીર રીતે વધતા જતા હતાં. આ કોયડાને ઉકેલતા આ કોયડાને આર્થિક વૃદ્ધિના ઝમણના કોયડા તરીકે ઓળખવામાં

આવે છે. રાષ્ટ્રીય આવક વધશે જે તળિયાના નાગરીક સુધી વહેંચાશે એમ ધારણા કરવામાં આવી હતી, પરંતુ તેનાથી ઉલટું થયું.

સાથે એ પણ જણાયું કે આર્થિક વૃદ્ધિ પ્રાપ્ત કરવા માટે સંસ્થાકિય અને તકનિકી પરિવર્તનો મહત્ત્વના છે, જેમકે ધીરાણની સગવડ, આંતરમાળખાકીય સેવાઓ જેમકે રસ્તા, વીજળી, સંદેશા વ્યવહાર અને વાહન વ્યવહારની સુવિધા વધારવામાં આવે તો ખાનગી મૂડી રોકાણમાં ઝડપથી વધારો થાય છે જે રાષ્ટ્રીય આવકમાં વધારો કરે છે. પરંતુ ગરીબી, નિરક્ષરતા, કૂપોષણ, ઊંચો બાળમૃત્યુદર ઘટાડવા માટે સંસ્થાકિય અને તકનિકી પરિવર્તનો સાથે રાજ્યની જવાબદારી જરૂરી છે. આ પ્રશ્નો લાંબાગાળના અને સંસ્કૃતિ, સામાજિક મનોવલણો, ટેવો અને આર્થિક વહેંચણી સાથે જોડાયેલી બાબતો છે જે માત્ર એક વખતના પ્રયાસોથી નિવારી શકાતી નથી. આથી તે માટે લાંબાગાળાના સક્રિય અને સઘન પ્રયાસો કરવા પડે છે, એ બાબત વિશ્વના રાષ્ટ્રોને સમજાય. આથી 1970 બાદ આર્થિક વૃદ્ધિ અને આર્થિક વિકાસ વચ્ચે સ્પષ્ટ તફાવત પાડવામાં આવ્યો. આ સંદર્ભે પ્રસ્તુત વિભાગમાં આર્થિક વૃદ્ધિ અને આર્થિક વિકાસ વચ્ચેનો તફાવત વ્યાપક સંદર્ભમાં સમજવાનો પ્રયાસ કરીશું.

## 2.3 આર્થિક વૃદ્ધિ : વિભાવના

આર્થિક વૃદ્ધિ એટલે પરિમાણાત્મક ફેરફારો જેવાં કે દેશની રાષ્ટ્રીય આવક કે માથાદીઠ આવકમાં થતો વધારાને આર્થિક વૃદ્ધિ તરીકે ઓળખવામાં આવે છે. મોટાભાગના અર્થશાસ્ત્રીઓ સ્થિરતાપૂર્વકના રાષ્ટ્રીય આવક અને માથાદીઠ આવકના વધારાને આર્થિક વૃદ્ધિ તરીકે ઓળખાવે છે. અલ્પ વિકસિત દેશ ટૂંકાગાળામાં નીચે ભૌતિક જીવનસ્તરની ઊંચા ભૌતિક જીવનધોરણ તરફ ગતિ કરે તેને આર્થિક વૃદ્ધિ કહેવાય. જે દેશો વિકસિત છે તે સતત વૃદ્ધિ કરે છે.

### 2.3.1 આર્થિક વૃદ્ધિના માપદંડો

પહેલા ઝડપી ઔદ્યોગિકરણને કે મોટા પ્રમાણમાં વ્યાપરીકરણને આર્થિક વૃદ્ધિ તરીકે ઓળખવામાં આવતા, જોકે ઔદ્યોગિકરણ કે વ્યાપારીકરણ આર્થિક વૃદ્ધિનો પર્યાય નથી.

#### 2.3.1.1. વાસ્તવિક રાષ્ટ્રીય આવક

એક વર્ષ દરમાં દેશના ઉત્પાદનના સાધનો દ્વારા ઉત્પન્ન થયેલ પેદાશોનું મૂલ્ય અને વિદેશ વેપાર દ્વારા પ્રાપ્ત કરેલ આવકોના સરવાળાને કુલ રાષ્ટ્રીય આવક (GNP) કહેવાય છે. રાષ્ટ્રીય આવક દ્વારા અર્થતંત્રની આર્થિક સ્થિતિ વધુ સ્પષ્ટતાથી જાણી શકાય છે આથી રાષ્ટ્રીય આવક એ આર્થિક વૃદ્ધિનો મહત્ત્વનો માપદંડ છે. આથી જો લાંબાગાળા દરમિયાન રાષ્ટ્રીય આવકમાં સતત વધારો થઈ રહ્યો હોય તો આર્થિક વૃદ્ધિ થઇ છે તેમ કહેવાય.

મર્યાદા : પરંતુ રાષ્ટ્રીય આવક દ્વારા જ આર્થિક વૃદ્ધિ થઈ છે તેમ કહી શકાય નહીં. જો રાષ્ટ્રીય આવકના વૃદ્ધિ દર કરતા વસ્તીનો વૃદ્ધિદર ખૂબ ઊંચો હોય તો માથાદીઠ આવકમાં ઘટાડો થશે, પરિણામે આર્થિક વૃદ્ધિ નથી થઈ તેમ કહેવાશે. આથી સાઈમન કૂઝનેટ જણાવે છે કે, આર્થિક વૃદ્ધિ એટલે વસ્તી વૃદ્ધિના દરની સામે રાષ્ટ્રીય આવકમાં સ્થિરતાપૂર્વક રાષ્ટ્રીય આવક અથવા માથાદીઠ આવકમાં થતો વધારો.

#### 2.3.1.2. વાસ્તવિક માથાદીઠ આવક

મોટાભાગના અર્થશાસ્ત્રીઓ સ્થિરતાપૂર્વક લાંબાગાળા દરમ્યાન થતી માથાદીઠ રાષ્ટ્રીય આર્થિક વૃદ્ધિ તરીકે ઓળખાવે છે. માથાદીઠ આવકમાં થતો વધારો નાગરિકોના ભૌતિક જીવનધોરણમાં સુધારણા દર્શાવે છે. જોકે આ માપદંડ પણ આર્થિક વૃદ્ધિને હમેશાં વ્યક્ત કરતો નથી, જેમ કે માથાદીઠ આવકમાં વધારો થતો હોય પણ નાગરિકો વપરાશી ખર્ચ કરવાને બદલે બચતો કરતા થાય તો તે આર્થિક વૃદ્ધિ નથી.

### 2.3.2. આર્થિક વૃદ્ધિની લાક્ષણિકતા

આર્થિક વૃદ્ધિના કેટલાંક મહત્ત્વના લક્ષણો છે જેમ કેઃ

1. આર્થિક વૃદ્ધિ એ પરિમાણાત્મક બાબતો રજૂ કરે છે.

2. આર્થિક વૃદ્ધિ એટલે ભૌતિક સમૃદ્ધિમાં વધારો દર્શાવે છે.

3. આર્થિક વૃદ્ધિ માટે રાજ્યે શરૂઆતમાં વિશેષ પ્રયાસો કરવા પડે છે, પરંતુ લાંબાગાળે રાજ્યે વિશેષ પ્રયાસો કરવા પડતા નથી.

4. આર્થિક વૃદ્ધિ કુદરતી અને માનવ સર્જિત અણધારી આફત સિવાયના સમયગાળામાં સામાન્ય રીતે વધવાનું વલણ ધરાવે છે. કુદરતી સંપત્તિ, આબોહવા, નવી ટેકનોલૉજી, શ્રમિકોને તાલિમ, નાણાંકીય સંસ્થાઓ, રાજ્યની કરનીતિ, માનવ મૂડી રોકાણ વગેરે આર્થિક વૃદ્ધિમાં વધારો કરે છે.

5. આર્થિક વૃદ્ધિ એક સંકુલ પ્રક્રિયા છે, આર્થિક વૃદ્ધિની પ્રક્રિયા દરમ્યાન મોટા પ્રમાણમાં આર્થિક પરિવર્તનો થાય છે.

### 2.3.3. વિશ્વના દેશોનું વૃદ્ધિના માપદંડે વર્ગીકરણ

વિશ્વબેંક વિશ્વ વિકાસ અહેવાલ (World Development Report) દર વર્ષે પ્રકાશિત કરે છે. જુલાઈ 2016ના વિશ્વ વિકાસ અહેવાલમાં રાષ્ટ્રીય માથાદીઠ કુલ ચોખ્ખી આવક (Gross Net Income) ના સમખરીદ શક્તિની પદ્ધતિ આંતરરાષ્ટ્રીય ડોલરના મુખ્યત્વે ચાર ભાગમાં વિભાજિત કર્યા છે.

| | | |
|---|---|---|
| 1. | નીચી માથાદીઠ આવક ધરાવતા દેશો | : 1666 ડૉલર |
| 2. | નીચી મધ્યમ માથાદીઠ આવક ધરાવતા દેશો | : 6771 ડૉલર |
| 3. | ઊંચી મધ્યમ આવક ધરાવતા દેશો | : 16649 ડૉલર |
| 4. | ઊંચી આવક ધરાવતા દેશો | : 47208 ડૉલર |

સ્રોત : http://blogs.worldbank.org/opendata/voices/new-country-classification-2016

ભારત દેશ એ વિકાસશીલ દેશ (Developing Country) તરીકે ઓળખાય છે. 1947માં રાજકીય સ્વતંત્રતા પ્રાપ્ત કર્યા બાદ આર્થિક વિકાસ પ્રાપ્ત કરવા માટે સુઆયોજિત પંચવર્ષીય યોજનાઓ દ્વારા વિકાસ માટેના પાયરૂપી ઉદ્યોગો અને માળખું તૈયાર કર્યું. આયોજન દરમિયાન દેશનો આર્થિક વૃદ્ધિદર સરેરાશ 4 થી 5 ટકા રહેવાથી 1980 બાદ ક્રમશઃ અર્થતંત્રમાં ઔદ્યોગિક નીતિ દ્વારા બજારતંત્ર ઉપરના નિયંત્રણો હળવા કર્યા. 1991માં નવી આર્થિક નીતિ દ્વારા ખાનગીકરણ ઉત્તેજન આપવા માટેની અને વૈશ્વિક મૂડી રોકાણને પ્રોત્સાહન આપવા માટે આર્થિક ઉદારીકરણની નીતિ અપનાવી. તેના હકારાત્મક અને નકારાત્મક એમ બંને પ્રભાવો જણાયા છે, પરંતુ તેની રાષ્ટ્રીય આવક અને માથાદીઠ આવકમાં નોંધપાત્ર હકારાત્મક પરિવર્તનો જણાયા છે. 2016ના વિશ્વ વિકાસ અહેવાલમાં કુલ કાચી રાષ્ટ્રીય માથાદીઠ આવક/પેદાશ (Gross National Income/Product) ને સમ ખરીદ શક્તિના આધારે વિશ્વના કુલ 127 દેશોમાં ભારત ચાલુ આંતરરાષ્ટ્રીય ડોલરમાં 6490 ડોલર સાથે 148ના ક્રમે હતું. જ્યારે વર્ષ 2000માં આવક માત્ર 1960 ડોલર હતી. આમ ભારત એક વિકાસશીલ દેશ તરીકે માથાદીઠ રાષ્ટ્રીય આવકમાં વધારો કરી રહ્યું છે તેમ છતાં વિશ્વના અન્ય દેશોની સાપેક્ષમાં ભારતે હજુ ઘણું કરવાનું બાકી છે.

## 2.4 આર્થિક વિકાસ વિભાવના

1960 સુધી આર્થિક વૃદ્ધિ અને આર્થિક વિકાસ સમાન માનવામાં આવતા હતા, કારણ કે અર્થશાસ્ત્રીઓ એમ માનતા હતા કે રાષ્ટ્રીય આવકમાં સતત વધારો થશે ત્યારે તે તમામ નાગરિકો વચ્ચે વહેંચાશે. અર્થાત્ રાષ્ટ્રીય આવકનું ઝમણ થશે. ઝમણને અંગ્રેજીમાં 'Top to Down' અભિગમ તરીકે ઓળખવામાં આવે છે. વિશ્વના દેશોના અનુભવોએ મહત્ત્વપૂર્ણ તારણ ઉપર આવ્યા કે, રાષ્ટ્રીય આવક અને માથાદીઠ આવક વધવાથી તે તમામ નાગરિકો સુધી પહોંચશે, અને ગરીબ ગરીબાઈમાંથી બહાર નીકળશે. સાક્ષરતા અને જ્ઞાન વધશે, કુપોષણ, બાળમૃત્યુ દર, માતા મૃત્યુ દર ઘટશે આમ સમૃદ્ધ થશે. જોકે તેમ થઈ શક્યું નહીં આથી આર્થિક વિકાસ અને આર્થિક વૃદ્ધિ વચ્ચેની ભેદરેખા સ્પષ્ટ બનતી ગઈ.

### 2.4.1. આર્થિક વિકાસ અંગે પરંપરાગત અભિગમ

આર્થિક વિકાસ અંગેના પરંપરાગત અભિગમ અનુસાર રાષ્ટ્રીય આવકમાં (Gross Domestic Product) નો વાર્ષિક દર 5 થી 7 ટકા કે તેથી વધુ પ્રાપ્ત થતો હોય, ઉત્પાદન અને રોજગારીના માળખામાં ફેરફાર જણાતો હોય એટલે કે દેશની રાષ્ટ્રીય આવક અને રોજગારીમાં કૃષિ ક્ષેત્રનો હિસ્સો ક્રમશઃ ઘટતો જતો હોય અને ઉદ્યોગ અને સેવા ક્ષેત્રનો હિસ્સો વધતો જતો હોય તો આર્થિક વિકાસ થઈ રહ્યો છે તેમ માનવમાં આવતું હતું. વધતી રાષ્ટ્રીય આવકનું ઝમણ (Percolation) થશે જેથી ગરીબી અને આર્થિક અસમાનતા દૂર થશે એમ ધારવામાં આવ્યું હતું પરંતુ વાસ્તવમાં વિકાસશીલ દેશોનો અનુભવ અલગ જ હતો રાષ્ટ્રીય આવક વધી રહી હતી પણ ગરીબોની આર્થિક સ્થિતિમાં કોઈ જ સુધારો જણાતો ન હતો. આમ પરંપરાગત અભિગમમાં વિકાસની વ્યાખ્યા અપૂર્ણ હતી. આર્થિક વિકાસ અંગેનો પરંપરાગત અભિગમ અર્થતંત્રમાં આર્થિક માળખામાં બદલાવ કે માત્ર માથાદીઠ આવકમાં થતાં વધારા કરતા પણ વિશેષ અર્થ ધરાવે છે તેમ વિકાસ અંગેના આધુનિક અભિગમમાંથી સ્પષ્ટ થયું.

### 2.4.2 આર્થિક વિકાસ અંગે આધુનિક અભિગમ

1950-60ના દશકમ દરમ્યાન વિકાસશીલ દેશોની 40 ટકા વસ્તી આર્થિક વૃદ્ધિ એટલે કે રાષ્ટ્રીય આવકમાં વધારો થવા છતાં તેના લાભથી વંચિત હતી. આમ મનોમંથનની પ્રક્રિયા શરૂ થઈ. 1970માં આર્થિક વિકાસની વ્યાખ્યા વધુ વ્યાપક બનતી ગઈ, તેમ છતાં આર્થિક વિકાસ અંગેની વ્યાખ્યામાં સર્વ સંમતિ નથી કારણ કે તેમાં સતત નવા માપદંડો ઉમેરતા રહ્યા છે.

રોસ્ટોવ (1961)ના મતે આર્થિક વિકાસ એટલે, પરંપરાગત સમાજ જૂની પુરાણી ઉત્પાદન પદ્ધતિમાંથી ક્રમશઃ આધુનિક ઉચ્ચ કક્ષાની ટૅકનિક તરફ જવાની પ્રક્રિયા દ્વારા આધુનિક ટેકનોલૉજી અને ઊંચી માથાદીઠ આવકાવાળા અર્થતંત્ર તરફની પ્રક્રિયા સૂચવે છે. વિકાસ એટલે પરિવર્તન, જે કોઇ પણ દેશમાં સામાજિક અને આર્થિક પરિવર્તનની પ્રક્રિયાને વ્યક્ત કરે છે. વિકાસનું હવે રાજ્યની વિકાસ નીતિનો ભાગ છે. 1930ની મહામંદી અને બીજા વિશ્વયુદ્ધ પછી વિકાસની વિભાવના વધુ સ્પષ્ટ થઈ. મહામંદીમાં વ્યાપક બેરોજગારી કેવી રીતે દૂર કરવી તે મહત્ત્વનો પ્રશ્ન હતો. બીજા વિશ્વયુદ્ધ બાદ સ્વતંત્ર થયેલ અલ્પવિકસિત દેશોને આર્થિક સમસ્યાઓ દૂર કરવાની ઝંખના તીવ્ર થઈ હતી. આથી આર્થિક વિકાસ અંગેના સિદ્ધાંતો 1960-70ના દાયકામાં નોંધપાત્ર થયા. જો આર્થિક વિકાસ થાય તો તે કોના માટે હશે ? વિકાસ માટેના આયોજનમાં રાજ્યનો મુખ્ય લક્ષ્યાંક આર્થિક વૃદ્ધિ હોય છે, અને તેની વહેંચણી ઉપર અથવા સમાજ ઉપર પડનારી સંભવિત અસર ઉપર વિશેષ ચિંતન થતું નથી. આર્થિક વૃદ્ધિના લક્ષ્યાંક આધારિત હાંસલ કરી શકાય છે પરંતુ આર્થિક વિકાસને હાંસલ કરવો મુશ્કેલ છે.

આર્થિક વિકાસ શું છે તે અંગે વિવિધ અર્થશાસ્ત્રીઓએ તેને સમજાવવાનો પ્રયાસ કર્યો છે. તે પૈકી કેટલાંક અર્થશાસ્ત્રીઓએ આર્થિક વિકાસ અંગે આપેલ વ્યાખ્યા તપાસીએ.

મેડિસનના મતે, ધનિક દેશોમાં આવક સ્તરમાં થતો વધારો આર્થિક વૃદ્ધિ છે જ્યારે ગરીબ દેશોમાં વિકાસ છે. શુમ્પીટરના મતે, આર્થિક વિકાસ એટલે અર્થતંત્રમાં થતાં પરિવર્તનો જે જૂની સમતુલામાંથી નવી સમતુલા પ્રાપ્ત કરે છે.

કિંડલ બર્જરના મતે, જો અર્થતંત્રમાં રાષ્ટ્રીય આવકમાં વધારો થઇ રહ્યો હોય પરંતુ ગરીબી, બેરોજગારી અને આર્થિક અસમાનતાની સ્થિતિ યથાવત હોય, ટેકનોલોજી કે સંસ્થાકીય માળખામાં કોઈ પરિવર્તન ન થયું હોય તો આર્થિક વિકાસ થયો નથી. આર્થિક વિકાસ એટલે વધુ ઉત્પાદન તેમજ ટેકનોલૉજી અને સંસ્થાકીય માળખામાં પરિવર્તન દ્વારા ઉત્પાદન અને વહેંચણીમાં પરિવર્તન થાય છે. મિર્ડાલના મતે, આર્થિક વિકાસ એ આર્થિક વૃદ્ધિ કરતા વિશેષ અર્થ ધરાવે છે. આર્થિક વૃદ્ધિ ઉપરાંત પરિવર્તન થાય તે વિકાસ છે. આર્થિક વિકાસ એ આર્થિક બાબતો જેમકે, આર્થિક જરૂરિયાતો, વસ્તુઓ, પ્રેરણાઓ સંસ્થાઓ, ઉત્પાદકતા, જ્ઞાન અને સમગ્ર સમાજનું ઊર્ધ્વગમન કરે છે.

જ્યારે અમર્ત્ય સેનના મતે, આર્થિક વિકાસ એટલે લોકોની પસંદગી અને તકોમાં થતો વધારો. જ્યારે સમાજમાં વ્યક્તિના અધિકાર, સક્ષમતા અને સ્વતંત્રતાનું વિસ્તરણ થઈ રહ્યું હોય તે આર્થિક વિકાસ છે.

ગુલેટ (Goulet, 1971, 2006)માં આર્થિક વિકાસને મુખ્યત્વે ત્રણ માપદંડો જીવન-સંપોષિતતા (Life-sustenance) સ્વગૌરવ (Self-esteem) અને સ્વતંત્રતા (Freedom) વડે માપે છે.

જીવન-સંપોષિતતા એ મૂળભૂત જરૂરિયાતોની પ્રાપ્તિ સૂચવે છે. મૂળભૂત જરૂરિયાતોનો (Basic need) નો અભિગમ 1970માં વિશ્વ બેન્ક દ્વારા રજૂ થયો. વિશ્વ બેન્કના મતે, કોઈ પણ દેશ તેના નાગરિકોની મુખ્ય જરૂરિયાતો જેમકે આવાસ, વસ્ત્ર, ખોરાક અને ન્યૂનતમ શિક્ષણ જો પૂરું ન પાડી શકે તો તેને સંપૂર્ણ આર્થિક વિકાસ કર્યો નથી તેમ કહી શકાય.

સ્વ-ગૌરવ એ વ્યક્તિનું સ્વમાન (Self-respect) અને સ્વાતંત્ર્ય (Independence) સૂચવે છે. કોઈ પણ દેશ અન્યનું શોષણ કરીને પોતાની સંપત્તિ કે સત્તામાં વધારો કરે તે આર્થિક વિકાસ કહી શકાય નહીં. વિકસતા દેશો સ્વ-ગૌરવ માટે વિકાસ ઈચ્છે છે. આર્થિક પરાવલંબન પરાધીનતાનું સર્જન કરે છે. જે આર્થિક પછાતપણામાંથી સર્જાય છે. આમ રાષ્ટ્ર કે વ્યક્તિ જ્યારે આર્થિક સ્વાતંત્રય દ્વારા સાવ-ગૌરવ પ્રાપ્ત કરી શકે તેને આર્થિક વિકાસ કહી શકાય.

સ્વતંત્રતા મુખ્યત્વે ત્રણ દુષ્ટ બાબતો, અભાવ (Want), અજ્ઞાનતા (Ignorance) અને ગરીબી (Squalor) માંથી મુક્તિ અપાવે છે. આથી ખરા અર્થમાં વિકાસ ત્યારે જ થયો છે જ્યારે કોઈ પણ દેશમાં ધર્મ, વંશ, જાતિ કે જ્ઞાતિના બંધનો વ્યક્તિની સ્વતંત્રતાને અવરોધક ન બનતા હોય. વ્યક્તિને પસંદગીની સ્વતંત્રતા, શિક્ષણ કે કુશળતા નથી તેઓ પોતાના જીવનમાં સુધારણા કરી શકતા નથી. આમ આર્થિક વિકાસના ભૌતિક માપદંડોની સાથે બિનભૌતિક એવા વ્યક્તિના આત્મ સમ્માન, સ્વતંત્રતા, અને પસંદગીની તકોનું વિસ્તરણ જેવાં માપદંડોનો સાર્વત્રિક રીતે સ્વીકાર થયો છે.

આમ આર્થિક વિકાસ એક સમગ્રતયા આર્થિક વિકાસ એ પરિમાણાત્મક અને ગુણાત્મક આર્થિક પરિવર્તનનોને સૂચવે છે. બાળક જન્મે ત્યાર પછીનો તેનો શારીરિક કદ, વજનમાં થતાં વધારાને વૃદ્ધિ કહી શકાય જ્યારે શિક્ષણ, સમજ અને ગુણો વડે બાળક જે કેળવણી પ્રાપ્ત કરે છે તે આર્થિક વિકાસ છે. કોઈ પણ અર્થતંત્ર માત્ર ભૌતિક સંપત્તિથી નહીં પરંતુ આ સંપત્તિ દ્વારા માનવજીવન વધુ અનુકૂળ, મુક્ત, વધુ પસંદગીના વિકલ્પો ધરાવતું, વધુ તકો પૂરું પાડતું અને સમતાપૂર્ણ બને તે આર્થિક વિકાસ છે.

## 2.5 આર્થિક વિકાસના માપદંડો

### 2.5.1 વાસ્તવિક રાષ્ટ્રીય પેદાશ

માયર, બાલ્ડવિન, કૂઝનેટ, યંગસન તથા મીડ જેવાં વિકાસવાદી અર્થશાસ્ત્રીઓએ કોઈપણ દેશમાં રાષ્ટ્રીય આવકમાં વૃદ્ધિને વિકાસનો માપદંડ માને છે, તેઓના મતે, લાંબાગાળા સુધી રાષ્ટ્રીય આવકમાં થતો વધારો તે અર્થતંત્રનો વિકાસ સૂચવે છે. જોકે રાષ્ટ્રીય આવકની ગણતરીમાં કેટલીક મુશ્કેલીઓ જોવા મળે છે. જેમકે,

1. રાષ્ટ્રીય આવકની ગણતરી કરતી વખતે રાષ્ટ્રની રાજકીય સીમાની ગણતરી કેવી રીતે કરવી તે પ્રશ્ન છે. જેમકે રાષ્ટ્રની અંદર રહેતા નાગરિકોની આવક ઉપરાંત વિદેશમાં રહેતા નાગરિકોની આવકની ગણતરી કરવામાં આવે છે. આમ, રાષ્ટ્રીય આવકના માપદંડમાં દેશની બહારની આવકની

2. **નાણાંકીય કિંમતમાં ફેરફારો:** ફુગાવો થાય ત્યારે વસ્તુઓ અને સેવાઓની કિમતમાં વધારો થતો હોય છે. આથી ઉત્પાદનમાં વિશેષ વધારો ન થવા છતાં માત્ર કીમતોમાં વધારો થવાથી રાષ્ટ્રીય આવકની ગણતરી કરતા ઊંચી રાષ્ટ્રીય આવક પ્રાપ્ત થશે. વાસ્તવમાં ફુગાવાની અસરના કારણે આમ થાય છે. આથી રાષ્ટ્રીય આવકની ગણતરી કરતી વખતે વધેલ ભાવ વધારો બાદ કરી દેવામાં આવે છે. આમ વિકાસ માટેનો એકમાત્ર માપદંડ બની શકે નહિ.

3. **વસ્તીમાં થતાં ફેરફારો :** જેમકે કુદરતી આપત્તિ અથવા યુદ્ધના કારણે મોટી જાનહાની થઈ હોય ત્યારે રાષ્ટ્રીય આવકમાં થતો વધારો દેશના નુકશાનને માપી શકતો નથી.

4. **સામાજિક ત્યાગની ઉપેક્ષાઃ** દેશમાં શ્રમિકોનું શોષણ થતું હોય, અથવા વેપારીઓ મિલાવટ કરીને ગ્રાહકોને છેતરતા હોય, નાગરિકોના ત્યાગ/અસંતોષમાં વધારો કરતા હોય. રાષ્ટ્રીય આવકમાં નાગરિકોના ત્યાગ, શોષણ વડે વધારો થયો હોય તે ખરા અર્થમાં વધેલી રાષ્ટ્રીય આવક નાગરિકોના સારા જીવન સ્તરને વ્યક્ત કરતી નથી. આમ વિકાસને વ્યક્ત કરવાનો તે અપૂર્ણ માપદંડ છે.

5. **પ્રદુષણ, કુદરતી સંસાધનના શોષણની ગણતરીમાં ઉપેક્ષા :** ઝડપી આર્થિક વૃદ્ધિ સાધવા માટે કુદરતી સંસાધનોનું શોષણ, પ્રદૂષણ થતું હોય અને રાષ્ટ્રીય આવકમાં વધારો થતો હોય તે વિકાસને સૂચવતો નથી.

6. **રાષ્ટ્રીય આવકની ગણતરીમાં અમૂલ્ય વસ્તુઓ, મહિલાની કામગીરીની ઉપેક્ષાઃ** રાષ્ટ્રીય આવકની ગણતરીમાં સેવા અને નાણાંની લેવડ દેવડ થતી હોય તેવી જ આર્થિક પ્રવૃત્તિઓને ગણતરીમાં લેવામાં આવે છે. જ્યારે મહિલાઓ પોતાની ઘરની તમામ કામગીરી કરતી હોય, બાળકો-વૃદ્ધોને સાચવતી હોય પરંતુ તેને વેતન પ્રાપ્ત થતું નથી આથી તેની સેવાઓના મૂલ્યની રાષ્ટ્રીય આવકમાં ગણતરી થતી નથી. આમ રાષ્ટ્રીય આવક મૂલ્ય ધરાવતી પ્રવૃત્તિઓને ધ્યાનમાં લેવાતી નથી. આમ વિકાસને ખરા અર્થમાં રાષ્ટ્રીય આવક વ્યક્ત કરી શકાતી નથી.

7. **સમાજ કલ્યાણની ઉપેક્ષા (સટ્ટો, હાનિકારક, વૈભવી વસ્તુઓનું ઉત્પાદનઃ** માત્ર રાષ્ટ્રીય આવકમાં વધારો થઈ જવાથી નાગરિકોનું જીવન સુખાકાર યુક્ત બનતું નથી. કારણ કે રાષ્ટ્રીય આવક વધારવા માટે નાગરિકોની જરૂરિયાતોને અગ્રીમતા આપવામાં આવી છે કે તે પણ મહત્ત્વનું છે. જેમ કે દેશમાં અનાજની તંગી હોય ત્યારે માત્ર રોકડિયા પાકોનું ઉત્પાદન વધારવા માટે ઊંચી સહાય આપવામાં આવે અથવા નાગરિકોની પ્રાથમિક વસ્તુઓના બદલે મોજશોખની વસ્તુઓનું વિપુલ ઉત્પાદન કરીને નિકાસ દ્વારા ઊંચી રાષ્ટ્રીય આવક આર્થિક વૃદ્ધિ કરશે પરંતુ વિકાસ નહિ કરે.

### 2.5.2 વાસ્તવિક માથાદીઠ પેદાશ

લાંબા સમયગાળા દરમ્યાન દેશની વાસ્તવિક માથાદીઠ આવકોમાં વધારો થતો હોય તો વિકાસ થઈ રહ્યો છે તેમ કહી શકાય. માથાદીઠ આવકની વહેંચણી વ્યક્ત કરે છે. જોકે માથાદીઠ આવક પણ વિકાસને સંપૂર્ણ વ્યક્ત કરતું નથી જેમ કે,

1. માથાદીઠ આવકમાં વધારો જીવન ધોરણમાં સુધારો વ્યક્ત કરતું નથી.
2. માથાદીઠ આવક વધવા છતાં આર્થિક અસમાનતા ઘટશે એમ માની શકાય નહિ.
3. માથાદીઠ આવક પણ કિંમત દ્વારા જ મપાય, ભાવ વધારો હોય તો ઊંચી માથાદીઠ આવક જણાય.
4. માથાદીઠ આવક વધવાની સાથે પોષણ.
5. સ્વચ્છતા, આવાસ, પાણી, શિક્ષણ, સ્વાસ્થ્ય જેવી મુખ્ય સેવાઓ વધી હશે તેમ કહી શકાય નહિ.
6. આમ રાષ્ટ્રીય આવકને લાગુ પડતી મર્યાદાઓ માથાદીઠ આવકને લાગુ પડે છે.

### 2.5.3 જીવનનો ભૌતિક ગુણવત્તા (આંક) (Physical Quality of Life Index)

1979માં ડોમોરિસે આ આંકની રચના કરી હતી. તેમાં પ્રથમ વખત બિન નાણાંકીય બાબતો દ્વારા વિકાસને વ્યાખ્યાયિત કરવામાં આવ્યો હતો. મોરીસે PQLI અંતર્ગત આંક વિકસાવ્યો. જેમાં 1.અક્ષરજ્ઞાન ટકામાં 2 બાળમૃત્યુ દર અને 3 જન્મતા સરેરાશ આયુષ્યના આંકના આધારે 23 વિકસતા દેશોમાં વિકાસની સ્થિતિ જાણવાનો પ્રયાસ કર્યો. આ આંક સ્વાસ્થ્ય, શિક્ષણ, પીવાનું પાણી, પોષણ

અને સ્વચ્છતા જેવાં વિવિધ માપદંડોને આવરી લે છે. દરેક માપદંડને શૂન્યથી 100ના માપ વડે માપવામાં આવે છે. શૂન્ય એ ખરાબ સ્થિતિ જ્યારે 100 એ શ્રેષ્ઠ સ્થિતિ સૂચવે છે.

$$\text{લક્ષ્યાંકિત મૂલ્ય} = \frac{\text{વાસ્તવિક મૂલ્ય} - \text{મહત્તમ મૂલ્ય}}{\text{મહત્તમ મૂલ્ય} - \text{ન્યુનતમ મૂલ્ય}}$$

Physical Quality of Life Index (અક્ષરજ્ઞાન + બાળમૃત્યુ દર + જન્મતા સરેરાશ આયુષ્ય) 3

મોરીસનો માપદંડ વધુ મહત્વનો છે કારણ કે, PQLI આંક દ્વારા વિકાસને માપી શકાય છે. આ આંકની મહત્ત્વની મર્યાદા એ છે કે તમામ આંક બિન આર્થિક સ્વરૂપના છે. તેમના માપદંડમાં આર્થિક માપદંડને ધ્યાનમાં લેવામાં આવ્યો ન હતો, માનવ વિકાસ આંકમાં આર્થિક અને બિનઆર્થિક એમ બંને સ્વરૂપના માપદંડોનો આધાર લેવામાં આવ્યો. આથી માનવ વિકાસ એટલે ''ગુણાત્મક આર્થિક વિકાસ'' જીવનની ભૌતિક ગુણવત્તા આંક કરતા ચઢિયાતો કારણ કે, આર્થિક અને સામાજિક બંને માપદંડોનો ઉપયોગ કર્યો છે. 1990 થી સંયુક્ત રાષ્ટ્ર સંઘની સંસ્થા (United Nations Development Program) દ્વારા માનવ વિકાસ આંક તૈયાર કરવામાં આવે છે.

### 2.5.4 માનવ વિકાસ આંક

આર્થિક વિકાસને માપવા માટે કુલ રાષ્ટ્રીય પેદાશ (GNP) ના વિકલ્પ તરીકે માનવ વિકાસ આંક (Human Development Index) રચવામાં આવ્યો. 1990માં સંયુક્ત રાષ્ટ્ર વિકાસ કાર્યક્રમ (UNDP) દ્વારા પ્રથમ માનવ વિકાસ હેવાલ પ્રો. મહેબુબ ઉલહકના નેતૃત્વમાં જાહેર થયો. આર્થિક વિકાસ 'માનવ વિકાસ' કેન્દ્રિત હોય તેવી વિભાગના રજૂ કરી. માનવ વિકાસ એટલે આર્થિક વિકાસે માનવ વિકાસ હેવાલનું 'ધ્યેય' છે. માનવ વિકાસ આંકમાં આર્થિક વિકાસને મુખ્યત્વે ત્રણ માપદંડો દ્વારા વ્યક્ત કર્યો છે. 1. સારું નીરોગી જીવ, 2. જ્ઞાન અને 3. આવકનું સ્તર આમાં પ્રથમ અને બીજો માપદંડ સામાજિક માપદંડ જ્યારે ત્રીજો આર્થિક માપદંડ છે.

#### 2.5.4.1 માનવ વિકાસનો અર્થ

1990ના માનવ વિકાસ અહેવાલમાં જણાવ્યા મુજબ, માનવ વિકાસ એટલે એવી પ્રક્રિયા જ્યાં પસંદગીની તકોની વિસ્તાર વધતો જાય. સ્વાસ્થય સભર તંદુરસ્ત જીવન, જ્ઞાન અને સારું જીવન સ્તર એ પસંદગીની તકોને અભિવ્યક્ત કરે છે. ઉપરાંત રાજકીય સ્વતંત્રતા, માનવ અધિકારોના સંવર્ધનની ખાતરી અને સ્વ આહાર એ સહાયક પસંદગી છે. આમ આ તમામ સંયુક્ત રીતે પસંદગી વ્યક્ત કરે છે. માનવ વિકાસ લોકોની પસંદગીઓમાં વધારાની પ્રક્રિયા છે જેના દ્વારા સારા જીવન ધોરણની પ્રાપ્તિ શક્ય બને છે.

#### 2.5.4.2. શા માટે માનવ વિકાસ ?

1. આર્થિક વૃદ્ધિએ સાધન છે જ્યારે માનવ વિકાસ સાધ્ય (ધ્યેય) છે.
2. માનવ વિકાસ દ્વારા સ્વાસ્થય સભર, જ્ઞાન, કુશળતા વગેરેનું સર્જન થાય છે જે ઉત્પાદન ક્ષમતાને વધારે છે.
3. માનવ વિકાસ દ્વારા બાળ મૃત્યુ દર ઘટે છે, જાતિ ક્ષમતા વધે છે, નાગરિકો વધુ જાગૃત થવાથી નાના કુટુંબને પસંદ કરે છે.
4. માનવ વિકાસ થવાથી ગરીબીમાં ઘટાડો થશે, તેમજ પર્યાવરણના સંરક્ષણમાં વધારો થશે.
5. માનવ વિકાસ દ્વારા રાજકીય અને આર્થિક બાબતોમાં સાનુકૂળ પરિવર્તનો થશે. નાગરિકોની સહભાગિતા વધશે. જેથી રાજકીય સ્થિરતા સાધી શકાશે.

#### 2.5.4.3. માનવ વિકાસ આંકની રચના

2016ના માનવ વિકાસ હેવાલમાં લાંબા આરોગ્યપ્રદ જીવનના આધારે જન્મ સમયથી સરેરાશ આયુષ્ય, કુલ રાષ્ટ્રીય પેદાશ આધારીત માથાદીઠ આવક (GNP) સમખરીદ શક્તિ ડોલરમાં અને

જ્ઞાનમાં શાળાના સરેરાશ વર્ષો અને શાળાના સંભવિત વર્ષોનો માપદંડ છે. આમ, મુખ્ય ત્રણ માપદંડો આ મુજબ છે.

1. લાબું આરોગ્યપ્રદ જીવન
2. જ્ઞાન અને
3. સન્માનનીય આર્થિક જીવન સ્તર

માનવ વિકાસ આંક ન્યૂનતમ (નિર્વાહમૂલ્ય) અને મહતમ મૂલ્ય દ્વારા માપવામાં આવે છે. ન્યૂનતમ સરેરાશ આયુષ્ય 20 વર્ષ જ્યારે મહત્તમ 85 વર્ષ છે. જ્ઞાનમાં બે માપદંડો છે. 15 વર્ષથી વધુ વય ધરાવતા નાગરિકોના શાળાના સરેરાશ વર્ષો અને શિક્ષણ લેનારાના શાળાના અપેક્ષિત વર્ષોનું ન્યૂનતમ મૂલ્ય શૂન્ય છે જ્યારે મહત્તમ મૂલ્ય 15 અને 18 વર્ષ છે. ટકાવી રાખવા અને સુધારણા માટે આવક મહત્વનો ઘટક છે. આ સંદર્ભે દેશની માથાદીઠ રાષ્ટ્રીય આવક સમ ખરીદ શક્તિના સંદર્ભે ન્યૂનતમ 100 અને મહત્તમ 75000 અમેરિકન ડોલરમાં છે. 2016ના માનવ વિકાસ હેવાલમાં માનવ વિકાસનો પ્રતિમાન આ મુજબ હતો.

**કોષ્ટક : 1. માનવ વિકાસ આંકની ગણતરી માટેનો પ્રતિમાન 2016**

| **પરિમાણ** | **માપદંડ** | **ન્યૂનતમ** | **મહત્તમ** |
|---|---|---|---|
| સ્વાસ્થ્ય | સરેરાશ આયુષ્ય (વર્ષોમાં) | 20 | 85 |
| જ્ઞાન | શાળાના સરેરાશ વર્ષો (વર્ષોમાં) | 0 | 18 |
| | શાળાના સરેરાશ વર્ષો (વર્ષોમાં) | 0 | 15 |
| જીવન સ્તર | માથાદીઠ કુલ રાષ્ટ્રીય આવક (સમ ખરીદ શક્તિ PPP $, 2011) | 100 | 75000 |

**http://hdr.undp.org/sites/default/files/hdr_2016_technical_notes_0_0.pdf.**

સ્રોત : માનવ વિકાસ અહેવાલ 2016.

માનવ વિકાસ માપદંડ

સૂત્ર; આંકઃ વાસ્તવિક મૂલ્ય - ન્યૂનતમ મૂલ્ય.

મહત્તમ મૂલ્ય - ન્યૂનતમ મૂલ્ય - ..................................

(1) માનવ વિકાસ આંકની ગણતરી (2)

સૂત્રઃ

માનવ વિકાસ આંકનું મૂલ્ય 0-1 વચ્ચે જોવા મળે છે. જે દેશોના માનવ વિકાસ આંકનું મૂલ્ય એક તરફ હોય (0.990) તેનો માનવ વિકાસ ખૂબ જ ઉંચો છે તેમ કહેવાય. માનવ વિકાસ આંકના આધારે વિશ્વના દેશોને વિભાજીત કરવામાં આવે છે. જેમકે 2014 માનવ વિકાસ અહેવાલ અનુસાર વિશ્વના દેશોને માનવ વિકાસના આંકના આધારે ચાર ભાગમાં વિભાજીત કર્યા છે.

**કોષ્ટક : 2 ; માનવ વિકાસ આંકના આધારે વર્ગીકરણ**

| માનવ વિકાસ | માનવ વિકાસ આંક મૂલ્ય | દેશો |
|---|---|---|
| ખૂબ ઊંચો માનવ વિકાસ ધરાવતા દેશો | 0.800 થી વધુ | નોર્વે,ઓસ્ટ્રેલીયા,સ્વિઝરલેન્ડ જર્મની |
| ઊંચો માનવ વિકાસ ધરાવતા દેશો | 0.700-0.799 | બેલારુસ,ઓમાન,બાર્બાડોસ શ્રીલંકા |
| મધ્યમ માનવ વિકાસ ધરાવતા દેશો | 0.550-0.699 | ઈન્ડોનેશિયા, ઈરાક, ભારત, ભૂતાન |
| નીચો માનવ વિકાસ ધરાવતા દેશો | 0.550 થી નીચુ | નાઈજીરીયા,જીમ્બાવે , ઈથોપિયા, નાઈજર |

સ્રોતઃ માનવ વિકાસ અહેવાલ 2016.

**http://hdr.undp.org/sites/default/files/hdr2016_technical_notes_0_0.pdf**

માનવ વિકાસ આંકના મૂલ્યના આધારે 1990માં ભારત 0.428 નું મૂલ્ય અને --- ક્રમ ધરાવતું હતું. ક્રમશઃ ભારતનો માનવ વિકાસ વધી રહ્યો છે. 2015માં આંકનું મૂલ્ય વધૂને 0.624 વિશ્વના 188 દેશોમાં 131મો ક્રમ સાધી શકાયો છે. 2016 અનુસાર ભારત દેશની વિવિધ માપદંડોના સંદર્ભે સ્થિતિ તપાસીએ તો, સરેરાશ આયુષ્ય 68.3 વર્ષ, શાળાના અપેક્ષિત વર્ષો 11.7 વર્ષ, શાળાના સરેરાશ વર્ષો 6.3 વર્ષ અને રાષ્ટ્રીય માથાદીઠ આવક 5730 ડોલર હતી.

માનવ વિકાસ હેવાલ બાદના વર્ષોમાં વિવિધ વિભાગ અંગે કામ થયું. જેમ કે જાતિસૂચક વિકાસ આંક (Gender Development Index), જાતિ સશક્તિકરણ આંક (Gender Enpowement Index), જાતિ અસમાનતા આંક (Gender Inequality Index), માનવ ગરીબી આંક (Human Poverty Index) અને બહુસ્તરીય ગરીબી આંક (Multiple Poverty Index) જેવાં વિકાસના માપદંડો વિકસાવયા, સંયુક્ત રાષ્ટ્ર વિકાસ કાર્યક્રમ દ્વારા દર વર્ષે માનવ વિકાસ હેવાલ જાહેર થાય છે.

### 2.5.5 સક્ષમતા અભિગમ

વસ્તુઓમાંથી પ્રાપ્ત થતો તુષ્ટિગુણ ખરા અર્થમાં વિકાસ સૂચવતો નથી. પરંતુ વ્યક્તિના અધિકાર અને સક્ષમતામાં વધારાને વિકાસ કહી શકાય. આ અભિગમ અમર્ત્ય સેન અને માર્થા નુશબોમ દ્વારા વિકસાવાયો છે તેમનાં મતે, આર્થિક વિકાસ એટલે આવક, વસ્તુઓ દ્વારા પ્રાપ્ત થતી તુષ્ટિગુણની પસંદગી નહીં પરંતુ ન્યાય અને સમતા છે. ગુલેટ દ્વારા વિકસવાયેલ આર્થિક વિકાસના માપદંડો અમર્ત્ય સેનના વિકાસ લક્ષ્યાંક જેવાં છે. સેનના મતે, વ્યક્તિના અધિકારો, સ્વતંત્રતા અને સક્ષમતાનું વિસ્તરણ આર્થિક વિકાસ છે. સેન અધિકારોને વૈકલ્પિક વસ્તુઓના જથ્થાનાં ઝૂમખામાંથી વ્યક્તિ (મહિલા કે પુરુષ) સામાજિક-આર્થિક અવરોધો વિના પોતાના હિતને સાધવા માટે પસંદગીનો અધિકાર ધરાવી શકતા હોય, આ અધિકાર વડે જ વ્યક્તિની સક્ષમતાનું સર્જન થાય છે. આર્થિક વિકાસ એટલે વ્યક્તિની અધિકાર ક્ષમતા અને સક્ષમતાનું વિસ્તરણ છે, અધિકાર અને સક્ષમતા માત્ર આર્થિક વૃદ્ધિ દ્વારા જાણી શકાતી નથી.

સેનના મતે સ્વતંત્રતા એ આર્થિક વિકાસ માટેનો મુખ્ય હેતુ અને સાધન છે. આર્થિક વિકાસ એટલે અનેક પ્રકારની પરતંત્રતામાં થતો ઘડાટો. પરતંત્રતા લોકોની પસંદગી અને તકોમાં અવરોધ ઉત્પન્ન કરે છે. પરતંત્રતા વિવિધ સ્તરની જેમકે, દુષ્કાળ, કૂપોષણ, નબળું સ્વાસ્થય અને પ્રાથમિક સુવિધાઓનો અભાવ (ગરીબી), રાજકીય સ્વતંત્રતા અને મૂળભૂત માનવ અધિકારનો અભાવ અને આર્થિક અસલામતીની સ્થિતિમાં વ્યક્તિ સ્વતંત્ર રહી શકતો નથી. વિકાસ થાય ત્યારે લોકોની વાસ્તવિક સ્વતંત્રતામાં વધારો થાય છે જે તેઓના આનંદ-સુખમાં વધારો કરે છે. માથાદીઠ આવકમાં થતો વધારો વ્યક્તિના અધિકાર અને સક્ષણતાના વધારામાં પ્રતિબિંબિત નથી થતો. માથાદીઠ આવકમાં

વધારો માત્ર જરૂરિયાતો પુરું પાડતું સાધન છે, સાધ્ય નથી. આ વિચાર બદલ 1998માં અમર્ત્ય સેનને નોબેલપ્રાઈઝ મળ્યું હતું.

સેન સ્વતંત્રતાને આર્થિક વિકાસનો મુખ્ય ઉદ્દેશ માને છે. આર્થિ વિકાસ થવાની સાથે વિવિધ પ્રકારની પરતંત્રતામાં ઘટાડો થાય છે અને પસંદગી અને તકોમાં વધારો થાય છે. શાળા બની જવાથી આર્થિક વિકાસ થઈ જતો નથી, પરંતુ શાળામાં કોઈ પણ બાળક ભણી શકે તે વિકાસ છે. એક ઊદાહરણ જોઈએ ગામમાં સુંદર શાળા છે પરંતુ આ શાળામાં છોકરીઓને મા બાપ ભણવા મોકલતા નથી. કારણ કે, મા-બાપ ખેતીનું કામ કરતા હોય ત્યારે છોકરીએ ઘરનું કામ-કાજ, પાણી ભરવું, નાના ભાઈુંઓને સાચવવાના હોય છે. જો શાળામાં ભણવા ઈચ્છતી એક કન્યા ભણી ના શકે તો તે વિકાસ નથી એમ એન જણાવે છે. ખરા અર્થમાં દેશના તમામ નાગરિકો પોતે જ ઇચ્છે છે તેની પસંદગીના વિકલ્પો હોય અને તેમ કરવા તે સ્વતંત્ર હોય ત્યારે ખરો વિકાસ થયે છે તેમ સેનનો સક્ષમતા અભિગમ સૂચવે છે.

### 2.5.6 સાચો પ્રગતિ આંક

સંપોષિત આર્થિક કલ્યાણ આંકની પ્રેરણાથી હરમાન ડેલી અને જોહન કોબ દ્વારા પ્રાપ્તિ માટે સાચો પ્રગતિ આંક (Genuine Progress Indicator)ની રચના 1980ના ગાળામાં કરી હતી. આ આંક અનુસાર રાષ્ટ્રીય આવકની ગણતરીમાં આવકની વહેંચણી, ઘરના કામનું મૂલ્ય, સ્વયંસેવક તરીકેના કાર્યનું નાણાંકીય મૂલ્ય ધ્યાનમાં લેવામાં આવે છે અને રાષ્ટ્રીય આવકમાં ઉમેરવામાં આવે છે જ્યારે પ્રદૂષણ દ્વારા થતું કુદરત અને સમાજના નુકશાન/ખર્ચ અને હિંસા અને ગુનાખોરીના કારણે સમજે કરવા પડતા ખર્ચની રાષ્ટ્રીય આવકમાંથી બાદ કરવામાં આવે છે.

### 2.5.7 ઇકોલોજીકલ ફુટપ્રિન્ટ

કુદરતી સંસાધનોના શોષણ દ્વારા થતો વિકાસ આવનારી પેઢીઓ માટે વિનાશકારી સાબિત થશે એમ જનતા વિશ્વમાં કુદરતી સંસાધનોનું શોષણ અને પ્રદૂષણ અટકાવવાની ચળવળો 1970 પછી વધુ સક્રિય બની. તેના આધારે ઇકોલોજીકલ ફુટપ્રિન્ટ (Ecological Footprint)ની વિભાવના પ્રચલિત બની. તે અનુસાર માનવી પોતાની જીવન શૈલી નિભાવવા માટે કેટલાં પ્રમાણમાં કુદરતી સંસાધનોનો ઉપયોગ કરે છે અને તેને પોષવા માટે કેટલા કુદરતી સંસાધનો જેમ કે, જમીન, પાણીની જરૂર પડશે તેનું આકલન કરાયું હતું. તે આકલન અનુસાર 1980ના દાયકાના અંતમાં, વૈશ્વિક ઇકોલોજીકલ ફૂટપ્રિન્ટ પૃથ્વી ગ્રહની ક્ષમતાને પાર કરી ગયું હતું. અર્થાત્ મનુષ્ય સમજે પોતાની જરૂરિયાતો સંતોષવા માટે પૃથ્વી ઉપરના કુદરતી સંસાધનોનો અતિ ઉપયોગ અને શોષણ કરી રહ્યું છે, તે જાણી શકાય છે. આમ આર્થિક વિકાસમાં કુદરતી સંસાધનના શોષણને પણ ધ્યાનમાં લેવામાં આવે છે. તેના આધારે હરિયાળો આંક (Green Index), ગ્રહ સુખાકારી આંક (Happy Planet Index) દ્વારા વિકાસને વ્યાખ્યાયિત કરવામાં આવે છે.

## 2.6 આર્થિક વિકાસ પ્રાપ્ત કરવા માટેની મુખ્ય શરતો

લેસિ,ના મચે, આર્થિક પ્રયાસો, જ્ઞાનમાં વધારો, મૂડી સાધનમાં વધારો અને તેનો ઉપયોગ આર્થિક વૃદ્ધિ માટેની મુક્ય શરત છે. પરંતુ આર્થિક વિકાસ માટે આવકમાં વધારાની સાથે સામાજિક, રાજકીય, સંસ્કૃતિક અને મનોવૈજ્ઞાનિક પરિબળો વિશેષ મહત્ત્વ ધરાવ છે. આર્થિક વિકાસ ત્યારે જ શક્ય બને જ્યારે આ મુજબની સ્થિતિ જોવા મળતી હોય જેમ કે,

### 2.6.1 કુદરતી સંસાધનોની પ્રાપ્યતા અને ઉપયોગ

કુદરતી સંસાધન (જમિન, દરિયો, જંગલો, ખનીજ ધાતુઓ) વિપુલ પ્રમાણમાં હોવો જોઈએ અને તેનો વ્યવહારમાં ઉપયોગ થવો જોઈએ. જોકે જાપાન પાસે જામીન સંસાધન હોવા છતાં આર્થિક વિકાસ સાધી શક્યાં છે.

### 2.6.2 બજારનો વિસ્તાર કરવો

બજારનું નાનું કાળ ઉત્પાદનના સાધનો જમીન, શ્રમ અને મૂડીની ગતિશીલતા ઘટાડે છે. આથી રાષ્ટ્રીય આવક પણ નીચી રહે છે. વસ્તુ અને સાધન બજાર આડેના અવરોધો દૂર કરીને તેનો વિસ્તાર વધારવાથી ગ્રાહકોને લાભ, રોજગારીમાં વૃદ્ધિ, ઈજારાશાહીમાં ઘટાડો થઈ આવકની વહેંચણી વધુ સમતાયુક્ત થાય છે.

### 2.6.3 વિકાસનો પાયો દેશમાંથી થવો જોઈએ

પ્રવર્તમાન સમયમાં જે વિકસિત દેશો છે તેઓ ભૂતકાળમાં સંસ્થાનવાદી નીતિ દ્વારા ભૌતિક સમૃદ્ધિ ઝડપથી પ્રાપ્ત કરીને વિકસિત દેશો બની ગયા. પરંતુ જે દેશો વિકસિત નથી તેઓના માટે વિકાસ સાધવા માટે વિશેષ પ્રયાસ કરવો પડે છે. જેમ કે ઇંગ્લેન્ડનું વિકાસ મોડેલ ઔદ્યોગિક ક્રાંતિ અને સંસ્થાનવાદ નીતિ આધારિત હતું. જ્યારે ભારત જેવાં દેશે વિકાસ સાધવા માટે માત્ર ઔદ્યોગીકરણનું મોડેલ ચાલે નહિ કારણકે ભારત દેશમાં શ્રમસંસાધન મોટા પ્રમાણમાં છે. આથી જો ભારતે વિકાસ કરવો હોય તો તેને તેના આર્થિક પ્રશ્નો અને સંસાધન શક્તિના આધારે વ્યૂહરચના કરાવી પડે. આમ વિકાસ માટેનું મોડેલ જે તે દેશની જરૂરિયાતના આધારે રચવું જોઈએ.

### 2.6.4 અર્થતંત્રના માળખામાં બદલાવ થવો જોઈએ.

વિકાસની પ્રક્રિયા સાથે ઉપલબ્ધ સંસાધનોના ઇષ્ટત્તમ ઉપયોગ થવો જોઈએ. કૃષિ ક્ષેત્રમાં રહેલ પ્રચ્છન્ન બેરોજગારી / શ્રમનું ભારણ ઘટવું જોઈએ, કૃષિ ક્ષેત્રે તકનીકી અને સંસ્થાકીય પરિવર્તનો થવા જોઈએ, કૃષિ જમીન અંગેના કાયદા, ખેડૂતને ધીરાણ, બજારની સવલતો વધાવી જોઈએ, ટેકનોલોજીના ઉપયોગ વડે ઉત્પાદન પદ્ધતિમાં બદલાવ, લોકોની આવક, પસંદગી, માંગમાં બદલાવ દ્વારા વિકાસ સાધી શકાય છે.

### 2.6.5. સાનુકૂળ વાતાવરણ

અર્થતંત્રમાં સામાજિક-રાજકીય અને સાંસ્કૃતિક વાતાવરણ વ્યક્તિને સ્વતંત્રતા અને વધુ સારા જીવન પ્રાપ્ત કરવાની પ્રેરણા અપાતુ હોવું જોઈએ. આ ઉપરાંત રાજકીય સ્થિરતા, અનુકૂળ આંતરરાષ્ટ્રીય સંબંધો, દેશમાં કાયદો અને વ્યવસ્થાની જાળવણી, સંપત્તિ અધિકારોની સ્પષ્ટતા જેવી બાબતો નાગરિકોને વધુ પ્રવૃત્ત અને સક્રિય કરે છે.

### 2.6.6. વિકાસ માટેની ઝંખના

નાગરિકો પોતાના જીવન સ્તરમાં સુધારો કરવા માટેની ઝંખના થકી આર્થિક વિકાસ પ્રાપ્ત થાય છે. નાગરિકો નશીબવાદ, અંધશ્રદ્ધા કે પરાવલંબનમાંથી મુક્ત થઈ વૈજ્ઞાનિક અને તાર્કિક અભિગમ અપનાવતા થવાથી આર્થિક પ્રવૃત્તિઓમાં સ્ત્રીઓ પણ પુરુષોની સાથે આર્થિક પ્રવૃત્તિઓમાં જોડાશે આથી આર્થિક વિકાસને ગતિ પ્રાપ્ત થશે. આમ આર્થિક વિકાસ પ્રાપ્ત કરવા માટે જે તે દેશની સામાજિક-આર્થિક-રાજકીય-ધાર્મિક અને સામાજિક સ્થિતિમાં હકારાત્મક બદલાવ અને વિકાસ માટેના પ્રયાસો થઈ આર્થિક વિકાસ શક્ય બને છે. આ ઉપરાંત અન્ય મહત્ત્વની શરતો છે જેમકે,

### 2.6.7. ઈમાનદાર અને અસરકારક રાજ્ય વહીવટ

### 2.6.8. જ્ઞાનનું સર્જન, વિસ્તરણ

### 2.6.9. સામાજિક ન્યાય એટલે આર્થિક અસમાનતામાં ઘટાડો થવો,

### 2.6.10 વિકાસ માટેનું આયોજન અને અસરકારક અમલીકરણ

**2.6.11 આર્થિક સ્થિરતા જાળવી રાખવી એટલે કે ફુગાવા ઉપર નિયંત્રણ રાખવું. નાગરિકોની વિકાસ માટેની ઈચ્છા અને પ્રબળ તૈયારી અને વિકસિત દેશોના સહયોગ દ્વારા આર્થિક વિકાસ પ્રાપ્ત કરી શકાય છે.**

## 2.7 આર્થિક વૃદ્ધિ અને આર્થિક વિકાસ વચ્ચેનો તફાવત

આર્થિક વૃદ્ધિ એટલે દેશમાં લાંબાગાળા દરમ્યાન વાસ્તવિક રાષ્ટ્રીય આવકમાં થઈ રહેલ સતત

વધારો, જ્યારે આર્થિક વિકાસ એટલે દેશમાં લાંબાગાળા દરમ્યાન વાસ્તવિક રાષ્ટ્રીય આવકમાં થઈ રહેલ સતત વધારા ઉપરાંત આર્થિક અસમાનતા, ગરીબી, કુપોષણ, બેરોજગારીમાં ઘટાડો અને નાગરિકોના જીવનસ્તરમાં થતાં ક્રમશઃ સુધારા સાથે તેના આત્મ ગૌરવ, સ્વતંત્રતા અને સક્ષમતામાં વધારો છે. આ બંને વચ્ચેના મહત્ત્વના તફાવત આ મુજબના છે.

1. આર્થિક વૃદ્ધિની વિભાવના સરળ છે જ્યારે આર્થિક વિકાસની વિભાવના સંકૂલ છે આથી હજુ સુધી આર્થિક વિકાસની સર્વસ્વીકાર્ય વ્યાખ્યામાં સતત સુધારા થતાં રહ્યા છે. જેમકે સંયુક્ત રાષ્ટ્ર સંઘ દ્વારા પ્રકાશિત માનવ વિકાસ અહેવાલે માનવ વિકાસ દ્વારા આર્થિક વિકાસને માપવાનો પ્રયાસ કરે છે. આ સંસ્થાએ માનવ વિકાસ અહેવાલમાં મુખ્યત્વે માથાદીઠ આવક, જ્ઞાન અને આયુષ્યના માપદંડ દ્વારા વિશ્વના દેશોના આર્થિક વિકાસને માપે છે.
2. આર્થિક વૃદ્ધિ રાષ્ટ્રની આર્થિક સમૃદ્ધિ સૂચવે છે જ્યારે આર્થિક વિકાસ આર્થિક સમૃદ્ધિની સાથે દેશના સામાજિક-આર્થિક અને સંસ્થાકીય માળખામાં પ્રગતિશીલ ફેરફારો સૂચવે છે. જેમકે, ભારત દેશમાં 1980ના દાયકા બાદ રાષ્ટ્રીય આવકમાં વધારો થયો તેની સાથે ઉદ્યોગ, બેંક, નાણાંકીય સંસ્થાઓ, શિક્ષણ સંસ્થાઓમાં વહીવટીય અને તકનિકી પરિવર્તન આવ્યા, કમ્પ્યુટર, ઈન્ટરનેટનો ઉપયોગ વધ્યો અને સાર્વત્રિક થયો. શિક્ષણની પદ્ધતિ બદલાઈ, સાધનો બદલાયા, અભ્યાસક્રમોમાં પરીવર્તન થયાં. આમ આર્થિક સમૃદ્ધિની સાથે અર્થતંત્રમાં મોટા પ્રમાણમાં ફેરફારો થાય ત્યારે તે વિકાસ થયો છે તેમ કહેવાય.
3. આર્થિક વૃદ્ધિ રાષ્ટ્રીય આવકમાં લાબાંગાળાનો વધારો સૂચવે છે પરંતુ તે આર્થિક પ્રવૃત્તિના માળખામાં કોઈ બદલાવ લાવતો નથી જ્યારે આર્થિક વિકાસ થાય ત્યારે આર્થિક પ્રવૃત્તિઓના માળખામાં પરીવર્તન કરે છે. આર્થિક વિકાસ થવાથી કૃષિ અર્થતંત્રમાંથી ઉદ્યોગ અને સેવા આધારિત અર્થતંત્ર તરફથી ગતિ કરે છે. રાષ્ટ્રીય આવકમાં કૃષિનો હિસ્સો ક્રમશઃ ઘટતો અને ઉદ્યોગ અને સેવા ક્ષેત્રનો હિસ્સો વધતો જાય છે, જેમકે, 1951માં ભારત દેશની રાષ્ટ્રીય આવકમાં કૃષિ ક્ષેત્રનો હિસ્સો ---- ટકા હતો જે 2017માં ઘટીને 13 ટકા થયો હતો. એવી જ રીતે રોજગારીનું માળખું વિકાસ થવાથી બદલાય છે. આર્થિક વિકાસની પ્રક્રિયામાં કૃષિ ક્ષેત્ર ઉપર રોજગારી મેળવનાર શ્રમિકો ઘટતા જાય છે. અને ઉદ્યોગ અને સેવા ક્ષેત્રમાં રોજગારી મેળવનારા વધતા જાય છે.
4. આર્થિક વૃદ્ધિનો માપદંડ વાસ્તવિક માથાદીઠ આવક છે જ્યારે આર્થિક વિકાસના બહુઆયમી છે. જેમકે વાસ્તવિક રાષ્ટ્રીય અને માથાદીઠ આવક, આર્થિક, સામાજિક અને રાજકીય માળખામાં બદલાવ, રાષ્ટ્રીય આવકના માળખામાં બદલાવ, ગરીબી, આર્થિક અસમાનતા, રોગચાળામાં ઘટાડો, લીકોના જીવન સ્તરમાં સુધારો, લોકોના મનોવલણો અને ટેવોમાં બદલાવ, શિક્ષણ અને સ્વાસ્થયની સેવાની ગુણવત્તામાં સુધારો વગેરે બાબતો જોડાયેલી છે.
5. આર્થિક વૃદ્ધિ પરિમાણાત્મક માપદંડ છે જ્યારે આર્થિક વિકાસ પરિમાણાત્મક અને ગુણાત્મક બાબતો વ્યક્ત કરે છે. આર્થિક વૃદ્ધિ એ ઉત્પાદન , વસ્તુઓ અને સેવાઓના જથ્થામાં વધારો સૂચવે છે જ્યારે આર્થિક વિકાસમાં આર્થિક વૃદ્ધિ ઉપરાંત ઉત્પાદનના સાધનોની કાર્યક્ષમતામાં થતો વધારો, ઉત્પાદનની પદ્ધતિમાં સુધારો, સાધનો અને વસ્તુઓની સમતાપૂર્ણ વહેંચણી તરફની ગતિ અને સામાજિક ન્યાય વ્યક્ત કરે છે. આમ આર્થિક વિકાસ સમગ્ર જીવન સ્તરમાં સુધારો વ્યક્ત કરે છે.
6. આર્થિક વૃદ્ધિ થાય ત્યારે અર્થતંત્ર સતત અને સ્થિર રીતે આગળ ધપે છે, એટલે કે માથાદીઠ આવકમાં સતત વધારો થતો જાય છે જ્યારે આર્થિક વિકાસ થાય ત્યારે અર્થતંત્ર સમતુલાની એક અવસ્થામાંથી બીજી અવસ્થા તરફ ગતિ કરે છે. આર્થિક વિકાસ સ્વયંસ્ફુરિત અને સતત પરિવર્તન થાય છે. આર્થિક વિકાસ થવાથી અર્થતંત્રના પ્રવર્તમાન માળખામાં બદલાવ આવે છે જ્યારે આર્થિક વૃદ્ધિ થાય ત્યારે પ્રવર્તમાન માળખામાં કોઈ બદલાવ થતો નથી.
7. આર્થિક વૃદ્ધિ વિના આર્થિક વિકાસ પ્રાપ્ત કરી શકાતો નથી. આર્થિક વિકાસ કરવા માટેની

પૂર્વશરત એ છે કે આર્થિક વૃદ્ધિ થવી જોઈએ. ઉદાહરણ તરીકે જોઈએ તો જો અર્થતંત્રમાં નાણાંકિય સમૃદ્ધિ થાય પછી ન્યાયપૂર્ણ વહેંચણીનો ઉદ્દેશ સિદ્ધ કરી શકાય. આથી કેટલાંક અર્થશાસ્ત્રીઓના મતે, આર્થિક વિકાસ એટલે આર્થિક વૃદ્ધિ, ઉત્પાદનની પદ્ધતિમાં ફેરફાર, સામાજિક વર્તણૂક અને સંસ્થાઓમાં ફેરફાર થાય છે.

8. આર્થિક વૃદ્ધિ પ્રાપ્ત કરવા વિશેષ પ્રયાસો કરવા પડતા નથી જ્યારે આર્થિક વિકાસ સાધવા માટે યોગ્ય આયોજન, વ્યૂહરચના, સંસાધનની ફાળવણી, નીતિમાં પરિવર્તન સાથે ઘનિષ્ટ અને એકધારા પ્રયાસો કરવા પડે છે. ટૂંકમાં આર્થિક વૃદ્ધિ અને આર્થિક વિકાસ વચ્ચેનો તફાવત આ રીતે સમજી શકાય.

| | આર્થિક વૃદ્ધિ (Economic Growth) | આર્થિક વિકાસ (Economic Development) |
|---|---|---|
| 1 | ક્રમિક અને સ્થિર ગતિમાં પરિવર્તન | પ્રેરિત અને સતત સ્વરૂપે પરિવર્તન |
| 2 | માત્ર ઉત્પાદનમાં વૃદ્ધિ થાય છે. | ઉત્પાદનમાં વૃદ્ધિ ઉપરાંત ટેકનોલોજી અને સંસ્થાગત પરિવર્તન |
| 3 | આર્થિક અને સંસ્થાગત પરિવર્તનો દ્વારા સ્વયં સક્રિય રહે છે. | વિકાસ માટે માળખાગત પરિવર્તનો કરવા પડે છે. |
| 4 | મોતિનું ઉપરાંત કોઈ વિશેષ પરિવર્તન જણાતું નથી | નવા મૂલ્યો, વિચારો, પદ્ધતિની સ્થાપન થાય છે, અને જૂના મૂલ્યો, માળખું બદલાય છે. |
| 5 | આર્થિક વૃદ્ધિ નિયમિત ઘટનાઓનું પરિણામ છે. | આર્થિક વિકાસ એ પ્રગતિ પ્રાપ્ત કરવાની પ્રબળ ઈચ્છા, વિશેષ વ્યૂહરચના, આયોજન, આયોજનનું પરિણામ છે. |
| 6 | તે વિકસિત દેશોના સંદર્ભે પ્રયોજાય છે. | તે અલ્પ વિકસિત કે વિકાસશીલ દેશોના પ્રશ્નોના નિરાકરણ કરવા માટેનો ઉદ્દેશ છે. |
| 7 | આર્થિક વૃદ્ધિ સ્થિર સ્વરૂપ છે | આર્થિક વિકાસ ગતિશીલ સ્વરૂપ છે. |

## 2.8 સારાંશ

મિત્રો

સમગ્ર રીતે આ વિભાગમાં આપણે આર્થિક વૃદ્ધિ અને આર્થિક વિકાસની વિભાવના સમાજવાનો પ્રયાસ કર્યો. આપણે અહીં એ જાણ્યું કે, આર્થિક વૃદ્ધિ અને વિકાસ શબ્દ પહેલ 1860-70 સુધી સમાનાર્થી હતા. પરંતુ ત્યારબાદના સમયમાં આ બંને શબ્દો વચ્ચેનો તફાવત વધુ સ્પષ્ટતાપૂર્વક થતો રહ્યો છે. આર્થિક વૃદ્ધિ માત્ર પરિમાણાત્મક થયેલ છે જે માત્ર રાષ્ટ્રીય આવક, માથાદીઠ રાષ્ટ્રીય આવકના વધારાને સૂચવે છે. જ્યારે આર્થિક વિકાસ રાષ્ટ્રીય આવક ઉપરાંત થતાં મહત્ત્વના ફેરફારો જેનાથી માનવ જીવન વધુ સમતાપૂર્ણ અને સંતુલિત બને છે. આર્થિક વિકાસના માપદંડોમાં આપણે જાણ્યું કે રાષ્ટ્રીય અને માથાદીઠ આવકની કેટલીક મર્યાદાઓ છે. આથી તેના દ્વારા આર્થિક વિકાસને સંપૂર્ણ વ્યક્ત કરી શકાય નહિં. આથી જીવનની ભૌતિક ગુણતત્તાનો આંક,માનવ વિકાસનો આંક અને સક્ષમતા વિભાવના વડે વિકાસને ઓળખવાના પ્રયાસો થતાં રહ્યા છે, તેમ છતાં આ પ્રયાસો હજુ પણ ચાલુ જ છે જેથી આર્થિક વિકાસને ખરા અર્થમાં સમજી શકાય.

## 2.9 ચાવીરૂપ શબ્દો

**આર્થિક આયોજનઃ** આર્થિક ઉદ્દેશોની પ્રાપ્તિ માટે સુઆયોજિત પદ્ધતિને આયોજન કહેવાય છે. સામ્યવાદી રશિયામાં સહુ પ્રથમ આયોજન અપનાવવામાં આવ્યું. ભારત દેશમાં પણ 1951થી આર્થિક વિકાસ પ્રાપ્ત કરવા માટે આયોજનની વ્યૂહરચના અપનાવી છે.

**મિશ્ર આર્થિક પદ્ધતિ :** અર્થતંત્રમાં મૂડીવાદી આધારિત બજારતંત્ર વ્યવસ્થા સાથે સામ્યવાદી રાજ્ય વ્યવસ્થા સંયુક્ત રીતે ઉત્પાદન, વહેંચણી સંબંધિત પ્રક્રિયા કરતા હોય તો તેને મિશ્ર આર્થિક પદ્ધતિ ધરાવતું અર્થતંત્ર કહેવામાં આવે છે.

**સંસ્થાકિય પરિબળોઃ** સંસ્થાકિય વ્યવસ્થા નિયમો, અને વ્યવસ્થાપનનું માળખું છે જેના દ્વારા આર્થિક પરિવર્તનો શક્ય બને છે જે આર્થિક વિકાસને પ્રભાવિત કરે છે. જેમ કે, ખેડૂતોને ધીરાણ માટેની બેંકની વ્યવસ્થા અંગેની નીતિ દ્વારા વધુ ખેડૂતો તેનો લાભ લઈ શકે છે.

**ઝમણ (Percolation):** જમીન ઉપર પડેલું વરસાદનું પાણી જમીનની અંદર ઉતરે છે તેમ આર્થિક વિકાસનો લાભ શરૂઆતમાં સમાજના ઉપલા વર્ગને અને ત્યાર બાદ ગરીબો સુધી પહોંચશે એ આર્થિક વિકાસનું ઝમણ સૂચવે છે.

**અલ્પવિકસિત દેશોઃ** વિશ્વ બેંક દુનિયાના દેશને આર્થિક વિકાસના દ્રષ્ટિ બિંદુથી વિવિધ ભાગોમાં વહેંચે છે. તેમાં માથાદીઠ આવકના દ્રષ્ટિબિંદુથી સહુથી નીચે રહેલા દેશોને અલ્પવિકસિત કે નીચી માથાદીઠ આવક ધરાવતા દેશ કહેવાય છે.

**સંયુક્ત રાષ્ટ્ર વિકાસ કાર્યક્રમ :** સંયુક્ત રાષ્ટ્ર (United Nations) ના નેજા હેઠળ સંયુક્ત રાષ્ટ્ર વિકાસ કાર્યક્રમ (United Nations Development Programme) નામની સંસ્થા છે જે માનવ વિકાસ અહેવાલ સંબંધ સંશોધન અહેવાલ પ્રકાશિત કરે છે.

**મૂડી સાધન :** નાણું પોતે મૂડી નથી પરંતુ તેના વડે ઉત્પાદન કરતા સાધનો મશીન, પ્લાન્ટ, ઓઝારો સ્વરૂપે રહી નવું ઉત્પાદન અથવા વસ્તુમાં રૂપાંતર કરે તેને મૂડી સાધન કહેવાય.

## 2.10 કેટલાંક ઉપયોગી પુસ્તકો

1. આર્થિક વૃદ્ધિની વિભાવના સ્પષ્ટ
2. વિશ્વ બેંકના 2016ના અહેવાલમાં ભારતનું સ્થાન તપાસો.
3. જીવનની ભૌતિક ગુણવત્તા આંકના માપદંડો જણાવો.
4. માનવ વિકાસ એ આર્થિક વિકાસની પરિપૂર્ણ માપદંડ છે કેમ ?
5. અમર્ત્ય સેનના સક્ષમતા અભિગમ કઈ બાબતો ઉપર કેન્દ્રિ છે ?
6. આર્થિક વિકાસ સાધવા માટે કઈ અતિ આવશ્યક શરતો જણાવવામાં આવી છે ?

## 2.11 સ્વાધ્યાય

1. ભારત દેશનાં આર્થિક વૃદ્ધિના વમળ તપાસો

   (htttp://planiningcommission.gov.in/data/datatable/index.php?data=databab) ની મુલાકાત લો અને GPD ઉપર ક્લિક કરો.
2. ગુજરાતનો માનવ વિકાસ તપાસવા માટે : ગુજરાતનો માનવ વિકાસ ઈન્દિરા હિરવે અને દર્શિની મહાદેવીયા (2004). મુલાકાત લો.

   http://www.in.undp.org/content/dam/indi/docs/human_develop_report_gujarat 2004_report.pdf.
3. વિશ્વ બેંકની મુલાકાત લો અને માથાદીઠ આધારે વિશ્વના દેશોના કરેલ વર્ગીકરણ ઉપર નોંધ લખો.

   http://databank.worldbank.org

## 2.12 કેટલાંક ઉપયોગી પુસ્તકો

Thirlwall AP (2011) Economics of Development. Ninth Edition. India. Palgrave mMcmillan.

Puri V.K. and Mishra S K (2014) Indian Economy. New Delhi. Himalaya Publishing House.

Jhingan M L (2012) The Economics of Development and Planing, New Delhi. Vrinda Publications.

ચાંદ. એસ. (2003) આર્થિક વિકાસ એવું નિયોજનઃ ભારતીય અર્થવ્યવસ્થા કે સંદર્ભ મેં. દિલ્લી. એસ ચંદ એન્ડ કંપની.

શાહ રમેશ (2016) પારિભાષિક કોશ અર્થશાસ્ત્ર. અમદાવાદ. યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ.

**પરિશિષ્ટ-1. વિશ્વના કેટલાંક દેશોનો માનવ વિકાસઃ માપદંડોનું મૂલ્ય**

| દેશ | સરેરાશ આયુષ્ય (વર્ષમાં) | શાળાના અપેક્ષિત વર્ષો | શાળાના સરેરાશ વર્ષો | માથાદીઠ આવક (PPP $) |
|---|---|---|---|---|
| નૉર્વે | 81.6 | 17.5 | 12.6 | 64,992 |
| ઓસ્ટ્રેલિયા | 82.4 | 20.2 | 13.0 | 42,261 |
| સ્વિટરજરલેંડ | 83.0 | 15.8 | 12.8 | 56,431 |
| અમેરિકા | 79.1 | 16.5 | 12.9 | 52,431 |
| ઇંગ્લેન્ડ | 80.7 | 16.2 | 13.1 | 39,267 |
| જાપાન | 83.5 | 15.3 | 11.5 | 36,927 |
| કુવૈત | 74.4 | 14.7 | 7.2 | 83,961 |
| શ્રીલંકાં | 74.9 | 13.7 | 10.8 | 9779 |
| ભારત | 68.0 | 11.7 | 5.4 | 5497 |
| ચીન | 75.8 | 13.1 | 7.5 | 12,547 |
| નેપાળ | 69.6 | 11.0 | 6.3 | 2762 |
| બાંગ્લાદેશ | 71.6 | 10.0 | 5.1 | 3191 |
| પાકિસ્તાન | 66.2 | 7.8 | 4.7 | 4866 |
| ઈરાક | 69.4 | 10.1 | 6.4 | 14,003 |
| ઈથોપિયા | 64.1 | 8.5 | 2.4 | 1428 |
| નાઈજર | 61.4 | 5.4 | 1.5 | 908 |

સ્રોતઃ માનવ વિકાસ અહેવાલ, 2015

પરિશિષ્ટઃ2. ભારત દેશની અન્ય એશિયા ખંડના દેશો સાથે સરખામણી

| દેશ | માનવ વિકાસ આંક મૂલ્ય |
|---|---|
| ચીન | 0.727 |
| શ્રીલંકા | 0.757 |
| ભારત | 0.624 |
| ઇરાક | 0.654 |
| બાંગ્લાદેશ | 0.573 |
| પાકિસ્તાન | 0.538 |

સ્ત્રોત : માનવ વિકાસ અહેવાલ, 2015

# એકમ 3 ઉત્પાદન, આવક અને રોજગારી


3.1 ઉદ્દેશો

3.2 પ્રસ્તાવના

3.3 પૂર્ણ રોજગારીનો ખ્યાલ

3.4 રોજગારી અંગે પ્રશિષ્ટ અને કેઈન્સીયન અભિગમ

3.4.1 કુલમાંગ કિંમત રેખા

3.4.2 કુલ પુરવઠા કિંમત રેખા

3.5 ઉપભોગ વિધેય

3.5.1 ઉપભોગ વિધેયનો અર્થ

3.5.2 ઉપભોગવૃત્તિ

3.5.3 સરેરાશ ઉપભોગવૃત્તિ અને સીમાંત ઉપભોગવૃત્તિ

3.5.4 સરેરાશ ઉપભોગવૃત્તિ અને સીમાંત ઉપભોગવૃત્તિ વચ્ચેનો સંબંધ

3.5.5 સરેરાશ અને સીમાંત બચતવૃત્તિ, બચતવૃત્તિ

3.5.6 ઉપભોગવૃત્તિ અને બચતવૃત્તિના વલણો

3.5.7 ઉપભોગવૃત્તિને અસર કરતા પરિબળો ઉપભોગવૃત્તિનો આધાર કેટલા પરીબળો પર રહેલો છે

3.5.8 ઉપભોગવૃત્તિને વધારવાના ઉપાયો

3.6 સારાંશ

3.7 ચાવીરૂપ શબ્દો

3.8 કેટલાંક ઉપયોગી પુસ્તકો

3.9 તમારી પ્રગતિ ચકાસો


## 3.1 ઉદ્દેશો

- આ એકમનો અભ્યાસ કરવાથી તમે નીચે જણાવેલ બાબતોને સમજી શકશો.
- અર્થતંત્રમાં રોજગારીના પ્રમાણ વિશેની વાસ્તવિકતા
- દેશમાં કઈ રીતે પૂર્ણ રોજગારી પ્રાપ્ત કરી શકાય
- રોજગારી અંગેના પ્રશિષ્ટ અને કેઈન્સીયનના વિચારોની તુલના
- રાષ્ટ્રીય આવક અને અર્થતંત્રમાં ગ્રાહકની ઉપભોગવૃત્તિ વચ્ચેનો સંબંધ
- ખર્ચવૃત્તિ અને બચતવૃત્તિ દ્વારા અર્થતંત્રમાં થતું મૂડી રોકાણનું પ્રમાણ

## 3.2 પ્રસ્તાવના

પ્રશિષ્ટ અર્થશાસ્ત્રીઓ વેતનદર અને રોજગારી નિર્ધારણની પ્રક્રિયા સમજવા માટે શ્રમની માંગરેખા અને પુરવઠા રેખાઓનો ઉપયોગ કરે છે. પૂર્ણ રોજગારીના સિધ્ધાંતને યથાયોગ્ય સમજવા પ્રશિષ્ટ અર્થશાસ્ત્રઓએ રજૂ કરેલા રોજગારીના સિધ્ધાંતને સમજવો જરૂરી બને છે. પ્રશિષ્ટ અર્થશાસ્ત્રઓના મતે અર્થતંત્રમાં પૂર્ણ રોજગારીની ઘટના સ્વાભાવિક રીતે જોવા મળે છે અને પૂર્ણ રોજગારીની કક્ષાએ સમતુલાની પરિસ્થિતિ જોવા મળે છે. અર્થતંત્રમાં આવક, ખર્ચ અને બચત વચ્ચે ચોક્કસ પ્રકારના

સંબંધ રહેલા છે. જેના આધારે મુડી રોકાણની પ્રક્રિયા થાય છે. રાષ્ટ્રીય આવક વધતા બચત વધે પરંતુ બચત જેટલો જ વધારો મૂડી રોકાણ થાય તે જરૂરી નથી. બચત જેટલું મૂડી રોકાણ ન થાય ત્યારે માંગનો અભાવ અને બેકારીની સમસ્યા જોવા મળે છે. મૂડીવાદી અર્થતંત્રમાં રોજગારી વધારવા માટે અસરકારક માંગ વધારવી જરૂરી છે. અસરકારક માંગ વધારવા માટે સમગ્ર અર્થતંત્રની રીતે ઉત્પાદન અને રોજગારીની સપાટી કેવી રીતે નક્કી થાય તે બાબતમાં બે વિચારધારા જોવા મળી છે. પહેલી વિચારધારા પ્રશિષ્ટ અર્થશાસ્ત્રીઓએ કરી અને બીજી પ્રખ્યાત અર્થશાસ્ત્રી જે.એમ.કેઈન્સે કરી છે. રોજગારીનો ખ્યાલ મેળવા અહીં આપણે બંને વિચારધારાની ચર્ચા કરીશું.

## 3.3 પૂર્ણ રોજગારીનો ખ્યાલ

પૂર્ણ રોજગારીના સિધ્ધાંત સમજવા તથા યથાયોગ્ય અમલીકરણ માટે પ્રશિષ્ટ અર્થશાસ્ત્રઓએ રજૂ કરેલા રોજગારીના સિધ્ધાંતને સમજવો જોઈએ. પૂર્ણ રોજગારી એટલે કામ કરવાને સશક્ત અને ઈચ્છા ધરાવતા વ્યક્તિ કે સાધનોમાંથી મોટા ભાગનાં સાધનોને રોજગારી મળી રહે તેવી પરિસ્થિતિ આમ પૂર્ણ રોજગારી દરમ્યાન પણ અમુક પ્રમાણમાં બેકારી તો જોવા મળે છે તેવું કહી શકાય. પૂર્ણ રોજગારી દરમ્યાન અર્થતંત્રમાં નીચે મુજબની બે પ્રકારની બેરોજગારી જોવા મળે છે.

- ઐચ્છીક બેકારી :- પ્રવર્તમાન વેતન દરે કામ કરવાની ઈચ્છા ન ધરાવતા ઉત્પાદનના સાધનને ઐચ્છીક બેકાર કહી શકાય.

- સંઘર્ષિત બેકારી:- નવી ટેકનોલોજી સાથે શરૂ થતાં ઉદ્યોગો કે ઉત્પાદન પ્રક્રિયા સામે જૂની પુરાણી પધ્ધતિ ઉત્પાદન કરતા ઉદ્યોગો બજારમાં ટકી શકતા નથી. પરિણામે આવા ઉદ્યોગો બંધ કરવાનો સમય આવે છે. ત્યારે તે ઉદ્યોગ સાથે જોડાયેલા ઉત્પાદનના સાધનો છૂટા કરવામાં આવે તો તેમણે બેકારી ભોગવવી પડે જેને ‘‘સંઘર્ષિત બેકાર’’ કહેવાય. આ ઉત્પાદનના સાધનો જ્યાં સુધી નવી ટેકનૉલોજીની પરીચિત ન થાય ત્યાં સુધી બેકારી ભોગવવી પડે છે.

આથી કહી શકાય કે ‘‘પૂર્ણ રોજગારી એટલે અનૈચ્છીક બેકારીનો અભાવ.’’

અર્થતંત્રમાં ‘‘પૂર્ણ રોજગારી’’ કરતા રોજગારીની તકો જ્યારે ઓછી હોય ત્યારે ઉત્પાદનના સાધનોનો ફાજલ પુરવઠો રોજગારી મેળવવા સ્પર્ધા કરે છે અને તેના પરિણામે તેના વળતરના દર (શ્રમ-વેતન, મૂડી-વ્યાજ, ભૂમી-ભાડું, નિયોજક-નફો) ઘટવા પામે છે. પરિણામે નીચા વેતન દરે વધુ સાધનો અર્થતંત્રને પુનઃપૂર્ણ રોજગારી તરફ લઈ જશે. અંતમાં અર્થતંત્રમાં પૂર્ણ રોજગારીનું સર્જન શકય બનશે.

## 3.4 રોજગારી અંગે પ્રશિષ્ટ અને કેઈન્સેનો અભિગમ

પ્રશિષ્ટ અર્થશાસ્ત્રઓ રોજગારી નિર્ધારણ અને વેતનદર નિર્ધારણની પ્રક્રિયા સમજવા માટે માંગ રેખા અને પુરવઠા રેખા ઉપયોગી છે તેવું જણાવે છે. પ્રશિષ્ટ અર્થશાસ્ત્રીઓના મંતવ્ય મુજબ મુક્ત અર્થતંત્રમાં વાસ્તવિક વેતન દરો ફેરફારક્ષમ હોવાથી અનૈચ્છીક બેરોજગારી અશક્ય છે. કેઈન્સ પહેલાના પ્રશિષ્ટ અર્થશાસ્ત્રીઓ એમ માનતા હતા કે અર્થતંત્રમાં માંગ રેખા પુરવઠા જેટલી જ રહે છે અને પરિણામે પૂર્ણ રોજગારીની પરિસ્થિતિ હંમેશા અર્થતંત્રમાં પ્રવર્તતી જોવા મળે છે. જ્યારે કેઈન્સે સૌપ્રથમ પ્રતિપાદીત કર્યું કે અર્થતંત્રમાં અસરકારક માંગ કહી પણ પર્યાપ્ત હોઈ શકે નહીં અને તેના પરિણામે અર્થતંત્રમાં હંમેશા પૂર્ણ રોજગારીમાં વિક્ષેપ આવે છે કેઈન્સના મતે અર્થતંત્રમાં ઉત્પાદન અને રોજગારીના પ્રમાણને નક્કી કરવામાં અસરકારક માંગ મહત્ત્વનો ભાગ ભજવે છે. જ્યારે ઉત્પાદન અને રોજગારીમાં વધારો કરવો હોય ત્યારે અસરકારક માંગમાં વધારો કરવો હોય તો મુડીરોકાણમાં વધારો કરવો જરૂરી બને છે.


અસરકારક માંગનું નિર્ધારણ કુલ માંગ કિંમત રેખા અને કુલ પુરવઠા કિંમત રેખા દ્વારા થાય છે.

**3.4.1 કુલમાંગ કિંમત રેખા :-** રોજગારીની જુદી-જુદી સપાટીએ કુલ માંગ કિંમતની યાદી તૈયાર કરી એક અનુસૂચિ બનાવવામાં આવે અને આ અનુસૂચિને આધારે કુલ માંગ કિંમત રેખા દોરી શકાય. ઉત્પાદન અને રોજગારી વધતા તેમાંથી મળતી આવકમાં વધારો થાય છે. પરંતુ આવકનો વધારો

રોજગારીમાં થતાં વધારા કરતા ઓછો રહે છે. તેથી કુલ માંગ-કિંમત રેખા ડાબી બાજુ નીચેની જમણી બાજુ ઉપર તરફ જશે અને અમુક હદ પછી આવક ઘટતા તે રેખા આડી ધરી તરફ અંતર્ગોળ આકાર પ્રાપ્ત કરે છે.

**3.4.2 કુલ પુરવઠા કિંમત રેખા :-** રોજગારીની જુદી જુદી સપાટીએ કુલ પુરવઠા કિંમતની યાદી તૈયાર કરી એક અનુસૂચિ બનાવવામાં આવે અને આ અનુસૂચિને આધારે કુલ પુરવઠા-કિંમત રેખા દોરી શકાય રોજગારીના વધારાનું પ્રમાણ અને કુલ પુરવઠા કિંમતમાં થતાં વધારાનું પ્રમાણ બંને સમાન હોવાથી કુલ પુરવઠા કિંમત રેખા ડાબી બાજુથી નીચેની તરફ જમણી બાજુ ઉપર તરફ જતી ઘન ઢાળવાળી રેખા બને છે.

**3.4.3 અસરકારક માંગનું નિર્ધારણ :-**




**આકૃતિની સમજૂતી :-**

આકૃતિમાં આડી ધરી પર રોજગારીનું પ્રમાણ અને ઊભી પર કુલ માંગ કિંમત તથા કુલ પુરવઠા કિંમત દર્શાવવામાં આવી છે. OP કુલ પુરવઠા કિંમત રેખા છે. OF કુલ માંગ કિંમત રેખા છે. OP અને OF એકબીજાને S બિંદુએ છેદે છે. જ્યાં અસરકારક માંગનું નિર્ધારણ થાય છે. ત્યારે OE જેટલી રોજગારીનું પ્રમાણ જોવા મળે છે.

જો OM જેટલી રોજગારી આપવામાં આવે તો કુલ માંગ કિંમત કરતા કુલ પુરવઠા કિંમત વધુ છે. તેથી આવક કરતા ખર્ચ વધતા ઉત્પાદકને ખોટ જાય છે. પરિણામે ઉત્પાદક રોજગારીમાં ઘટાડો કરશે. અર્થાત્ આવક અને ખર્ચ સરખા થઈ રહે તેટલી રોજગારી (OE) જેટલી નક્કી થાય છે. જે રોજગારીનું સમતોલ પ્રમાણ છે.

હવે જો ON જેટલી રોજગારી આપવામાં આવે તો અહીં કુલ પુરવઠા કિંમત કરતા કુલ માંગ કિંમત વધુ જોવા મળે છે. આમ ઉત્પાદનમાંથી પ્રાપ્ત થતી આવક ખર્ચ કરતા વધુ છે. પરિણામે ઉત્પાદકને નફો થાય છે અને તે વધુ ઉત્પાદન કરવા આગળ વધે છે. જેથી OE રોજગારી નક્કી થાય છે. જે રોજગારીનું સમતોલ પ્રમાણ છે.

પૂર્ણહરિફાઈની સ્થિતિમાં જ્યાં કુલ માંગ કિંમત અને કુલ પુરવઠા કિંમત સરખા થાય ત્યાં અસરકારક માંગ નક્કી થાય છે. અહીં કુલ આવક અને કુલ ખર્ચનું પ્રમાણ સમાન બને છે. પરિણામે જે રોજગારીનું પ્રમાણ નક્કી થાય છે તેને સમતોલ પ્રમાણ કહેવામાં આવે છે. રોજગારીમાં વધારો કરવા માટે અસરકારક માંગમાં વધારો કરવો જરૂરી બને છે. જો અર્થતંત્રમાં મંદી હોય તો વપરાશી અને મૂડી મૂલક વસ્તુઓ પરનું ખર્ચ વધારીને રોજગારી સર્જન દ્વારા મંદીને હટાવી શકાય. આથી વિરૂદ્ધ ફુગાવાની સ્થિતિમાં મૂડી મૂલક અને વપરાશી વસ્તુઓ પાછળના ખર્ચને ઘટાડીને ફુગાવાને અંકુશીત કરી શકાય. આમ


કેઈન્સનો આ રોજગારલક્ષી અસરકારક માંગનો અભિગમ મંદી અને ફુગાવાને અંકુશમાં રાખવા માટે ઘડવામાં આવતી નીતિને મદદરૂપ બને છે.

3.4.4 પૂર્ણ કરતા ઓછી રોજગારી એ સમતુલા કેઈન્સના મત મુજબ સમતુલા હંમેશા પુર્ણ રોજગારી એ જ હોય તેવું નથી. ક્યારેક પૂર્ણ રોજગારીની સ્થિતિ આવે તે પહેલા કુલ માંગ-કિંમત અને કુલ પુરવઠા-કિંમત સરખી બને છે અર્થાત એવું કહી શકાય કે દેશમાં રોજગારીની સ્થિતિએ પણ અમુક પ્રમાણમાં બેકારી હોય શકે.

ઉપરોક્ત બાબતને સમજાવતા કેઇન્સે જણાવ્યું છે કે, આવક અને પૂર્ણ રોજગારીનું પ્રમાણ સરખું હોય પરંતુ આવક બે કિસ્સામાં વહેંચાય જાય છે. (1) વપરાશ અને (2) મૂડી રોકાણ જો વપરાશ ખર્ચને બાદ કરતા બાકી રહેતો આવકનો કિસ્સો મૂડી રોકાણ ખર્ચમાં જાય તો ઉત્પાદન પૂર્ણ રોજગારીએ થશે. પરંતુ વાસ્તવિક પરિસ્થિતિમાં વપરાશ ખર્ચને બાદ કરતા રહેતી આવકના અમુક કિસ્સાની મૂડી રોકાણ માટે માંગ થાય છે. પરિણામે કુલ માંગ-કિંમત અને કુલ પુરવઠા -કિંમત પૂર્ણ રોજગારી સ્થપાય તે પહેલા જ સમાન બને છે. પરિણામે બેકારીના અમુક પ્રમાણ સાથે અર્થતંત્ર સમતુલા પ્રાપ્ત કરે છે. આમ, અર્થતંત્રમાં પૂર્ણ કરતા ઓછી રોજગારીએ સમતુલા પ્રાપ્ત કરી શકાય છે.

3.4.5 રોજગારી નક્કી કરવામાં વધુ નિર્ણાયક પરીબળ-કુલ માંગ કિંમત કેઇન્સના મતે કુલ માંગ-કિંમત અને કુલ પુરવઠા-કિંમત દ્વારા અસરકારક માંગનું અર્થશાસ્ત્રને લાગું પડે છે. સમયના ટૂંકાગાળા દરમ્યાન કુલ પુરવઠા-કિંમત સ્થિર રહે છે. ઉત્પાદન પદ્ધતિ ટૂંકાગાળામાં બદલાતા નથી. પરિણામે આવું ખર્ચ સ્થિર જોવા મળે છે. જો અભિનવીકરણ ને અપનાવીએ સ્થીર જોવા મળે છે. જો અભિનવીકરણને આપનાવીએ તો યાંત્રિકીકરણને સ્વીકારતા ઉત્પાદન પદ્ધતિમાં શ્રમની માંગમાં ઘટાડો થાય છે. પરિણામે બેકારીમાં વધારો થાય અને મંદીની સ્થિતિનું નિર્માણ થાય. તેથી ઉત્પાદકોની દ્રષ્ટિએ ખર્ચ એટલે કે કુલ પુરવઠા-કિંમત સ્થિર ધારી લેવામાં આવે છે. તેથી અસરકારક માંગને નક્કી કરવામાં કુલ પુરવઠા-કિંમત કરતા કુલ માંગ-કિંમત વધુ અસરકારક છે તેવું કહી શકાય.

આમ રોજગારી નક્કી કરવામાં કુલ માંગ-કિંમત મહત્ત્વનો ભાગ ભજવે છે. જો કુલ માંગ કિંમત વધે તો અસરકારક માંગમાં વધારો થતાં રોજગારમાં વધારો થાય કુલ માંગ-કિંમતમાં વધારો થતાં કુલ માંગ-કિંમત રેખા કુલ પુરવઠા-કિંમત રેખાને વધારે ઊંચાઇ પર છેદે જેથી અસરકારક માંગમાં વધારો થાય અને પરિણામે રોજગારીના પ્રમાણમાં વધારો થતો જોવા મળે છે.




ઉપરની આકૃતિમાં ox ધરી પર રોજગારી અને oy ધરી પર કુલ માંગ-કિંમત તથા કુલ પુરવઠા-કિંમત દર્શાવવામાં આવ્યા છે. કુલ પુરવઠા કિંમત રેખા ox ધરી સાથે $45^0$ નો ખૂણો બનાવે છે. કારણ કે ઉત્પાદન ખર્ચ અને રોજગારી વચ્ચે સપ્રમાણ સંબંધ છે. પ્રથમ કુલ માંગ-કિંમત રેખા કુલ પુરવઠા રેખાને $S_1$ બિંદુએ છેદે છે. ત્યાં નવી અસરકારક માંગનું સર્જન આ અર્થતંત્રમાં રોજગારી OE થી

વધીને OE[1] જેટલી બને છે. પરિણામે એવું કહી શકાય કે કુલ માંગ કિંમત વધતા અસરકારક માંગમાં થતો વધારો રોજગારમાં વધારો કરે છે. આમ, રોજગારી નક્કી કરવામાં કુલ માંગ-કિંમત કુલ પુરવઠા-કિંમત કરતા વધુ નિર્ણાયક ભૂમિકા બજાવે છે.

## 3.5 ઉપભોગ વિધેય :

ઉપભોગ એટલે બચતનો આવકમાંથી પ્રતિ ભાગ. કોઈપણ સમયે ઉપભોગ, એ આવક અને બચત વચ્ચેનું અંતર દર્શાવે છે. જો કોઈ વ્યક્તિ, સમાજ, રાષ્ટ્ર કે પ્રદેશની આવક અને બચતોનું પ્રમાણ આપેલું હોય તો ઉપભોગ ખર્ચનું માપ આપોઆપ ફલિત થઈ જાશે. આમ ઉપભોગનો આધાર મુખ્યત્વે આવક પર રહેલો છે. આવક, બચત અને ઉપભોગ વચ્ચેના સંબંધને નીચે પ્રમાણે એક સંજ્ઞાત્મક સ્વરૂપમાં દર્શાવી શકાય :

$y = c + s$   જ્યાં $y$ = કુલ આવક

or $c = y - s$   $c$ = કુલ ઉપભોગ

or $s = y - c$   $s$ = કુલ બચત

### 3.5.1 ઉપભોગ વિધેયનો અર્થ

ઉપભોગ ખર્ચને આવક સાથેના વિધેયાત્મક સંબંધમાં દર્શાવવાનું કામ કેઈન્સે કર્યું છે. ઉપભોગ ખર્ચનો આધાર ઉપભોગની શક્તિ એટલે કે વાસ્તવિક આવક અને ઉપભાગ વૃત્તિ પર રહેલો છે. ઉપભોગવૃત્તિનો ખ્યાલ સ્પષ્ટ કરતા કેઈન્સ જણાવે છે કે ''માનવ સ્વભાવના અનુભવને આધારે આપણે તારણ પર આવી શકીએ કે જ્યારે કુલ વાસ્તવિક આવક વધે છે. ત્યારે ઉપભોગ ખર્ચ પણ વધે છે. પરંતુ વપરાશ ખર્ચમાં થયેલ વધારો આવકના પ્રમાણમાં થતો નથી.'' અન્ય પરીબળો યથાવત રહેતા, અર્થતંત્રમાં થતાં ઉપભોગ ખર્ચનો આધાર કુલ આવકના પ્રમાણ પર આધારિત છે. આમ વાસ્તવિક આવક અને વપરાશ ખર્ચ એટલે કે ઉપભોગ ખર્ચ વચ્ચેનો વિધેયાત્મક સંબંધ ઉપભોગ વિધેય તરીકે ઓળખાય છે. ટૂંકમાં કહીએ તો ઉપભોગ ખર્ચ આવકનું વિધેય છે. પ્રસ્તુત સંબંધને બીજગણિતનાં સૂત્રમાં નીચે મુજબ રજૂ કરી શકાય.

$c = f(y)$   જ્યાં $c$ = કુલ ઉપભોગ ખર્ચ

$y$ = કુલ આવક

$f$ = વિધાયક સંજ્ઞા

"Consumption is a function of Incom."

ઉપભોગ વિધેયમાં રાષ્ટ્રની આવકની ભિન્ન-ભિન્ન સપાટીએ કેટલું ઉપભોગ ખર્ચ થાય છે તે રજૂ કરવામાં આવે છે. આવકમાં ફેરફાર થતાં ઉપભોગ ખર્ચમાં થતો ફેરફાર એ સમાજ કે રાષ્ટ્રની ઉપભોગવૃત્તિ દર્શાવે છે. બીજા શબ્દોમાં કહીએ તો આવકમાં ફેરફાર થતાં ઉપભોગ ખર્ચમાં થતો ફેરફાર એ સમાજ કે રાષ્ટ્રની ઉપભોગવૃત્તિ દર્શાવે છે. આમ તો આવકમાં ફેરફાર થતાં ઉપભોગ ખર્ચમાં કેવા ફેરફાર થાય છે તે આવક વિધેય દ્વારા જાણી શકાય છે. આવકની જુદી જુદી સપાટીએ ઉપભોગવૃત્તિ કેટલી છે, તે દર્શાવતી અનુસૂચિ ઉપભોગ વિધેય તરીકે ઓળખાય આવે છે.

### 3.5.2 ઉપભોગવૃત્તિ :

આવકની જુદી જુદી સપાટીએ જુદી જુદી રકમ (નાણાં)નો જે ભાગ ઉપભોગ પાછળ ખર્ચ થાય છે. તેની યાદીને ઉપભોગવૃત્તિની અનુસૂચિ કહેવામાં આવે છે. આ અંગે પ્રો.કેન્સન તેના પુસ્તક "A guide to keyn[a]ss" માં લખે છે, ''અર્થશાસ્ત્રીઓની ઓજાર પેટીમાં ઉમેરાયેલું સૌથી વધુ શક્તિશાળી સાધન વપરાશ વૃત્તિ છે.'' સમગ્રદેશની કુલ આવક અને તેના કુલ વપરાશ વચ્ચેનું ગુણોત્તર પ્રમાણ એટલે કુલ ઉપભોગવૃત્તિ. વપરાશમાં જે ફેરફાર થાય છે તેનો મુખ્ય આધાર આવક ઉપર રહેલો છે. સમગ્ર ઘટનાને એક ઉદાહરણ દ્વારા સમજવાનો પ્રયત્ન કરીએ.

ધારો કે કોઇ એક રાષ્ટ્રની આવકમાં અને તેના પરિણામે ઉપભોગમાં થતાં ફેરફારો વિવિધ સમયના

અંતરે નોંધવામાં આવે છે. જે નીચેના કોષ્ટકમાં સ્પષ્ટ જોઈ શકાય છે.

| રાષ્ટ્રીય આવક (કરોડ રૂ.માં) | ઉપભોગ ખર્ચ (કરોડ રૂ.માં) | બચત (કરોડ રૂ.માં) |
|---|---|---|
| 100 | 80 | 20 |
| 80 | 64 | 16 |
| 60 | 48 | 12 |
| 40 | 32 | 08 |
| 20 | 16 | 04 |

ઉપરોક્ત કોષ્ટક મુજબ જ્યારે રાષ્ટ્રીય આવક 100 કરોડ રૂ. જેટલી છે. ત્યારે ઉપભોગ 80 અને બચત 20 કરોડ રૂ. છે. ક્રમશઃ રાષ્ટ્રીય આવકમાં ઘટાડા સાથે ઉપભોગ ખર્ચ અને બચતમાં ઘટાડો થાય છે. ઉપભોગ ખર્ચમાં થતો ઘટાડો રાષ્ટ્રીય આવકમાં થતાં ઘટાડો કરતા ઓછો માલુમ પડે છે.

કેઈન્સના મત મુજબ વપરાશના મનોવૈજ્ઞાનિક નિયમને કારણે જ્યારે કુલ આવક વધે ત્યારે કુલ ઉપભોગ પણ વધે છે. પરંતુ તે કુલ આવક કરતા ઓછાં પ્રમાણમાં વધે છે. પરિણામે આવકના વધારા અને ઉપભોગના વધારા વચ્ચે ગાળો ઊભો થાય છે. સામાન્ય વ્યવહારમાં દરેક વ્યક્તિ આ નિયમનો પ્રત્યેક રીતે અનુભવ કરે છે. આવકમાં થતો વધારો સમગ્ર ઉપભોગમાં ન જવા દેતા બચત પાછળ પણ રોકે છે. આમ આવક અને ઉપભોગ વચ્ચેના ગાળા જેટલું મૂડી રોકાણ બચત દ્વારા થતાં અર્થતંત્રમાં રોજગારીનું પ્રમાણ પણ વધે છે.

જો આવકની વહેંચણી વધારે અસમાન રીતે થઇ હોય તો ઉપભોગવૃત્તિ ઓછી રહે છે અને જો આવકની વહેંચણી ઓછી અસમાન રીતે થઈ હોય તો ઉપભોગવૃત્તિ વધુ રહે છે.

### 3.5.3 સરેરાશ ઉપભોગવૃત્તિ અને સીમાંત ઉપભોગવૃત્તિ

કુલ ઉપભોગ ખર્ચનો કુલ આવક સાથેનો ગુણોત્તર સંબંધ એટલે સરેરાશ ઉપભોગવૃત્તિ જ્યારે કુલ ઉપભોગને કુલ આવક વડે ભાગવામાં આવે છે, ત્યારે સરેરાશ ઉપભોગવૃત્તિ પ્રાપ્ત થાય છે. જેને સૂત્ર સ્વરૂપમાં નીચે મુજબ લખી શકાય.

$$\text{સરેરાશ ઉપભોગવૃત્તિ} = \frac{\text{કુલ ઉપભોગ}}{\text{કુલ ઉપભોગ}}$$

$$APC = \frac{c}{y}$$ જ્યાં APC = Average Propensity of consume

c = consumption

y = Income

ધારો કે, અર્થતંત્રમાં કોઇ રાષ્ટ્રની કુલ આવક રૂ. 10,000 કરોડ છે. જેમાંથી રૂ. 7,000 કરોડ ઉપભોગ પાછળ ખર્ચાય છે તો,

$$APC = \frac{c}{y} = \frac{7,000}{10,000} = \frac{7}{10} = 0.7 \text{ અથવા } 70\ \%$$

આમ, ઉપરોક્ત ઉદાહરણ પ્રમાણે સરેરાશ ઉપભોગવૃત્તિ 70% અથવા $7/_{10}$ જેટલી છે.

સીમાંત ઉપભોગવૃત્તિ એટલે આવકમાં થતાં ફેરફારનું પ્રમાણ અને તેના પરિણામે ઉપભોગમાં

થતાં ફેરફારનું પ્રમાણનો ગુણોત્તર. રાષ્ટ્રની આવકમાં ફેરફાર થવાથી રાષ્ટ્રની ઉપભોગમાં ફેરફાર થાય છે. આમ આવકમાં થતો ફેરફાર અને તેના કારણે ઉપભોગમાં થતો ફેરફાર આ બંનેનુ ગુણોત્તર પ્રમાણ. આમ સીમાંત ઉપભોગવૃત્તિ માટે નીચે મુજબ સૂત્ર લખી શકાય.

$$\text{સીમાંત ઉપભોગવૃત્તિ} = \frac{\text{ઉપભોગમાં ફેરફાર}}{\text{આવકમાંફેરફાર}}$$

ઉપભોગ અને આવકમાં થતાં ફેરફાર માટે ડેલ્ટા ($\Delta$) ની સંજ્ઞાનો ઉપયોગ કરવામાં આવે છે તો તેને નીચે મુજબ સંજ્ઞાના રૂપમાં લખી શકાય.

$$MPc = \frac{\Delta c}{\Delta y}$$ જ્યાં MPC = Marginal Propensity consume

$\Delta c$ = ઉપભોગમાં થતો ફેરફાર

$\Delta y$ = આવકમાં થતો ફેરફાર

ધારો કે, અર્થતંત્રમાં કુલ આવક રૂ. 10,000 કરોડમાંથી વધીને રૂ. 15,000 કરોડ થાય છે. ત્યારે ઉપભોગમાં રૂ. 2000 કરોડનો વધારો થાય છે. અર્થાત્ શરૂઆતમાં ઉપભોગ રૂ. 7,000 કરોડ હતો. જે વધીને રૂ. 9000 કરોડ થાય છે. ત્યારે સીમાંત ઉપભોગવૃત્તિ નીચે મુજબ મળે છે.

$$MPc = \frac{\Delta c}{\Delta y} = \frac{9000 - 7000}{15,000 - 10,000}$$


$$= \frac{2000}{5000}$$

$$= \frac{2}{5}$$

$$= 40\ \%$$

ઉપરોક્ત ઉદાહરણ પરની સીમાંત ઉપભોગવૃત્તિ $\frac{2}{5}$ અથવાતો 40% જેટલી છે. તેમ કહેવાય.

**આકૃતિ દ્વારા સમજુતી**



ઉપરની આકૃતિમાં ox ધરી પર આવક અને oy ધરી પર ઉપભોગ દર્શાવવામાં આવેલ છે. $CC_1$, રેખા ઉપભોગવૃત્તિની રેખા છે. ON, OM ક્રમીક શરૂઆતની આવક અને ઉપભોગ દર્શાવે છે. ON, $OM_1$ ક્રમીક શરૂઆતની આવકમાં થયેલ ફેરફાર બાદની નવી આવક દર્શાવે છે. cc, દ્વિભોગવૃત્તિ રેખા પરનું કોઈપણ બિંદુ સરેરાશ ઉપભોગવૃત્તિ દર્શાવે છે. $SS_1$ બિંદુ એટલે સીમાંત ઉપભોગવૃત્તિ.

### 3.5.4 સરેરાશ ઉપભોગવૃત્તિ અને સીમાંત ઉપભોગવૃત્તિ વચ્ચેનો સંબંધ :

(1) જ્યારે ઉપભોગવૃત્તિની રેખા પાયાની રેખા સાથે $45^0$ નો ખૂણો બનાવતી હોય ત્યારે સરેરાશ ઉપભોગવૃત્તિ અને સીમાંત ઉપભોગવૃત્તિ બંને સ્થીર રહે છે. તથા ઉપભોગવૃત્તિ રેખાના કોઈપણ બિંદુએ તે સમાન રહે છે.

(2) આવકમાં થતાં વધારા સાથે સરેરાશ ઉપાભોગદ વૃત્તિ અને સીમાંત ઉપભોગવૃત્તિ બંનેમાં ઘટાડો થાય છે. સરેરાશ ઉપભોગવૃત્તિમાં થતાં ઘટાડા કરતા સીમાંત ઉપભોગવૃત્તિમાં થતો ઘટાડો વધુ જોવા મળે છે.

(3) આવકના ઘડાટા સાથે સરેરાશ ઉપભોગવૃત્તિ અને સીમાંત ઉપભોગવૃત્તિ બંને વધે છે પરંતુ સીમાંત ઉપભોગવૃત્તિમાં થતો વધારો સરેરાશ વપરાશવૃત્તિમાં થતાં વધારાની તુલનાએ વધુ ઝડપી જોવા મળે છે.

(4) સમયના લાંબાગાળાની ચર્ચા કરીએ તો સરેરાશ અને સીમાંત ઉપભોગવૃત્તિ લાંબાગાળે સરખાં હોય છે.

### 3.5.5 બચતવૃત્તિ

આવકના કુલ હિસ્સામાંથી ઉપભોગ પાછળ વપરાયા બાદ જે બાકી રહે તેને બચત કહેવાય છે. આમ બચત પણ ઉપભોગની જેમ આવકનું વિધેય છે. જેને ગાણીતિક રીતે નીચે મુજબ લખી શકાય.

$3 = f(y)$ જ્યાં s = બચત

y = આવક

આમ આવક અને બચત વચ્ચેનો વિધેય સંબંધ બચતવૃત્તિ તરીકે ઓળખાય છે. બચત વિધેય એટલે આવકની જુદી જુદી સપાટીએ બચતવૃત્તિનો નિર્દેશ કરતી અનુસૂચિ (યાદી) એવું કહેવાય. આમ બચતવૃત્તિનો ખ્યાલ પણ મહત્ત્વનો બની રહે છે.

### 3.5.6 સરેરાશ બચતવૃત્તિ અને સીમાંત બચતવૃત્તિ

કુલ બચતોનો કુલ આવક સાથે ગુણોત્તર કરવાથી સરેરાશ બચતવૃત્તિ મેળવી શકાય જેને ગાણીતિક રીતે

$$APS = \frac{s}{y}$$

જ્યાં APS = સરેરાશ બચતવૃત્તિ

APS = Average Propensity of saving

$$\text{બચતવૃત્તિ} = \frac{\text{કુલ બચત}}{\text{કુલ આવક}}$$

s = કુલ બચત

y = કુલ આવક

ઉદાહરણ તરીકે અર્થતંત્રમાં રાષ્ટ્રની કુલ આવક રૂ. 10,000 કરોડ છે તેમાંથી રૂ. 7000 કરોડ ઉપભોગ પાછળ ખર્ચ કરવામાં આવે છે. બાકી રહેલા રૂ. 3000 કરોડની બચત થાય છે. ત્યારે બચત

$$\text{બચતવૃત્તિ} = \frac{s}{y}$$

$$= \frac{3000}{10,000}$$

$$= \frac{3}{10}$$

અથવા

= 30 %

આગળ ઉપભોગવૃત્તિની ચર્ચામાં આપણે જોયું કે સરેરાશ ઉપભોગવૃત્તિ $\frac{7}{10}$ અથવા 70% હતી અને અહીં સરેરાશ બચતવૃત્તિ $\frac{3}{10}$ અથવા 30% મળે છે. આથી કહી શકાય કે સરેરાશ વપરાશવૃત્તિ અને સરેરાશ બચતવૃત્તિનો સરવાળો એક થાય છે.

$$\frac{c}{y} + \frac{s}{y} = 1 \qquad \therefore \text{ APC + APS} = 1$$

| | | | |
|---|---|---|---|
| સરેરાશ | | સરેરાશ | |
| ઉપભોગ | + | બચત | = 1 |
| વૃત્તિ | | વૃત્તિ | |

ઉપરોક્ત ચર્ચા પરની નીચેના ગાણીતિક સૂત્ર સરળતાથી તારવી શકાય.

APS + APC = 1

∴ APS = 1 – APC

∴ APC = 1 – APS

આમ કહી શકાય કે જ્યારે રાષ્ટ્રની સરેરાશ બચતવૃત્તિ અથવા તો સરેરાશ ઉપભોગ વૃત્તિ બે માંથી એક આપેલ હોય તો ઉપરોક્ત સૂત્રના ઉપયોગની અન્ય સરળતાથી મેળવી શકાય.

રાષ્ટ્રની આવકમાં થતો ફેરફાર અને તેના પરીણામે તેની બચતોમાં થતો ફેરફાર આ બંનેનું ગુણોત્તર પ્રમાણ એટલે સીમાંત બચતવૃત્તિ એવું કહેવાય. બચતમાં થતાં ફેરફારને આવકમાં થતાં ફેરફાર વડે ભાગવાથી સીમાંત બચતવૃત્તિ મેળવી શકાય. જેની સૂત્રના રૂપમાં નીચે મુજબ લખી શકાય.

$$\text{સીમાંત બચતવૃત્તિ} = \frac{\text{બચતમાં ફેરફાર}}{\text{આવકમાં ફેરફાર}}$$

બચત અને આવકમાં થતાં ફેરફાર જાણવા માટે (Δ) ડેલ્ટા સંજ્ઞાનો ઉપયોગ કરવામાં આવે છે.

$\text{MPS} = \frac{\Delta s}{\Delta y}$ જ્યાં MPS = સીમાંત બચતવૃત્તિ MPS = Marginal Propensity of saving

$\Delta s$ = બચતમાં થતો ફેરફાર

$\Delta y$ = આવકમાં થતો ફેરફાર

ઉદાહરણ તરીકે અર્થતંત્રની કુલ આવક રૂ.10,000 કરોડમાંથી રૂ. 15,000 કરોડ થાય છે. ત્યારે બચત રૂ. 3000 કરોડથી વધીને રૂ. 6000 કરોડ થાય છે ત્યારે

$$MPS = \frac{\Delta s}{\Delta y}$$

$$= \frac{3000}{5000}$$

$$= \frac{3}{5}$$ અથવા 60%

અહીં સીમાંત બચતવૃત્તિ $\frac{3}{5}$ અથવા તો 60% જેટલી જોવા મળે છે.

આગળ સીમાંત ઉપભોગવૃત્તિમાં $\frac{2}{5}$ અથવા 40% પરીણામ જોવા મળેલ. અહીં $\frac{3}{5}$ અથવા 60% પ્રમાણ મળે છે.

આથી કહી શકાય કે સીમાંત ઉપભોગવૃત્તિ અને સીમાંત બચતવૃત્તિનો સરવાળો એક થાય છે.

$$\frac{\Delta c}{\Delta y} + \frac{\Delta s}{\Delta y} = 1$$

MPC + MPS = 1

સીમાંત ઉપભોગવૃત્તિ + સીમાંત બચતવૃત્તિ = 1

ઉપરોક્ત સમગ્ર ચર્ચાના અને નીચે મુજબ ગાણીતિક સૂત્રો મેળવી શકાય.

MPC + MPS = 1

MPC = 1 – MPS

MPS = 1 – MPC

સીમાંત ઉપભોગવૃત્તિ હંમેશા શૂન્ય કરતા વધુ અને એક કરતા ઓછી હોય છે જ્યારે સીમાંત ઉપભોવૃત્તિ શૂન્ય હોય એનો અર્થ કે રાષ્ટ્રના વ્યક્તિનો વધારાની આવકમાંથી કોઈપણ રકમ ઉપભોગ પાછળ ખર્ચતા નથી આ બાબત વાસ્તવિકતા સાથે મેળ બેસતી નથી અર્થાત્ સીમાંત ઉપભોગવૃત્તિ ક્યારેય શૂન્ય કોઈ શકે નહી. ધારો કે સીમાંત ઉપભોગવૃત્તિ એક કરતા વધુ હોય અર્થાત્ લોકો પોતાની વધારાની આવક કરતા ઉપભોગ પાછળ વધુ ખર્ચ થાય જે કાયમ સત્ય હોઈ શકે નહી. આમ સીમાંત ઉપભોગવૃત્તિ શૂન્ય (0) અને એક (1) ની વચ્ચે માલુમ પડે છે.

**3.4.7 ઉપભોગવૃત્તિ અને બચતવૃત્તિના વલણો**

| આવક કરોડ (રૂ.) | ઉપભોગ કરોડ (રૂ.) | બચત કરોડ (રૂ.) વૃત્તિ | સરેરાશી ઉપભોગ વૃત્તિ | સીમાંત ઉપભોગ વૃત્તિ | સરેરાશ બચત વૃત્તિ | સીમાંત બચત |
|---|---|---|---|---|---|---|
| y | c | s | $c/y$ | $\Delta c/\Delta y$ | $s/y$ | $\Delta s/\Delta y$ |
| 1000 | 800 | 200 | $4/5$ | - | $1/5$ | - |
| 2000 | 1500 | 500 | $3/5$ | $7/10$ | $1/4$ | $3/10$ |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| 3000 | 2100 | 900 | $\frac{7}{10}$ | $\frac{3}{5}$ | $\frac{3}{10}$ | $\frac{2}{5}$ |
| 4000 | 2600 | 1400 | $\frac{13}{10}$ | $\frac{1}{2}$ | $\frac{7}{10}$ | $\frac{1}{2}$ |
| 5000 | 3000 | 2000 | $\frac{3}{5}$ | $\frac{2}{5}$ | $\frac{2}{5}$ | $\frac{3}{5}$ |
| ↑ વધે છે. | | | ↓ ઘટે છે. | ↓ ઘટે છે. | ↑ વધે છે. | ↑ વધે છે. |

જેમ જેમ સમય સાથે રાષ્ટ્રની આવકમાં વધારો તમે સરેરાશ ઉપભોગવૃત્તિ અને સીમાંત ઉપભોગવૃત્તિમાં ઘટાડો થાય છે. પરંતુ APC > MPC જોવા મળે છે. જ્યારે આવક વધારાની સાથે સરેરાશ બચતવૃત્તિ અને સીમાંત બચતવૃત્તિમાં વધારો થતો માલુમ પડે છે.

**3.5.8. ઉપભોગવૃત્તિને અસર કરતા પરિબળો :**

**ઉપભોગવૃત્તિનો આધાર કેટલા પરીબળો પર રહેલો છે. જેને નીચે મુજબ ત્રણ વિભાગમાં વિભાજીત કરી શકાય.**

**વપરાશ વૃત્તિને અસર કરતા પરબળો**

| આવક અને સંપત્તિની વહેચણી | બાહ્ય પરિબળો | આંતરિક પરિબળો |
|---|---|---|
| | 1. વેતન અને ભાવ સપાટી | 1. રોકડ નાણું હાથ પર રાખવાનો હેતુ |
| | 2. ભાવિધારણાઓમાં ભાવ સપાટી | 2. ભવિષ્ય અને આવક ની જરૂરિયાત |
| | 3. રોજકોષીય નીતિ | 3. આર્થિક સ્વતંત્રતા |
| | 4. કુલ આવક અને ચોખ્ખી આવક વચ્ચેનો ગાળો | 4. ધંધાકીય સાહસ |
| | 5. આકસ્મિક લાભ કે ગેરલાભ | 5. સ્વભાવ |
| | 6. વ્યાજનો દર | 6. જીવન ધોરણનું સ્તર |
| | 7. દેખાદેખી કે અનુકરણની અસર | 7. સામાજી પ્રતિષ્ઠા કે માનમોભો |
| | 8. સામાજીક સલામતી | 8. વારસા વૃત્તિ |
| | 9. નવી વસ્તુનો પ્રવેશ | |
| | 10. પસંદગી કે ફેશનમાં ફેરફાર | |
| | 11. સામાજીક રીતિ રીવાજ | |

- **આવક અને સંપતિની વહેંચણી :-**

લોકોની આવકમાં ફેરફાર થતાં વપરાશમાં ફેરફાર થાય છે. આવકમાં થતો ફેરફારએ ઉપભોગવૃત્તિ નક્કી કરતું મહત્વનું પરીબળ છે. આવકની સાથે તેની વહેંચણી પણ ઉપભોગવૃત્તિને અસર કરે છે. આવક અને સંપત્તિની વહેંચણી જેમ વધુ સમાન તેમ ઉપભોગવૃત્તિ ઊંચી જોવા મળે છે અને આવક અને સંપતિની વહેંચણી જેમ અસમાન તેમ ઉપભોગવૃત્તિ નીચી જોવા મળે છે.

- **વેતન અને ભાવ સપાટી :-**

વેતનદરમાં ફેરફાર થવાથી ઉપભોગવૃત્તિમાં ફેરફાર થાય છે. વેતન વધતા ઉપભોગ વધે છે. પણ જો તે સમયે ભાવ સપાટીમાં વધારો થાય તો વેતન વધારો ઉપભોગના વધારામાં પરીણમી શકે નહી.

◆ **ભાવિ ધારણાઓમાં ફેરફાર :-**

જ્યારે ભવિષ્ય વધુ સલામત જણાતું હોય ત્યારે વર્તમાન સમયમાં ઉપભોગવૃત્તિ વધે છે. આથી વિરૂદ્ધ જ્યારે ભવિષ્યમાં અસલામતીની શક્યતા હોય તો લોકો વર્તમાન વપરાશ (ઉપભોગ) ઘટાડીને ભવિષ્ય માટે બચત કરવાનું વલણ ધરાવે છે.

◆ **રાજકોષીય નીતિ :-**

રાજકોષીય નીતિ અંતર્ગત સરકાર કરવેરામાં વધારો કરે તો લોકોની આવક પર કાપ પડે છે. તેથી ઉપભોગવૃત્તિ ઘટે છે. જાહેર ખર્ચમાં વધારો કરવામાં આવે તો લોકોની આવક વધતા ઉપભોગવૃત્તિ વધે છે.

◆ **કુલ આવક અને ચોખ્ખી આવક વચ્ચેનો ગાળો :-**

વર્તમાન સમયમાં પેઢીઓ પોતાને મળતા નફામાંથી અમુક ભાગ ઘસારા ફંડ ખાતે લઈ જાય છે. તેથી કંપનીઓની કુલ આવક અને શેરહોલ્ડરો વચ્ચે વહેંચવામાં આવતી આવક વચ્ચે મોટો તફાવત ઊભો થાય છે. અર્થતંત્રમાં આવકના સર્જનમાં મોટો તફાવત ઊભો થાય છે. અર્થતંત્રમાં આવકનું સર્જન મોટા પાયા પર થતું હોવા છતાં ઉપભોગવૃત્તિ ઓછી રહે છે. સમયના ટૂંકા ગાળામાં આ પરીબળની ખાસ અસર જોવા મળતી નથી.

◆ **આકસ્મિક લાભ કે ગેરલાભ :-**

આકસ્મિક મૂડીલાભમાં થતો વધારો ઉપભોગ વધારે છે. જ્યારે નુકશાન (ગેરલાભ) ઉપભોગ ઘટાડે છે.

◆ **વ્યાજનો દર :-**

જો વ્યાદનો દર ઊંચો હોય તો ઉપભોગ ઓછો અને બચત વધુ કરવાનું વલણ જોવા મળે છે. આથી ઊલ્ટી પરિસ્થિતિમાં વ્યાજનો દર નીચો હોય તો લોકો બચત ઓછી કરે છે અને ઉપભોગ વધુ કરવાનું વલણ ધરાવે છે.

◆ **દેખાદેખી કે અનુકરણની અસર :-**

સમાજના અમુક વર્ગ દ્વારા સુખસગવડની મોજ શોખની જે વસ્તુઓનો વપરાશ થાય છે. તેની અસર સમાજનાં અન્ય વર્ગનાં લોકોના ઉપભોગ પર થયા વિના રહેતી નથી. સમાજમા નીચલા સ્તરના લોકો ઉપલા સ્તરના લોકોની ઉપભોગથી અસર પામે છે. દેખાદેખીની અસરથી ઉપભોગવૃત્તિ વધે છે.

◆ **સામાજીક સલામતી :-**

જેમ સામાજીક સલામતીનું પ્રમાણ વધુ તેમ ભાવિ અંગેની અનિશ્ચિતતાઓ ઓછી પરિણામે વર્તમાન વપરાશ (ઉપભોગ) વધવા પામે છે. આમ બીજી બાજુ જેમ સામાજીક સલામતીનું પ્રમાણ ઓછું તેમ ઉપભોગ ઓછો થાય છે.

◆ **નવી વસ્તુનો પ્રવેશ :-**

અર્થતંત્રમાં નવી નવી વસ્તુનો પ્રવેશ દ્વારા સતત બજારમાં નવીનીકરણ ચાલુ રહે છે, ત્યારે નવી ચીજવસ્તુનું ઉત્પાદન થાય છે. જે ગ્રાહકોના ઉપભોગની યાદીમાં સ્થાન પણ પામે છે. પરિણામે અર્થતંત્રમાં ઉપભોગવૃત્તિમાં વધારો થવાની શક્યતા રહે છે.

◆ **પસંદગી કે ફેશનમાં ફેરફાર :-**

લોકોની પસંદગી કે સમાજમાં ફેશનમાં આવતા ફેરફારોની અસર લોકોની ઉપભોગવૃત્તિ પર થાય છે. પસંદગી કે ફેશન બદલાતા ઉપભોગવૃત્તિ બદલાય છે.

◆ **સામાજીક રીતિ રિવાજ :-**

સામાજીક હોદ્દો, સમાજના રીતિરીવાજો, અન્ય સામાજીક પરીબળો, માન્યતાઓ વગેરે લોકોની ઉપભોગવૃત્તિને અસર કરે છે.

◆ **રોકડ નાણું હાથ પર રાખવાનો હેતુ :-**

આકસ્મિક સંજોગોમાં પહોંચી વળવા માટે રોકડ નાણાં રાખવાની વૃત્તિ ઉપભોગવૃત્તિમાં ઘટાડો કરે છે.

- **ભવિષ્યની જરૂરિયાત અને આવક :-**

ભવિષ્યમાં વધારે આવક મેળવવાની ગણતરી સાથે વર્તમાન સમયમાં બચત વધારે કરવામાં આવે તો ઉપભોગવૃત્તિ ઘટવા લાગે છે.

- **આર્થિક સ્વતંત્રતા :-**

આર્થિક સ્વાતંત્ર્ય અને અધિકારોનો આનંદ અનુભવતા લોકો મિલકત ભેગી કરે છે અને તેથી તે સમય પૂરતી તેની ઉપભોગવૃત્તિ ઘટેલી રહે છે.

- **ધંધાકીય સાહસ :-**

ધંધાકીય કે વ્યાપારીક સાહસ ઊભું કરવા માટે નાણાં એકઠા કરવાની ઈચ્છા પણ ઉપભોગવૃત્તિ ઘટાડા માટે જવાબદાર છે.

- **સ્વભાવ :-**

વ્યક્તિ સ્વભાવ જો કંજુસ, લોભી હોય અને નાણાં કમાવવાની, ભેગા કરવાની વધુ ઈચ્છા હોય તો વપરાશ વૃત્તિ ઓછી પડે છે.

- **જીવન ધોરણનું સ્તર :-**

સારા જીવનધોરણ માટેની અપેક્ષા ઉપભોગવૃત્તિમાં વધારો કરે છે.

- **સામાજીક પ્રતિષ્ઠા કે માન મોભો :-**

સમાજમાં વ્યક્તિ પોતાની પ્રતિષ્ઠા કે માન મોભો જાળવી રાખવા માટે જરૂરિયાત કરતા વધારે ઉપભોગ પાછળ ખર્ચ કરે છે. તેથી ઉપભોગવૃત્તિ વધવા પામે છે.

- **વારસાવૃત્તિ :-**

  વારસદારોને સમાજમાં ગૌરવભર્યું સ્થાન અપનાવવાનો ઉદ્દેશ્ય વર્તમાન સમયમાં ઉપભોગને ઘટાડે છે. તેથી ઉપભોગવૃત્તિ ઘટે છે.

  કેઈન્સ આ સંદર્ભમાં યોગ્ય જ કહે છે કે "ટૂંકા ગાળામાં ઉપભોગવૃત્તિમાં ફેરફાર થતો નથી. તેથી અન્ય પરીબળો યથાવત રહે તો મૂડી રોકાણમાં વધારો કરીને રોજગારીમાં વધારો કરી શકાય."

### 3.5.8. ઉપભોગવૃત્તિને વધારવાના ઉપાયો:-

ઉપભોગવૃત્તિ વધારવા માટેના ઉપાયો નીચે પ્રમાણે રજૂ કરી શકાય:-

- આવકની પુનઃવહેંચણી કરીને સમાન આવક વહેંચણી દ્વારા ઉપભોગવૃત્તિ વધારી શકાય.
- ધનિક વર્ગ પર પ્રગતિશીલ દરે કરવેરા નાખી પ્રાપ્ત થતી આવકનો ગરીબ વર્ગ પાછળ ઉપયોગ કરવાથી ઉપભોગવૃત્તિ વધે છે.
- પેન્શન, ગ્રેજ્યુઇટી, માંદગી, અકસ્માત, બેકારી ભથ્થું વગેરે જેવી સામાજીક સલામતીની યોજનાઓ વ્યક્તિના જીવનમાં આર્થિક સ્થિરતા લાવે છે જેથી ઉપભોગવૃત્તિ વધે છે.
- ખરીદી માટે યોગ્ય શાખની સગવડ ન (ધીરાણની સધ્ધરતા)દ્વારા ઉપભોગવૃત્તિ વધારી શકાય.
- શહેરીકરણને કારણે લોકોની ઉપભોગવૃત્તિ વધે છે.
- પ્રચાર અને પ્રસાર :-

  વસ્તુ અને સેવાઓ માટે કરવામાં આવતી જાહેરાત દ્વારા જુદી જુદી વસ્તુના પ્રસાર અને પ્રચારમાં વધારો થવાથી તેની ઉપયોગીતા અને વિશિષ્ટતાની લોકોને જાણ થાય છે. આથી વસ્તુની માંગ વધતા ઉપભોગમાં વધારો થાય છે.

## 3.6 સારાંશ

સમગ્ર અભ્યાસનું તારણ એ છે કે આર્થિક વિશ્લેષણમાં વપરાશ અને બચતવૃત્તિ અને બચતવૃત્તિનો ખ્યાલ ખૂબ જ મહત્ત્વ ધરાવે છે. કારણ કે આ ખ્યાલોને આધારે કોઇ એક સમાજમાં મૂડી રોકાણ માટે કેટલા પ્રમાણમાં નાણાં પ્રાપ્ત થઇ શકશે તેનો અંદાજ સરળતાથી પ્રાપ્ત કરી શકાય. જેના આધારે ઉત્પાદન અને રોજગારીની વાસ્તવિક પરિસ્થિતિ જાણી શકાય છે. અને તેને પગલે મૂડી રોકાણ, ઉત્પાદન અને રોજગારીના પાયાના પ્રશ્નો હલ થઇ શકે છે. વપરાશ વૃત્તિ અને બચતવૃત્તિમાં

ફેરફાર કરી સાનૂકુળ સંજોગો માટે અર્થતંત્રને પ્રોત્સાહિત કરીને રાષ્ટ્રને પ્રગતિનો માર્ગ ખુલ્લો બની શકે છે.

## 3.7 ચાવીરૂપ શબ્દો :

(1) **અસરકારક માંગ :** સમગ્ર સમાજની વપરાશી વસ્તુઓ તથા મૂડીગત વસ્તુઓ માટેની માંગ એટલે અસરકારક માંગ.

(2) **કુલ માંગ કિંમત :** રોજગારીની કોઇ એક સપાટી એ થતાં ઉત્પાદનના વેચાણમાંથી જે આવક મેળવવાની નિયોજક અપેક્ષા રાખે છે, તે વેચાણ આવકને તે રોજગારીની સપાટીની કુલ માંગ કિંમત કહેવાય.

(3) **કુલ પુરવઠા કિંમત :** રોજગારીની કોઇ એક સપાટીએ કામ કરવા માટે નિયોજકને પ્રોત્સાહન મળી રહે તેટલી પ્રાપ્ત થવી જોઇતી ન્યૂનતમ આવકને કુલ પુરવઠા કિંમત કહેવાય.

(4) **કુલ માંગ કિંમત રેખા :** રોજગારીની જુદી જુદી સપાટીએ પ્રાપ્ત થતી કુલ માંગ કિંમતની અનુસૂચીને આધારે કુલ માંગ કિંમત રેખા મળે છે.

(5) **કુલ પુરવઠા કિંમત રેખા :** રોજગારીની જુદી જુદી સપાટીએ પ્રાપ્ત થતી કુલ પુરવઠા કિંમતની અનુસૂચિને આધારે કુલ પુરવઠા કિંમત રેખા મળે છે.

(6) **ઉપભોગ વિધેય :** આવકની જુદી જુદી સપાટીએ વપરાશવૃત્તિ કેટલી છે. તે દર્શાવતી અનુસૂચિને વપરાશ વિધેય કહી શકાય.

(7) **બચત વિધેય :** આવકની જુદી જુદી સપાટીએ બચતવૃત્તિ કેટલી હશે તે દર્શાવતી અનુસૂચિને બચત વિધેય કહેવાય.

(8) **ઉપભોગવૃત્તિ :** આવક અને ભોગ વચ્ચેનો સંબંધ ઉપભોગવૃત્તિ તરીકે ઓળખાવી શકાય. $C = f(u)$

(9) **બચતવૃત્તિ** : આવક અને બચત વચ્ચેનો વિધેય સંબંધ બચતવૃત્તિ તરીકે ઓળખાવી શકાય, $B = f(y)$

## 3.8 કેટલાંક ઉપયોગી પુસ્તકો

(1) સમગ્રલક્ષી અર્થશાસ્ત્ર - 1 (સી. જમનાદાસની કંપની, અમદાવાદ)

(2) સમષ્ટીલક્ષી અર્થશાસ્ત્ર - ( એ.સી.વૈદ્ય, વિકાસ પબ્લીસીંગ હાઉસ પ્રા.લી.

(3) નાણાંકીય સિદ્ધાંત - (સ્વ. શ્રી જગદીશ અધવર્યુ, ગુજરાત યુનિ. ગ્રંથ નિર્માણ બોર્ડ)

(4) Macro Econimics :
Harper & Row: New york Ch.-16 Millar, R.G. and Pulsinelti, R. 1986

## 3.9 તમારી પ્રગતિ ચકાસો

(1) અસરકારક માંગ નિર્ધારણ સમજાવો.

(2) સરેરાશ અને સીમાંત ઉપભોગવૃત્તિનો અર્થ આપો.

(3) ઉપભોગવૃત્તિ અને બચતવૃત્તિ વચ્ચેનો સંબંધ સમજાવો.

- ખાલીજગ્યા પૂરો.

(1) અસરકારક માંગ = કુલ ઉત્પાદન = રાષ્ટ્રીય આવક = ..............

(2) ઉત્પાદનમાં થતી વધઘટ માટે .............. માંગ જવાબદાર હોય છે.

(3) ઉત્પાદન અને રોજગારીની સપાટીનું નિર્ણાયક પરિબળ .............. છે.

(4) કુલ પુરવઠા કિંમત .............. નું ખર્ચ બતાવે છે.

(5) મહામંદીની પ્રતિકૂળ અસર સૌથી વધુ .............. દેશો પર પડી હતી.

# એકમ 4 નાણું (Money)


4.1 ઉદ્દેશો

4.2 પ્રસ્તાવના

4.2.1 નાણાંનો આકસ્મિક શોધનો સિદ્ધાંત

4.2.2 નાણાંની જરૂરિયાતની શોધનો સિદ્ધાંત

4.3 નાણાંનો અર્થ

4.3.1 કાર્યક્ષેત્રના આધારે નાણાંની વ્યાખ્યાઓ

4.3.2 નાણાંની લાક્ષણિકતાના આધારે વ્યાખ્યા

4.4 નાણાંનાં કાર્યો

4.4.1 નાણું આર્થિક પ્રવૃત્તિનો આધાર

4.4.2 નાણું સાધન છે સાધ્ય નથી

4.4.3 નાણાંના પ્રાથમિક કાર્ય

4.4.3.1 વિનિમયનું માધ્યમ

4.4.3.2 મૂલ્યના માપનનું કાર્ય

4.4.4 નાણાંના સહાયક કાર્ય

4.4.4.1 મૂલ્ય સંગ્રહનું કાર્ય

4.4.4.2 મૂલ્ય હસ્તાંતરણનું કાર્ય

4.4.4.3 સ્થગિત ચૂકવણીઓનો માપક

4.4.5 નાણાંનાં આકસ્મિક કાર્ય

4.4.5.1 નાણું શાખ સર્જનનો આધાર

4.4.5.2 રાષ્ટ્રીય આવકની વહેંચણી

4.4.5.3 મહત્તમ તુષ્ટિગુણ અને ઉત્પાદન પ્રાપ્ત કરવામાં સહાયક

4.4.5.4 આર્થિક વિકાસ સંબંધિત કાર્ય

4.5 અર્થતંત્રમાં નાણાંનું મહત્ત્વ

4.5.1 નાણાંનાં પ્રત્યક્ષ લાભ

4.5.1.1 વપરાશીખર્ચ

4.5.1.2 ઉત્પાદન

4.5.1.3 વહેંચણી

4.5.1.4 વિનિમય

4.5.1.5 રાજકોષીય નીતિ (રાજ્યની આવક, ખર્ચ અને દેવાની નીતિ)

4.5.2 નાણાંનાં પરોક્ષ લાભ

4.5.2.1 શ્રમવિભાજન અને વિશિષ્ટિકરણ

4.5.2.2 નાણું આર્થિક પ્રવૃત્તિઓનું પ્રેરક

4.5.2.3 શાખ સર્જનનો આધાર

4.5.2.4 મૂડી સર્જન

4.5.2.5 મૂડીની ઉત્પાદકતામાં વૃદ્ધિ

4.5.2.6 ભવિષ્યના સોદાઓનો આધાર

4.5.2.7 વિકાસનું માપન

4.5.2.8 સામાજિક કલ્યાણનું માપન

4.5.2.9 નાણું બેંક અને વીમાના વ્યવસાયનો આધાર

4.5.2.10 નાણાં દ્વારા આંતરરાષ્ટ્રીય સહયોગમાં વૃદ્ધિ

4.6 નાણાંનો ચક્રિય પ્રવાહ

4.7 ભારતમાં નાણાંનો ઉદ્‌ભવ

4.7.1 ભારતમાં કાગદી નાણાંનો પ્રારંભ

4.8 ભારતમાં નાણાંનાં પુરવઠાના ઘટકો

4.8.1 લોકો પાસે રહેલ ચલણી નાણું

4.8.1.1 ચલણી નોટો

4.8.1.2 ધાતુના સિક્કાઓ

4.8.1.3 ધાતુના એક રૂપિયાથી ઓછા મૂલ્યના સિક્કાઓ

4.8.1.4 બેંક પાસે રહેલ રોકડ નાણું

4.8.2 લોકો પાસે રહેલ નાણાં થાપણો

4.8.2.1 બેંકની માંગ થાપણો

4.8.2.2 મધ્યસ્થ બેંક પાસે પડેલી ‘અન્ય’ થાપણો

4.8.3 પોસ્ટ ઓફિસ બચત બેંક થાપણો

4.8.4 બેંકમાં રહેલી મુદતી થાપણો

4.9 નાણાંનાં વિવિધ પ્રકારો

4.10 નાણાંની મર્યાદાઓ

4.10.1 આર્થિક મર્યાદાઓ

4.10.1.1 બિનજરૂરી વપરાશી ખર્ચમાં વધારો

4.10.1.2 ઈજારાનું સર્જન

4.10.1.3 આવક અને સંપત્તિની અસમાન વહેંચણી

4.10.1.4 વર્ગ સંઘર્ષ

4.10.1.5 તેજી અને મંદી

4.10.1.6 નાણાં વિભ્રમ

4.10.2 સામાજિક સમસ્યાઓ

4.10.2.1 શોષણને પ્રોત્સાહન

4.10.2.2 ભૌતિકવાદનો ઉદય

4.10.2.3 વ્યક્તિગત લોભવૃત્તિ

**4.10.3 નૈતિક સમસ્યાઓ**

**4.10.3.1 માનવીય મૂલ્યોનું ધોવાણ**

**4.10.3.2 બિન કાયદાકીય પ્રવૃત્તિઓ**

**4.10.3.3 ઈર્ષ્યા, દ્વેષ અને વૈમનસ્ય**

**4.10.4 રાજકીય સમસ્યાઓ**

**4.11 સારાંશ**

**4.12 ચાવીરૂપ શબ્દો (Key Words)**

**4.13 તમારી પ્રગતિ ચકાસો**

**4.14 કેટલાંક ઉપયોગી પુસ્તકો**

## 4.1 ઉદ્દેશો

વિદ્યાર્થી મિત્રો, પ્રસ્તુત એકમમાં આપણે નાણાં અંગેની જાણકારી મેળવીશું. આધુનિક સમાજમાં નાણું આર્થિક ગતિશીલતા માટેનું મહત્ત્વપૂર્ણ ચાલકબળ છે. પ્રાચીન સમયમાં કૃષિ આધારિત અને સ્વાવલંબન ધરાવતાં સમાજમાં વિનિમયના કોઈ માધ્યમની જરૂરિયાત જણાતી ન હતી.કૃષિ અધિશેષ અને વેપાર - વાણિજ્ય પ્રવૃત્તિના વિકાસ થવાથી વિનિમયના માધ્યમની જરૂરિયાત જણાઈ આથી વસ્તુ વિનિમયની સાટા પદ્ધતિ અસ્તિત્વમાં આવી. સાટા પદ્ધતિમાં બે વસ્તુઓ વચ્ચેનો વિનિમય થતો હતો પરંતુ તેની મર્યાદાઓ હતી. મૂલ્યનાં માપક તરીકે શંખ, છીપલાં, કિંમતી પત્થરો,પક્ષીઓના પીંછા વગેરેનો ઉપયોગ થતો હતો. વિનિમય માટેના આ માપ જુદા જુદા પ્રદેશો વચ્ચે જુદા જુદા હતા આથી સર્વ સ્વીકાર્ય એવા વિનિમયના માધ્યમની જરૂરિયાત સતત જણાતી રહી. આથી તેના વિકલ્પ તરીકે ધાતુઓનો વિનિમયના મધ્યમ તરીકે ઉપયોગ શરુ થયો. સોના, ચાંદી અને કાંસા જેવાં ધાતુઓનો વિનિમયમાં ઉપયોગ શરૂ થયો. ત્યારબાદ ક્રમશઃ ધાતુ ચલણ નાણાં તરીકે પ્રસ્થાપિત થતું ગયું. અર્થતંત્રના વિકાસની સાથે ધાતુ નાણાં બાદ કાગળ, પ્લાસ્ટિક અને વિજાણું નાણું પણ અસ્તિત્વ ધરાવે છે. જેમ કે વિકાસશીલ દેશોમાં ધાતુ અને કાગળ નાણાંનો વધુ ઉપયોગ થાય છે જ્યારે વિકસિત દેશોમાં પ્લાસ્ટિક (ક્રેડિટ કાર્ડ) અને વિજાણુ (ઈન્ટરનેટ બેંકિંગ, ઓનલાઈન ખરીદી)નો વ્યાપક ઉપયોગ થતો હોય છે.

## 4.2 પ્રસ્તાવના

નાણાંનો ઉદભવ કેવી રીતે અને કઈ પરિસ્થિતિમાં થયો તે કહેવું મુશ્કેલ છે. કેઈન્સના મતે, "સભ્યતાના અન્ય આવશ્યક તત્વો જેમાં જ નાણું એ પ્રાચીન સંસ્થા છે, તેનો ઉદ્‌ભવ ત્યારે થયો જ્યારે માનવ તર્ક અને નવા વિચારો માટેની પરિપકવતા પ્રાપ્ત કરી લીધી હતી".

આપણે અગાઉ ચર્ચા કરી તે અનુસાર પ્રારંભમાં વસ્તુ-વિનિમય માટે સાટા પદ્ધતિનો ઉપયોગ થતો હતો. આપણાં પૂર્વજો પોતાની જરૂરિયાત અનુસાર વસ્તુઓનું આદાન-પ્રદાન કરતા હતા. મોટાભાગની વસ્તી ગ્રામવિસ્તારમાં વસવાટ કરતી હતી. ગ્રામ સમાજમાં ખેડૂત, લુહાર, સુથાર, કુંભાર વગેરે પોતે ઉત્પન્ન કરેલ વસ્તુના બદલામાં બીજી વસ્તુ કે સેવા પરસ્પર સાટા પદ્ધતિ દ્વારા મેળવી લેતા હતા. ખેડૂત સુથારને અમુક પ્રમાણમાં અનાજ આપે તેના બદલામાં સુથાર ખેડૂતને હળ, ગાડુ આપે. આમ ગ્રામ સમાજ વિવિધ જરૂરિયાતો સાટા પદ્ધતિ દ્વારા પ્રાપ્ત કરી લેતા પરંતુ, સાટા પદ્ધતિની અનેક મુશ્કેલીઓ હતી. પહેલી મુશ્કેલી એ હતી કે સાટા પદ્ધતિ હેઠળ વિનિમય બે જરૂરિયાતવાળી વ્યક્તિઓ વચ્ચે શક્ય બનતી. જેમકે અ વ્યક્તિ પાસે ડાંગર છે તે પાંચ મણ ડાંગના બદલામાં એક ઘોડો ખરીદવા ઈચ્છે છે. સામે પક્ષે બ વ્યક્તિ પાસે ઘોડો છે પણ તેને ઘોડાના બદલામાં ગાય જોઈએ છે. આમ અ અને બ વ્યક્તિ વચ્ચે વિનિમય શક્ય બની શકશે નહીં. સાટા પદ્ધતિમાં વસ્તુ વિનમયના સોદા સરળતાથી શક્ય બનવા મુશ્કેલ જણાંતા હતા. ઉપરાંત પ્રદેશો બદલાય તેમ વસ્તુઓ પણ બદલાય આથી વિનિમય માટેનું માપ કેટલું રાખવું તે પણ સમસ્યા હતી. ઉપરાંત તમામ જગ્યાએ સમાન વસ્તુઓનાં વિનિમય મૂલ્યનો માપદંડ સમાન જ હોવો જોઈએ તે આવશ્યકતા ઊભી થઇ. સાટાપદ્ધતિની મર્યાદા આ હોવાથી અને સમાજ અને સંસ્કૃતિના વિકાસની સાથે 'નાણાં'ની શોધ થઇ. નાણાંની શોધ કેવી રીતે થઈ તે અંગે બે વિચારધારા પ્રવર્તે છે, એક મત એવો છે કે, નાણાંની શોધ ક્રમશઃ માનવીના આર્થિક જીવનમાં થતાં વિકાસની સાથે થતી રહી છે, જે માટે વિશેષ પ્રયાસો કરવા પડ્યા નથી. જ્યારે બીજો મત એમ જણાવે છે કે, નાણાંની શોધ કરવા માનવ સમાજે વિશેષ પ્રયાસો કરવા પડ્યા છે. આમ નાણાંની શોધ અંગેના બે સિદ્ધાંતો પ્રવર્તે છે, નાણાંની આકારે-મક શોધનો સિદ્ધાંત અને નાણાંની જરૂરીયાતની શોધનો સિદ્ધાંત.

### 4.2.1 નાણાંની આકસ્મિક શોધનો સિદ્ધાંત

આ સિદ્ધાંત અનુસાર નાણાંની શોધ આકસ્મિક રીતે થઈ છે. તે માટે વિશેષ પ્રયાસો કરવા પડ્યા નથી. જેમ જેમ વિનિમયની પ્રવૃત્તિ વધતી ગઈ તેમ તેમ લોકો કોઈના કોઈ માપદંડને વિનિમયની

માધ્યમ તરીકે અપનાવતા ગયા, જે કાળક્રમે આજ વિનિમયના માધ્યમોને નાણાં તરીકે સંબોધિત કરતા થયાં. આ સિદ્ધાંત અનુસાર માનવ જરૂરિયાતો અને આર્થિક પ્રવૃત્તિઓના વધારા સાથે નાણાંની જરૂરિયાત ઉદભાવી એ અનુસાર નાણાંનો ઉપયોગ વધતો ગયો અને ક્રમશઃ તેમાં પરિવર્તનો આવતા રહ્યા.

### 4.2.2 નાણાંની જરૂરિયાતની શોધનો સિદ્ધાંત

આ સિદ્ધાંતના સમર્થકો એમ માને છે કે, વિનિમયની સાટા પદ્ધતિની મુશ્કેલીઓને સરળ કરવા માટે નાણાંની શોધ કરવામાં આવી છે. સાટા પદ્ધતિમાં વસ્તુના મૂલ્ય માપનના પ્રશ્નો અને વિનિમયના વધતા પ્રમાણની સાથે આ પદ્ધતિના આધારે વિનિમય કરવો અસંભવ બની ગયો હતો. આથી મનુષ્ય સમાજે એ અનુભવ કર્યો કે, તમામ વસ્તુઓ કે જેનો વિનિમય થાય છે તેના મૂલ્યનિર્ધારણ માટેનો કોઈ એક જ માપદંડ હોવો જોઈએ. સમયની સાથે વિવિધ જગ્યાએ આ માપદંડના જુદા જુદા સ્વરૂપોને અપનાવતા થયાં અને જે વસ્તુઓ વિનિમયમાં મૂલ્યનાં માપક તરીકે સરળ રહ્યાં તેનો નાણાં તરીકે ઊપયોગ થવા લાગ્યો આથી ધાતુનો ચલણ તરીકે ઉપયોગ થવા લાગ્યો. આમ નાણાંની શોધ ક્રમશઃ વિનિમયની સરળતા માટેના પ્રયાસોમાંથી થઇ.

## 4.3 નાણાંનો અર્થ

અર્થશાસ્ત્રીઓએ મુખ્યત્વે (1) કાર્યક્ષેત્ર અને (2) પ્રકૃતિ અથવા લાક્ષણિકતાના આધારે વ્યાખ્યાઓ આપવામાં આવી છે. આ ઉપરાંત વિસ્તારના આધારે વિસ્તૃત અને મર્યાદિત રીતે નાણાંની વ્યાખ્યા આપવામાં આવી છે. મર્યાદિત અર્થમાં ધાતુનાણાંનો સમાવેશ થાય છે. જ્યારે વિસ્તૃત રૂપમાં ધાતુ નાણું, કાગળ નાણું, શાખ નાણું વીજાણુ નાણું વગેરેનો સમાવેશ થાય છે.

### 4.3.1 નાણાંની કાર્યક્ષેત્રના આધારે વ્યાખ્યાઓ

નાણાંનાં વિવિધ કાર્યોના સંદર્ભે વિવિધ અર્થશાસ્ત્રીઓએ નાણાંની વ્યાખ્યા આ મુજબ આપી છે.

વિવિધ અર્થશાસ્ત્રીઓએ નાણાંની આપેલ વ્યાખ્યા તપાસીએ.

''નાણું તે જ છે જે નાણાંનું કાર્ય કરે છે'' - ***હાર્ટલે***

''નાણું માત્ર ખરીદ શક્તિ છે જે અન્ય વસ્તુઓને ખરીદે છે.'' - ***કૌલ***

''નાણું એક એવી વસ્તુ છે જે વસ્તુઓના મૂલ્યની ચૂકવણીમાં અથવા અન્ય વ્યાપારિક જવાબદારીઓની પતાવટમાં વિસ્તૃત રૂપે અપનાવવામાં આવતું હોય'' - ***રોબર્ટસન***

''નાણું એ એવી વસ્તુ છે જે વિનિમયના મધ્યમના રૂપે સ્વતંત્ર રીતે ફેરબદલ થતું હોય છે અને જે સામાન્ય રૂપે દેવાની અંતિમ પતાવટમાં પ્રયોજાતુ હોય'' - ***એલી***

''નાણાંમાં એ તમામ વસ્તુઓ આવરી લેવાય છે જો વિશેષ સમય કે વિશેષ જગ્યાએ કોઈ પણ શંકા કે તપાસ વિના વસ્તુઓ અને સેવાઓ ખરીદવામાં તથા ખર્ચની ચૂકવણીનાં સાધન તરીકે સામાન્ય રીતે વધુ પ્રચલિત હોય છે.'' - ***માર્શલ***

ઉપરોક્ત વ્યાખ્યાઓમાં રોબર્ટસનની નાના અંગેની વ્યાખ્યા સંકુચિત અર્થમાં છે કારણ કે, તેમના મતે માત્ર ધાતુ ચલણ જ નાણું છે. જ્યારે એલી અને માર્શલની વ્યાખ્યામાં ધાતુ અને કાગળ નાણું જ નાણાં તરીકે ગણ્યું છે.

### 4.3.2 પ્રકૃતિના આધારે નાણાંની વ્યાખ્યા

પ્રકૃતિના આધારે આપેલ વ્યાખ્યાઓને મુખ્યત્વે ત્રણ વિભાગોમાં વહેંચવામાં આવે છે.

1. કાયદાકીય વ્યાખ્યા
2. વર્ણાત્મક વ્યાખ્યા અને
3. સામાન્ય સ્વીકૃતિ આધારિત વ્યાખ્યા

1. "કોઈ પણ વસ્તુ જે રાજ્ય દ્વારા નાણાં તરીકે જાહેર કરવામાં આવે તે નાણું બની જાય છે."

*-નૅપ*

2. "કોઈ વસ્તુ જે વિનિમયના સાધનાના રૂપે સામાન્ય રીતે સ્વીકારવામાં આવતી હોય અને તે જ સમયે મૂલ્યનું માપન અને મૂલ્યના સંચયનું કાર્ય કરતું હોય તેને નાણું કહેવામાં આવે છે."

*- ક્રાઊથર.*

3. નાણું એ વસ્તુ છે જે સામાન્ય સ્વીકૃતિ ધરાવે છે" *- સેલિંગમેન.*

4. નાણું સમુદાય ઉપર એક પ્રકારનો અધિકાર છે. કઈક દેવાનો આદેશ અથવા વચન છે. જેના વડે તેનો માલિક પોતાની ઈચ્છા ગમે તે સમયે પૂરી કરી શકે છે. નાણું સ્વયં સાધ્ય નથી પરંતુ વ્યક્તિઓની સેવાઓ અને વસ્તુઓ ઉપર અધિકાર પ્રાપ્ત કરવાનું માત્ર સાધન છે" *- ટોમસ.*

ઉપરોક્ત તમામ વ્યાખ્યાઓ એક બીજાથી ભિન્ન છે પરંતુ ક્રાઊથરની વ્યાખ્યા શ્રેષ્ઠ જણાય છે કારણ કે તેઓ નાણાંને વિનિમયના તમામ કાર્યો જેમ કે વિનિમયનું માધ્યમ, મૂલ્યનું માપક, સંપત્તિ સંચય વગેરે ઉપર ભાર આપે છે. સામાન્ય સ્વીકૃતિ ધરાવતા નાણાંનું મહત્ત્વનું લક્ષણ એ છે કે તેમાં બેંક નોટો, શાખ પત્રો તથા જમીનગીરીને નાણાંમાં સામેલ કરેલ છે.

## 4.4 નાણાંના કાર્યો

નાણાંને સમજવામાં મહત્ત્વની બાબત એ ધ્યાને લેવા નાણું એક માધ્યમ રૂપી આવરણ છે જેની પાછળ તેના વાસ્તવિક કાર્યો છૂપાયેલા છે. આથી નાણાંનું સ્વરૂપ સમજવું આવશ્યક છે. નાણું મુખ્યત્વે આર્થિક પ્રવૃત્તિ શક્ય બનાવે છે અને તેનો વ્યાપ વધારે છે. આમ નાણું આર્થિક પ્રવૃત્તિનો વાહક છે. નાણું વિનિમયનું સાધન છે સાધ્ય નથી. કારણ કે નાણું પ્રત્યક્ષ રીતે વ્યક્તિની જરૂરિયાતો પૂરી પાડતું નથી પરંતુ નાણાં વડે વસ્તુ, સેવા ખરીદવામાં આવે છે, આ વસ્તુ કે સેવાના વપરાશ થકી ગ્રાહક તુષ્ટિ ગુણ પ્રાપ્ત કરે છે. આ સંદર્ભે નાણું પ્રત્યક્ષ તુષ્ટિગુણ પૂરું પડતું નથી. પરંતુ કંજૂસ વ્યક્તિ તો નાણાં દ્વારા પ્રત્યક્ષ તુષ્ટિગુણ મેળવી શકતા હોય છે, જો કે જરૂરિયાતો પૂરી પાડવા વસ્તુ-સેવા ખરીદવી તો પડે છે.

### 4.4.1 નાણું આર્થિક પ્રવૃત્તિનો આધાર

આધુનિક સમયમાં નાણું માત્ર આવરણ તરીકે નહીં પરંતુ સક્રિય તત્વ તરીકે મહત્ત્વનું સ્થાન ધરાવે છે. વિકસિત કે વિકસતા અર્થતંત્રોમાં નાણું ઉત્પાદન પહેલા, ઉત્પાદનની પ્રક્રિયામાં અને ત્યાર બાદ નાણાંની જરૂરિયાત રહે છે. ગ્રાહકો નાણાં વડે પોતાની આવશ્યક કે મોજ શોખની વસ્તુ કે સેવાની જરૂરિયાત પૂરી કરે છે, જ્યારે નિયોજકો નાણાં વડે મૂડી રોકાણ કરી વસ્તુ કે સેવાનું ઉત્પાદન, વેચાણ કરીને નાણાં સ્વરૂપે નફો પ્રાપ્ત કરે છે. આમ પ્રવર્તમાન સમયમાં નાણાં વિના કોઈ પણ આર્થિક પ્રવૃત્તિ શક્ય નથી તેમ કહી શકાય.

### 4.4.2 નાણું સાધન છે સાધ્ય નથી

બીજી મહત્ત્વપૂર્ણ બાબત એ છે કે, નાણું ભૌતિક વસ્તુઓ અને સેવાઓ સંબંધિત જરૂરિયાતોની પ્રાપ્તિ માટેનું માધ્યમ બને છે અને આ વસ્તુઓ અને સેવાઓના વપરાશ દ્વારા વ્યક્તિ તુષ્ટિગુણ/સંતોષ મેળવે છે. નાણું પોતે પ્રત્યક્ષરીતે સંતોષ આપતું નથી પરંતુ નાણાં વડે સંતોષ આપનારી વસ્તુઓ અને સેવાઓ પ્રાપ્ત/ખરીદી શકાય છે આ સંદર્ભે નાણું સાધન છે સાધ્ય નથી. જેમકે 100 રૂપિયાની નોટ ખિસ્સામાં હોવાથી ભૂખ સંતોષાતી નથી પરંતુ 100 રૂપિયાની નોટ વડે ભોજન ખરીદીને જમ્યા બાદ ભૂખ સંતોષાય છે આમ નાણું કે તેનો જથ્થો પ્રત્યક્ષ રીતે વ્યક્તિની જરૂરિયાતની સંતોષી શકતો નથી પરંતુ નાણાં વડે વસ્તુઓ - સેવાની ખરીદી અને આ વસ્તુઓના વપરાશ દ્વારા તુષ્ટિગુણ પ્રાપ્ત કરી શકાય છે.

આધુનિક અર્થ વ્યવસ્થાની વિશેષતાઓના આધારે નાણાંનાં કાર્યોને મુખ્ય બે વિભાગોમાં વિભાજિત કરવામાં આવે છેઃ સ્થિર કાર્ય અને ગતિશીલ કાર્ય નાણાંનું સ્થિર કાર્ય અર્થતંત્રનું માત્ર સંચાલન કરે છે

તેને ગતિશીલ નથી કરતું. જ્યારે નાણાંનું ગતિશીલ કાર્ય અર્થતંત્રને વિનિમયના માધ્યમ તરીકે ગતિશીલ તો કરે છે એની સાથે સક્રિય રીતે અન્ય આર્થિક પ્રવૃત્તિઓ જેમ કે રોજગારી, વપરાશ, ઉત્પાદન સંબંધિત પ્રવૃત્તિઓ, બચત, મૂડી રોકાણ અને આવકમાં પરિવર્તન લાવે છે. નાણાંના સ્થિર કાર્ય ચાર વિભાગમાં વહેંચાયેલા છે. પ્રાથમિક કાર્ય, સહાયક કાર્ય, આકસ્મિક કાર્ય અને અન્ય કાર્ય. આ તમામ કાર્યોની સમજ મેળવીએ.

### 4.4.3 નાણાંનું પ્રાથમિક કાર્ય

વિનિમયનું માધ્યમ અને મૂલ્યના માપકનું કાર્ય એ નાણાંનું મુખ્ય કાર્ય છે.

#### 4.4.3.1. વિનિમયનું માધ્યમ

નાણું વસ્તુ અને સેવાના ખરીદ વેચાણના માધ્યમ તરીકે ઊપયોગમાં લેવાય છે. તે નાણાંનું પ્રથમ મૂળભૂત કાર્ય છે. પહેલા સાટા પદ્ધતિ મર્યાદિત વિનિમયમાં પ્રયોજાતી હતી. કૃષિ ક્ષેત્રે અન્નના અધિશેષનું સર્જન થવાથી વેપારનું કદ ક્રમશઃ વધતું ગયું. તેના કારણે વસ્તુઓની વિનિમયની પ્રક્રિયામાં ચોક્કસ માધ્યમની આવશ્યકતા સતત જણાઈ. નાણું વિવિધ વિનિમયના માધ્યમ તરીકે સર્વ સ્વીકાર્ય બન્યું અને વિનિમય સરળ અને ઝડપી બન્યો.

#### 4.4.3.2. મૂલ્યના માપનનું કાર્ય

વિનિમય માધ્યમ બાદ બીજું કાર્ય એ મૂલ્ય માપનનું છે. વસ્તુ અને સેવાઓના મૂલ્યને નાણાંમાં વ્યક્ત કરવામાં આવે છે. આ મૂલ્ય વિનિમય પ્રમાણને નિર્ધારિત કરે છે. વસ્તુ અને સેવાનું મૂલ્ય નાણાંમાં વ્યક્ત થાય છે ત્યારે વપરાશ, ઉત્પાદન, ખર્ચ, નફો-લાભ અને સાધનોની ફાળવણી જેવાં મહત્ત્વપૂર્ણ આર્થિક નિર્ણયો લેવામાં સરળતા રહે છે.

### 4.4.4 નાણાંના સહાયક કાર્ય

નાણાંની શોધ બાદ નાણાંનું કાર્યક્ષેત્ર વિસ્તૃત થતું ગયું તેના પ્રાથમિક કાર્યોના સહાયક રૂપના અન્ય કાર્યો અસ્તિત્વમાં આવ્યા. નાણાંનાં સહાયક કાર્યોમાં ત્રણ પ્રકારના કાર્યોનો સમાવેશ થાય છે.

#### 4.4.4.1 મૂલ્ય સંગ્રહનું કાર્ય

નાણું મૂલ્ય સંગ્રહના સાધનના રૂપમાં કાર્ય કરે છે. વર્તમાનમાં કરવામાં આવેલ બચત ભવિષ્યની મૂલ્ય અથવા ખરીદ શક્તિનો સંગ્રહ છે તથા નાણાંની ખરીદ શક્તિ અથવા મૂલ્ય સંચયનું શ્રેષ્ઠ સાધન છે. આધુનિક સમયમાં નાણાંનું આ કાર્ય વિશેષ મહત્ત્વ ધરાવે છે કારણ કે, બચત દ્વાર જ મૂડી રોકાણ અને આર્થિક વિકાસ સંભવ બને છે.

#### 4.4.4.2 મૂલ્ય હસ્તાંતરણનું કાર્ય

નાણાં દ્વારા એક વ્યક્તિથી બીજી વ્યક્તિ, એક સ્થળેથી બીજા સ્થળે સંપત્તિનું હસ્તાંતરણ સરળતાપૂર્વક થઈ શકે છે કારણ કે, નાણાંમાં સામાન્ય સ્વીકૃતિનો ગુણ રહેલો છે. નાણાંનાં મૂલ્ય હસ્તાંતરણના કાર્યથી ઉત્પાદનના સાધનોની ગતિશીલતામાં વૃદ્ધિ થાય છે.

#### 4.4.4.3 સ્થગિત ચૂકવણીઓનો માપક

આધુનિક આર્થિક પ્રવૃત્તિઓના સતત પ્રવાહમાં શાખ (credit) મહત્વનું સ્થાન ધરાવે છે. ભવિષ્યની ચુકવણી કરવાની શરતો/વાયદાને આધારે વ્યક્તિઓ અને સંસ્થાઓ વસ્તુઓ અને સેવાઓ વર્તમાનમાં પ્રાપ્ત કરવાનો પ્રયત્ન કરે છે. બીજા શબ્દોમાં વસ્તુ અને સેવાઓના વપરાશના બદલામાં ચૂકવણું તુરંત નથી થતું પરંતુ થોડા સમય માટે સ્થગિત કરવામાં આવે છે. નાણું આ સ્થગિત ચૂકવણીઓની વ્યવસ્થાને સરળ બનાવે છે. નાણાંનાં આ કાર્યોના કારણે ગ્રાહકો ઉધારમાં વસ્તુ સેવા પ્રાપ્ત કરી શકે છે, અથવા બેંક પાસેથી લોન લઈ શકે છે, વેપારીઓ વાયદા બજારમાં વસ્તુ ખરીદી શકે છે અને સરકાર જાહેર દેવું કરી શકે છે. આમ નાણું ભવિષ્યમાં ચૂકવણીની ખાતરી આપે છે.

### 4.4.5. નાણાંનાં આકસ્મિક કાર્ય

અર્થતંત્ર કૃષિ આધારિત અર્થ વ્યવસ્થામાંથી ઔદ્યોગિક અર્થવ્યવસ્થામાં પરિવર્તિત થાય તેમ નાણાંની ભૂમિકાને વધુ વિસ્તૃત બને છે. નાણું વિનિમયની પ્રક્રિયામાં વસ્તુ કે સેવાના મૂલ્ય માપક અને મૂલ્યના સંગ્રાહક તરીકે મહત્વના કાર્યો કરે છે. તેના કારણે અર્થતંત્રમાં આર્થિક વિકાસ સંબંધિત પ્રવૃત્તિઓ સરળતાથી કરી શકાય છે.

#### 4.4.5.1 નાણું શાખ સર્જનનો આધાર

બેંક અને નાણાંકિય સંસ્થાઓ દ્વારા આપતી શાખનો આધાર નાણું જ છે. વ્યાપારી બેંકની શાખ નિર્ધારણ ક્ષમતા બેંકમાં પડેલ જમા રકમ અને તરલ અસ્કામત ઉપર નિર્ભર કરે છે અને તેનો આધાર નાણું છે. ચેક, બેંક ડ્રાફ્ટ, હૂંડી વગેરેનો આધાર નાણું છે. આધુનિક બેંકનો વિકાસ નાણાં દ્વારા શક્ય બન્યો છે. વ્યક્તિઓ પોતાની નાણાંરૂપી બચત બેંકમાં મૂકે છે જેના ઉપર નાણાંરૂપી વ્યાજ આવક મેળવે છે બીજી તરફ બેંક નાણાંરૂપી ધીરાણ કરીને વ્યાજ આવક અને નફો મેળવે છે. જેનાથી ક્રમશઃ બેંકની ધીરાણ ક્ષમતામાં વધારો થાય છે જેને શાખ સર્જન તરીકે ઓળખવામાં આવે છે.

#### 4.4.5.2 રાષ્ટ્રીય આવકની વહેંચણી

રાષ્ટ્રીય આવકમાં ઉત્પાદનના વિવિધ સાધનોનું યોગદાન રહેલું હોય છે. આ સાધનો દ્વારા જ રાષ્ટ્રીય આવકનું સર્જન થાય છે. તેમજ ઉત્પાદનના સાધનો પોતાના યોગદાનને આધારે રાષ્ટ્રીય આવકમાંથી નાણાં સ્વરૂપે પોતાનો હિસ્સો પ્રાપ્ત કરે છે. જેમકે કોઈ પણ દેશની રાષ્ટ્રીય આવકમાં જમીનને ભાડું, શ્રમિકને વેતન, મૂડીને વ્યાજ અને નિયોજકને નફાની વહેંચણી થાય છે તે નાણાં સ્વરૂપે થતી હોય છે.

#### 4.4.5.3 મહત્તમ તુષ્ટિગુણ અને ઉત્પાદન પ્રાપ્ત કરવામાં સહાયરૂપ

ગ્રાહક બજારમાં કિંમત ચૂકવીને વસ્તુ કે સેવાનો જથ્થો પ્રાપ્ત કરે છે. જ્યારે વસ્તુમાંથી પ્રાપ્ત થતો સીમાંત તુષ્ટિગુણ એ વસ્તુની કિંમત બરાબર થાય ત્યારે ગ્રાહકની મહત્તમ તુષ્ટિગુણનો ઉદ્દેશ પૂર્ણ થાય છે. નાણાં વિના ગ્રાહકનો તુષ્ટિગુણ/સંતોષ માપવો શક્ય નથી.

તેવી રીતે નિયોજક મહત્તમ નફો મેળવવા માટે ઉત્પાદન ખર્ચ ન્યૂનતમ કરવા માટે ઉત્પાદનના સાધનોની કિંમત (શ્રમિકને ભાડું, જમીનને વેતન, મૂડીને વ્યાજ) અને આ સાધનોની સીમાંત ઉત્પાદકતા બરાબર કરવાનો પ્રયાસ કરે છે. તમામ સાધનોની સીમાંત ઉત્પાદકતા અને તેની કિંમત નાણાં વડે માપવામાં આવે છે. આમ નાણાં દ્વારા ગ્રાહકનો અધિકત્તમ તુષ્ટિગુણ પ્રાપ્તિનો ઉદ્દેશ અને નિયોજકનો અધિકત્તમ  નફો હોય છે. બજારમાં કિંમતો ગ્રાહકોની માંગને નિર્ધારિત કરે છે, તેના આધારે ઉત્પાદન અને ઉત્પાદનના સાધનોની વહેંચણી થાય છે. આમ મૂડીવાદી બજારની દીવાદાંડી એ સામાન્ય ભાવ સપાટી છે. વસ્તુ અને સાધનોની કિંમતો નાણાંમાં વ્યક્ત થાય છે.

નાણાંની માંગ અને પુરવઠાને મૂલ્ય સ્તર (વસ્તુ અને સાધનોની કિંમતો) સાથે ઘનિષ્ઠ સંબંધ હોય છે. જો અથતંત્રમાં નાણાંનો પુરવઠો વધારવામાં આવે તો વસ્તુઓ અને સાધનોની કિંમતોમાં વધારો થાય અને ફુગાવો સર્જાય આથી વિરુદ્ધ નાણાંના પુરવઠામાં ઘટાડો થાય તો વસ્તુઓ અને સાધનોની કિંમતોમાં ઘટાડો અને મંદી સર્જાય છે. આમ જે અર્થવ્યવસ્થામાં કિંમત તંત્ર દ્વારા આર્થિક નિર્ણયો લેવાતા હોય ત્યાં નાણું વપરાશ, ઉત્પાદન, રોજગારી, મૂડી રોકાણને પ્રભાવિત કરે છે.

#### 4.4.5.4 આર્થિક વિકાસ સંબંધિત કાર્ય

વિકસતા દેશોની આર્થિક નીતિમાં આર્થિક વિકાસ એ મુખ્ય ઉદ્દેશ હોય છે. નાણું તેના વિવિધ કાર્ય દ્વારા આ ઉદ્દેશ્યની પ્રાપ્તિમાં સહાયરૂપ બને છે. નાણાંનાં કારણે બચતોનું એકત્રીકરણ અને સંસ્થાકિય બચતોનું સર્જન થાય છે જેના દ્વારા મૂડી રોકાણમાં વધારો થાય છે. આ ઉપરાંત ખાધવાળા અંદાજપત્ર દ્વારા સરકાર પોતાની જાહેર આવકો કરતા જહારે ખર્ચ વધુ કરી અને આર્થિક આયોજન કરે છે. જેના પરિણામે રોજગારી અને આવકમાં વધારો થાય છે. આમ, કોઈપણ અર્થતંત્રના આર્થિક વિકાસની પ્રાપ્તિમાં નાણું મહત્ત્વની ભૂમિકા ભજવે છે.

## 4.5 અર્થતંત્રમાં નાણાંનું મહત્ત્વ

નાણાં દ્વારા આર્થિક અને બિનઆર્થિક લાભો પ્રાપ્ત થાય છે. નાણુ અર્થતંત્રને બે રીતે પ્રત્યક્ષ અને પરોક્ષ લાભ પૂરા પાડે છે જેનાથી આર્થિક પ્રવૃત્તિઓના વ્યાપ અને વિકાસ વધતો જયા છે. સમાજના જુદાજુદા વર્ગો (ખેડૂત, વેપારી, ઉત્પાદક, ગ્રાહક) પોતાની આર્થિક પ્રવૃત્તિઓ દ્વારા જે લાભ (તુષ્ટિગુણ) અનુભવે તે પ્રત્યક્ષ લાભ કહેવાય. જ્યારે નાણાંનાં ઉપયોગથી અર્થતંત્ર ઉપર જે પ્રભાવ પડે છે તેને નાણાંનાં પરોક્ષ લાભ કહેવાય છે.

### 4.5.1. નાણાંનાં પ્રત્યક્ષ લાભ

#### 4.5.1.1. વપરાશી ખર્ચ

ગ્રાહકનાં હાથમાં રહેલ નાણું તેના વપરાશી ખર્ચનું નિર્ધારણ કરે છે. ગ્રાહક પોતાની આવકની મર્યાદા અને વસ્તુ કે સેવાની બજાર કિંમતોના સંદર્ભે માંગ કરે છે. ગ્રાહકે વસ્તુ અને સેવામાંથી મહત્તમ તુષ્ટિગુણ પ્રાપ્ત થાય એ રીતે નિર્ણયો લે છે. તુષ્ટિગુણ સંતોષને નાણાં વડે માપવામાં આવે છે. તેના આધારે સમ સીમાંત ઉપયોગિતાનો સિદ્ધાંત, મહત્તમ તુષ્ટિગુણનો સિદ્ધાંત પ્રયોજાય છે.

#### 4.5.1.2. ઉત્પાદન

નાણાં દ્વારા શ્રમવિભાજન અને વિશિષ્ટિકરણ શક્ય બન્યું છે, ઉત્પાદનના સાધનો ઉપરનો ખર્ચ અને વસ્તુની બજાર કિંમત ઉત્પાદકના નફા, મૂડી રોકાણ અને ઉત્પાદનના કદને પ્રભાવિત કરે છે. નિયોજક અથવા પેઢી નાણાંરૂપી નફાનાં આધારે વધુ ઉત્પાદન કરવાનો નિર્ણય લે છે. જો કોઈ વસ્તુના ઉત્પાદન કરવાથી નીચી વેચાણ આવક અને નીચો નફો પ્રાપ્ત થશે તો ઉત્પાદક નીચો નફો આપતી વસ્તુનું ઉત્પાદન બંધ કરશે અને વધુ નફો આપતી વસ્તુના ઉત્પાદનમાં વધુ મૂડી રોકાણ કરશે. આમ નાણું ઉત્પાદકોને ઉત્પાદન વધારવા કે ઘટાડવા નાણાંરૂપી નફો કે નુકશાનનાં સંકેત આપે છે.

#### 4.5.1.3. વહેંચણી

પેઢીઓ દ્વારા ઉત્પાદન કરવા માટે ઉત્પાદનના સાધનો જેવાં કે જમીન, મૂડી, શ્રમ સાધનોની જરૂર પડે છે. મોટા પ્રમાણમાં ઉત્પાદનના આ સાધનો તેની ઉત્પાદકતાના આધારે વળતર મેળવે છે. જેમ કે જમીનને ભાડાની, શ્રમિકને વેતન અને મૂડીને વ્યાજ તેમની સીમાંત કાર્યક્ષમતા અનુસાર પ્રાપ્ત થાય છે. આ તમામ શ્રમિકને વેતન મૂડી ઉપરના વ્યાજની ચુકવણી નાણાં સ્વરૂપે થતી હોય છે. જટિલ આર્થિક નિર્ણયો નાણાંની મદદથી સરળ બનાવી શકાય છે અને વિવિધ ઉત્પાદનના સાધનોનું એકત્રીકરણ અને વહેંચણી સરળ બને છે.

#### 4.5.1.4. વિનિમય

વસ્તુ વિનિમય અંગેની સાટા પદ્ધતિની અનેક મર્યાદાઓ હતી. આથી વિનિમય મર્યાદિત પ્રમાણમાં થતો હતો. વિનિમયની પ્રક્રિયામાં નાણાંનો પ્રવેશ થવાથી બે પક્ષ વચ્ચે વિનિમય સરળ અને ઝડપી શક્ય બની શક્યો. કિંમત નિર્ધારણ, સ્થગિત ચૂકવણીઓ, વસ્તુના મૂલ્યનિર્ધારણ વગેરે પ્રવૃત્તિઓ નાણાંના માધ્યમ દ્વારા સરળ બનાવથી વિનિમય સરળ બને છે.

#### 4.5.1.5 રાજકોષીયનીતિ (રાજ્યની આવક, ખર્ચ અને દેવાની નીતિ)

નાગરિકોના સંરક્ષણ, આંતરિક શાંતિ, અને સલામતી માટે રાજ્યે નાણાં રૂપી કર આવકો પ્રાપ્ત કરે છે. જાહેર સુવિધાઓ અને વિકાસ માટેની યોજનાઓમાં નાણાંકિય જાહેર ખર્ચ કરે છે. જો જાહેર આવકો કરતા જાહેર ખર્ચ વધી જાય તો ખાદ્ય પુરવણી દ્વારા અને જાહેર લોન દ્વારા જાહેર દેવું કરે છે. આમ નાણાં દ્વારા રાજ્યની જાહેર આવક અને જાહેર ખર્ચની પ્રવૃત્તિઓ સરળતાથી થઈ શકે છે.

### 4.5.2 નાણાંનાં પરોક્ષ લાભ

નાણાં થકી ઉત્પાદનની પ્રક્રિયામાં વિવિધ કુશળતાના આધારે શ્રમિકો જોડાય છે આથી શ્રમિકની કુશળતામાં વૃદ્ધિ થાય છે. ઉત્પાદનની જટીલ પ્રક્રિયા નાણાં વડે સરળ બને છે.

### 4.5.2.2 નાણું આર્થિક પ્રવૃત્તિઓનું પ્રેરક

ખેડૂત, ઉત્પાદક, શ્રમિક ઉદ્યોગપતિ અને વેપારી પોતાનો નફો, વેતન કે આવકને નાણાં દ્વારા માપે છે. તેમાં વધારો થવાથી આ તમામ વધુ લાભ મેળવવા માટે પ્રેરિત બને છે.

### 4.5.2.3. શાખ સર્જનનો આધાર

વ્યાપારી બેંક નાણાં દ્વારા શાખ સર્જન કરે છે જેથી સમગ્ર અર્થતંત્રને લાભ પ્રાપ્ત થાય છે.

### 4.5.2.4. મૂડીસર્જન

નાણાંમાં અન્ય વસ્તુઓનું મૂલ્ય માપવાની ક્ષમતા હોવાથી નાણું બચતોનું અને મૂડી રોકાણનું માધ્યમ બને છે જે અર્થતંત્રની આર્થિક સમૃદ્ધિમાં વધારો કરે છે.

### 4.5.2.5. મૂડીની ઉત્પાદકતામાં વૃદ્ધિ

નાણું તરલ સંપત્તિ છે. મૂડી નાણાંની આ લાક્ષણિકતા મૂડીને ગતિશીલ બનાવી વધુ લાભ આપતા ક્ષેત્રોમાં મૂડી રોકાણ દ્વારા નાણું મૂડીની ઉત્પાદકતામાં વૃદ્ધિ કરે છે.

### 4.5.2.6. મૂડીની ઉત્પાદકતામાં વૃણિ

આધુનિક વિનિમયમાં દેવું મહત્વનું સ્થાન ધરાવે છે. વસ્તુ અને સેવાઓ વર્તમાનમાં પ્રાપ્ત કરી તેની ચૂકવણી ભવિષ્યમાં નાણાં દ્વારા કરવી સરળ બને છે. બજારનું કદ જેમ-જેમ વિસ્તૃત થતું જાય તેમ નિયોજકોના નફામાં વધારો થતો જાય છે, આથી નવા મૂડી રોકાણો અને જૂના મૂડી સાધનોનો કાર્યક્ષમ ઉપયોગ કરી શકે છે. આથી મૂડીની ઉત્પાદનમાં સતત વધારો છે.

### 4.5.2.7. વિકાસનું માપન

નાણું રાષ્ટ્રીય આવક, માથાદીઠ આવક, કુલ ગૃહ પેદાશ વગેરે આર્થિક વિકાસના માપદંડ છે. જેનું માપન નાણાં દ્વારા થાય છે. આમ નાણું આર્થિક વિકાસની કક્ષા માપવામાં મહત્વની ભૂમિકા ભજવે છે. જેમ કે વિશ્વબેંકે વિશ્વના રાષ્ટ્રોને માથાદીઠ આવકોના આધારે ઊંચી આવક ધરાવતા અને નીચી આવક ધરાવતા રાષ્ટ્રોમાં વિભાજિત કરે છે. સામાન્ય રીતે ઊંચી માથાદીઠ આવક ધરાવતા દેશોમાં આર્થિક વિકાસ વધુ અને નીચી આવક ધરાવતા દેશોમાં આર્થિક નીચો છે તેમ માનવમાં આવે છે. આમ નાણાં દ્વારા વિકાસની કક્ષા જાણી શકાય છે. આ ઉપરાંત સંયુક્ત રાષ્ટ્રસંઘ દ્વારા 1990થી માનવ વિકાસ અહેવાલ પ્રકાશિત કરવામાં આવે છે. આ અહેવાલ માનવ વિકાસ માપવા માટે સામાજિક માપદંડો જેમ કે આરોગ્ય, અને શિક્ષણની સાથે માથાદીઠ આવકને પણ ગણતરીમાં લે છે. આમ વિકાસની કક્ષા માપવા માટે આર્થિક, નાણાંકિય માપદંડ એટલું જ મહત્ત્વ ધરાવે છે.

### 4.5.2.8. સામાજિક કલ્યાણનું માપન

આર્થિક વિકાસની સાથે આર્થિક અસમાનતામાં ઘટાડો, ગરીબીમાં ઘટાડો સામાજિક કલ્યાણને સૂચવે છે. રાજ્ય જાહેર કરજ અને જાહેર ખર્ચ દ્વારા સામાજિક કલ્યાણ સિદ્ધ કરવા માટે નાણાંનો ઉપયોગ કરે છે.

### 4.5.2.9. નાણું બેંક અને વીમાના વ્યવસાયનો આધાર

બેંક અને વીમા વ્યવસાય નાણાંના કારણે જ અસ્તિત્વમાં આવ્યો. નાણાં સંસાધનોનો સંગ્રહ અને તેનો ઇચ્છિત ઉપયોગ બેંક દ્વારા થાય છે. વિવિધ પ્રકારના નાણાંકીય જોખમો સામે વીમા રક્ષણ પૂરું પાડે છે. જે જીવન વીમો, સ્વાસ્થ્ય વીમો વગેરે વ્યક્તિને આવનારા સંભવિત જોખમ સામે નાણાંકીય સુરક્ષા પૂરી પાડે છે. આમ બેંક અને વીમા પેઢીઓ નાણાં દ્વારા પ્રવૃત્તિઓ કરી શકે છે.

### 4.5.2.10. નાણાં દ્વારા આંતરરાષ્ટ્રીય સહયોગમાં વૃદ્ધિ

સ્થિરતા પૂર્વકનો આર્થિક વિકાસ એ વિકાસશીલ દેશોનો મુખ્ય ઉદ્દેશ હોય છે. જ્યારે વિકસિત દેશો પોતાના આર્થિક વિકાસને ટકાવી રાખવા માટે ઉત્પાદિત પેદાશો માટે નવા બજારો શોધે છે. વિકાસશીલ દેશો પાસે મર્યાદિત મૂડી સાધનો, કુશળ માનવશ્રમ અને નીચી તકનિકી હોવાથી વિકસિત

દેશ સાથે વ્યાપાર કરાર દ્વારા પોતાના દેશમાં નવા મૂડી રોકાણ દ્વારા વધુ ઉત્પાદન, આવકનું સર્જન કરીને આર્થિક વિકાસ દર ઉંચો પ્રાપ્ત કરી શક છે જ્યારે વિકસિત દેશો નવા બજારો મેળવી પોતાની રાષ્ટ્રીય આવકનો ઊંચો દર પ્રાપ્ત કરી શકે છે. આમ વિશ્વના વિકાસશીલ અને વિકસિત દેશો નાણાંના માધ્યમ થકી પોતાનો વિકાસ સાધી શકે છે.

## 4.6 નાણાંનો ચક્રિય પ્રવાહ

અર્થતંત્રમાં નાણું આર્થિક વિનિમયનો આધાર છે. ગ્રાહક, ઉત્પાદક, વેપારી અને રાજ્ય આ તમામ નાણાં વડે આર્થિક વ્યવહારો કરે છે. એક ગ્રાહકનો ખર્ચ વેપારીની અને ઉત્પાદકની આન્વક બને છે. આમ ગ્રાહક પાસેથી નાણાં ઉત્પાદક તરફ જાય છે. ઉત્પાદક નફો થતાં નવું મૂડી રોકાણ કરીને ઉત્પાદનના સાધનો જેમકે જમીન, મૂડી અને શ્રમીકની માંગ કરે છે અને તેમના ઉપયોગ બદલ નાણાંરૂપ વળતર જેમ કે, જમીનને ભાડું, મૂડીને વ્યાજ અને શ્રમિકને વેતનની ચૂકવણી કરે છે. રાજ્ય નાગરિકો, વેપારીઓ અને પેઢી ઉપર કર લાદીને નાણાં રૂપી કર આવકો પ્રાપ્ત કરે છે અને નાગરિક કલ્યાણ માટેના નાણાં રૂપી ખર્ચ કરે છે. આમ, અર્થતંત્રમાં નાણું ફરતું રહે છે. નાણાંની વિનિમય ગતિને ચલણ વેગ તરીકે ઓળખવામાં આવે છે, નાણાંનો ચલણ વેગ જેટલો વધુ એટલ અર્થતંત્રમાં તેજી આવે છે આથી વિરુદ્ધ નાણાંનો ચલણ વેગ ઓછો એટલા વિનિમય વ્યવહારો ઓછા અને અર્થતંત્રમાં મંદીની સ્થિતિ સર્જાય છે. આમ નાણાંનો ચક્રિય પ્રવાહ અર્થતંત્રને ગતિશીલ રાખે છે.

## 4.7 ભારતમાં નાણાંનો ઉદ્દભવ

ભારત, ઈજિપ્ત અને ચીનની સંસ્કૃતિ અને અર્થતંત્રનો વિકાસ દુનિયાના અન્યો રાષ્ટ્રોની સરખામણીમાં વહેલો થયો હતો. ભારત, ઈજિપ્ત અને ચીનમાં ઉત્પાદન, વ્યાપાર અને વિનિમયના માધ્યમ તરીકે નાણાંનો ઉપયોગ અતિ પ્રાચીન સમયથી થતો હતો. ભારતમાં હિન્દુ રાજાઓ સોનાનાં સિક્કાઓને વિનિમયના માધ્યમ તરીકે પસંદ કરતા હતા. જોકે અન્ય ધાતુના સિક્કાઓનો પણ ઉપયોગ થતો હતો. ગ્રામ વિસ્તારમાં ધાતુ ચલણનો ખૂબ ઓછો ઉપયોગ થતો અને જુદા જુદા રાજ્યોના ચલણ જુદા જુદા હતા.

અકબરના શાસનમાં ઉત્તર ભારતમાં ચલણમાં બે પ્રકારના સિક્કાઓ પ્રચલિત હતા. આ સિક્કાઓ સોના મહોર અને ચાંદીના રૂપિયાના નામે ઓળખાતા હતા. ચાંદીનો રૂપિયો શેરશાહે 1542માં દાખલ કર્યો. જ્યારે દક્ષિણ ભારતમાં ચાંદીના બદલે સોનાનાં સિક્કાઓ પ્રચલિત હતા. આમ એક જ સમયકાળમાં ઉત્તર ભારતમાં ચાંદીના અને દક્ષિણ ભારતમાં સોનાનાં સિક્કાઓનો વિનિમયમાં ઉપયોગ થતો હતો. સોના અને ચાંદીના સિક્કાઓ દ્વારા વિનિમયમાં ઘણી મુશ્કેલીઓ અનુભવવી પડતી હતી. સોના અને ચાંદીના ધાતુના શુદ્ધતા જુદી જુદી રહેતી અને સોના ચાંદીના બજારમૂલ્યમાં રોજ ફેરફારો થતાં આથી આ સિક્કાઓનું મૂલ્ય પણ બદલાતું.

ઈષ્ટ ઈન્ડિયા કંપનીના શાસનમાં પણ ચલણી સિક્કાઓનો જ વિનિમયના માધ્યમ તરીકે ઉપયોગ થતો હતો. ઈષ્ટ ઈન્ડિયા કંપનીએ 1742માં મદ્રાસ અને 1757માં કલકત્તામાં સોના અને ચાંદીના સિક્કાઓ બહાર પાડવા માટે ટંકશાળાઓ સ્થાપી હતી. જોકે ત્યારબાદ ચલણ અંગે મહત્ત્વપૂર્ણ પરિવર્તનો કર્યા હતા જેમ કે સોનાનાં સિક્કાઓના ચલણને નાબૂદ કરાયુ અને 1835થી તમામ પ્રાંતો માટે એકસમાન ચલણ ધોરણ અસ્તિત્વમાં આવ્યું. તેમ છતાં વિનિમયના માધ્યમ તરીકે ચાંદીના સિક્કાઓનો ઉપયોગ થતો હતો. પરંતુ ચાંદીના ચલણ સિવાય અન્ય ચલણની તીવ્ર જરૂરિયાત જણાય જેમ કે,

1. 1850 થી 1914ના સમયગાળામાં ભારતીય અર્થતંત્રમાં સારા એવા ફેરફારો થવાથી સાટા પદ્ધતિના સ્થાને નાણાં વિનિમય શરૂ થયો આથી નાણાંની માંગમાં મોટો વધારો થયો.
2. હિન્દ સરકારે બ્રિટિશ સંસ્થાનને દર વર્ષે મોટા પ્રમાણમાં હોમચાર્જિસની ચુકવણી કરવાની થતી હતી. આ માટે રોકડ નાણાંની જરૂરિયાત ઊભી થઈ.
3. 1842માં ઈંગ્લેન્ડે જકાત કાયદા હેઠળ ભારતને વિદેશી વ્યાપારની છૂટ આપી અને 1853માં

યુરોપમાં રેશમનું ઉત્પાદન ઘટવાથી 1854માં રશિયાની નિકાસો ઘટી આથી ભારતીય વસ્તુઓની વિદેશમાં માંગમાં વધારો થયો. આથી નાણાંની માંગમાં વધારો થયો.

આમ ભારતમાં આવેલ વિવિધ આર્થિક પરિવર્તનો ચાંદીના સિક્કાઓ સિવાયની ચલણની તીવ્ર આવશ્યકતા જણાય અને કાગળનાણાંનો પ્રારંભ થયો.

### 4.7.1. ભારતમાં કાગદી નાણાંનો પ્રારંભ

1848 પછી ભારતીય ચલણ વ્યાવસ્થામાં જે અવ્યવસ્થા ઊભી થઈ તે દૂર કરવા માટે ભારતમાં બ્રિટિશ સરકારના પ્રથમ નાણાં મંત્રી જેમ્સ વિલ્સને કાગદી નાણું બહાર પાડવાની યોજના ઘડી. 1861ના કાગદી નાણાંનાં કાયદાની ભારતમાં કાયગદી નાણાંનો પ્રારંભ થયો. ભારતમાં જે કાગદી ચલણ પદ્ધતિ દાખલ કરવામાં આવી તે બેંક ઑફ ઈંગ્લેન્ડના કાયદા અનુસાર હતું. રૂપિયા 5,10,20,50,100,1000 અને 10,000ના મૂલ્યની કાગદી નોટો બહાર પાડવામાં આવી. કાગદી ચલણના પીઠબળ માટે સોના અને ચાંદીની અનામત અને સરકારી જામીનગીરીઓ રૂપે રૂ. 4 કરોડ રાખવામાં આવ્યા. ત્યારબાદ ક્રમશઃ તેમાં વધારો થતો રહ્યો છે. આમ ભારતમાં કાગદી નાણાંનો પ્રારંભ બ્રિટિશ શાસનથી શરૂ થયો.

1947માં રાજકીય રીતે ભારત બ્રિટિશ સંસ્થાનમાંથી મુક્ત થયા બાદ ભારતીય બંધારણમાં ચલણ અંગેની તમામ જવાબદારીઓ ભારતીય મધ્યસ્થ બેંકના કાર્યક્ષેત્રમાં આવે છે. એક રૂપિયાના મૂલ્યની નોટ અને સિક્કા સિવાયના તમામ ચલણો મધ્યસ્થ બેંક દ્વારા બહાર પાડવામાં આવ છે.

## 4.8 ભારતમાં નાણાંના પુરવઠાના ઘટકો

**મધ્યસ્થ બેંકે નાણાંનાં પુરવઠામાં ચાર માપદંડોનો સમાવેશ કર્યો છે : M1, M2, M3, M4.**

| | ભારતમાં નાણાં પુરવઠાના ઘટકો 31 માર્ચ 2017 |
|---|---|
| M 1 (સંકુચિત નાણું) | લોકો પાસે રહેલ ચલણી નાણું + બેંકમાં રહેલ માંગ પત્ર થાપણો + મધ્યસ્થ બેંકમાં રહેલી 'અન્ય' થાપણો |
| M 2 | M 1 + પોસ્ટ ઓફિસની બચત થાપણો |
| M 3 | M 1 + બેંકમાં રહેલી મુદતી થાપણો |
| M 4 | M 3 + પોસ્ટ ઓફિસની કુલ બચતો |

સ્રોત : ભારતીય મધ્યસ્થ બેંક.

Comprehensive Guide for Current Statiscs of the RBI Monthly Bulletin:Concepts, Definition and methodologies, June 2017.

મધ્યસ્થ બેંકે નાણાંનાં વિવિધ ઘટકોને આ મુજબ વ્યાખ્યાયિત કર્યા છે.

### 4.8.1. લોકો પાસે રહેલ ચલણી નાણું

કુલ ચલણ પ્રવાહમાં બેંક પાસે રહેલ રોકડ ચલણને બાદ કર્યા બાદ લોકોની પાસે રહેલ ચલણ જેમાં ચલણી નોટો અને નાના સિક્કાઓનો સમાવેશ થાય છે.

#### 4.8.1.1. ચલણી નોટો

ભારત સરકારે 1935 સુધી અને ત્યારબાદ ભારતીય મધ્યસ્થ બેંક જે બેંકની બેંક છે તે નોટો અને જામીનગીરીઓ બહાર પડે છે. ભારત સરકાર જુલાઈ 1940થી એક રૂપિયાની નોટનું મુદ્રણ કરે છે.

#### 4.8.1.2. ધાતુના સિક્કાઓ

ભારત સરકાર એક રૂપિયાનો ધાતુનો સિક્કો અને કાગળની નોટ તેમજ ધાતુના એક રૂપિયાથી ઓછા મૂલ્યના ધાતુના સિક્કા બહાર પાડે છે. મહાત્મા ગાંધીજીની શતાબ્દીની ઊજવણીના ભાગરૂપે

10 રૂપિયાના ચાંદીના સિક્કા 1969માં, 1970માં વિશ્વ અન્ન અને કૃષિ સંસ્થાએ 10 રૂપિયા ના ચાંદીના સિક્કા અને 1972માં સ્વતંત્રતાના સિલ્વર જ્યુબલી દિને 10 રૂપિયાના મૂલ્યના સિક્કા જાહેર થયા હતા.

**4.8.1.3. ધાતુના એક રૂપિયાથી ઓછા મૂલ્યના સિક્કાઓ**

એક રૂપિયાથી નીચા મૂલ્ય ધરાવતા સિક્કાઓ જેમકે 5, 10, 25 અને 50 પૈસાના સિક્કાઓનો સમાવેશ થાય છે.

**4.8.1.4. બેંક પાસે રહેલ રોકડ નાણું**

બેંક નિયમન કાયદા 1949 અંતર્ગત વ્યાપારી બેંક અને સહકારી બેંક પાસે રહેલ રોકડ નાણું (નોટો એક રૂપિયા અને નાના સિક્કાઓ)

**4.8.2. લોકો પાસે રહેલ નાણાં થાપણો**

**4.8.2.1. બેંકની માંગ થાપણો**

તમામ વ્યાપારી બેંક અને સહકારી બેંક (સહકારી સંસ્થાઓ સહિત) પાસે રહેલ માંગ થાપણો.

**4.8.2.2. મધ્યસ્થ બેંક પાસે પડેલી 'અન્ય' થાપણો**

વિદેશી મધ્યસ્થ બેંક (foregin Central Banks), બહુપક્ષીય સંસ્થાઓ (Multilateral instiutions), નાણાંકીય સંસ્થાઓ (Financial Institutions), શિક્ષણ અને જાગૃતિ ભંડોળ (Education and Awareness Fund), આંતરરાષ્ટ્રીય નાણાં ભંડોળ (International Monetary Funds) ના ખાતા -1માં પડેલી વિવિધ ચોખ્ખી જમા.

**4.8.3. પોસ્ટ ઓફિસ બચત બેંક થાપણો**

પોસ્ટ ઓફિસમાં નાની બચતો રૂપે રહેલી તમામ થાપણો.

**4.8.4. બેંકમાં રહેલી મુદતી થાપણો**

તમામ વ્યાપારી બેંક અને સહકારી બેંકમાં રહેલી મુદતી થાપણો.

## 4.9 નાણાંનાં વિવિધ પ્રકારો

વિકસતા ભારતીય અર્થતંત્રમાં હવે ચલણ તરીકે સિક્કાઓ એ કાગદી ચલણ સિવાય અન્ય બાબતોનો ચલણ તરીકે વ્યાપક ઉપયોગ થાય છે. જેમકે વિકસિત દેશોમાં બેંક ચલણ વધુ પ્રચલિત છે. જ્યારે ભારત દેશના મોટા શહેરોમાં બેંક ચલણ જ્યારે નાનાં શહેરો અને ગ્રામ વિસ્તારોમાં સિક્કાઓ અને નાટો વિનિમયોમાં કાગદી ચલણ વધુ ઉપયોગ થાય છે. અત્રે વિવિધ પ્રકારના ચલણ અંગેની વિગત જોઈએ.

1. સિક્કાઓ અને નોટો,
2. બેંક ચલણ (ચેક, ક્રેડીટ કાર્ડ, ડેબીટ કાર્ડ, ઈન્ટરનેટ બેન્કીંગ વગેરે)
3. આભાસી ચલણ (બીટીટી કોઇન)

## 4.10 નાણાંની મર્યાદાઓ

નાણાં એ આધુનિક અર્થતંત્રને આર્થિક, રાજકીય સામાજિક ક્ષેત્રોને લાભો પૂરા પાડીને માનવ જીવનને વધુ સુવિધાયુક્ત બનાવ્યું છે તેની સાથે કેટલીક સમસ્યાઓનું પણ સર્જન કર્યું છે. નાણાંનાં ઉપયોગ દ્વારા આર્થિક, સામાજિક, નૈતિક અને રાજકીય ક્ષેત્રે વિવિધ પ્રશ્નો સર્જાય છે. આ સમસ્યાઓને હવે અત્રે ચર્ચીશું.

**4.10.1. આર્થિક મર્યાદાઓ**

**4.10.1.1. બિનજરૂરી વપરાશી ખર્ચમાં વધારો**

નાણાંના કારણે બેંક દ્વારા વપરાશી ટકાઉ વસ્તુમાં ખરીદવા માટે ધીરાણની પ્રવૃત્તિઓ શરૂ થઈ પરિણામે માનવી પોતાની આવકથી વધુ ખર્ચ કરતો થયો. પરિણામ બિન આવશ્યક વપરાશી. ભોગવાદી મનોવલણ અને પ્રવૃત્તિઓ દ્વારા કુદરતી સંસાધનો અને ઉત્પાદનના સાધનોનો બગાડમાં વધારો થયો છે.

### 4.10.1.2. ઈજારાનું સર્જન

મૂડીવાદી આર્થિક પદ્ધતિ બજારતંત્ર ઉપર નિર્ભર, બજારતંત્ર નાણાં ઉપર આધારિત છે. પેઢીમાં અને ગ્રાહકોના નાણાં દ્વારા વિનિમય કરે છે. પેઢીઓ વધુ નફો મેળવવા માટે વિવિધ યુક્તિઓ દ્વારા બજારનો વધુ હિસ્સો મેળવવા કોર્ટેલ/જોડાણ દ્વાર ઈજારા જેવી સ્થિતિ સર્જે છે જેનાથી ગ્રાહકોને ઊંચી નાણાંરૂપી કિંમત ચૂકવવી પડે છે. આમ ઈજારાની સ્થિતિ અર્થતંત્ર ઉપર ઉત્પાદાન, વપરાશ અને વહેંચણી ઉપર વિપરીત અસર કરે છે.

### 4.10.1.3. આવક અને સંપત્તિની અસમાન વહેચણી

આવક અને સંપત્તિની અસમાનતાનો મુખ્ય સ્રોત  મૂડીવાદી પદ્ધતિ છે. નાણું સંપતિના સંગ્રહક તરીકેની ભૂમિકા ભજવે છે. નાણાંના આ કાર્યના કારણે લોકો સંપત્તિનો સંગ્રહ કરતા થયા. બીજી તરફ ખાનગી સંપત્તિના અધિકારને કારણે ઉત્પાદનના સાધનો ઉપર ખાનગી હક્ક સાધનોના કેન્દ્રીકરણ, ઈજારાશાહી પ્રવૃત્તિઓનું સર્જન કરે છે. આમ અસિમિત સંસાધનો ઉપર માલિકી અધિકારની પ્રવૃત્તિ એક તરફ સંસાધન સંપત્તિવાળા અને બીજી તરફ ધન, સંપત્તિ વિહોણો વર્ગ અસ્તિત્વમાં આવે છે.

### 4.10.1.4. વર્ગ સંઘર્ષ

મૂડીવાદી આર્થિક પદ્ધતિમાં સંસાધન ઉપર પ્રભુત્ત્વ ધરાવતો મૂડીવાદી ઉદ્યોગપતિઓ અને બીજી તરફ સંસાધન વિહીન શ્રમિકો, મજૂરો અને ખેડૂતો એમ બે વર્ગ અસ્તિત્વમાં આવે છે. મૂડીવાદી ઉદ્યોગપતિઓ વધુને વધુ નફો મેળવવા શ્રમિકોનું શોષણ વધારતા જાય છે જે અંતે શ્રમિકોમાં વ્યાપક બેરોજગારી, ગરીબીની સમસ્યા સર્જાય છે. તેના પ્રતિકારમાં શ્રમિકો સંઘર્ષ કરે છે ધનિકો અને શ્રમિકો વચ્ચે વર્ગ સંઘર્ષનું સર્જન થાય છે. આમ મૂડીવાદી અર્થવ્યવસ્થામાં નાણું લોભવૃત્તિને પોષે છે જે અન્યોનું શોષણ થવાથી વર્ગ સંઘર્ષનો જન્મ થાય છે તેમ કાર્લ માર્ક્સ માને છે.

### 4.10.1.5. તેજી અને મંદી

મૂડીવાદી અર્થતંત્રમાં વ્યાપારી પ્રવૃત્તિઓનું નાણાંકીયકરણ તેજી અને મંદી જેવી સમસ્યાઓનું સર્જન કરે છે. કેઈન્સે વપરાશી ખર્ચ અને બચત વચ્ચેનું અસંતુલન મંદી અને તેજી માટે જવાબદાર ગણ્યાં છે. અર્થતંત્રમાં નાગરિકો વપરાશી ખર્ચ કરવાના બદલે બચતો વધારતા જાય તેમ મહામંદીનો ગંભીર પ્રશ્ન સર્જાય છે જેની પાછળ નાણું જવાબદાર છે.

### 4.10.1.6. નાણાં વિભ્રમ

સામાન્ય રીતે નાણાં ઉપર અંક્તિ મૂલ્ય સ્થિર રહેશે તેવી જનમાનસની ધારણા હોય છે પરંતુ નાણું પોતાના ઉપર અંકિત મૂલ્યને સ્થિર રાખી શકતું નથી. જ્યારે નાણાંના મૂલ્યમાં ઘટાડો થાય છે ત્યારે સંપત્તિના મૂલ્યોમાં ઘટાડો થવાની સંભાવના વધુ રહે છે. આમ નાણાં ઉપર અંકિત મૂલ્ય ફુગાવાના સમયમાં તેની ખરીદ શક્તિ ગુમાવે છે.

### 4.10.2. સામાજિક સમસ્યાઓ

નાણું સામાજિક દ્રષ્ટિકોણ અન્ય મૂલ્યો તેમજ સંબંધો ઉપર મહત્ત્વપૂર્ણ પ્રભાવ પાડે છે. તેના કારણે સામાજિક પ્રશ્નો સર્જાય છે જેમકે,

### 4.10.2.1. શોષણને પ્રોત્સાહન

નાણું અને નાણાંરૂપી સંપત્તિ સામાજિક પ્રતિષ્ઠામાં વધારો કરનાર અર્થવ્યવસ્થામાં વ્યક્તિ કરતા નાણું વધુ મૂલ્યવાન ગણાય છે. આ સંપત્તિને પ્રાપ્ત કરાવ માટે સંપત્તિવન અન્યોનું શોષણ કરીને વધુ સંપત્તિ મેળવવા પ્રયત્ન કરે છે. આમ વર્ગિય અસમાનતાનું સર્જન થાય છે.

**4.10.2.2. ભૌતિકવાદનો ઉદય**

નાણાંના કારણે ભૌતિક તાવાદી આર્થિક મૂલ્યનો વિકાસ થયો છે. વધુમાં વધુ લાભ અને આવક અને વસ્તુઓ પ્રાપ્ત કરવાની દોડમાં પ્રેમ, દયા, ત્યાગ, પરોપકાર જેવાં બિનઆર્થિક માનવીય મૂલ્યોનો નાશ થાય છે જે સમગ્ર માનવજાત માટે લાંબાગાળે નુકશાનકારક બને છે. .

**4.10.2.3. વ્યક્તિગત ગુણોની ઉપેક્ષા**

વ્યક્તિનું મહત્વ તેની આવક કે સંપત્તિ દ્વારા માપવામાં આવે છે. જેમ કે વ્યક્તિ પાસે માનવીય ગુણો કે જ્ઞાનની સાપેક્ષમાં ગુણ વિનાનાં, મૂર્ખ ધનિકને વધુ પ્રતિષ્ઠા પ્રાપ્ત થાય છે. આમ માનવીના વ્યક્તિગત ગુણોના બદલે નાણાં દ્વારા ભૌતિક સંપત્તિ જેમ કએ નાણુ, આવાસ, મોજશોખના સાધનો વગેરેનું ઊંચુ મૂલ્ય આંકવામાં આવે છે.

**4.10.3. નૈતિક સમસ્યાઓ**

**4.10.3.1. માનવીય મૂલ્યોનું ધોવાણ**

નાણાના આકર્ષણ માનવીય મૂલ્યોથી દૂર કરી દીધો છે. નાણાં માટે ચોરી, વિશ્વાસઘાત, હત્યા જેવી પ્રવૃત્તિઓ થતી જોવા મળે છે.

**4.10.3.2. બિન કાયદાકીય પ્રવૃત્તિઓ**

સમાજમાં શાંતિ અને સલામતી માટે રાજ્ય કાયદો અને વ્યવસ્થાની જોગવાઈ કરે છે પરંતુ વધુ નાણાં મેળવવા માટે તેનો ભંગ કર ચોરી દાણ ચોરી જેવી પ્રવૃત્તિઓ થાય છે.

**4.10.3.3. ઈર્ષ્યા, દ્વેષ અને વૈમનસ્ય**

નાણાંનાં અત્યંત મહત્ત્વના કારણે સ્વાર્થની ભાવના બળવત્તર અને છે. વ્યક્તિગત સફળતા માટે અન્યોને નુકશાન કરી મહત્તમ આવક, નફો કે સંપત્તિનું સર્જન કરવાનું ચલણ પ્રબળ બને છે.

**4.10.4. રાજકીય સમસ્યાઓ**

રાજકીય ક્ષેત્રે સત્તા પ્રાપ્ત કરવા માટે રાજ્ય નાણાંકીય ખર્ચ વધારતા જાય છે. ચૂંટણીમાં સામ, દામ દ્વારા વિજેતા બનવા ગમે તે હદે જવા રાજકીય પક્ષ અચકાતા નથી. પરિણામ યોગ્ય ઉમેદવારના બદલે સંપત્તિવાન, શોષણ ખોર અને ભ્રષ્ટ વ્યક્તિ રાજકારણમાં સરળતાથી પ્રવેશી શકે છે. આમ નાણું રાજકીય મૂલ્યોનું ધોવાણ કરે છે.

## 4.11 સારાંશ

પ્રસ્તુત વિભાગમાં આપણે નાણાં સંબંધિત બાબતોની ચર્ચા કરી. જેમાં નાણું એટલે શું, અર્થતંત્રમાં તેનું મહત્ત્વ અને કાર્યો અંગે જાણકારી મેળવી. સામાન્ય અર્થમાં વિનિમયના માધ્યમ તરીકે જેનો ઉપયોગ થતો હોય અને જે કાયદાકીય માન્યતા પ્રાપ્ત હોય તેને નાણું કહેવામાં આવે છે. તમે ભારતની કોઈ પણ નોટ જોશો તો તેના ઉપર મધ્યસ્થ બેંકના ગવર્નર ખાતરી આપે છે કે, આ ચલણના મૂલ્ય જેટલી ચુકવણી કરવાથી જવાબદારી તેઓ સ્વીકારે (જુઓ પરિશિષ્ટ-3). આમ નાણું કાયદાકીય માન્યતા ધરાવતું હોવું જોઈએ.

નાણાંનાં કાર્યોને મુખ્ય બે વિભાગમાં વહેંચવામાં આવે છે : 1. નાણાંનું સ્થિર કાર્ય અને 2. નાણાંનું ગતિશીલ કાર્ય. નાણાંનું સ્થિર કાર્ય અર્થતંત્રનું માત્ર સંચાલન કરે છે જ્યારે નાણાંનું ગતિશીલ કાર્ય અર્થતંત્રની આર્થિક પ્રવૃત્તિઓ જેમ કે રોજગારી. વપરાશ, ઉત્પાદન સંબંધિત પ્રવૃત્તિઓ, બચત, મૂડી રોકાણ અને આવકને પ્રભાવિત કરે છે.

જ્યારે અર્થતંત્ર વિકસતું જાય તેમ વિનિમય વધતો જાય છે અને સાથે વિનિમય માટે નાણાંની માંગમાં વધારો થતો જાય છે. અલ્પવિકાસ ધરાવતા દેશોમાં રોકડ ચલણ સિક્કાઓ અને કાગદી નાણાંનો ઉપયોગ વધુ થાય જ્યારે વિકસિત અને ઝડપથી વિકસતા દેશોમાં રોકડ નાણાંની સાપેક્ષમાં

બેંકનાણું અને વિજાનું નાણાં (ક્રેડિટ કાર્ડ, ડેબીટ કાર્ડ, બીટી કોઈન)નો ઉપયોગ વધતો જાય છે. આમ કોઈ પણ અર્થતંત્ર અલ્પ વિકસિત અર્થતંત્રમાં ગતિશીલ બને તેમ તેમ નાણાંનો નાણાં અને વિજાણું નાણાંનો ઉપયોગ વધતો જાય છે.

## 4.12 ચાવીરૂપ શબ્દો (Key Words)

**1.** તૃષ્ટિગણઃ કોઈ વ્યક્તિ વસ્તુ કે સેવાના વપરાશ દ્વારા તેમાંથી પ્રાપ્ત થતો સંતોષ, તુષ્ટિગુણ છે, તુષ્ટિગુણ માપનમાં વસ્તુ પાછળ  કરેલ ખર્ચ એ વસ્તુમથી પ્રાપ્ત થતો સંતોષ ધ્યાનમાં લેવામાં આવે છે. તુષ્ટિગુણ એ આત્મલક્ષી ખ્યાલ છે. જેમ કે, કોઈ વ્યક્તિ એમ કહે કે, તેને નારંગી કરતા સફરજન વધુ પસંદ કરે છે. એનો અર્થ એમ થાય કે તેને નારંગી કરતા સફરજનમાંથી વધુ તુષ્ટિગુણ પ્રાપ્ત થાય છે.

**2.** ઉત્પાદનના સાધનો વ્યાખ્યા જે સાધનો થકી નવી વસ્તુનું સર્જન થતું હોય તેને ઉત્પાદનના સાધનો કહેવાય છે. જેમ કે જમીનમાં ખેતી પણ થાય અને કારખાનું પણ નાખી શકાય, એવી જ રીતે શ્રમિક શ્રમ દ્વારા નવી વસ્તુનું સર્જન કરે છે. અર્થશાસ્ત્રમાં ઉત્પાદનના મુખ્યત્વે ચાર સાધનો છે, જમીન, મૂડી, શ્રમ અને નિયોજક આ ચારેયનું સંયોજન વસ્તુ કે સેવાનું ઉત્પાદન કરે છે.

**3. વ્યાજ :** વ્યાજ એ ઉછીના લીધેલા નાણાંમાંથી મળતી સેવાઓ માટે ચૂકવવી પડતી કિંમત છે. વ્યાજ રોકડતા જતી કરવાનું વળતર છે તેવું અર્થશાસ્ત્રી કેઈન્સનું માનવ હતું.

**4. બચતઃ** વ્યક્તિઓ પોતાની આવકમાંથી વપરાશી ખર્ચ અને બચત કરતા હોય છે. પરંતુ બચત ત્યારે જ શકય બને જ્યારે આવક પ્રાથમિક અને સહાયક જરૂરિયાતોની પૂર્તિ કર્યા બાદ પણ વધારાની આવક રહે તે બચત સ્વરૂપમાં રોકવામાં આવે છે. બચતો વર્તમાનમાં વપરાશી ખર્ચ જતો કરે છે તેના બદલે વ્યાજ સ્વરૂપે આવકો પ્રાપ્ત થાય છે.

**5. ખાધવાળું અંદાજપત્ર :** રાજ્ય આર્થિક વિકાસ સાધવા માટે રાજકોષીય નીતિના ભાગરૂપે અંદાજપત્ર (Budget) રજૂ કરે. જેમાં રાજ્ય નાગરિકો, પેઢીઓ પાસેથી કર આવકો મેળવી નાગરિકોના વિકાસ અને આર્થિક પ્રવૃત્તિઓ વિકસાવવા માટે જાહેર ખર્ચ કરે છે. જ્યારે રાજ્ય કુલ આવકો પ્રાપ્ત કરે તેના કરતા તેનું જાહેર ખર્ચ વધી જાય ત્યારે તેને ખાધવાળા અંદાજપત્ર તરીકે ઓળખવામાં આવે છે.

**6. તેજી મંદી :** શુમ્પીટર મૂડીવાદી આર્થિક પદ્ધતિમાં વ્યાપારી પ્રવૃત્તિઓમાં તેજી અને મંદી સ્વાભાવિક ઘટના તરીકે ઓળખાવે છે. તેજીની સ્થિતિમાં ઉત્પાદનના સાધનોની માંગ, ઉત્પાદન, વેચાણ આવક એ નફો વધે છે. બીજી તરફ ઉત્પાદનના સાધનોની માંગમાં વધારો થતાં તેઓના વેતન, ભાડું અને વ્યાજ આવક વધે છે, જે વસ્તુઓ અને સેવાઓની માંગમાં વધારો કરે છે. આમ સતત આવક, ઉત્પાદન, નફામાં વધારો તેજીની સ્થિતિ સૂચવે છે. આથી વિરૂદ્ધ અર્થતંત્રમાં ઉત્પાદકનો નફો, વેચાણ, ઉત્પાદન, ઉત્પાદનના સાધનોની માંગમાં ઘટાડો આવકમાં સતત ઘટાડો આર્થિક પ્રવૃત્તિઓમાં ઘટાડો સૂચવે તેને મંદી તરીકે ઓળખવામાં આવે છે.

**7. ઈષ્ટ ઈન્ડિયા કંપની :** ઈષ્ટ ઈન્ડિયા કંપની બ્રિટન સામ્રાજ્યની આંતરરાષ્ટ્રીય પેઢી હતી જે વિશ્વના વિવિધ દેશોમાં વેપાર પ્રવૃત્તિ કરતી. ઈ.સ.1600 ભારતમાં આ પેઢી વેપાર કરવા માટે આવી, ત્યાર બાદ સામ-દામ-દંડ અને ભેદની નીતિ દ્વારા પોતાનો વ્યાપ વિસ્તારીને શાસક જેવી સ્થિતિ પ્રાપ્ત કરી. 1857ના બળવા બ્રિટન સરકારે આ પેઢીનો કારભાર ભારતમાં બંધ કરાવ્યો અને બ્રિટીશ સંસ્થાનવાદ સ્થપાયું.

## 4.13 તમારી પ્રગતિ ચકાસો

1. નાણાંની વ્યાખ્યાઓ જણાવો.
2. નાણાંનાં મુખ્ય કાર્યો કયા છે ?
3. નાણાંનાં ગતિશીલ કાર્યો જણાવો.
4. નાણાંનો ચક્રિય પ્રવાહ ચર્ચો.

5. ભારતમાં ચલણ તરીકે સિક્કાઓનો ઉપયોગ
6. ભારતમાં કાગદી ચલણની પદ્ધતિ કેવી રીતે અસ્તિત્ત્વમાં આવી ?
7. ભારતીય મધ્યસ્થ બેંક ચલણમાં શેનો સમાવેશ કરે છે ?
8. ચલણના વિવિધ પ્રકારો જણાવો.
9. દસ રૂપિયાની નોટ ઉપર નોટ ઉપર છાપેલા મૂલ્યને ચૂકવવાની ખાતરી નોંધો અને લખો.
10. તમારાં દાદા-દાદીને પૂછો કે પહેલા તેઓ ગામમાં વિનિમય કેવી રીત કરતા હતા ? તેની નોંધ લખો.

## 4.14 કેટલાંક ઉપયોગી પુસ્તકો


- Maheta D S and Jain P S (1989) Monetary Policy. Jaypur. Research Publications.
- Shastri R (1974) Economic History of India : 1757-1950 Part - II. University Growth Nirman Board, Ahmedabad. pp. 180-224.


❖

BAOU Education for all

# ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી

## (ગુજરાત સરકાર દ્વારા સ્થાપિત)

બી.કોમ. સેમેસ્ટર-3

MDC301-BC

સમગ્રલક્ષી અર્થશાસ્ત્ર

ભાગ-2


| | |
|---|---|
| **એકમ : 5** નાણાંની માંગ અને નાણાંનો પુરવઠો | 03-20 |
| **એકમ : 6** ભારતીય બેન્કિંગ વ્યવસ્થા | 21-53 |
| **એકમ : 7** ભારતીય રિઝર્વ બેંક | 54-77 |
| **એકમ : 8** વ્યાપાર ચક્રો | 78-89 |

| | | |
|---|---|---|
| લેખન : | શ્રી જ્યોતિ પંચાલ | ઉમા આર્ટસ એન્ડ નાથીબા કોમર્સ કોલેજ, ગાંધીનગર. |
| | ડૉ. સંજય પ્રજાપતિ | એસ. ડી. આર્ટસ એન્ડ બી. આર. એસ. કોમર્સ કોલેજ, માણસા, ગાંધીનગર. |
| | ડૉ. પ્રકાશ પટેલ | એચ. કે. આર્ટસ કોલેજ, અમદાવાદ. |
| | શ્રી સુનિતા ઠક્કર | ડી. એન. પી. આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, ડીસા. |
| પરામર્શક(વિષય) : | પ્રિ. નટુભાઈ પટેલ | સી. યુ. શાહ કોમર્સ કોલેજ, અમદાવાદ. |
| | પ્રિ. હીનાબેન પટેલ | એમ. એમ. શાહ મહિલા આર્ટસ કોલેજ, કડી. |
| પરામર્શક(ભાષા) : | ડૉ. જાગૃતિ જે. મહેતા | ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ. |
| સંપાદન : | પ્રો. (ડૉ.) મનોજ શાહ | પ્રોફેસર & નિયામક, સ્કૂલ ઓફ કોમર્સ એન્ડ મેનેજમેન્ટ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ. |
| સંયોજન સહાય : | ડૉ. કૃતિ છાયા | આસિસ્ટન્ટ પ્રોફેસર, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ. |
| પ્રકાશક : | ડૉ. અજય સિંહ જાડેજા | કુલસચિવ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ. |

આવૃત્તિ : સુધારેલ પુનઃ આવૃત્તિ (2026)

ISBN : 978-93-5598-031-1



**<u>સર્વાધિકાર સુરક્ષિત</u>**

**આ પાઠ્યપુસ્તક ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના ઉપક્રમે વિદ્યાર્થીલક્ષી સ્વઅધ્યન હેતુથી; દૂરવર્તી શિક્ષણના ઉદ્દેશને કેન્દ્રમાં રાખી તૈયાર કરવામાં આવેલ છે. જેના સર્વાધિકાર સુરક્ષિત છે. આ અભ્યાસ-સામગ્રીનો કોઈપણ સ્વરૂપમાં ધંધાધારી ઉપયોગ કરતાં પહેલાં ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીની લેખિત પરવાનગી લેવાની રહેશે.**

# એકમ 5 — નાણાંની માંગ અને નાણાંનો પૂરવઠો

નાણાંની માંગ અને તેના પ્રશિષ્ટ સિદ્ધાંત અને કેઈન્સીયન સિદ્ધાંત

- નાણાંનો પૂરવઠો અને ઉચ્ચશક્તિકૃત નાણું

-: રૂપરેખા :-

**5.1** ઉદ્દેશો

**5.2** પ્રસ્તાવના

**5.3** નાણાંની માંગનો અર્થ

**5.4** નાણાંની માંગના ઉદ્દેશો

  **5.4.1** વ્યવહારનો કે વિનિમયનો હેતુ

  **5.4.2** સાવચેતીનો હેતુ

  **5.4.3** સટ્ટાનો હેતુ

**5.5** નાણાંની માંગને અસર કરતા પરિબળો

  **5.5.1** સંસ્થાકીય પરિબળો

  **5.5.2** આવકની સપાટી

  **5.5.3** વ્યાજનોદર

  **5.5.4** નાણાંની છત-અછત

**5.6** નાણાંના પુરવઠાનો અર્થ અને અસર કરતા પરિબળો

  **5.6.1** નાણાં પુરવઠાનો અર્થ

  **5.6.2** નાણાં પુરવઠાને અસર કરતા પરિબળો

    **5.6.2.1** સરકાર

    **5.6.2.2** વ્યાપારી બેંક

    **5.6.2.3** મધ્યસ્થ બેંક

**5.7** ઉચ્ચ શક્તિ નાણું

  **5.7.1** ઉચ્ચશક્તિ નાણાંના ઘટકો

  **5.7.2** ઉચ્ચશક્તિ નાણાંના ઉપયોગો

  **5.7.3** ઉચ્ચશક્તિ નાણાંના ફેરફારો

**5.8** નાણાંની માંગના સિદ્ધાંતો : પ્રશિષ્ટ અને કેઈન્સીયન સિદ્ધાંતો

  **5.8.1** પ્રો.ફિશરનું સમીકરણ

  **5.8.2** પુરોગામી માર્શલનો ખ્યાલ

  **5.8.3** પ્રો. પિગુની સમીકરણ

  **5.8.4** પ્રો. રોબર્ટસન નું સમીકરણ

  **5.8.5** પ્રો. કેઈન્સીપનનું સમીકરણ

**5.9** સારાંશ

**5.10 ચાવીરૂપ શબ્દો**

**5.11 કેટલાંક ઉપયોગી પુસ્તકો**

**5.12 ''તમારી પ્રગતિ ચકાસો'' ના જવાબો.**

**પ્રસ્તાવના :** વિદ્યાર્થી મિત્રો આપણે એકમ : 4 માં નાણું એટલે શું ? - નાણાંનો અર્થ - નાણાંની વ્યાખ્યા અને તે અનુસાર નાણું ક્યાં કયાં કાર્યો બજાવે છે. તે અર્થતંત્રમાં નાણાંના ઘટકો તેમજ નાણાંની મર્યાદાઓથી વાત કરી. પરંતુ હવે આ યુનિટ (એકમમાં) આપણે લોકો અર્થતંત્રમાં નાણાંની માંગ કેમ કરે છે ? તેના ઉદ્દેશો, નાણાંની માંગના સિધ્ધાંતો તેમજ નાણાંના પુરવઠાની તેના ઘટકોની વાત કરવાના છીએ.

## 5.1 ઉદ્દેશો

(1) નાણાંની માંગનો અર્થ અને તેના ઉદ્દેશો જાણવા

(2) નાણાંની માંગને અસર કરતા પરિબળો જાણી શકશો

(3) નાણાંના પુરવઠાનો અર્થ અને અસર કરતા પરિબળો જાણી શકશો.

(4) ઉચ્ચશક્તિ નાણાં અંગે માહિતી મેળવી શકાશે.

(5) નાણાંની માંગના પ્રશિષ્ટ સિધ્ધાંત અને પ્રો.કેઈન્સના સિધ્ધાંતો અંગે માહિતી મળી શકશે.

## 5.2 પ્રસ્તાવના

આધુનિક અર્થકારણ નાણાંકીય અર્થકારણ છે. માનવીની શોધખોળોમાં નાણાંની શોધ અદ્‌ભૂત છે.

પ્રો. ક્રાઉથરના મતે, ×જે વસ્તુ વિનિમયનું માધ્યમ, ગણતરી એકમ તથા મૂલ્ય સંચય કરવા માટે સાધનભૂત હોય છે અને સર્વસ્વીકૃત છે તે નાણું છે.×

નાણું વિનિમયનાં માધ્યમ તરીકે, સંચયના સાધન તરીકે, મૂલ્યની ફેરબદલી કે ભાવિ લેવડ-દેવડનાં સાધન તરીકે સર્વસુલભ સંપત્તિ તરીકે, રાષ્ટ્રીય આવકની વહેંચણી અને શાખ-વ્યવસ્થાનાં સાધન તરીકેના કાર્યો કરે છે.

## 5.3

આ પ્રકરણમાં નાણાંની માંગનો અભ્યાસ કરવાનો છે. આથી સૌ પ્રથમ આપણે નાણાંની માંગનો અર્થ સમજીએ.

### 5.3.1. નાણાંની માંગનો અર્થ :-

કુટુંબો, અને પેઢીઓ નાણાંની માંગ કરે છે, એટલે કે તેઓ ચલણ નોટો-સિક્કાઓ હાથ પર રાખે છે. (અહિં હાથ પર રાખવું એટલે નાણું ખિસ્સામાં, કે ઘરમાં રાખવું, અથવા બેંકમાં એવી રીતે રાખી મૂકવું કે જેથી જરૂર હોય ત્યારે વિના વિલંબે ઉપાડી શકાય). તથા બેંકમાં ડિમાન્ડ ડિપોઝીટ રાખે છે. નાણાંની માંગ કરવી એટલે નાણું ખર્ચી શકાય તે રીતે રાખવું.

નાણું હાથ પર રાખવાથી એક તરફ કેટલીક સગવડતા રહે છે. તો બીજી તરફ કેટલાંક ગેરલાભ પણ થાય છે. ઉદાહરણ તરીકે જો જોઈએ તો તમે કેટલુંક નાણું હાથ પર રાખે કે ડિમાન્ડ ડિપોઝીટ તરીકે મૂકો છો તો કશું વ્યાજ મળતું નથી અથવા તો બહુ જ ઓછું વ્યાજ મળે એવું બની શકે તે. માટે પૈસા જો સારૂ વ્યાજ મળે અને નફો થાય તેવી રીતે રોકી શકાયા હોત, આથી રોકડ સ્વરૂપમાં નાણું રાખવા જતા વૈકલ્પિક કમાણીની તકો જતી કરવી પડે છે. એવી જ રીતે પેઢી નાણું હાથ પર રાખે તો એટલું મૂડી રોકાણ કે ધીરાણ ઓછું થાય છે અને તેટલી કમાણી ઘટે છે. કેટલાંક સંજોગોમાં તો પેઢી નાણાં તંગી અનુભવતી હોય છે અને તેથી મૂડી રોકાણ ખૂબ ફાયદાકારક હોવા છતાં યોગ્ય પ્રમાણમાં મૂડી રોકાણ કરી શકતી નથી. આવા સંજોગોમાં પેઢી જેટલું નાણું હાથ પર રાખે તેટલો ગેરલાભ થાય. આમ,

નાણાંની માંગ કરવા જતાં વૈકલ્પિક કમાણીની તક જતી કરવી પડે છે તો પ્રશ્ન આપણને એ થાય કે કુટુંબો, પેઢીઓ અને વ્યક્તિઓ શા માટે નાણાંની માંગ કરે છે ? તેનો જવાબ આપણને નાણાંની માંગના ઉદ્દેશો જાણવાથી - સમજવાથી મળી રહેશે.



## 5.4 નાણાંની માંગના ઉદ્દેશો :

નાણાંની માંગના મુખ્યત્વે ત્રણ ઉદ્દેશો છે તે દરેકને આપણે ઉદાહરણથી સમજીએ.

### 5.4.1 વ્યવહારનો કે વિનિમયનો હેતુ

નાણું વિનિમયના માધ્યમ તરીકે કાર્ય કરે છે. આથી પેઢીઓ અને કુટુંબો રોજબરોજ કેટલાંક વિનિમયો કરે છે જે માટે રોકડ રકમની આપ-લે અનિવાર્ય હોય છે જેમ કે સવારથી જ દૂધ, શાકભાજી, કરિયાણું, કાપડ, મનોરંજન માટે અને વાહન વ્યવહારની સગવડ (ભાડા) માટે ખરીદવા માટે ગ્રાહકો નાણાંની માંગ કરે છે.

એવી જ રીતે નિયોજકોને કાચો માલ, ખરીદવા, વિજળી વાહનવ્યવહારની સગવડ અને કર્મચારીઓના પગાર વગેરે માટે પૈસાની જરૂર પડે છે. ઘરની બહાર નીકળો અને પાકીટ જ્યારે ઘરે રહી જાય ત્યારે તમારી માનસિક હાલત કેવી હોય તે પણ આપ જાણી શકો છો !

નાણાંની માંગ કેટલી થશે તેનો આધાર કોને કેટલા પ્રમાણમાં આવક પ્રાપ્તિ થાય છે તે આવક પ્રાપ્તિનો સમયગાળો, કઈ પદ્ધતિથી ચૂકવણી થાય છે, સોદાઓ થાય તેના પર તેમજ ધંધાની વ્યવસ્થા કેવી છે તેના પર રહેલો હોય છે. જેમકે વધુ આવકવાળા વર્ગ વધુ નાણું હાથ પર રાખશે અને ઓછી આવક ધરાવતો વર્ગ ઓછું નાણાં હાથ પર રાખશે એજ રીતે જેની આવક પ્રાપ્તિ અઠવાડિક છે તે એક અઠવાડિયા જેટલું નાણું હાથ પર રાખશે અને જેની આવક પ્રાપ્તિ 1 મહિને થાય છે તે 30 દિવસ જેટલું નાણું હાથ પર રાખશે. ઉધાર ખરીદીની પ્રથા હોય તો વ્યવહારના હેતુ માટે ઓછી રકમ હાથ પર રાખશે અને રોકડ પ્રથા હોય તો વધુ રકમ હાથ પર રાખશે.

આમ, કેઈન્સના મત મુજબ, વ્યવહારના હેતુ અર્થે લોકો કેટલા પ્રમાણમાં નાણાંની માંગ કરશે તે મહદ્ અંશે લોકોની આવક પર, આવકના પ્રમાણ પર આધાર રાખે છે.

### 5.3.2. સાવચેતીનો હેતુ

નાણું વિનિમયના માધ્યમ ઉપરાંત મૂલ્યના સંગ્રહ તરીકે પણ કાર્ય કરે છે. આથી કેટલીક નાણાંની માંગ વિનિમય સાથે સંબંધિત વ્યવહારોના હેતુ માટે અને કેટલીક નાણાં-માંગ સાવચેતીના હેતુ માટે કરવામાં આવે છે.

આવક અને ખર્ચ સરખા પ્રમાણમાં એક જ સમયે થતાં નથી હકીકતમાંતો ક્યારે કેટલી આવક થશે અને કેટલું ખર્ચ થશે તે વિશે વિવિધ પ્રકારની અનિશ્ચિતતાઓ રહેતી હોય છે. દા.ત. આકસ્મિક કારણ, માંદગી, બેકારી, મરણ, અનિશ્ચિત અણધાર્યા કરવેરા આકસ્મિક સામાજીક પ્રસંગો, ધાર્મિક અને રાજકીય પ્રસંગો વગેરે સમયે રોકડ નાણાંની માંગ થતી હોય છે.

નાણું ધીરવાથી વ્યાજ મળે પણ ધીરેલી રકમ જરૂર પડ્યે તાત્કાલિક મળી શકતી નથી જેમ કે સોનુ, જમીન, ઝવેરાત, ઘર, શેર વગેરે મિલકતો તાત્કાલિક વેચીને અણધારી મુસ્કેલીમાંથી ઉગરી શકાય છે પણ તાત્કાલિક ગમે તેટલા ઓછા ભાવે મિલકતો વેચવાની ફરજ પડે છે. જે અંતે ગેરલાભ થાય છે. આથી સાવચેતીના હેતુસર નાણાંની માંગ થાય છે.

કોણ કેટલું નાણું હાથ પર રાખશે તેનો આધાર વ્યક્તિની પ્રકૃતિ, તેના સંજોગો, આવક અને સ્વભાવ પર રહેલો છે. જેમકે બીકણ સ્વભાવવાળી વ્યક્તિ પૈસાને હંમેશા પોતાની પાસે વધુ રાખવામાં માને છે. જ્યારે સ્વભાવે ખડતલ વ્યક્તિ પોતાની પાસે બહું ઓછું નાણું હાથ પર રાખશે. જેટલી અનિશ્ચિતતાઓ વધારે, અંદાજી ફેરફારો વધુ તેમ આવક - ખર્ચનું પ્રમાણ વધારે અને તેમ તેમ સલામતી - સાવચેતીના હેતુ માટેની નાણાંની માંગ પણ વધુ રહેશે જેટલી નિશ્ચિતતા વધુ તેટલી રોકડ નાણાંની માંગ ઓછી રહેશે.

### 5.4.3 સટ્ટાનો હેતુ :-

કેઈન્સે સટ્ટાકીય હેતુ માટે થતી માંગને ખાસ મહત્ત્વ આપ્યું છે. નાણું રોકડતાનો ગુણ ધરાવે છે એટલે કે નાણાં વડે બજારમાં ઉપલબ્ધ કોઈ પણ ચીજ તાત્કાલિક રીતે ખરીદી શકાય છે કેટલાંક લોકો સટ્ટાના હેતુથી નાણાંની માગ કરે છે. એનો અર્થ એ થાય કે લાભકારક તક ઝડપવા માટે નાણું હાથ પર રાખવામાં આવે છે.

ભવિષ્યને નજર સમક્ષ રાખીને લોકો વસ્તુઓ, જમીનો, મકાન, સોનું, શેર, બોન્ડ વેગેર જેવી થાપણો કેટલાંક સમય માટે ખરીદે છે અને વેચે છે જેને સટ્ટો કહેવાય. (જેમાં નીચી કિંમતે ખરીદે અને ઊંચી કિંમતે વેચે છે.) એવો અંદાજ હોય કે ભવિષ્યમાં સોનાનો ભાવ ઊંચો જશે તો અત્યારે લોકો વધુ ખરીદીનું વલણ રાખશે અથવા વેચવાનું વલણ મંદ રહેશે અને ભવિષ્યમાં આવી રીતે સટ્ટો કરવા માટે પૈસા પાસે હોવા જરૂરી છે. સંજોગો અનુકૂળ હોય તો વધુ નાણું સટ્ટો કરવા માટે હાથ પર રાખશે અને સંજોગો પ્રતિકૂળ હશે તો ઓછા નાણાં હાથ પર રાખશે નાણું હાથ પર રાખવાથી સટ્ટાકીય લાભો મેળવવાની શક્યતા હોય છે. વાસ્તવમાં કેટલો લાભ મળશે તે ખર્ચ અને ભાવનાં સંજોગો પર આધાર રાખે છે. દા.ત. વ્યાજનો દર બેંક વધુ આપતી હોય તો લોકો વધુ વ્યાજ મેળવવા લોકો મુદ્દલ રકમ બેંકમાં મૂકવાનું વધારે પસંદ કરશે અને હાથ પર નાણું (નાણાંની માંગ ઓછી) ઓછું રાખશે. તેથી વિરૂદ્ધ જો વ્યાજદર ઓછો હોય તો લોકો ઓછું નાણું બેંકમાં મૂકશે અને વધુ નાણું પોતાના હાથ પર રાખશે જેથી નાણાંની માંગ વધુ રહેશે, આથી સટ્ટાના હેતુ અર્થે થતી નાણાંની માંગ વ્યાજદર પર વિશેષ આધાર રાખે છે.

## 5.5 નાણાંની માંગને અસર કરતા પરિબળો

કુટુંબો અને પેઢીઓ તથા વ્યક્તિઓ જેટલા પ્રમાણમાં નાણું હાથ પર રાખવા માંગે છે તે નાણાંની કુલ માંગ વ્યક્ત કરે છે. નાણાંની માંગ આપણે ઉપર જોયા તે પ્રમાણે જુદા જુદા હેતુઓ માટે કરવામાં આવે છે. જેવી કે વ્યવહારના હેતુ, સાવચેતીના હેતુ અને સટ્ટાના હેતુઓ માટે હવે વિદ્યાર્થી મિત્રો આપણે એ જોઈએ કે આ નાણાંની માંગને કયાં પરિબળો અસર કરે છે ? તેની સમજૂતી આ પ્રમાણે આપવામાં આવી છે.

### 5.5.1 સંસ્થાકીય પરિબળો

સમાજની વિવિધ સંસ્થાઓનું સ્વરૂપ નાણાંની માંગને અસર કરે છે. સાટા પદ્ધતિ જો ચાલતી હશે તો નાણાંની જરૂર રહેતી જ નથી અને નાણાંની માંગ પણ કરવામાં આવતી નથી. રોજે રોજની ચૂકવણી કરવાની હોય તો નાણું ઓછું હાથ પર રાખવામાં આવે પણ અઠવાડિક કે મહિને નાણાંની ચૂકવણી કરવાની થાય અથવા જેમ વધુ સમયના અંતે પગારો ચૂકવવાના હોય તો વધુ નાણાંની માંગ કરવામાં આવે છે.

એ જ રીતે જો ઉધાર વેચાણની પ્રથા હોય તો નાણું ઓછું હાથ પર રાખવામાં આવે છે અને રોકડથી વેચાણ-ખરીદી થતાં હોય તો નાણાંની માંગ વધુ રહે છે. એ જ રીતે જો સંયુક્ત કુટુંબ પ્રથા હોય પેઢીઓનું સંચાલન મોટા પાયા પર થતું હોય, વસ્તીગીચતા ઓછી હોય, વાહન વ્યવહારની સગવડો ઓછી હોય તો વ્યક્તિઓ વચ્ચે વિનિમય ઓછો થશે અને તેથી નાણાંની માંગ પણ ઓછી થશે આનાથી વિરૂદ્ધ પરિસ્થિતિમાં તેનું વિરૂદ્ધ પરિણામ આવે આવું બની શકે છે.

### 5.5.2 આવકની સપાટી

આવકની સપાટી પણ નાણાંના માંગને અસર કરે છે. જે કુટુંબ કે પેઢીની આવક વધારે હોય છે તેઓ અનુક્રમે ખરીદી અને વેચાણ વિશેષ કરતા હોય છે. આથી વ્યવહારના હેતુઓ અર્થે વધુ નાણાંની માંગ રહે છે અને તેથી વિરૂદ્ધ જે આવક કે કમાણી ઓછી હોય છે તે ઓછા નાણાંની માંગ કરે છે.

વ્યવહારના હેતુ ઉપરાંત સાવચેતીના હેતુ માટે થતી નાણાંની માંગ પણ અસર કરે છે. વધુ આવક કે કમાણીવાળો વધુ સહી સલામતી કે શાંતિ માટે વધુ નાણાંની માંગ કરે છે. જેમની ભવિષ્યની આવક

તથા ખર્ચની અનિશ્ચિતતાઓ વધારે તેમની નાણાં માટેની માંગ પણ વિશેષ રહે છે. અથવા જેમ-જેમ આવક ખર્ચની અનિશ્ચિતતા ઓછી તેમ તેમ નાણાંની માંગ પણ ઓછી રહે છે.

### 5.5.3 વ્યાજનોદર

જેમ વસ્તુની કિંમત હોય છે તેમ નાણાંની પણ કિંમત હોય છે. વસ્તુ કિંમત માંગને અસર કરે છે તેમ નાણાં કિંમત એટલે કે (વ્યાજ નાણાંની માંગને અસર કરે છે. નાણું હાથ પર રાખવાથી વ્યાજ ચૂકવવુ પડે છે કે વ્યાજ કમાવવા તક જતી કરવી પડે છે. દા.ત. જોઈએ તો તમે વ્યાજે નાણાં લીધા હોય અને તે તમારી પાસે રાખો, તો તમારે નક્કી કર્યા પ્રમાણે વ્યાજ ચૂકવવું પડે છે. જો તમે ઉછીના પૈસા લીધા ન હોય તમારી બચતના જ હોય અને તે પૈસા તમારી પાસે જ રાખો તો .... તમારે વ્યાજ ચૂકવવાનું હોય પણ તમે વ્યાજકમાણી કરવાની તક જતી કરો છો એટલે કે બેંકમાં મૂક્યા હોય કે કોઈને વ્યાજે આપ્યા હોય તો તમે વ્યાજ કમાઈ શકયા હોત. આથી જેમ વ્યાજનો દર વધુ તેમ નાણું મોઘું થશે અને તેથી નાણાંની માંગ ઓછી કરવામાં આવે અને વ્યાજદર ઓછો હોય તો રોકડ નાણાંની માંગ વધુ રહેશે. વધુ વ્યાજના દરથી આકર્ષાઈને લોકો વધુ નાણું બેંકમાં અન્યને ધીરાણ તરીકે આપશે તેથી રોકડ નાણાંની માંગી ઓછી રહે છે. હકીકતમાં વ્યાજદર અને નાણાંની માંગ વચ્ચે ઉલટો સંબંધ હોય છે, વ્યસ્ત સંબંધ હોય છે જેવી રીતે વસ્તુની કિંમત અને માંગ વચ્ચે ઉલટો સંબંધ હોય તેવી રીતે.

### 5.5.4 નાણાંની છત-અછત

કેટલાંક સંજોગોમાં નાણાંની ખૂબ અછત હોય અને બજારમાં પ્રવર્તતા વ્યાજદર ચૂકવવા છતાં પણ નાણું મળતું નથી. જે સ્થિતિને શાખના રેશનિંગ (Credit rationing) તરીકે અર્થશાસ્ત્રમાં ઓળખવામાં આવે છે. આવા સંજોગોમાં હાથ પર નાણું રાખવાનું વલણ અતિ મંદ બને છે. કોઈ પેઢીનો માલિક જરૂરી નાણું મેળવી શકતો નથી એટલે કે મૂડી રોકાણ કરવાનું ફાયદાકારક હોવા છતાં નાણાંના અભાવે તેમ કરી શકતા નથી. જેમકે 100 રૂ.ના રોકાણના 50 રૂ.નો ફાયદો થાય છે. પણ બજારમાં નાણાંની અછતને લીધે ઊંચું વ્યાજ ચૂકવવા તૈયાર છે તેમ છતાં તે મેળવી ન શકે. આ સંજોગોમાં પેઢી હાથ પર નાણું શક્ય હોય તેટલું ઓછું રાખીને પણ અર્થતંત્રમાં મૂડી રોકાણ કરશે. ટૂંકમાં કહેવાનો અર્થ એ છે કે પેઢીને ભવિષ્ય જો આશાવાદી લાગતું હોય, નફાકારક લાગતું હોય તો, વર્તમાનમાં પણ વ્યાજદર વધુ હોવા છતાં મૂડી રોકાણ વધારશે અને નાણું ઓછું હાથ પર રાખશે. આમ વ્યાજદર અને મૂડી રોકાણ વચ્ચે પણ વ્યસ્ત સંબંધ પ્રવર્તે છે. અને હાથ પર નાણું રાખવાની કિંમત (વ્યાજ) ઊંચી હોવાથી નાણાંની માંગ ઓછી થશે આથી વિરૂદ્ધ નાણાં કિંમત ઓછી હોવાથી નાણાંની માંગ વધુ રહેશે.

આમ નાણાંની માંગ કરવાથી એક તરફ લાભ થાય અને બીજી તરફ વ્યાજ ચૂકવાથી, નાણાંની ખરીદ શક્તિ બદલવાની રીતે ગેરલાભ થાય તો જ્યાં સુધી બંને સરખા થશે ત્યારે નાણાંની માંગ સ્થિર રહેશે. આથી જે કોઈ પરિબળો નાણાંના લાભ-ગેરલાભને અસર કરે છે તે નાણાંની માંગને અસર કરે છે.

**તમારી પ્રગતિ ચકાસો (ક)**

**નીચે આપેલા પ્રશ્નોના મુદ્દાસર જવાબ આપો.**

(1) નાણાંની માંગ એટલે શું ? નાણાંની માંગના ઉદ્દેશો કયા કયા છે ?

(2) નાણાંની માંગને અસર કરતા પરિબળો જણાવો.

**(B) ખાલીજગ્યા પૂરો :**

**(1) ખાલીજગ્યા પૂરો.**

(1) વ્યાજનો દર અને નાણાંની માંગ વચ્ચે .......... સંબંધ છે. (વ્યસ્ત, સીધો)

(2) જેટલી અનિશ્ચિતતા ઓ વધારે તેટલી રોકડ નાણાંની માંગ ......... (વધુ, ઓછી)

(3) જમીનો, મકાન, શેર, બોન્ડ વગેરે જેવી થાપણો માટે નાણાંની માંગ થાય તે કયો હેતુ દર્શાવે છે. (સાવચેતીને, સટ્ટાનો)

(4) ઉધાર વેચાણની પ્રથા હોય તો નાણુ .......... હાથ પર રાખવામાં આવે છે. (વધુ, ઓછું.)

(5) રોજ બરોજની માંગને પહોંચી વળવા માટે થતી નાણાંની માંગ ....... હેતુ માટેની હોય છે.

**(c) વિધાનો ખરાં છે કે ખોટાં તે જણાવો.**

(1) વ્યાજદર વધે તો રોકડ નાણાંની માંગ વધે છે.

(2) વ્યાજનો દર અને મૂડી રોકાણ વચ્ચે સીધો સંબંધ પ્રવર્થે છે.

(3) અર્થતંત્રમાં રોકડપ્રથા વધુ હોય તો વધુ રકમ હાથ પર રાખવામાં આવે છે.

(4) સ્વભાવે ખડતલ વ્યક્તિ પોતાની પાસે બહું ઓછું નથી.

## 5.6 નાણાંના પૂરવઠાનો અર્થ અને અસર કરતા પરિબળો

### 5.6.1 નાણાં પુરવઠાનો અર્થ :

વિદ્યાર્થી મિત્રો હવે આપણે નાણાંના પૂરવઠાની અહીં ચર્ચા કરીશું. તે પહેલા આપણે એ જાણવું જોઈએ કે નાણાંના પૂરવઠાનો શો અર્થ થાય છે. નાણાંનો પુરવઠો એટલે અમુક ચોક્કસ સમયે અર્થતંત્રમાં નાણાંનો કુલ જથ્થો આધુનિક અર્થતંત્રમાં પ્રજા પાસે નાણાંનો પુરવઠો, ચલણીનાણું અને વેપારી બેંકની માંગપાત્ર થાપણો અને રિઝર્વ બેંક પાસેથી અન્ય થાપણો એ બે વિભાગના બનેલો છે.

1. $M_1 – M_1$ મુજબ નાણાંનો પૂરવઠો એટલે લોકોની પાસે કેટલાંક મૂલ્યના સિક્કાઓ, તથા કેટલા મૂલ્યની ચલણી નોટો છે તે, તથા વ્યાપારી સહકારી અને રિઝર્વબેંક પાસે કેટલી ડિમાન્ડ ડિપોઝીટ વગર નોટીસે ઉપાડી શકાય તેવી છે તે આમ, આ વ્યાખ્યામાં નાણું સૌથી વધુ રોકડતાનો ગુણ ધરાવે છે. લોકો, બેંક પાસે જે રોકડ નાણું છે તે નાણાં પૂરવઠો છે.
2. $M_2 – M_2$ મુજબ, $M_1$ + પોસ્ટ ઓફિસની બચત ખાતાની ડિમાન્ડ ડિપોઝીટ (થાપણો)
3. $M_3 – M_3$ મુજબ, નાણાંના પૂરવઠો એટલે $M_1$ + બેંકની ટાઈમ ડિપોઝીટ એટલે કે Fixed ડિપોઝીટ આ ડિપોઝીટ અમુક નિયત સમય પછી જ ઉપાડી શકાય છે. મુદતી થાપણ કહે છે.
4. $M_4$. $M_4$ મુજબ, $M_3$ + રાષ્ટ્રીય બચત પત્રો સિવાયની પોસ્ટ ઓફિસની ડિપોઝીટ નાણાંનો પૂરવઠો દર્શાવે છે.

અહિં, $M_1$ નાણાંની સૌથી વધુ રોકડતા, $M_1$ કરતા $M_2$ નાણાંની ઓછી રોકડતા $M_1$ અને $M_2$ કરતા $M_3$ નાણાંની ઓછી રોકડતા, અને $M_1$, $M_2$, $M_3$ કરતા $M_4$ એ સૌથી ઓછીમાં ઓછી નાણાંની રોકડતા દર્શાવે છે, આમ, રોકડતા મુજબ વ્યાખ્યા આપવામાં આવી છે.

### 5.6.2 નાણાં પૂરવઠાને અસર કરતા પરિબળો

કોઈપણ દેશમાં કોઈપણ સમયે નાણાંનો પૂરવઠો નીચેના મુખ્ય પરિબળો બે પર આધાર રાખે છે. (1) ચલણી નાણાંને અસર કરતા પરિબળો (2) બેંક નાણાંને અસર કરતા પરિબળો.

#### 5.6.2.1 સરકાર

**(અ) સિક્કાઓ :** સરકાર નાના-સિક્કાઓ, તથા રૂપિયાનો સિક્કો બહાર પાડીને કે તેમાં ઘટાડો

કરીને નાણાંના પુરવઠામાં વધારો - ઘટાડો કરી શકે છે. જો કે સામાન્ય રીતે આવા સિક્કાઓ બહાર પાડવા માટેના ચોક્કસ નીતિ-નિયમો હોય છે. પણ કાળક્રમે તેમાં બદલાવ લાવી શકાય છે.

**(બ) સરકારી ખર્ચ :** સરકાર પોતાના ખર્ચમાં પણ વધારો ઘટાડો કરી શકે છે. જે નાણાંના પૂરવઠાને અસર કરે છે. વધુ ખર્ચ કરવા માંગતી સરકારે મધ્યસ્થ બેંક કે અને વેપારી બેંક પાસેથી લોન લેવી પડે છે. જેને લીધે સરવાળે નાણાંનું પ્રમાણ વધે છે.

**(ક) સરકાર દ્વારા ખાદ્ય સામગ્રી :** જ્યારે સરકારની આવક કરતાં ખર્ચ વધી જાય ત્યારે વધારાનાં ખર્ચને પહોંચી વળવા માટે મધ્યસ્થ બેંકને પોતાની જામીનગીરીઓ વેચીને તેનાં મૂલ્ય જેટલું ચલણી નાણું મેળવવું પડે છે. આ ખાદ્ય પૂરવા માટે સરકાર જામીનગીરીઓ ખાનગીક્ષેત્રમાં વ્યક્તિઓને અને પેઢીઓને વેચે તો તેઓની પાસે રહેલાં નાણાંનો જથ્થો ઘટે. પરંતુ મધ્યસ્થ બેંક સરકારી જામીનગીરીઓનાં બદલામાં નવું નાણું છાપવું સરકારને ચૂકવણી કરે છે. તેથી ચલણી નાણાંનું પ્રમાણ વધે છે.

આંતરરાષ્ટ્રીય વેપારમાં પુરાંત હોય તો દેશમાં વિદેશી હૂંડિયામણનું પ્રમાણ વધતાં પણ નાણાંનો પુરવઠો વધે છે. તદુપરાંત ખાદ્ય પુરવણી માટે પણ સરકાર વિદેશી સહાય મેળવે ત્યારે અર્થતંત્રમાં વિદેશી હૂંડિયામણની અનામતો વધે છે.

### 5.6.2.2. વ્યાપારી બેંકની ધિરણનીતિ

વ્યાપારી બેંક નાણાંના પૂરવઠામાં વધારો - ઘટાડો કરી શકે છે. કેમ કે લોકો ચેક દ્વારા ચૂકવણીઓ કરી શકે છે. બેંક પાસે જે થાપણો હોય તેના કરતા અનેક ઘણી લોન આપીને નાણાંના પૂરવઠામાં ખૂબ વધારો કરી શકે છે અને લોન પાછી મેળવીને નાણાંના પૂરવઠામાં ખૂબ ઘટાડો પણ કરી શકે છે.

### 5.6.2.3. મધ્યસ્થ બેંક :-

**(અ) નવું નાણું દાખલ કરવું કે ચલણી નોટો વધારવી - ઘટાડવી :** પહેલાના સમયમાં વ્યાપારી બેંકનું પ્રમાણ વધવા પામ્યું. વ્યાપારનો વિકાસ થવા લાગ્યો આથી વિવિધ વ્યાપારી બેંકની ચલણી નોટોના બદલે એક સૂત્રતા જાળવવા, એક સરખી નોટો છાપવા, તથા નાણાંના પૂરવઠાને અંકુશિત કરવા માટે એક જ બેંકને તેનો અધિકાર (નોટો છાપવાનો) આપવામાં આવ્યો. જે અધિકાર મધ્યસ્થ બેંકને મળ્યો. સહી સલામતી ખાતર અને લોકોના વિશ્વાસને મજબૂત કરવા માટે કાનૂની રીતે પ્રણાલિકાગત સોનું સરકારી જામિનગીરીઓ, પરદેશી હુંડિયામણ વગેરેનું અનામત ભંડોળ ચલણી નોટોના પાયા પર કે આધાર તરીકે રાખીને ચલણી નોટોનું પ્રમાણ વધારી - ઘટાડીને નાણાંના પૂરવઠામાં વધારો ઘટાડો કરે છે.

**(બ) શાખ નિયમન :-** દેશના કુલ રોકડ નાણાંના જથ્થામાં થતો વધારો - વેપારી બેંકની થાપણોની સર્જન શક્તિ વધારે છે. વેપારી બેંક મહત્તમ નફાના ધ્યેયથી શાખ સર્જન મર્યાદિત પ્રમાણમાં કરે તો દેશમાં નાણાંના પુરવઠામાં વધારો થાય. આથી મધ્યસ્થ બેંક - વ્યાપારી બેંકના શાખ - સર્જન પર નિયંત્રણો મૂકે છે અને આ શાખ નિયંત્રણ બે રીતે કરે છે.

1. પરિમાણાત્મક શાખ નિયમન : તેના સાધનોમાં બેંકદર, ખુલ્લા બજારની નીતિ, અનામતના પ્રમાણમાં ફેરફાર, કરીને મધ્યસ્થ બેંક નાણાંના પૂરવઠાને અસર કરે છે.
2. ગુણાત્મક શાખ નિયમન :- જેમાં ગ્રાહકની શાખનું નિયમન, શાખની માપ બંધી, માર્જિનમાં ફેરફાર, સીધા પગલાં, નૈતિક સમજાવટ, તથા પ્રચારનો સમાવેશ થાય છે.

આમ, દેશમાં નાણાંના પૂરવઠાને સરકાર, વ્યાપારી બેંક તથા મધ્યસ્થ બેંક અસર કરે છે.

## 5.7 ઉચ્ચશક્તિ નાણું

વિદ્યાર્થી મિત્રો ઉચ્ચશક્તિ નાણાં માટે અંગ્રેજી ભાષામાં પ્રચલિત શબ્દ High Powered Money છે. શક્તિ નાણાં પૂરવઠાના ઘટકની એવી તાકાતનો નિર્દેશ કરે છે જેના આધારે નાણાંના કુલ પુરવઠાની અભિવૃદ્ધિનો દર અને કદ નક્કી થાય છે. આનું કારણ એ છે કે નાણું આપેલા સમય દરમિયાન વિનિમયના માધ્યમના રૂપમાં ચલણમાં એક હાથમાંથી બીજા હાથમાં સરકતું કે ગતિ કરતું રહે છે. પ્રો.

ફિશરે તેને નાણાંના ચલણવેગ તરીકે (Velocity) ઓળખાવે છે. આધુનિક અર્થશાસ્ત્રીઓ તેને નાણાંગુણક તરીકે ઓળખાવે છે. નાણાંનો ચલણવેગ એટલે આપેલા સમયગાળા દરમિયાન નાણાંનું કોઈ એક એકમ ચલણમાંથી બહાર નીકળી જતાં પહેલાં અર્થતંત્રમાં સરેરાશ કેટલીક વાર ઉપયોગમાં વપરાય છે તે.

**દા.ત.** ઉદાહરણ તરીકે જોઈએ તો ધારો કે અમુક ચોક્કસ નંબરવાળી 100 રૂ.ની નોટ અમુક સમયગાળા દરમિયાન માનો કે એક અઠવાડિયામાં એકથી બીજા હાથમાં વિનિમયના માધ્યમ તરીકે 50 વખતે વપરાય તો તેનાંથી નાણાંના કુલ પૂરવઠામાં કેવળ રૂ. 100 નો નહિ પણ 100 X 50 = રૂ. 5000 નો વધારો થયો છે તેમ ગણાય. આમ, આ ગતિના આધારે નાણાંને બે ભાગમાં વર્ગીકૃત કરાય છે.

(અ) ઉચ્ચશક્તિ નાણું (બ) અલ્પશક્તિ નાણું.

બીજી રીતે સમજીએ તો સરકાર જો કર્મચારીઓને રોકડમાં મોંઘવારી ભથ્થું આપવાના બદલે તેમની ભવિષ્યનિધિ - પ્રોવિડન્ટ ફંડમાં જમા કરે તો નાણું ઓછું ફરશે અને તે અલ્પ શક્તિ નાણું કહેવાશે. અર્થતંત્રમાં જે ઉથલાયલો કે અસમતુલા હાહાકાર મચાવે છે. તે અલ્પશક્તિ નાણું નહિ પરંતુ ઉચ્ચશક્તિ નાણું છે તેથી તે નાણાં પ્રબંધક સત્તા કે સરકાર અતિશક્તિ નાણાં પર વિશેષ દેખરેખ રાખે છે ઉચ્ચશક્તિ નાણાંને, અનામત નાણું, (Reserve Money) કે નાણાંકીય આધાર (Base Money) પણ કહેવામાં આવે છે. તે ભારતમાં રિઝર્વ બેંક બહાર પાડતી હોવાથી સરકારી નાણું પણ કહેવાય છે. રિઝર્વબેંક સરકારની બેંક માનવામાં આવે છે.

**5.7.1. ઉચ્ચશક્તિ નાણાંના ઘટકો**

નાણાંકીય આધાર અથવા તો ઉચ્ચશક્તિ નાણાં (H) દ્વારા નાણાંનેં પુરવઠાને નક્કી કરતાં પરિબળો સમજાવી શકાય. ઉચ્ચ શક્તિ નાણું (H) પ્રજા પાસેનાં ચલણી નાણાં (C) અને વેપારી બેંકોની અનામતો (R) નું બનેલું છે.

આમ, H = C + R

રિઝર્વ બેંક ઑફ ઇન્ડિયા અનામત નાણાંની નીચેની રીતે માપે છે.

અનામત નાણું = ચલણમાં રહેલું નાણું + રિઝર્વ બેંકમાં રહેલી બેંક થાપણો + રિઝર્વ બેંકની અન્ય થાપણો

અનામત નાણું બેંક થાપણોનાં વિસ્તરણ તથા નાણાં પુરવઠાના સર્જન કરવાનો પાયો છે. નાણાંકીય આધાર (H) માં થતાં ફેરફારો નાણામાં પુરવઠામાં સીધો ફેરફાર લાવે છે.

વેપારી બેંકની અનામતો (R) તેની કુલ થાપણો સમાવિષ્ટ છે. તેમાં અમુક નિશ્ચિત પ્રમાણ (r) નિર્દેશ કરે છે. પ્રજા પાસેનું ચલણી નાણું (1) કુલ નાણાંકીય અસ્કયામતોમાં ભાગ છે. પ્રજા તરફથી થતી ચલણી નાણાંની માંગ એ બેંક થાપણોનાં પ્રમાણ દ્વારા દર્શાવી શકાય. જેનો નાણાંનો ગુણોત્તર Cr = C/D.

Cr = ચલણી નાણાંનો ગુણોત્તર

D = બેંક થાપણો

C = ચલણી નાણું

નાણાંનો પુરવઠો M = C + D .................... (i)

જ્યાં C = ચલણી નાણું

D = બેંક થાપણો

ઉચ્ચ શક્તિ નાણું (H) અને નાણાંકીય આધાર એ પ્રજા પાસેનું ચલણી નાણું (C) + જરૂરિયાત અનુસાર બેંકો પાસેથી અનામતો (RR) તથા વધારાની અનામતો (ER)નું બનેલું છે.

H = C + RR + ER .................... (ii)

નાણાંના પુરવઠા (M) અને ઉચ્ચશક્તિ નાણાં (H) વચ્ચેનો સંબંધ, M સાથે H નાં ગુણોત્તર દ્વારા દર્શાવી શકાય. જે ઉપરનાં (i) નાં સમીકરણને (ii) ના સમીકરણથી ભાગવાથી જાણી શકાય.

$$\frac{M}{H}=\frac{C+D}{C+RR+ER} \quad ..................... (iii)$$

ઉચ્ચ શક્તિ નાણાંના ઘટકોમાં કોનો કોનો સમાવેશ થાય છે તે વિચારીએ તો...

(અ) ચલણમાં ફરતું નાણું (પ્રજા પાસેના સિક્કા અને ચલણી નોટો)

(બ) રિઝર્વબેંકમાં પ્રજાની થાપણો

(ક) બેંકની રોકડ અનામત.આ અનામત બે પ્રકારની હોય છે. (1) બેંક તેમની થાપણો સામે, રોજબરોજની લેવડ દેવડને પહોચી વળવા સલામતી માટે જે રોકડમાં અનામત નાણાં રાખે છે. (2) બેંક કાયદાની રૂએ તેમની થાપણો સામે રિઝર્વબેંકમાં જે અનામત નાણાં રાખે છે તે

**5.7.2. ઉચ્ચશક્તિ નાણાંના ઉપયોગો**

અતિશક્તિ નાણું, બીજા નાણાંના પૂરવઠાનો આધાર છે, તેથી જ તેને આધાર નાણું પણ કહેવામાં આવે છે. ચલણી નાણું ચલણમાં સતત વપરાતું રહીને તથા બેંકનું અનામત નાણું શાખ સર્જન દ્વારા કુલ નાણાંના જથ્થાને પ્રભાવિત કરે છે. અર્થતંત્રમાં ઉચ્ચશક્તિ નાણાંના અનેક ઉપયોગો છે. જે જોઈએ તો...

(1) અર્થતંત્રમાં આવતા પરિવર્તનો પર દેખરેખ રાખવામાં આવે છે અને સમજવામાં આવે છે.

(2) દેશની નાણાંકીય નીતિ અને નાણાંકીય ઘડતરમાં પણ મદદરૂપ બને છે.

(3) તેજી મંદી જેવાં આર્થિક આરોહ – અવરોહ કે આર્થિક પ્રવૃત્તિઓની ઉથલ પાથલો કે આંચકાઓનો ખ્યાલ મેળવવા માટે ઉચ્ચશક્તિ નાણાંના પરિવર્તનોની જાણકારી આવશ્યક બને છે.

(4) અર્થતંત્રનું સફળ સંચાલન કરવા તેમજ દેશમાં આર્થિક સ્થિરતા જાળવવા આ પ્રકારના નાણાં પર સતત નજર રાખી યોગ્ય નિયમન જરૂરી છે.

**5.7.3. ઉચ્ચશક્તિ નાણાંના ફેરફારો**

ભારતમાં ઉચ્ચશક્તિ નાણાંમાં સૌથી વધુ વૃદ્ધિ ચલણી નાણાંમાં થઈ છે. બેંક પાસેના રોકડ નાણાંમા પણ વિશેષ વધારો થયો છે. આમ ઉચ્ચ શક્તિ નાણાંમાં વધારાનું સૌથી મહત્ત્વનું અંગ છે. બેંકની રિજર્વબેંકમાં કોઈ ખાસ ફેરફાર થયો નથી. રિઝર્વબેંક પાસેની અન્ય થાપણોમાં નજીવો ફેરફાર થયો છે. સરકારના ખાધવાળા અંદાજ પત્રને કારણે ચલણી નોટો અને ધીરાણોમાં વ્યાપક પ્રમાણમાં વધારો થયો છે.

- **તમારી પ્રગતિ ચકાસો (ખ)**

**(A) નીચે આપેલા પ્રશ્નોના મુદ્દાસર જવાબ આપો.**

(1) નાણાંના પૂરવઠાના ઘટકો કેટલા છે ? અને કયાં કયાં ?

(2) નાણાંના પૂરવઠાનો અસર કરતા પરિબળો કયાં કયાં છે ? ચર્ચા કરો.

(3) ઉચ્ચશકિત નાણાંના ઘટકો જણાવો.

(4) ઉચ્ચશક્તિ નાણાંના ઉપયોગની સમજૂતી આપો.

**(B) ખાલીજગ્યા પૂરો.**

(1) M1 મુજબ નાણાંનો પૂરવઠો એટલે ........ (ચલણી નોટો અને સીક્કાઓ, પોસ્ટ ઓફિસની થાપણો)

(2) નીચેનામાંથી કઇ સંજ્ઞા સંકુચિત નાણાંનો નિર્દેશ કરે છે.

(a) $M_1$ (b) $M_2$ (c) $M_3$ (d) $M_4$

(3) નીચેનામાંથી કઇ સંજ્ઞા વિસ્તૃત નાણાંનો નિર્દેશ કરે છે ?

(a) $M_1$ (b) $M_2$ (c) $M_3$ (d) $M_4$

(4) બેંકની બેંક તરીકે કઇ બેંક જાણીતી છે?ર્ન
(વેપારી બેંક, રિઝર્વ બેંક)

(5) નાણાંના પુરવઠામાં સૌથી ઓછામાં ઓછી રોકડીયાત કયો ઘટક દર્શાવે છે?

(a) $M_1$ (b) $M_2$ (c) $M_3$ (d) $M_4$

(6) શાખ નિયમન ............. રીતે કરી શકાય છે. (બે, ત્રણ, ચાર)

**(C) વિધાનો ખરાં છે કે ખોટા તે જણાવો.**

(1) સરકાર નાના સિક્કાઓ અને રૂપિયાનો સિક્કો બહાર પાડે છે.

(2) વેપારી બેંક નવી ચલણી નોટો બહાર પાડી નાણાંના પુરવઠામાં વધારો કરી શકે છે.

(3) ખુલ્લા બજારની નીતિ એ ગુણાત્મક શાખ નિયમન છે.

(4) ઉચ્ચશક્તિ નાણાંને High Power Money તરીકે ઓળખાય છે.

(5) પ્રો. ફિશર ઉચ્ચશક્તિ નાણાંને નાણાંના ચલણ વેગ તરીકે ઓળખાવે છે.

(6) કર્મચારીને પ્રોવિડન્ટ ફંડમાં નાણું જમા કરાવવામાં આવે છે તે ઉચ્ચશક્તિ નાણું કહેવાશે.

## 5.8 નાણાંની માંગના સિદ્ધાંતો : પ્રશિષ્ટ અને કેઈન્સીયન સિદ્ધાંતો

### 5.8.1 પ્રો.ફિશરનું સમીકરણ

અમેરિકન અર્થશાસ્ત્રી પ્રો. ફિશરે ‘ધી પરચેઝીંગ પાવર ઓફ મની’ નામનું પુસ્તક ઈ.સ. 1911 માં પ્રસિદ્ધ કર્યુ તેમાં તેમણે નાણાં પરિમાણનો સિદ્ધાંત સમજાવવા માટે વિનિમય સમીકરણ ‘ધી ટ્રાન્ઝેક્શન ઈક્વેશન’ રજૂ કર્યું. તેમના આ સમીકરણમાં પ્રશિષ્ટ અર્થશાસ્ત્રીઓની જેમ જ નાણાંના વિનિમયના માધ્યમ તરીકેના કાર્યને લક્ષમાં લીધું છે અને એવી રજૂઆત કરી છે કે નાણાંની માંગની મૂલ્ય સાપેક્ષતા એકમ બરાબર છે.’ અર્થાત્ નાણાં પરિમાણ જેટલું વધારવામાં આવે તેટલું જ વિનિમયના માધ્યમ માટે માંગ થાય છે. આમ, ફિશરના મતે નાણાંના મૂલ્યનો આધાર અમુક ચોક્કસ સમયે નાણાંની કુલ માંગ અને નાણાંના કુલ પુરવઠા પર છે તેથી નાણાંનુ મુલ્ય જાણવા માટે નાણાંની કુલ માંગ અને નાણાંના પુરવઠાનું પ્રમાણ જોઈએ.

**નાણાંની માંગ** અમુક ચોક્કસ સમયે નાણાંની માંગ લોકો કેટલી કરશે તેનો આધાર એ બે બાબતો પર છે. (1) પ્રથમ એ છે કે અર્થતંત્રમાં કેટલા સોદાઓ પાર પાડવાના છે તે (2) બીજું સોદાઓની સરેરાશ ભાવ સપાટી કેટલી છે તે ઉદાહરણ તરીકે જોઈએ તો 50 વસ્તુઓના સોદા (T) પાર પાડવાના છે અને સામાન્ય ભાવ સપાટી (P) 10 રૂ. છે. તેથી નાણાંની માંગ ...

નાણાંની માંગ = સોદાઓની સંખ્યા (T) × ભાવ સપાટી (P)

માંગ = $50 \times 10$

(Demand of Money : PT)

નાણાંની માંગ = 500 રૂ. થશે.

નાણાંનો પુરવઠો : પ્રો. ફિશરે નાણાંના પૂરવઠામાં

- કાયદામાન્ય નાણું (M) જેમાં ચલણી નોટો અને સિક્કાઓનો સમાવેશ થાય છે.
- કાયદે માન્ય નાણાંનો ચલણ વેગ (V)
- બેંક નાણું - (M) જેમાં ચેક, ડ્રાફ્ટ, વચનચિઠ્ઠી વગેરેનો સમાવેશ થાય છે. M' અને P વચ્ચે સીધો સંબંધ છે.
- બેંક નાણાંનો ચલણ વેગ (V') તેનો સમાવેશ કર્યો.

ચલણવેગ એટલે નાણાંનો એક એકમ અનેક ચોક્કસ સમય દરમિયાન અર્થતંત્રમાં સરેરાશ કેટલા હાથમાંથી પસાર થાય છે તેની સંખ્યા. દા.ત. એક રૂપિયાનો સિક્કો દસ વ્યક્તિઓનાં હાથમાંથી પસાર થાય તો નાણાંનો ચલણવેગ 10 કહેવાય. અર્થતંત્રમાં નાણાંનો ચલણવર્ગ જેમ વધુ તેમ કિંમત વધે. આમ, નાણાંની ચલણવેગ અને કિંમત વચ્ચે સીધો સંબંધ છે.

આમ, નાણાંનો પૂરવઠા = (કાયદેસરનું નાણું × તેનો ચલણવેગ + બેંક નાણું કે શાખી નાણું × તેનો ચલણવેગ)

ફિશરનાં સમીકરણની ધારણા એ

(1) ભાવ સપાટી P એ નિષ્ક્રિય પરિબળ છે.

(2) T અને V એ ટૂંકાગાળામાં સ્થિર રહે છે.

(3) શાખ નાણું M એ કાયદામાન્ય નાણું M નું પરિબળ છે.

(4) નાણું વિનિમયનું માધ્યમ છે.

સંજ્ઞામાં જોઈએ તો...

$Ms = (M \times V) + (M' \times V')$

Supply of Money = $MV + M'V'$

પરિણામે નાણાંની માંગ = નાણાંનો પૂરવઠો


MD = MS (બંનેની સંજ્ઞા મૂકતાં)

PT = MV + M'V' (ભાવ સપાટી જાણવા)

$$\left(P = \frac{MV + M'V'}{T}\right)$$

અહિં, P અને T વચ્ચે વ્યસ્ત સંબંધ છે, અને P એટલે કે ભાવ સપાટી અને નાણાંના પુરવઠા (MV + M'V') વચ્ચે સીધો સંબંધ છે. જે નીચેની આકૃતિમાં બતાવ્યું છે કે નાણાંના પુરવઠા અને ભાવ સપાટી વચ્ચે સીધો અને સપ્રમાણ સંબંધ પ્રવર્તે છે.

**આકૃતિ**




OX ધરી પર નાણાંનો પૂરવઠો અને OY ધરી પર ભાવ સપાટી દર્શાવી છે. OS નાણાં પૂરવઠા રેખા છે જે દર્શાવે છે કે OM નાણાં પૂરવઠો હોય તો ભાવ સપાટી OP હતી અને નાણાંપૂરવઠો વધીને OMI થાય તો ભાવ સપાટી પણ $OP_1$ થાય છે.

આમ, નાણાં પૂરવઠો અને ભાવ સપાટી વચ્ચે સીધો અને સપ્રમાણ સંબંધ દર્શાવે છે.

**<u>કેમ્બ્રીજ અર્થશાસ્ત્રીઓની સમજૂતી અથવા રોકડ પુરાંત સમીકરણ :</u>**

કેમ્બ્રીજ યુનિવર્સિટીના અર્થશાસ્ત્રીઓ માર્શલ પિગુ રોબર્ટસન, કેઈન્સ વગેરેએ નાણાંનું મૂલ્ય કેવી રીતે નક્કી થાય છે તે સમજાવવા માટે રોકડ પુરાંતનું સમીકરણ રજૂ કર્યુ છે. રોકડ ઉપરાંત અભિગમનો હેતુ મૂલ્યના સિદ્ધાંત સાથે નાણાંના મૂલ્યને સંકલિત કરવાનો હતો તેથી જ પ્રો. માર્શલે માંગ અને પુરવઠા દ્વારા નાણાંનું મૂલ્ય નક્કી થાય છે તેમ સમજાવવાનો પ્રયત્ન કર્યો છે. પિગુ, રોબર્ટસન વગેરે પણ તેવો જ પ્રયાસ રહ્યો છે. પણ તેમનો આ પ્રયાસ સફળ રહ્યો નથી.

પ્રો. ફિશરે સમીકરણમાં નાણાં પુરવઠા પર ભાર મૂક્યો છે. જ્યારે નાણાંની માંગનો વિચાર કર્યો નથી. કેમ્બ્રીજ અર્થશાસ્ત્રીઓએ નાણાંની માંગનો વિચાર કર્યો છે. જો કે નાણાંની માંગ સટ્ટાકીય હેતુ માટે જ થાય છે તે અગત્યના પરિબળને સાંકળી શક્યા નથી. જો કે પ્રો. ફિશેર નાણાંને વિનિમયના માધ્યમ તરીકે જ લેખ્યુ છે જ્યારે રોકડ પુરાંત સમીકરણમાં નાણું મૂલ્યના સંગ્રાહક તરીકેની જ ફરજ બજાવે છે. કેમ્બ્રીજ અર્થશાસ્ત્રીઓ નાણાંની માંગ પર વધુ વજન મૂકે છે. એટલે કે એક (ફિશર) નાણાંના પુરવઠાનું વિશ્લેષણ છે તો બીજુ નાણાંની માંગનુ વિશ્લેષણ છે.

**5.8.2 પુરોગામી માર્શલનો ખ્યાલ**

નાણાંનુ મૂલ્ય નક્કી કરવામાં નાણાંની માંગનુ મહત્વ સૌ પ્રથમ પ્રો.માર્શલે દર્શાવ્યુ હતું. લોકો તેમની આવકનો અમુક ભાગ વપરાશી વસ્તુઓ પાછળ અને અમુક ભાગ મૂડી રોકાણ પાછળ ખર્ચે છે અને અમુક ભાગ હાથ પર કે તરત જ મેળવી શકાય તેવી રીતે રાખે છે. જેને (Money at call) પણ કહે છે. માર્શલના શબ્દમાં કહીએ તો........

“સમજ અને અનુભવના આધાર વ્યક્તિ વધારે - ઓછી રોકડ પુરાંતનો લાભ તથા ગેરલાભ

સરખાવે છે. તે જાણે છે કે જો હાથ પર ખૂબ ઓછી ખરીદ શક્તિ રાખશે તો વખતો વખત તેણે મુશ્કેલીમાં મુકાવું પડશે. વળી, જો તે ખૂબ વધારે રોકડ પુરાંતો હાથ પર રાખશે તો કેટલીક રકમ બેકાર પડી રહે અને ધીરવાથી જે આવક થઈ શકી હોત તેટલી આવક ઓછી થાય.'' વ્યક્તિઓ વિચારે છે કે અમુક રકમ હાથ પર રાખવાથી સીમાન્ત લાભ કેટલો થશે અને સીમાન્ત ગેરલાભ કેટલો થશે. લોકો એટલા પ્રમાણમાં રોકડ રકમ હાથ પર રાખે છે. જેથી સીમાન્ત લાભ અને સીમાન્ત ગેરલાભ સમાન થઈ રહે અને વધુમાં વધુ કુલ લાભ મળે. આમ, નાણાં માંગ એટલે કે હાથ પર રાખવામાં આવતી રોકડ પુરાંતોનું પ્રમાણ નાણાંનું મુલ્ય નક્કી કરે છે.

પ્રા.માર્શલના આ વિચારોને આધારે પ્રા.પિગુ, પ્રા.કેઈન્સ અને પ્રા.રોબર્ટસને લગભગ સમાન વિચારો વ્યક્ત કરતા સમીકરણ દ્વારા કોઈ સમયના બિંદુએ નાણાંનુ મૂલ્ય કઈ રીતે નક્કી થાય છે તેની સમજૂતી આપી હતી.

**5.8.3 પ્રો. પિગુની સમીકરણ**

કેમ્બ્રીજ સમીકરણમાં પ્રો.પિગુનુ સમીકરણ ખૂબ જ જાણીતું છે. નાણાંના મૂલ્ય અંગે પ્રો.પિગુએ નીચે પ્રમાણે સમીકરણ રજૂ કર્યુ છે.

$P = \frac{KR}{M}$ જેમાં સંજ્ઞાઓનો અર્થ છે.

P = નાણાંનું એકમદીઠ મૂલ્ય છે.

R = અર્થતંત્રની વાસ્તવિક આવક છે.

K = એ લોકો વાસ્તવિક આવકનો જેટલો ભાગ નાણાંના સ્વરૂપમાં પોતાના હાથ પર રાખે છે તેનું પ્રમાણ છે.

M = નાણાંનો પૂરવઠો છે.

અહીં પ્રો. પિગુએ P સંજ્ઞાને નાણાંના મૂલ્ય તરીકે દર્શાવી છે. સરળતા ખાતર જો આપણે તેને P ભાવ સપાટી તરીકે દર્શાવીશુ તો સમીકરણ નીચે પ્રમાણે થશે.

$P = \frac{M}{KR}$ અહીં રોકડ નાણાંની માંગ નાણાંના પુરવઠા બરાબર થાય તો નાણાંનો પૂરવઠો =

નાણાંની માંગ

M = PKR સમીકરણ થશે.

અહીં, P = 20 રૂ, K = $1/4$, R = 500

એટલે કે વાસ્તવિક આવક (R) = 500 મણ અનાજ (ઘઉ) હોય, તેના $1/4$ ભાગ (K) પોતાના હાથ પર રાખવા માંગે છે અને બજારમાં અનાજ (ઘઉ)નો ભાવ 1 મણ દીઠ 20 રૂ. હોય તો લોકો કેટલી રોકડ નાણાંની માંગ કરશે ?

તેના જવાબમાં એમ કહી શકાય કે (સમીકરણમાં કિંમત મૂકતાં)

$$M = PKR$$

$$\therefore M = 20 \times 1/4 \times 500$$

$$= 2500 \text{ (રૂ.)}$$

રોકડ નાણાંની માંગ થશે એમ કહેવાય. જે નાણાંના પૂરવઠો બરાબર હશે. પરંતુ અહીં જેટલી રોકડ નાણાંની માંગ થાય છે તે બધુ જ નાણું લોકો હાથ પર રાખશે નહિ. પણ કેટલાંક ભાગ બેંકમાં

ડિપોઝીટ તરીકે મૂકશે અને બેંક પણ જે નાણું મૂકવામાં આવ્યું હશે તેનો અમુક ટકા ભાગ જ રોજ બરોજની જરૂરિયાતને પહોંચી વળવા તરલ સ્વરૂપમાં (રોકડ) રાખશે. આ સ્થિતિમાં રોકડ પુરાંતની માંગ અથવા પુરવઠો 2500 રૂ.ના બદલે ઓછો રહેશે. જે નીચે સમીકરણ દ્વારા સમજાવ્યું છે.

અહિં P ને નાણાંના મૂલ્યને બદલે ભાવ સપાટી તરીકે દર્શાવીએ તો,

$$P = \frac{M}{KR}[c + h(1-c)]$$

P = નાણાંનું મૂલ્ય વ્યક્તિ કરે છે.

C = લોકો રોકડ પુરાંતનો જે ભાગ હાથ પર રાખે છે. તે એટલે કે 2500 માંથી $3/4$ હાથ પર રાખતાં હોય તો c = $3/4$ થશે. એટલે કે $\left(2500 \times 3/4 = 1875\right)$ રૂ. હાથ પર રાખશે.

1 – c = લોકો બેંક ડિપોઝીટ તરીકે રોકડ પુરાંત મૂક છે. જેમ કે c = $3/4$ હોયતો હોય તો $1 - 3/4 = 1/4$ થાય. એટલે કે 2500 રૂ. ના $1/4$ લેખે $2500 \times 1/4 = 625$ રૂ. બેંકમાં મુકશે.

h = બેંક નાણાંની રોંજીદી માંગને પહોંચી વળવા માટે તરલ સ્વરૂપમાં જે રકમ રાખે છે. દા.ત. બેંક ડીપોઝીટનો 10 મો ભાગ તરલ સ્વરૂપે રાખે છે. આથી $625 \times 1/10 = 62.50$ તરલ સ્વરૂપમાં રહેશે.

આથી સ્પષ્ટ થાય કે અર્થતંત્રમાં નાણાંનો પૂરવઠો અથવા રોકડ નાણાંની માંગ 1875 + 62.50 = 1937.50 રૂ. રહેશે.

અહીં, પિગુ K, R, P અને h પરિબળોને સ્થિર માને છે. તેથી M અને P વચ્ચે પ્રત્યક્ષ બંને સપ્રમાણ સંબંધ સ્થાયી શકાય છે. નાણાંનો પૂરવઠો વધતા ભાવો વધે છે અને M માં ઘટાડો થતાં P માં ઘટાડો થાય છે. આમ, M અને P વચ્ચે સીધો સંબંધ છે.

**5.8.4 પ્રો. રોબર્ટસન નું સમીકરણ**

પ્રો.ડી.એચ.રોબર્ટસને આપેલું સમીકરણ પણ પ્રો.પિગુના સમીકરણનો મળતું આવે છે.

$$P = \frac{M}{KT} \text{ અથવા } M = KTP$$

આ સમીકરણમાં P = ભાવ સપાટી, M = નાણાંનો પુરવઠો, અને T = વર્ષ દરમિયાન ખરીદવામાં આવતી વસ્તુ અને સેવાઓનું પ્રમાણ K = લોકો દ્વારા રોકડ સ્વરૂપમાં ચીજવસ્તુઓનો હિસ્સો જે હાથ પર રાખવામાં આવે છે. તે. આ સમીકરણમાં પણ P અને M વચ્ચે સીધો સંબંધ છે,

P અને K વચ્ચે વ્યસ્ત સંબંધ છે.

P અને T વચ્ચે પણ વ્યસ્ત સંબંધ છે.

**5.8.5 પ્રો. કેઈન્સનું સમીકરણ**

પ્રો.કેઈન્સનું સમીકરણ પણ પ્રો.પિગુના સમીકરણ જેવુ જ છે. પ્રો. કેઈન્સ એમ જણાવે છે કે લોકો પોતાની સંપત્તિના પ્રમાણ અને ટેવના આધારે કેટલીક ખરીદ શક્તિ પોતાના હાથ પર રાખે છે લોકો હાથ પર જે નાણું (ખરીદશક્તિ) રાખે છે તેને પ્રો.કેઈન્સ વપરાશના એકમો વડે માપે છે.

(અગાઉ વિદ્યાર્થી મિત્રો આપણે જે નાણાંની માંગને ઉદ્દેશો જોયા તે પ્રો કેઈન્સે જણાવ્યા તે પ્રમાણે વિનિમયના હેતુ માટે, સાવચેતીના હેતુ માટે અને સટ્ટાના હેતુ માટે પણ રોકડ નાણાંની માંગ થાય છે. તેને પણ અહીં લેવામાં આવે છે.)

પ્રો. કેઈન્સનું સમીકરણ નીચે પ્રમાણે છે.

$n$ = PK અહીં n એ કુલ નાણાં છે P એ વપરાશના એકમોનો ભાવ છે જ્યારે K એ વપરાશના એકમોની સંખ્યા કે જેને લોકો રોકડ સ્વરૂપમાં રાખવા માંગે છે તે છે.

અહીં જોઈ શકાય છે કે પ્રો. કેઈન્સે નાણાં પરિમાણ માટે M ને બદલે n સંજ્ઞા વાપરી છે. જ્યારે પિગુના સમીકરણની KR સંજ્ઞાને માત્ર K તરીકે જ દર્શાવી છે. પિગુના મતે વાસ્તવિક આવક 50 મણ હોય અને તેનો $1/5$ ભાગ લોકો હાથ પર રાખે તો $KR = 50 \times 1/5 = 10$ મણની ખરીદી જેટલા નાણાં હાથ પર રાખશે. આમ, અહીં કેઈન્સે કુલ વાસ્તવિક આવકને બદલે માત્ર લોકો જેટલી વાસ્તવિક આવક નાણાંના સ્વરૂપમાં રાખશે તેનો નિર્દેશ K દ્વારા કરે છે.

પ્રો. કેઈન્સના સમીકરણમાં ભાવ સપાટી નીચે પ્રમાણે થશે.

$$P = \frac{N}{K}$$

પ્રો.પિગુની જેમ જ પ્રો.કોઈન્સે લોકો બેંકમાં જે રકમ ડિપોઝીટ તરીકે મૂકે છે. તેને લક્ષમાં રાખીને આ પ્રમાણે સમીકરણ આપ્યુ છે.

n = P (K + rk') કે જ્યો....

k' = બેંકની થાપણોના રૂપમાં રાખવામાં આવતા વપરાશના એકમો

r = બેંકનું રોકડ પ્રમાણ

**ઉદાહરણ દ્વારા સમજુતી :-**

ધારો કે લોકો વપરાશના એકમોના 125 મણને નાણાંના સ્વરૂપમાં રાખવા માંગે છે. 125 મણમાંથી 100 મણ નાણાંના સ્વરૂપમાં હાથ પર રાખે છે માટે k = 100 થશે અને બાકીના 25 મણને નાણાં સ્વરૂપે બેંકમાં મૂકશે. તેથી k' = 25 થશે.

બેંકની રોકડ અનામતોનું પ્રમાણ $1/5$ છે તેથી r = $1/5$ થશે. ધારો કે વપરાશના એકમોનો ભાવ 20 રૂ છે. તો સમીકરણમાં સંજ્ઞાઓની કિંમત મૂકતા

n = (Pk + Prk') જેમાં k' = બેંકની થાપણનાં રૂપમાં રાખવામાં આવતાં વપરાશના એકમો

r = બેંકોનું રોકડ રમ

$\therefore$ n = P(k + rk')

$\therefore$ n = (Pk) + (Prk')

$\therefore$ n = (20 × 100) + (20 × $1/5$ × 25)

$\therefore$ n = 2000 + 100

$\therefore$ n = 2100 રૂ.કુલ નાણાં પરિમાણ થાય.

મર્યાદા : આ સમીકરણની મુખ્ય મર્યાદા એ છે કે

(1) P માત્ર વપરાશના એકમોની ભાવ સપાટી માપે છે પરંતુ વાસ્તવમાં લોકો નાણું આ ઉપરાંત વેપાર માટે અને અન્ય હેતુઓ માટે પણ હાથ પર રાખે છે. આથી સમીકરણનો P નાણાંની વાસ્તવિક ખરીદશક્તિ રજૂ કરતો નથી.

(2) n અને P વચ્ચે પ્રમાણાત્મક સંબંધ સ્થાપ્યો છે પરંતુ તે ટૂંકાગાળા માટે જળવાતો નથી. લાંબાગાળે સાચો પડી શકે.

પ્રો. કેઈન્સે પણ કબુલ્યુ છે કે k, k' અને r ઉપર n માં થતાં ફેરફારોની અસર પડે છે તેથી આ પદો સ્થિર રહી શકતા નથી.

♦ **તમારી પ્રગિતિ ચકાસો : (ગ)**

(A) નીચે આપેલા પ્રશ્નોના મુદ્દાસર જવાબ આપો.

(1) પ્રો. ફિશરનું વિનિમય સમીકરણ કર્યું છે ?

---

(2) પ્રો. પિગુનું રોકડપુરાંત સમીકરણ સમજાવો.

---

(3) પ્રો.કેઈન્સનો નાણાંની માંગનો સિદ્ધાંત સમજાવો.

---

(4) પ્રો માર્શલે આપેલો નાણાંની માંગનો ખ્યાલ સમજાવો.

---

## 5.9 સારાંશ

આધુનિક અર્થતંત્રમાં નાણું એ એક મહત્વનું નિર્ણાયક પરિબળ છે. વિનિમયના માધ્યમ, મૂલ્યના માપદંડ, મૂલ્યના સંગ્રહક અને શાખના આધાર વગેરે માટે નાણું અગત્યનું કાર્ય કરે ચે. નાણું મૂલ્ય જાણવા માટે નાણાંની માંગ અને નાણાંનો પુરવઠો અગત્યનો છે. આથી પ્રસ્તુત પ્રકરણમાં પ્આપણે વિદ્યાર્થી મિત્રો, નાણાંની માંગના પરિબળો, પુરવઠાના ઘટકો તેના પરિબળો તેમજ નાણાંના માંગના વિવિધ સિદ્ધાંતો દ્વારા આ પ્રકરણમાં અભ્યાસ કરવામાં આવ્યો છે.

બદલા પદ્ધતિનો વિલય થતો ગયો અને નાણાંની માંગનું પ્રમાણ વધતુ ગયુ. નાણાંની માંગ વિવિધ ઉદ્દેશો સાથે થાય છે. તેમજ નાણાં પુરવઠામાં સૌથી અગત્યનો ફાળો મધ્યસ્થ બેંકનો છે. આ તમામ માહિતી અહિ ઉપલબ્ધ છે.

## 5.10 ચાવીરૂપ શબ્દો (Key Words)

**(1) નાણાંની માંગ :** નાણું ખર્ચી શકાય તે રીતે હાથ પર રાખવું.

**(2) નાણાંનો પૂરવઠો :** નાણાંનો પૂરવઠો એટલે અર્થતંત્રમાં નાણાંનો કુલ જથ્થો કે જે વસ્તુઓ તથા સેવાઓના વિનિમય માટે વપરાય છે.

**(3) સટ્ટો :** નીચી કિંમતે ખરીદી અને ઊંચી કિંમતે વેચવુ તે.

**(4) વેપારી બેંક :** જે બેંક નફાના હેતુને લક્ષમાં રાખીને વેપાર, વાણિજ્ય અને ઉદ્યોગોને ટૂંકાગાળ માટેનું ધીરાણ કરે છે તે બેંક.

**(5) મધ્યસ્થ બેંક :** બેંકની બેંક છે. રિઝર્વબેંક પણ કહેવામાં આવે છે. જે નવી ચલણી નોટો છાપવાનો ઈજારો ધરાવે છે.

**(6) શાખ નિયંત્રણ :** મધ્યસ્થ બેંક પોતાની આ સત્તાની રૂએ વેપાર ધંધાના પ્રમાણ સાથે શાખી નાણાંના પ્રમાણનો સુમળ સાધવાનું કાર્ય કરે છે તે.

## 5.11 કેટલાંક ઉપયોગી પુસ્તકો

(1) નાણું અને નાણાંકીય વ્યવસ્થા - તૃતિય વર્ષ બી.કોમ, બી.એસ.શાહ પ્રકાશક - 2010-11 આવૃત્તિ.

(2) દ્વિતીય વર્ષ બી.કોમ વર્ષ 1997-98 આવૃત્તિ બી.એસ.શાહ પ્રકાશન

(3) આધુનિક અર્થશાસ્ત્ર - 2 (નાણું અને સમગ્રલક્ષી અર્થશાસ્ત્ર) સી.જમનાદાસની કંપની આવૃત્તિ 1988-89.

## 5.12 તમારી પ્રગતિ ચકાસોના જવાબો

♦ **તમારી પ્રગતિ ચકાસો (ક) ના જવાબો.**

(A) 1. કુટુંબો અને પેઢીઓ જે ચલણી નોટો - સિક્કાઓ હાથ પર રાખે છે. તે અથવા ખર્ચી શકાય શકાય તે રીતે હાથ પર રાખવામાં આવેલું નાણું એ નાણાંની માંગ દર્શાવે છે. તેના ઉદ્દેશો ત્રણ છે.

(1) વ્યવહારનો કે વિનિમયનો હેતુ

(2) સાવચેતીનો હેતુ

(3) સટ્ટાનો હેતુ (વધુ વિગતની 5.2.1. અને 5.3. નો અભ્યાસ કરવો)

2. નાણાંની માંગને અસર કરતા પરિબળો આ પ્રમાણે છે.

(1) સંસ્થાકીય પરિબળ

(2) આવકની સપાટી

(3) વ્યાજનો દર

(4) નાણાંની છત-અછત (વિગતવાર સમજૂતી ના પ્રત્યેક મુદ્દાને આવરી લે છે.)

**(B) જવાબો**

(1) વ્યસ્ત સંબંધ

(2) વધુ

(3) સટ્ટાનો હેતુ

(4) ઓછું

(5) વિનિમયનો હેતુ

**(B) ખરાં ખોટાના જવાબો.**

(1) વિધાન ખોટું છે

(2) વિધાન ખોટું છે.

(3) વિધાન સાચું છે.

(4) વધાન સાચું છે.

♦ **તમારી પ્રગતિ ચકાસો (ખ) ના જવાબો :**

(1) નાણાંના પૂરવઠાના ઘટકો 4 છે. $M_1$, $M_2$, $M_3$ અને $M_4$.

$M_1$ = (સિક્કાઓ + ચલણીનોટો + બેંકની ચાલુ થાપણો)

$M_2 = M_1$ + પોસ્ટ ઓફિસની બચત થાપણો

$M_3 = M_2$ + પ્રજાની બેંકમાં મુકેલી મુદ્દતી થાપણો

$M_4 = M_3$ + પોષ્ટ ઓફિસની કુલ થાપણો

(2) નાણાંના પૂરવઠાને અસર કરતા પરિબળો માટે જુઓ 5.5.2 ના તમામ મુદ્દાઓનો અભ્યાસ કરો.

(3) ઉચ્ચ શક્તિ નાણાંના ઘટકો (એ) ચલણમાં ફરતું નાણું

(પ્રજા પાસેના ચલણી સિક્કા અને ચલણી નોટો)

(બે) રિઝર્વ બેંકમાં પ્રજાની થાપણો

(ક) બેંકની રોકડ અનામતો

(4) ઉચ્ચશક્તિ નાણાંના ઉપયોગના જવાબ માટે જુઓ 5.6.2 નો અભ્યાસ કરો.

- **તમારી પ્રગતિ ચકાસો (ગ) નો જવાબો**

(1) પ્રો. ફિશરનું વિનિમય સમીકરણ આ પ્રમાણે છે.

$MV \pm PT$ જેમાં $P = \frac{MV + M'V'}{T}$

તેની સંજ્ઞાઓની તમામ સમજૂતી માટે જુઓ 5.7.1.

(2) પ્રો.પિગુનું રોકડ પુરાંત સમીકરણ $M = PKR$ આની વિસ્તૃત સમજૂતી – 5.7.3 માં આપેલી છે. તેનો અભ્યાસ કરવો.

(3) પ્રો. કેઈન્સની નાણાંની માંગના સિદ્ધાંતને સમજવા માટે 5.7.5 કેઈન્સનું સમીકરણનો અભ્યાસ કરો. તેનું સમીકરણ $n = Pk$ છે.

(4) પ્રો માર્શલનો નાણાંની માંગનો ખ્યાલ 5.7.2 માં સમજાવ્યો છે.

❖

# એકમ 6 ભારતીય બેન્કિંગ વ્યવસ્થા

**વેપારી બેન્કનો અર્થ, કાર્યો.**

**બિનબેંકિંગ નાણાં સંસ્થાઓ (NBFC), વિશિષ્ટ નાણાં સંસ્થાઓ**


**6.1** ઉદ્દેશો

**6.2** પરિચય

**6.3** બેંકનો અર્થ

**6.4** બેંકિગનો વિકાસ

    **6.4.1** ભારતમાં બેંકિગનો વિકાસ

**6.5** ભારતીય બેંકિગ વ્યવસ્થાનું માળખું

**6.6** વાણિજ્ય બેંકના કાર્યો

**6.7** વ્યાપારી બેંકનું મહત્વ

**6.8** શાખ સર્જન

    **6.8.1** સરવૈયા સંચાલનના સિદ્ધાંત

    **6.8.2** શાખ સર્જન

**6.9** બિનબેકિંગ નાણાં સંસ્થાઓ

    **6.9.1** અર્થ

    **6.9.2** કાર્યો

    **6.9.3** ભારતમાં કામ કરતી બિનબેંકિગ નાણાંકીય સંસ્થાઓનો પરિચય

**6.10** ભારતમાં વિશિષ્ટ નાણાં સંસ્થાઓ

    **6.10.1** પરિચય

    **6.10.2** ભારતીય ઔદ્યોગિક નાણાં નિગમ

    **6.10.3** ભારતીય ઔદ્યોગિક શાખ અને મૂડી રોકાણ નિગમ

    **6.10.4** ભારતીય ઔદ્યોગિક વિકાસ બેંક

    **6.10.5** ભારતીય ઔદ્યોગિક મૂડી રોકાણ બેંક લિ.

    **6.10.6** ભારતીય આયાત -નિકાસ બેંક

    **6.10.7** ભારતીય લઘુ ઔદ્યોગિક વિકાસ બેંક

    **6.10.8** રાજ્ય નાણાંકીય નિગમો

    તમારી જાતે ચકાસો

**6.11** સારાંશ

    **6.11.1** ચાવીરૂપ શબ્દો

    **6.11.2** બહુવિકલ્પ પ્રશ્નો

    **6.11.3** તમારી પ્રગતિ ચકાસો

    **6.11.4** સંદર્ભ

## 6.1 ઉદ્દેશો

આ એકમનો અભ્યાસ કર્યા પછી તમે

(1) બેંકિગનો વિકાસ સમજાવી શકશો.

(2) ભારતીય બેકિંગ માળખાનું વર્ણન કરી શકશો.

(3) વ્યાપારી બેંકિગનાં કાર્ય અને મહત્વને સમજી શકશો.

(4) વ્યાપારી બેંકિગની શાખ સર્જનની પ્રક્રિયા સમજી શકશો.

(5) બિનબેંકિગ નાણાંકીય સંસ્થાઓ વિશે સમજી શકશો.

(6) ભારતમાં કામ કરતી મહત્વની બિનબેંકિગ નાણાંકીય કંપનીઓ વિશે જાણી શકશો.

(7) ભારતમાં કામ કરતી વિશિષ્ટ નાણાંકીય સંસ્થાઓ વિશે જાણી શકશો.

## 6.2 પરિચય :

વિશ્વના કોઈપણ દેશના આર્થિક વિકાસમાં બેંક ખુબ જ અગત્યની ભૂમિકા નિભાવે છે. સામાન્ય રીતે બેંક એટલે લોકો પાસેથી ઓછા વ્યાજે થાપણોનો સ્વીકાર કરવો અને નાણાંકીય જરૂરિયાતવાળા લોકોને વ્યાજે નાણાં પુરા પાડવા. આ ઉપરાંત વ્યાપારી બેંક દેશમાં આર્થિક વિકાસ માટે અન્ય કામગીરીઓ પણ બજાવે છે. દરેક વ્યાપારી બેંક પોતાનું ભંડોળ મુખ્યત્વે ત્રણ સાધનો શેરમૂડી, અનામત ભંડોળ અને સામાન્ય પ્રજાની થાપણો દ્વારા મેળવે છે.

સદર એકમમાં ભારતમાં બેંકના વિકાસ અને વેપારી બેંક, બિનબેંકીંગ નાણાં સંસ્થાઓ, વિશિષ્ટ નાણાં સંસ્થાઓ વિશે વિગતવાર સમજૂતી આપવામાં આવી છે. જેમાં અમુક અંશે વધુ સમજૂતી અહીં ઉમેરવાનું સૂચન છે.

## 6.3 બેંકનો અર્થ :

સામાન્ય રીતે એમ માનવામાં આવે છે કે જે વ્યક્તિ, સંસ્થા કે સમાજ પાસેથી નાણાં સ્વીકારે છે અને નાણાં ધીરે છે તે બેંક છે. પરંતુ આ માન્યતા બરાબર નથી કેમ કે વીમા કંપનીઓ અને શાહુકારો પણ આ પ્રકારનું કાર્ય કરે છે. છતાં તે બેંક નથી. શાહુકારો માત્ર નાણાં ધીરવાનું કાર્ય કરે છે. તેઓ નાણાં કે થાપણનો સ્વીકાર કરીને તેમનુ ધીરાણ નથી કરતા બેંક એ એવી નાણાંકીય સંસ્થા છે જે આ બંને પ્રવૃત્તિઓ થાપણો સ્વીકારવી અને ધીરાણ કરવું કરે છે.

પ્રો. કાઉથરના મતે ''બેન્ક એ એવી સંસ્થા છે કે જે વ્યાજ આપીને થાપણો સ્વીકારવાનું અને વ્યાજે નાણાં ધિરવાનું કાર્ય કરતી હોય છે.

પ્રો. સેયર્સ તેમના 'મોડર્ન બેન્કિંગ' નામના પુસ્તકમાં બેંકની વધારે અર્થ પૂર્ણ વ્યાખ્યા આપે છે. ''સામાન્ય બેન્કિગ વ્યવસાયમાં રોકડ રકમોને બેન્ક થાપણોમાં તેમજ બેન્ક થાપણોને રોકડ રકમોમાં ફેરવી આપવામાં આવે છે. કોઈ વ્યક્તિ કે કંપનીની બેન્ક થાપણોનું અન્યના ખાતામાં બદલી કરવાનું, વિનિમયપત્રો, સરકારી ડિબેન્ચર, વેપારીઓના સલામતી યુક્ત વચનો વગેરેના બદલામાં બેન્ક થાપણો આપવાનું કાર્ય કરવામાં આવે છે.

ભારતીય બેંકિગ કંપની નિયંત્રણ ધારો 1949ના વિભાગ 5 મુજબ '' બેકિંગ કંપની એટલે કોઈપણ કંપની જે બેંકિગ કામકાજ કરે છે. બેંકિગ એટલે લોકો પાસેથી ધીરાણ અથવા મૂડી રોકાણના હેતુ માટે થાપણો તરીકે નાણાં સ્વીકારવાં કે જે માંગણી થયે યા અન્ય રીતે પાછાં ચૂકવી શકાય અને ચેક. બેંક હુંડી (ડ્રાફ્ટ) યા અન્ય રીતે ઉપાડી શકાય''

આમ આ વ્યાખ્યામાં બેન્કિંગના ત્રણ મહત્વના કાર્યોનો સમાવેશ કરવામાં આવ્યો છે. જેવાં કે,

(1) થાપણોનો સ્વીકાર કરવો અને ધીરાણ પુરુ પાડવું.

(2) ચેકો બહાર પાડવા અને તેની સામે નાણાં ચુકવવાં

(3) ગ્રાહકોવતી ચેક એકત્રીત કરવા



આમ બેંકે એવી નાણાંકીય સંસ્થા છે જે ગ્રાહકોને બેન્કિંગ અને અન્ય નાણાંકીય સેવાઓ પૂરી પાડે છે. બેંક ગ્રાહકોને બેન્કિંગની પાયાની સેવાઓ જેવી કે થાપણોનો સ્વીકાર અને ધીરાણ માટે નાણાંકીય મધ્યસ્થી તરીકેની કામગીરી બજાવે છે. જેમ કે મૂડી પુરી પાડનાર થાપણદારો અને નાણાંની માંગ કરનાર દેવા દારો વચ્ચે મધ્યસ્થી તરીકે કામ કરે છે. ત્યારે તેની જવાબદારી વધી જાય છે કેમ કે બેંક થાપણદારોનો કરજદાર બને છે પરંતુ બેંક થાપણો વડે પોતાની અસ્કયામતો (Assets) માં વધારો કરી લેણદાર બની જાય છે.

વર્તમાન સમયમાં બેંકે સેવાક્ષેત્રના એક ભાગ તરીકે સમાવેશ થાય છે. બેંક ભારતીય નાણાં બજારમાં નાણાંકીય સેવાઓ પૂરી પાડતી મુખ્ય સંસ્થા છે દેશમાં બેંકની સાથે સાથે આજે વિશિષ્ટ નાણાંકીય સંસ્થાઓનો પણ વિકાસ થવા પામ્યો છે. જેમાં બેંકની પરંપરાગત કામગીરીની સાથે સાથે નવી નાણાંકીય સંસ્થાઓ જેવી કે વીમા કંપનીઓ, સામાન્ય વીમા કંપનીઓ ધીરાણ સંસ્થાઓ વગેરેની કામગીરીઓ નિભાવે છે.

## 6.4 બેંકિગનો વિકાસ

આધુનિક વ્યાપારી બેંકનું મૂળ ઉદ્ભવ સ્થાન પ્રાચીન સમયની નાણાંકીય વ્યવસ્થાને આભારી છે પ્રાચીન સમયમાં શરૂઆતમાં બેંકનો વિકાસ ખાનગી ક્ષેત્રે નાણાં રૂપાંતરના કામકાજ સાથે ગાઢ રીતે સંકળાયેલો હતો. ડેલ્ફીના પ્રખ્યાત મંદિરો અને ગ્રીસના ઓલમ્પિયા થાપણો અને ધીરાણનાં કેન્દ્ર તરીકે સેવા આપતા હતા. તે જ રીતે ભારતમાં ખાનગી ક્ષેત્રે શાહુકારો દ્વારા આ પ્રકારની સેવા આપવામાં આવતી હતી. જોકે બેંકિગ પદ્ધતિની વ્યસ્થિત શરૂઆત 12 મી સદીમાં ઈટાલીમાં બેંક ઓફ વેનિસની સ્થાપના સાથે થઈ હતી તેથી બેંક ઓફ વેનિસને વિશ્વની સૌથી પ્રાચીન બેંક ગણી શકાય છે સમય જતાં આ પ્રકારની બેકિંગ નાણાંકીય સંસ્થાઓનો વિસ્તાર યુરોપમાં વધવા પામ્યો હતો.

ઈંગ્લેન્ડમાં બેકિંગનો પાયો નાખવામાં સૌથી મહત્વનો ફાળો સોનીઓને આભારી છે. કારણ કે ઈંગલેન્ડમાં આંતર વિગ્રહના સમયમાં રાજ્યમાં અસલામતી અને અંધાધૂંનીનું પ્રમાણ વધતું જતું હતું આથી લોકો નાણાંની સલામતી માટે સલામત અને મજબુત ઓરડાઓ ધરાવતા સોનીની પાસે નાણાં થાપણ તરીકે મૂકવાની શરૂઆત થઈ હતી. સોની નાણાંની થાપણોની સામે બાંહેધરી માટે રસીદો આપતા હતા. આ રસીદો સમય જતાં બેંક નોટોનું સ્વરૂપ ધારણ કર્યું.

સોનીઓ શરૂઆતમાં નાણાંની થાપણોને પોતાની પાસે સંગ્રહી રાખતા હતા પરંતુ જેમ સમય વિતતો ગયો તેમ સોનીઓને નાણાં ધીરાણ તરીકે આપવાનું સલામત અને નફાકારક લાગ્યું. ધીરાણ નફાકારક લાગતાં સોનીઓની આ પ્રકારની પ્રવૃત્તિ ધીમે ધીમે નિયમિત કામકાજનું અંગ બન્યું. સોનીઓ દ્વારા આ વ્યવહારના નિયમિત હિસાબો રાખવામાં આવતા અને હિસાબ પોથીઓ (પાસબુક) પણ આપવામાં આવતી. સોનીઓને જણાયું કે થાપણદારો એકસાથે થાપણ ઉપાડતા નથી એવા સંજોગોમાં નિષ્ક્રિય થાપણોને વ્યાજે ધિરાણ આપવાનું શરૂ કર્યું. આમ, એકબાજું થાપણો સાચવવા બદલ મહેનતાણું મેળવી બીજી બાજુ ફાજલ થાપણોનું વ્યાજે ધિરાણ કરી નફો મેળવવા લાગ્યાં. જે સોની પાસે વધુ થાપણ તે વધુ નફો મેળવી શકતાં. આથી સોનીઓ વધુ થાપણદારોને આકર્ષવા સોનીઓ વચ્ચે અંદરોઅંદર હરીફાઈ થવા લાગી અને તેના લીધે થાપણદારોને પણ તેઓની થાપણો પર વ્યાજ મળવા લાગ્યું અને સોનીઓએ થાપણો વ્યાજે સ્વીકારીને વ્યાજે ધિરાણ કરવાનું કાર્ય શરૂ કર્યું અને આ રીતે બેંકિંગનો ઉદ્ભવ થયો. ઈટાલીનાં સોનીઓ દ્વારા તેમના કામકાજ માટે પ્રાચીન સમયમાં પાટલી કે મેજનો ઉપયોગ કરવામાં આવતો. બેંક શબ્દ ‘Banco’ પરથી આવ્યો છે. થોડા સમય બાદ સોનીઓએ સરકારને ધીરાણ આપવાનું શરૂ કર્યુ. આમ તેમની ધીરાણી પ્રક્રિયા વધતા જતાં તેઓએ પોતાના પ્રાથમિક કાર્યને ત્યજીને બેંકર તરીકેનો વ્યવસાય અપનાવવા લાગ્ય. સોનીઓની આ પ્રકારની પ્રવૃત્તિના લીધે ધીમે ધીમે બેકિંગનો વિકાસ થતો ગયો. 1694 માં ઈંગ્લેન્ડમાં બેંક ઓફ ઈંગલેન્ડની સ્થાપના કરવામાં આવી. આ બેંકના ધોરણે અન્ય બેંક અસ્તિત્વમાં આવી જેને સમગ્ર વિશ્વમાં આધુનિક બેંકનો ફેલાવો કર્યો હતો. જો કે સહિયારી શેરમુડી માલીકીની (જોઈન્ટ સ્ટોક) વાણિજય બેંકનો વિકાસ

1833માં ઈંગલેન્ડમાં બેંકિગ કાયદો ઘડાયા બાદ જ થયો હતો.

### 6.4.1 ભારતમાં બેંકિગનો વિકાસ :


ભારતમાં આધુનિક બેંકીગની શરૂઆત 18મી સદીના છેલ્લા દાયકામાં થઈ હતી ભારતમાં પ્રથમ વ્યાપારી બેંક 1770માં કલકત્તા ખાતે બેંક ઓફ હિન્દુસ્તાનની સ્થાપના કરવામાં આવી હતી અને 1786 માં 'જનરલ બેંક ઓફ ઈન્ડિયા' ની સ્થાપના થઈ હતી જોકે આ બંને બેંક બેંકિગ વ્યવસાયમાં નિષ્ફળ ગઈ હતી. 1806 માં બેંક ઓફ કલકત્તા (બેંક ઓફ બંગાળ), 1840 માં બેંક ઓફ બોમ્બે અને અને 1843 માં બેંક ઓફ મદ્રાસ એમ ત્રણ સરકારી બેંકની સ્થાપના ઈસ્ટ ઈન્ડિયા કંપનીના ચાર્ટસ હેઠળ કરવામાં આવી હતી. 1921 માં આ ત્રણ બેંકનું એકત્રીકરણ કરીને ઇમ્પિરિયલ બેંક ઓફ ઈન્ડીયાની રચના કરવામાં આવી. ઈમ્પિરિયલ બેંક ઓફ ઈન્ડિયાનું સ્વતંત્રતા પછી 1955માં રાષ્ટ્રીયકરણ કરીને 'સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા' નામ આપવામાં આવ્યું હતું. આ ઉપરાંત અન્ય બેંક અલ્હાબાદ બેંક (1865) પંજાબ નેશનલ બેંક (1894), બેંક ઓફ ઈન્ડિયા (1906), ઈન્ડિયન બેંક (1907), બેંક ઓફ બરોડા (1909), સેન્ટ્રલ બેંક ઓફ ઈન્ડિયા (1911) અસ્તિત્વમાં આવી. પ્રથમ વિશ્વયુદ્ધ પછી ઘણી બેંક નાણાંકીય કટોકટીના અનુભવને લીધે બેકિંગ ક્ષેત્રે નિયમન અને નિયંત્રણની જરૂરિયાત અનુભવતા એપ્રિલ 1935માં રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાની સ્થાપના કરવામાં આવી. જેનું 1949 માં રાષ્ટ્રીયકરણ કરવામાં આવ્યું અને તેને બેંકિગ કંપની એકટ 1949 જેને 1965માં સુધારીને પાછળથી બદલીને 'બેકિંગ રેગ્યુલેશન એક્ટ 1949 હેઠળ ભારતીય બેંકીગની વ્યવસ્થા પર દેખરેખ રાખવા માટેના સ્વૈચ્છીક સંસ્થા એટલે કે દેશની મધ્યસ્થ બેંક બનાવવામાં આવી.

સ્વતંત્રતા પછી બેંકિગ ક્ષેત્રમાં મહત્વના સુધારા કરવામાં આવ્યા જેમાં 1955 માં 'ઈમ્પિલિયર બેંક ઓફ ઈન્ડિયા'નું રાષ્ટ્રીયકરણ કરીને 'સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા' નામ આપવામાં આવ્યું અને સ્ટેટ બેંકને આર.બી.આઈ.ની મુખ્ય એજન્ટ તરીકે માન્યતા આપવામાં આવી આ ઉપરાંત સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાને સહાયક સાત બેંકનું 1960 માં રાષ્ટ્રીયકરણ કરવામાં આવ્યું. જે વર્તમાનમાં સ્ટેટ બેંકને સહાયક બેંકની સંખ્યા પાંચ છે.

સ્વતંત્રતા પછી દેશમાં બેકિંગ સેવા દેશમાં શહેરી વિસ્તાર પુરતી મર્યાદિત રહેવા પામી હતી જેના લીધો દેશના ઘણા લોકો બેંક સેવાથી વંચિત રહી જતા હતા જેમાં મોટાભાગે ખેડૂતો, ગૃહ-નાના પાયાના ઉદ્યોગો વગેરે માટે ધીરાણનો મુખ્ય આધાર શાહુકારો હતા. શાહુકારો દ્વારા આ વર્ગોનું ઊંચા વ્યાજદરે શોષણ કરવામાં આવતું હતું આથી મધ્યમ - ગરીબ વર્ગને શાહકારોના શોષણમાંથી મુક્ત કરવા માટે અને સમાજના મોટા વર્ગને બેંકનો લાભ આપવા માટે બેંકિંગ કંપની લી. 1969 (એકવિઝિશન એન્ડ ટ્રાન્સફર ઓફ અન્ડર ટેકિંગ) પ્રમાણે 19 જુલાઈ 1969 માં 14 મોટી વ્યાપારી બેંકનું રાષ્ટ્રીયકરણ કરવામાં આવ્યું આ ઉપરાંત 15 એપ્રિલ 1980 માં બીજી 6 બેંકનું રાષ્ટ્રીયકરણ કરવામાં આવ્યું. આમ કુલ 20 બેંકનું રાષ્ટ્રીયકરણ કરવામાં આવ્યું છે. જે વર્તમાનમાં રાષ્ટ્રીયકૃત વેપારી બેંકની સંખ્યા 19 છે.

## 6.5 ભારતીય બેંકિગ વ્યવસ્થાનું માળખું :

ભારતનું બેકિંગ માળખું દેશી અને આધુનિક ઢબે કામ કરતી બેંકિંગ પદ્ધતિ એટલે કે સંગઠિત અને અસંગઠિત વિભાગનું બનેલું છે. દેશી બેકિંગ પદ્ધતિ અથવા અસંગઠિત વિભાગમાં દેશી શરાફો, શાહુકારો વગેરેનો સમાવેશ થાય છે. જ્યારે આધુનિક પદ્ધતિથી ચાલતા બેકિંગ વિભાગમાં એટલે કે સંગઠિત વિભાગમાં કામ કરતી રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા, સ્ટેટ બેંક, રાષ્ટ્રીયકૃત બેંક અને અન્ય અનુસૂચિત બેંક, ખાનગી ક્ષેત્રની બેંક, વિદેશી વિનિમય બેંક, સહકારી બેંક, જમીન વિકાસ બેંક, પ્રાદેશિક ગ્રામીણ બેંક વગેરેનો સમાવેશ થાય છે.




**(1) રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા : (RBI)**

રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા દેશની મધ્યસ્થ બેંક તરીકેનું કાર્ય કરે છે. આર.બી.આઈ.ની સ્થાપના 1934 માં કરવામાં આવી હતી અને 1 એપ્રિલ 1935 થી કામગીરીના શરૂઆત કરી હતી. શરૂઆતમાં આ બેંકની સ્થાપના ખાનગી સાહસ તરીકે થઈ હતી પરંતુ જાન્યુઆરી 1949 માં તેનું રાષ્ટ્રીયકરણ કરવામાં આવ્યું છે જે આજે સંપૂર્ણપણે તે રાજ્ય સંચાલિત અને રાજ્યની માલિકીની બેંક બની છે.

આર.બી.આઈ. ગ્રાહકો સાથે કોઈપણ જાતનો પ્રત્યક્ષ વ્યવહાર કરતી નથી પરંતુ પરોક્ષ રીતે ગ્રાહકોના હિતોનું રક્ષણ કરવા માટે બેંક ઉપર નિયમન અને નિયંત્રણ રાખે છે. આ ઉપરાંત દેશમાં નાણાંના પુરવઠા અને માંગનું યોગ્ય સંયોજન કરવાનું જેથી દેશનો આર્થિક વિકાસ સિધ્ધ થઈ શકે અને અર્થતંત્રને તેજી મંદીના ઉતાર ચઢાવમાંથી મુક્ત રાખવા માટે નાણાંના પુરવઠા અને માંગ ઉપર નિયમન કરે છે. આર.બી.આઈ. બેંકની બેંક તરીકે અંતિમ સહાયક તરીકેની કામગીરી બજાવે છે. અને સરકારના બધા જ નાણાંકીય વ્યવહારો આર.બી.આઈ. દ્વારા કરવામાં આવે છે.

**અનુસૂચિત બેંક :**

1934ના રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાના ધારાની કલમ 42(C) માં બધી વ્યાપારી બેંકને બે ભાગમાં વહેચવામાં આવી છે. જેવી કે અનુસૂચિત બેંક અને બિનઅનુસૂચિત બેંક (શીડયુલ્ડ બેંક અને નોન શીડ્યુલ બેંક )

રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા ધારાના બીજા પરિશિષ્ટમાં જે બેંકનો સમાવેશ કરવામાં આવ્યો છે. તે અનુસૂચિત બેંક કહેવાય છે. જે બેંક રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા ધારાની કલમ 42(6) (અ) માં દર્શાવેલી નીચેની શરતોનું પાલન કરે તે બેંકનો સમાવેશ બીજા પરિશિષ્ટમાં કરવામાં આવે છે.

(i) બેંકની ભરપાઈ થયેલી મૂડી અને અનામત ભંડોળની કુલ રકમ રૂ. પાંચ લાખ થી ઓછી હોવી જોઈએ નહિ.

(ii) બેંકની પ્રવૃત્તિ થાપણદારના હિતની વિરૂદ્ધ હોવી જોઈએ નહિ.

(iii) તે રાજ્ય સહકારી બેંક હોવી જોઈએ અથવા 1956ના કંપની ધારા હેઠળ ભારતમાં નોંધાયેલી કંપની હોવી જોઈએ અથવા કેન્દ્ર સરકારે જાહેર કરેલી સંસ્થા હોવી જોઈએ અથવા ભારતની બહાર નોંધાયેલ કોર્પોરેશન કે કંપની હોવી જોઈએ.

**(1) સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા :-**

સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાએ ભારતની સૌથી મોટી વ્યાપારી બેંક છે. 1921માં સ્થાપાયેલી ઈમ્પિરિયલ બેંક ઓફ ઈન્ડિયાનું 1955માં રાષ્ટ્રીયકરણ કરીને સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાની રચના કરવામાં આવી

હતી. એ જ રીતે 1960 માં દેશી રાજ્યોની સાત બેંકને સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાની સહાયક બેંક તરીકેની કામગીરી બજાવે છે.

2008 માં સ્ટેટ બેંક ઓફ સૌરાષ્ટ્ર અને 2010 માં સ્ટેટ બેંક ઓફ ઈન્દોરનું સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયામાં વિલિનીકરણ કરવામાં આવ્યું. એટલે એસ.બી.આઇ. જુથમાં પાંચ બેંક બાકી રહી હતી. 1 એપ્રિલ 2017ના રોજ બાકી રહેલી પાંચ સહાયક બેંક સ્ટેટ બેંક ઓફ બિકાનેર અને જયપુર, સ્ટેટ બેંક ઓફ હૈદરાબાદ, સ્ટેટ બેંક ઓફ મૈસુર, સ્ટેટ બેંક ઓફ પટિયાલા અને સ્ટેટ બેંક ઓફ ત્રાવણકોરનું સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયામાં વિલિનીકરણ કરવામાં આવ્યું છે. આ ઉપરાંત 2013માં સ્થાપાયેલી 'ભારતીય મહિલા બેંકનું પણ સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયામાં વિલિનીકરણ કરવામાં આવ્યું છે. આમ આજે સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા વિશ્વની મોટી બેંકમાંથી એક છે.

**(2) રાષ્ટ્રીયકૃત બેંક (જાહેર ક્ષેત્રની બેંક)**

જુલાઈ 1969માં રૂ.50 કરોડથી વધુ થાપણો ધરાવતી 14 મોટી વ્યાપારી બેંક અને 15 એપ્રિલ 1980માં રૂ. 200 કરોડથી વધુ થાપણો ધરાવતી બીજી 6 બેંકનું રાષ્ટ્રીયકરણ કરવામાં આવ્યું હતું. અલબત અત્રે એ નોંધવુ ઘટે કે ઓગસ્ટ 1993માં ન્યુ બેંક ઓફ ઈન્ડિયાનું પંજાબ નેશનલ બેંકમાં વિલિનીકરણ કરવામાં આવ્યું. જેથી રાષ્ટ્રીયકૃત બેંક સંખ્યા 19 થઈ ગઈ. 2004માં ભારતીય ઔદ્યોગિક બેંક લિમિટેડનું ભારતીય ઔદ્યોગિક વિકાસ બેંક સાથે જોડાણ થતાં રાષ્ટ્રીયકૃત બેંકની સંખ્યા 20 થવા પામી હતી. જ્યારે 2013 માં સ્થાપવામાં આવેલી ભારતીય મહિલા બેંકથી જાહેરક્ષેત્રની બેંકની સંખ્યા 21 થવા પામી હતી. પરંતુ ભારતીય મહિલા બેંકનું 2017માં એસ.બી.આઈ.માં વિલિનીકરણ કરવામાં આવ્યું છે. આથી રાષ્ટ્રીયકૃત બેંકની સંખ્યા 20 થાય છે.

2015 માં રાષ્ટ્રીયકૃત બેંકની કુલ શાખાઓ 64318 હતી જેમાં સ્ટેટ બેંક સમૂહ, પ્રાદેશિક ગ્રામીણ બેંક અને અન્ય વ્યાપારી બેંકની શાખાઓનો સમાવેશ થતો નથી. બેંકની રાષ્ટ્રીયકરણ બાદ બેંકએ સામાજિક બેંકિગ અને વિકાસશીલ બેંકિગની વિભાવનાનો સ્વીકારી કરી તેમની પ્રવૃત્તિઓને વૈવિધ્યપૂર્ણ બનાવી છે.

**(3) ખાનગી ક્ષેત્રની બેંક :**

1991 માં બેંકિગ ક્ષેત્રમાં સુધારા માટે નરસિંહમની સમિતિની રચના કરવામાં આવી હતી. આ સમિતિની ભલામણોને અનુલક્ષીને રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાએ નાણાંકીય ક્ષેત્રમાં સુધારા માટે અનેક પગલા હાથ ધર્યાં છે. આ પૈકીનું એક મહત્વનું પગલું અમુક ચોક્કસ શરતોને આધીન રહી ખાનગી ક્ષેત્રે બેંક સ્થાપવા દેવાની પરવાનગીની હતી. ખાનગી ક્ષેત્રે બેંક સ્થાપવા દેવાનો મુખ્ય ઉદ્દેશ બેકિંગ ક્ષેત્રે સ્પર્ધાત્મકતામાં વધારો કરી બેંકની કામગીરીમાં સુધારો લાવવાનો હતો જેથી ગ્રાહકોને વધુ સારી સગવડો પ્રાપ્ત થાય. તેને અનુલક્ષીને તાજેતરમાં વર્ષોમાં ખાનગીક્ષેત્રે અનેક નવી બેંકની સ્થાપના કરવામાં આવી છે. જેમ કે એક્સિસ બેંક લી. એચ.ડી.એફ.સી. બેંક લી., યસ બેંક લી. આઈ.સી.આઈ.સી.આઈ, કોટક મહિન્દ્રા બેંક વગેરે બેંકની સ્થાપના કરવામાં આવી છે.

**(4) વિદેશી વિનિમય બેંક :**

વિદેશી વિનિમય બેંકએ ભારતના સંગઠિત નાણાં બજારનું એક મહત્વનું અંગ છે. આ બેંકની સ્થાપના વિદેશો સાથેના વેપારને નાણાંકીય સહાય આપવાના હેતુથી કરવામાં આવી હતી. આ બેંક વિદેશી માલિકીની છે અને તેથી તે વિદેશી વિનિમય બેંક તરીકે ઓળખવામાં આવે છે.

વિદેશી વિનિમય બેંકની મુખ્ય ઓફિસ ભારત બહાર આવેલી છે અને તેમની મૂડી વિદેશી ચલણમાં હોય છે. ભારતમાં આજે કામ કરતી મહત્વની વિનિમય બેંકમાં અમેરિકન એક્સપ્રેસ બેંક લિ. બેંક ઓફ શિલોંગ,સિટી બેંક, એચ.એસ.બી.સી. બેંક., સ્ટેન્ડર્ડ ચાર્ટર્ડ બેંક, બેંક ઓફ ટોકિયો – મીત્સુલીશી લી. ઓમાન ઈન્ટરનેશનલ બેંક વગેરે મુખ્ય છે. વિનિમય બેંકનું મુખ્ય કાર્ય ભારતના વિદેશ વેપાર માટે નાણાં પૂરા પાડવાનું છે. આ ઉપરાંત તેઓ અન્ય બેંકિંગ કામકાજ પણ કરતી હોય છે.

**(5) પ્રાદેશિક ગ્રામીણ બેંક :**

પ્રાદેશિક ગ્રામીણ બેંકની સ્થાપના 2 ઓક્ટોબર 1975ના રોજ કરવામાં આવી હતી. આ બેંક શરૂ કરવા પાછળનો મુખ્ય હેતુ નાના અને સીમાન્ત ખેડૂતો, ભૂમિહીન ખેડૂતો, નાના કારીગર વર્ગ અને ગ્રામ્ય વિસ્તારના અન્ય નબળા વર્ગને ધીરાણની પૂરતી વ્યવસ્થા કરવાનો છે. માર્ચ 2015 ના અંતે દેશમાં કુલ 56 પ્રાદેશિક ગ્રામીણ બેંકની 20059 શાખાઓ હતી આ બેંક દ્વારા કુલ ધીરાણના 73 ટકા જેટલું ધીરાણ ગ્રામિણ વિસ્તારમાં કરવામાં આવ્યુ છે.

**(6) સહકારી બેંક :-**

ભારતીય બેંકિગ માળખાના સંગઠિત વિભાગમાં સહકારી બેંક પણ મહત્વનું સ્થાન ધરાવે છે. આ બેંકની સ્થાપના 20 મી સદીના આરંભમાં કરવામાં આવી હતી. સહકારી બેંકની સ્થાપના પાછળનો મુખ્ય ઉદ્દેશ ગ્રામીણ ક્ષેત્રમાં લોકોને શાહુકારોના શોષણયુક્ત ધીરાણમાંથી મુક્તિ અપાવવા માટે ગ્રામ્ય વિસ્તારોમાં ખેડુતોને વ્યાજબી દરે ટૂંકા અને મધ્યમ ગાળાનું ધીરાણ પૂરું પાડવાનો છે. સમય જતાં આ પ્રકારની સંખ્યાઓનો શહેરી વિસ્તારમાં પણ વિકાસ થવા પામ્યો છે.

સહકારી બેંકિગ સંસ્થાઓમાં રાજ્ય સહકારી બેંક ટોચની સંસ્થા હોય છે. ત્યાર પછી જિલ્લા મધ્યસ્થ સહકારી બેંક જે રાજ્ય સહકારી બેંક અને પ્રાથમિક સહકારી ધીરાણ મંડળીયોને જોડવાનું કાર્ય કરે છે. અને સૌથી નીચે પ્રાથમિક સહકારી ધીરાણ મંડણીઓ અને નાગરીક સહકારી બેંક વગેરેનો સમાવેશ થાય છે.

**બિન અનુસૂચિત બેંક :**

જે બેંકનો સમાવેશ 1934ના રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાના ધારાના બીજી પરિશિષ્ટમાં કરવામાં આવતો નથી તથા જેમની ભરાયેલી મૂડી અને અનામત ભંડોળ રૂ. 5 લાખથી ઓછી હોય છે તે બેંકને બિનઅનુસૂચિત બેંક તરીકે ઓળખળામાં આવે છે. આ બેંકનું નામ રિઝર્વ બેંકની માન્ય યાદી પર હોતુ નથી. તેમજ આ બેંક ઉપર આર.બી.આઈ.નું કોઈ નિયમન હોતુ નથી. આર.બી.આઈ.ની નાણાંકીય નીતિની તેના ઉપર કોઈ અસર થતી હોતી નથી. જોકે આ બેંક ઉપર લોકો ઓછ વિશ્વાસ મૂકે છે.

## 6.6 વાણિજ્ય બેંકના કાર્યો

વ્યાપારી બેંક એટલે કે ગ્રાહકોની થાપણો સ્વીકારવી અને સામે અન્ય લોકોને તેનું ધીરાણ કરવું આ મુખ્ય કાર્યો ઉપરાંત બીજા ગૌણ કાર્ય પણ કરે છે.

હર્બર હાર્ટ ના મતે "બેંકર એ છે જે વેપારના સામાન્ય વ્યવહારમાં જે લોકો પાસેથી અને જેઓ માટે તે ચાલી ખાતામાં નાણાં મેળવે છે તેઓ દ્વારા તેમના પર લખાયેલા ચેક સ્વીકારે છે.

બેંકિગ નિયમન ધારો 1949 મુજબ "બેંકિગ કંપની એટલે કોઈપણ કંપની જે બેંકિગ કામકાજ કરે છે. બેંકિગ એટલે લોકો પાસેથી ધીરાણ અથવા મૂડી રોકાણના હેતુસર થાપણો તરીકે નાણાં સ્વીકારવા કે જે માંગણી થયે યા અન્ય રીતે પાછાં ચૂકવી શકાય અને ચેક બેંક હુંડી (ડ્રાફ્ટ) યા અન્ય રીતે ઉપાડી શકાય.

આ ઉપરોક્ત વ્યાખ્યા આધારે બેંકના કાર્ય વિશે જાણી શકાય છે. સરળતા માટે આપણે અહિ બેંકિગના કાર્યોને બે વિભાગમાં વહેંચવામાં આવ્યાં છે.

(1) પ્રાથમિક કાર્યો.

(2) ગૌણ કાર્યો.

**પ્રાથમિક કાર્યો :-**

શરૂઆતમાં બેંકનું મુખ્ય કાર્યો થાપણો સ્વીકારવી અને ધીરાણ આપવાનું હતું પરંતુ સમય જતાં આધુનિક અર્થતંત્રમાં બેંક શાખ સર્જન અને વિદેશી હુંડિયામણ અંગેનું કામ પણ બેંકના મુખ્ય કાર્યો તરીકે ગણાય છે.

**(1) થાપણો સ્વીકારવાનું કાર્ય :-**

વ્યાપારી બેંકનું એક મુખ્ય કાર્ય પ્રજાની નાણાંકીય થાપણો સ્વીકારવાનું છે. બેંકની અનેકવિધ પ્રવૃત્તિઓનું માળખું તેમણે એકત્રીત કરેલી થાપણોના કદ ઉપર આધાર રાખે છે. વેપાર ઉદ્યોગને નાણાંકીય સહાય પૂરી પાડવાની કોઈપણ બેન્કની શક્તિ તેણે જુદી જુદી રીતે એકત્રીત કરેલી નાણાંકીય થાપણો ઉપર આધાર રાખે છે. લોકો તેમની આવકમાંથી અમુક ભાગની બચત કરી થાપણોના સ્વરૂપમાં બેંકમાં જમા કરાવતા હોય છે. રોકડ નાણાંના રૂપમાં અથવા ચલણી નોટો કે ચેક દ્વારા લોકો બેન્કમાં જમા કરાયેલી થાપણોને પ્રાથમિક થાપણો કહેવામાં આવે છે. જ્યારે બેંક તરફથી લોન આપવાની પ્રક્રિયામાંથી જે થાપણોનું સર્જન થાય છે તેને બેન્ક સર્જિત થાપણો તરીકે ઓળખવામાં આવે છે. વ્યાપારી બેંક મુખ્યત્વે ત્રણ પ્રકારની થાપણો સ્વીકારતી હોય છે.

**(i) ચાલુ થાપણો :-**

જે થાપણો થાપણદાર વ્યક્તિ જ્યારે માંગણી કરે ત્યારે આપવા માટે બેંક બંધાયેલી હોય તેને ચાલુ થાપણો કહેવામાં આવે છે. અથવા માંગ થાપણો કે હાજર થાપણો પણ કહેવામાં આવે છે. સામાન્ય રીતે આવી થાપણો ઉપર બેંક વ્યાજ આપતી નથી અથવા ઓછું વ્યાજ આપે છે. આવી થાપણોના ઉપાડ માટે કોઈ ખાસ નિયંત્રણો હોતાં નથી અને ચેક દ્વારા ગમે તેટલી વાર નાણાં ઉપાડી શકાય છે. ચાલુ ખાતામાં ગ્રાહકે ઓછામાં ઓછી અમુક રકમ રાખવી જોઈએ એવો આગ્રહ બેંક રાખે છે. જો ગ્રાહકો તેટલી રકમ જમા નહિ રાખે તો બેંક આવું ખાતું ચાલુ રાખવા માટે સર્વિસ ચાર્જ તરીકે દર વર્ષે અમુક રકમ વસુલ કરે છે. આ ઉપરાંત આ ખાતા અન્વયે ઓવર ડ્રાફ્ટની સગવડ આપવામાં આવે છે. આ પ્રકારનું ખાતું સામાન્ય રીતે મોટી વેપારી પેઢીઓ, કંપનીઓ અને અન્ય સંસ્થાઓ કે જેમને રોજબરોજ મોટા પ્રમાણમાં નાણાંની લેવડ દેવડ કરવાની જરૂર પડતી હોય છે. તેઓ બેંકમાં ચાલુ ખાતુ રાખે છે.

**(ii) બાંધી મુદતી થાપણો :-**

બેંક મુદતી થાપણો અમુક ચોક્કસ સમય કે મુદત માટે સ્વીકારતી હોય છે. આથી આ થાપણોને બાંધી મુદત થાપણો તરીકે ઓળખવામાં આવે છે. જેમાં ગ્રાહકે બેંકમાં ચોક્કસ રકમ ચોક્કસ સમયમર્યાદા માટે રાખવી પડે છે આ થાપણો ઉપર બેંક અન્ય પ્રકારની થાપણો કરતા આકર્ષક વ્યાજ ચુકવતી હોય છે. પરંતુ ગ્રાહક જો આ સમય મર્યાદા પૂર્ણ થયા પહેલાં થાપણો ઉપાડે તો તે થાપણ ઉપર કમાયેલ વ્યાજનો મોટો હિસ્સો અથવા અમુક હિસ્સો ગુમાવવો પડે છે.

**(iii) બચત ખાતાની થાપણો :-**

બચત ખાતાની થાપણો બેંકમાં ખુબ નાની રકમથી ખોલાવી શકાય છે. બચત ખાતાની થાપણોનો મુખ્ય હેતુ લોકોમાં બચત કરવાની ટેવને પ્રોત્સાહન આપવાનું છે. જેમકે સમાજના મધ્યમ અને નાની-બાંધી આવકવાળા વિશાળ વર્ગની બચતો એકત્રિત કરી અર્થતંત્રમાં ગતિશીલ કરવાનો છે. આ થાપણો ખાતેદાર પોતાની ઈચ્છા પ્રમાણે ઉપાડી શકે છે આ ખાતા પર સામાન્ય રીતે ચાલુ ખાતાની થાપણો કરતા વધુ વ્યાજ અને મુદત થાપણો કરતા ઓછું વ્યાજ ચુકવવામાં આવે છે.

**(iv) આવર્તક થાપણો :-**

તાજેતરમાં થાપણોનો નવો પ્રકાર શોધવામાં આવ્યો છે જેને આવર્તક થાપણો તરીકે ઓળખવામાં આવે છે. આ પ્રકારની થાપણોમાં થાપણદારો ચોક્કસ રકમ અમુક વર્ષો સુધી દર માસે એક વખત જમા કરાવવાની હોય છે થાપણદાર જ્યારે આ થાપણોની મુદત પૂર્ણ થાય છે ત્યારે મુળ રકમ વ્યાજ સહિત પરત મેળવે છે. સામાન્ય રીતે આ થાપણો પણ મુદતી થાપણો જેટલું જ વ્યાજ આપવામાં આવે છે.

**(2) ધીરાણ આપવાનું કાર્ય :-**

વ્યાપારી બેંકનું બીજું મહત્વનું કાર્ય ધીરાણ આપવાનું અથવા લોન આપવાનું છે. બેંક દ્વારા વ્યક્તિઓ, પેઢીઓ, કંપનીઓ વગેરેને ઉત્પાદક પ્રવૃત્તિઓ માટે ધીરાણ આપવામાં આવે છે. બીજા

શબ્દોમાં કહીએ તો બંકો અર્થતંત્રમાં વેપાર - ઉદ્યોગના વિકાસ માટે જરૂરી નાણાંકીય સાધનો ધીરાણ દ્વારા પૂરા પાડે છે. તો આપણે અહીં વ્યાપારી બેંકની શાખ અને ઉછીની રકમ પૂરી પાડવાનું સ્વરૂપ સમજીએ.

વ્યાપારીક બેંક થાપણદારો માંગે ત્યારે તેમની થાપણ પરત કરવા બંધાયેલી છે. વાસ્તવમાં વ્યાપારી બેંકની આ વચનબંદ્ધતાને લીધે જ લોકો પોતાની થાપણો બેંક મૂકે છે. આથી વ્યાપારી બેંક એ થાપણદારોની માંગ સંતોષવા માટે પૂરતી રોકડ અનામત પોતાની પાસે રાખવી પડે છે. સામાન્ય રીતે બધાં થાપણદારો એક સાથે ઉપાડ કરવા આવતા નથી. આથી વ્યાપારી બેંક એ તેમની થાપણોનો અમુક જ ભાગ રોકડ સ્વરૂપમાં રાખવો પડે છે. બાકીની થાપણોનું તેઓ ધીરાણ કરી શકે છે. વ્યાપારી બેંકની ધીરાણ આપવાની વિવિધ પદ્ધતિઓ નીચે મુજબ છે.

**(i) અતિરિક્ત ઉપાડની સગવડ દ્વારા (ઑવરડ્રાફ્ટ) :-**

બેંક પોતાના ગ્રાહકોને અથવા થાપણદારોને આ પ્રકારની સગવડ આપીને નાણાં ધીરે છે બેંક દ્વારા જે ગ્રાહકોને આ પ્રકારની સગવડ આપવામાં આવતી હોય છે તેમણે પોતાના ખાતામાં જમા કરાયેલી રકમ કરતા વધુ રકમનો ઉપાડ કરવાની છૂટ આપવામાં આવે છે. તે ધીરાણ સંબંધીત જામીનગીરીની સામે મંજૂર કરવામાં આવે છે. તથા તે રકમ અમુક સમયમાં બેંકને પરત કરવાની બાંયધરી આપવી પડે છે. આમ અતિરિક્ત ઉપાડની સગવડ દ્વારા બેંક વેપારી વર્ગની તાત્કાલિક અને ટૂંકી મુદતની નાણાં ભીડ દૂર કરવાનું કાર્ય કરે છે.

**(ii) રોકડ શાખ (કેશ ક્રેડિટ) :-**

વ્યાપારી બેંક દ્વારા વ્યાપારીને તેના ગોદામમાં પડેલા માલ સામે ધીરાણ આપે તો તેને રોકડ શાખની સગવડ કહેવામાં આવે છે. વ્યાપારી બેંક શેર અને જામીનગીરીઓ સામે પણ આ રીતે ધીરાણ આપી શકે છે.

**(iii) વિનિમયપત્રોનાં વટાવ દ્વારા ધિરાણ :**

વેપારી બેંક વિનિમય પત્રો અને અન્ય વચનચિઠ્ઠીનાં વટાવની સગવડ પૂરી પાડીને પણ ધિરાણ આપે છે. વેપારી બેંક વિનિમયપત્રની પાકતી મુદ્દતે તેમાં દર્શાવેલ રકમ વિનિમયપત્ર ધરાવનાર વ્યક્તિને આપે છે. જો મુદ્દત પુરી થતાં પહેલાં જરૂર પડે તો પણ વ્યક્તિ બેંકમાં જઈને વિનિમયપત્ર વટાવી શકે છે. પરંતુ તેમાંથી અમુક ટકા વટાવ કાપી લેવામાં આવે છે.

**(v) શાખ સર્જન :**

વેપારી બેંક જ્યારે અન્ય કોઇ એક વ્યક્તિને લોન આપે ત્યારે તેને રોકડમાં નાણું આપવાને બદલે તેના નામનું ખાતું ખોલી તેમાં જમા કરે છે અને ચેક દ્વારા રકમ ઉપાડવાની છૂટ આપે છે.

**(vi) કેશક્રેડીટ :**

વેપારી બેંક વેપારીને તેના ગોદામમાં પડેલા માલ સામે ધિરાણ આપે તો તેને કેશક્રેડીટ કહેવામાં આવે છે. તદુપરાંત શેર તેમજ જામીનગીરીઓ સામે પણ ધિરાણ આપવામાં આવે છે.

**(vii) અન્ય કાર્યો :**

**(અ) વિદેશી ચલણનાં વિનિમયનું કાર્ય :** દેશનાં આંતરરાષ્ટ્રીય વેપાર અને વિનિમયને સરળ બનાવવા વિદેશી હૂંડીયામણની ફેરબદલીનું કાર્ય કરે છે.

**(બ) વિનિમયના માધ્યમ પૂરાં પાડવાનું કાર્ય :** વેપાર અને વિનિમયની સરળતા માટે ચેક, ડ્રાફ્ટ, ટ્રાવેલ્સ ચેક, ક્રેડીટ કાર્ડ વગેરે વિનિમય માધ્યમો પૂરાં પાડે છે.

**(ક) ગ્રાહકના એજન્ટ તરીકેનાં કાર્યો :**

વેપારી બેંક તેના ગ્રાહક વતી વીમા પ્રિમિયમ, લવાજમ, ફી, બિલો, પેન્શન, મૂડીરોકાણ માટે સેવાઓ પૂરી પાડે છે. તદુપરાંત ગ્રાહકોની મિલકતના ટ્રસ્ટી અને વહીવટદાર તરીકેની પણ ફરજ બજાવે છે.

**(iv) સંદેશાવાહક :-**

બેંક પોતાના ગ્રાહકોના સંદેશા વાહક, દલાલ અથવા પ્રતિનિધિ તરીકે સેવાઓ આપે છે. તે પાસપોર્ટ, મુસાફરી ટિકિટ વગેરે મેળવી આપે છે.

ઉપર જણાવેલી બધી સેવાઓ આણતિયા સેવાઓ કહેવાય છે. કારણ કે આ સેવાઓ પૂરી પાડવા બેંક ગ્રાહકના આણતિયા તરીકે કાર્ય કરે છે.

**સામાન્ય ઉપયોગી સેવાઓ :**

આણતિયા તરીકેની સેવાઓ ઉપરાંત વ્યાપારી બેંક ગ્રાહકને ઉપયોગી અન્ય સેવાઓ પણ પૂરી પાડે છે. આ સેવાઓમાં શાખપત્ર, હૂંડીની સગવડ, નુકશાન સહન કરવાની બાંહેધરી, વિલંબિત ચુકવણી અંગે બાંહેધરી, સેઈફ ડિપોઝીટ વોલ્ટ વગેરેની સેવાઓ પૂરી પાડે છે. આ ઉપરાંત ગ્રાહકની શાખ અંગેની માહિતી પૂરી પાડવી અને વિદેશી હુંડીયામણ અંગેના કામકાજનો સમાવેશ થાય છે.

**(i) શાખપત્રની સગવડ :-**

બેંક તેમના ગ્રાહકોને શાખપત્રોની સગવડ આપે છે શાખપત્રએ કોઈ એક સ્થળ કે કોઈ એક દેશમાં આવેલી બેંક બીજા સ્થળ કે બીજા દેશમાં આવેલી તેની પ્રતિનિધિ બેન્ક ઉપર લખી આપેલો વિનંતી પત્ર છે. આ પત્રમાં લખનાર બેંક બીજી બેંકને વિનંતી કરે છે કે તેમાં નિર્દિષ્ટ કરેલી વ્યક્તિને દર્શાવેલ રકમ સુધીની મર્યાદામાં રહીને લખેલા ડ્રાફ્ટ કે ચેકની રકમ ચુકવી અને પોતાના ખાતે ઉધારવી.

**(ii) હુંડીની સગવડ (ચેકની સગવડ) :-**

બેંક ગ્રાહકોને હુંડી અથળા ચેકની સગવડ આપે છે જેના વડે ગ્રાહકો પોતાના ભંડોળને એક જગ્યાએથી બીજી જગ્યાએ હસ્તાંતર કરવા માટે ઉપયોગી પુરવાર થાય છે.

**(iii) મર્ચેન્ટ બેન્કિંગ :-**

આધુનિક સમયમાં કેટલીક વ્યાપારી બેંકએ તેમને ત્યાં ખાસ મર્ચેન્ટ બેન્કિંગ વિભાગની રચના કહી છે. આ વિભાગ ગ્રાહકોના હાલના વ્યવસાય ધંધા અથવા નવા શરૂ કરવામાં આવતાં ધંધાનું મુલ્યાંકન કરવાનું કાર્ય કરી તેને માટે શેર મૂડી બહાર પાડવાની વ્યવસ્થા તથા અન્ડર રાઈટિંગનું કાર્ય કરી છે. આ ઉપરાંત સહકારની મંજુરી મેળળવવા માટે જરૂરી દસ્તાવેજો તૈયાર કરવાનું કાર્ય તેમજ તેમને ટેકનિકલ, સંચાલકીય અને વહીવટીય માર્ગદર્શન અને સલાહ સૂચનો આપવાનું કાર્ય કરે છે.

**(iv) ક્રેડિટ કાર્ડની સગવડ :-**

આધુનિક સમયમાં બેંક દ્વારા તેમના ગ્રાહકોને ક્રેડીટ કાર્ડની પણ સગવડ આપવામાં આપે છે. આ પ્રકારની કાર્ડની મદદથી ગ્રાહક નક્કી કરેલા વ્યાપારીઓ પાસેથી શાખ ઉપર જરૂરી ચીજ વસ્તુઓ મેળવી શકે છે.

**(v) સેઈફ ડીપોઝીટ વોલ્ટની સગવડ :**

બેંક તેમના ગ્રાહકોને પોતાની કિંમતી વસ્તુઓ, મહત્વના દસ્તાવેજો, ઝવેરાત વગેરે સુરક્ષિત રાખવા માટેના ખાતાની સગવડ પણ આપે છે.

**(vi) વ્યાપાર અને આંકડાકીય માહિતી :-**

બેંક દેશમાં પ્રવર્તમાન વેપાર ઉદ્યોગની માહિતી એકત્રિત કરી તેનું વિશ્લેષણ કરે છે જેથી ગ્રાહકોને બજાર વિશેની માહિતી પ્રાપ્ત થઈ શકે.

આમ, આધુનિક સમયમાં વ્યાપારી બેંક ગ્રાહકોને પ્રાથમિક સગવડોની સાથે સાથે અન્ય વિશિષ્ટ પ્રકારની સેવાઓ પણ પુરી પાડે છે.

## 6.7 વ્યાપારી બેંકનું મહત્વ :-

આધુનિક વ્યાપારી બેંક દેશના આર્થિક વિકાસમાં ખૂબ અગત્યની ભૂમિકા નિભાવે છે. ભૂતકાળમાં બેંકર માત્ર નાણાંનો વ્યવહાર કરનારા હતા. પરંતુ આજે તેઓ અર્થતંત્રના આર્થિક વિકાસમાં મહત્વની

કામગીરી નિભાવે છે બેંક બધાં જ પ્રકારના ગ્રાહકોને જુદી જુદી સેવાઓ પૂરી પાડે છે. બેંક ગ્રાહકોની બચતોને એકત્રીત કરી તેને સુરક્ષિત અને જવાબદારી પૂરક સાચવાનું કાર્ય કરે છે. એટલું જ નહિ અર્થતંત્રમાં નિષ્ક્રિય બચતોને એકત્રિત કરીને તેને મૂડી રોકાણ માટે પૂરી પાડવી, લોકોમાં બેંકિંગની ટેવ વિકાસાવવી, સમાજની સંપતિનું બિનનફાકારક રોકાણ નિરૂત્સાહી કરવું અને સમાજની વણવપરાયેલી મૂડી ઘટાડવી વગેરે કાર્ય કરે છે. બી.આર.રાવના શબ્દોમાં 'બેંકના ભોંયરામાં વહેતાં મૂકીનાં નાના ઝરણાં નદીઓ બને છે અને આ નદીઓના ધોધ રાષ્ટ્રીય નાણાંનો દરિયો બની વેપારી જહાજોને તરતાં રાખે છે અને ઉદ્યોગના ચક્રને ચલાવે છે. બેંક પોતાની શાખ સર્જન કરવાની શક્તિથી રાષ્ટ્ર સમક્ષ મોટા પ્રમાણમાં નાણું મૂકે છે.'' અર્થતંત્રમાં બેંકનું મહત્વ નીચે મુજબ છે.

**(1) વેપાર ઉધોગના વિકાસની સગવડ આપે છે :-**

આધુનિક અર્થતંત્રમાં વેપાર અને ઉદ્યોગ ક્ષેત્રનો બહુવિધ વિકાસ ત્યારે જ શક્ય છે જો પુરતા પ્રમાણમાં નાણાંકીય સાધનો સમયસર પ્રાપ્ત થાય તો બેંક અર્થતંત્રમાં નવા નિયોજકોને પ્રાત્સાહિત કરવા માટે વિવિધ પ્રકારની શાખ પૂરી પાડે છે અને ચાલુ ઉદ્યોગોમાં વિવિધતા અને વિસ્તારવા માટે નાણાંકીય મદદ પૂરી પાડે છે. આમ, દેશમાં નાના-મોટા વેપાર ઉદ્યોગનો વિકાસ બેંકના કારણે શક્ય બન્યો છે. તદુરાંત ઉત્પાદનક્ષમતા વધારવા, સંશોધન પ્રવૃત્તિ હાથ ધરી અમલમાં મૂકવા માટે ઉત્તેજન આપે છે. જેના કારણે ટેક્નોલોજીકલ પ્રગતિ થાય.

**(2) કૃષિક્ષેત્રના વિકાસને સહાય :-**

નીચી આવકવાળા અલ્પવિકસિત દેશોની કુલ રાષ્ટ્રીય આવકમાં કૃષિ મહત્વનો ભાગ ભજવે છે. પરંતુ કૃષિનો વિકાસ નાણાંની અછતના લીધે અટકી જાય છે. કેમકે અલ્પવિકસિત દેશોમાં બેંકિંગનો વિકાસ મર્યાદીત થયેલો હોય છે. આથી જો બેંક દ્વારા કૃષિ ક્ષેત્રમાં વિકાસ માટે આધુનિક ટેકનોલોજી તેમજ અન્ય કૃષિ વિકાસ માટે આવશ્યક નાણાં ભંડાળ પુરું પાડે તો દેશમાં પ્રાથમિકક્ષેત્રનો વિકાસ ઝડપી થઈ શકે છે. આમ, બેંક દેશમાં કૃષિ અને તેને સહાયક પ્રવૃત્તિઓના વિકાસ માટે નાણાંકીય સહાય પુરી પાડી શકે તેમ છે.

**(3) નિકાસ વેપારના ક્ષેત્રોને પ્રોત્સાહન પુરા પાડવાની ભૂમિકા :-**

વિદેશી હુંડીયામણની પ્રતિકુળ પરિસ્થિતિના સમયમાં નિકાસ વધારવાનું કાર્યમાં બેંક મહત્વનો ભાગ ભજવે છે. નિકાસ વેપારને પ્રોત્સાહન પુરું પાડવા માટે 1 લી માર્ચ 1982 થી આયાત - નિકાસ બેંક (EXIM BANK)ની સ્થાપના કરવામાં આવી છે. ભારતમાંથી થતાં નિકાસો માટે ટર્ન કી પ્રોજેક્ટો બાંધકામના કન્સલ્ટન્સી સેવાઓ કે અન્ય કરારો કરીને ધીરાણ આપવાની પ્રવૃત્તિ કેર છે. આ ક્ષેત્રે ધીરાણ પુરું પાડીને હૂંડિયામણ કમાવવાની કામગીરી દ્વારા વિદેશી દેવું પણ ચૂકતે કરી શકાય છે. બેંક દ્વારા વધુમાં વધુ નિકાસ વેપારને પ્રોત્સાહન મળે તેવા પગલાં લેવામાં આવે છે.

**(4) સામાજિક સેવાઓ :-**

દેશની વિવિધ બેંક એ દેશના અગ્રિમ તથા કમજોર વર્ગોને રાહતના દરે ધીરાણ મળે તેવા પ્રકારની પ્રવૃત્તિઓ હાથ ધરી છે. દેશનો ઝડપી અને સર્વાંગી વિકાસ સાધવા માટે નાનામાં નાની વ્યક્તિ સુધી બેંકિગ સેવાઓનો વિસ્તાર કરવામાં આવ્યો છે. ગ્રામીણ વિસ્તારના વિકાસ માટે વિવિધ પ્રકારે ધીરાણ પુરુ પાડે છે જેમ કે સ્વરોજગાર માટે તફાવતી વ્યાજના દરની યોજના, ગ્રામ દત્તક, લીડ બેંકની યોજનાઓ દ્વારા જુદા જુદા કાર્યક્રમો ઘડીને આ ક્ષેત્રોનો વિકાસ સાધવાની પ્રક્રિયામાં બેંકનું યોગદાન સવિશેષ જોવા મળે છે.

**(5) ભાવ સ્થિરતા જાળવવામાં :-**

દેશમાં ફુગાવાજન પરિબળો ઊભા થતાં ભાવોમાં ઘરખમ વધારો થાય છે. ત્યારે ધીરાણ ઉપર કાપ મૂકવામાં આવે છે. આર.બી.આઈ.ના શાખ નિયંત્રણના પગલાં દ્વારા સંગ્રહખોરી સટ્ટાખોરી, નફાખોરી જેવી પ્રવૃત્તિઓને રોકવા માટે કડક પગલાંનો અમલ વ્યાપારી બેંક દ્વારા કરાવવામાં આવે

છે. ભાવોમાં સ્થિરતા લાવવામાં ગુણાત્મક શાખ નિયંત્રણનાં પગલાં - શાખની માપબંધી, નૈતિક સમજાવટ વગેરે નીતિઓનો અમલ કરવાની કામગીરી વ્યાપારી બેંક દ્વારા કરવામાં આવતી હોય છે. જેથી અર્થતંત્રમાં ભાવ સ્થિરતા જાળવાઈ રહે.

**(6) સમતુલિત આર્થિક વિકાસ માટે :-**

વ્યાપારી બેંક દેશના મહત્વના અને જરૂરિયાતવાળા ઉદ્યોગના વિકાસ માટે ખાસ સહાય પૂરી પાડે છે. બેંક અર્થતંત્ર માટે મહત્વના ઉદ્યોગોનું સ્વરૂપ કદ અને સ્થળ પસંદગી માટે સહાય રૂપ થાય છે. અને દેશના બધા જ વિસ્તારોમાં સમતોલ ઔદ્યોગિક વિકાસ થાય તે માટેના પ્રયત્નો કરે છે. આમ દેશના સમતુલિત વિકાસમાં મદદરૂપ નીવડે છે.

**(7) નાણાંકરણ :-**

ભારતમાં ગ્રામીણક્ષેત્રે અસંગઠિત ક્ષેત્રો દ્વારા એટલે કે શાહુકારો, મોટા જમીનદારો, શરાફો દ્વારા ઊંચા વ્યાજનાં દરે ધિરાણ આપવામાં આવે છે. ગ્રામ્યક્ષેત્રે વેપારી બેંકોનો વિકાસ થવાથી ખેડૂતો, ગ્રામીણ પ્રજા, શાહુકારો અને શરાફોના સકંજામાંથી છૂટી શકે છે.

## 6.8 શાખ સર્જન :

### 6.8.1 સરવૈયા સંચાલનના સિદ્ધાંત

બેંકએ સરવૈયા (અસ્કામતો અને જવાબદારીઓ) ની વ્યવસ્થા એવી રીતે કરવી જોઈએ કે જેથી બેંક પોતાના ખર્ચાને પહોંચી વળવાની સાથે સાથે નફો પ્રાપ્ત કરી શકે અને થાપણદારોની નાણાંની માંગને પહોંચી વળવા માટે પૂરતી રોકડ હોય અને થાપણોની પરત ચૂકવણી શક્તિની ખાત્રી આપવા નાણાં ભંડોળની સલામતીની બાહંધરી આપી શકાય.

**રોકડતા (તરલતા) :**

રોકડતા એટલે થાપણદારોનાં નાણાં માંગણી થયે રોકડ સ્વરૂપમાં પરત ચૂકવવાની બેંકની શક્તિ અથવા સેયર્સના શબ્દોમાં ''બેંકની થાપણના બદલામાં રોકડ નાણાંની માંગણી સંતોષવાની શક્તિ માટે વપરાતો શબ્દ એટલે રોકડતા રોકડતા લોકોનો બેંકમાં વિશ્વાસ ટકાવી રાખવા જરૂરી છે અને રોકડતા નીચેના પરિબળોથી પ્રભાવિત થાય છે.

(i) અર્થતંત્રનું સ્વરૂપ એટલે કે વિકસિત કે વિકસતું છે

(ii) અર્થતંત્રમાં નાણાં બજારનો વિકાસ

(iii) લોકોની બેકિંગની ટેવ

(iv) અર્થતંત્રમાં ફુગાવો અથવા મંદીની સ્થિતિ.

(v) મોસમી જરૂરિયાતો જેવી કે નાણાંની જરૂરિયાત માટે ચુસ્ત મોસમ અથવા ધંધા રોજગારની મોસમ

(vi) લઘુતમ રોકડ પ્રમાણની ટકાવારી

(vii) થાપણદારોની માંગણી અંગેનું વર્તન

બેંકની રોકડના તેમની શાખ સર્જનની પ્રક્રિયાને પ્રભાવિત કરે છે.

**નફાકારકતા :-**

બેંક એ વ્યાપારી એકમ છે.આથી તેનું ધ્યેય ચાલુ ખર્ચાને પહોંચી વળવાની સાથે સાથે થાપણો પર વ્યાજ ચુકવવું અને માલિકોને ડિવિડન્ડ આપવું પડે છે. આથી બેંક એ થાપણો નાણાં ભંડોળનું એવી રીતે રોકડા કરવું જોઈએ કે જેથી તે મહત્તમ શક્ય આવક પ્રાપ્ત કરી શકે અને બેંક નફો પ્રાપ્ત કરી શકે.

**સલામતી :-**

સલામતી અથવા બેંકની રકમ પરત ચુકવણીની શક્તિ અકસ્માતો અને જવાબદારીઓ વચ્ચેના

સંબંધ પર આધારિત છે . જો બેંકની અસ્કામતોનું મુલ્ય જવાબદારીઓના મૂલ્ય જેટલું અથવા વધુ હોય તો કરી શકાય કે બેંક રકમ પરત ચૂકવવા શક્તિશાળી છે.

**6.8.2 શાખ સર્જન .........**

અને પ્રાથમિક થાપણની અનામત પછીની શેષ રકમની પેદાશ છે.

શાખ ગુણકની ધારણા :-

(1) શાખ સર્જનના દરેક તબક્કે રોકડ અનામત પ્રમાણ સરખું રહે છે.

(2) શાખ સર્જન પ્રક્રિયામાં થાપણોનો બહિસ્રાવ નથી.

(3) દેશમાં આધુનિક વિકસિત બેંકિંગ પદ્ધતિ છે.

(4) દેશમાં લોકોમાં બેકિંગની ટેવ હોય છે.

(5) મધ્યસ્થ બેંક દ્વારા શાખ નિયંત્રણની ગેરહાજરી છે.

(6) દેશમાં સામાન્ય વ્યાપારી પરિસ્થિતિથી માહિતગાર છે.

**બેંકિગ પદ્ધતિ દ્વારા વૈવિધ્યપૂર્ણ શાખ સર્જન :-**

સામાન્ય રીતે અર્થતંત્રમાં એક કરતા વધારે બેંક કામ કરતી હોય છે. ગ્રાહકો બેંકમાં થાપણો મુકે અને તેનું બેંક દ્વારા ધીરાણ કરવામાં આવે છે. જેના વડે બેંક ફરીથી શાખ સર્જન કરી શકે છે. બેંકિંગ પદ્ધતિમાં રોકડ નાણાંની ફેરબદલી પ્રાથમિક થાપણો સર્જે છે અને તે દ્વારા સર્જિત થાપણો શાખ સર્જનની સગવડ પૂરી પાડે છે. આ રીતે પ્રાથમિક થાપણો અને સર્જિત થાપણો દ્વારા થતી શાખ સર્જનની પ્રક્રિયા બેંકિંગ પદ્ધતિ દ્વારા થતું બહુવિધ શાખ સર્જન કહેવાય છે.

આપણે વૈવિધ્યપૂર્ણ શાખ સર્જન પ્રક્રિયાને ઉદાહરણ દ્વારા અભ્યાસ કરીશું કોઈ એક થાપણદાર કેનેરા બેંકમાં રૂ. 1000 થાપણ તરીકે મુકે છે. અને રોકડ અનામત પ્રમાણ 20% છે તો કેનેરા બેંકના સરવૈયામાં નીચે પ્રમાણે પરિસ્થિતિ હશે.

કેનેરા બેંક

| જવાબદારી | | અસ્કામતો |
|---|---|---|
| નવી થાપણો | રૂ.1000 | હાથપરનવી સિલક રૂ.1000 |
| | કુલ રૂ. 1000 | કુલ રૂ. 1000 |

અહીં 20% રોકડ અનામત રાખીને કેનેરા બેંક રૂ. 800 નું A વ્યક્તિને ધીરાણ કરે છે. તેથી

કેનેરા બેંક

| જવાબદારી | અસ્કામતો |
|---|---|
| પ્રાથમિક થાપણો રૂ. 1000 | રોકડ રકમ (20%) રૂ.200 |
| | ધીરાણ રૂ. 800 |
| કુલ રૂ. 1000 | કુલ રૂ. 1000 |

હવે A વ્યક્તિ તેના લેણદારોને રૂ. 800 ચેક દ્વારા ચૂકવે છે. આ લેણદાર દેના બેંકમાં રૂ. 800 ચેંક દ્વારા જમા કરાવે છે. તેથી દેના બેંકમાં સરવૈયાની સ્થિતિ

દેનાબેંક

| જવાબદારી | અસ્કામતો |
|---|---|
| નવા થાપણો રૂ. 800 | હાથ પર નવી સિલક રૂ. 800 |
| કુલ રૂ. 800 | કુલ રૂ. 800 |

દેના બેંક રૂ. 800 ના 20% રોકડ રાખીને બાકીના રૂ. 640 ધારો કે B વ્યક્તિને ધીરે છે. તેથી

**દેનાબેંકનું સરવૈયાની સ્થિતિ :**

B પણ તેના લેણદારોને રૂ. 640 ચેક દ્વારા ચુકવે છે. આ લેણદારો સ્ટેટ બેંકમાં રૂ. 640 જમા મુકે છે. સ્ટેટ બેંક તેના 20% અનામત રાખી બાકીનાનું ધીરાણ કરશે.

સ્ટેટ બેંક

| જવાબદારી | અસ્કામતો |
|---|---|
| પ્રાથમિક થાપણો રૂ. 640 | રોકડ રકમ (20% લેખે) રૂ. 128 |
| | ધીરાણ રૂ. 512 |
| કુલ રૂ. 640 | કુલ રૂ. 640 |

આમ દરેક નવા તબક્કે સર્જિત થાપણે કે ધીરાણ પ્રાથમિક થાપણ બન્યા જ કરશે. જ્યાં સુધી રૂ. 1000 ની મુળ પ્રાથમિક થાપણ સંપૂર્ણ વપરાય નહિ જાય ત્યાં સુધી આ પ્રક્રિયા ચાલ્યા કરશે. આ રીતે શાખ સર્જન દ્વારા સર્જિત થાપણોનું સર્જન રૂ. 800 + રૂ. 640 + રૂ. 512 + .... = રૂ. 4000 એટલે પાંચ ગણુ કે શાખ ગુણક જેટલું થશે.

બેંક દ્વારા કેટલું શાખ સર્જન  થશે તે નીચેના સૂત્ર દ્વારા સરળતાથી જાણી શકાય.

$$\text{કુલ શાખ સર્જન} = \frac{\text{વધારાની રોકડ રકમ}}{\text{રોકડ અનામતના ટકા}}$$

(વધારાની રોકડ રકમ = મૂળ પ્રાથમિક થાપણ – તેના પરની રોકડ અનામતની રકમ)

$$= \frac{1000 - 200}{20\%} \quad = \frac{800}{20/100}$$

$$= \frac{800 \times 100}{20}$$

કુલ શાખ સર્જન = 4000

**શાખ સર્જનની મર્યાદાઓ :-**

ઉપરની ચર્ચા પ્રમાણે બેંક શાખ સર્જનની પ્રવૃત્તિ કરે છે. પરંતુ વાસ્તવમાં શાખ સર્જનમાં ઘણી સમસ્યાઓ ઊભી થતી હોય છે. આ સમસ્યાઓને શાખ સર્જનની મર્યાદા તરીકે ગણાવી શકાય.

1) અર્થતંત્રમાં પ્રવર્તતા કુલ રોકડ નાણાંના પ્રમાણ પર શાખ સર્જનનો આધાર રહેલો છે. પરંતુ કુલ રોકડ નાણાંના પ્રમાણ પર મધ્યસ્થ બેંકનું નિયંત્રણ હોય છે. મધ્યસ્થ બેંક રોકડ નાણાંના પ્રમાણમાં ફેરફાર કરી શકે છે. જ્યારે મધ્યસ્થ બેંક નાણાં વિસ્તારની નીતિ અપનાવે છે ત્યારે દેશમાં નાણાંનું પ્રમાણ વધે છે. આથી બેંકમાં થાપણોનું પ્રમાણ વધે છે અને તેથી શાખ સર્જનનું પ્રમાણ વધે છે. આથી વિરૂદ્ધમાં શાખ સર્જનનું પ્રમાણ ઘટે છે.
2) લોકો વિવિધ હેતુઓ માટે રોકડનાણું હાથ ઉપર રાખતા હોય છે. જો લોકોની રોકડનાણાં રાખવાની વૃત્તિમાં વધારો થાય તો બેંકની શાખ સર્જન કરવાની શક્તિમાં ઘટાડો થાય છે.
3) વ્યાપારી બેંક મધ્યસ્થ બેંકના કાયદા અનુસાર કુલ થાપણના અમુક ટકા રોકડ અનામત તરીકે રાખવી પડે છે. જો આ રોકડ અનામત પ્રમાણ વધારે હોય તો શાખ સર્જનમાં ઘટાડો થાય છે અને રોકડ અનામતનું પ્રમાણ ઓછું હોય તો શાખ સર્જનમાં વધારો થાય છે.
4) જો બેંકિગ પદ્ધતિમાં સમગ્ર શાખ સર્જન માટે જરૂરી સંસ્થામાં ધીરાણ લેનારાઓ મળી શકતા ન હોય તો શાખ સર્જન મર્યાદિત રહે છે.
5) દેશના બધા લોકોમાં પૂરતી બેકિંગ ટેવ જરૂરી માત્રમાં ન હોય તો શાખ સર્જન મર્યાદીત રહે છે.

6) જ્યારે ધીરાણ મેળવનાર વ્યક્તિ ચેક દ્વારા નાણાંનો ઉપાડ કરે ત્યારે તે સઘળી રકમ બીજી બેંકમાં જમાન કરાવતા અમુક રમક રોકડ સ્વરૂપમાં રાખી મૂકેતો એટલે અંશે બીજી બેંકની થાપણમાં ઘટાડો થવાથી શાખ સર્જન કરવાની શક્તિ પણ ઘટશે.

## 6.9 બિનબેકિંગ નાણાં સંસ્થાઓ (NBFC) :

આગળ આપણે નાણાંકીય સંસ્થાઓમાં સંગઠિત નાણાં બજારમાં વ્યાપારી બેંક વિષેનો અભ્યાસ કર્યો હવે આપણે બેંક જેવી કામગીરી બજાવતી બિનબેંકિંગ નાણાંકીય સંસ્થાઓ વિષેનો અભ્યાસ કરવાનો છે. બિનબેકિંગ નાણાંકીય સંસ્થાઓની કામગીરી વ્યાપારી બેંક કરતા જુદી હોય છે. પરંતુ દેશમાં બચતો એકત્રીત કરવામાં અને મૂડી રોકાણ પુરુ પાડવામાં મહત્વની કામગીરી બજાવે છે. જીવન વિમા નિગમ, સામાન્ય વીમા સંસ્થાઓ યુનિટ ટ્રસ્ટ ઓફ ઈન્ડિયા વગેરે બિનબેંકિગ નાણાંકીય સંસ્થાઓ છે.

### 6.9.1 બિનબેકિંગ નાણાંકીય સંસ્થાઓનો અર્થ

બિનબેકિંગ નાણાંકીય સંસ્થાઓ એવી સંસ્થાઓ છે કે જે પોતાની જામીનગીરીઓના વેચાણ દ્વારા તેમજ મુદ્દતી થાપણો મેળવીને નાણાં એકત્રીત કરે છે અને વિવિધ સ્વરૂપે વ્યાપારી સંસ્થાઓમાં તેનું રોકાણ કરે છે. આમ, આ સંસ્થાઓ બચતકારો અને રોકાણકારો વચ્ચે મધ્યસ્થીનું કામ કરતી સંસ્થાઓ છે.

બિનબેકિંગ નાણાંકીય સંસ્થાઓ પણ વ્યાપારી બેંકનું જ કાર્ય કરે છે. થાપણો મેળવવી અને ધીરાણ આપવું તેમ છતાં તેમને વેપારી બેંકથી અલગ વર્ગમાં મૂકવવામાં આવે છે. કેમ કે કેટલીક બાબતોમાં બિનબેંકિગ નાણાંકીય સંસ્થાઓ વ્યાપારી બેંકથી અલગ પડે છે.

વ્યાપારી બેંક અને બિનબેંકિગ નાણાંકીય કંપનીઓ વચ્ચે નીચે મુજબ તફાવત છે.

(1) બેકિંગ સંસ્થાઓ ચાલુ થાપણો અને અન્ય થાપણો લોકો પાસેથી ગતિશીલ બતાવે છે અને તેને ગ્રાહકોની માંગણી થયે પરત ચુકવે છે. જ્યારે બિનબેકિંગ નાણાંકીય સંસ્થાઓ સામાન્ય રીતે લોકો પાસેથી લીધેલાં નાણાં નિયત થયેલા સમય પછી જ ચુકવે છે.

(2) સામાન્ય રીતે વ્યાપારી બેંક અત્યંત જોખમી સાહસોને લોન આપતી નથી જ્યારે નોનબેકિંગ નાણાંકીય સંસ્થાઓ આવાં સાહસોને લોન આપવાનું સાહસ કરે છે.

(3) વ્યાપારી બેંક ટૂંકા ગાળાની લોન આપતી સંસ્થાઓ છે. બિનબેકિંગ નાણાંકીય સંસ્થાઓ પણ ટૂંકાગાળાની જ લોન આપે છે. પરંતુ આવી લોન સતત રિન્યુ કરતી રહે છે પરિણામે તે લાંબાગાળાની લોન બની જાય છે.

(4) વ્યાપારી બેંક વચ્ચે સુવ્યવસ્થિત સંકલન છે જ્યારે બિનબેકિંગ નાણાંકીય સંસ્થઆઓ વચ્ચે આવા સંકલનનો અભાવ છે. પરિણામે કોઈ એક જ પેઢી કે સાહસ કોઈ એક જ હેતુ માટે એક કરતા વધુ બિનબેકિંગ નાણાંકીય સંસ્થાઓ પાસેથી લોન લઈ શકે છે.

(5) વ્યાપારી બેંકની થાપણો અમુક હદ સુધી વીમા દ્વારા સુરક્ષિત હોય છે જ્યારે બિનબેકિંગ નાણાંકીય સંસ્થાઓની થાપણોને આવું રક્ષણ મળતું નથી.

(6) વ્યાપારી બેંક રોકડ અનામત પ્રમાણ (CRR) અને સ્ટેચ્યુટી લિકિવટી રેશીઓ (SLR) ના નિયમોનું પાલન કરે છે જ્યારે બિનબેકિંગ નાણાંકીય સંસ્થાઓ આ નિયમોનું પાલન કરવા બંધાયેલી નથી.

(7) દેશમાં બધી બેકિંગ સંસ્થાઓ સંગઠિત ક્ષેત્રમાં છે જેમને બેકિંગ કંપની નિયમન ધારો 1949 બધી બેકિંગ સંસ્થાઓને લાગુ પડે છે. બીજી બાજુએ બિનબેકિંગ નાણાંકીય સંસ્થાઓ સંગઠિત અને બિનસંગઠિત વિભાગમાં આવે છે.

**6.9.2 બિનબેકિંગ નાણાંકીય કંપનીઓના કાર્યો :**

આપણા દેશમાં જેમ બેકિંગ કંપનીઓનો વિકાસ થયો તેમ બિનબેકિંગ નાણાંકીય સંસ્થાઓનો પણ સારા પ્રમાણમાં વિકાસ થયો છે. આ સંસ્થાઓમાં મુખ્યત્વે નીચે દર્શાવેલ સંસ્થાઓનો સમાવેશ થાય છે.

(1) ઈન્વેસ્ટમેન્ટ કંપનીઓ

(2) લિઝિંગ અને ભાડા ખરીદ કંપનીઓ

(3) મ્યુચ્યુઅલ ફંડ

(4) નાણાંકીય નિગમો

(5) ગૃહ ધીરાણ કંપનીઓ

(6) સાહસ મુકી કંપનીઓ

આમ ઉપરોક્ત પ્રકારની બિનબેંકિગ નાણાંકીય કંપીનીઓ ભારતમાં કામગીરી બજાવે છે.

બિનબેકીંગ નાણાંકીય સંસ્થાઓ મધ્યસ્થી તરીકે કામ કરીને બચત કરનારાઓ અને કરજ લેનારાઓને નજીક લાવવાનું મહત્વપૂર્ણ કામ કરે છે. આ સંસ્થાઓની મધ્યસ્થ પ્રક્રિયા વ્યક્તિઓને તેમનું ભંડોળ સલામત રીતે રોકાણ કરવું અને વેપારી પેઢીઓને મુશ્કેલી વિના ભંડોળ ઉછીનું લેવામાં મદદ કરે છે.

(1) બિનબેંકિગ નાણાંકીય સંસ્થાઓ વ્યક્તિગત મૂડી રોકાણ કરનારાઓને ઓછા જોખમે સ્થિર વળતર અને મૂડી વર્ધન જેવાં ગુણ ધરાવે છે.

(2) તેઓ વેપારી પેઢીઓને સમયસર વાજબી ખર્ચે ભંડોળ પ્રાપ્ત કરવામાં મદદ કરે છે. સંખ્યાબંધ નાના રોકાણ કરનારાઓ પાસેથી બચતો ગતિશીલ બનાવવાનું જોખમ ઉઠાય છે. આ રીતે વ્યાપારી પેઢીઓને સમગ્ર દેશમાં છૂટા છવાયા ફેલાયેલા નાના રોકાણકારો સુધી પહોંચવાની સમસ્યાથી મૂક્ત કરે છે.

(3) બિનબેંકીગ નાણાંકીય સંસ્થાઓ સરકારે સમયે સમયે નક્કી કરેલા અર્થતંત્રના વિવિધ અગ્રિમ ક્ષેત્રોને પણ મદદ કરે છે.

(4) આર્થિક રીતે પછાત વિસ્તારોને નાણાંકીય સહાય સરળ શરતોએ પૂરી પાડીને દેશમાં પ્રાદેશિક અસમાનતા દૂર કરવા મદદ કરે છે.

(5) જ્યારે દેશના ઔદ્યોગિક વિકાસ માટે મહત્વના અને પાયાના ઉદ્યોગો અપૂરતા નાણાંને કારણે અટકી પડે ત્યારે આ બિનબેકિંગ નાણાંકીય સંસ્થાઓ ઉદ્યોગોને નુકશાન ભરપાઈ કરવાની જવાબદારી સેવાઓ અથવા શેર અથવા ડિબેન્ચ સીધા રોકડાના સ્વરૂપમાં ધીરાણ કરીને મહત્વની કામગીરી બજાવે છે.

**6.9.3 ભારતમાં કામ કરતી બિન બેંકિગ નાણાંકીય સંસ્થાઓનો પરિચય**

ભારતમાં જાહેરક્ષેત્રે અને ખાનગીક્ષેત્રે બિનબેકિંગ નાણાંકીય સંસ્થાઓ નાણાંકીય મધ્યસ્થી તરીકે કામગીરી બજાવે છે. જાહેરક્ષેત્રોની બિનબેકિંગ નાણાંકીય સંસ્થાઓનો પરિચય નીચે મુજબ છે.

**(1) ભારતીય જીવનવીમા નિગમ (એલ.આઈ.સી.)**

ભારતીય જીવનવીમા નગમની 1956 ના એલ.આઇ.સી. કાયદાના અન્વયે ભારતમાં 97 કેન્દ્રોમાં કામ કરતી વિવિધ 245 ખાનગી કંપનીઓનું રાષ્ટ્રીયકરણ કરીને સરકાર સંપૂર્ણ માલિકીના નિગમ તરીકે રચના કરવામાં આવી હતી. આમ ભારતીય જીવનવીમા નિગમની સ્થાપના 1 સપ્ટેમ્બર 1956 માં રૂ. 5 કરોડની ભારત સરકારની મૂડીથી કરવામાં આવી છે. એલ.આઈ.સી.ની સ્થાપના પાછળ મુખ્ય ઉદ્દેશ જન સમુદાયના ફાયદા માટે જીવન વીમાનું કામકાજ હાથ ધરવાનો અને યોજનાની અગ્રિમતા મુજબ ભંડોળને મૂડી રોકાણ તરફ વાળવાનો છે ભારતીય જીવનવીમા નિગમનું મુખ્યાલય મુંબઈ છે. તથા 7 પ્રાદેશિક કાર્યોલયો, 113 કેન્દ્રીય કાર્યોલયો તથા સમગ્ર દેશમાં ફેલાયેલી લગભગ 2048 શાખા કાર્યોલયોના માધ્યમથી કામ કરે છે. એલ.આઈ.સી.ના ઉદ્દેશો નીચે મુજબ છે.

**ઉદ્દેશો :-**

(1) જીવન વીમાના મહત્વથી લોકોને ખાસ કરીને ગ્રામીણ લોકો અને પછાત વર્ગના લોકોને માહિતગાર કરવા અને મુત્ય તેમ જ મુશ્કેલી વિરૂદ્ધ નાણાંકીય સંરક્ષણ આપવું.

(2) લોકોમાં બચતવૃત્તિને પ્રોત્સાહન આપવું અને વધુમાં વધુ બચતો ગતિશીલ બનાવવી

(3) ભંડોળનું રોકાણ એવી રીતે કરવું કે જેથી પોલિસી ધારકોને તેમજ સમાજને વધુમાં વધુ લાભ થાય પોલિસી ધારકોને વધુમાં વધુ વળતર મળે અને રાષ્ટ્રીય ઉદ્દેશો પણ સિધ્ધ થાય.

(4) નાણાં ભંડોળનો કરકસરભર્યો ઉપયોગ કરવો અને પોલિસી ધારકોના ટ્રસ્ટી તરીકે જવાબદારી પૂર્વક નિર્ણયો લેવા.

(5) બદલાતી આર્થિક અને સામાજિક પરિસ્થિતિઓમાં લોકોની જીવન વીમાની જરૂરિયાતો સંતોષવી.

(6) કોર્પોરેશનના કર્મચારીઓ અને અધિકારીઓની કાર્યમતાનો પૂર્ણતમ ઉપયોગ કરવો અને ગ્રાહકોને સંતોષપદ સેવાઓ નિષ્ઠાપૂર્વક પૂરી પાડવી.

(7) નિગમના કર્મચારીઓ અને અધિકારીઓએ સમર્પણની ભાવના વિકસાવવી કે જેથી નિગમના ઉદ્દેશોની સિદ્ધિમાં તેઓ મહત્તમ યોગદાન આપે.

♦ **એલ.આઈ.સી.ના ભંડોળના સાધનો :**

એલ.આઈ.સી.નું રાષ્ટ્રીયકરણ થયું હતું ત્યારે શરૂઆતની રૂ. 5 કરોડની મૂડી ભારત સરકારે પૂરી પાડી હતી પોલીસી ધારકો દ્વારા મુકવવામાં આવતા લવાજમ એલ.આઈ.સી.ના ભંડોળનો મુખ્ય સ્રોત છે. આ ઉપરાંત એલ.આઈ.સી. દ્વારા કરવામાં આવતા મૂડી રોકાણમાંથી વ્યાજ, ડિવિડન્ડ વગેરે સ્વરૂપે નાણાંકીય સાધનો પ્રાપ્ત કરે છે.

♦ **એલ.આઈ.સી.ની. મૂડી રોકાણ નીતિ : -**

જીવનવીમો લાંબા ગાળાનો કરાર છે જે નિગમને રોકડાપાત્ર શેષ મેળવી આપી છે. આ ભંડોળનું વિવિધ પ્રદેશોમાં વિખરાયેલા વિભિન્ન ઉદ્યોગોમાં રોકડા કરવામાં આવે છે. જેથી આર્થિક - સામાજિક હિતોના સવર્ધન સાથે મહત્તમ વળતર પ્રાપ્ત થઈ શકે. Insurance Regulatory and Development Authority (IRDI) નાં સૂચનો મુજબ એલ.આઈ.સી.ના રોકાણના માળખામાં પરિવર્તન કરવામાં આવ્યું છે. હવે સરકારી જામીનગીરીઓની સરખામણીમાં આંતર માળખાના પ્રોજેક્ટોમાં વધુ રોકાણ કરવામાં આવે છે. અત્યાર સુધી તેનું રોકાણ મહદઅંશે સરકારી જામીનગીરીઓમાં રહેતુ હતું 1994-95 માં રૂ. 44000 કરોડ જેટલું રોકાણ સરકારી જામીનગીરીઓમાં થયું હતું. કોર્પોરેટ ક્ષેત્રમાં કરવમાં આવેલું રોકાણ રૂ. 1340 કરોડ હતું. એલ.આઈ.સી.એ પ્રિમિયમની આવકના 50 ટકા જેટલું રોકડા સરકારી જામીનગીરીઓ અને અન્ય અધિકૃત જામીનગીરીઓમાં કરવું પડે છે. ઉપરાંત સહકારી જમીન વિકાસ બેંક તેમજ રહેઠાણ પાણી પુરવઠા અને વીજળી જેવી સામાજિક યોજનાઓમાં પણ રોકડા કરવું પડે છે. આ બધું મળીને લગભગ 87.5 ટકા પ્રિમિયમની આવક આ રીતે રોકાણ કરવામાં આવે છે. જ્યારે બાકીની માત્ર 12.5 ટકા પ્રિમિયમ આવકનું ખાનગક્ષેત્રમાં રોકડા માટે ફાળવી શકાય છે. તેમાંથી સરકારને જે નાણાં એલ.આઈ.સી તરફથી મળે છે તેનો અમુક ભાગ સરકાર ખાનગી ક્ષેત્રોને પ્રત્યક્ષ સ્વરૂપે લોન આપે છે. અને કેટલુંક ભંડોળ ખાનગી ક્ષેત્રને પરોક્ષ રીતે વિકાસ બેંક દ્વારા મળે છે.

કેટલુંક ભંડોળ એલ.આઈ.સી. શેર ડિબેન્ચર્સ, અને ધીરાણ દ્વારા ખાનગીક્ષેત્રને આપે છે. આ રોકાણમાંથી એલ.આઈ.સી. સૌથી વધુ રોકાણ ઈકિવટી શેરમાં કરે છે. ત્યાર બાદ બીજા ક્રમે પ્રેફરન્સ શેર અને ડિબેન્સર્સમાં કરે છે.

એલ.આઈ.સી. દ્વારા વિદેશોમાં પણ પોતાનો ધંધો વિકસાવવામાં આવ્યો છે. એલ.આઈ.સી.એ વિશ્વમાં પોતાની ઓળખ ઊભી કરવા અને વિશ્વમાં વીમા ક્ષેત્રે આવતા પરિવર્તન પ્રમાણે પોતાની પ્રવૃત્તિઓમાં પણ ફેરફાર કરે છે.

**મૂલ્યાંકન :**

જીવન વીમા નિગમ અર્થતંત્રમાં બિનબેંકિંગ મધ્યસ્થિ તરીકે મહત્વની કામગીરી બજાવતી હોવા છતાં તેની મૂડી રોકાણ નીતિની કેટલીક મર્યાદાઓ છે. એલ.આઇ.સી.નો નવાં ઔદ્યોગિક સાહસોને મદદ કરવામાં ફાળો ઘણો ઓછો છે. જો કે નિગમ પાસ જે ભંડોળ છે. તે સામાન્ય માણસોની પરસેવાની કમાણીની બચત છે. આથી નિગમ પોતાનું ભંડોળ નવા ઔદ્યોગિક સાહસોમાં રોકાવાનું જોખમ ઉઠાવવાની સ્થિતિમાં નથી. આમ છતાં એલ.આઇ.સી. તેની અન્ય સંસ્થાઓ સાથે સહયોગ સાધીને અન્ય નાણાંકીય સંસ્થાઓની જામીનગીરીઓ શેર, ડિબેન્ચરની ખરીદીમાં મદદ કરી શકે તેમ છે. આ ઉપરાંત એવી પણ ટીકા કરવામાં આવે છે કે એલ.આઈ.સી. ગૃહ નિર્માણ ગટર વ્યવસ્થા પાણી પુરવઠો અને સમાજની પાયાની જરૂરિયાતો માટે ઉપેક્ષા સેવી છે.

જોકે એલ.આઈ.સી. ભારતીય મૂડી બજારની વિવિધ નાણાંકીય સંસ્થાઓમાં વિશિષ્ટ સ્થાન ધરાવે છે. તેની પાસે વિશાળ ભંડોળ હોવાને લીધે જીવન વીમા નિગમના નિર્ણયો મૂડીબજાર પર નિર્ણાયક પ્રભાવ પાડે છે.

**(2) સામાન્ય વીમા કંપનીઓ : (GIC)**

1971 પહેલાં દેશમાં જુદી જુદી સામાન્ય વીમા કંપનીઓ ખાનગીક્ષેત્રે કાર્ય કરતી હતી પરંતુ 1 જાન્યુ 1973 માં સરકારે સામાન્ય વીમા વ્યવસાય અધિનિયમ 1972 મુજબ સામાન્ય વીમા વ્યવસાયનું રાષ્ટ્રીયકરણ કરવામાં આવ્યું નવેમ્બર 1972 માં ભારત સરકારે ભારતીય સામાન્ય વીમા નિગમની સ્થાપના કરી અને 1 જાન્યુ 1973 થી સામાન્ય વીમા નિગમે કાર્ય કરવાની શરૂઆત કરી. રાષ્ટ્રીયકરણ પહેલાં દેશમાં ઉપલબ્ધ 107 સામાન્ય વીમા કંપનીઓનું રાષ્ટ્રીયકરણ કરી તેને ચાર પ્રમુખ કંપનીઓમાં વિભાજીત કરવામાં આવી જેવી કે....

(1) નેશનલ ઈન્શ્યોરન્સ કંપની લિમિટેડ - કોલકતા

(2) ન્યૂ ઈન્ડિયા ઈન્શ્યોરન્સ કંપની લિમિટેડ - મુંબઈ

(3) ઓરિએન્ટલ ઈન્શ્યોરન્સ કંપની લિમિટેડ - નવી દિલ્હી

(4) યુનાઈટેડ ઈન્ડિયા ઈન્શ્યોરન્સ કંપની લિમિટેડ - ચેન્નાઇ

સામાન્ય વીમા નિગમની આ ચાર સહાયક કંપનઓ એક-બીજાની સ્પર્ધામાં સામાન્ય વીમા ક્ષેત્રે કાર્ય કરે છે. ભારતમાં સામાન્ય વીમા ક્ષેત્રમાં જાહેર ક્ષેત્રની કંપનીઓની સાથે સાથે આજે ઘણી ખાનગીક્ષેત્રની કંપનીઓ પણ કામગીરી બજાવે છે.

**કાર્યો :-**

(1) જનરલ ઈન્સ્યોરન્સ બિઝનેસના કોઈપણ ઘટકની ધંધાકીય પ્રવૃત્તિઓ કરવી.

(2) સામાન્ય વીમા સેવામાં ઉચ્ચત્તમ ધોરણો પ્રસ્થાપિત કરવા અને ગ્રાહકોને કાર્યક્ષમતા પૂર્વક સેવાઓ પૂરી પાડવામાં સામાન્ય વીમા કંપનીઓએ મદદ કરવી અને સલાહ આપવી.

(3) સામાન્ય વીમા કંપની ઓને ખર્ચ ઘટાડવા અંગે માર્ગદર્શન આપવું.

(4) સમગ્ર દેશમાં જનરલ ઈન્સ્યોરન્સની સેવાઓ આમ જનતાને સહેલાઈથી મળી શકે તેમાટે રાષ્ટ્રવ્યાપી માર્કેટિંગ નેટવર્ક વિકસાવવામાં આવ્યું છે.

3 નવેમ્બર 2000 માં સાધારણ વીમા નિગમને તેની ચાર સહાયક વીમા કંપીઓથી અલગ કરવામાં આવી છે. ભારતીય સાધારણ વીમા નિગમને ‘ઈન્ડિયન રિઈન્સ્યોરન્સ’ તરીકેની માન્યતા આપવામાં આવી છે અને આ હેસિયતથી તે ભારતની તમામ સામાન્ય વીમા કંપનીઓને રિઈન્સ્યોરન્સની સેવા પૂરી પાડી રહ્યું છે. તેના આ કાર્ય કરવા પાછળનો તેનો મુખ્ય ઉદ્દેશ વીમા ક્ષેત્રમાં અવરોધો દૂર કરવાનો અને રિઈન્સ્યોરન્સની ક્ષમતા વિકસાવવાનો છે.

સામાન્ય વીમા નિગમ વિશ્વ સ્તરે એક વિશ્વસનીય રિઈન્યોરન્સ તરીકે નામના મેળવી ચૂક્યું છે. રિઈન્યોરન્સના વૈશ્વિક ધંધામાં જી.આઈ.સી. દુબઈ, લંડન, મોસ્કો વગેરેમાં સ્થાપિત ઓફિસો દ્વારા

પોતાનું વર્ચસ્વ વધારી રહ્યું છે. આ ઉપરાંત સાર્ક દેશો, સાઉથઈસ્ટ, આફ્રિકા, મધ્યપૂર્વ અને આફ્રિકાની અનેક રિઈન્સ્યોરન્સ કંપનીઓના રિઈન્સ્યોરન્સ કાર્યમાં ભારતનું જી.આઈ.સી.અગ્રણી ભાગ ભજવે છે.

**(3) યુનિટ ટ્રસ્ટ ઓફ ઈન્ડિયા (યુ.ટી.આઈ) :-**

બીજા વિશ્વયુદ્ધથી આ પ્રકારની સંસ્થાઓ અમેરિકા અને પશ્ચિમ યુરોપના દેશોમાં નાના અને મધ્યમ આવક ધરાવમાં જૂથોની બચતો એકત્રિત કરવા માટે અક અસરકારક માધ્યમ બન્યું છે. ભારતમાં આ પ્રકારની સંસ્થાની યુનિટ ટ્રસ્ટ ઓફ ઈન્ડિયા (યુ.ટી.આઈ) ની સ્થાપના 1 ફેબ્રુઆરી 1964માં કરવામાં આવી છે.

યુ.ટી.આઈ.ની સ્થાપના રૂ 5 કરોડના પ્રારંભિક મૂડીથી કરવામાં આવી હતી. યુ.ટી.આઈ. લોકોમાં અને સંસ્થાઓને યુનિટનું વેચાણ કરે છે. જેની કિંમત રૂ. 10 ની ઓછી હોતી નથી અને રૂ. 100 થી વધુ હોતી નથી.

યુ.ટી.આઈ.ની પ્રારંભિક મૂડી રૂ. 5 કરોડ કાયદેસર નક્કી કરવામાં આવી હતી તેમાં રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાનો રૂ. 2.5 કરોડ, ભારતીય જીવનવીમા નિગમનાં રૂ. 0.75 કરોડ, સ્ટેટ બંક ઓફ ઈન્ડિયાનો રૂ. 0.75 કરોડ અને બેંક સહિત અન્ય નાણાંકીય સંસ્થાઓનો રૂ. 1.0 કરોડનો હિસ્સો હતો. 1976 માં રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાનો હિસ્સો ભારતીય ઔદ્યોગિક વિકાસ બેંકમાં ફેરબદલી કરી દેવામાં આવ્યો હતો અને તે રીતે યુ.ટી.આઈ. ભારતીય ઔદ્યોગિક વિકાસ બેંકની સહયોગી સંસ્થા બની હતી.

**યુ.ટી.આઈ.ના કાર્યો :-**

યુ.ટી.આઈ.નો મુખ્ય ઉદ્દેશ સમાજની  બચતોને પ્રોત્સાહિત અને ગતિશીલ બનાવવાનો છે. યુ.ટી.આઈ. બચતોને ઉત્પાદક પ્રવૃત્તિ તરફવાળીને દેશના અર્થતંત્રને વિકાસ અને વૈવિધ્યીકરણને પ્રોત્સાહિત કરે છે. યુ.ટી.આઈ.ના હેતુઓ નીચે મુજબ છે.

(1) યુ.ટી.આઈ. જન સમુદાયની બચતોને એક્ત્રીત કરીને ગતિશીલ બનાવે છે અને તેને ઉત્પાદક મૂડી રોકાણ તરફ વાળે છે. બચત કરનારાઓને તેઓના રોકાણની સલામતી, રોકડતા અને નફાકારકતાનું વચન આપીને યુ.ટી.આઈ. વ્યક્તિઓને બચત કરવા પ્રોત્સાહિત કરે છે.

(2) તે દરેકને પસંદગીની સંખ્યાબંધ કંપનીઓના શેર અને ડિબેન્ચરો ખરીદવાની પરોક્ષ તક આપે છે અને મૂડી રોકાણ કરીને ઔદ્યોગિક વૃદ્ધિ પર આધારિત આવક વધારવામાં હિસ્સો પૂરો પાડવા શક્તિમાન બનાવે છે.

2001માં યુ.ટી.આઈ.નું બે અલગ કંપનીઓ યુ.ટી.આઈ. I અને યુ.ટી.આઈ. II માં વિભાજન કરવામાં આવ્યું છે. યુ.ટી.આઈ.ની નેટ એસેટ વેલ્યુ' (NAV) આધારીત બધી યોજનાઓ યુ.ટી.આઈ - II (UTP - AMC - Asset Management Company) હેઠળ રાખવામાં આવી છે. જેનું સંચાલન એલ.આઈ.સી. એસ.બી.આઈ. બેંક ઓફ બરોડા અને પંજાબ નેશનલ બેંક દ્વારા કરવામાં આવે છે. 2005 માં આ ચાર સંસ્થાઓએ UTI - AMC ને સરકાર પાસેથી ખરીદી લીધી છે અને આ ચારેય સંસ્થાઓનો તેમાં 25% 25% ફાળો છે.

જ્યારે યુ.ટી.આઈ.ની નિશ્ચિત વળતર આપતી યોજનાઓને યુ.ટી.આઈ.- I (Specified Undertaking of UTI) માં રાખવામાં આવી છે.

**ભંડોળનું રોકાણ :-**

યુ.ટી.આઈ.ના ભંડોળનો મુખ્ય સ્રોત યુનિટ મૂડી છે. યુ.ટી.આઇ. યુનિટોનું વેચાણ કરીને જે આવક મેળવે છે તેનો આધાર યુનિટ ધારકોને કેટલું વળતર મળે છે. તેના ઉપર છે. યુ.ટી.આઈ.ટી આ નાણાંકીય સાધનોનું વિવિધ ક્ષેત્રમાં મૂડી રોકાણ એવી રીતે કરે છે કે જેથી સૌથી વધુ વળતર મળે અને મૂડીની સલામતી પણ રહે કોઈ એક કંપનીમાં યુ.ટી.આઈ. કુલ મૂડી રોકાણ ભંડોળના 5 ટકાથી વધુ રોકડ ન કરી શકે અથવા જામીનગીરી મુલ્યના 10% થી વધુ રોકાણ ન કરી શકે એજ રીતે યુ.ટી.આઇ કોઈ પણ નવા ઓદ્યોગિક એકમમાં પોતાના ભંડોળના 5% થી વધુ રોકાણ ન કરી શકે.

યુ.ટી.આઇના રોકાણને ભારત સરકારે કરવેરા કાયદા તરીકે પણ સ્વીકાર્યું છે અને યુ.ટી.આઈમાં મળે તે ડિવિન્ડ અને વ્યાજ કરપાત્ર બનતી નથી.

**(4) ભારતમાં અન્ય બિન બેંકિગ નાણાંકીય સંસ્થાઓ :-**

ભારતમાં જાહેર ક્ષેત્રની એલ.આઈ.સી., જી.આઈ.સી., યુ.ટી.આઈ. આ ઉપરાંત ખાનગી ક્ષેત્રે પણ કેટલીક બિનબેંકિગ નાણાંકીય સંસ્થાઓ કામગીરી બજાવે છે. જે નીચે મુજબ છે.

**(1) મૂડી રોકાણ કંપનીઓ :-**

આવી કંપનીઓ જાહેર જનતા પાસેથી યોગ્ય રીતે ભંડોળ મેળવીને તેનું વિવિધ નાણાંકીય કે કોર્પોરેટ જામીનગીરીઓમાં મૂડી રોકાણ કરીને તેમાંથી મળતું ઊંચુ વળતર તેના રોકાણકારોને આપવાની પ્રવૃત્તિ કરે છે. ઘણી વખત મોટા ઔદ્યોગિક ગૃહો પોતાની જ નાણાંકીય જરૂરિયાતો સંતોષવા માટે પોતાની પેટા કંપની તરીકે આવી ઈન્વેસ્ટમેન્ટ કંપનીઓ (મૂડી રોકાણ કંપનીઓ) સ્થાપે છે.

**(2) લિઝિંગ અને ભાડા ખરીદ કંપનીઓ :-**

લિઝિંગ એટલે ભાડા પટ્ટા દ્વારા નાણાં વ્યવસ્થા એવા સામાન્ય અર્થ કરી શકાય છે. ભાડા પટોએ એવો કરાર છે કે જેમાં લેનારને મિલકતની પૂરી કિંમત મૂકવ્યા વગર અમુક વર્ષો સુધી ઉપયોગ કરવાનો અધિકાર મળે છે જેના બદલામાં તે નિશ્ચિત મુદતે નિયત કરેલ રકમ ભાડા તરીકે ચૂકવે છે.

**(3) પારસ્પરિક ફંડ (Mutual Funds) :-**

મ્યુચ્યુઅલ ફંડ જાહેર જનતા પાસેથી થાપણો મેળવીને તેને કોર્પોરેટ ક્ષેત્રમાં રોકવાની કામગીરી કરે છે. મ્યુચ્યુઅલ ભંડોળમાં નાણાં રોકાણ કરનારાઓ વૈવિધ્યીકરણ, વ્યાવસાયિક સંચાલન, તરલતા અને નીચી સોદાકીય પડતરના લાભો મેળવે છે. 1986 સુધી ભારતીય યુનિટ ટ્રસ્ટ એક માત્ર મ્યુચ્યુઅલ ભંડોળ હતું ત્યાર પછી કેટલીક વ્યાપારી બેંક, વીમા કંપનીઓ વગેરેએ પોતાની પેટા કંપનીઓ તરીકે મ્યુચ્યુઅલ ભંડોળની સ્થાપના કરી છે. આવાં મ્યુચ્યુઅલ ભંડોળનાં કેટલાંક ઉદાહરણો તરીકે એસ.બી.આઈ. મ્યુચ્યુઅલ ભંડોળ, જી.આઈ.સી. મ્યુચ્યુઅલ ભંડોળ આ ઉપરાંત કેટલાંક ખાનગી મ્યુચ્યુઅલ ભંડોળ પણ અસ્તિત્વમાં આવ્યાં છે.

**(4) નાણાંકીય નિગમો :-**

આ સંસ્થાઓ પોતાના ભંડોળમાંથી અથવા ઉછીનાં નાણાંમાંથી જરૂરિયાત મંદોને ઊંચા વ્યાજ દરે ધીરાણ આપે છે. આ પ્રકારની કંપનીઓ અત્યંત ઝડપી, ઓછી કાર્યવાહીઓ, ઓછા દસ્તાવેજો એ સરળતાથી ગ્રાહકોને ધિરાણ આપતી હોય છે. આથી આ પ્રકારની નાણાંકીય કંપનીઓનો વિકાસ ઝડપી થયો છે.

**(5) સાહસ મૂડી ભંડોળ :**

સાહસ મૂડી ભંડોળોને વેન્ચર કેપિટલ ફંડ તરીકે ઓળખવામાં આવે છે. અહીં વેન્ચર એટલે સાહસ અથવા જોખમ ભર્યો વ્યવસાયો અને કેપિટલ એટલે તેવા સાહસો માટે આવશ્યક મૂડી સંયુક્ત રીતે જોતા એમ કહી શકાય કે સાહસ ભર્યો કે જોખમી ધંધાની સ્થાપના માટેનું મૂડી ભંડોળ એવો અર્થ કરી શકાય છે. વિકાસની ભરપૂર તકો હોય પણ જોખમી હોય તેવા સાહસિક વ્યવસાય માટે પ્રાથમિક માળખાકીય સુવિધાઓ ઉભી કરવા માટે મૂડી તેના શેર ખરીદગીને પૂરી પાડવાની જવાબદારી સાહસ મૂડી ભંડોળ કરે છે. સામાન્ય રીતે સાહસ મૂડી ભંડોળ ઈક્વિટી શેરના સ્વરૂપમાં હોય છે.

**(6) ગૃહ ધીરાણ કંપનીઓ :-**

આ પ્રકારની કંપનીઓ મુખ્યત્વે સમાજના અસંગઠિત વર્ગને ઘર બનાવવા માટે ધીરાણ કર છે. જોકે તેમના વ્યાજદર બેંક વ્યાજદર કરતા વધારે હોય છે. આ પ્રકારની ખાનગી ક્ષેત્રની બિનબેંકિંગ નાણાંકીય કંપનીઓ ઉપર આર.બી.આઈ. કે અન્ય સરકારી સંસ્થાઓનું નિયમન અને નિયંત્રણ ઓછું હોય છે. આથી આવી સંસ્થાઓ વ્યાજનો ઊંચો દર રાખીને લોકોનું શોષણ કરતી હોય છે. આથી તેમના ઉપર નિયમન જરૂરી છે..

**ઉપસંહાર :-**

બિનબેંકિંગ નાણાં કંપનીઓ ભારતીય અર્થતંત્રનું એક મહત્વનું અંગ છે અને તેથી આ ક્ષેત્રનો સુદૃઢ અને સંગીન વિકાસ થાય તે અત્યંત આવશ્યક છે. તાજેતરના વર્ષોમાં અનેક નિષ્ણાતોએ એવું સૂચન કર્યું છે કે રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાની અનેકવિધ જવાબદારીઓના સંદર્ભમાં બિનબેકિંગ નાણાં કંપનીઓના કામકાજ પર નિયમન નિયંત્રણ અને સંકલન માટે રિઝર્વ બેંક જેવી ટોચની સંસ્થાની રચના કરવાનો સમય પાકી ગયો છે. આ સંસ્થા નાણાં કંપનીઓની કામગીરી પર દેખરેખ રાખે તથા તેની પ્રગતિ અને વિકાસ માટે સતત પ્રયત્નશીલ રહે અને તે સાથે થાપણદારોનું હિત સચવાય તેનું પણ ધ્યાન રાખે છે. જેથી દેશમાં નાણાં બજારનો યોગ્ય રીતે વિકાસ થઈ શકે.

રિઝર્વ બેંક ઑફ ઇન્ડિયાએ NBFCs ને નિયંત્રણમાં લેવા માટે RBI Act, 1997 પસાર કર્યો તે પહેલાં આવી કંપનીઓએ ખૂબ જ લાભ લીધો હતો. 1997 પહેલાં NBFCs ને કંપનીધારો, RBIનાં આદેશો, SEBI નાં નિયમનો લાગુ પાડવામાં આવતા હતા. બીજો કોઇ સર્વગ્રાહી કાયદો ન હતો. મે 1992માં રિઝર્વબેંકે ડૉ. એ. સી. શાહનાં અધ્યક્ષપણા હેઠળ એક વર્કિંગગ્રૃપની રચના કરી જેણે સપ્ટેમ્બર 1992માં પોતાનો અહેવાલ RBI ને સુપ્રત કર્યો. જેમાં તેઓએ રૂ. 50 લાખ કે તેથી વધુ માલિકીનાં ચોખ્ખા ભંડોળ ધરાવતી કંપનીઓ માટે ચોક્કસ નિયમનો માટે ભલામણ કરી અને નવી પ્રવેશ કરનાર નાણાં કંપની માટે પ્રવેશ ધોરણો સૂચવ્યાં. જેનો રિઝર્વબેંકે તબક્કાવાર અમલ શરૂ કર્યો. મે, 1993માં રૂ. 50 લાખ કે તેથી વધુ રકમનાં ચોખ્ખા માલિકી ભંડોળ ધરાવતી નાણાંકીય કંપનીઓને રિઝર્વ બેંકમાં નોંધણી કરાવવા જણાવ્યું. RBI Act 1997 મુજબ હવે નવી શરૂ થતી NBFC થાપણો સ્વીકાર કરવા સહિતનું નાણાંકીય સંસ્થા તરીકેનું કોઇપણ કાર્ય રિઝર્વ બેંક પાસેથી સર્ટીફીકેટ ઑફ રજીસ્ટ્રેશન મેળવ્યા વગર કરી શકતી નથી.

## 6.10 ભારતમાં વિશિષ્ટ નાણાં સંસ્થાઓ

### 6.10.1 પરિચય

વિશિષ્ટ નાણાંકીય સંસ્થાઓને વિકાસ બેંક તરીકે પણ ઓળખવામાં આવે છે. બીજા વિશ્વયુદ્ધ પછી આ પ્રકારની સંસ્થાઓ વિકસિત અને વિકસતા દેશોમાં સ્થાપવામાં આવી તેના પાછળનો મુખ્ય ઉદ્દેશ અર્થતંત્રમાં ઝડપી ઔદ્યોગિક વિકાસ શકય બનાવવાનો હતો. અલ્પવિકસિત દેશો કે જયાં મૂડીની અછતની સાથે ઉદ્યોગ સાહસિકતાની પણ અછત હોય છે. ત્યાં આવી સંસ્થાઓ નિયોજકોની લાંબી મુદતની મૂડી પૂરી પાડવા ઉપરાંત ઔદ્યોગિક સર્વેક્ષણ હાથ ધરીને વિકાસ યોજનાઓ ઓળખી આપવી સંચાલકીય વ્યવસ્થાપન અને અન્ય સહાયમાં નિયોજકોને યોજના ઘડવાથી માંડને યોજના શરૂ કરવી અને કામ કરતી થાય ત્યાં સુધી પ્રોત્સાહક તરીકેની ભૂમિકા નિભાવે છે.

વિલિયમ ડાયમંડના મતે "વિશિષ્ટ નાણાં સંસ્થાઓ અથવા વિકાસ બેંકએ નાણાં નિગમ અને વિકાસ નિગમોનાં કાર્યોને જોડતી સંકટ સંસ્થા છે" નાણાં નિગમો એવી સંસ્થાઓ છે. જે મુખ્યત્વે લાંબાગાળાના મૂડી ધીરાણ સાથે સંબંધ ધરાવે છે. જ્યારે વિશિષ્ટ નાણાંકીય સંસ્થાઓ શેરમૂડીની સાથે કંપનીઓની સંભાળ લેવાનું તેનું સંચાલન કરવાનું સાથે સાથે નાણાંકીય ટેકો પૂરો પાડવા સાથે સંબંધ ધરાવે છે.

આથી વિશિષ્ટ નાણાં સંસ્થાઓ ઔદ્યોગિક એકમોને લાંબાગાળા અને મધ્યમગાળાનું ધીરાણ પૂરૂ પાડવા ઉપરાંત નુકસાનની સામે બાહેંધરી આપીને ઉદ્યોગોના શેર ડિબેન્ચરમાં સીધું રોકાણ કરે છે અને તે નિયોજકોને ટેકનોલોજીની જાણકારી અને તાલીમ પણ પૂરી પાડે છે.

**ઉદ્દભવ :-**

વિશ્વમાં પ્રથમ વિકાસ બેંકની સ્થાપના 19 મી સદીમાં બેલ્જિયમમાં વાણિજ્ય અને ઔદ્યોગિક સાહસોને નાણાં પૂરાં પાડવા માટે કરવામાં આવી હતી. પરંતુ તે સફળ રહી ન હતી. ત્યાર પછી 1852 માં 'ફ્રેંચ ક્રેડિટ મોબિલાઈઝર'ની સ્થાપના કરવામાં આવી હતી. સમય જતાં યુરોપના અન્ય દેશોમાં પણ ઉદ્યોગોને મૂડી પુરી પાડવા માટે આ પ્રકારની સંસ્થાઓનો વિકાસ થયો હાલના સમયમાં

વિશિષ્ટ નાણાંકીય સંસ્થાઓનો મોટા-ઔદ્યોગિક એકમોની સાથે સાથે લઘુ નાના ઉદ્યોગોના વિકાસ માટે પણ આ પ્રકારની સંસ્થાઓની સ્થાપના કરવામાં આવી છે.

ભારતમાં વિશિષ્ટ નાણાંકીય સંસ્થાઓનું માળખું ઘડવાનું પ્રથમ પગલું 1948 માં 'ભારતીય ઔદ્યોગિક નાણાંકીય નિગમ' (આઈ.એફ.સી.આઈ.) ની સ્થાપના કરીને લેવામાં આવ્યું. આઈ.એફ.સી.આઈ.ની સ્થાપના ઔદ્યોગિક એકમોને મધ્યમ - લાંબાગાળાનું ધીરાણ પુરું પાડવા માટે કરવામાં આવી ત્યારે પછી તેના જેવી અન્ય નાણાંકીય સંસ્થાઓ જેવી કે રાજ્ય નાણાંકીય નિગમ, ભારતીય ઔદ્યોગિક શાખ અને મૂડી રોકાણ બેંક, ભારતીય ઔદ્યોગિક વિકાસ બેંક, ભારતીય નાના ઉદ્યોગ માટેની વિકાસ બેંક વગેરે નાણાંકીય સંસ્થાઓની સ્થાપના કરવામાં આવી છે વગેરેની વિસ્તૃત ચર્ચા આગળ કરવામાં આવી છે.

**વિશિષ્ટ નાણાંકીય સંસ્થાઓના કાર્યો :-**

(1) વિશિષ્ટ નાણાંકીય સંસ્થાઓ ઔદ્યોગિક પેઢીઓને લાંબા મધ્યમગાળાનું ધીરાણ પુરું પાડવાનું કેટલીક સંસ્થાઓ વિદેશી ચલણમાં પણ ધીરાણ પુરું પાડે છે.

(2) વિદેશોમાંથી મૂડી વસ્તુઓની ખરીદી માટેની વિલંબિત ચૂકવણી માટે બાંહેધરી પૂરી પાડે છે.

(3) વિકાસ બેંક ઔદ્યોગિક જામીનગીરીઓ જેવી કે શેર, ડિબેન્ચર બહાર પાડવાની બાંહેધરી આપે છે. આ ઉપરાંત આ સંસ્થાઓ દ્વારા તેમાં રોકાણ પણ કરવામાં આવે છે.

(4) વિકાસ બેંક મુદતી ધીરાણ પુરું પાડવા ઉપરાંત નવા ઔદ્યોગિક સાહસિકોને ટેકનિકલ જ્ઞાન, સંચાલન વગેરેની તાલીમ પણ આપે છે.

### 6.10.2 ભારતીય ઔદ્યોગિક નાણાં નિગમ (Industrial Finance corporation of India Ltd-IFCI)

ઉદ્યોગોની લાંબાગાળાની નાણાંકીય જરૂરિયાતો સંતોષવા માટે સ્વતંત્રતા સમયે એક વિશિષ્ટ નાણાંકીય સંસ્થાની જરૂરિયાત લાગતા 1 જુલાઈ 1948 માં ભારતીય ઔદ્યોગિક નાણાં નિગમની સ્થાપના કરવામાં આવી. આઈ. એફ.સી.આઈ.ની સ્થાપના 1948 માં સંસદમાં ખાસ કાયદા દ્વારા મધ્ય અને મોટા કદના એકમોને મુદત્તી નાણાંકીય સહાય પૂરી પાડવા માટે કરવામાં આવી. 1993 માં આ સંસ્થાનું પુનઃગઠન કરવામાં આવ્યું અને ભારતીય કંપની અધિનિયમ 1956 પ્રમાણે તેનું સ્વરૂપ બદલીને તેને કંપનીનું સ્થાન આપવામાં આવ્યું છે. ત્યારબાદ ઓક્ટોમ્બર 1999 માં કંપનીનું નામ બદલીને આઈ.એફ.સી.આઈ લીમિટેડ કરવામાં આવ્યું છે.

**ઉદ્દેશો :-**

1) આઈ.એફ.સી.આઈનો મુખ્ય ઉદ્દેશ ઔદ્યોગિક પેઢીઓને લાંબા અને મધ્યમગાળા માટે ધીરાણ પૂરી પાડવાનો છે.

2) ચીજવસ્તુઓનું ઉત્પાદન જાળવણીની પ્રક્રિયા, ખાણ, ખોદકામ હોટલનો વ્યવસાય વીજળીનું ઉત્પાદન વિતરણ કરવા સહાય આપે છે.

3) ભારતમાં નોંધાયેલી જાહેર, ખાનગી, સંયુક્ત ક્ષેત્રની મર્યાદિત જવાબદારીવાળી કંપની તેમજ સહકારી મંડળીને નાણાંકીય સહાય પૂરી પાડે છે.

4) પછાત વિસ્તારોમાં આવેલા ઔદ્યોગિક એકમોને રાહતના દરે ધીરાણ આપે છે.

5) હયાત એકમો નવા ઔદ્યોગિક એકમો ઉભા કરવા વિસ્તરણ આધુનિકરણ માટે નાણાંકીય મદદ કરે છે.

**કાર્યો -**

આઈ.એફ.સી.આઈ.ના મુખ્ય કાર્યો નીચે મુજબ છે.

(1) ઔદ્યોગિક પેઢીઓને ધીરાણ આપવાનું અને તેઓએ બહાર પાડેલા ડિબેન્ચરો કે જેની 25 વર્ષોમાં ફેર ચુકવણી થાય તેમાં નાણાં રોકવાનું કાર્ય કરે છે.

(2) ઔદ્યોગિક પેઢીઓએ ખુલ્લા બજાર અથવા અનુસૂચિત બેંક અથવા સરકારી બેંક પાસેથી ધીરાણ મેળવવા બાહેધરી આપે છે.

(3) ઔદ્યોગિક પેઢીઓએ બહાર પાડેલા શેર, ડિબેન્ચર અને બોન્ડને પીઠબળ આપે છે. પરંતુ આ જામીનગીરીઓનો 7 વર્ષોમાં નિકાલ કરવાનો હોય છે.

(4) ઔદ્યોગિક એકમે મૂડીગત વસ્તુની આયાત કરી હોય તેની તફાવત ચુકવણીની ગેરેંટી આપવાનું કામ પણ આ નિગમ કરે છે અને તેની ગોઠવણી પણ વિદેશી ઉત્પાદકો સાથે કરે છે અથવા સંબંધિત વિદેશી મૂડીગત વસ્તુની આયાત કરનાર ભારતીય ઉત્પાદક સાથે કરે છે.

(5) ભારતની બહાર વિદેશોમાંથી કોઈપણ બેંક કે નાણાંકીય સંસ્થા પાસે લોન મેળવવામાં આવી હોય તો તેની બાહેંધરી નિગમ દ્વારા આપવામાં આવે છે.

(6) કેન્દ્ર સરકાર અને ભારતીય ઔદ્યોગિક વિકાસ બેંકના એજન્ટ તરીકે તે સંબંધિત ઉદ્યોગોને ધીરાણ મંજૂર કરવાનું કામ કરે છે.

(7) સિમેન્ટ, શણ, સુતરાઉ કાપડ, એન્જિનિયરીંગ વગેરે પસંદગીના ઉદ્યોગોના આધુનિકરણને વેગ આપવા, કારખાનાની સાધન-સામગ્રી યંત્રો બદલવા અથવા સુધારવા હળવી શરતોએ ધીરાણ આપવાની યોજનાઓ કર કામ કરે છે.

(8) આઇ.એફ.સી.આઈ વિવિધ પ્રોત્સાહક પ્રવૃત્તિઓને સહાય કરવા અનામન ભંડોળ અને સરકારી પાસેથી મેળવેલ વ્યાજ તફાવતી ભંડોળની ફાળવણીમાંથી નાણાં પૂરા પાડે છે. નિગમ પછાત વિસ્તારોના વિકાસ અને લઘુ અને મધ્યમ કક્ષાના ઔદ્યોગિક નિયોજકોને મદદ કર છે.

- **આઈ.એફ.સી.આઈના નાણાંકીય સ્રોતો .**

આઈ.એફ.સી.આઈ. શેર મૂડી ડિબેન્ચરો બોન્ડ અને અન્ય સંસ્થાઓ પાસેથી નાણાં ઉધાર લઈને પોતાનું નાણાં ભંડોળ એકત્રીત કરે છે. ઈક્વિટી શેરો બહાર પાડીને નાણાં મેળવી શકે છે, તે બજારમાંથી ઈસ્યુ દ્વારા બોન્ડ અને ડિવેન્ચર વેચીને પણ નાણાં મેળવી શકે છે. આ ઉપરાંત રિઝર્વ બેંકની જામીનગીરીઓ અથવા કેન્દ્ર અને રાજ્ય સરકારની જામીનગીરીઓ સામે ધીરાણ મેળવી શકે છે. આઈ.એફ.સી.આઈની શરૂઆતમાં ચુકવાયેલ શેર મૂડી રૂ. 5 કરોડ હતી જે વધીને 31 માર્ચ 2013 માં રૂ. 1926 કરોડ હતી. IFCI ની શેર મૂડી મોટે ભાગે IDBI, LIC વ્યાપારી બેંક અને સહકારી બેંક દ્વારા ખરીદવામાં આવે છે. આ ઉપરાંત વિદેશી સંસ્થાઓ પાસેથી પણ ભંડોળ મેળવે છે.

- **સંસ્થાની કામગીરી :-**

આઈ.એફ.સી.આઈ.ની અધિકૃત મૂડી રૂ. 10 કરોડ હતી જે વધારીને 20 કરોડ રૂ. કરવામાં આવી હતી. તેમાં મોટો ભાગ આઈ.ડી.બી.આઈ. વ્યાપારી બેંક, રિઝર્વ બેંકનો હતો. 2012 માં ભારત સરકારે આઈ.એફ.સી.આઈ.માં પોતાનું હોલ્ડીંગ વધારીને 55.53 % કરવામાં આવ્યું છે. આમ આઈ.એફ.સી.આઈ સરકારી અંકુશીત કંપની બની ગઈ છે. 2015 માં ભારત સરકારે આઈ.એફ.સી.આઈ.ના છ કરોડ પ્રેફરન્સ શેર રૂ. 10 પ્રતિ શેરે છ જાહેરક્ષેત્રની બેંકમાં હસ્તાંતર કરવામાં આવ્યા આ સાથે ભારત સરકારનું હોલ્ડીંગ તેમાં 51.04% કરવામાં આવ્યું છે. અને આ સંસ્થા કંપની એક્ટ 2013ની કલમ 2(45) હેઠળ સરકારી કંપની બની ગઈ છે.

આઈ.એફ.સી.આઈ એ અત્યાર સુધીમાં રૂ. 106714.22 કરોડ 5239 યોજનાઓ માટે ફાળવ્યા છે. તેમાંથી રૂ. 91558.39 કરોડ મંજુર કરવામાં આવ્યાં છે.

આઈ.એફ.સી.આઈ લિમિટેડ દેશમાં મધ્યમ - મોટા ઉદ્યોગોને નાણાંકીય સહાય આપવી આ

ઉપરાંત દેશના પછાત રાજ્યોની યોજનાઓમાં નાણાંકીય સહાય પુરી પાડે છે. દેશમાં ઔદ્યોગિક સાહસિકતા વિકસાવવા માટે 2014-15 ના બજેટમાં ભારત સરકારે અનુસૂચિત જાતિમાં ઉદ્યોગ સાહસિકતાને પ્રોત્સાહન આપવા માટે વેન્ચર કેપિટલ ફંડની સ્થાપના કરવામાં આવી છે. જેમાં આઈ.એફ.સી.આઈ નોડલ એજન્સી તરીકે કામ કરે છે અને ઋણ વૃદ્ધિ ગેરેંટી યોજના માટે ભારત સરકારે રૂ. 200 કરોડ ફાળવ્યા છે.

- કાપડ અને ખાંડ ઉદ્યોગમાં સહકારી મંડળીઓના વિકાસમાં આઈ.એફ.સી.આઈ નોર્ડલ એજન્સી તરીકે મહત્વનો ફાળો આપે છે. અને આશરે 371 સહકારી મંડળીઓને સહાય કરવામાં આવી છે.

- ઓછા વિકસિત રાજ્યોને જરૂરી ટેકનીકલ સેવાઓ માટે આઈ.એફ.સી.આઈ દ્વારા ટેકનીકલ કન્સલ્ટન્સી ઓર્ગેનાઈજેશનને પ્રોત્સાહન આપે છે.

- આઈ.એફ.સી.આઈ તેના Benevolent Reserve Fund અને Interest different Fund હેઠળ સ્વરોજગારી માટે યુવા અને મહિલા સાહસિકોને સહાય પૂરી પાડે છે.

- ઔદ્યોગિક વિકાસ માટે આઈ.એફ.સી.આઈ દ્વારા નીચેની સંસ્થાઓ સ્થાપવામાં મહત્વનો ફાળો આપ્યો છે.

(1) Management Development Institute - ઔદ્યોગિક વહિવટ અને તાલીમ વિકાસ માટે

(2) ICRA - ઔદ્યોગિક કેડિટ રેટીંગ માટે

(3) Tourism Finance Corporation of India પ્રવાસ ઉદ્યોગના વિકાસ માટે

(4) રાષ્ટ્રીય ગ્રામીણ વિકાસ નીતિ - ઉત્તર - પૂર્વ રાજ્યોના ગ્રામીણ અને શહેરી ગરીબોની ઉન્નતિ માટે સહાય કરે છે.

આમ આઈ.એફ.સી.આઈ ભારતીય અર્થતંત્રમાં ઔદ્યોગિક વિકાસમાં મહત્વનો ફાળો આપે છે.

### 6.10.3 ભારતીય ઔદ્યોગિક શાખ અને મૂડી રોકાણ નિગમ (Industrial Credit and Investment Corporation of India) - ICICI

ભારતીય ઔદ્યોગિક શાખ અને મૂડી રોકાણ નિગમએ અખિલ ભારતીય કક્ષાએ સ્થાપાયેલી ભારતમાં બીજી નાણાંકીય સંસ્થા છે તે જાન્યુઆરી 1955 માં સ્થાપવામાં આવી હતી. ભારતની અન્ય વિકાસ બેંકથી અલગ આ ખાનગી માલિકીનું સંચાલિત નિગમ છે. વિશ્વ બેંકે આ નિગમની સ્થાપનામાં મહત્વનો ભાગ ભજવ્યો છે. ભારતમાં ઔદ્યોગિક વિકાસ માટે મૂડી રોકાણની જરૂરિયાત પૂરી કરવા માટે વિશ્વ બેંકે ભારતમાં બ્રિટનની The Industrial and Finance Corporation જેવી સંસ્થાની ખાનગી ક્ષેત્રે સ્થાપના કરવાની ભલામણ કરી હતી જેના પરિણામે 1955માં આઈ.સી.આઈ.સી.આઈની સ્થાપના કરવામાં આવી હતી. 1994 માં આઈ.સી.આઈ.સી.આઈ. લિમિટેડ નું આઈ.સી.આઈ.સી.આઈ. બેંકમાં વિલિનીકરણ કરવામાં આવ્યું છે. નાણાંકીય વર્ષ 1998 માં જાહેર ભરણા દ્વારા બેંકમાં આઈ.સી.આઈ. લી.નું શેરહોલ્ડીંગમાં 46% નો ઘટાડો કરવામાં આવ્યો હતો. અને 2000 માં ન્યૂયોર્ક સ્ટોક એક્સચેન્જમાં લિસ્ટેડ થનાર ભારતની પ્રથમ બેંક બની હતી. 2001માં બેંક ઓફ મદુરા લિમિટેડનું આઈ.સી.આઈ.સી.આઈ બેંકમાં વિલિનિકરણ કરવામાં આવ્યું હતું. આમ આઈ.સી.આઈ.સી.આઈ. બેંક ભારતીય નાણાં બજારમાં મધ્યમગાળા અને લાંબાગાળાના ધીરાણમાં મહત્વનો ભાગ ભજવે છે.

**ઉદ્યોગો :-**

(1) ખાનગી સંસ્થાના ઉદ્યોગોને ખાસ કરીને નાના અને મધ્યમ ઉદ્યોગોને નાણાંકીય સહાય આપવાનું છે.

(2) ઔદ્યોગિક એકમોના આંતરિક અને બાહ્ય વિકાસ માટે મૂડીમાં ભાગીદારી કરવી, મૂડી બજારનો વિસ્તાર કરવો અને ખાનગી માલિકીના ઔદ્યોગિક મૂડી રોકાણને વેગ આપવા તથા ખાનગી એકમોના વિસ્તરણ અને આધુનિકરણ માટે ભારતીય ચલણમાં અને વિદેશી ચલણમાં સહાય આપે છે.

(3) કંપનીઓના શેરો અને ડિબેન્ચરો બહાર પાડવા માટે બેંક બાંહેધરી આપે છે. આ ઉપરાંત બેંક દ્વારા અન્ય ખાનગી મૂડી રોકાણ સ્ત્રોતોમાંથી મળતી લોનની સામે બાંહેધરી આપે છે. તથા સંચાલકીય ટેકનિકલ અને વહિવટી સેવાઓ પૂરી પાડે છે.

**સંચાલન :-**

આઈ.સી.આઈ.સી.આઇનું સંચાલન 12 નિર્દેશકોના બનેલા નિર્દેશક મંડળ દ્વારા થાય છે. ભારત સરકાર ભારતીય ઔદ્યોગિક વિકાસ બેંક સાથે મસલન કાર્યો બાદ વહીવટી નિર્દેશકોની નિમણુંક કરે છે.

**નાણાં ભંડોળ :-**

આઈ.સી.આઈ.સી.આઈ. બેંકની શરૂઆતની અધિકૃત મૂડી રૂ. 200 કરોડ હતી. બેંક ભારત સરકાર, જાહેર ભરણું, વિશ્વબેંક, વિકાસ ધીરાણ ભંડોળ વગેરે પાસેથી નાણાંકીય ભંડોળ મેળવે છે. સપ્ટેમ્બર 2017 સુધીમાં બેંકની કુલ ભંડોળ 156.8 અરબ યુ.એસ. ડોલર હતું આ ઉપરાંત બેંકની 4856 શાખાઓ 13792 એ.ટી.એમ. અને વિશ્વના 17 દેશોમાં પોતાની શાખાઓ ધરાવે છે. ભારતની બીજા નંબરની મોટી બેંક છે.

**કામગીરી :-**

આઇ.સી.આઈ.સી.આઇ. બેંકે વરચ્યુઅલ યુનિવર્સલ બેકિંગ ગ્રુપની રચના કરી છે જે વેપારી બેંકિગ, મૂડી રોકાણ બેકિંગ, એસેટ મેનેજમેન્ટ, સાહસ મૂડી, સ્ટેટ લેવલ ઈન્ફ્રાસ્ટ્રાકચર ફાઈનાન્સિગ, હાઉસીંગ ફાઈનાન્સ, પર્સનલ ફાઈનાન્સ સર્વિસઝ રોકાણકાર અને બોકેરિંગ સેવાના ક્ષેત્રોમાં વ્યાપક નાણાંકીય સેવાઓ પુરી પાડે છે.

- બેંક શહેરી માળખાકીય અને પર્યાવરણ માટે અશિયન વિકાસ બેંકમાંથી સીધી લોન માટેની કેડિટની સગવડ આપે છે.

આમ, આઈ.સી.આઈ.સી.આઈ બેંક વર્તમાનમાં મૂડી રોકાણ સંસ્થાની સાથે સાથે ગ્રાહક બેંકની સેવાઓ પણ પૂરી પાડે છે.

**6.10.4 ભારતીય ઔદ્યોગિક વિકાસ બેંક (IDBI) Industrial Development Bank of India Ltd.)**

દેશમાં ઔદ્યોગિક વિકાસ માટે નાણાંકીય જરૂરિયાતો પૂર્ણ કરવા માટે સરકાર દ્વારા સંસદમાં ફેબ્રુઆરી 1964 માં ભારતીય ઔદ્યોગિક વિકાસ બેંક અધિનિયમ 1964 અંતર્ગત જુલાઈ 1969 માં ભારતીય ઔદ્યોગિક વિકાસ બેંકની સ્થાપના કરવામાં આવી છે. શરૂઆતમાં ઔદ્યોગિક વિકાસને લગતી કામગીરી પર આર.બી.આઈ દ્વારા દેખરેખ રાખવામાં આવતી હતી. પરંતુ આઈ.ડી.બી.આઈ.ની સ્થાપના પછી ઔદ્યોગિક વિકાસ માટે નાણાંકીય સેવા આપવાની જવાબદારી આઈ.ડી.આઈ.આઈ ને આપવામાં આવી અને તે આર.બી.આઈ.ની સહાયક બેંક તરીકેની કામગીરી બનાવતી પરંતુ 1976 થી ભારત સરકારે આઇ.ડી.બી.આઇ ને આર.બી.આઈ થી અલગ કરીને તેની માલિકી સરકારે પોતાની હસ્તક લઈ લીધી છે. 2003 માં ભારતીય ઔદ્યોગિક વિકાસ બેંક અધિનિયમ 1964 ને રદ કરીને તેની જગ્યાએ ઔદ્યોગિક વિકાસ બેંક અધિનિયમ - 2003 પ્રસાર કરવામાં આવ્યો. આ કાયદાની જોગવાઈ મુજબ ભારતીય ઔદ્યોગિક વિકાસ બેંક લિમિટેડના નામે કંપની અધિનિયમ 1956 હેઠળ 2004 થી સરકારની માલિકીની કંપની હેઠળ સમાવેશ કરવામાં આવ્યો

છે. વર્તમાનમાં બેંક નાણાંકીય સંસ્થાની અગાઉની ભૂમિકા ઉપરાંત વ્યાપારી બેંક તરીકેની પણ ભૂમિકા નિભાવે છે. વર્તમાન સમયમાં આઈ.ડી.બી.આઈ.બેંકમાં ભારત સરકારની શેર ભાગીદારી 58.47 % છે.

**ઉદ્દેશો :-**

આઈ.ડી.બી.આઈ બેંકની સ્થાપના પાછળનો મુખ્ય ઉદ્દેશ દેશમાં સંગીન ઔદ્યોગિક વિકાસ પ્રાપ્ત કરનારા પ્રયાસોને સંકલીત કરવાનો છે.

- ઔદ્યોગિક એકમોને મુદતી નાણાં પૂરા પાડવા માટેની ટોચની સંસ્થા તરીકે કામ કરવું.
- ઔદ્યોગિક વિકાસ માટે નાણાં પૂરાં પાડતી, પ્રોત્સાહન આપનારી અને ઔદ્યોગિક વિકાસ માટે કામ કરતી સંસ્થાઓની કામગીરીનું સંકલન કરવું અને આ સંસ્થાઓના વિકાસમાં મદદ કરવી.
- દેશના મોટા ઉદ્યોગોને સીધું મૂડી રોકાણ પુરુ પાડવું.
- દેશમાં ઉદ્યોગોની સ્થાપના અને વિસ્તરણ માટે ટેક્નોલોજીકલ અને વહીવટી મદદ પૂરી પાડવી.
- રાષ્ટ્રીય અગ્રીમતા ધરાવતી યોજનાઓને નાણાંકીય સહાય પૂરી પાડવી.

**સંચાલન :-**

આઈ.ડી.બી.આઈનું સંચાલન ‘બોર્ડ ઓફ ડિરેકટર્સ’ દ્વારા થાય છે અગાઉ આર.બી.આઈ.ની ‘બોર્ડ ડિરેકટર્સ આ સંસ્થાના બોર્ડ ઓફ ડિરેકટર્સ તરીકે કામ કરતું હતુ. પરંતુ વર્તમાન સમયમાં તેના સંચાલનમાં ભારત સરકાર હોવાથી તેમાં પરીવર્તન કરવામાં આવ્યું છે. તે પ્રમાણે તેમાં એક અધ્યક્ષ અને મેનેજિંગ ડિરેકટર, બે ડેપ્યુટી મેનેજિંગ ડિરેકટર અને 10 એક્ઝિક્યુટિવ ડિરેકટર તેની સંચાલન સમિતિમાં હોય છે.

**નાણાં ભંડોળ :-**

આઈ.ડી.બી.આઈ.ની શરૂઆતની અધિકૃત મૂડી રૂ. 100 કરોડ હતી જે વધારીને રૂ. 500 કરોડ કરવામાં આવી હતી 1994 માં કાયદામાં કરવામાં આવેલા ફેરફાર પ્રમાણે બેંકની અધિકૃત મૂડી રૂ. 2000 કરોડ કરવામાં આવી અને તેને વધુમાં વધારીને રૂ. 500 કરોડ સુધી વધારી શકાશે. 2017 માં આઈ.ડી.બી.આઈ.ની અધિકૃત મૂડી રૂ. 3000 કરોડ છે.

**સહાય : -**

આઈ.ડી.બી.આઈ અન્ય નાણાંકીય સંસ્થાઓને સહાય આપે છે. તેમના શેર અને ડિબેન્ચ, બોન્ડ ખરીદી લે છે અને શેર બોન્ડનું અન્ડર રાઈટિંગ પણ કરે છે. 1964 થી જ બેંક દ્વારા Refinance Corporation ની સ્થાપના કરવામાં આવી છે. જે ઔદ્યોગિક લોન, નિકાસ ધીરાણ વગેરેનું પુનઃધીરાણ કરે છે. 3 થી 25 વર્ષની મુદત માટે આઈ.એફ.સી.આઈ અને રાજ્ય નાણાં નિગમો અને બીજી નાણાંકીય સંસ્થાઓને કે જે સરકાર દ્વારા નોંધાયેલી છે. તેમને પુનઃ ધીરાણ કરે છે. એજ રીતે 3 થી 10 વર્ષ માટે વ્યાપારી બેંકને પુનઃધીરાણ કરે છે. આ ઉપરાંત 15 વર્ષની મુદત માટે નિકાસ કરવા માટે ધીરાણ કરનાર સંસ્થાને પણ આઈ.ડી.બી.આઈ. પુનઃધીરાણ કરે છે. બેંક દ્વારા માર્કેટિંગ, મૂડી રોકાણ સંશોધન ઈકનોમીક સ્ટડીઝ અને સંશોધન કામગીરી પણ કરે છે. IDBI ઔદ્યોગિક એકમોને સંચાલન અથવા વિસ્તૃતિકરણ માટે ટેકનિકલ અને વહિવટી સેવાઓ પણ આપે છે.

### 6.10.5 ભારતીય ઔદ્યોગિક મૂડી રોકાણ બેંક લિ. (Indusrial Investment Bank of India Ltd) IIBI

ભારતીય ઔદ્યોગિક પુનઃનિર્માણ બેંકની સ્થાપના 20 માર્ચ 1985 માં ભારતીય ઔદ્યોગિક પુનઃનિર્માણ બેંક અધિનિયમ 1984 ના અંતર્ગત ભારતીય ઔદ્યોગિક પુનઃરચના નિગમનું કામકાજ સંભાળી લેવા માટે સ્થાપના કરવામાં આવી તેનો મુખ્ય ઉદ્દેશ દેશમાં મંદ ઔદ્યોગિક એકમો તેમજ બંધ

થયેલા એકમોને મુખ્ય શાખ અને પુનઃનિર્માણ કરવા માટેની સંસ્થા છે. તેનો બીજો મહત્વનો ઉદ્દેશ ઔદ્યોગીક એકમોના પુનઃરુસ્થાન માટે કામકરતી વિવિધ સંસ્થાઓ વચ્ચે સંકલન સાધવાનો છે. ભારતીય ઔદ્યોગિક મૂડી રોકાણ બેંકનું મુખ્યાલય કલકત્તામાં છે. જો કે ભારતીય ઔદ્યોગિક પુનઃ રચના બેંકની જગ્યો સરકારે એક નવી કંપની સ્થાપવાની યોજના બનાવી છે. આ સંબંધમાં 6 માર્ચ 1997 માં લોકસભામાં એક વિધેયક પ્રસાર કરવામાં આવ્યું જેના પરિણામે ભારતીય ઔદ્યોગિક પુનઃરચના બેંક એક નવા નામ ‘‘ભારતીય ઔદ્યોગિક મૂડી રોકાણ બેંક લિમિટેડ (IIBD) થી કંપની ધારા 1956 અનુસાર કંપનીના રૂપમાં કાર્યકરે છે. આઈ.આઈ.બી.આઈ.ની અધિકૃત મૂડી રૂ. 1000 કરોડ છે અને તેનું મુખ્યાલય પણ કલકતામાં છે. આમ આ સંસ્થા આઈ.ડી.બી.આઈ., આઈ.એફ.સી.આઈ. અને આઈ.સી.આઈ.સી.આઈ.ની જેમ એક સ્વતંત્ર નાણાં વિકાસ સંસ્થા તરીકે કામ કરે છે.

**કાર્યો :-**

1) તે માંદા ઔદ્યોગિક એકમોનું સંચાલન પોતાના હાથમાં લે છે અથવા ભાડા પટ્ટે આપે છે અથવા ચાલુ હાલતમાં પેઢીને વેચી દે છે અથવા યોજનાઓ ઘડી તેની જવાબદારીઓ ઘટાડી તેની પુનઃરચના માટે તૈયાર કરે છે.
2) તે ધીરાણ અને અન્ય સહાય આપીને, શેર અને ડિબેન્ચરમાં રોકાણ કરીને અથવા બાંહેધરી આપીને ઔદ્યોગિક વિકાસને સહાય અને પ્રોત્સાહન આપે છે.
3) બેંકની પ્રવૃત્તિઓમાં માળખાગત સગવડો પૂરી પાડવી, સલાહ સૂચન, વ્યવસ્થાપન અને વેપારી બેંકિગ પ્રવૃત્તિઓનો સમાવેશ થાય છે.
4) આ ઉપરાંત તે કેન્દ્ર અને રાજ્ય સરકાર, રિઝર્વ બેંક, સ્ટેટ બેંક, વ્યાપારી બેંક, રાજ્ય સરકારી બેંક, જાહેર નાણાંકીય સંસ્થાઓ અને રાજ્ય નાણાં નિગમના એજન્ટ તરીકે કાર્ય કરે છે.
5) તે કેન્દ્ર સરકારમાં માદા ઔદ્યોગિક એકમો માટે વિલિનિકરણની યોજનાઓની રજુઆત કરીને પુનઃરચનાની કામગીરી કરે છે.

આમ, આઈ.આઈ.બી.આઈ. ભારતીય ઔદ્યોગિક વિકાસમાં મહત્વનો ફાળો આપે છે.

**6.10.6 ભારતીય આયાત -નિકાસ બેંક (EXIM Bank)**

ભારતમાં આંતરરાષ્ટ્રીય વ્યાપારના વિકાસ માટે નાણાંકીય જરૂરિયાતો, વ્યાપારની સરળતા અને સુગમતાના ઉદ્દેશ માટે ભારત સરકારે સંસદમાં એક અધિનિયમ - 1981 માં પ્રસાર કરવામાં આવ્યો અને 1 જાન્યુઆરી 1982 ના રોજ ભારતીય નિકાસ - આયાત બેંકની સ્થાપના કરવામાં આવી. જેની સંપુર્ણ માલિકી ભારત સરકારની છે. બેંકની શરૂઆતની અધિકૃત મૂડી રૂ. 200 કરોડ હતી જ્યારે ભરપાઈ થયેલી મૂડી રૂ. 100 કરોડ હતી. એકિઝમ બેંકની અધિકૃત મૂડી 2011 માં રૂ. 2000 કરોડથી વધારીને રૂ. 20,000 કરોડ કરવામાં આવી છે.

**ઉદ્દેશો :-**

- નિકાસ કર્તા અને આયાત કર્તાઓને નાણાંકીય સહાય આપવી આ ઉપરાંત દેશના આંતરરાષ્ટ્રીય વ્યાપારની વૃદ્ધિની દૃષ્ટિએ માલ અને સેવાઓની નિકાસ - આયાત માટે નાણાંકીય સહાય કરનાર સંસ્થાઓના કામનું સંકલન કરનાર મુખ્ય સંસ્થા છે.
- દેશના નાગરીકોના હિતને ધ્યાનમાં રાખીને વ્યાપારી પ્રવૃત્તિઓ પર કાર્ય કરવાનું છે.

**સંચાલન :-**

એક્ઝિમ બેંકના સંચાલનમાં એક અધ્યક્ષ અને મેનેજિંગ ડિરેકર્ટસ અને 17 ડિરેકર્ટસ હોય છે આ સભ્યોની નિયુક્તિ ભારત સરકાર દ્વારા કરવામાં આવે છે. જેમાં એક અધ્યક્ષ અને મેનેજિંગ ડિરેકર્ટસ,

બે પૂર્ણ સમયના નિર્દેશકો, 5 નિર્દેશકો ભારત સરકારના 3 નિર્દેશકો અનુસૂચિત બેંકના, 4 નિર્દેશકો વિશેષક, 1 નિર્દેશક આર.બી.આઈ.માંથી 1 નિર્દેશક આઈ.ડી.બી.આઈ.માંથી 1 નિર્દેશક ઈ.સી.જી.સી.માંથી હોય છે બેંકનું મુખ્યાલય મુંબઈ છે તે ઉપરાંત તેના 9 ક્ષેત્રિય કાર્યાલય અને 9 વિદેશી કાર્યલયો છે.

**કાર્યો :-**

- એકિઝમ બેંક નિકાસ કર્તાઓને પ્લાન્ટ, મશીનરી અને તેની સંબંધિત સેવાઓ માટે મધ્યમગાળા માટે સીધી મદદ પૂરી પાડે છે.

- વસ્તુઓ અને સેવાઓની નિકાસ કરતી કંપનીઓના શેર, બોન્ડ, ડિબેન્ચર બહાર પાડવા માટેની બાહેંધરી આપે છે.

- એકિઝમ બેંક વિદેશી આયાતકારોને ભારતીય વસ્તુઓ અને તેને સંબંધિત સેવાઓની ખરીદી પર ધીરાણની સગવડ આપે છે.

કામગીરી :-

(1) એકિઝમ બેંક ભારત સરકારની સહાયથી બાંગ્લાદેશમાં તૈયાર થઈ રહેલ મૈત્રી પાવર પરિયોજના માટે 1.8 બિલીયન યુ.એસ. ડોલરની સહાયતા આપી છે.

(2) બેંક તેના નિકાસ વિકાસ ભંડોળમાંથી 7 ઈરાની બેંકને ભારતથી સ્ટીલ રોલની આયાત તથા ચાબહાર બંદરહગાહ યોજનાના વિકાસ માટે રૂ 3000 કરોડની આપવામાં આવ્યા છે.

(3) એક્ઝિમ બેંક નિકાસકારો અને આયાત કર્તાઓ માટે સંભવિત વૈશ્વિક બજાર અને ઉત્પાદનની જાણકારી મેળવવા, વૈશ્વિક સ્તરે ઉત્પાદનની ગુણવતા સમજવા માટે, અંદાજિત પરિવહન ખર્ચ ઋણ વિમા સહિત અન્ય મૂલ્ય વર્ધક સેવાઓ વગેરે સુવિધાઓ આપવાના હેતુથી એક સુચના આધારિત પોર્ટલ લોન્ચ કરવામાં આવ્યો છે.

### 6.10.7 ભારતીય લઘુ ઔદ્યોગિક વિકાસ બેંક (સીડબી) (Small Industrial Development Bank of India (SIDBI)

ભારતીય લઘુ ઔદ્યોગિક વિકાસ બેંકની સ્થાપના એપ્રિલ 1990 માં કરવામાં આવી હતી. આ બેંક આઈ.ડી.બી.આઈ. ની માલિકીની સહાયક બેંકના રૂપમાં સ્થાપના કરવામાં આવી છે. આ બેંક લઘુ, નાના અને મધ્યમ ઔદ્યોગિક એકમોની સ્થાપના માટે નાણાંકીય સહાય, વિકાસ તથા આ પ્રકારના કાર્યો કરનાર અન્ય સંસ્થાઓના સંકલનનું કાર્ય કરનાર મુખ્ય સંસ્થા છે. સીડબીએ પોતાની કામગીરી 2 એપ્રિલ 1990 થી શરૂઆત કરી હતી અને તેનું મુખ્યાલય લખનઉમાં છે. આ ઉપરાંત તેના 5 ક્ષેત્રિય કાર્યલયો અને 21 શાખા કાર્યલયો દેશના વિવિધ પ્રદેશોમાં સ્થાપવામાં આવ્યા છે. સીડબીની સ્થાપના પછી નાના ઉદ્યોગોના વિકાસ માટે જે કાર્યો આઈ.ડી.બી.આઈ દ્વારા કરવામાં આવતા હતા તે સમગ્ર કાર્યો હવે સીડબી દ્વારા કરવામાં આવે છે. આ બેંક લઘુ નાના અને મધ્યમ ઔદ્યોગોને વ્યાપારી બેંક, સહકારી બેંક, પ્રાદેશિક ગ્રામીણ બેંક તથા રાજ્ય ઔદ્યોગિક નાણાં નિગમોના માધ્યમથી નાણાંકીય સહાય પુરી પાડે છે. સીડબી દ્વારા પોતાની સિંગલ વિન્ડો સર્વિસ મારફતે ભારતીય રૂપિયાની સાથે સાથે વિદેશી ચલણમાં પણ નાના ઉદ્યોગોને ધીરાણ ઉપલબ્ધ કરાવે છે. સીડબીએ 2011-12 માં ઈન્ડિયા માઈક્રો ઈક્વિટી ફંડની સ્થાપના કરી હતી.

**નાણાંભડોળ**

સીડબીની શરૂઆતની અધિકૃત મૂડી રૂ. 500 કરોડ હતી જેમાં ભરપાઈ થયેલી મૂડી રૂ. 450 કરોડ હતી. જ્યારે 2017 માં બેંકની અધિકૃત મૂડી રૂ. 1000 કરોડ કરવામાં આવી છે.

**કામગીરી :**

(1) અત્યાર સુધીમાં બેંક દ્વારા લગભગ રૂ. 5.40 લાખ કરોડની કુલ સહાય નાના - મધ્યમ ઉદ્યોગોને પુરી પાડવામાં આવી છે.

(2) સમગ્ર દેશમાં લગભગ 80 જેટલા શાખા કાર્યલયો દ્વારા 360 લાખ ઉદ્યોગ સાહસિકોને સીધી સહાય કરે છે. તેમજ બેંક અને નાણાંકીય સંસ્થાઓ મારફતે નાના ઓદ્યોગિક સાહસિકોને મદદ કરે છે.

(3) 1.16 લાખથી વધુ ઉભરતા અને પ્રવર્તમાન ઔદ્યોગિક સાહસિકોને કુશળતા વિકસાવવા માટે સહાય કરે છે.

(4) સુક્ષ્મ, નાના અને મધ્યમ ઔદ્યોગિક એકમોના ઈકો સિસ્ટમના વિકાસને પ્રોત્સાહન આપવા માટે સીડબીપ્લસ અભિગમ અપનાવીને તેના વિકાસમાં સહાય કરે છે.

**પ્રોત્સાહક પ્રવૃત્તિઓ :**

- સુક્ષ્મ અને નાના ઔદ્યોગિક ક્ષેત્રમાં ધીરાણ સામાન્ય રીતે વધારે જોખમી હોય છે. આથી તેમાં જોખમની જવાબદારી લેવાવાળું કોઈ હોતુ નથી આ સ્થિતિમાં બેંક આ ઉદ્યોગ સાહસિકોને વધારે ધીરાણ આપવા માટે પ્રોત્સાહિત કરવા માટે ભારત સરકાર અને સીડબી દ્વારા જુલાઈ 2000 માં સૂક્ષ્મ અને નાના ઉદ્યોગો માટે ક્રેડીટ ગેરન્ટી ફંડ ટ્રસ્ટની સ્થાપના કરી છે. ક્રેડીટ ગેરન્ટી ફંડ અંતર્ગત સૂક્ષ્મ નાના ઉદ્યોગોને એક કરોડ સુધીની લોન કોઈપણ તૃતીય પક્ષની ગેરંટી વિના ધીરાણ આપવાની વ્યવસ્થા કરી છે.

- સીડબીએ અગ્રણી જાહેર ક્ષેત્રની વિદેશી અને ખાનગી ક્ષેત્રની બેંક અને ડન એન્ડ બ્રેડસ્ટ્રીટ ઈન્ફોરમેશન સર્વિસ ઈન્ડિયા પ્રાઈવેટ લી. (D & B) સાથે મળીને સપ્ટેમ્બર 2005માં એસ.એમ.ઈ.રેટિંગ એજન્સી ઓફ ઈન્ડિયા લી.ની સ્થાપના પારદર્શક અને વિશ્વનીય રીતે રેટિંગ અને જોખમની સ્થિતિ વિશે માહિતી પૂરી પાડે છે.

**6.10.8 રાજ્ય નાણાંકીય નિગમો :- (SFCS)**

દેશમાં નાણાંકીય જરૂરિયાતો પૂર્ણ કરવામાં રાજ્ય નાણાંકીય નિગમો મહત્ત્વનો ભાગ ભજવે છે. 1948 માં ભારતીય ઔદ્યોગિક નાણાંકીય નિગમની સ્થાપના મોટા ઉદ્યોગોની જરૂરિયાતો માટે કરવામાં આવી હતી. આથી તે સમયે એ પ્રકારની માંગણી થવા લાગી કે નાના ઉદ્યોગની ધીરાણની જરૂરીયાત માટે એક સંસ્થાની સ્થાપના કરવામાં આવે આથી 1951 માં રાજ્ય નાણાંકીય નિગમ અધિનિયમ - 1951 પ્રસાર કરવામાં આવ્યો જેમાં રાજ્ય કક્ષાએ નાના મધ્યમ ઉદ્યોગોની નાણાંકીય જરૂરીયાતો પૂર્ણ કરી શકાય આ અધિનિમય અંતર્ગત દેશમાં કુલ 18 રાજ્ય નાણાંકીય નિગમોની સ્થાપના કરવામાં આવી છે. જેમાં 17 રાજ્ય નાણાંકીય નિગમોની સ્થાપના અધિનિયમ 1951 અંતર્ગત કરવામાં આવી છે. જ્યારે તમિલનાડુ ઔદ્યોગિક મૂડી રોકાણ નિગમ લિ.ની સ્થાપના 1949 માં કપની ધારા હેઠળ કરવામાં આવી છે.

**કાર્યો :**

(1) ઔદ્યોગિક એકમોને લોન આપવી અથવા ધીરાણ આપવું અથવા પ્રત્યક્ષ ડિબેન્ચર ખરીદવા

(2) 20 વર્ષ માટે લીધેલી મુદતી લોનની ગેરેન્ટી આપવી.

(3) નાની મધ્યમ ઉદ્યોગોના સ્ટોક, શેર, બોન્ડમાં ડિબેન્ચર્સ વગેરે અન્ડરાઈટ કરવા.

રાજ્ય નાણાંકીય નિગમો ફક્ત જાહેર ક્ષેત્રની કંપનીઓને જ નહીં પરંતુ ખાનગી કંપનીઓને લોન આપે છે. મૂડીની જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને નિગમ દ્વારા 10 થી 12 વર્ષ માટે ધીરાણ આપે છે. નિગમ દ્વારા આ ધીરાણ  સ્થાયી મિલક્ત, મશીનરી વગેરે અસ્કામતો સામે ગીરો રાખીને લોન

આપવામાં આવે છે. આ નિગમ ઔદ્યોગિક એકમોની પ્રગતિ પર તેઓની પાસેથી સમયાંતરે કામગીરીનો અહેવાલો મેળવીને દેખરેખ રાખે છે.

**સંચાલન :**

રાજ્ય નાણાંકીય નિગમોનું સંચાલન 10 નિર્દેશકોના બનેલા બોર્ડ દ્વારા થાય છે. સંબંધિત રાજ્ય સરકારો આઈ.ડી.બી.આઈ. સાથે મસલત કરીને મેનેજિંગ ડાયરેકટરની અને ત્રણ અન્ય નિર્દેશકોની નિમણુક કરે છે. તેમાં આઈ.એફ.સી.આઈ. અને આઈ.ડી.બી.આઈ.ના એક - એક ડાયરેકટરની નિમણુક કરે છે. એક - એક ડાયરેકટર્સની નિમણુક અનુસૂચિત વ્યાપારી બેંક, સહકારી બેંકો, નાણાંકીય સંસ્થામાંથી હોય છે આ ઉપરાંત શેર હોલ્ડરનું પ્રતિનિધિત્વ જળવાય રહે તે માટે શેર હોલ્ડર દ્વારા એક ડાયરેકડરની ચૂંટણી થાય છે. નિગમોનું સંચાલન બોર્ડ ઓપ ડાયરેકર્ટસ દ્વારા થાય છે.

**નાણાંકીય સાધનો :**

રાજ્ય નાણાંકીય નિગમ અધિનિયમ પ્રમાણે રાજ્ય સરકારોને નિગમની મૂડી લઘુત્તમ રૂ.50 લાખથી માંડીને મહત્તમ રૂ. 5 કરોડ વચ્ચે નક્કી કરવાની સત્તા છે. વાસ્તવમાં અધિકૃત મૂડી રૂ. 2 કરોડથી રૂ. 4 કરોડ વચ્ચે હોય છે અને ચુકવાયેલ મૂડી રૂ. 50 લાખથી રૂ. 2 કરોડ વચ્ચે હોય છે. સંશોધિત રાજ્ય નાણાંકીય નિગમ અધિનિયમ 2000 પ્રમાણે અધિકૃત મૂડી વધારીને રૂ. 500 કરોડ કરવામાં આવી છે અને તેને રૂ. 1000 કરોડ સુધી વધારી શકાશે, નિગમના શેર ધારકોને નિશ્ચિત ગેરેન્ટી વળતર આપવું બંધ કરી દીધુ છે અને તેની જગ્યાએ નિગમો તેમના નફા પ્રમાણે લાભ આપશે એવી વ્યવસ્થા કરવામાં આવી છે. સંશોધીત બિલ પ્રમાણે ભારતીય ઔદ્યિગક વિકાસ બેંકના શેર હવે સીડલીમાં હસ્તાંતર કરવામાં આવ્યા છે. તથા આગળ આ નિગમો પર દેખરેખ રાખવા માટેની જવાબદારી રાજ્ય સરકારો અને સીડલીની રહે છે. કોઈપણ સમયે આ નિગમોની કુલ મૂડીમાં રાજ્ય સરકાર, સીડબી તથા અન્ય સરકારી નિયંમત્રણ સંસ્થાઓની ભાગીદારી 51% થી ઓછીના હોવી જોઈએ. અર્થાત્ આ નિયમોમાં ખાનગી શેર માલિકી 49% સુધીની જ હોવી જોઈએ.

## 6.11 ઉપસંહાર :

આ પ્રકરણમાં ભારતીય બેંકિંગ વ્યવસ્થા જેમા વ્યાપારી બેંક, બિન બેકિંગ નાણાંકીય સંસ્થાઓ અને વિશિષ્ટ નાણાંકીય સંસ્થાઓ વિશેનો અભ્યાસ કરવામાં આવ્યો છે. દેશના આર્થિક વિકાસ માટે નાણાંકીય સંસ્થાઓનો સુવ્યવસ્થિત વિકાસ મહત્વનો છે. દેશના બેકિંગ વિકસમાં 1969 માં બેંકનું રાષ્ટ્રીકરણ એક મહત્ત્વનું પગલું સાબિત થયું હતું અને તેના લીધે અર્થતંત્રના વિવિધ ક્ષેત્રોને બેકિંગ સેવાઓનો લાભ મળવા લાગ્યો છે. અર્થતંત્રમાં બેકિંગના વિકાસની સાથે સાથે ઔદ્યોગિક અને નાણાં બજારના વિકાસ માટે સરકારના નિયંત્રણમાં બિનબેંકીગ નાણાંકીય સંસ્થાઓ અને વિશિષ્ટ નાણાંકીય સંસ્થાઓનો વિકાસ ખાનગી અને જાહેર ક્ષેત્રે વિકાસ કરવામાં આવ્યો છે. આ પ્રકારની નાણાંકીય સંસ્થાઓ દેશા નાના-મધ્યમ અને મોટો ઔદ્યોગિક એકમોના વિકાસ માટે સંચાલકીય અને નાણાંકીય સહાય પૂરૂ પાડી ઔદ્યોગિક વિકાસને સહાયરૂપ થાય છે. આમ ભારતનું બેકિંગ માળખું અર્થતંત્રના વિકાસમાં મહત્વનો ભાગ ભજવે છે.

### 6.11.1 શબ્દાવલી

**(1) રોકડ અનામત પ્રમાણ :-**

મધ્યસ્થ બેંકના નિયમ મુજબ વ્યાપારી બેંકે તેમની થાપણોના અમુક પ્રમાણ રોકડ ભંડોળ તરીકે મધ્યસ્થ બેંકમાં જમા કરાવવું પડે છે.

**(2) શાખ સર્જન :-**

પ્રાથમિક થાપણોના આધારે શાખ અને ધીરાણ અનેક ગણું વધારવાની બેંકની શક્તિ

**(3) શાખ ગુણક : -**

બેંકની કુલ સર્જિત થાપણો અને પ્રાથમિક થાપણોનો ગુણોત્તર

**(4) રોકડતા :-**

થાપણદારોનાં નાણાં માંગણી મુજબ રોકડમાં પરત ચૂકવવાની બેંકની શક્તિ.

**(5) અતિરિક્ત ઉપાડ :-**

બેંક તેના ખાતેદારોને તેમના ખાતામાં જમા રકમ કરતા વધારે વધુ રકમ ઉપાડવાની છૂટ આપવામાં આવે છે જો કે વધારાની રકમ પર બેંક દ્વારા વ્યાજ વસુલવામાં આવે છે.

**(6) પ્રાથમિક થાપણો :-**

બેંક દ્વારા લોકો પાસેથી રોકડ નાણું સ્વીકારી થાપણ ખાતું ખોલાવામાં આવ્યું હોય તે .

**(7) વ્યાપારી બેંક :-**

લોકો પાસેથી થાપણો સ્વીકારવી તથા આર્થિક પ્રવૃત્તિઓ માટે ધીરાણ આપતી નાણાંકીય સંસ્થાઓ વેપારી બેંક મોટા ભાગે ટૂંકાગાળા માટે ધીરાણ આપે છે.

**(8) સહકારી બેંક :-**

સહકારના સિદ્ધાંતોને આધારે સ્થાપાયેલી અને ચાલતી બેકિંગ સંસ્થાઓ

**(9) વિકાસ બેંક :-**

લાંબાગાળાનું અને મધ્યમગાળાનું ધીરાણ પૂરૂ પાડતી નાણાંકીય સંસ્થાઓ.

**(10) પરસ્પરનું ભંડોળ (મ્યુચ્યુઅલ ફંડ) :-**

શેર મૂડી બહાર પાડ્યા વિનાની કંપની કે જેમાં અનેક લોકો પોતાના રૂપિયાનું રોકડા કરે છે અને મ્યુચ્યુઅલ ફંડ આ રૂપિયાનું વિવિધ શેર - બોન્ડસમાં રોકાણ કરે છે અને તેમાંથી પ્રાપ્ત થયેલ નફો સભ્યો વચ્ચે વહેંચવામાં આવે છે.

**(11) અધિકૃત મૂડી :-**

મંડળની નોંધ પ્રમાણે અને કંપની કાયદાની જરૂરિયાત મુજબ કંપની મંડળની કલમ મુજબની શેરમૂડીની રકમ.

**(12) ભરપાઈ થયેલી મૂડી :-**

કંપનીએ બહાર પાડેલી મૂડીનો જે હિસ્સો શેર ઘરાકો દ્વારા ભરપાઈ થયેલો હોય તે.

**(13) મુદ્દતી ધીરાણ : -**

બેંક ચોક્કસ સમયગાળા સામાન્ય રીતે 3 થી 10 વર્ષ કે તેથી વધુ વર્ષ માટે ઉછીની રકમ આપે છે જેની ચુકવણી વ્યાજ સહિત નિયમીત અંતરે કરવાની હોય છે.

♦ **તમારી પ્રગતિ ચકાસો.**

**6.11.2 બહુવિકલ્પ પ્રશ્નો**

1) ભારતમાં સ્થાપેલી પ્રથમ વ્યાપારી બેંક _______ હતી ?

- (અ) બેંક ઓફ હિન્દુસ્તાન - 1770 (બ) બેંક ઓફ બંગાલ

(ક) સ્ટેટ બેંક ઓફ ઇન્ડિયા

2) ______ બેંકનું એકત્રીકરણ કરીને ઈમ્પિરિયલ બેંક ઓફ ઈન્ડિયાની રચના કરવામાં આવી ?

- (અ) ત્રણ (બ) બે (ક) ચાર

3) ઈમ્પિરિયલ બેંક ઓફ ઈન્ડિયાની સ્થાપના _______ વર્ષમાં કરવામાં આવી

- (અ) 1921 (બ) 1923 (ક) 1949

4) એસ.બી.આઈ.ની સ્થાપના _____ વર્ષમાં કરવામાં આવી

- (અ) 1955 (બ) 1949 (ક) 1956

5) _____ બેંકનું રાષ્ટ્રીયકરણ કરી એસ.બી.આઈ.ની સ્થાપના કરવામાં આવી.

- (અ) ઈમ્પિરિયલ બેંક ઓફ ઈન્ડિયા

  (બ) બેંક ઓફ બોમ્બે

  (ક) સેન્ટ્રલ બેંક

6) રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાની સ્થાપના _______ માં કરવામાં આવી.

- (અ) 1935 (બ) 1931 (ક) 1949

7) વ્યાપારી બેંકનું પ્રથમ રાષ્ટ્રીયકરણ _____ વર્ષમાં કરવામાં આવ્યું.

- (અ) 19 જુલાઈ 1969 (બ) 19 જૂલાઇ 1970

  (ક) 19 જૂન 1969

8) 1980 માં _____ બેંકનું રાષ્ટ્રીયકરણ કરવામાં આવ્યું.

- (અ) 06 (બ) 04 (ક) 03

9) પ્રાદેશિક ગ્રામીણ બેંકની સ્થાપના _____ માં કરવામાં આવી.

- (અ) 2 ઓક્ટોમ્બર 1975 (બ) 2 ઓક્ટોમ્બર 1974

  (ક) 10 ઓક્ટોમ્બર 1975

10) વ્યાપારી બેંકની શાખ સર્જનનો મુખ્ય આધાર _____ થાપણો પર છે.

- (અ) પ્રાથમિક થાપણો (બ) મુદતી થાપણો (ક) ટૂંકાગાળાની થાપણો

11) એલ.આઈ.સી.ની સ્થાપના _____ વર્ષમાં કરવામાં આવી હતી.

- (અ) 1956 (બ) 1954 (ક) 1959

12) ભારતમાં ઔદ્યોગિક વિકાસ માટે _________ પ્રથમ વિશિષ્ટ નાણાંકીય સંસ્થા સ્થાપવામાં આવી.

  (અ) IFCI (બ) IDBI (ક) ICICI

13) ઔદ્યોગિક ધીરાણ માટેની મુખ્ય સંસ્થા ______ છે.

- (અ) IDBI (બ) IFCI (ક) SFC

14) ઔદ્યોગિક નાણાંકીય જરૂરિયાતો પૂર્ણ કરવા માટે ખાનગી ક્ષેત્રે સ્થાપવામાં આવેલી પ્રથમ સંસ્થા ______ છે.

- (અ) આઇ.સી.આઇ.સી.આઇ (બ) એચ.ડી.એફ.સી

  (ક) એક્સિસ બેંક

15) ભારતમાં આંતરરાષ્ટ્રીય વ્યાપારની નાણાંકીય જરૂરિયાતો માટે ________ બેંકની સ્થાપના કરવામાં આવી છે.

- (અ) આઇ.સી.આઇ.સી.આઇ (બ) એચ.ડી.એફ.સી

  (ક) એક્સિસ બેંક

16) ભારતમાં સૂક્ષ્મ નાના મધ્યમ ઉદ્યોગોના વિકાસની નાણાંકીય જરૂરિયાતો __________ બેંક દ્વારા પૂર્ણ કરવામાં આવે છે.

- (અ) સીડબી (બ) IDBI (ક) DIBI

(17) 'સીડબી'નું મુખ્યાલય માં આવેલ છે.

- (અ) લખનઉ (બ) કલકત્તા (ક) મુંબિ

**6.11.3 સ્વાધ્યાય**

(1) ભારતીય બેકિંગ માળખું જણાવો.

(2) વાણિજ્ય બેંકના કાર્યો સમજાવો.

(3) વ્યાપારી બેંકની શાખ સર્જનની પ્રક્રિયા સમજાવો.

(4) બિનબેકિંગ નાણાંકીય સંસ્થાઓ તરીકે એલ.આઈ.સી. વિશે નોંધ લખો.

(5) આઈ.એફ.સી.આઈ. અને આઈ.ડી.બી.આઈ.નું મહત્ત્વ સમજાવો.

(6) આઈ.સી.આઈ.સી.આઈ, સીડબી, એક્ઝિમ બેંક વિશે નોંધ લખો.

**6.11.4 સંદર્ભ**

(1) Banking and Indian Financial System - Dr B. Charumathi

(2) Indian Banking - Vasant Desai

(3) Hrrecy Banking Finance K.P. Sundaram

(4) ભારતીય પ્રતિયોગીતા દર્પણ વાર્ષિક અંક 2016-17

(5) Banking and Economic Awareness - Rakesh kumar
The Master's Publication

❖

# એકમ 7 ભારતીય રીઝર્વ બેંક

## રૂપરેખા

7.1 ઉદ્દેશો
7.2 પ્રાસ્તાવિક
7.3 રિઝર્વ બેંકની સ્થાપના અને તેનો અર્થ
7.4 રિઝર્વ બેંકના કાર્યો
7.4.1 ચલણી નાણું બહાર પાડવાનું કાર્ય
7.4.2 સરકારની બેંક તથા એજન્ટ તરીકેનું કાર્ય
7.4.3 વ્યાપારી બેંકના બેંકર અને અંતિમ સહાયક તરીકેનું કાર્ય
7.4.4 વિદેશી હુંડિયામણની અનામત સંરક્ષક તરીકેનું કાર્ય
7.4.5 બેંક વચ્ચેની લેવડ-દેવડ તથા પતાવટનું કાર્ય
7.4.6 શાખ નિયંત્રણનું કાર્ય
7.5 રિઝર્વ બેંકના શાખ નિયંત્રણના સાધનોનો પરિચય
7.5.1 શાખ નિયંત્રણ સાધનોનો અર્થ અને હેતુઓ
7.5.2 પરિણાત્મક શાખ નિયંત્રણનો સાધનો
7.5.3 ગુણાત્મક શાખ નિયંત્રણના સાધનો
7.5.4 શાખ નિયંત્રણ સાધનોની મર્યાદાઓ
7.6 ભારતીય રિઝર્વ બેંકની વર્તમાન નાણાંકીય નીતિ
7.7 નાણાંકીય નીતિ એટલે શું?
7.8 નાણાંકીય નીતિના ઉદ્દેશો
7.9 વર્તમાન નાણાંકીય નીતિ
7.10 વિમુદ્રીકરણ
7.11 વિમુદ્રીકરણના ફાયદાઓ અને ગેરફાયદા
7.12 વિમુદ્રીકરણની અસરો
7.13 સારાંશ
7.14 ચાવીરૂપ શબ્દો
7.15 તમારી પ્રગતિ ચકાસોના જવાબો
7.16 સત્રાંત પ્રશ્નો
7.17 સંદર્ભ

## 7.1 ઉદ્દેશો

આ એકમનો અભ્યાસ કરવાથી તમે આટલું કરી શકશો.

- રિઝર્વ બેંકની સ્થાપના ઉદ્દેશો સમજવા.
- રિઝર્વ બેંકના કાર્યો સમજાવવા.
- શાખ નિયંત્રણના સાધનોના હેતુઓ સમજવા.
- શાખ નિયંત્રણના સાધનોનો પરિચય મેળવવો.
- શાખ નિયંત્રણના સાધનોની સમસ્યાઓ જાણવી.
- રિઝર્વ બેંક શાખ નિયંત્રણ નીતિનું સંચાલન કેવી રીતે કરે છે તે સમજવું.

## 7.2 પ્રાસ્તાવિક

અર્થતંત્રમાં જોવા મળતા કેટલાંક અગત્યના પ્રશ્નોની આ એકમમાં રજૂઆત કરીશું આ જાણકારીથી આર્થિક તર્ક અને તર્ક આધારિત સમજ મેળવવામાં મદદરૂપ બનશે. રિઝર્વ બેંક દેશની સર્વોચ્ચ બેંક છે જે દેશની વ્યાપારી બેંક ઉપર શાખ નિયંત્રણ કેવી રીતે કરે છે તેની જાણકારી પ્રાપ્ત થશે. દેશના અર્થતંત્રની આર્થિક સ્થિરતા જાળવી રાખવામાં સરકારને કઈ રીતે મદદરૂપ બનશે તેની સમજણ મળશે. એકમમાં રિઝર્વ બેંકની સ્થાપના અને તેના અર્થ, કાર્યો અને તેના શાખ નિયંત્રણના સાધનો તેમજ સાધનોની આલોચનાનો વિગતે અભ્યાસ કરીશું, આપણને વધુમાં એ જાણવા મળશે કે રિઝર્વ બેંક કેવી કામગીરી બજાવે છે તેની જાણકારી મળશે.

## 7.3 રિઝર્વ બેંકની સ્થાપના અને તેનો અર્થ :-

રિઝર્વ બેંક એ કોઈપણ દરેકની સર્વોચ્ચ બેંક છે ઈંગ્લેન્ડમાં આ બેંક બેંક ઓફ ઈંગલેન્ડ 19મી સદીના મધ્યભાગમાં તેની સ્થાપના થઈ હતી. યુ.એસ.એ.માં આ બેંક ફેડરલ રિઝર્વ બેંક તરીકે 1913માં તેની સ્થાપના થઈ અને આ રીતે ભારતમાં રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાની સ્થાપના 1935માં થઈ છે. 1949માં તેનું રાષ્ટ્રીકરણ થતાં તે સરકારની માલિકીની બની છે. તેની પાસે વિશાળ નાણાંકીય સત્તાઓના કારણે દેશની બધી જ બેંકનું નિરીક્ષણ અને બેંકની શાખ સર્જનની પ્રવૃત્તિનું નિયંત્રણ કરે છે. ઉપરાંત અર્થતંત્રમાં સ્થિરતા જાળવવા શાખનું નિયંત્રણ કરી સમગ્ર અર્થતંત્રના હિતમાં હોય તેવી અનુકુળ નાણાંકીય નીતિનો અમલ કરે છે.

### રિઝર્વ બેંકનો અર્થ

રિઝર્વ બેંકનો ચોક્કસ અર્થ આપવો મુશ્કેલ છે. અર્થશાસ્ત્રીઓએ રિઝર્વ બેંકના જુદા-જુદા કાર્યોને લક્ષમાં લઈને સર્વસામાન્ય વ્યાખ્યા આપવાના પ્રયાસો કર્યો છે અહીં તેમની કેટલીક વ્યાખ્યાઓનો અભ્યાસ કરીશું.

(1) હ્રોટ્રેના મત અનુસાર "કેન્દ્રીય બેંક બેંકની પણ બેંક છે તથા તેની મુખ્ય વિશિષ્ટતા છે કે તે બેંકના અંતિમ ઋણદાતાનું કાર્ય કરે છે."

(2) વેરા સ્મિથના મતે "કેન્દ્રીય બેંક એક એવી બેંકીગ પ્રણાલી છે જેમાં કોઈ એક બેંકને નોટ છાપવાનો સંપૂર્ણ ઈજારો આપવામાં આવે છે."

(3) આંતરરાષ્ટ્રીય ચુકવણી બેંકના મતે "કેન્દ્રીય બેંક તેને કહેવામાં આવે છે. જેનું મુખ્ય કાર્ય દેશમાં ચલણ અને શાખી નાણાંનું નિયમન કરવાનું છે."

## 7.4 રિઝર્વ બેંકના કાર્યો (પ્રણાલિગત)

મધ્યસ્થ બેંકનું કાર્ય દેશની આર્થિક પરિસ્થિતિ ના સંદર્ભમાં તેની નીતિઓનું અમલીકરણ કરાવવાનું હોય છે. પરિણામે કોઈ એક સર્વસામાન્ય કાર્ય પદ્ધતિને બેંક અનુસરતી નથી પરંતુ તેના દ્વારા બજાવતા કાર્યો નીચે મુજબ છે.

### 7.4.1 ચલણી નાણું બહાર પાડવાનું કાર્ય

વિશ્વના દરેક દેશમાં મધ્યસ્થ બેંક ચલણી નોટો બહાર પાડવાની સત્તા ધરાવે છે. મધ્યસ્થ બેંક તેની સ્થાપનાથી આ કાર્ય બજાવે છે. જે કામગીરી વ્યાપારી બેંક કરી શકતી નથી. ભારતમાં એક રૂપિયાની ચલણી નોટ સિવાયની તમામ નોટો રિઝર્વ બેંક બહાર પાડે છે.

ચલણી નોટો બહાર પાડવા અંગે મધ્યસ્થ બેંકના અધિકાર અંગે ડી.કોકે કેટલાંક કારણો આપ્યાં છે.

(i) સરકાર રિઝર્વ બેંકની કાર્યવાહી અને કામગીરી પર દેખરેખ રાખે છે.

(ii) મધ્યસ્થ બેંકને સરકારનું પીઠબળ છે.

(iii) વ્યાપારી બેંકની શાખ સર્જનની પ્રવૃત્તિનું નિયંત્રણ કરવા મધ્યસ્થ બેંકનું નિયત્રણ જરૂરી છે.

(iv) નાણું બહાર પાડવામાં ગેરરીતિ થાય તો સરકારને તુરત તેની જાણ થઈ શકે છે.

ચલણી નાણું બહાર પાડવા મધ્યસ્થ બેંક બે સિદ્ધાંતોને અનુસરે છે. (અ) ચલણનો સિદ્ધાંત (બ) બેંકિંગ સિધ્ધાંત

**(અ) ચલણનો સિદ્ધાંત**

ચલણી નોટો બહાર પાડવાનો ઉદ્દેશ ધાતુ નાણાંના ઘસારાથી બચાવ કરવાનો તથા તેનો કરકસર યુક્ત ઉપયોગ કરી કાગળ નાણાંની સંપૂર્ણ પરિવર્તનીયતા માટે નાણાંકીય સત્તાએ ચલણી નોટોની કિંમતની બરાબર સુવર્ણની અનામતો તરીકે રાખવી જોઈએ. જો સુવર્ણ અનામતોનું પ્રમાણ ન હોય તો લાંબાગાળે લોકોને ચલણમાંથી વિશ્વાસ ઉઠી જશે. દેશની મધ્યસ્થ બેંક ચલણના 100 ટકા સુવર્ણની અનામતો રાખે છે.

**(બ) બેંકિંગ સિદ્ધાંત**

ચલણી નોટો બહાર પાડવાનું કાર્ય દેશની મધ્યસ્થ બેંકની વિવેક બુદ્ધિ પર છોડી દેવું જોઈએ. આ સિદ્ધાંત ચલણ બહાર પાડવા અંગેના કોઈ ચોક્કસ સિદ્ધાંત કે ધારા ધોરણનો ઉલ્લેખ કરતો નથી. અર્થતંત્રની નાણાંકીય જરૂરિયાતોને લક્ષમાં રાખીને મધ્યસ્થ બેંકે ચલણી નાણાંના પ્રમાણમાં યોગ્ય ફેરફારો કરવા જોઈએ. આ સિધ્ધાંતમાં 100 ટકા સોનાની અનામતોની હિમાયત કરવામાં આવી નથી.

**ચલણની નોટો બહાર પાડવાની પદ્ધતિઓ :-**

**(i) નિશ્ચિત નાણાં પ્રમાણ પદ્ધતિ :**

દેશની મધ્યસ્થ બેંક કોઈપણ પ્રકારની અનામતની જોગવાઇ કર્યા વિના નિશ્ચિત પ્રમાણમાં ચલણી નોટો બહાર પાડી શકે છે. મધ્યસ્થ બેંક નિશ્ચિત નાણાં પ્રમાણની મર્યાદાને વટાવે તો તેટલા વધારાના નાણાંની સામે 100 ટકા સુવર્ણની અનામતો રાખવી પડે છે. ભારતમાં ભૂતકાળના સમયે આ પદ્ધતિનો અમલ કરવામાં આવ્યો હતો.

**(ii) મહત્તમ નાણાં પ્રમાણ પદ્ધતિ :**

મધ્યસ્થ બેંક વધુમાં વધુ કેટલા પ્રમાણમાં ચલણી નોટો બહાર પાડી શકે તેની મર્યાદા સરકાર નક્કી કરે છે. બેંક જ્યાં સુધી તેની મર્યાદા ન ઓળંગે ત્યાં સુધી તેને સુવર્ણની જરૂર રહેતી નથી. દેશના વ્યાપાર વાણિજ્યની નાણાંકીય જરૂરિયાતોને લક્ષમાં રાખીને જ મહત્તમ મર્યાદા નક્કી થાય છે. આ પદ્ધતિ પરિવર્તનશીલ છે તેમજ સુવર્ણનો જથ્થો નિષ્ક્રિય પડી રહેતો નથી.

**(iii) સપ્રમાણ અનામત પદ્ધતિ :**

આ પદ્ધતિમાં ચલણી નોટો બહાર પાડવા માટે મધ્યસ્થ બેંકે સુવર્ણનું 40 ટકા પ્રમાણ અનામત રાખવું જોઈએ તેનો સ્પષ્ટ ઉલ્લેખ કરવામાં આવે છે. આ પદ્ધતિમાં સલામતી અને સ્થિતિ સ્થાપકતા એમ બંને લક્ષણોને સમન્વય થયેલો છે આ પદ્ધતિને અર્થશાસ્ત્રીઓ સંકોચનલક્ષી પદ્ધતિ તરીકે ઓળખાવે છે.

**(iv) ન્યુતમ અનામત પદ્ધતિ :**

પ્રવર્તમાન સમયમાં વિશ્વના ઘણા દેશોએ ન્યૂનતમ અનામત પદ્ધતિનો સ્વીકાર કર્યો છે. મધ્યસ્થ બેંકે ચલણના પ્રમાણ તરીકે સુવર્ણ અને પરદેશી જામીનગીરીઓની અનામતો અમુક ન્યૂનતમ પ્રમાણમાં રાખાવની હોય છે. ભારતમાં 1956 થી ન્યુનતમ અનામત પદ્ધતિનો અમલ કરવામાં આવ્યો. રિઝર્વ બેંકે ચલણી નોટો સામે રૂ. 200 કરોડની ન્યુનતમ અનામતો રાખે છે જેમાં રૂ. 115 કરોડનું સોનું અને રૂ. 85 કરોડની કિંમતની વિદેશી જામીનગીરીઓ રાખવામાં આવે છે.

### 7.4.2 સરકારની બેંક તથા એજન્ટ તરીકેનું કાર્ય

વ્યાપારી બેંક ગ્રાહકો માટે અને ગ્રાહકો વતી જે સેવાઓ બજાવે છે. તેવી જ સેવા મધ્યસ્થ બેંક સરકારી ખાતાઓ અને જાહેર સાહસો તેમજ અન્ય નાણાંકીય વ્યવસ્થા કરી સરકારી કામગીરી કરે છે. સરકાર વતી જાહેર લોન બહાર પાડે છે અને તેનો વહીવટ કરે છે.બેંક સરકારને ટૂંકી મુદ્દત માટે લોન, વિદેશી હુંડિયામણનું ખરીદ - વેચાણ કરે છે. બેંક સરકારના સલાહકાર તરીકે ખાદ્ય પુરવણી, અવમુલ્યન વગેરે અંગે સલાહ સૂચનો કરે છે ! આંતર નાણાંકીય બાબતો અંગે સરકારના પ્રતિનિધિ (એજન્ટ) તરીકે કામગીરી બજાવે છે.

### 7.4.3 વ્યાપારી બેંકના બેંકર અને અંતિમ સહાયક તરીકેનું કાર્ય :

મધ્યસ્થ બેંક અને વ્યાપારી બેંક વચ્ચે લેવડ - દેવડનો સંબંધ હોય છે. બેંક વ્યાપારી બેંકનું નેતૃત્વ લઈ તેમના એક સલાહકાર અને મિત્ર તરીકે કામગીરી કરે છે દરેક વ્યાપારી બેંક મધ્યસ્થ બેંકના કાયદા અનુસાર પોતાની પાસે કેટલાંક પ્રમાણમાં અનામત રાખે છે. વ્યાપારી બેંક કટોકટીના સમયે તેમની આ અનામતોનો ઉપયોગ કરી શકે છે. મધ્યસ્થ બેંક અર્થતંત્રને વધુ મજબૂત બનાવવા અને વ્યાપારી બેંક પાસે તેમની રોકડ અનામતોનું પ્રમાણ ઘટાડી શાખ સર્જનની પ્રવૃત્તિ પર પરોક્ષ નિયંત્રણ લાવી શકે છે બેંક જ્યારે ફડચામાં જતી હોય તેવા સમયે મધ્યસ્થ બેંક તેમને સહાય આપી કટોકટીમાંથી ઉગારે છે.

### 7.4.4 વિદેશી હુંડિયામણની અનામત સંરક્ષક તરીકેનું કાર્ય

મધ્યસ્થ બેંક સુવર્ણ અને વિદેશી જામીનગીરીઓના સ્વરૂપમાં અનામતો રાખે છેતેના મુખ્ય બે કારણો છે. (i) ચલણનું બ્રાહ્ય મૂલ્ય સ્થિર રાખવાના હેતુસર જો વિદેશી ચલણનું દેશના ચલણમાં મૂલ્ય વધે તો મધ્યસ્થ બેંક નક્કી કરેલા દરે વિદેશી ચલણનું વેચાણ કરી તેના પુરવઠામાં વધારો કરી તેના મૂલ્ય પર અંકુશ મૂકે છે. તેનાથી ઉલટું જો દેશના ચલણનું વિદેશી ચલણમાં વિનિમય મૂલ્ય વધી જાય તો બેંક દેશના ચલણના પુરવઠામાં વધારો કરી દેશના ચલણનું મૂલ્ય સ્થિર રાખે છે.

(iii) પ્રતિકુળ લેણદેણની તુલાનો સમયે મધ્યસ્થ બેંક અનામતો રાખતી હોય છે. અને વિનિમય દરની સ્થિરતા જાળવી અર્થતંત્રમાં કટોકટી ઉભી ન થાય તેનું ધ્યાન રાખે છે.

### 7.4.5 બેંક વચ્ચેની લેવડ-દેવડ તથા પતાવટનું કાર્ય

વેપારી બેંકની ક્લીયરીંગ હાઉસની કામગીરી તેમજ એક સ્થળેથી નાણાં અન્ય સ્થળે મોકલાવી આપવાનું કાર્ય કરે છે. મધ્યસ્થ બેંકની ફેરવટાવની કામગીરી અર્થતંત્રમાં શાખાના માળખાને વધુ તરલ બનાવે છે. દેશના અર્થતંત્રના ઝડપી વિકાસ માટે ખેતી અને ઉદ્યોગોની નાણાંકીય જરૂરિયાતોની પતાવટ કરી વિકાસની પ્રક્રિયાને વેગ આપે છે.

### 7.4.6 શાખ નિયંત્રણનું કાર્ય :

શાખ સર્જન દ્વારા વ્યાપારી બેંક દેશના નાણાં પુરવઠામાં વધારો કરી શકે છે જ્યારે જરૂર કરતા વિશેષ પ્રમાણમાં બેંક શાખ સર્જન વધારે ત્યારે અર્થતંત્રમાં ફુગાવો પેદા કરે છે. મધ્યસ્થ બેંક પોતાની નાણાંકીય નીતિ દ્વારા વ્યાપારી બેંકની શાખ સર્જનની પ્રવૃત્તિનું નિયમન કરે છે અને આર્થિક સ્થિરતા જાળવી રાખવાનો પ્રયત્ન કરે છે. રિઝર્વ બેંક તેમના આ કાર્યથી નાણાંના કુલ પ્રમાણનો વેપાર - ઉદ્યોગ સાથે સંકલન સાંધે છે શાખ નિયંત્રણ રિઝર્વ બેંકનું મહત્વ પૂર્ણ કાર્ય છે.

**રિઝર્વ બેંકના કાર્યો (બિનપ્રણાલિકાગત)**

**(1) માહિતીનું એકત્રીકરણ પ્રકાશન :**

રિઝર્વ બેંકમાં ઇકોનોમિક એનાલિસીસ ડિપાર્ટમેન્ટ અને પોલીસીનાં રીપોર્ટ, રીવ્યુઝ જેવાં પ્રકાશનોનો વિભાગ છે. જેમાં નાણું, ધિરાણ, ઔદ્યોગિક તેમજ ખેત ઉત્પાદન, ભાવસપાટી, જેવી આર્થિક બાબતોની માહિતી એકત્રિત કરી પ્રકાશિત કરવામાં આવે છે. રિઝર્વ બેંક ઑફ ઇન્ડિયા બુલેટિન, રિપોર્ટ ઓન ટ્રેન્ડ એન્ડ પ્રોગ્રેસ ઓફ બેંકિંગ ઇન ઇન્ડિયા જેવા પ્રકાશનો પણ પ્રકાશિત કરવામાં આવે છે.

**(2) તાલીમની સગવડ :**

બેંકિંગ સ્ટાફને તાલીમ આપવા જુદાં જુદાં શહેરોમાં તાલીમી કૉલેજો તેમજ તાલીમ કેન્દ્રો પણ સ્થાપવામાં આવ્યાં છે. જેમ કે, ઇન્દિરાગાંધી ઇન્સ્ટિટ્યૂટ ઑફ ડેવલપમેન્ટ રિસર્ચ એન્ડ ટ્રેનિંગ ઇન કોમ્પ્યુટર ટેકનોલોજી, કૉલેજ ઑફ એગ્રીકલ્ચર બેંકિંગ, ઝોનલ ટ્રેનિંગ સેન્ટર્સ (મુંબઇ, ચેન્નાઇ, કોલકત્તા અને નવી દિલ્હી) વગેરેની સ્થાપના કરવામાં આવી છે.

**(3) કૃષિ વિષયક ધિરાણ :**

કૃષિક્ષેત્રે તેમજ ગ્રામીણક્ષેત્રે પ્રવૃત્તિઓનાં વિકાસ માટે લાંબા, મધ્યમ તેમજ ટૂંકાગાળાનાં ધિરાણ માટે અલગ ભંડોળ પૂરું પાડવામાં આવે છે. 1982થી ડિપાર્ટમેન્ટ અને ભંડોળના કાર્યો NABARD ને સોંપવામાં આવ્યાં છે.

**(4) ઔદ્યોગિક ધિરાણ :**

ઉદ્યોગોનાં વિકાસ માટે IFCI, IDBI જેવી નાણાંકીય સંસ્થાઓની રચના કરવામાં આવી છે. મોટા ઉદ્યોગોને ધિરાણ પૂરું પાડવા માટે 1964માં નેશનલ ઇન્ડસ્ટ્રીયલ ક્રેડિટ ફંડની પણ રચના કરવામાં આવી છે.

**(5) નિકાસ વિષયક ધિરાણ :**

દેશની નિકાસોમાં વધારો થાય તે માટે EXIM બેંક નિકાસ-આયાત બેંકની સ્થાપના કરવામાં આવી છે. જેનાં દ્વારા નિકાસકારો અને આયાતકારોને પૂરતું ધિરાણ પ્રાપ્ત થઈ શકે છે.

(6) અગ્રણીક્ષેત્રો તેમજ નબળાં વર્ગોને જુદાં જુદાં દેશની યોજના હેઠળ લોનની સગવડ આપવી.

**(7) બિલ માર્કેટ યોજના :**

ભારતમાં સુગ્રથિત બિલ માર્કેટ અસ્તિત્ત્વમાં આવે તે માટે વેપારી બેંકોને રિઝર્વ બેંક તથા નાણાંકીય સંસ્થાઓમાં બિલોમાં પુનર્વટાવની સરળ સગવડો ઉપલબ્ધ કરવામાં આવી છે.

- **તમારી પ્રગતિ ચકાસો - 1**

(1) રિઝર્વ બેંકના બે કાર્યો જણાવો.

______________________________

______________________________

(2) ચલણની વિવિધ પદ્ધતિઓ જણાવો.

______________________________

______________________________

(3) ચલણની ન્યુનતમ અનામત પદ્ધતિ એટલે શું ?

______________________________

______________________________

- **નીચેના વિધાનો ખરાં છે કે ખોટાં તે જણાવો.**

(i) સરકાર રિઝર્વ બેંકની કાર્યવાહી અને કામગીરી પર દેખરેખ રાખે છે.

(ii) ભારતમાં રિઝર્વ બેંકની સ્થાપના 1935 માં થઈ હતી.

(iii) દેશની બધી જ બેંકનું નિરીક્ષણ અને શાખ સર્જનની પ્રવૃત્તિનું નિયંત્રણ વેપારી બેંક કરે છે.

(iv) ચલણી નાણું બહાર પાડવાના મુખ્ય બે સિદ્ધાંતો છે.

(v) નિશ્ચિત નાણાં પ્રમાણ પદ્ધતિમાં સુવર્ણની અમુક અનામતો રાખવી પડે છે.

(vi) ચલણી નાણું બહાર પાડવાનું મુખ્ય બે સિદ્ધાંતો છે.

(v) નિશ્ચિત નાણાં પ્રમાણ પદ્ધતિમાં સુવર્ણની અમુક અનામતો રાખવી પડે છે.

(vi) ન્યૂનતમ અનામત પદ્ધતિ અનુસાર રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાએ રૂ.200 કરોડની અનામતો રાખવી પડે છે.

(vii) મધ્યસ્થ બેંક સરકારની બેંક અને એજન્ટ તરીકે કાર્ય કરે છે.

(viii) વ્યાપારી બેંકના અંતિમ સહાયક તરીકે મધ્યસ્થ બેંક કામ કરતી નથી.

(ix) વિદેશી હુડિયામણ દરની સ્થિરતા જાળવવાનું કામ રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા કરે છે.

(x) વ્યાપારી બેંકના કિલિયરીંગ હાઉસની કામગીરી રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા કરતી નથી.

## 7.5 રિઝર્વ બેંકના શાખ નિયંત્રણના સાધનોનો પરિચય

આધુનિક સમયમાં કોઈપણ દેશના અર્થતંત્રનું શાખ નિયમન જે તે દેશની રિઝર્વ બેંક કરે છે તેનું કાર્ય અતિમહત્વનું ગણવામાં આવે છે. ચલણી નાણું બહાર પાડવાની સત્તા તેમની પાસે છે તેથી તેના ઉપર ગમે ત્યારે નિયંત્રણ મૂકી શકે છે. પરંતુ વર્તમાન સમયમાં વિશ્વના બધા જ દેશોમાં કાયદા માન્ય નાણાં ઉપરાંત બેંક નાણાં અથવા શાખી નાણાંનું પ્રમાણ પ્રમાણમાં વધુ જોવા મળે છે. જ્યાં સુધી તેને શાખી નાણાંનું નિયમન કરવાની સત્તા ન હોય ત્યાં રિઝર્વ બેંક એના કાર્યો અને જવાબદારીઓ અસરકારક રીતે બજાવી શકે નહિ. આથી દેશના કુલ નાણાંના પરિમાણ પર અસરકારક અંકુશ રહે એ હેતુથી રિઝર્વ બેંકને શાખી નાણું નિયંત્રિત કરવાની સત્તા આપવામાં આવે છે.

### 7.5.1 શાખ નિયંત્રણ સાધનોનો અર્થ અને હેતુઓ :

શાખ નિયંત્રણ એટલે શાખી નાણાંના પરિમાણનો વેપાર - ઉદ્યોગોની જરૂરિયાતો સાથે સંકલન કરવું શાખનું પરિમાણ વેપારી બેંકની પ્રવૃત્તિ પર આધાર રાખતું હોય છે તેથી શાખ નિયંત્રણ બેંકની ધીરાણ નીતિનો એક ભાગ ગણવામાં આવે છે.

**શાખ નિયંત્રણના હેતુઓ :-**

**(i) સામાન્ય ભાવ સપાટીની સ્થિરતા :-**

અર્થતંત્રમાં વપરાશી ચીજવસ્તુઓના ભાવોમાં સતત વધઘટ થતી રહે તો ફુગાવો કે મંદી ઉભી થાય છે તેના પરિણામે મૂડી રોકાણ ઉત્પાદન આવક અને રોજગારી પર વિપરીત અસરો પડે છે. આ પ્રકારની આર્થિક અસ્થિરતા માટે વ્યાપારી બેંકનું વધારે પડતું શાખ સર્જન જવાબદાર હોય છે. ભાવ સપાટીની સ્થિરતા જાળવી રાખવા રિઝર્વ બેંક શાખનું નિયંત્રણ કરે છે.

**(ii) આર્થિક વિકાસને વેગ આપવા :**

આર્થિક વિકાસને પોષક હોય તેવા પગલાંઓ લેવા રિઝર્વ બેંક શાખનું નિયંત્રણ કરે છે. અર્થતંત્રનો સ્થિર વિકાસ થાય અને રોજગારીની સપાટી જળવાઈ રહે તો મૂડી રોકાણ, ઉત્પાદન અને આવકમાં વધારો થાય તેવા પગલાનો શાખ નિયંત્રણમાં સમાવેશ કરવામાં આવ છે. રિઝર્વ બેંક આ હેતુને સિધ્ધ કરવા નાણાંકીય નીતિના ઉદ્દેશ સાથે શાખ નિયંત્રણના ઉદ્દેશનો સમન્વય કરે છે.

**(iii) વિનિમય દરની સ્થિરતા માટે : -**

વેપારી બેંકના વધુ પડતા શાખ સર્જનના કારણે અર્થતંત્ર ભાવ સપાટીમાં વધારો થાય છે ભાવ સપાટીમાં વધારો થતાં નાણાંના આંતરિક મૂલ્યમાં ઘટાડો થાય છે. તેથી વિવિધ દેશઓના ચલણોની સરખામણીમાં દેશના નાણાંનું મૂલ્ય ઘટે છે તેની આંતરરાષ્ટ્રીય વ્યાપાર પર તેની વિપરીત અસરો પડે છે. આ પરિસ્થિતિમાં વિનિમય દર અસ્તિરતાના કારણે દેશના ચલણની આંતરરાષ્ટ્રીય પ્રતિષ્ઠા ઘટે છે અને આયતો મોંઘી બને છે. આ પરિસ્થિતિમાં રિઝર્વ બેંક શાખનું નિયંત્રણ કરી વિનિમય દરની સ્થિરતા જાળવી રાખવામાં મદદ કરે છે.

**(iv) નાણાં બજારની સ્થિરતા જાળવવા :-**

શાખ નિયંત્રણની નીતિનો ઉદ્દેશ નાણાં બજારની સ્થિરતા માટે હોવો જોઈએ. અર્થતંત્રમાં નાણાંની જરૂરિયાત જુદા જુદા સમયગાળા માટે કરવામાં આવે છે. રિઝર્વ બેંક નાણાંની ઋતુગત જરૂરિયાત અનુસાર નાણાંના પુરવઠામાં વધારો ઘટાડો કરી અર્થતંત્રની સ્થિરતા જાળવવાનો પ્રયત્ન કરે છે.

**નાણાંના પુરવઠાનું નિયંત્રણ કરવા : -**

રિઝર્વ બેંક ચલણી નાણાંના પુરવઠા ઉપર નિયંત્રણ રાખી ભાવ વધારાને નિયંત્રણમાં રાખે છે પરંતુ જો શાખી નાણું એટલે કે બેંક નાણું જો નિયંત્રણમાં ન રાખે તો તેની અસર ભાવ સપાટી અને આર્થિક સ્થિરતા પર તેની વિપરીત અસર થાય છે. તેની રિઝર્વ બેંકે શાખી નાણાંના પુરવઠા ઉપર નિયંત્રણ મૂકવા માટે વેપારી બેંકને આદેશ આપે છે.

♦ **તમારી પ્રગતિ ચકાસો - 2**

**1. શાખ નિયંત્રણનો અર્થ આપો.**

____________________________________________

____________________________________________

**2. શાખ નિયંત્રણના બે હેતુઓ જણાવો.**

____________________________________________

____________________________________________

**3. સાચું છે કે ખોટું તે જણાવો.**

(i) શાખનું નિયમન જેતે દેશની રિઝર્વ બેંક કરે છે. ____________

(ii) દેશના અર્થતંત્રમાં માત્ર શાખી નાણું અગત્યનું છે. ____________

(iii) શાખી નાણાંની જરૂરિયાત વેપાર - ઉદ્યોગની જરૂરિયાતો પૂર્ણ કરે છે. ____________

(iv) શાખ નિયંત્રણ બેંક ધીરાણનો એક ભાગ છે. _________

(v) વિનિમય દરની સ્થિરતા માટે શાખ નિયમન જરૂરી છે. _________

**4. ખાલી જગ્યા પુરો.**

(i) શાખી નાણાંની જરૂરિયાત _________ અને _________ જરૂરિયાતો પૂર્ણ કરે છે.

(ii) ભાવ સપાટીની સ્થિરતા જાળવવા _________ નાણાંની જરૂર પડે છે.

(iii) નાણાંકીય નીતિના ઉદ્દેશ સાથે _________ નિયંત્રણના ઉદ્દેશનો સનમવય થાયે છે.

**શાખ નિયંત્રણના સાધનો :-**

રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા વ્યાપારી બેંક દ્વારા કરવામાં આવતા શાખ સર્જનનું જે સાધનોથી નિયંત્રણ કરે છે તેને શાખ નિયંત્રણના સાધનો તરીકે ઓળખવામાં આવે છે. શાખનું નિયમન રિઝર્વ બેંક બે રીતે કરે છે.

(અ) પરિણાત્મક શાખ નિયમનના સાધનો અથવા સામાન્ય શાખ નિયમમાં પગલાં

(બ) ગુણાત્મક શાખ નિયમનના પગલાં અથવા વિવેક યુક્ત તથા પસંદગી યુક્ત શાખ નિયંત્રણ પગલાં

પરિણાત્મક શાખ નિયમનનો સંબંધ શાખના 'પ્રમાણ' સાથે જ્યારે ગુણાત્મક શાખ નિયંત્રણનો સંબંધ શાખના 'ઉપયોગ' સાથે રહેલો છે.

**7.5.2 પરિણાત્મક શાખ નિયંત્રણનો સાધનો (પગલાં) :**

આ સાધનોમાં ત્રણ પગલાંનો સમાવેશ થાય છે.

(1) બેંકદરની નીતિ

(2) ખુલ્લા બજારની નીતિ

(3) રોકડ અનામતના પ્રમાણમાં ફેરફેરાની નીતિ

**(1) બેંકદરની નીતિ :- (Bank Rate) (BR) :-**

રિઝર્વ બેંક જે દરે વેપારી બેંકના પ્રથમ પંક્તિનાં વિનિમય પત્રો અથવા માન્ય કરેલી જામીનગીરીઓ વટાવી આપી ધીરાણ કરે છે તે દરને બેંક દર કહેવામાં આળે છે જેને વટાવદર તરીકે પણ ઓળખવામાં આવે છે. બેંકરેટમાં વધારો - ઘટાડો કરીને અર્થતંત્રમાં થતી નાણાંની વધઘટની અસર કરે છે. પ્રવર્તમાન સમયમાં (માર્ચ 2018) ના અંતે બેંકરેટનુ પ્રમાણ 6.25 ટકા છે. રિઝર્વ બેંક નાણાંના પુરવઠામાં બે રીતે વધારો ઘટાડો કરે છે.

*** રેપોરેટ (Repo Rate) : - (RR)**

ભારતની રિઝર્વ બેંક જે વ્યાજદરે વેપારી બેંક પાસેથી લોન મેળવે તે દર બેંક રોકડતા અનુકુલન સગવડ (Liquitity Adjustment Facility) (LAF) નિતિનો આશ્રય લઈને રોકાણનું યોગ્ય પ્રમાણ જાળવવાનો પ્રયાસ કરે છે પ્રવર્તમાન સમયામાં રેપોરેટ 6.0% ટકા જ્યારે રિવર્સ રેપોરેટ 5.75 જેટલો છે એટલે રોકડતા અનુકુલનમાં બેઝીક 0.25% નો ફેરફાર કર્યો છે.

*** રિવર્સ રેપોરેટ (Reverse Repo Rate) (RRR)**

રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા વેપારી બેંકને જે દરે લોન આપે તેને રિવર્સ રેપોરેટ કહેવામાં આવે છે. હાલમાં રિવર્સ રેપોરેટનો દર 5.75 % ટકા જેટલો છે. અહીં પણ બેંક LAF નીતિનો ઉપયોગ કરે છે.

**(2) રોકડ અનામત પ્રમાણ માં ફેરફાર :- (Cash Reserve Ratio) (CRR) :-**

રોકડ અનામત પ્રમાણ એટલે બેકો પાસેની કુલ થાપણોના અમુક ટકા હિસ્સો રિઝર્વ બેંકમાં રોકડ સ્વરૂપમાં જમા રાખવાની ટકાવારી વર્તમાન સમયમાં રોકડ અનામતનું પ્રમાણ 4% ટકા જેટલું છે જો રોકડ અનામતનું પ્રમાણ ઊંચુ હોય તો વેપારી બેંકને ધીરાણ ઘટાડવાની ફરજ પડે છે. રિઝર્વ બેંકને તેના પ્રમાણમાં ફેરફાર કરવાની સત્તા આપાવમાં આવી છે. વેપારી બેંકએ ઉધાર ધીરાણનીતિ અપનાવી હોય અને તેને પરિણામે અર્થતંત્રમાં સટ્ટાલક્ષી અને બિનજરૂરી મૂડી રોકાણ વધી રહ્યું હોય ત્યારે મધ્યસ્થ બેંક રોકડ અનામતનો રેટ વધારવાનો આદેશ આપે છે. આથી બેંકની અનામતોમાં ઘટાડો થતાં તેમની શાખ સર્જન કરવાની શક્તિ ઘટી જાય છે રોકડ અનામતના પ્રમાણમાં ફેરફાર કરાવની નીતિ. બેંકદરમાં ફેરફારક કરવાની નીતિ કરતા વધુ કડક અને તાત્કાલિક પ્રભાવ પાડનારી નીવડે છે. આ ઉપરાંત રિઝર્વબેંક કાયદા માન્ય પ્રવાહિતો ફેરફારો (SLR) અને માર્જીનલ સ્ટેન્ડિંગ ફેસેલિટી (MSF) નાં સાધનોનો ઉપયોગ કરીને (RR ના પ્રમાણમાં ફેરફાર કરી શકે છે જે બે પ્રકારે કરી શકાય)

**(i) કાયદા માન્ય પ્રવાહિતામાં ફેરફાર (Starutory Reserve Ratio) (SLR) :-**

બેંક દ્વારા થતાં કુલ રોકાણોના અમુક ટકા સરકારી જામીનગીરીઓમાં ફરજિયાત રોકવા પડે તેની ટકાવારી 31 માર્ચ 2018 માં SLR નું પ્રમાણ 19.5% ટકા જેટલું રાખવામાં આવ્યું છે. રિઝર્વ બેંક દ્વારા તાજેતરના વર્ષોમાં SLR ના પ્રમાણમાં સતત ઘટાડો કરવામાં આવ્યો છે .જે નાણાંની પ્રવાહીતા જાળવવાનું એક અસરકારક સાધન છે.

**(ii) માર્જીનલ સ્ટેન્ડિંગ ફેસેલીટી (Marginal Standing Facility Rate) (MSF)**

રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાએ વ્યાપારી બેંક અને ઉદ્યોગોની સસ્તા ધીરાણની માંગણી સંતોષવા ટૂંકી મુદ્દતની વધારાની પ્રવાહીતા પુરી પાડવા MSF નીતિનો ઉપયોગ કરે છે. તાજેતરમાં સસ્તા ધીરાણની અપેક્ષાએ રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાએ બેંકિંગ સિસ્ટમમાં નાણાંની પ્રવાહિત વધારવા તેના રેટ 6.25 % કરવાનો નિર્ણય કર્યો હતો. આમ રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા શાખના નિયમન માટે તેના દરોમાં ફેરફારો કરતી રહે છે. .

**(3) ખુલ્લા બજારની નીતિ :-**

રિઝર્વ બેંક ખુલ્લા બજારમાં જામીનગીરીઓની ખરીદી કે વેચાણ કરીને નાણાં બજારનું નિયમન કરે છે ખુલ્લા બજારમાં જામીનગીરીનું વેચાણ કરવાથી શાખનું સંકોચન થાય છે અને જામીનગીરીની ખરીદી કરવાથી શાખનું વિસ્તરણ થાય છે. અર્થતંત્રમાં ફુગાવાથી પરિસ્થિતિ પેદા થઈ હોય અને વેપારી બેંક તરફથી શાખનું પ્રમાણ ખૂબ વધારી દેવામાં આવ્યું હોય તેમજ બેંકદરમાં વધારો કરવાથી ધાર્યા પરિણામો ન આવ્યા હોય ત્યારે દેશની મધ્યસ્થ બેંક ખુલ્લા બજારની નીતિની જાહેરાત કરે છે.જામીનગીરીઓ ખરીદનાર વ્યક્તિઓ કે સંસ્થાઓ મધ્યસ્થ બેંકને નાણાં ચૂકવે છે ત્યારે તેટલા અંશે વેપારી બેંકની રોકડ અનામતોમાં ઘટાડો થાય છે. આથી તેમની શાખ સર્જન કરવાની શક્તિ ઘટતાં શાખી નાણાંનું વિસ્તરણ થતું અટકે છે.

નાણાં બજારનું નિયંત્રણ કરવા માટે બેંકદર કરતા ખુલ્લા બજારની નીતિ વધુ અસરકારક નીવડી શકે છે. કારણ કે ખુલ્લા બજારની નીતિ હેઠળ વ્યાપારી બેંકની રોકડ અનામતોના પ્રમાણમાં ફેરફાર લાવવા માટેની સત્તા મધ્યસ્થ બેંકના હાથમાં છે. ખુલ્લા બજારની નીતિમાં બેંકની રોકડ અનામતો પર સીધી અસર થાય છે અને તે દ્વારા શાખ પર નિયંત્રણ લાવી શકાય છે. ખુલ્લા બજારની નીતિ વેપારી બેંકની રોકડ અનામતો પર પ્રત્યક્ષ રીતે અસર પહોંચાડવી હોવાથી તે વધારે ક્રિયાશીલ અને કારગત નીવડે છે. આ નીતિનો ખૂબ જ નાના પાયે ઉપયોગ કરી શકાય છે. અને તેની કોઈ સમય મર્યાદા નથી. ખુલ્લા બજારની નીતિનો ઉપયોગ બેંકદરના વિકલ્પ તરીકે કરવામાં આવતો નથી. પરંતુ બેંકદર નીતિને વધુ અસરકારક બનાવવા તેના પુરક અથવા સહાયક નીતિ તરીકે ઉપયોગી થાય છે. બેંક દરની નીતિ ટૂંકાગાળાના વ્યાજના દર પર પ્રત્યક્ષ અસર પહોંચાડે છે જ્યારે ખુલ્લા બજારની નીતિની અસર લાંબા ગાળાના વ્યાજના દર પર પ્રત્યક્ષ અસર પહોંચાડે છે જ્યારે ખુલ્લા બજારની નીતિની અસર લાંબા ગાળાના વ્યાજના દર પર થતી હોય છે આમ બન્ને નીતિને એકબીજીની પૂરક તરીકે ગણવી વધુ યોગ્ય ગણાશે.

આમ શાખ નિયંત્રણના પરિણાત્મક સાધનો વ્યાપારી બેંકના શાખ આપવાની નીતિ ઉપર અસર કરે છે. પંરતુ જ્યારે પરિણાત્મક સાધનો નિષ્ફળ જાય ત્યારે રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા ગુણાત્મક શાખ નિયંત્રણના સાધનોનો ઉપયોગ કરીને શાખનું નિયંત્રણ કરવાનો પ્રયત્ન કરે છે.

**7.5.3 ગુણાત્મક શાખ નિયંત્રણના સાધનો (પગલાં) :-**

પરિણાત્મક શાખ નિયંત્રણના સાધનો શાખના કુલ પ્રમાણને નિયંત્રિત કરવા માટે ઉપયોગમાં લેવાતાં હોય છે. આ સાધનની મહત્ત્વની મર્યાદા એ છે કે અર્થતંત્રના પ્રત્યેક વિભાગને તે એકસરખી રીતે અસર કરતા હોય છે. તેથી ધીરાણની બાબતમાં જરૂરી વિવેક કે સાવચેતી રાખી શકાતી નથી. મધ્યસ્થ બેંક બેંકદરમાં વધારો કરે તો સટ્ટાકીય હેતુ અને બિનજરૂરી મૂડી રોકાણ માટે લેવામાં આવતી લોન તેમજ ઉત્પાદનની વાસ્તવિક યોજનાઓ માટે લેવામાં આવતી લોન આમ બધાં જ પ્રકારની લોનો પર વ્યાજનો દર એક સરખી રીતે વધે છે તેથી તેમાં ભાવ વધારો થાય છે. પરંતુ બેંકનો હેતુ તો માત્ર સટ્ટાલક્ષી અને બિનજરૂરી રોકાણને જ અટકાવવાનો હોય છે ઉત્પાદનની વાસ્તવિક યોજનાઓને તો એ પોષણ અને પ્રોત્સાહન આપવા માંગતી હોય છે કે જેથી કરીને ફુગાવાની પરિસ્થિતિને અંકુશમાં લાવી શકાય. તેની કેટલીક મર્યાદાઓ છે. આધુનિક સમયમાં ગુણાત્મક શાખ નિયંત્રણના પગલાંને વિશેષ મહત્વ આપવામાં આવે છે. આ પગલાંની વિશિષ્ટતા એ છે કે મધ્યસ્થ બેંક વિવેક બુદ્ધિનો

ઉપયોગ કરી શાખનું નિયમન કરે છે આ પગલાં તાત્કાલિક અસર કરે છે જયારે સામાન્ય શાખ નિયંત્રણનાં પગલાંની અસર વર્તાતા અમુક સમય લાગે છે. ગુણાત્મક શાખ નિયંત્રણના સાધનોમાં નીચેનાં પગલાનો સમાવેશ થાય છે.

**(1) શાખની માપબંધી :-**

શાખની માપબંધી એટલે શાખ માટેની માંગણીઓને ધ્યાનમાં લઈ મધ્યસ્થ બેંક દ્વારા થતી શાખની ફાળવણી દરેક વ્યાપારી બેંકને કેટલી શાખ મળશે તેના આધાર રિઝર્વબેંકની નીતિ પર રહેશે. આ પદ્ધતિમાં બેંક તરફથી પ્રાપ્ત થતી ફેરવટાવની સગવડની ટૂંકા ગાળાના વિનિમય પત્રો પુરતી જ મર્યાદિત રાખવામાં આવે છે. કોઈ એક બેંકને આપવામાં આવતી ફેરવટાવની સગવટની મહત્તમ ટોચ મર્યાદા નક્કી કરવામાં આવી હતી. યુદ્ધોત્તર સમય દરમિયાન જે દેશોમાં નાણાંકીય કટોકટી પ્રવર્તથી ત્યાં આ સાધનનો વ્યાપક ઉપયોગ કરવામાં આવ્યો હતો.

દા.ત. શાખની માપબંધી જર્મનીમાં 1924, 1929 અને 1931માં દાખલ કરાવમાં આવી હતી. રસિયામાં નાણાંકીય નીતિ ના અસરકારક ભાગ તરીકે ગણવામાં આવે છે. 1936 માં બેંક ઓફ મેકસિકોએ અને 1948 માં બેંક ઓફ ફ્રાંસે આ નીતિનો સફળતા પૂર્વક ઉપયોગ કર્યો હતો. જે ઉદ્યોગોને પ્રોત્સાહન આપવાનું હોય તેમને માટે જ શાખનું સર્જન કરવું એવો આદેશ વ્યાપારી બેંકને આપવામાં આવે છે.

**(2) આદેશો દ્વારા શાખ નિયંત્રણ : -**

રિઝર્વ બેંક વેપારી બેંકને ધીરાણ અંગે ચોક્કસ આદેશો અને સૂચનાઓ આપી ધીરાણને અંકુશિત કરવાના પ્રયત્નો કરે છે આ આદેશો નીચે પ્રમાણે આપે છે.

(i) કયા હેતુસર ધીરાણ આપી શકાય અને કયા હેતુ માટે ધીરાણ ન આપી શકાય ?

(ii) ધીરાણ સામે માર્જિન કેટલો રાખવો.

(iii) કોઈ એક કંપની, પેઢી, વ્યક્તિ અથવા વ્યક્તિઓના સંગઠનને વધુમાં વધુ કેટલું ધીરાણ આપી શકાય.

(iv) ધીરાણ પર વ્યાજનો દર કેટલો રાખવો તથા કઈ કઈ શરતો લાદવી.

**(3) સીધા પગલા :-**

વ્યાપારી બેંક રિઝર્વ બેંકની નીતિથી વિપરીત નીતિ અપનાવતી હોય તો બેંક તેમની સામે સીધા પગલાં ભારવાની સત્તા ધરાવે છે. આ પગલાંઓ નીચે પ્રમાણે છે.

(i) રિઝર્વ બેંક વ્યાપારી બેંકને ફેરવટાવની સગવટ આપવાનો ઈન્કાર કરે છે.

(ii) બેંક દ્વારા આપેલી સગવડો પાછી ખેચીં લેવામાં આવે છે.

(iii) જાહેર વટાવદર ઉપરાંત બેંક વ્યાપારી બેંક પાસેથી શિક્ષાત્મક દર લઈ શકે છે.

(iv) વ્યાપારી બેંકને નવું ધીરાણ અથવા નવી લોન બેંક દ્વારા આપવાનું બંધ કરવામાં આવે છે.

**(4) નૈતિક દબાણ અથવા સમજાવટ :-**

આ પગલાં અન્વયે રિઝર્વ બેંક વ્યાપારી બેંકને યોગ્ય સલાહ સૂચન અને માર્ગદર્શન આપી અમુક પ્રકારની નાણાં નીતિ અપનાવવા નૈતિક સમજાવટ નો ઉપયોગ કરે છે. દરેક દેશના નાણાં બજારમાં બેંકનો વિશિષ્ટ મોભો અને પ્રતિભા હોય છે. અને તેથી તે અન્ય બેંક પર નૈતિક દબાણ લાવી પોતાની નીતિ અનુસરવા માટે સમજાવની શકતી હોય છે તેથી બેંકને કડક પગલાં લેવાની જરૂર રહેતી નથી પરિણામે બંને વચ્ચે સહકારની ભાવના જળવાઇ રહે છે આ નીતિનો ઉપયોગ બેંક સાથે પ્રત્યક્ષ સંબંધ ન હોય તેવી નાણાંકીય સંસ્થાઓની બાબતમાં પણ કરી શકાય છે આ નીતિ વહીવટી દષ્ટિએ સરળ હોવા ઉપરાંત સૌથી વધુ પરિવર્તનશીલ સાધન છે. ઈંગ્લેન્ડ, ફ્રાંસ, કેનેડા, ઓસ્ટ્રેલિયા અને ન્યુઝીલેન્ડ વગેરે દેશોમાં તેનો સફળતા પૂર્વક ઉપયોગ થયો છે જયારે અમેરિકામાં આ નીતિ મહંદ અંશે સફળ થઈ નથી.

આ નીતિનો સફળતાનો આધાર રિઝર્વ બેંકની પ્રતિષ્ઠા અને તેને કાયદાની મળેલી સત્તા તેમજ રિઝર્વ બેંક, વ્યાપારી બેંક અને અન્ય નાણાંકીય સંસ્થાઓ વચ્ચેની સહકાર અને દેશના બેંકિંગ તેમજ શાખ વ્યવહારનાં માળખાના સ્વરૂપ પર રહેલો છે.

**(5) ઋણનીતિમાં ફેરફાર :-**

સટ્ટાકીય હેતુ માટે થતાં ધીરાણના નિયંત્રણ કરવા આ નીતિનો ઉપયોગ કરવામાં આવે છે. કુલ થાપણોની કેટલી રકમ બેંક ધીરાણ કરી શકે તે નક્કી કરીને શાખ પર નિયંત્રણ મૂકવામાં આવે છે. તારણમાં મુકવામાં આવેલી અસ્કયામતો અને જામીનગીરીઓની કિંમત અને ધીરાણ અથવા લેવાની રકમ વચ્ચેના કરે છે આ નીતિનો સૌ પ્રથમ ઉપયોગ 1934 માં અમેરિકામાં થયો હતો.

**(6) ઉપભોક્તાની શાખનું નિયંત્રણ :-**

આ નીતિનો ઉપયોગ ભાવ વધારાને નિયંત્રિત કરવાનો છે. ટકાઉ વપરાશની વસ્તુઓની ખરીદી માટે ધીરાણને નિયંત્રિત કરવામાં આવે છે. બીજા વિશ્વયુદ્ધ દરમિયાન અમેરિકામાં આ નીતિનો ઉપયોગ થયો હતો. રેડિયો, ટેલિવિઝન, રેફ્રિજરેટર, મોટર કાર, સીવવાના સંચા, વોશિંગ મશીનો વગેરે અનેક વસ્તુઓ સામે કરવામાં આવતા ધીરાણનું પ્રમાણ ઘટાડી દેવામાં આવ્યું હતું. અમેરિકા ઉપરાંત ઈંગ્લેન્ડ, ઓસ્ટ્રેલિયા ન્યુઝલેન્ડ, બેલ્જીયમ, કેનેડા વગેરે દેશોએ પણ બીજા વિશ્વયુદ્ધ બાદ આ નીતિનો ઉપયોગ કર્યો હતો. ફુગાવા ઉપરાંત આ નીતિ અર્થકારણમાં થતાં ચક્રીય ફેરફાર (તેજી - મંદી) ને અંકુશમાં લેવા માટે પણ સહાયભૂત થાય છે. જ્યાં વપરાશ વસ્તુઓની ખરીદી બેંક ધીરાણ દ્વારા થતી હોય ત્યારે ગ્રાહકની શાખ મહત્ત્વનો ભાગ ભજવતી હોય છે. તેવા સંજોગોમાં ફુગાવાને અકુંશમાં રાખી શકે છે. ભારત જેવાં દેશમાં આ નીતિ બહું ઓછા પ્રમાણમાં ઉપયોગી નીવડે છે.

**(7) પ્રચાર :**

રિઝર્વ બેંક વ્યાપારી બેંકની નાણાંકીય પરિસ્થિતિ અને કાર્ય અંગેનો અહેવાલ મંગાવી વખતો વખત પ્રદર્શિત કરે છે. દા.ત. વ્યાપારી બેંકને તેમની અસ્કયામતો, જવાબદારીઓ, થાપણો રોકડ અનામત અને કુલ ધીરાણનું પ્રમાણ વગેરે બાબતો વિશે બેંકને સમયે - સમયે માહિતી મોકલવી પડે છે. તેના આધારે બેંક દેશની વ્યવસ્થા અને નાણાં બજારનું સંપૂર્ણ ચિત્ર રજૂ કરતા માસિક, ત્રિમાસિક અને વાર્ષિક અહેવાલો બહાર પાડે છે. વિકશિત દેશોમાં તે ઉપયોગી છે પરંતુ વિકાસમાન રાષ્ટ્રોમાં કેળવણી અને શિક્ષણને અભાવે લોકો બેંકિંગ પદ્ધતિ વિશે બહુ જાણકાર હોતા નથી ત્યાં શાખ નિયમન માટે તે અસરકારક નીવડતું નથી.

**7.5.4 શાખ નિયંત્રણ સાધનોની મર્યાદાઓ :-**

**(1) વધારાની રોકડ અનામતો**

શાખ નિયંત્રના સાધન તરીકે બેંક દરનું મહત્ત્વ હોવા છતાં બેંક દરમાં થતાં ફેરફારને લીધે વ્યાપારી બેંકના વ્યાજના દરમાં ફેરફારો થશે જ એવું ચોક્કસ કહી શકાય નહી. દા.ત. બેંક નાણાંનું પ્રમાણ ઘટાડવા રિઝર્વ બેંક બેંકદરમાં વધારો કરે પરંતુ વ્યાપારી બેંક પોતાની પાસે તેમને કાયદા હેઠળ રાખવાની ન્યુતમ રોકડ અનામતો કરતા વધુ સારા પ્રમાણમાં રોકડ અનામતો ધરાવતી હોય તો તેમને માટે વ્યાજમાં દરમાં વધારો કરવો આવશ્યક રહેતો નથી. વધારાની રોકડ અનામતને આધારે તે શાખ સર્જન કરી શકે છે. અલ્પવિકસિત દેશોમાં જ્યાં પ્રથમ પંક્તિના વિનિમય પત્રોનો અભાવ હોય ત્યાં આવું વિશેષ બને છે.

**(2) નાણાં બજાર અને મૂડી બજારનો અભાવ :**

અલ્પવિકસિત રાષ્ટ્રોમાં નાણાં બજાર અને મૂડી બજારનો પુરતો વિકાસ થયો નથી તેથી બેંકદરની નીતિ અસરકારક નીવડતી નથી. તેઓ પોતાની પાસે ન્યુનતમ કરતા વધારે રોકડ અનામતો ધરાવે છે.

**(3) ફુગાવો કે મંદીને અંકુશિત કરવામાં નિષ્ફળ :-**

બેંકદરમાં વધારો થયેલો હોવાથી બજારનો દર ઊંચો જતાં સટ્ટાલક્ષી અને બિનજરૂરી મૂડી રોકાણો

અટકે છે પરંતુ વાસ્તવિક ઉત્પાદનની યોજનાઓ માટે ધીરાણ મોઘું થયેલું હોવાથી રાષ્ટ્રીય ઉત્પાદન (GDD), રોજગારી અને આવક પર તેની માઠી અસરો પડવાનો ભય છે. મંદીના સમયમાં બેંકદરની બિનઅસરકારકતા સ્પષ્ટ રીતે જાણી શકાય છે. અર્થતંત્રમાં તેજીની સ્થિતિ પ્રર્વતતી હોય તો વેપારી બેંક ઓછી રોકડ અનામતઓથી પણ તેમનો શાખનો વ્યવહાર ચાલું રાખે છે.

**(4) નાણાંકીય અને રોજકોષીય નીતિ વચ્ચે સંકલનો અભાવ :-**

રિઝર્વ બેંક શાખનું નિયંત્રણ કરવા માટે નાણાંકીય નીતિનો અમલ કરે છે પરંતુ રાજકોષીય નીતિનો અમલ સરકાર દ્વારા કરવામાં આવતો હોવાથી બંને સાધનો વચ્ચે સંકલનનો અભાવ હોવાથી નીતિનો અસરકારક ઉપયોગ થઈ શકતો નથી.

**(5) બિન-બેંકિગ નાણાંકીય સંસ્થાઓ :**

ભારતમાં શાહુંકારો અને જમીનદારો જેવી બિન-બેંકિંગ સંસ્થાઓ પણ શાખ આપવાનું કાર્ય કરે છે પરિણામે રિઝર્વબેંકના અકુંશ હેઠળ નહિ હોવાથી નીતિની સારી અસરો નિપજાવી શકાતી નથી. તેની ટેકનીકલ અને મનોવૈજ્ઞાનિક મર્યાદાઓ છે.

**(6) રાજકીય અસ્થિરતા :-**

રાજકીય અસ્થિરતાના લીધે અથવા અન્ય કોઈ કારણસર વેપારીઓ જો બેંકમાંથી થાપણોનો ઉપાડ કરે અથવા વધી ગયેલ રોકડ અનામતોનો ઉપયોગ વ્યાપારી બેંક રિઝર્વ બેંકનું દેવું ચુકવવા કરે તો શાખનું વિસ્તરણ થશે જે નહિં જેથી ખુલ્લા બજારની નીતિ ઉપયોગી બનશે નહી.

**(7) નફાનું પ્રમાણ :-**

મંદીના સમયમાં જ્યારે નફાની શક્યતા સહેજ પણ દેખાતી ન હોય ત્યારે વ્યાજના દરમાં ઘટાડો પણ યોજકોને ધીરાણ પર નાણાં લેવા પ્રોત્સાહિત કરતા નથી. ત્યાં ખુલ્લા બજારની નીતિ નિષ્ફળ જાય છે.

**(8) જામીનગીરીનો જથ્થો :-**

ખુલ્લા બજારની નીતિના સફળતાનો આધાર રિઝર્વ બેંક પાસે જામીનગીરીઓનો જથ્થો કેટલા પ્રમાણમાં છે તથા તેનું સમય માળખું કેવું છે તેના પર રહેલો છે. જો સમય માળખું પ્રતિકુળ હોય તો રિઝર્વ બેંક મર્યાદિત પ્રમાણમાં જ તેનું વેચાણ કરી શકશે.

**(9) ધીરાણના વૈકલ્પિક સ્ત્રોતો :-**

દેશી શરાફો, દેશી બેંકરો અને બિન નોંધાયેલ નાણાંનું ચલણ વગેરેથી ગુણાત્મક શાખ નિયંત્રણના પગલાની અસરકારકતા ઘટે છે.

**(10) ધીરાણનો બિન ઉત્પાદક ઉપયોગ :-**

ધીરાણનો ઉત્પાદક અને બિન ઉત્પાદક હેતુ માટેના ધીરાણનો તફાવત પાડવો મુશ્કેલ બનતો હોય છે. કેટલુંક ધીરાણ આવશ્યક અને બિન આવશ્યક એમ બે વિભાગોમાં વહેંચાયેલું હોય ત્યાં તેનો ચોક્કસ હેતુ જાણી શકાતો નથી.

**(11) પરાવલંબન**

ઉત્પાદકો અને વેપારીઓ જો બેંક ધીરાણ પરનું તેમનું પરાવલંબન ઘટાડીને અન્ય સ્ત્રોતો પર આધાર રાખતા થાય તો પણ આ પગલું બહુ અસરકારક પુરવાર થતું નથી.

આમ પરિણાત્મક શાખ નિયંત્રણના અને ગુણાત્મક શાખ નિયંત્રણના સાધનોની કેટલીક મર્યાદાઓ હોવા છતાં નાણાંકીય નીતિના સંચાલન માટે રિઝર્વ બેંક પાસેના તે મહત્વના સાધનો છે. આ સાધનોના ઈચ્છિત પરિણામ પ્રાપ્ત કરવા માટે એ જરૂરી છે કે બંને પગલા (સાધનો) સાથે તેનું યોગ્ય સંકલન કરવામાં આવે.

♦ **તમારી પ્રગતિ ચકાસો - 3**

**1. શાખ નિયંત્રણના સાધનો કોને કહેવાય ?**

______________________________

______________________________

**2. રેપોરેટ એટલે શું ?**

______________________________

______________________________

**3. પરિણાત્મક શાખ નિયંત્રણના સાધનો જણાવો.**

______________________________

**4. ગુણાત્મક શાખ નિયંત્રણના બે સાધનો જણાવો.**

______________________________

______________________________

**5. સાચું છે કે ખોટું તે જણાવો.**

(i) શાખનું નિયમન રિઝર્વ બેંક બે રીતે કરે છે.

(ii) પરિણાત્મક શાખ નિંયત્રણના સાધનોને સામન્ય શાખ નિયંત્રણના સાધનો તરીકે પણ ઓળખવામાં આવે છે.

(iii) બેંક દરના પ્રમાણમાં ફેરફાર થતો નથી.

(iv) ભારતમાં રોકડ અનામતનું પ્રમાણ લગભગ સ્થિર રહ્યું છે.

(v) SLR અને MSF ના સાધનનો ઉપયોગ કરીને BR માં ફેરફાર કરી શકાય છે.

(vi) RR અને RRR નો ફેરફાર BR ના ફેરફારનો જ ભાગ છે.

**6. ખાલી જગ્યા પુરો.**

(i) RBI ખુલ્લા બજારમાં જામીનગીરીઓની ______કરીને નાણાં બજારનું નિયમન કરે છે.

(ii) તાજેતરના વર્ષોમાં SLR રેટમાં સતત ________થયો છે.

(iii) બેંક દરની નીતિ ટૂંકાગાળામાં વ્યાજના દર પર _______અસર કરે છે.

(iv) શાખની માપબંધી એટલે ________ફાળવણી.

(v) શાખના નિયંત્રણ કરવાના આદેશો _______બેંક આપે છે.

(vi) ભાવ વધારાને નિયંત્રિત કરવા _______ ની શાખનું નિયંત્રણ કરવું જરૂરી હોય છે.

## 7.6 ભારતીય રિઝર્વ બેંકની વર્તમાન નાણાંકીય નીતિ

રિઝર્વ બેંકના આમુખમાં દર્શાવ્યા મુજબ 1934માં પસાર થયેલા કાયદા પ્રમાણે બેંકની સ્થાપના પાછળનો મુખ્ય હેતુ ચલણી નોટો અને નાણંના પુરવઠાનું નિયંત્રણ કરવાનો છે અર્થતંત્રમાં આર્થિક સ્થિરતા જાળવવા બેંક પ્રયત્ન કરે છે. દેશના વિશાળ હિતને ધ્યાનમાં રાખી બેંક નાણાંકીય નીતિ અમલમાં મુકે છે. લાંબાગાળાના ઉદ્દેશો માટે શાખ વિસ્તારની નીતિ અને ટુંકાગાળામાં તે શાખના દરોનું નિયંત્રણ કરે છે.

ભારત જેવાં વિકાસમાન દેશમાં શરૂઆતમાં ફુગાવા જન્મ પરિબળઓ શરૂઆતમાં ક્રિયાશીલ હોય છે. ભાવ વધારાની આર્થિક વિકાસ, આર્થિક સ્થિરતા અને ઉત્પાદકીય પ્રવૃત્તિઓ ઉપર વિપરીત અસરો પડતા તેની મૂડી રોકાણ પર અસર થાય છે. તેથી ફુગાવા જન્મ પરિબળો આર્થિક વિકાસને અવરોધે છે નાણાંકીય નીતિનું મહત્ત્વનું કાર્ય આ વિપરીત અસરોને ટાળવાનું આર્થિક વિકાસ માટે

સાનુકૂળ વાતાવરણ પુરું પાડવાનો છે. મધ્યસ્થ બેંક નાણાંકીય નીતિના પ્રણાલિકાગત અને બિનપ્રણાલિકાગત સાધનોનો ઉપયોગ કરીને સ્થિરતા સાથે આર્થિક વિકાસ તેમજ ઝડપી આર્થિક વિકાસની નીતિને અનુસરે છે.

### 7.7 નાણાંકીય નીતિ એટલે શું ?

અમુક નિશ્ચિત હેતુઓને સિદ્ધ કરવા માટે નાણાંકીય સાધનોના પ્રવાહનું નિયમન કરવાની નીતિ એટલે નાણાંકીય નીતિ.

### 7.8 નાણાંકીય નીતિના હેતુઓ :

નાણાંકીય નીતિ એવી નીતિ છે જેના માધ્યમમાંથી કોઈપણ દેશના નાણાંનું મધ્યસ્થ બેંક વ્યાજના દરોનું નિયંત્રણ કરી નાણાંના પુરવઠાનું નિયમિત અને નિયંત્રણ કરે છે. જેથી વસ્તુઓની કિંમતમાં થતો વધારો રોકી અર્થતંત્રને વિકાસ તરફ લઈ જઈ શકાય છે.

**હેતુઓ :**

**(1) નાણાંના મૂલ્યની સ્થિરતા :**

આર્થિક વિકાસની સાથે નાણાંના મૂલ્ય નાણાં સ્થિરતા લાવવી જરૂરી છે. જે માટે પર્યાવરણીય પરિબળોને પ્રોત્સાહન આપવું તેમજ વસ્તુઓના ઉત્પાદનની સાથે તેના મૂલ્યના પ્રમાણ સ્થિરતા જાળવવી રાખવી મહત્ત્વની છે.

**(2) મૂડી રોકાણનું સ્થિર પ્રમાણઃ**

બિનજરૂરી અને નિશ્ચિત મૂડી રોકાણને પ્રોત્સાહન આપવા ઉત્પાદકીય ક્ષેત્રમાં મૂડી રોકાણનું પ્રમાણ વધારવું જોઈએ.

**(3) બેંકના ધીરાણમાં ઘટાડો કરવાઃ**

ભારતીય રિઝર્વ બેંકના મહત્ત્વના કાર્યોમાં ઉત્પાદકીય પ્રવૃત્તિને પ્રોત્સાહિત કરવા વ્યાજે આયાત ધીરાણમાં ઘટાડો થશે તેમજ મોસમી જરૂરિયાતો અને ઉત્પાદનો માટે પુરતા પ્રમાણમાં ધીરાણ આપવાનો છે.

**(4) વસ્તુઓના પુરવઠા પર નિયંત્રણ :**

વધુ પડતા ઉત્પાદન અને તેના વધારે પુરવઠાથી કેટલાંક એકમો બંધ થઈ જાય છે. તે સમસ્યાના નિવારણ માટે કેન્દ્રીય નાણાં નીતિ તેના પર અંકુશ મૂકે છે.

**(5) નિકાસમાં વધારો :**

નાણાંકીય નીતિ નિકાસને પ્રોત્સાહિત કરે છે. વ્યાપાર ઉદ્યોગોના વિકાસ માટે નાણાંકીય નીતિ એક સ્વયં બળ પુરું પાડે છે અને નિકાસના પ્રમાણમાં વધારો લાવવામાં મદદરૂપ થાય છે.

**(6) કાર્યદક્ષતામાં વધારો :**

અર્થતંત્રમાં રચનાત્મક પરિવર્તનોમાં ધીરાણના પ્રમાણ વધારો, સરળતાથી પરિવહન વ્યાજ દર વૃદ્ધિમાં નિયંત્રણ વગેરે કરી શકાય. આ ઉપરાંત નાણાં બજરંગ નવા-નવા માપદંડોને અપનાવી શકાય છે.

(7) નાણાંના પુરવઠામાં વિવેકપૂર્વક વધારો કરવો.

(8) બેંક ધિરાણની ફાળવણી કરવી.

### 7.9 વર્તમાન નાણાંનીતિ :

રિઝર્વ બેંકે વર્તમાન નાણાંનીતિ 5 એપ્રેલ, 2018 ના રોજ રજૂ કરી હતી. તેમણે રક્ષણાત્મક નીતિ અપનાવતા બિનકાર્યશીલ મૂડી (NPA) પરતના આવકારદાયક પગલાં સૂચવ્યા છે.

વર્તમાન સમયે રિઝર્વ બેંકના ગર્વનરે ટૂંકાગાળાના ધિરાણ દર અથવા રેપોરેટ 6 ટકાના દરે સ્થિર રાખ્યો જ્યારે રિવર્સ રેપોરેટ 6.25 ટકા એટલે 0.25 ટકા જેટલો વધારે રાખ્યો હતો. બીજી તરફ રોકડ અનામત ગુણોત્તર પ્રમાણ (CRR) ને 4 ટકાના દર યથાવત તેમજ SLR ને 19.5 ટકાના દરે સ્થિર રાખવામાં આવ્યો છે. આ નાણાંકીય નીતિ મધ્યસ્થ બેંકના ગર્વનર ઉપરાંત બીજા છ સભ્યો નક્કી કરે છે જેમાં પાંચ સભ્યોએ રેટ યથાવત્ રાખવાથી ભલામણ કરી હતી જ્યારે એક સભ્યએ તે રેટ 0.25 ટકા વધારવાની ભલામણ કરી હતી. રેપોરેટ યથાવત રાખવા માટે સભ્યોએ વૈશ્વિક ક્રૂડ ઓઇલની કિંમતમાં થયેલા વધારો અને ડોલરની કિંમતમાં સતત વધારો થતાં રૂપિયો નબળો પડવાના કારણો આપ્યા હતા. અર્થતંત્રની કાયાપલટ થાય તો રેટમાં ઘટાડો કરી શખાય. 2018-19 દરમિયાન આર્થિક વૃદ્ધિ વધે તેમજ 2020-21 સુધીમાં વિકાસ દર બે આંકડામાં પ્રાપ્ત કરી શકાય. આ માટે આર્થિક સમિક્ષા, અંદાજપત્ર અને નાણાંકીય નીતિ ધીરાણ નીતિમાં ખૂબ જ ગતિશીલ પ્રયત્નો થયા છે. ધીરાણ નીતિમાં હવામાન ખાતાની સામાન્ય ચોમાસાની પરિસ્થિતિને પણ ધ્યાનમાં લેવાઇ છે. હવામાન ખાતાની આગાહી થઈ જુઓ ચોમાસું સારું જાય તો ખાદ્ય પદાર્થોના ઉત્પાદનમાં વધારો થતાં તેની કિંમતોમાં ઘટાડો થશે તેમજ વસ્તુ અને સેવા વેરા (GST) ના કારણે ખાદ્ય પદાર્થોની કિંમતમાં ઘટાડો થયો. આમ તમામ બાબતોને ધ્યાનમાં રાખીને ધીરાણના ત્રણે દરો સ્થિર રાખવામાં આવ્યા હતાં.

નાણાં નીતિમાં સ્પષ્ટતા કરવામાં આવી હતી કે મૂડી બજાર અને શેર બજારમાં વ્યાપાર યુદ્ધની હરિફાઇ પર સીધી અસર થશે તે પ્રત્યે પુરતુ ધ્યાન આપી શકાય. ઘણાં અર્થશાસ્ત્રીઓએ વૈશ્વિક સુધારાની ગતિ જાળવી શકાશે કે કેમ તે અંગે પ્રશ્નાર્થ પણ કર્યો છે.

મધ્યસ્થ બેંકનો અંદાજ છે કે 2018-19ના વર્ષમાં દેશના જીડીપીનો વૃદ્ધિદર 7.4 ટકા સુધી પહોંચી જશે. જે 2017-18 ના વર્ષમાં 6.6 ટકા જેટલો રહેવાની ધારણ કરવામાં આવી હતી. આ સમયગાળા દરમિયાન બોન્ડ્સના ભાવ પહોંચ્યા હતા. મધ્યસ્થ બેંકે નાણાંકીય નીતિની સમિક્ષા બાદ જણાવ્યું કે બેંક બીટકોઇન જેવી વર્ચ્યુઅલ ડિઝિટલ કરન્સી લોન્ચ કરવાની શક્યતા વિચારી રહ્યું છે. આ સાથે મધ્યસ્થ બેંકે દેશની તમામ બેંક તથા નિયંત્રિત સંસ્થાઓને વર્ચ્યુઅલ કરન્સીમાં ડીલ કરતી વ્યક્તિઓ કે કારોબાર સાથે કોઇ સોદો ન કરવા કે તેમને કોઇ સેવા નહિ આપવા આદેશ આપ્યો છે.

મધ્યસ્થ બેંકે 2018-19 ના વર્ષમાં નવી ધીરાણ નીતિ કે નાણાંકીય નીતિ દ્વારા દેશની આર્થિક વૃદ્ધિને માપવા માટે ગ્રોસ વેલ્યુએડેડ (જીવીએ) પદ્ધતિને દૂર કરી ફરીથી ગ્રોસ ડોમેસ્ટીક પ્રોડક્ટ્સ (જીડીપી) આધારીત મોડેલમાં અર્થતંત્રનું ઉત્પાદક કે પુરવઠા તરફી સ્પષ્ટતા પ્રતિબિંબિત થાય છે. જ્યારે જીડીપીમાં ગ્રાહકો અથવા માંગ આધારીત સ્થિતિ જાણી શકાય છે. મધ્યસ્થ બેંકના ડેપ્યુટી ગર્વનરે જણાવ્યું હતું કે જીડીપી પદ્ધતિ અપનાવવાનું મુખ્ય કારણ આંતરરાષ્ટ્રીય ધોરણો સાથે અનુકૂલન સાધવાનું છે.

ભારતીય અર્થતંત્રનું બેન્કિંગ ક્ષેત્ર જાહેર નિયંત્રણ ધરાવતી લાક્ષણિક્તાઓ ધરાવે છે. ઓછું નાણાંકીય પ્રમાણ બિનકાર્યશીલ મૂડીનું મોટું પ્રમાણ, 100 ટકામાંથી 35 ટકા બિનકાર્યશીલ (NPA) તેમજ જાહેરક્ષેત્રની બેંકનું કેન્દ્રીકરણ સમાવેશ થાય છે જેના કારણે ઔદ્યોગિક ધીરાણ અને બેંકની આંતરરાષ્ટ્રીય મૂડી જરૂરિયાતો માટે અવરોધ ઉદ્ભવે છે. વર્તમાન બેંકિગ સુધારા પુરતા નથી પરંતુ બેંકિગ ક્ષેત્રના વહીવટમાં સુધારો હરીફાઇમાં વધારો અને કોર્પોરેટ બોન્ડ બજારના વિકાસના કારણે બેંક અને ધીરાણના સ્રોતો પર ભારણ ઘટશે. આ ઉપરાંત વહીવટમાં સુધારો થતાં લાંબેગાળે તેની કાર્યક્ષમતામાં સુધારો થશે જેના પરિણામે સેન્ટ્રલ રિપોઝિટરી ઓફ ઇન્ફરમેશન ઓન લાર્જ ક્રેડીટ (CRILC) ની રચના અને ઇન્સોલવન્સી એન્ડ બેંકરપ્સી કોડ (IBC) ના અમલીકરણથી બોજો ધરાવતી મિલકત અંગે સંસ્થાકીય માળખું પ્રાપ્ત થયું છે. તેથી નાદારી અને દેવાળિયાપણાની આચારસંહિતા બાદ નવી સ્થિતિ ઉદ્ભવશે. જેનાથી ધીરાણ અથવાનો અભિગમ બદલાશે એ બેંક વધારે સલામત રીતે કામ કરી શકશે.

1. નાણાંકીય નીતિ એટલે શું?
2. નાણાંકીય નીતિના ઉદ્દેશો જણાવો.
3. નાણાંકીય નીતિના સાધનો જણાવો.

**વિધાનો સાચાં છે કે ખોટાં તે જણાવો.**

1. નાણાંકીય નીતિનું ઘડતર રિઝર્વ બેંક ઓફ ઇન્ડિયા કરે છે.
2. નાણાંકીય નીતિ દેશનો સ્થિરતા સાથે આર્થિક વિકાસ નક્કી કરે છે.
3. નાણાંકીય નીતિથી ફૂગાવાને નિયંત્રણમાં લાબી શકતો નથી.
4. નાણાંકીય નીતિમાં સરકારનો હસ્તક્ષેપ હોય છે.
5. મધ્યસ્થ બેંકે 2018-19 માં નવી ધીરાણ નીતિની જાહેરાત કરી છે.

**ખાલીજગ્યા પૂરો.**

1. નાણાંકીય નીતિથી __________ પરિબળોને શરૂઆતમાં ક્રિયાશીલ થતાં અટકાવી શકાય છે.
2. નાણાંકીય નીતિના હેતુઓ __________ હોય છે.
3. નાણાંકીયનીતિના હેતુઓ __________ હોય છે.
4. બિનકાર્યક્ષમ મૂડીને અંગ્રેજી __________ કહેવાય છે.

## 7.10 વિમુદ્રીકરણ :

વિમુદ્રીકરણ એક આર્થિક પ્રક્રિયા છે જેમના અંતર્ગત સરકાર જૂની મુદ્રા(ચલણ) ને બંધ કરે છે અને નવા ચલણને ચાલુ કરે છે. જ્યારે કાળા નાણાંનું પ્રમાણ વધી જાય છે અને અર્થવ્યવસ્થા માટે ખતરો ઉભો થાય ત્યારે તેને દૂર કરવા તેનો ઉપયોગ કરવામાં આવે છે. જેમની પાસે કાળું નાણું હોય છે. તેઓ નવા ચલણ લેવા માટે સાહસ કરી શકતા નથી અને કાળું નાણું સ્વયં નષ્ટ થઇ જાય છે.

ભારતની આઝાદી પહેલાં જાન્યુઆરી 1946 માં 1000, અને 10,000 રૂપિયાની નોટો અર્થતંત્રમાંથી ખેંચી લેવામાં આવી હતી અને 100, 5000 અને 10,000 રૂપિયાની નવી નોટો 1954માં પુનઃ શરૂ કરવામાં આવી હતી. 16 જાન્યુઆરી 1978 જનતા પાર્ટીની જોડાણવાળી સરકારે ફરીથી 1000, 5000 અને 10,000 રૂપિયાની નોટ બંધી કરી હતી જેથી કાળા નાણાં પર અંકુશ લગાવી શકાય.

28 ઓક્ટોબર 2016 સુધી ભારતમાં 17.77 લાખ કરોડ રૂપિયા ચલણમાં હતા. 31 માર્ચ 2016 ની રિઝર્વ બેંકના રિપોર્ટ અનુસાર ચલણમાં ચલણી નોટોની કુલ કિંમત રૂપિયા 16.42 લાખ કરોડ છે. જેમાં 86% અથવા રૂપિયા 14.18 લાખ કરોડ 500 અને 1000ની નોટો છે. રિપોર્ટ અનુસાર 9,026.6 કરોડ નોટોમાંની 24% (એટલે કે 2,203 કરોડ) બેંક નોટો ચલણમાં છે. રિઝર્વ બેંકના બનાવ્યા પ્રમાણએ દરેક ચલણી નોટોમાં પુરવઠામાં 2011 અને 2016 વચ્ચે 40% વૃદ્ધિ થઇ છે. રૂપિયા 500 અને 1000 ને આ સમયગાળા ક્રમઃ 76% અને 109 % ની વૃદ્ધિ થઇ છે. આ નોટોનો ઉપયોગ આંતરવાદી પ્રવૃત્તિઓ માટે ઉપયોગ થયો હતો. જેમના પરિણામ સ્વરૂપે નોટો બંધ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો.

8 નવેમ્બર 2016 ના રોજ ભારતના પ્રધાનમંત્રીના અચાનક રાષ્ટ્રના સંબોધન દ્વારા નોટ બંધીની જાહેરાત કરવામાં આવી. નવેમ્બરની મધ્ય રાત્રી એટલે કે દેશમાં (12.00 વાગ્યા) પછી 500 અને 1000 ની ચલણીનોટો બંધ કરવાની જાહેરાત કરવામાં આવી. જેમનો ઉદ્દેશ ફક્ત કાળા નાણાં પર નિયંત્રણ નહિ પરંતુ નકલી ચલણી નોટોથી છૂટકારો મેળવાનો હતો.

### 7.10.1 વિમુદ્રીકરણ એટલે શું?

સરકાર જૂની ચલણી નોટોને કાયદાકીય રીતે બંધ કરે છે અને તેની જગ્યાએ નવી ચલણી નોટોની જાહેરાત કરે છે તેને વિમુદ્રીકરણ (Demonetization) કે નોટ બંધી તરીકે ઓળખવામાં આવે છે.

### 7.10.2 નોટ બંધી (Demonetization) શા માટે કરવામાં આવે છે?

કાળુ નાણું, ભ્રષ્ટાચાર, નકલી ચલણી નોટો અને આંતકવાદી પ્રવૃત્તિઓ પર અંકુશ લગાવવા માટે સરકારે વિમુદ્રીકરણનો મોટો નિર્ણય લીધો. ગુનેગાર અને ખોટી પ્રવૃત્તિઓ સામેલ લોકો ચલણી નોટોને પોતાની પાસે છુપાવીને રાખે છે. વિમુદ્રીકરણથી તેમને સીધુ નુક્શાન થાય છે હવે તેઓ આ નોટોને બજારમાં મૂકી શકતા નથી અને લઇ જાય તો તેમના પર કાયદાકીય કાર્યવાહી કરી શકાય. કેટલીક વખત રોકડ વ્યવહારને પ્રોત્સાહિત કરવામાં માટે પણ નોટ બંધી કરવામાં પણ નોટ બંધી કરવામાં આવે છે. સરકારને અપેક્ષા હોય છે કે નોટ બંધીની કાળુંનામું, નકલીનોટો અને આંતકવાદ પર અંકુશ આવશે. પરંતુ નોટ બંધીથી સામાન્ય માણસોને પણ ઘણી બધી મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે. સરકાર તેમના આ નિર્ણયથી રોકડ વ્યવહારોમાં ઘટાડો લાવવાના પ્રયત્નો કરે છે.

## 7.11 વિમુદ્રીકરણ ફાયદા અને ગેરફાયદા :

**વિમુદ્રીકરણના ફાયદા (Advantages of Demonetization)**

**1. કાળા નાણાંની નાબૂદી :**

વિમુદ્રીકરણની અસર સૌથી વધારે શ્રીમંતો ઉપર પઢી છે. દેશમાં લગભગ 3 લાખ કરોડ રૂપિયા કાળું નાણું છુપાયેલું છે. આ નાણાંનો ઉપયોગ હવાલા કારોબાર, આંતકવાદ અને અપરાધીઓની ગતિવિધિઓ માટે ઉપયોગ થઇ રહ્યો છે. કાશ્મીરની હિંસામાં કાળા નાણાંની મુખ્ય ભૂમિકા છે દેશના રાજકારણમાં કાળું નાણું લાંબા સમયથી એક મુદ્દો બની રહ્યો છે. વિમુદ્રીકણ કરીને જ્યારે તેમના ઉપર પ્રહાર કરવામાં આવ્યો ત્યારે માનવામાં આવી રહ્યું હતું કે કાળા નાણાં ઉપર પૂર્ણ રીતે તો નહિ પરંતુ તેના સામ્રજ્ય પર 80 થી 90 ટકા પ્રભાવ પડેશે.

**2. આંતકવાદ, નક્સલવાદ અને ગુનેગારનું પ્રમાણ :**

વિમુદ્રીકરણથી આંતકવાદી જૂથો, નક્સલી સમૂહો, ડ્રગ્સની કારોબારીઓ સહિત અન્ય ગેરકાનૂની ગતિવિધિઓને ભયંકર નુક્શાન પહોચ્યું છે જેમનો સ્પષ્ટ પ્રભાવ કાશ્મીરમાં જોવા મળ્યો એક તરફ જયાં તેમના સમૂહો દ્વારા જમા કરવામાં આવેલી ચલણી નોટના બંડલો કાગળના ટૂંકડામાં તબદીલ થઇ ગયા. બીજી તરફ નવી ચલણીનો અભાવના કારણે તેમની પ્રવૃત્તિઓ બંધ પડી ગઇ છે.

**3. કરવેરાની આવકમાં વધારો :**

સરકારે વિમુદ્રીકરણ પહેલાં અને વિમુદ્રીકરણ દરમિયાન કાળુ નાણું છઉપાવીને રાખવાવાળા માટે રાહત આપીને કહ્યું હતું કે તેઓ નિયમ અનુસાર કરવેરો ચુકવીને તેમના નાણાંને કાયદેસર કરી શકે છે. ઘણાં લોકો તેમની રાહતનો ફાયદો ઉઠાવ્યો અને જેમણે છુપાવી રાખ્યું હતું ત્યાં આવકવેરા વિભાગ દ્વારા દરોડા પાડવામાં આવ્યાં. અને કેટલીક જગ્યાએ રોકડ રકમ જપ્ત કરવામાં આવી હતી વર્તમાન સરકારી રિપોર્ટ અનુસાર વિમુદ્રીકરણ પછી કરવેરાની આવકમાં 14.5 ટકાનો વધારો થયો છે.

**4. આર્થિક વિકાસમાં વૃદ્ધિ :**

વિમુદ્રીકરણ પછી અનુમાન કરવામાં આવ્યુ હતું કે સરકારના આ પગલામાંથી સરકારી ખજાનામાં 3 લાખ કરોડ રૂપિયા આવશે તેમજ 65 હજાર કરોડ રૂપિયા વિભિન્ન કરવેરાના માધ્યમથી આવવાની અપેક્ષા રાખવામાં આવી. આંકડાઓ અત્યારે અનુમાન આધારિત છે જે અનુમાન કરતા વધારે હોઇ શકે. આટલી મોટી રકમ સરકાર મૂળભૂત સેવાના વિકાસ માટે મૂડી રોકાણ કરશે. જેનાથી દેશની આર્થિક વૃદ્ધિની ગતિમાં વધારો થશે.

**5. વ્યાજના દરોમાં ઘટાડો :**

વિમુદ્રીકરણ પછી કાળા નાણાંનો મોટો ભાગ અર્થવ્યવસ્થાની મુખ્ય ધારામાં આવતા બેંકની ડીપોઝીટમાં વધારો, બેંકની પાસે પર્યાપ્ત માત્રામાં રોકડ આવવાથી ધીરાણના પ્રમાણમાં વધારો થશે. બેંક વ્યાજના દરમાં ઘટાડો કરશે વ્યવસાયિક પ્રવૃત્તિઓમાં તેજી આવશે. છેલ્લા બે વર્ષની મંદીમાં સપડાયેલ રિપલ્ટી વિભાગમાં વધશે તેમજ સસ્તા ઘરનું સ્વપ્ન પુરુ થશે.

**6. પ્રજાકલ્યાણની યોજનાઓ પાછળ ખર્ચ :**

વિમુદ્રીકરણથી સરકાર પાસે આવેલી રકમ સરકાર લોકો માટેની કલ્યાણકારી યોજના પાછળ ખર્ચ કરશે. તેમજ પહેલાંથી ચાલતી યોજનાઓનો વિસ્તાર કરવામાં આવશે. પ્રધાનમંત્રી આવાસ યોજના દ્વારા મકાનોના બાંધકામ માટે ઓછા વ્યાજથી ધીરાણ આપવામાં આવશે તેમજ લોકોને તે માટે સબસીડી (સહાયના) પુરી પાડવામાં આવશે.

**7. રોજગારીમાં વધારો :**

નોટ બંધીના કારણે સરકારની નાણાંકીય યોજનાને બળ મળશે જે માટે બેંક દ્વારા પુરો સહયોગ પ્રાપ્ત થતો ન હતો પરંતુ બેંકમાં રોકડ નાણું પ્રમાણ વધવાથી બેંક વ્યવસાયિક પ્રવૃત્તિઓમાં વધારો કરવા માટે ધીરાણતી બેંક વ્યવસાયિક પ્રવૃત્તિઓમાં વધારો કરવા માટે ધીરાણના પ્રમાણમાં વધારો કરશે. જેનાથી ઔદ્યોગિક પ્રવૃત્તિ વધશે અને પરિણામે રોજગારની તકોમાં વધારો થશે.

**8. કેશલેશ અર્થવ્યવસ્થા ઉદ્ભવ :**

નોટ બંધી દરમિયાન રોકડ નાણાંની તંગી દેશના લોકોને ઘણું શીખવાડ્યું અને તે હતું. કેશલેશ પેમેન્ટની મજબૂરી જે લોકો રોકડમાં પેમેન્ટ કરવાનું ઇચ્છતા હતા તેઓ આજે ડિજીટલ પેમેન્ટની વકીલાત કરી રહ્યા છે. જેમાંથી આઇ.ટી વિભાગને મોટો ફાયદો થશે. બીજી તરફ કેશલેશ અર્થવ્યવસ્થાની કાળા નાણાંની સંભાવનાઓ પર મોટા પ્રમાણમાં નિયંત્રણ આવશે.

**9. નકલી ચલણી નોટો :**

વિમુદ્રીકરણ થયા પછી જૂની ચલણી નોટોનું પ્રમાણ બંધ થવાથી નકલી ચલણી નોટોનું પ્રમાણ બંધ થશે તેમજ નકલી નોટોના પ્રમાણ પર નિયંત્રણ થતાં અર્થવ્યવસ્થા વેગમાં વધારો થશે. નવી ચલણી નોટો બજારમાં આવતા નકલી નોટોનું પ્રમાણ બંધ થશે.

**10. ચૂંટણી ખર્ચમાં ઘટાડો :**

વિમુદ્રીકરણથી કાળા નાણાંનું પ્રામણ ઘટશે કારણ કે ભારતીય અર્થવ્યવસ્થામાં બિનનોંધાયેલ નાણાંના પ્રમાણથી જ ચુંટણીઓ લડવામાં આવે છે જેઓ કાળા નાણાંનો ઉપયોગ ચુંટણીમાં વ્યાપક પ્રમાણમાં કરે છે તેના પર નિયંત્રણ આવતા ખર્ચમાં ઘટાડો થશે.

- **વિમુદ્રીકરણ ગેરફાયદા : (Disadvantages of demonetization)**

**1. પ્રવાસનક્ષેત્ર પર અસર :** વિમુદ્રીકરણથી દેશના પ્રવાસન ઉદ્યોગને મોટું નુકશાન થયું છે. આ સમય દરમિયાન દેશના નાણાંની અછતના કારણે વિદેશી પ્રવાસીઓને મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો. ભારતમાં પ્રવાસ કરવાવાળા વિદેશી નાગરિકોએ પ્રવાસો રદ કરી નાખ્યા હતા. પરિણામે દેશનો પર્યટન ઉદ્યોગ મંદીની પરિસ્થિતિમાં આવી ગયો હતો. મંદીની આ પરિસ્થિતિ લાંબાગાળા સુધી ચાલી શકે છે.

**2. ઘરેલૂં ઉત્પાદનમાં ઘટાડો (GDP) :**

વિમુદ્રીકરણ આડઅસર દેશના જીડીપી દર પર થઇ છે. એવું થવું સામાન્ય છે. વિમુદ્રીકરણ દેશમાં અચાનક કરવામાં આવ્યું જે ભૂકંપ જેવું છે. જેનાથી અર્થતંત્રની ગતિ ધીમે પડે તે સ્વાભાવિક છે પરંતુ આ પરિસ્થિતિ થોડા સમય માટે છે. વિમુદ્રીકરણ પહેલા GDP નો દર 8% જેટલો હતો તે ઘટ્યો છે અને 6.3 ટકા જેટલો થઇ ગયો હતો.

**3. વિદેશી હુંડિયામણ :**

વિમુદ્રીકરણના કારણે વેપાર ઉદ્યોગોમાં ચલણની તંગી વર્તાતા વિદેશી વેપારને નુક્શાન થયું છે કેટલાંક નાના ઉદ્યોગો બંધ થઇ ગયા હતા. ટૂંકાગાળામાં આ સમય દરમિયાન ખૂબ મોટા પ્રમાણમાં ઉદ્યોગોને નુક્શાન થયું છે.

**4. લોકોની મુશ્કેલીમાં વધારો :**

નોટબંધ દરમિયાન ચલણી નોટોને બદલવા માટે લોકોએ બેંકમાં મોટા પ્રમાણમાં લાઇનો લગાવી હતી કેટલીક જગ્યાએ નાણાંના અભાવે સમાજિક પ્રસંગો માટે લોકોને પુરતા પ્રમાણમાં નાણાં મળી શક્યા ન હતા. બેંકના **ATM** મશીનોમાં પણ પુરતા નાણાં ન મળતા હતા અથવા મશીનો ખાલી હાલતમાં જોવા મળ્યા તેથી લોકોને મોટી મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો.

**5. રોજગારીમાં ઘટાડો :**

વિમુદ્રીકરણથી વેપાર ઉદ્યોગને અસર થતાં ઉદ્યોગોને પડેલી ચલણની મુશ્કેલીના પરિણામે રોજગારીના પ્રમાણમાં ઘટાડો થયો હતો. નાના મૂડી રોકાણકારોને પુર પ્રમાણમાં નાણાં ન મળતા ઉદ્યોગો મંદીમાં ફસાયા હતા. તેને કારણે રોજગારીમાં ઘટાડો થયો હતો.

## 7.12 વિમુદ્રીકરણની આર્થિક અસરો :

8 મી નવેમ્બર 2016 રાત્ર 8 વાગે વડાપ્રધાને નોટ બંધીની જાહેરાત કરી હતી. આ સમયગાળા દરમિયાન 50 દિવસ સુધી દેશભરમાં લાંબી-લાંબી લાઇનો જોવા મળી. આ પરિસ્થિતિ દેશમાં ક્યારે જોવા મળે ન હતી. નોટબંધી પછી દેશમાં કટલો બદલાવ આવ્યો છે અને નોટ બંધી તેના ઉદ્દેશ સફળ કરવામાં કેવી રહી છે તે તેની અસરો પરથી જાણી શકાય.

**1. ATM મશીન પર અસર :**

નોટ બંધી પહેલાં દેશમાં ATMની સંખ્યામાં વધારો થઇ રહ્યો હતો. નોટ બંધી બાદ મોટા ભાગના ATM બંધ પડી ગયા હતા. ATM અને બેંક સામે મોટી લાંબી લાઇનો જોવા મળી હતી. થોડા સમય પછી રોકડ વ્યવહારો ઓછા થતાં બેંકએ ATM નાખવાનું ઓછું છે. નવેમ્બર 2017ની વચ્ચે બ્રાન્ચની દૂર લાગતા ATMની સંખ્યામાં 741નો ઘટાડો થયો. જૂન ઓગસ્ટ 2017 વચ્ચે 358 ATM બંધ થયા છે.

**2. આવકવેરા વિભાગના દરોડા :**

નોટ બંધીના 53 દિવસમાં આવકવેરા વિભાગે રૂા. 3,185 કરોડની બેનામી આવક પકડી પાડી જેમાંથી રૂા. 428 કરોડ રોકડ સ્વરૂપે મળ્યા હતા. દેશમાં 1.48 લાખ લોકોએ 80 લાખ રૂપિયાથી વધુ રકમ જમા કરાવી. શંકાસ્પદ ખાતાઓમાં જમા થયેલી રકમની સરકાર દ્વારા તપાસ થઇ રહી છે.

**3. રોજગારી પર અસર :**

નોટ બંધીના સમય બાદ વિવિધ ક્ષેત્રોમાં 15 લાખથી વધારે લોકોએ નોકરીઓ ગુમાવી છે. અસંગઠિત ક્ષેત્રનાં સૌથી વધારે બેરોજગારી સર્જાઇ. હવે સરકાર સુધારાની પરિસ્થિતિ જણાવતા 2018-19 ના પ્રથણ ત્રિમાસિક ગાળાથી નવી નોકરીઓ આપવાનું વચન આપી રહી છે.

**4. GDP વૃદ્ધિદર :**

છેલ્લા પાંચ ત્રિમાસિક સમયગાળાથી GDP વૃદ્ધિ દર ઘટી રહ્યો છે. ચાલુ નાણાંકીય વર્ષ માટે RBI એ 7.3 કા વૃદ્ધિ દરનું અનુમાન કર્યું હતું, પણ પછીના સમયગાળામાં તેને ઘટાડીને 6.7 ટકા કરી દીધું છે.

**5. વ્યાજનો દર :**

નોટ બંધી પછી બેંન્કોમાં રોકડ નાણાંનું પ્રમાણ વધી ગયું હતું. પરિણામે લોનના વ્યાજદરોમાં એક વર્ષના સમયગાળા માં 1 ટકાથી વધુ ઘટાડો થયો છે. થાપણોના વ્યાજના દરમાં 0.5 ટકાનો ઘટાડો

થયો. ભવિષ્યમાં રિટેલ ફુગાવાનો દર 5 ટકાના અંદર રહે તો લોનના વ્યાજદરોમાં વધારે પ્રમાણ ઘટાડો લાવી શકાય.

**6. વ્યાજનો વૃદ્ધિદર :**

છેલ્લા પાંચ ત્રિમાસિક સમયગાળાથી GDP દર ઘટી રહ્યો છે. ચાલુ નાણાંકીય વર્ષ માટે RBI એ 7.3 ટકા વૃદ્ધિ દરનું અનુમાન કર્યુ હતું, પણ પછીના સમયગાળામાં તેને ઘટાડીને 6.7 ટકા કરી દીધું છે.

**5. વ્યાજનો દર :**

નોટ બંધી પછી બેંન્કોમાં રોકડ નાણાંનું પ્રમાણ વધી ગયું હતું. પરિણામે લોનના વ્યાજદારોમાં એક વર્ષના સમયગાળામાં 1 ટકાથી વધુ ઘટાડો થયો છે. થાપણોના વ્યાજના દરમાં 0.5 ટકાનો ઘટાડો થયો. ભવિષ્યમાં રિટેલ ફુગાવાનો દર 5 ટકાની અંદર રહે તો લોનના વ્યાજદારોમાં વધારે પ્રમાણ ઘટાડો લાવી શકાય.

**6. કૃષિક્ષેત્ર પર અસર :**

નોટ બંધીની જાહેરાત દરમિયાન ખેડૂતો પાક વેચવાની તૈયારીમાં હતા. નોટ બંધીથી તેમની ઉપજવા ભાવ 40 ટકા સુધી ઘટી ગયા. કૃષિ અને ટ્રાન્સપોર્ટ રોકડના વેપાર હોવાથી કૃષિ પેદાશના 25 થી 50 ટકા હિસ્સો તો વેચાણ વિના રહી ગયો હતો અને તેનો સંગ્રહ કરવો પડ્યો. રવિપાકના વાવેતરને તેની અસર થઇ. ખેડૂતો પર દેવું વધી ગયું, જેમાં ઉત્તર પ્રદેશ, પંજાબ, મહારાષ્ટ્ર અને કર્ણાટકે છેલ્લા એક વર્ષમાં ખેડૂતોના દેવા માફ કર્યા હતા. મધ્યપ્રદેશ, રાજસ્થાન, ગુજરાત અને તામિલનાડુ વગેરે ઘણાં રાજ્યોમાં ખેડૂતો દેવા માફીની માંગ કરી હતી. કેટલાંક રાજ્યોએ ખેડૂતોના દેવા માફીની જાહેરાત કરી હતી.

**7. હાઉસિંગ ધીરાણ પર અસર :**

હાઉસિંગ ધીરાણના વૃદ્ધિદરમાં 7 ટકાનો ઘટાડો થયો. નાઇટ ફ્રેન્ક અનુસાર ઓક્ટોબરથી ડિસેમ્બર 2016 માં દેશના મુખ્ય 8 શહેરોમાં એક વર્ષ અગાઉની તુલનાએ મકાનોનું વેચાણ 71 ટકા ઘટ્યું હતું 61 ટકા નવા પ્રોજેક્ટો ઓછા જાહેરાત થયા હતા. નવા મકાનોની કિંમતમાં 10 ટકા સુધી ઘટાડો થયો.

**8. મોંઘવારી પર અસર :**

ઓક્ટોબર 2016માં મોંઘવારી સીપીઆઇ દર 4.2 ટકા રહ્યો પરંતુ નોટ બંધીની જાહેરાત બાદ તે સતત ઘટ્યો છે, નવેમ્બરમાં ઘટીને 3.63 ટકા થઇ ગયો. જૂન 2017માં ઘટીને 1.54 ટકા પર આવી ગયો હતો. 8 માસ સુધી મોંઘવારી દર ઘટ્યો છે પરંતુ GST લાગુ થયા બાદ તેમાં વધારો થયો છે. સપ્ટેમ્બરમાં તે 3.82 ટકા રહ્યો છે.

**9. સર્વિસ સેક્ટર પર અસર :**

નોટ બંધી પછી સર્વિસ સેક્ટરનો વૃદ્ધિદર પહેલી વખત ઘટ્યો છે. જૂન 2015 પછી પહેલી વાર કંપનીઓના ઓર્ડરો ઘટ્યા છે. સર્વિસ સેક્ટરની કંપનીઓનું ટ્રેકિંગ કરનારી નિકકેઇ ઇન્ડિયા સેક્ટરનો PMI નંબર 46.5થી ઘટીને 54.5 થયો હતો.

**10. વેપારીઓ પર અસર :**

નોટ બંધીની સૌથી વધારએ અસર વેપારીઓ પર થઇ હતી. ટ્રેડર્સની સંસ્થા કેટે કહ્યું કે નોટ બંધી પછીના એક વર્ષ દરમિયાન વેપારમાં 40 ટકા નુકશાન થયું છે કેટના દાવા પ્રમાણે બેરોજગારીને કારણે એક વર્ષમાં ટ્રેર્સની સંખ્યા 30 લાખ વધી ગઇ. નોટ બંધી બાદ રૂા. 15.28 લાખ કરોડ બન્કોમાં પાછા આવ્યા હોય તો કાળાનાણાંનું પ્રમાણ દર કરવાની સરકારની જાહેરાતનું શું થયું ? શું કાળું નાણું રોકડ સ્વરૂપમાં ન હતું ? નોટ બંધીના ઉદ્દેશોમાં સામેલ નકલી નોટ, ભષ્ટાચાર અને આંતકવાદ પર નિયંત્રણના સરકારના દાવાનું શું થયું ?

**તમારી પ્રગતિ ચકાસો - 5**

1. હાલમાં ભારતમાં વિમુદ્રીકરણ ક્યારે થયું ?

જ. ..........................................................................

..........................................................................

2. વિમુદ્રીકરણ એટલે શું ?

જ. ..........................................................................

..........................................................................

3. વિમુદ્રીકરણના હેતુઓ જણાવો.

જ. ..........................................................................

..........................................................................

4. વિમુદ્રીકરણના ફાયદાઓ જણાવો.

જ. ..........................................................................

..........................................................................

5. નોટ બંધીના મુખ્ય હેતુઓ કયા હતા ?

જ. ..........................................................................

..........................................................................

- **નીચેના વિધાનો સાચાં કે ખોટાં તે કયા હતા ?**

(1) ભારતમાં આઝાદી પહેલાં 1946 માં વિમુદ્રીકરણ કરવામાં આવ્યું હતું.

(2) નોટ બંધીથી કાળાનાણાંના પ્રમાણમાં ઘટાડો કરવામાં આવ્યું હતં.

(3) 1978માં જનતા સરકારે નોટ બંધીની જાહેરાત કરી હતી.

(4) નોટ બંધીની રોજગારી પર વ્યાપક અસર જોવા મળી હતી.

(5) નોટ બંધીથી ફુગાવાનો દર વધ્યો છે.

(6) નોટ બંધી બાદ GDP વૃદ્ધિ દરમાં ઘટાડો થયો છે.

(7) વિમુદ્રીકરણની સર્વિસ સેક્ટર પર હકારાત્મક અસર જોવા મળી છે.

## 7.13 સારાંશ :-

રિઝર્વ બેંક કોઈપણ દેશની સર્વોચ્ચ બેંક છે. ભારતમાં રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા દેશની સર્વોચ્ચ બેંક છે જેની સ્થાપના 1935 માં કરવામાં આવી હતી. ભારતમાં રિઝર્વબેંક ઓફ ઈન્ડિયાનું 1949 માં રાષ્ટ્રીયકરણ કરવામાં આવ્યું હતું. દેશની બધી જ બેંકનું નિરીક્ષણ અનને બેંકની શાખ સર્જનની પ્રવૃત્તિનું નિયંત્રણ કરે છે. આધુનિક સમયમાં કોઈપણ દેશના અર્થતંત્રમાં શાખનું નિયમન જે તે દેશની રિઝર્વ બેંક (મધ્યસ્થ) દ્વારા થાય છે. કેન્દ્રીય બંક એક એવી બેંકિંગ પ્રણાલી છે. જેમાં કોઈ ક બેંકને ચલણી નોટ છાપવાનો સંપૂર્ણ ઈજારો આપવામાં આવ્યો છે. મધ્યસ્થ બેંક અનેક કાર્ય કરે છે જેમાં (1) ચલણી નોટો બહાર પાડવાનું કાર્ય (2) સરકારની બંક તથા એજન્ટ તરીકેનું કાર્ય (3) વ્યાપારી બેંકના બેંકર અને અંતિમ સહાયક તરીકે (4) વિદેશી હુંડિયામણની અનામતોના સંરક્ષણ તરીકે (5) બેંક વચ્ચેની લેવડ - દેવડ તથા પતાપટ નું કાર્ય અને (6) શાખ નિયંત્રણ તરીકેનું કાર્ય છે.

શાખ નિયમન એટલે શાખી નાણાંનું પરિમાણોનો વેપાર - ઉદ્યોગની જરૂરિયાતો સાથે સંકલન કરવું. શાખ નિયંત્રણના મધ્યસ્થ બેંકના હેતુઓમાં (1) સામાન્ય ભાવ સપાટીની સ્થિરતા જાળવવા (2) આર્થિક વિકાસને વેગ આપવા (3) વિનિમય દરની સ્થિરતા માટે (4) નાણાં બજારની સ્થિરતા જાળવવા માટે.

શાખ નિયંત્રણના સાધનોના પરિચય આપવામાં આવે તો રિઝર્વ બેંક બે રીતે શાખનું નિયમન કરે છે. (અ) પરિણાત્મક શાખ નિયંત્રણના સાધનો અને (બ) ગુણાત્મક શાખ નિયંત્રણનો સાધનો છે. પરિણાત્મક શાખ નિયંત્રણના સંબંધ શાખ પ્રમાણ સાથે જ્યારે ગુણાત્મક શાખ નિયંત્રણનો સંબંધ શાખના ''ઉપયોગ'' સાથે રહેલો છે. (અ) પરિણાત્મક શાખ નિયંત્રણના સાધનોમાં (1) બેંકદરની નીતિ (2) રોકડ અનામતના પ્રમાણમાં ફેરફાર અને (3) ખુલ્લા બજારની નીતિ છે મધ્યસ્થ બેંકના પરિણાત્મક સાધનો અસરકારક સાબિત ન થાય ત્યારે બેંક ગુણાત્મક શાખ નિયંત્રણના સાધનોનો ઉપયોગ કરે છે. જે આ પ્રમાણે છે.

(બ) ગુણાત્મક શાખ નિયંત્રણના સાધનોમાં (1) શાખની માપબંધી (2) આદેશો (3) સીધા પગલા (4) નૈતિક દબાણ અથવા સમજાવટ (5) ઋણની સીમામાં ફેરફાર (6) ઉપભોક્તાની શાખનું નિયંત્રણ અને (7) પ્રચાર જેવાં સાધનો છે.

શાખ નિયંત્રણ સાધનોની મર્યાદાઓ રીઝર્વ બેંકની નિષ્ફળતાનું પ્રદર્શન કરે છે તેની મર્યાદાઓ આ પ્રમાણે છે. (1) વધારાની રોકડ અનામતો (2) નાણા બજાર અને મૂડી બજારનો અભાવ (3) ફુગાવો કે મંદીને અંકુશિત કરવામાં નિષ્ફળ (4) નાણાંકીય અને રાજકોષીય નીતિ વચ્ચે સંકલનનો અભાવ (5) બિન-બેંકિંગ નાણાંકિય સંસ્થાઓ (6) રાજકીય અસ્થિરતા (7) નફાનું પ્રમાણ (8) જામીનગીરીનો જથ્થો (9) ધીરાણના વૈકલ્પિક સ્રોતો (10) ધિરકાણનો બિન ઉત્પાદક ઉપયોગ અને (11) પરાવલંબન જેવી મર્યાદાઓ જોવા મળે છે. પરિણાત્મક શાખ નિયંત્રણના સાધનો નિષ્ફળ જાય ત્યારે ગુણાત્મક શાખ નિયંત્રણના સાધનોનો ઉપયોગ થાય છે. બંને સાધનોની કેટલીક મર્યાદાઓ છે. આમ છતાં નાણાંકીય નીતિના સાધનોનું રાજકોષીય નીતિના સાધનો સાથે સંકલન કરવામાં આવે તો આ સાધનો વધારે અસરકારક સાબિત થઈ શકે.

## 7.14 ચાવીરૂપ શબ્દો (Key Words)

**રિઝર્વ બેંકનો અર્થ :-**

''કેન્દ્રીય બેંક તેને કહેવાય જેનું મુખ્ય કાર્ય દેશમાં ચલણ તેને શાખી નાણાંનું નિયમન કરવું''

**ચલણનો સિધ્ધાંત :-**

ચલણના સિધ્ધાંત અનુસાર કાગળ નાણાંની સંપૂર્ણ પરિવર્તનીયતા પણ માટે નાણાંકીય સત્તાએ ચલણી નોટોની કિંમતની બરાબર સુવર્ણની અનામતો રાખવાની પદ્ધતિ દેશની મધ્યસ્થ બેંક ચલણના પીઠબળ તરીકે 100% સુવર્ણની અનામત રાખતી હોય છે.

**બેકિંગ સિદ્ધાંત :-**

આ સિદ્ધાંત અનુસાર ચલણી નોટો બહાર પાડવાનું કાર્ય સંપુર્ણપણે દેશની રિઝર્વબેંકની વિવેકબુદ્ધિ પર છોડી દેવું જોઈએ.

**શાખ નિયંત્રણ :-**

શાખ નિયંત્રણ એટલે શાખી નાણાંનો વેપાર ઉદ્યોગની તેમજ અર્થતંત્રના અન્ય વિભાગોની જરૂરિયાતો સાથે મેળ બેસાડવો.

**બેંકદર :-**

જે દરે વેપારી બેંકના પ્રમુખ પંક્તિના વિનિમપત્રો અથવા માન્ય કરેલી જામીનગીરીઓને વટાવી આપી ધીરાણ કેર તે દર.

**રેપોરેટ :-**

ભારતની રિઝર્વ બેંક જે વ્યાજદરે વેપારી બેંક પાસેથી લોન મેળવે તે દર.

**રિવર્સ રેપોરેટ :-**

ભારતીય રિઝર્વ બેંક વેપારી બેંકને જે દરે લોન આપે તે દર.

**ખુલ્લા બજારની નીતિ :-**

રિઝર્વ બેંક દ્વાર ખુલ્લા બજારમાં જામીનગીરીઓની ખરીદી અથવા વેચાણ કરીને નાણાં બજારનું નિયમન કરાવની નીતિ.

**રોકડ અનામત પ્રમાણ :-**

બેંક પાસેની કુલ થાપણોના અમુક ટકા હિસ્સો રિઝર્વ બેંકમાં રોકડ સ્વરૂપમાં જમા રાખવાની ટકાવારી પ્રમાણ.

**કાયદામાન્ય પ્રવાહીત :-**

બેંક દ્વારા થતાં કુલ ધીરાણના અમુક ટકા સરકારી જામીનગીરીઓમાં ફરજિયાત રોકાણ કરવું પડે તેની ટકાવારી.

**વિમુદ્રીકરણ :** સરકારન જૂની ચલણી નોટો કાયદાકીય રીતે બંધ કરી તેની જગ્યાએ નવી ચલણી નોટોની જાહેરાત કરે તેને વિમુદ્રીકરણ કહે છે.

**માર્જીનલ સ્ટેન્ડિંગ ફેસીલીટી :-**

રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાએ વ્યાપારી બેંક અને ઉદ્યોગોની સસ્તા ધીરાણની માંગણી સંતોષવા ટૂંકી મુદ્દતની વધારાની પ્રવાહીતા પુરી પાડવાની નીતિ.

**નાણાંકીય નીતિ :** અમુક નિશ્ચિત હેતુઓને સિદ્ધ કરવા માટે નાણાંકીય સાધનોનું નિયમન કરવાની નીતિ.

## 7.15 તમારી પ્રગતિ તપાસોના જવાબો :

**તમારી પ્રગતિ ચકાસો - 1**

4. (i) ખરું (ii) ખરું (iii) ખોટું (iv) ખરું (v) ખોટું (vi) ખરું (vii) ખરું (vii) ખોટું (ix) ખરું (v) ખોટું

**તમારી પ્રગતિ ચકાસો - 2**

3. (i) ખરું (ii) ખોટું (iii) ખરું (iv) ખરું (v) ખરું

4. (i) વેપાર અને ઉદ્યોગ (ii) શાખી (iii) શાખ

**તમારી પ્રગતિ ચકાસો - 3**

5. (i) ખરું (ii) ખરું (iii) ખોટું (iv) ખરું (v) ખોટું (vi) ખરું

6. (i) ખરીદી વેચાણ

(ii) ખરીદી વેચાણ

(iii) ઘટાડો

(iv) શાખની

(v) RBI

(vi) ઉપભોક્તા કે ગ્રાહક

**તમારી પ્રગતિ ચકાસોના જવાબો - 4**

- **ખરાં છે કે ખોટા**

(1) ખરું (2) ખરું (3) ખોટું (4) ખોટું (5) ખરું

- **ખાલી જગ્યા પૂરો.**

(1) ફુગાવા જન્મ (2) નિશ્ચિત (3) બે (4) NPA

- **તમારી પ્રગતિ તપાસોના જવાબો - 5**
- **ખરાં છે કે ખોટા તે જણાવો.**

(1) ખરું (2) ખોટું (3) ખરું (4) ખરું

(5) ખોટું (6) ખરું (7) ખોટું

## 7.16 સત્રાંત પ્રશ્નો

(1) રિઝર્વ બેંકનો અર્થ આપી તેના કાર્યો ચર્ચો.

(2) ચલણી નોટો બહાર પાડવાની પદ્ધતિઓ સમજાવો.

(3) શાખ નિયમનનો અર્થ આપી સામાન્ય શાખ નિયંત્રણના સાધનોની ચર્ચા કરો.

(4) શાખ નિયંત્રણનો અર્થ આપી. ગુણાત્મક શાખ નિયંત્રણના સાધનોની ચર્ચા કરો.

(5) રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાના શાખ નિયંત્રણના સાધનો જણાવો.

(6) શાખ નિયંત્રણ સાધનોની મર્યાદાઓ જણાવો.

**(7) ટૂંકનોંધ લખો :-**

(અ) ચલણનો સિદ્ધાંત

(બ) શાખ નિયંત્રણના હેતુઓ

(ક) બેંકદરની નીતિ

(ડ) રોકડ અનામત પ્રમાણ

**(8) નીચેની પદ્ધતિઓમાં વ્યાજદરોમાં ફેરફારો કેવી રીતે ફેરફાર થાય છે તે સમજાવો.**

(અ) રેપોરેટ (બ) રિવર્સ રેપોરેટ

(ક) કાયદા માન્ય નાણાંની પ્રવાહીમાં ફેરફાર

## 7.17 સંદર્ભ :


- જૈન અને મુકેશ : ભારતીય અર્થતંત્ર, વી.કે. પબ્લિકેશન
- R.G. Hawtrey : The art of central Banking - p. 161
- રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાનો વાર્ષિક રિપોર્ટ - 2017 - 18
- R.S.Sayers - Moden Banking


❖

# એકમ 8 વ્યાપારચક્રો

રૂપરેખા


8.1 ઉદ્દેશો

8.2 પ્રસ્તાવના

8.3 વ્યાપારક ચક્રનો અર્થ

8.4 વ્યાપારચક્રનું સ્વરૂપ

- 8.4.1 મોસમી ફેરફાર
- 8.4.2 ચક્રાકાર ફેરફાર
- 8.4.3 લાંબાગાળાના વલણો
- 8.4.4 આકસ્મિક ફેરફાર

8.5 વ્યાપારચક્રના લક્ષણો

- 8.5.1 ચક્રાકાર ક્રાંતિ
- 8.5.2 ઉદ્યોગ પ્રધાન દેશમાં
- 8.5.3 સમાન આકાર
- 8.5.4 તબક્કાઓ (સ્વયં વિકસિત)
- 8.5.5 ગતિમાં જુદાપણું
- 8.5.6 અનેક પ્રવૃત્તિઓમાં એક સાથે
- 8.5.7 આંતરરાષ્ટ્રીય સ્વરૂપ

8.6 વ્યાપારચક્રના તબક્કાઓ

- 8.6.1 મંદી (Depression)
- 8.6.2 સુધારણા (Revival)
- 8.6.3 તેજી (Prosperity)
- 8.6.4 ફુગાવો
- 8.6.5 ઓટ (Recession)

8.7 સારાંશ

8.8 ચાવીરૂપ શબ્દો

8.9 સંદર્ભ પુસ્તકો

8.10 'તમારી જાતે ચકાસો' ના જવાબ


## 8.1 ઉદ્દેશો

આ એકમના અભ્યાસ પછી તમે

- વ્યાપારચક્ર કોને કહેવામાં આવે છે તે જાણી શકશો.
- વ્યાપારચક્રનું સ્વરૂપ કેવું હોય છે. તે સમજી શકશો.
- વ્યાપારચક્રના લક્ષણો વિશે માહિતગાર થઈ શકશો.
- વ્યાપારચક્રના તબક્કાઓ અંગે સમજી શકશો.

## 8.2 પ્રસ્તાવના :

વિકાસની પ્રક્રિયા હંમેશા આંટીઘૂંટીવાળી રહી છે. વિકસિત અર્થતંત્રમાં આર્થિક પ્રવૃત્તિઓમાં સતત બદલાવ આવ્યા કરે છે અને તેથી જ આર્થિક પ્રવૃત્તિઓમાં આવતા આ પરિવર્તનો વિકસિત અર્થતંત્રની ખાસિયત ગણવામાં આવે છે વિદ્યાર્થી મિત્રો, સામાન્યતઃ વ્યાપારચક્રો એ કોઈ કુદરતી પરિબળોમાંથી ઉદ્ભવતા નથી કે આકસ્મિક રીતે પણ આવતી નથી. પરંતુ વ્યાપારચક્રો એ કોઈ ચોક્કસ સ્વરૂપે ઉદ્ભવેલ અને ગતિવિધિ ધરાવતી આર્થિક ઘટના છે. જો આપણે યુ.એસ.એ.નું ઉદાહરણ લઈ એ તો ડિસેમ્બર 1854 થી લઈને જૂન 1938 ના સમયગાળા દરમિયાન ત્યાં 21 જેટલા પૂર્ણ વ્યાપારચક્રો નોંધવામાં આવ્યા હતા. તે જ રીતે, ઈંગલેન્ડના આર્થિક વિકાસને ધ્યાને લઈએ તો, સ્પષ્ટ જોવા મળે છે કે ઔદ્યોગિક ક્રાંતિ પહેલાં ઈંગ્લેન્ડમાં આજે જોવા મળે છે તેવાં વ્યાપારચક્રે હતા નહી. ઈ.સ. 1815 પછી એટલે કે નેપોલિયનનાં યુદ્ધો બાદ ગ્રેટ બ્રિટનમાં વ્યાપારચક્રો જોવા મળ્યાં હતાં. સરળ ભાષામાં કહીએ તો વ્યાપારચક્ર એ બીજું કાંઈ જ નથી પણ આવક, ઉત્પાદન રોજગારી અથવા સમગ્ર આર્થિક પ્રવૃત્તિના વિસ્તરણ અને સંકોચનની પ્રક્રિયા છે.

## 8.3 વ્યાપારચક્રનો અર્થ : (Meaning Of Trade Cycle)

શરૂઆતના સમયમાં વ્યાપારચક્રોને કંઈક જુદી જ રીતે રજૂ કરવામાં આવતા હતા અને વ્યાપારચક્રના બદલે 'કટોકટી' એવો શબ્દ પ્રયોગ કરવામાં આવતો હતો. સમય જતાં કલેમન્ટ જગલરે યુગ્લરે (Clement Juglar) આ ઘટનાને એક સંકલિત બાબત તરીકે સમજાવી. તેમના મતે વ્યાપારચક્રમાં સમૃદ્ધિ, કટોકટી અને પતાવટના તબક્કાનું ક્રમશઃ સતત પુનરાવર્તન થતું હોય છે. કેટલાંક સંશોધનોના પરિણામે અર્થશાસ્ત્રીઓ એ તારણ કાઢ્યું કે મોજા જેવી ગતિ (Wave like movement) નો અભ્યાસ વ્યાપારચક્રને સમજવા માટે વધુ યોગ્ય છે, ન કે કટોકટીનો અભ્યાસ.

વ્યાપારચક્રને સમજાવવા માટે વિવિધ અર્થશાસ્ત્રીઓએ જુદી જુદી રીતે તેની વ્યાખ્યાઓ આપી છે. જે નીચે મુજબ છે.

**પ્રો.મિચેલ તથા આર્થર બર્ન્સ** તેમના પુસ્તક 'Measuring Business Cycles' માં જણાવ્યા મુજબ,

"વ્યાપારચક્ર એ એક જ સમયે ઘણી આર્થિક પ્રવૃત્તિઓમાં દેખાતી તેજી, ઓટ, મંદી અને સુધારણા જે અંતે બીજા વ્યાપારચક્રની તેજીમાં ભળી જાય છે, તેનું બનેલું હોય છે. પરિવર્તનોના આ ક્રમ ફરી ફરીને જોવા મળે છે. જો કે તેની સમય મર્યાદા એક કરતા વધુ વર્ષથી માંડીને દસ બાર વર્ષની હોય છે"

- **પ્રો. જે. એ. એસ્ટે :-**

"એક વર્ષથી વધારે સમય સુધી ચાલતી તેજી અને મંદીના મોજા જેવી આર્થિક પ્રવૃત્તિની ઉથલપાથલોને વ્યાપારચક્ર કહેવામાં આવ છે."

- **પ્રો. જે. કે. મિત્રા :-**

"વ્યાપારચક્ર એવી ઘટના છે કે જે બધા મૂડીવાદી સમાજોમાં વધતા - ઓછા નિયમિત ક્રમમાં આવતા આર્થિક પરિવર્તનોનો નિર્દેશ કરે છે."

- **પ્રો હેન્સન :-**

"વનસ્પતિશાસ્ત્ર અને વિજ્ઞાનોમાં ચક્રનો અર્થ ઘટનાઓનો ક્રમ એવો થાય છે, કે જેનું સતત પુનરાવર્તન થયા કરે છે. પણ એકસરખા સમયગાળામાં નહિ કે એકસરખા અંશમાં પણ નહિ અહીં ક્રમના પુનરાવર્તન પર વિશેષ ભાર મુકવામાં આવ્યો છે. જેમાં ચક્રના વિવિધ તબક્કાઓ Prosperity, Recession, depression તથા Revival એના ક્રમમાં પુનરાવર્તન થાય છે."

- **પ્રો.જે.એમ.કેઈન્સ :-**

"વ્યાપારચક્ર એ વેપારનો સમયગાળો છે કે જેમાં ભાવો વધતા હોય છે અને બેકારીની ટકાવારી

નીચી હોય છે તથા નબળા વેપારનો સમયગાળો કે જેમાં ભાવો ઘટતા હોય છે અને બેકારીની ટકાવારી ઊંચી હોય છે તેનું બનેલું હોય છે''

આમ, કેઈન્સના મત મુજબ વ્યાપારચક્ર એ બે ગાળાનું બનેલુ હોય છે. ખીલતો વેપાર અને ભાંગતો વેપાર જે પૈકી ખીલતો વેપારના ગાળામાં ઉત્પાદનમાં સતત વધારો થતો જોવા મળે છે અને ઉત્પાદન વધતા બેરોજગારીનું પ્રમાણ ઘટતું જાય છે અને ચીજવસ્તુઓ તથા સેવાની માંગમાં વધારો થતાં ભાવોમાં વધારો થતો જાય છે જ્યારે ભાંગતા વેપારના સમય દરમિયાન ઉત્પાદનમાં સતત ઘટાડો જોવા મળે છે. ઉત્પાદનમાં સતત ઘટાડો જોવા મળે છે. ઉત્પાદન ઘટતાં બેરોજગારીનું પ્રમાણ વધતું જાય છે અને ચીજવસ્તુઓ તથા સેવાની માંગમાં ઘટાડો થતાં તેમના ભાવોમાં ઘટાડો જોવા મળે છે.

વ્યાપારચક્રોના સમય તેમની અસરોની તીવ્રતા વગેરેમાં વિવિધતા હોવાના કારણે વ્યાપારચક્ર અંગે કોઈ ચોક્કસ નિયમ રજૂ કરી શકાય તેમ નથી. સમયની દ્રષ્ટિએ જોઈએ તો કેટલાંક વ્યાપારચક્રો એક વર્ષનાં તો કેટલાંક બે વર્ષના પણ હોય છે. તો વળી કેટલાંક બહુ જ લાંબા સમયના પણ જોવા મળે છે. આવા લાંબાસમયગાળાના વ્યાપારચક્રો અંગે સૌપ્રથમ રશિયન અર્થશાસ્ત્રી કોન્ડ્રેટીવે સંશોધન કરેલ હોવાથી તેમને કોન્ડ્રાટિવ ચક્ર તરીકે ઓળખવામાં આવે છે. વ્યાપારચક્રોનો સમયગાળો જુદો જુદો હોવાં છતાં કેટલાંક અર્થશાસ્ત્રીઓએ તેમનો સરેરાશ સમય કાઢવાનો પ્રયાસો પણ કર્યો છે. હેન્સને ઈ.સ.1837 થી ઈ.સ. 1937 સુધીના સૌ વર્ષના સમયગાળા દરમિયાન બાર જુદા જુદા વ્યાપારચક્રોની નોંધ કરી અને તેના આધારે વ્યાપારચક્રોનો સરેરાશ સમય 8.33 વર્ષનો ગણાવ્યો છે.

વ્યાપારચક્રો અંગે રજૂ થયેલ વિવિધ વ્યાખ્યાઓ પૈકી પ્રો.મિચેલની વ્યાખ્યા વધુ સ્વીકાર્ય બની છે. આ વ્યાખ્યામાં વ્યાપારચક્રોની ત્રણ અગત્યની બાબતોનો નિર્દેશ કરવામાં આવેલ છે.

(1) વ્યાપારચક્રો માત્ર સંગઠિત સમાજો કે જેમાં નાણાંની વપરાશ થાય છે, ત્યાં જ જોવા મળે છે.

(2) વ્યાપારી સંજોગોમાં આવતાં પરિવર્તનો એ વ્યાપારચક્ર છે.

(3) વ્યાપાર તથા આર્થિક પ્રવૃત્તિઓમાં નિયમિત તેમજ અમુક સમયના અંતરે આવતાં પરિવર્તન એ વ્યાપારચક્ર છે.

જુદા જુદા અર્થશાસ્ત્રીઓમાં પ્રવર્તતા એક સર્વસામાન્ય મત મુજબ વ્યાપારચક્રનો સમયગાળો 7 થી 11 વર્ષનો હોય છે.

## 8.4 વ્યાપારચક્રનું સ્વરૂપ : - (Forms of Trade cycle)

વિદ્યાર્થી મિત્રો વ્યાપારચક્ર કોને કહેવામાં આવે છે તે અંગે આપણે જુદા જુદા અર્થશાસ્ત્રીઓએ આપેલી વ્યાખ્યાઓ જોઈ. હવે આપણે વ્યાપારચક્રના સ્વરૂપ અંગે ચર્ચા કરીએ. જો સ્વરૂપની દષ્ટિએ જોઈએ તો વ્યાપારચક્રોનું નીચે મુજબના ચાર વિભાગોમાં વર્ગીકરણ કરવામાં આવે છે.

### 8.4.1 મોસમી ફેરફાર :- (Seasonal Fluctuation)

મોસમના ફેરફારોના પરિણામે ઉદ્દભવતા વેપારચક્રોનો સમાવેશ અહીં કરવામાં આવે છે. સમય અને સ્થળ મુજબ ઋતુઓ બદલાયા કરે છે. ઋતુમાં પરિવર્તન આવવાના પરિણામે જુદી જુદી ચીજવસ્તુઓની માંગમાં તથા પુરવઠામાં પણ ફેરફારો થતાં રહે છે. જેમકે, ચોખાનો પાક બજારમાં મુખ્યત્વે શિયાળામાં આવે છે. પરિણામે શિયાળામાં બજારમાં ચોખાનો પુરવઠો વધતા તેના ભાવોમાં આ સમય દરમિયાન ઘટાડો જોવા મળે છે જ્યારે બાકીના સમયમાં તેના ભાવોમાં વધારો થયેલો જોવા મળે છે. ભાવોમાં થતી આ વધઘટના પરિણામે અર્થતંત્રમાં આર્થિક પ્રવૃત્તિઓમાં ભરતી અને ઓટનો અનુભવ થાય છે.

કુદરતી તેમજ સામાજિક વ્યવસ્થાના લીધે અર્થતંત્રમાં અમુક સમયના અંતરે પરિવર્તનો આવે છે. જેમકે લગ્ન ગાળામાં સોના, ચાંદી, ઘરેણાં, કપડાં વગેરેની માંગમાં મોટા પાયે વધારો થયેલ જોવા મળે છે. આ પ્રકારના મોસમી ફેરફારોના સમયગાળો સામાન્ય રીતે એક વર્ષનો હોય છે. આ પ્રકારના ફેરફારોની વિપરીત અસર અર્થતંત્ર પર ન પડે તે માટે તેને અનુરૂપ અર્થવ્યવસ્થા રચી શકાય છે.

### 8.4.2 ચક્રાકાર ફેરફાર :- (Cyclical Fluctuation) :-

વ્યાપારચક્રો મુખ્યત્વે ચક્રાકાર સ્વરૂપના હોય છે. કેટલાંક પરિબળો એવા હોય છે. કે જેના લીધે અર્થકારણમાં મોજાના જેવી (Wave - like) ચડ - ઉતર અમુક સમયના અંતરે થાય છે આ પ્રકારની ચડ ઉતર ખૂબ જ ભારે હોય છે અને તેથી તે સમાજ માટે અસહ્ય હોય છે. આ ચડ - ઉતર નું મંદી, સુધારણા, તેજી અને ઓટ જેવાં તબક્કાઓમાં વર્ગીકરણ કરવામાં આવ છે. આગળ જતા આ તબક્કાઓની આપણે વિગતવાર ચર્ચા કરવાના છીએ.

### 8.4.3 લાંબાગાળાના વલણો : (Long Terms Secular Trends)

આર્થિક જીવન પરિવર્તનશીલ હોય છે. આથી આર્થિક જીવનમાં લાંબાગાળે પરિવર્તનો જોવા મળે છે. આર્થિક પ્રવૃત્તિઓમાં મોસમી ફેરફારો તથા ચક્રાકાર ફેરફારો ઉપરાંત લાંબાગાળાના વલણો પણ કામ કરતા હોય છે. જેના પરિણામે આર્થિક પ્રવૃત્તિઓ સ્થિર રહી શકતી નથી. આ વલણોના સમયગાળાની જો ચર્ચા કરીએ તો તે પેઢી દર પેઢી ચાલે તેટલો લાંબો હોય છે કે જેના અભ્યાસ દ્વારા આર્થિક પ્રવૃત્તિઓની દિશા નક્કી કરી શકાય છે. જેમ કે, નવા સાધનો, ટેકનોલોજીકલ પ્રગતિ, વસ્તીમાં થતો સતત વધારો વગેરે, આ પ્રકારના પરિવર્તનો અર્થવ્યવસ્થાને ઊંચા સ્તરે લઈ જાય છે તેથી આવા પરિવર્તનો અર્થતંત્ર માટે લાભદાયક ગણવામાં આવે છે. આવા પરિવર્તનો ઝડપી હોતા નથી પરંતુ ક્રમિક હોય છે. જેથી ઘટિત ગોઠવણીની અનુકૂળતા રહે છે.

### 8.4.4 આકસ્મિક ફેરફાર :- (Random Fluctuations)

વ્યાપારચક્રોના ઉપરોક્ત ત્રણેય પ્રકારોમાં સમયની દૃષ્ટિએ કેટલાંક અંશે નિયમિતતા જોવા મળે છે. પરંતુ આર્થિક જીવનમાં કેટલીકવાર કેટલીક ઊથલપાથલો અણધારી રીતે આવતી હોય છે કે જેના માટે કોઈ ચોક્કસ સમય કહી શકાતો હોતો નથી. તેમજ તેના કોઈ નિશ્ચિત કારણો પણ હોતા નથી. આમ, કેટલાંક ફેરફારો આકસ્મિક અને અનિયમિત રીતે જ આવતાં હોય છે. જેમકે ભુકંપ, યુદ્ધ, દુષ્કાળ, પુર વગેરે. આવા પરિબળો આર્થિક જીવનમાં પરિવર્તનો લાવે છે કે જેના વિશે આગાહી કરી શકતી નથી. જો આવી ઘટનાઓને અટકાવી ન શકીએ તો તેનાં પરિણામોને પણ અટકાવી શકતા નથી. પરંતુ તેના પરિણામો ઓછા હાનિકારક બને તે માટે પ્રયત્નો કરી શકાય છે.

- **તમારી જાતે ચકાસો - (ક)**

(1) ડિસેમ્બર 1854 થી લઈને જૂન 1938ના સમયગાળા દરમિયાન અમેરિકામાં કેટલા પૂર્ણ વ્યાપારચક્રો જોવા મળ્યા હતા ?

______________________________

(2) ગ્રેટ બ્રિટનમાં વ્યાપારચક્રો ક્યારે જોવા મળ્યા ?

______________________________

(3) વ્યાપારચક્રને એક સંકલિત બાબત તરીકે કોણે ઓળખાવ્યા ?

______________________________

(4) વ્યાપારચક્રનો સમજવા માટે શેનો અભ્યાસ વધુ ઉપયોગી બને છે ?

______________________________

(5) વ્યાપારચક્રની વધુ સ્વીકાર્ય વ્યાખ્યા જણાવો.

______________________________

(6) ખીલતો વેપાર અને ભાંગતો વેપાર એટલે શું ?

______________________________

(7) હેન્સનના મતે વ્યાપારચક્રોનો સરેરાશ સમય કેટલા વર્ષનો હોય છે ?

______________________________

(8) વ્યાપારચક્રનું વર્ગીકરણ કયા કયા વિભાગોમાં કરવામાં આવ્યું છે ?

---

(9) વ્યાપારચક્રના સંદર્ભમાં લાંબાગાળાના વલણો આર્થિક વ્યવસ્થા માટે લાભદાયક હોય છે કે કેમ ? તમારું મંતવ્ય જણાવો.

---

(10) મોસમી ફેરફારો એટલે શું ?

---

(11) વ્યાપારચક્રો મુખ્યત્વે કેવા હોય છે ?

---

(12) શું આકસ્મિક ફેરફારોને અટકાવી શકાય છે ? કેમ ?

---

- નીચેના વિધાનો ખરાં છે કે ખોટાં તે લખો.
  (1) વ્યાપારચક્ર એ કુદરતી પરિબળોમાંથી ઉદ્ભવે છે.
  (2) પ્રો. હેન્સને વ્યાપારચક્રને એક સંકલિત બાબત તરીકે સમજાવી.
  (3) વ્યાપારચક્રમાં પરિવર્તનોનો ક્રમ પુનરાવર્તિત થતો રહે છે.
  (4) કેઇન્સના મતે વ્યાપારચક્ર બે ગાળાનું બનેલું છે.
  (5) વ્યાપારચક્રની સમય મર્યાદા એક વર્ષની હોય છે.
  (6) લાંબાગાળાના વ્યાપારચક્રને કોન્ડ્રાટિવ ચક્ર તરીકે ઓળખવામાં આવે છે.

## 8.5 વ્યાપારચક્રના લક્ષણો (Charactristics of Trade Cycles) :-

અગાઉ આપણે વ્યાપારચક્રની વ્યાખ્યાઓ તથા તેના સ્વરૂપની ચર્ચા કરી. જેના આધારે વ્યાપારચક્રની કેટલીક લાક્ષણિકતાઓ નીચે મુજબ તારવી શકાય

### 8.5.1 ચક્રાકાર ક્રાંતિ

વ્યાપારચક્રમાં મંદી, સુધારણા, તેજી અને ઓટ એમ આ ચારેય તબક્કાઓ ચક્રાકાર ગતિ એ વારા ફરતી આવ્યા કરે છે. આ દરેક તબક્કાનો સમય જુદો જુદો હોય છે. સામાન્ય રીતે તેજી અને મંદીના તબક્કા લાંબા હોય છે, જ્યારે ઓટ અને સુધારણાના તબક્કા ટૂંકા હોય છે.

### 8.5.2 ઉદ્યોગ પ્રધાન દેશમાં :-

વ્યાપારચક્રો સામાન્ય રીતે, કૃષિ પ્રધાન દેશો કરતા ઉદ્યોગ પ્રધાન દેશોમાં વિશેષ જોવા મળે છે. 18 મી સદીમાં ઈંગલેન્ડમાં થયેલ ઔદ્યોગિક ક્રાંતિ બાદ આ બાબત સ્પષ્ટપણે જોઈ શકાય છે.

### 8.5.3 સમાન આકાર :-

જો કોઈ પણ બે વ્યાપારચક્રોને એકબીજા સાથે સરખાવવામાં આવે તો તેમના આકારમાં સમાનતા જોવા મળે છે. આમ થવાનું કારણ એ છે કે, બધાં જ વ્યાપારચક્રોમાં તેજી ઓટ મંદી અને સુધારણા આ ચારેય તબક્કાઓ જોવા મળે છે. વ્યાપારચક્રોના આકારમાં સમાનતા હોવા છતાં કોઈપણ બે વ્યાપારચક્રો તમામ વિગતોની દૃષ્ટિએ એકબીજાને મળતા આવે છે એમ કહી શકાતું નથી. આથી જ પ્રો. પીગુ એ કહ્યું છે કે, ''વ્યાપારચક્રો જોડિયાં બાળકો નહિ પણ એક જ કુટુંબના સભ્યો જેવાં હોય છે. કારણ કે કુટુંબની જેમ વર્ણવી શકાય તેવાં લક્ષણો તે ધરાવે છે.''

### 8.5.4 તબક્કાઓ સ્વંયવિકસિત :-

તેજી અને મંદીના તબક્કાઓ વ્યાપારચક્રમાં સ્વયં વિકસિત હોય છે. જો અર્થતંત્રમાં એકવાર તેજી

ની શરૂઆથ થાય તો પછી ધીમે ધીમે તે વધતી જ જાય છે. એટલે કે શરૂઆતમાં ભાવો માં ધીમે ધીમે વધારો થાય છે. પરંતુ સમય જતાં તે ધોડાપૂર ફુગાવો બની જાય છે. તે જ રીતે જો અર્થતંત્રમાં એકવાર મંદીની શરૂઆત થાય તો તે ધીમે ધીમે વધુમાં વધુ ગહન બનતી જાય છે. આમ અર્થતંત્રમાં તેજી અને મંદીના કારણે કટોકટીની પરિસ્થિતિ સર્જાય તે પહેલાં જ કેટલાંક એવા પરિબળો ઉદ્દભવે છે કે જેના પરિણામે તેજી અને મંદી અંકુશમાં આવે છે. આમ અર્થતંત્રમાં તેજી માંથી ઓટ તરફ અને મંદી માંથી સુધારણા તરફ જાતે જ ગતિ થાય છે.

### 8.5.5 ગતિમાં જુદાપણું :-

વ્યાપારચક્રના તબક્કાઓની ગતિમાં જુદા પણું રહેલું છે. તેજી ના તબક્કામાંથી મંદીના તબક્કા તરફની ગતિ વધુ ઝડપી હોય છે. ધીમે ધીમે શરૂ થયેલો ભાવવધારો તેની ઉચ્ચતમ સપાટી એ પહોંચ્યા બાદ ભાવોમાં કડાકો બોલે છે અને ભાવો એકદમ ઝડપથી ઘટવા લાગે છે. આનાથી વિપરિત મંદીના તબક્કામાંથી તેજી ના તબક્કા તરફ જતાં ખૂબ જ લાંબો સમય વીતિ જાય છે.

### 8.5.6 અનેક પ્રવૃત્તિઓમાં એક સાથે :-

વ્યાપારચક્ર અર્થતંત્ર માં કોઈ એક પ્રવૃત્તિ પુરતું સિમિત રહી. શકતુ નથી. તે એક સાથે અનેક ઉત્પાદક પ્રવૃત્તિઓમાં પ્રસરી જાય છે. અર્થતંત્રમાં કોઈ એક વિભાગ કે ક્ષેત્રમાં ઉત્પન્ન થયેલી તેજી કે મંદી ધીમે ધીમે સમગ્ર અર્થતંત્રમાં પ્રસરી જાય છે. કોઈ પણ ઉત્પાદક પ્રવૃત્તિ તેનાથી વંચિત રહી શકતી નથી. જેમકે ટાયર, મોટર, સ્કુટર, પેટ્રોલ, પોલાદનું ઉત્પાદન, વગેરેમાં ભાવવધારો કે ભાવ ઘટાડો એક સાથે જોવા મળે છે. એટલું જ નહિ પરંતુ વેતન, વ્યાજ, ભાડું નફો વગેરેમાં પણ વધારો ઘટાડો એકસાથે જ જોવા મળે છે.

### 8.5.7 આંતરરાષ્ટ્રીય સ્વરૂપ :-

જે રીતે વ્યાપારચક્રો કોઈ એક આર્થિક પ્રવૃત્તિ પૂરતા મર્યાદિત રહી શકે નહી, તેજ રીતે તે કોઈ એક દેશ પૂરતા મર્યાદિત પણ રહી શકતા નથી. વ્યાપારચક્રોને કોઈપણ દેશની સરહદ અડચણ રૂપ બની શકતી નથી. વિદેશ વેપાર અને વિદેશી હુંડિયામણની આપ - લે દ્વારા કોઈ એક દેશમાં સર્જાયેલી તેજી કે મંદી બીજા દેશમાં અને ધીમે ધીમે વિશ્વના તમામ દેશોમાં વ્યાપી જાય છે. જેનું એક પ્રસિદ્ધ ઉદાહરણ ઈ.સ. 1929 માં અમેરિકામાં ઉદ્દભવેલી મંદી છે જેણે સમય જતાં વૈશ્વિક મંદીનું સ્વરૂપ ધારણ કર્યું હતું અને દુનિયાનો એક પણ દેશ તેનાંથી બચી શક્યો નહિં. આમ, વ્યાપારચક્રો કોઈ એક રાષ્ટ્ર પુરતા સિમિત ન રહેતા આંતરરાષ્ટ્રીય સ્વરૂપ ધારણ કરે છે.

♦ **તમારી જાતે ચકાસો (ખ)**

(1) વ્યાપારચક્ર ના લક્ષણો જણાવો.

______________________________

(2) વ્યાપારચક્રમાં ટુંકા તબક્કા કયા કયા હોય છે ?

______________________________

(3) વ્યાપારચક્રોમાં તેજીના તબક્કામાંથી મંદીના તબક્કા તરફની ગતિ કેવી હોય છે વર્ણવો.

______________________________

(4) 'વ્યાપારચક્રો એક સાથે અનેક પ્રવૃત્તિઓમાં જોવા મળે છે' - તમારા શબ્દોમાં સમજાવો.

______________________________

(5) વ્યાપારચક્ર આંતરરાષ્ટ્રીય સ્વરૂપ કઈ રીતે ધારણ કરે છે ?

______________________________

(6) વ્યાપારચક્રના તબક્કાઓ જણાવો.

______________________________

**ખાલીજગ્યા પૂરો.**

(1) વ્યાપારચક્રમાં ............. અને ........... તબક્કાઓ લાંબા હોય છે.


(2) વ્યાપારચક્રો ............... દેશોમાં વધુ જોવા મળે છે.

## 8.6 વ્યાપારચક્રના તબક્કાઓ (Stages / Phases of Trade Cycle) :-

વ્યાપારચક્રના અર્થ, સ્વરૂપ અને લાક્ષણિકતાઓથી આપણે પરિચિત થયા, હવે આપણે વ્યાપારચક્રના વિવિધ તબક્કાઓ - પાસાંઓ વિગતવાર સમજીએ. સામાન્ય રીતે વ્યાપારચક્ર નીચેના પાંચ તબક્કાઓનું બનેલું હોય છે અને આ તબક્કાઓનું ક્રમશઃ પુનરાવર્તન થયા કરે છે.

1. મંદી (Depression)
2. સુધારણા (Revival)
3. તેજી (Prosperity)
4. ફુગાવો
5. ઓટ (Recession)

ઉપરોક્ત પાંચેય તબક્કાઓનો સમગ્ર રીતે વિચાર કરીએ તો નીચે મુજબનું ચિત્ર જોવા મળે છે.




ઉપરોક્ત આકૃતિમાં ox રેખા પર વર્ષો તથા oy રેખા પર આર્થિક પ્રવૃત્તિની સપાટી દર્શાવેલ છે. PP રેખા એ પૂર્ણ રોજગારીની સપાટી દર્શાવે છે. જે દર્શાવે છે કે કાળક્રમે વિકાસ થતાં સંજોગોમાં ફેરફાર થાય છે અને પૂર્ણ રોજગારીની સપાટી ઊંચી જાય છે. આકૃતિમાં વ્યાપારચક્રના પાંચેય તબક્કાઓ દર્શાવેલ છે. જે મુજબ અર્થકારણ જ્યારે પૂર્ણ રોજગારીની સપાટીથી નીચે હોય ત્યારે જો નીચે તરફ જવાના વલણો હોય તો મંદી પણ જો ઉપર તરફ જવાના વલણો હોય તો તે સુધારણાના તબક્કાઓ દર્શાવે છે. તેજ રીતે જ્યારે અર્થકારણ પૂર્ણ રોજગારીની સપાટીથી ઊંચે હોય ત્યારે જો ઊંચે જવાના વલણો જોવા મળે તો તે તેજી પણ જો નીચે તરફ જવાના વલણો જોવા મળે તો તે ઓટના તબક્કાનું નિર્દેશ કરે છે. હવે આપણે આ દરેક તબક્કાને વિગતવાર નીચે મુજબ સમજીએ.

### 8.6.1 મંદી (Depression) :

સામાન્ય રીતે વ્યાપારચક્રની શરૂઆત કયા તબક્કાથી કરવી તે એક સમસ્યા રૂપ બાબત છે. આથી જ વ્યાપારચક્રનું વર્ણન સામાન્ય રીતે મંદીના તબક્કાથી કરવામાં આવે છે. તો ચાલો આપણે હવે મંદીના તબક્કા અંગે વધુ માહિતગાર થઈએ.

મંદી દરમિયાન સામાન્ય રીતે આર્થિક પ્રવૃત્તિઓ ધીમી એટલે કે મંદ હોય છે. વેપાર - ધંધાનું પ્રમાણ ઘટેલું હોવાથી ઉત્પાદન પ્રવૃત્તિઓ પર કાપ મુકવામાં આવે છે. પરિણામે ઓછા શ્રમિકોની જરૂરિયાત ઊભી થતાં બેરોજગારીનું પ્રમાણ વધે છે. શ્રમિકોનું પ્રમાણ જરૂરિયાત કરતા વધુ હોવાથી

નીચા વેતનદરે કામ કરવા માટે પણ તેઓ તૈયાર થાય છે. પરંતુ રોજગારી મેળવવામાં તેઓ સફળ થઈ શકતા નથી. વેતનદર નીચા હોવાના પરિણામે શ્રમિકોની આવકમાં ઘટાડો થતાં તથા બેરોજગારી નું પ્રમાણ વધુ હોવાના કારણે તેમની ખરીદશક્તિમાં ઘટાડો થાય છે. ખરીદશક્તિમાં ઘટાડો થતાં વસ્તુઓની માંગમાં ઘટાડો થાય છે પરંતુ તેનો પુરવઠો વધુ હોવાના પરિણામે વસ્તુના ભાવોમાં ઘટાડો થાય છે. આથી નફાનું પ્રમાણ ઘટે છે અને મૂડી રોકાણ કરનારઓને ઓછો નફો મળે છે. ઓછો નફો મળવાના કારણે તેઓ નવું મૂડી રોકાણ કરવા માટે ઉત્સાહી હોતા નથી. આથી બજારમાં મંદીનું વાતાવરણ ફેલાય છે. જેના પરિણામે બેંકો પણ ધીરાણ કરવાનું જોખમ લેવા તૈયાર થતી નથી. શેરોની કિંમત ઘટતાં ડિવિડન્ડ પણ ઓછું મળે છે. આમ, મંદીના પરિણામે ચોમેર અંધકારમય વાતાવરણ ફેલાય છે.

મંદીના સમયમાં પણ કેટલીક આવશ્યક વસ્તુઓ - કામગીરીઓની માંગ રહે છે. જેના પરિણામ મૂડી રોકાણ, ઉત્પાદન, રોજગારી, આવક તથા ભાવો તેમની લઘુતમ સપાટી જાળવી શકે છે. પરંતુ આવું ક્યાં સુધી ચાલતું રહેશે તે અંગે સ્પષ્ટપણે કંઈ જ કહી શકાતું નથી. પણ સમય જતાં મંદી નિવારક પરિબળો ઉદ્દભવે છે અને આશાનું કિરણ દેખાય છે અર્થતંત્ર ધીમે ધીમે સુધારણા તરફ જતું દેખાય છે. ઉત્પાદકો, ગ્રાહકો, વેપારીઓ, બેંક વગેરેમાં નવી સ્ફૂર્તિનું સર્જન થાય છે અને તેઓ ઉત્સાહી જણાય છે. અર્થતંત્રમાં ફેલાયેલી નિરાશાનું આશાવાદનો સંચાર કરે છે અને ધીમે ધીમે અર્થતંત્ર મંદીમાંથી બહાર નીકળતું જાય છે. આમ અર્થતંત્રમાં મંદી ક્યારેય કાયમ માટે સ્થાયી થઈ શકતા નથી પણ સ્વયં સુધારણાને જન્મ આપે છે.

### 8.6.2 સુધારણા (Revival) :-

મંદીના તબક્કામાં આપણે જોયું કે મંદીમાંથી અર્થતંત્ર સ્વયં સુધારણા તરફ ગતિ કરે છે. જે અર્થતંત્રને તેજી ના તબક્કા તરફ જવા માટે પ્રેરણારૂપ બને છે. સુધારણાના તબક્કામાં સૌથી પહેલાં તો મૂડી સાધનોની માંગમાં વધારો થાય છે. જેના પરિણામે બેકારીનું પ્રમાણ ઘટે છે અને શ્રમિકોની માંગ તથા આવકમાં વધારો થાય છે. પરિણામે વસ્તુઓની માંગ તેમના ભાવોમાં પણ વધારો થવા લાગ છે. મૂડી રોકાણ કરનારાઓના નફામાં વધારો થાય છે. પરિણામે નવું મૂડી રોકાણ પ્રોત્સાહિત થાય છે અને ઉત્પાદનમાં વધારો થાય છે. જે રોજગારી, આવક, માંગ અને નફામાં ફરીથી વધારો કરે છે અને આ રીતે આ ચક્ર ચાલ્યા કરે છે. શેર બજાર ઉત્સાહી જણાય છે. આમ, સમગ્ર રીતે ચોમેર આશાનું વાતાવરણ ફેલાય છે.

### 8.6.3 તેજી (Prosperity) :-

સુધારણાના પરિણામે અર્થતંત્રમાં વિકાસની શક્યતા ઉદ્દભવે છે. આવા સમયે જે મુડી વણવપરાયેલી હોય છે તે અને મૂડી સિવાયના સાધનોનો ઉપયોગ શક્ય બને છે. આથી વપરાશી વસ્તુઓની માંગમાં વધારો થતાં ઉત્પાદનમાં વધારો કરવો શક્ય બને છે. ઉત્પાદન વધતા શરૂઆતમાં વસ્તુના ભાવોમાં વધારો થતો નથી પણ પ્રાપ્ત થયેલ ઉત્પાદન શક્તિનો પૂર્ણ વપરાશ થઈ જવાથી નવા સાધનોની તંગી સર્જાય છે અને ઉત્પાદન વધારવાની પ્રક્રિયામાં વિલંબ જણાય છે. અહીં માંગ જેટલી વધે છે તેના કરતા પુરવઠો ઓછો વધે છે અને ભાવ વધારો થવા લાગે છે. અહીં સાધન ભાવો કરતા વસ્તુના ભાવો વધુ વધે છે, કારણ કે વ્યાજ અને ભાડું કરારી હોય છે, વેતનો વધારતાં સમય લાગે છે. જો વસ્તુના ભાવોમાં વધુ વધારો થાય તો નિયોજકોના નફામાં વધુ વધારો થાય અને નિયોજકો વધુ સાહસો ખેડવા માટે તૈયાર થાય છે. મૂડી રોકાણ વધતા અર્થતંત્રમાં ઉત્પાદન, આવક, રોજગારી વગેરેમાં વધારો થાય છે અને અર્થતંત્રમાં તેજી જોવા મળે છે. તેજી પણ મંદીની જેમ અર્થતંત્રમાં કાયમી ટકી શકતી નથી. પડતીના પરિબળો જન્મે છે ધીમે ધીમે થયેલો ભાવ વધારો તેની ઉચ્ચતમ સપાટીએ પહોંચ્યા બાદ ભાવોમાં કડાકો બોલે છે અને ધીમે ધીમે ભાવોમાં ઘટાડો થતાં આવક, મૂડી રોકાણ, ઉત્પાદન, રોજગારી, નફો વગેરે ઘટવા લાગે છે.

### 8.6.4 ફુગાવો :-

અર્થતંત્રમાં સુધારણાનાં પરિણામે મહત્તમ મૂડીનો વપરાશ થતાં રોજગારી વધતાં લોકોની આવક વધે છે. જેને કારણે વસ્તુઓની માંગમાં વધારો થાય છે. જ્યારે માંગ મુજબ પુરવઠામાં એટલો વધારો થતો નથી. એવી પરિસ્થિતિમાં અર્થતંત્રમાં સતત ભાવવધારો જોવા મળે છે જે ફુગાવામાં પરિણમે છે.

પ્રો. કાલબર્નને આપેલી ફુગાવાની વ્યાખ્યા મુજબ, ×જ્યારે વસ્તુઓ અને સેવાઓના જથ્થાના પ્રમાણ કરતાં નાણાંનો જથ્થો વધી જાય ત્યારે ફુગાવો કહેવાય.×

"Too much mony chasing two few goods"

ફુગાવાની પરિસ્થિતિમાં વિવિધ પ્રકારનો ફુગાવો જેમ કે, માંગ પ્રેરિત ફુગાવો, ખર્ચ પ્રેરિત ફુગાવો, વેતન પ્રેરિત ફુગાવો, નફા પ્રેરિત ફુગાવો, વિકાસ પ્રેરિત ફુગાવો, ખાદ્યજન્ય ફુગાવો, મંદીજન્ય ફુગાવો, ઘોડાવેગી ફુગાવો અસ્તિત્ત્વમાં આવે છે. જેને કારણે અર્થતંત્ર પર વિપરીત અસર પડતી હોય છે. જેમ કે, આર્થિક વિકાસ રૂંધાય, આવકની અસમાનતામાં વધારો થાય, લેણદેણની તુલામાં ખાદ્ય ઉભી થાય, રોજગારીમાં ઘટાડો થાય, બાંધી આવક મેળવનાર વર્ગને નુકશાન થાય, વાસ્તવિક આવકમાં ઘટાડો થાય. પરંતુ હંમેશા આ પરિસ્થિતિ રહેતી નથી. રિઝર્વ બેંક દ્વારા ગુણાત્મક તેમજ પરિણામાત્મક શાખ નિયંત્રણ નીતિ અમલમાં મૂકવામાં આવતાં ફુગાવાને ધીમે ધીમે નિયંત્રણમાં લાવી શકાય છે અને અર્થતંત્રમાં ધીમે ધીમે ભાવોમાં ઘટાડો થતાં આવક, મૂડીરોકાણ, રોજગારી, નફો ઘટે છે અને અર્થતંત્રમાં ઓટ આવવાની શરૂઆત થાય છે.

### 8.6.5 ઓટ (Recession) :-

અર્થતંત્રમાં ઓટ આવવાના કારણે સૌથી પહેલા શેરોની કિંમત ઘટવા લાગે છે સટ્ટોડિયાઓએ લીધેલ લોન પરત કરવા લાગે છે. આ લોન પરત કરવા માટે તેઓ શેરોનું વેંચાણ કરે છે. આથી શેરોના ભાવો વધુ ગબડે છે. વસ્તુઓના જથ્થાના આધારે ઉછીની રકમો લેનારાની સદ્ધવતા ઘટવા લાગે છે. વસ્તુઓના ભાવો ઘટવાથી તેના આધારે મળતી લોનનું પ્રમાણ પણ ઘટે છે. આવા સમયે વસ્તુઓનો કેટલાંક જથ્થો કાઢી નાખી રોકડતાની લઘુતમ સપાટીએ જવાનો પ્રયાસ કરવામાં આવે છે. આમ થતાં બજારમાં વસ્તુઓનું પ્રમાણ વધતા તેના ભાવો ઘટવા લાગે છે. બેંક પણ પોતાનું ધીરાણ ઘટાડવાના પ્રયાસો કરે છે. આમ, અર્થતંત્રમાં વસ્તુઓનું પ્રમાણ વધે છે અને નાણાંનું પ્રમાણ ઘટવા લાગે છે. અહીં વસ્તુની કિંમત ઘટે છે પણ સાધન કિંમત સ્થિર રહેતી હોવાથી મૂડી રોકાણ કરનારાઓના નફાનું પ્રમાણ ઘટે છે જેથી મૂડી રોકાણ ઘટે છે. પરિણામે ઉત્પાદન, આવક, રોજગારી, નફો વગેરે ઘટવા લાગે છે અને ધીમે ધીમે અર્થતંત્ર મંદી તરફ પ્રયાણ કરે છે આમ, મંદી સુધારણા, તેજી અને ઓટનું ચક્ર સતત ચાલ્યા કરે છે.

♦ **તમારી જાતે ચકાસો (ગ) :-**

(1) મંદીના તબકકામાં મૂડી રોકાણ કરનારાઓને મૂડી રોકાણ કરવા માટેનો ઉત્સાહ શા માટે રહેતો નથી. ?

______________________________

(2) તેજીના સમયમાં અર્થતંત્રમાં વસ્તુઓની કિંમતમાં ક્યારે વધારો થાય છે ?

______________________________

(3) મંદીના સમયમાં વસ્તુની માંગમાં ઘટાડો શા માટે થાય છે ?

______________________________

(4) સટ્ટાખોરો શેરોની કિંમતને કઈ રીતે અસર કરે છે ?

______________________________

## 8.7 સારાંશ

આ એકમમાં આપણે જોયું કે આર્થિક પ્રવૃત્તિઓ સતત બદલાતી રહે છે. પરિણામે અર્થતંત્રમાં વ્યાપારાચક્રોનું સર્જન થાયે છે. વ્યાપારચક્રોએ મોજા જેવી ગતિ ધરાવે છે. વ્યાપારચક્રની વ્યાખ્યાઓ અંગે અર્થશાસ્ત્રીઓમાં મતભેદ રહેલો જોવા મળે છે. વ્યાપારચક્રોના સમયગાળા અને તેમની અસરોની તીવ્રતામાં વિવિધતા રહેલી જોવા મળે છે. કેટલાંક વ્યાપારચક્રો 3 થી 4 વર્ષ સુધીના ટુંકા સમય ગાળાના હોય છે તો કેટલાંક 8 થી 10 વર્ષોનો લાંબો સમયગાળો ધરાવતા હોય છે. કેટલાંક વ્યાપારચક્રોની અસરોને અગાઉથી આયોજન કરીને હળવી બનાવી શકાય છે તો કેટલાંક વ્યાપારચક્રોની અસરોને હળવી કરી શકાતી નથી. વ્યાપારચક્રોની ખાસિયતો અંગે આપણે જોયું કે તે ચક્રાકાર ગતિમાં આવતાં હોય છે. તેમના આકારમાં સમાનતા રહેલી છે પરંતુ તેમની ગતિમાં તફાવત રહેલો છે. એક સાથે અનેક પ્રવૃત્તિઓમાં તે દષ્ટિગોચર થાય છે અને ખાસ કરીને ઉદ્યોગપ્રધાન દેશોમાં તે જોવા મળે છે. વ્યાપારચક્ર કોઈ એક દેશ પૂરતા સિમિત ન રહેતાં વિશ્વસ્તરીય બની જાય છે. પ્રત્યેક વ્યાપારચક્ર મુખ્યત્વે ચાર તબક્કાઓ મંદી, સુધારણા, તેજી અને ઓટનું બનેલું હોય છે. મંદીમાં વેપાર ધંધા ઓછા હોવાથી ઉત્પાદન, રોજગારી, આવક, નફા, મૂડી રોકાણ વગેરેનું પ્રમાણ ઘટવા લાગે છે. ચોમેર નિરાશાજનક વાતાવરણ બની જાય છે. મંદીમાંથી અર્થતંત્ર ધીમે ધીમે સુધારણા તરફ જાય છે અને આશાનું કિરણ દેખાય છે. જે અર્થતંત્રને તેજી તરફ ધકેલે છે અને મૂડી રોકાણ ઉત્પાદન, આવક, રોજગારી, નફા વગેરેમાં વધારો જન્માવે છે. તેજી અને મંદી અર્થતંત્રમાં બહુ લાંબો સમય ટકી શકતી નથી. આથી તેજીમાંથી ધીમે ધીમે અર્થતંત્ર ઓટના તબક્કામાં પ્રવેશ પામે છે અને આ રીતે આ ચારેય તબક્કાઓ ચક્રાકાર ગતિ એ આગળ વધતા જાય છે જેના પરિણામે વ્યાપારચક્રનું સર્જન થાય છે.

## 8.8 શબ્દાવલી :-

1. **તેજી :** જ્યારે અર્થતંત્રમાં મૂડી રોકાણ, ઉત્પાદન, આવક, રોજગારી, વસ્તુની માંગ, નફા વગેરેનાં પ્રમાણમાં ઉત્તરોત્તર (ક્રમશઃ) વધારો થતો જણાય છે. ત્યારે તેવી પરિસ્થિતિને તેજી તરીકે ઓળખવામાં આવે છે.
2. **મંદી :** જ્યારે અર્થતંત્રમાં ધીમે ધીમે મૂડી રોકાણનું પ્રમાણ ઘટવા લાગે એટલે કે મૂડી રોકાણ નિરૂત્સાહી બને છે. ત્યારે ધીમે ધીમે ઉત્પાદન, આવક, રોજગારી, વસ્તુની માંગ, નફો વગેરે ઘટવા લાગે છે ત્યારે તેવી પરિસ્થિતિને મંદી તરીકે ઓળખવામાં આવે છે.
3. **પૂર્ણ રોજગારી :** કામ કરવાની શક્તિ અને વૃત્તિ ધરાવનાર તમામ વ્યક્તિઓને ઈચ્છિત (યોગ્ય) વેતનદરે રોજગારી મળી રહે તેવી પરિસ્થિતિને પૂર્ણરોજગારીની પરિસ્થિતિ તરીકે ઓળખવામાં આવે છે.
4. **સ્વંય વિકસિત તબક્કાઓ :** કોઈ એક તબક્કાની શરૂઆત થયા પછી અન્ય તબક્કાઓ આપ મેળે જ શરૂ થાય તેને સ્વયં વિકસિત તબક્કાઓ તરીકે ઓળખવામાં આવે છે.
5. **અનેકવિધ પ્રવૃત્તિઓ :** કોઈ એક પ્રવૃત્તિ પુરતું મર્યાદિત ન રહેતા એક સાથે અન્ય તમામ પ્રવૃત્તિઓમાં પ્રસરવું તેને અનેકવિધ પ્રવૃત્તિ તરીકે ઓળખવામાં આવે છે.
6. **આંતરરાષ્ટ્રીય વ્યવહાર :** કોઈ એક દેશના વિશ્વના અન્ય દેશો (વિદેશો) સાથેના વ્યવહારોને (લેવડ-દેવડને) આંતરરાષ્ટ્રીય વ્યવહાર કહેવામાં આવે છે.
7. **સુધારણા :** જ્યારે અર્થતંત્ર ખરાબ પરિસ્થિતિમાંથી સારી પરિસ્થિતિ તરફ ગતિ કર છે ત્યારે તેને સુધારણા તરીકે ઓળખવામાં આવે છે.

## 8.9 સંદર્ભ પુસ્તકો :

1. R.F. Horrod (1936) The trade cycle : An Essay 1961 reprint, New York; Augustu M. Kelley
2. Simpson, Brian P. (2014) Money, Banking and the Business Cycle Volume _ Integrating Theory and Practice Chapter 3, 4, 5, 6, 8, 9 Pg. 57 - 85

3. Nordhaur, Table of Contents-Economics, 17th Edition, Chapter-20
4. Kumaraswamy Velupillai, Theories of the trade Cycle Chapter - 1 (Part of Book - Business Cycles)
5. Warren young, Harrod and His Trade Cycle Group (1989) Chapter - 4
6. John Maynard Keyn[a]s, The General Theory of Employment, Interest and Money Book VI Short Notes, Suggested by the General Theory Chapter - 22, Notes On the Trade Cycle.
7. Dr. M.N. Raval Aarthik Siddhanto (Money and Banking, Macro Economics, Public Finance, International Economics) Chapter-9
8. Bharatbhai chaudhary, Macro Economics, Chapter - 6
9. Prof-Bababhai and Prof. Kartikey, Aadhunik Arth Shashtra - 2, Chapter - 8

## 8.10 'તમારી જાતે ચકાસો'ના જવાબ

- **તમારી જાતે ચકાસો (ક)**

1. 21
2. ઈ.સ.1815 પછી એટલે કે નેપોલિયનના યુદ્ધો બાદ
3. કલેમન્ટ જગલરે (યુગ્લરે)
4. મોજા જેવી ગતિનો અભ્યાસ
5. વિભાગ 8.2નો ત્રીજો પેરેગ્રાફ જુઓ.
6. વિભાગ 8.2માં કેઈન્સની વ્યાખ્યાનો બીજો પેરેગ્રાફ જુઓ
7. 8.33 વર્ષ
8. i) મોસમી ફેરફારો
   ii) ચક્રાકાર ફેરફારો
   iii) લાંબાગાળાના વલણો
   iv) આકસ્મિક ફેરફારો એમ ચાર વિભાગોમાં વ્યાપારચક્રનું વર્ગીકરણ કરવામાં આવ્યું છે.
9. વિભાગ 8.3.3 જુઓ
10. વિભાગ 8.3.1 જુઓ
11. વ્યાપારચક્રો મુખ્યત્વે ચક્રાકાર સ્વરૂપના હોય છે.
12. વિભાગ 8.3.4 જુઓ .

ખરા-ખોટાં વિધાનોના જવાબ

(1) × (2) × (3) √ (4) √ (5) × (6) √

- **તમારી જાતે ચકાસો (ખ)**

1. વિભાગ 8.4 જુઓ
2. ઓટ અને સુધારણાના તબક્કા
3. ઝડપી
4. વિભાગ 8.4.6 જુઓ અને વર્ણન કરો.
5. વિભાગ 8.4.7 જુઓ.
6. મંદી સુધારણા તેજી અને ઓટ

- ખાલી જગ્યાના જવાબ :

  (1) તેજી, મંદી (2) ઉદ્યોગ પ્રધાન

- તમારી જાતે ચકાસો (ગ)

1. વિભાગ 8.5.1નો બીજો પેરેગ્રાફ જુઓ
2. વિભાગ 8.5.3 જુઓ.
3. વિભાગ 8.5.1નો બીજો પેરેગ્રાફ જુઓ.
4. વિભાગ 8.5.4 જુઓ.

❖

| | | |
|---|---|---|
| લેખન : | ડૉ. જીવરાજ ઝાપડિયા | આસિસ્ટન્ટ પ્રોફેસર,<br>ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ. |
| | ડૉ. અંજલી ત્રિવેદી | આસિસ્ટન્ટ પ્રોફેસર,<br>જી.એલ.એસ. યુનિવર્સિટી, અમદાવાદ. |
| | ડૉ. વિજય ધંધુકિયા | આસિસ્ટન્ટ પ્રોફેસર,<br>સેન્ટ.ઝેવિયર્સ કોલેજ, અમદાવાદ. |
| | પ્રો. પી. સી. વ્યાસ | આસિસ્ટન્ટ પ્રોફેસર,<br>એમ. સી. શાહ કોમર્સ કોલેજ, અમદાવાદ. |
| પરામર્શક(વિષય) : | પ્રો. (ડૉ.) મનોજ શાહ | પ્રોફેસર & નિયામક, સ્કૂલ ઓફ કોમર્સ એન્ડ મૅનેજમૅન્ટ,<br>ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ. |
| | પ્રિ નટુભાઈ પટેલ | રીટાયર્ડ પ્રિન્સીપાલ,<br>સી.યુ.શાહ કોમર્સ કોલેજ, અમદાવાદ. |
| | ડૉ. પિન્કીબેન દેસાઈ | આસિસ્ટન્ટ પ્રોફેસર,<br>સેન્ટ.ઝેવિયર્સ કોલેજ, અમદાવાદ. |
| પરામર્શક(ભાષા) : | ઘનશ્યામ કે ગઢવી | નિવૃત આચાર્ય,<br>સાર્વજનિક કોલેજ, મહેસાણા. |
| | ધીરજ સી. ગોહિલ | આસિસ્ટન્ટ પ્રોફેસર,<br>સરકારી વિનયન અને વાણિજય કોલેજ, કઠલાલ. |
| સંપાદન : | પ્રો. (ડૉ.) મનોજ શાહ | પ્રોફેસર & નિયામક, સ્કૂલ ઓફ કોમર્સ એન્ડ મૅનેજમૅન્ટ,<br>ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ. |


| | | |
|---|---|---|
| પ્રકાશક : | ડૉ. અજય સિંહ જાડેજા | કુલસચિવ,<br>ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ. |
| આવૃત્તિ : | સુધારેલ પુનઃ આવૃત્તિ (2026) | |

ISBN : 978-93-5598-032-8



**<u>સર્વાધિકાર સુરક્ષિત</u>**

**આ પાઠ્યપુસ્તક ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના ઉપક્રમે વિદ્યાર્થીલક્ષી સ્વઅધ્યયન હેતુથી; દૂરવર્તી શિક્ષણના ઉદ્દેશને કેન્દ્રમાં રાખી તૈયાર કરવામાં આવેલ છે. જેના સર્વાધિકાર સુરક્ષિત છે. આ અભ્યાસ-સામગ્રીનો કોઈપણ સ્વરૂપમાં ધંધાધારી ઉપયોગ કરતાં પહેલાં ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીની લેખિત પરવાનગી લેવાની રહેશે.**

# ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી
## (ગુજરાત સરકાર દ્વારા સ્થાપિત)

બી.કોમ. સેમેસ્ટર-3

MDC301-BC

સમગ્રલક્ષી અર્થશાસ્ત્ર

ભાગ-3


| | |
|---|---|
| એકમ : 9 ફુગાવો | 03-21 |
| એકમ : 10 વપરાશ | 22-29 |
| એકમ : 11 મૂડીરોકાણ | 30-39 |
| એકમ : 12 ઉપભોગ વિધેય | 44-55 |
| એકમ : 13 નાણાકીય સંતુલન | 56-79 |
| એકમ : 14 વ્યાજના આધુનિક સિદ્ધાંતો | 80-95 |

**એકમ 9**

# ફુગાવો

:: રૂપરેખા ::


**9.1** ઉદ્દેશો

**9.2** પ્રસ્તાવના

**9.3** ફુગાવો - અર્થ, વ્યાખ્યા

**9.4** ઈષ્ટ ફુગાવો

**9.5** ફુગાવા અને ઈષ્ટ ફુગાવા વચ્ચેનો તફાવત

**9.6** નાણાં સંકોચન

**9.7** ઈષ્ટનાણાં સંકોચન

**9.8** મંદી

**9.9** બેકારીયુક્ત ફુગાવો

**9.10** ફુગાવો અને પૂર્ણ રોજગારી

**9.11** ફુગાવાનાં વિવિધ પ્રકારો

**9.12** ફુગાવો ઉદ્ભવવાનાં કારણો

**9.13** ફુગાવાની વિવિધ અસરો

**9.14** ફુગાવો નિવારણનાં ઉપાયો/ફુગાવો અંકુશમાં લેવાનાં પગલાં

**9.15** સ્વાધ્યાય


## 9.1 ઉદ્દેશ

1. ફુગાવો અને ઈષ્ટ ફુગાવા વચ્ચેનો તફાવત સમજવો.
2. ફુગાવાનાં વિવિધ પ્રકારો સમજવાં.
3. ફુગાવાનાં ઉદ્ભવવાનાં કારણો જાણવાં.
4. ફુગાવાની અસર તપાસવી.
5. ફુગાવાને અંકુશમાં લેવાનાં ઉપાયો જાણવાં.
6. જથ્થાબંધ ભાવાંક અને ગ્રાહક ભાવાંકનાં ખ્યાલો સમજવાં.

## 9.2 પ્રસ્તાવના

મોટે ભાગે ભાવવધારાને એટલે કે ફુગાવાને ખૂબ જ ખરાબ ગણવામાં આવે છે. કારણ કે ભાવોમાં વધારો થાય એ લોકોને ગમતું નથી. પરંતુ અર્થશાસ્ત્રીઓનાં મત મુજબ જોઈએ તો થોડોક ભાવવધારો થાય એ સારું છે અને જો સતત ભાવ ઘટતા જ રહે તો એ ખરાબ છે. દુનિયાભરમાં જુદાં-જુદાં દેશોમાં જુદાં-જુદાં સમયે જુદાં-જુદાં પ્રમાણમાં ભાવવધારો થાય છે. લોકો ભાવવધારાથી હેરાન થઈ જાય છે. દુનિયામાં એકપણ દેશ એવો નથી કે જેમાં ભાવવધારો ઓછાવત્તા પ્રમાણમાં અસ્તિત્વમાં ના હોય.

અર્થશાસ્ત્રમાં ભાવવધારાને સામાન્ય રીતે ફુગાવાના ચિહ્ન તરીકે ઓળખવામાં આવે છે. ફુગાવો શબ્દ સામાન્ય લોકોમાં ઘણો પ્રચલિત છે. પરંતુ તેનો અર્થ તથા તેની સાથે સંબંધિત બીજા શબ્દો છે જેને સમજવા જરૂરી છે.

દા.ત., કોઈ વ્યક્તિને તાવ (Fever) આવે છે ત્યારે તેનું શરીર ગરમ થાય છે. અને જ્યારે વ્યક્તિ તાવ માંથી આવે છે ત્યારે પણ તેનું શરીર ગરમ થાય છે. સામાન્ય રીતે શરીર ગરમ થવું એ તાવ આવવાનું ચિહ્ન છે. પણ તાવમાંથી આવેલા વ્યક્તિને તાવ હોતો નથી. એવી જ રીતે ભાવવધારો ફુગાવાનું ચિહ્ન છે. સતત અને સાર્વત્રિક રીતે થતો ભાવવધારો ફુગાવો કહેવાય છે. માત્ર ભાવવધારો ફુગાવો ગણી શકાતો નથી.

અર્થશાસ્ત્રીઓનાં મત મુજબ કોઈપણ દેશનાં અર્થતંત્રને માટે 3 થી 5 ટકાનો ફુગાવાનો દર ઈચ્છનીય છે. જો ફુગાવાનો દર એથી વધુ થાય તો તે ચિંતાજનક છે,એમ તેમનું માનવું છે.

અર્થશાસ્ત્રીઓનાં માનવા પ્રમાણે ફુગાવો, મંદી અને બેકારી એ પરસ્પર સંકળાયેલા ખ્યાલો છે. આ ઉપરાંત આવક અને ઉત્પાદન પણ તેની સાથે જોડાયેલા છે. જેથી આવક અને રોજગારીમાં થતા ફેરફારો ભાવોને અસર કરે છે. ભાવોમાં થતા ફેરફારો આવક અને રોજગારીને અસર કરે છે.

## 9.3 ફુગાવો

**અર્થ :** સામાન્ય રીતે સતત અને સર્વગ્રાહી થતા ભાવવધારાને ફુગાવા તરીકે ઓળખવામાં આવે છે. પણ ફુગાવો એટલે માત્ર ભાવવધારો એવું નથી હોતું. ફુગાવામાં સામાન્ય રીતે આપણને જે પરિસ્થિતિ ઊભી થયેલી જોવા મળે છે તે કંઈક આ પ્રકારની હોય છે.

- નાણાંકીય આવક રાષ્ટ્રીય વાસ્તવિક આવક કરતાં ઝડપથી વધે.
- વસ્તુઓ અને સેવાઓનો પુરવઠો લોકોની માંગ કરતા ઓછો હોય.
- વસ્તુઓ અને સેવાઓનું ઉત્પાદન ખર્ચ વધ્યું હોય.
- નાણાંના પુરવઠામાં વધારો થયો હોય.
- ભાવવધારો એક વખત થયા પછી એ અટકી જતો નથી. તે સતત થાય છે અને ઝડપથી ભાવવધારો થાય છે.
- ભવિષ્યમાં ભાવો વધશે એવી ધારણા કરીને લોકો વધેલા ભાવે પણ ખરીદી કરે છે.

**વ્યાખ્યા :** ફુગાવાનાં સંદર્ભે વિવિધ અર્થશાસ્ત્રીઓએ વિવિધ વ્યાખ્યા આપી છે. તે નીચે મુજબ છે.

**એ.પી. લર્નર :** ''સામૂહિક એટલે કે કુલ પુરવઠા કરતાં કુલ માંગનું પ્રમાણ વિશેષ હોય તો તે ફુગાવો છે.''

**જી. ક્રોથર :** ''ફુગાવો એટલે એવી સ્થિતિ કે જેમાં નાણાંનું મૂલ્ય ઘટે છે એટલે કે ભાવો વધી રહ્યા હોય છે.''

**આર.જી. હોટ્રે :** ''ફુગાવો એટલે નાણાંનો પુરવઠો ખૂબ પ્રમાણમાં વધતો જાય છે.''

**એ.સી.પીગૂ :** ''આવક કમાવાની પ્રવૃત્તિનાં પ્રમાણ (વાસ્તવિક આવક) નાણાકીય આવકમાં વધુ વિસ્તરણ થાય ત્યારે ફુગાવો અસ્તિત્વમાં આવે છે.''

**જે.એમ. કેઈન્સ :** ''બધા જ પ્રકારની કિંમતોનો વધારો એ ફુગાવો નથી. પરંતુ પૂર્ણ રોજગારીની પરિસ્થિતિએ પહોંચ્યા પછી ભાવ સપાટીમાં જે વધારો થાય છે તે ફુગાવો છે.''

## 9.4 ઈષ્ટ ફુગાવો

ઈષ્ટ ફુગાવાને બીજા શબ્દોમાં નાણાં વિસ્તરણ તરીકે ઓળખવામાં આવે છે. ઈષ્ટ ફુગાવો એટલે કે ઈચ્છનીય ફુગાવો. એટલે કે એ એવો ફુગાવો છે કે જે અર્થતંત્ર માટે સારો છે. આ ફુગાવો અર્થતંત્ર માટે અનેક રીતે લાભદાયી નીવડે છે. સરકાર ઈષ્ટ ફુગાવો કરવા માટે નાણાંના પુરવઠામાં વધારો કરે છે અથવા તો કરવેરામાં ઘટાડો કરે છે. ઈષ્ટ ફુગાવો એ ફુગાવો તો છે, તેમાં ભાવો વધ્યા જ હોય છે પણ તે ખરાબ ફુગાવો નથી. એટલે કે ઈષ્ટ ફુગાવો તે ખરાબ ફુગાવો નથી. ફુગાવો એ છે કે જેમાં લાંબા ગાળાનાં ભાવ વધારામાં વલણ કરતાં ભાવો ઊંચા દરે વધે છે, જ્યારે ઈષ્ટ ફુગાવો એ છે કે જેમાં ભાવો સરેરાશ કરતાં ઘટી ગયા હોય છે અને તે સરેરાશ કરતાં ઊંચા દરે વધે છે.

પ્રો. સેમ્યુલસનનું માનવું છે કે, મંદીમાંથી રાહત મેળવવા માટે ઈરાદાપૂર્વક ભાવવધારો કરવામાં આવે તે ઈષ્ટ ફુગાવો છે. આમ, નાણાંનીતિ કે રાજકોષીય નીતિ એવી રીતે અપનાવવામાં આવે છે કે જેથી ઘટેલાં ભાવ વધે અને ઉત્પાદન વધે અને નાણાં સંકોચનની પરિસ્થિતિ ટાળી શકાય.

## 9.5 ફુગાવા અને ઈષ્ટ ફુગાવા વચ્ચેનો તફાવત

| ફુગાવો | ઈષ્ટ ફુગાવો |
|---|---|
| 1. કુદરતી કારણોને લીધે ફુગાવો થતો જોવા મળે છે. | 1. સરકાર દ્વારા ઈરાદાપૂર્વક ભાવવધારો થાય તેથી નીતિ અપનાવાય છે. |
| 2. ફુગાવો તેજીનાં તબક્કામાં થાય છે. | 2. ઈષ્ટ ફુગાવો પુનઃસ્થાપનનાં તબક્કામાં થાય છે. |
| 3. પૂર્ણ રોજગારી પછીનો ભાવવધારો ફુગાવો છે. | 3. પૂર્ણ રોજગારી સ્થાપ્યા અગાઉનો ભાવવધારો ઈષ્ટ ફુગાવો છે. |
| 4. વસ્તુઓ અને સેવાઓનાં ભાવ ખૂબ ઝડપથી વધે છે. | 4. વસ્તુઓ અને સેવાઓમાં ભાવ ધીમે વધે છે. |
| 5. જો યોગ્ય કાળજી ના લેવાય તો ફુગાવાથી અર્થતંત્રને નુકસાન થાય. | 5. ઈષ્ટ ફુગાવાથી બગડેલું અર્થતંત્ર સુધરતું જોવા મળે છે. |

## 9.6 નાણાં સંકોચન

નાણાં સંકોચનને ભાવ સંકોચન પણ કહે છે. વસ્તુઓ અને સેવાઓની સામાન્ય ભાવ સપાટીએ ઘટાડો થાય તો તેને નાણાં સંકોચન કહે છે. સામાન્ય રીતે જ્યારે ફુગાવાનો દર બે ટકાની આસપાસ થાય કે પછી શૂન્યની નીચે જાય છે, એટલે કે ઋણ થાય ત્યારે નાણાં સંકોચન થયું કહેવાય. તેને ફુગાવાનો નકારાત્મક દર પણ કહે છે. નાણાં સંકોચનમાં ભાવો ઘટે છે એટલે કે નાણાંનું મૂલ્ય વધે છે, કારણ કે નાણાંની ખરીદશક્તિ વધે છે.

**દા.ત.,** ફુગાવાનો દર 2 ટકાની આસપાસ થાય કે તેનાથી પણ નીચે જાય તો તે નાણાં સંકોચન કહેવાય. એટલે કે ત્યારે ભાવો ખૂબ ધીમી ગતિએ વધે છે. પણ જો ફુગાવાનો દર શૂન્ય થાય તો ભાવો સ્થિર છે એમ કહેવાય અને ફુગાવાનો દર ઋણ થાય તો એનો અર્થ એ છે કે ભાવો ઘટી રહ્યાં છે.

અર્થશાસ્ત્રીઓ સામાન્ય રીતે નાણાં સંકોચનને આધુનિક અર્થતંત્રની એક સમસ્યા ગણે છે કારણ કે તેને પરિણામે અર્થતંત્ર હળવી મંદી તરફ ધકેલાય છે.

## 9.7 ઈષ્ટનાણાં સંકોચન

ફુગાવાનો દર જ્યારે ઘટે ત્યારે તેને ઈષ્ટ નાણાં સંકોચન તરીકે ઓળખવામાં આવે છે. એટલે કે જો ફુગાવાનો દર 10 ટકાની આસપાસ હોય અને તે પાંચ ટકાની આસપાસ થાય તો તેને ઈષ્ટ નાણાં સંકોચન કહેવાય. ઈષ્ટ નાણાં સંકોચન એ નાણાંનું એવું સંકોચન હોય છે જેમાં ભાવો તો વધે જ છે. પણ નીચા દરે વધે છે અથવા તો ઈચ્છનીય દરે વધે છે અને ગ્રાહક ભાવાંકમાં થતો વધારો ધીમો પડે છે પણ તે ટૂંકાગાળા માટે જ હોય છે.

**નાણાં સંકોચન અને ઈષ્ટનાણાં સંકોચન**

| નાણાં સંકોચન | ઈષ્ટનાણાં સંકોચન |
|---|---|
| 1. ફુગાવાનો દર બે ટકાની આસપાસ થાય કે તેનાથી પણ નીચે જાય. | 1. ભાવો વધે છે પણ નીચા દરે વધે છે. |
| 2. અર્થતંત્ર હળવી મંદી તરફ ધકેલાય છે. | 2. અર્થતંત્ર ફુગાવાનાં ઈચ્છનીય દરને પ્રાપ્ત કરે છે. |
| 3. કુદરતી પરિબળોનું પરિણામ હોય છે. | 3. ફુગાવાને અંકુશમાં રાખવા આ નીતિનો ઉપયોગ થાય છે. |
| 4. અર્થતંત્રમાં ભારે બેકારી જન્મે છે. | 4. ફુગાવાની સાથે બેરોજગારીનો દર ન વધે તેનું ધ્યાન RBI રાખે છે. |

## 9.8 મંદી

**"ફુગાવાથી તદ્દન વિપરીત પરિસ્થિતિ એટલે મંદી."**

સામાન્ય રીતે મંદીમાં ફુગાવાનો દર ખૂબ જ નકારાત્મક હોય છે. એટલે કે જો ફુગાવાનો દર શૂન્ય પછી 5 ટકાથી પણ નીચે જાય તો તેને મંદી કહે છે.

મંદીમાં ભાવો ઘટે છે. પરિણામે નફો ઘટે છે અને મૂડીરોકાણ ઘટે છે જેથી રોજગારી ઘટે છે. રોજગારી ઘટવાથી લોકોની આવક ઘટે છે. જેથી વસ્તુઓ અને સેવાની માંગ ઘટે છે. માંગ ઘટતાં ભાવો ઘટે છે. આમ, માંગ ઘટાડાથી ભાવઘટાડા સુધીનું વિષચક્ર અસ્તિત્વમાં આવે છે. 1930નાં દાયકામાં મહામંદી (Great Depression) આવી હતી. તે વખતે 1929માં અમેરિકામાં શેરબજારમાં ખૂબ જ મોટો કડાકો બોલી ગયો હતો અને શેરોનાં ભાવ તળિયે બેસી ગયા હતાં. 1929 થી 1933 દરમિયાન અમેરિકામાં કુલ ઘરેલૂ ઉત્પાદન 33 ટકા ઘટી ગયું હતું અને બેકારીમાં 25 ટકાનો વધારો થયો હતો. તેની અસર દુનિયાના અનેક દેશોનાં અર્થતંત્ર પર પડી હતી. અને તેઓ પણ મંદીમાં ફસાયાં હતાં.

## 9.9 બેકારીયુક્ત ફુગાવો

બેકારીયુક્ત ફુગાવાને મંદીયુક્ત ફુગાવો પણ કહે છે. તેમાં ફુગાવાનાં ઊંચા દર અને બેકારી બંનેનું સહઅસ્તિત્વ છે. સામાન્ય રીતે ફુગાવો થાય એટલે કે ભાવો વધે તો ઉત્પાદકોનો નફો વધે અને નફો વધે તો રોકાણ વધે. જો રોકાણ વધે તો રોજગારી વધે પણ રોજગારી વધે નહિ અને બેકારી થાય તો તેને બેકારીયુક્ત ફુગાવો કહેવાય.

"Stagnation એટલે સ્થિરતા એટલે કે અર્થતંત્ર ઠપ થઈ ગયું હોય અને બેકારી ફેલાયેલી હોય."

"જયારે Inflation એટલે ફુગાવો એટલે કે ભાવો સતત વધતા હોય. આ બંને શબ્દો ભેગાં કરીને Stagflation શબ્દ બનાવાયો છે." તેનો સૌ પ્રથમ ઉલ્લેખ ૧૯૬૫માં બ્રિટિશ સંસદમાં ઈયાન મેકલિયોડ નામનાં એક રાજકારણીએ કર્યો હતો.


બેકારીયુક્ત ફુગાવામાં રોજગારી તો ઘટે જ છે પણ આર્થિક વૃદ્ધિનો દર પણ ધીમો પડે છે એટલે કુલ ઘરેલૂ ઉત્પાદન (GDP) નો વૃદ્ધિ દર ધીમો પડે છે. આમ, વિચિત્ર પરિસ્થિતિ સર્જાય છે. જેમાં લોકોને બેકારી અને ફુગાવો બંને ભોગવવાં પડે છે. બેકારીયુક્ત ફુગાવાની સ્થિતિને વેદના આંક (Misery Index) તરીકે માપવામાં આવે છે. વેદના આંક એટલે ફુગાવાનાં દર અને બેકારીનાં દરનો સરવાળો.

## 9.10 ફુગાવો અને પૂર્ણ રોજગારી

ફુગાવાની મોટા ભાગની વ્યાખ્યાઓ ફુગાવાને મૂળભૂત રીતે એક શુદ્ધ નાણાકીય ઘટના ગણે છે. પરંતુ કેઈન્સના જણાવ્યા અનુસાર પૂર્ણ રોજગારી ઊભી થાય તે અગાઉ ભાવસપાટીમાં ફુગાવાજનક વધારો થઈ શકે નહિં. પૂર્ણ રોજગારી સિદ્ધ થાય તે પછી જ ભાવસપાટીમાં વધારો થશે. કેઈન્સનું માનવું છે કે પૂર્ણ રોજગારી ઊભી થાય તો તે ઉત્પાદન અને રોજગારીમાં વધારો કરે છે. જો પૂર્ણ રોજગારી ઊભી થયા પછી પણ ભાવો વધે તો તે આ સાચો ફુગાવો છે.

પૂર્ણ રોજગારી અગાઉ ભાવવધારો થાય એ શક્ય છે પણ ત્યારે અર્થતંત્રમાં ઉત્પાદનમાં વધારા આડે અવરોધો ઊભા થયા હોય છે. પણ આ ભાવવધારો સાચો ફુગાવો ન કહેવાય. કેઈન્સ તેને અર્ધ-ફુગાવો (Semi - Inflation) કહે છે. કેઈન્સ કહે છે, કે ફુગાવો જુદી-જુદી રીતે અસ્તિત્વમાં આવે છે. આમ, પુરવઠા કરતાં માંગ વધારે હોય ત્યારે ફુગાવો થાય. અર્થતંત્રની વ્યવસ્થામાં જ ફુગાવો ગોઠવાયેલો હોય છે. અર્થતંત્રમાં ખર્ચપ્રેરિત ફુગાવો પણ થાય છે, તે સમયે વસ્તુનાં ભાવ વધે છે. કરવેરા વધે છે અને ચલણનું અવમૂલ્યન પણ થતું હોય છે.

## 9.11 ફુગાવાનાં વિવિધ પ્રકારો



**ફુગાવાનાં પ્રકારો :**

**1. કારણની દૃષ્ટિએ :**

ફુગાવો જે કારણસર ઉદ્ભવે છે, તેનાં આધારે બે પ્રકારો પાડવામાં આવે છે.

**(a) માંગ પ્રેરિત ફુગાવો**

અર્થતંત્રમાં વસ્તુઓ અને સેવાઓની કુલ માંગમાં વધારો થવાને કારણે માંગ પ્રેરિત ફુગાવો ઉદ્ભવે છે. એટલે કે અર્થતંત્રમાં નાણાંનાં પ્રમાણ કરતાં વસ્તુઓનું પ્રમાણ ઓછું હોય છે.

વસ્તુઓ અને સેવાઓની કુલ માંગનું પ્રમાણ બજારનાં કુલ પુરવઠા કરતાં વધુ હોવાને કારણે વસ્તુઓની કિંમતમાં વધારો થાય છે. જેમ-જેમ વસ્તુની માંગ વધતી જાય છે તેમ-તેમ કિંમત પણ વધતી જાય છે.

વસ્તુઓની કિંમત વધવાને કારણે વસ્તુઓનો પુરવઠો પણ વધતો જાય છે. જ્યાં સુધી પૂર્ણ રોજગારી સ્થિતિ ન આવે ત્યાં સુધી આ પ્રક્રિયા ચાલુ રહે છે.

**(b) ખર્ચ પ્રેરિત ફુગાવો**

ઘણી વખત કુલ માંગમાં વધારો ન થવા છતાં પણ કિંમતો વધવાનું વલણ જોવા મળે છે. ઉત્પાદન ખર્ચમાં વધારો થવાને કારણે ખર્ચ પ્રેરિત ફુગાવો ઉદ્ભવે છે.

ખર્ચ પ્રેરિત ફુગાવો મુખ્યત્વે નીચેનાં ત્રણ કારણોસર ઉદ્ભવે છે.

- વેતનોમાં વધારો થવાથી
- નફામાં વધારો થવાથી
- વસ્તુઓ પર કરવેરા લાદવાથી

ખર્ચ પ્રેરતિ ફુગાવામાં વસ્તુની કિંમત વધવાની સાથે-સાથે ઉત્પાદનમાં અને રોજગારીમાં ઘટાડો થતો જાય છે. એટલ કે ભાવસપાટી અને બેકારીમાં એકસાથે વધારો થાય છે.

માંગપ્રેરિત ફુગાવો અને ખર્ચપ્રેરિત ફુગાવો બંને એકબીજાથી સ્વતંત્ર નથી. માંગપ્રેરિત ફુગાવો એક વખત અસ્તિત્વમાં આવ્યા બાદ તે અર્થતંત્રને ખર્ચપ્રેરિત ફુગાવાની સ્થિતિમાં લાવી મૂકે છે. જો આ બંને પ્રકારનાં ફુગાવાની સરખામણી કરવા જઈએ તો, આ બંને પ્રકારોમાંથી માંગપ્રેરિત ફુગાવાને નિયંત્રણમાં લાવવો સહેલો છે.

**2. પ્રક્રિયાને આધારે :**

પ્રક્રિયાને આધારે ફુગાવાનાં ત્રણ પ્રકાર પાડી શકાય.

**(a) ખાદ્ય પ્રેરિત ફુગાવો**

કોઈપણ સરકાર આર્થિક વિકાસ માટે ખર્ચ કરે જ છે. આ ખર્ચને પહોંચી વળવા સરકાર બચતો, કર, ફી, દંડ, આંતરિક દેવું અને બાહ્ય દેવું વગેરે જેવાં આવકનાં સાધનોનો ઉપયોગ કરે છે.

જ્યારે સરકારનાં ખર્ચ કરતાં આવક ઓછી હોય ત્યારે ખાદ્ય ઉદ્ભવે છે. જ્યારે સરકાર આ ખાદ્ય જાહેર દેવું કરી અથવા તો કર દ્વારા ન પૂરી શકે ત્યારે દેશની કેન્દ્રીય બેંક પાસેથી નાણાં લઈને ખાદ્ય પૂરવણી કરે છે.

આ રીતે નાણાંનો પુરવઠો અર્થતંત્રમાં વધે છે અને તેથી વસ્તુઓ અને સેવાનો પુરવઠો વધ્યો ન હોવા છતાં તેમની માંગ વધે છે અને ફુગાવો સર્જાય છે. આ ખાદ્યપ્રેરિત ફુગાવો છે.

**(b) વેતન પ્રેરિત ફુગાવો**

કોઈપણ કારણોસર જ્યારે બજારમાં સેવાઓ અને વસ્તુઓનાં ભાવ વધે ત્યારે મજૂરોની વાસ્તવિક આવક ઘટે છે જ્યારે જીવનનિર્વાહ ખર્ચ વધે છે. વાસ્તવિક આવકમાં ઘટાડો થવાને કારણે અને જીવનનિર્વાહ ખર્ચમાં વધારો થવાને કારણે મજૂરો પોતાની વાસ્તવિક આવક યથાવત્ રાખવા વેતનવૃદ્ધિની માંગણી કરે છે. જો મજૂર મંડળ સક્ષમ હોય તથા માંગણી વાજબી હોય તો વેતન વધારો મેળવવામાં તેઓ સફળ થાય છે. મજૂરોનાં વેતનમાં વધારો થવાને કારણે ઉત્પાદનનાં ખર્ચમાં વધારો થાય છે અને ઉત્પાદન ખર્ચમાં વધારો થવાને કારણે ભાવસપાટીમાં વધારો થાય છે.

સૌ પ્રથમ વસ્તુનાં ભાવ વધારાને કારણે વેતનમાં વધારો કરવો પડે છે. વેતન વધારાને કારણે ઉત્પાદન ખર્ચ વધતાં વસ્તુઓનાં ભાવ ફરી વધે છે. આથી ફરીથી વેતન વધારાની માંગણી કરવામાં આવે છે. આમ, સતત આ ચક્ર ચાલ્યા કરે છે જેને વેતનપ્રેરિત ફુગાવો કહે છે.

**(c) નફાપ્રેરિત ફુગાવો**

ઘણી વખત ઉત્પાદન ખર્ચમાં ઘટાડાનું વલણ જોવા મળે છે. આથી વસ્તુઓની અને સેવાઓની કિંમતમાં પણ ઘટાડો થતો જોવા મળે છે. પરંતુ સરકાર કિંમતોમાં થતા ઘટાડાને અવરોધે છે. આ સંજોગોમાં ભાવસપાટી વધતી નથી, પરંતુ તેની મૂળ સ્થિતિએ જળવાઈ રહે છે.

આમ, ઉત્પાદન ખર્ચમાં ઘટાડો થયો હોવા છતાં પણ ભાવસપાટીમાં ઘટાડો થતો નથી. આથી ઉત્પાદકનાં નફામાં વધારો થાય છે. પ્રો. કેઈન્સ તેને નફાપ્રેરિત ફુગાવા તરીકે ઓળખાવે છે. નફાપ્રેરિત ફુગાવામાં ભાવસપાટી તેની મૂળ સ્થિતિએ જ જળવાઈ રહે છે.

**3. સ્વરૂપની દૃષ્ટિએ :**

સ્વરૂપની દૃષ્ટિએ ફુગાવાનાં બે પ્રકાર પાડવામાં આવે છે.

**(a) મુક્ત ફુગાવો**

જ્યારે સરકાર દ્વારા ફુગાવાને નિયંત્રણમાં રાખવાનાં કોઈ જ પગલાં ભરવામાં ન આવે તો તેને મુક્ત ફુગાવો કહે છે. એટલે કે જ્યારે અર્થતંત્રમાં ભાવવધારો સક્રિય હોય ત્યારે સરકાર તેને નિયંત્રણમાં લેવાનાં કોઈ જ પગલાં ન ભરે તો તે મુક્ત ફુગાવો છે.

પ્રો. મિલ્ટન ફ્રીડમેનનાં શબ્દોમાં મુક્ત ફુગાવો એટલે જ્યારે અર્થતંત્રમાં ફુગાવાનાં પરિબળો સક્રિય હોય ત્યારે સરકાર કોઈ પણ પ્રકારનાં ભાવનિયંત્રણો કે અન્ય પદ્ધતિ દ્વારા ભાવોને દબાવ્યા સિવાય તેમને વધવાની છૂટ આપે છે. મોટે ભાગે મુક્ત ફુગાવો પછી ઘોડાવેગી ફુગાવા (Hyper Inflation) માં પરિણમે છે.

**(b) દાબેલો ફુગાવો**

ભાવસપાટીને નિયંત્રણમાં રાખવા સરકાર નાણાકીય તથા ભૌતિક અંકુશોનો સહારો લે છે. સરકાર તે માટે લાયસન્સ પદ્ધતિ, ભાવો પર નિયંત્રણ તથા રેશનિંગ દાખલ કરીને પણ ભાવસપાટીને અંકુશમાં રાખવાનો પ્રયત્ન કરે છે.

આ રીતે બજારનાં માંગ અને પુરવઠાના પરિબળોને છૂટો દોર આપવામાં આવતો નથી અને સરકાર ફુગાવાને દબાવે છે. તેથી તેને દાબેલો ફુગાવો કહે છે.

**4. અપેક્ષાની દૃષ્ટિએ :**

**(a) અપેક્ષિત ફુગાવો**

અર્થતંત્રમાં ચીજવસ્તુઓ અને સેવાઓના ભાવ કયા દરે વધે છે તેની અપેક્ષા કરી શકાતી હોય તો તેને અપેક્ષિત ફુગાવો કહે છે. જ્યારે સરકાર સતત ખાદ્ય પુરવણી કરતી હોય ત્યારે લોકો ફુગાવો થવાની ધારણા રાખે છે.

જ્યારે લોકો દ્વારા ફુગાવાની અપેક્ષા રાખવામાં આવે છે ત્યારે ઉત્પાદનમાં સાધનો પહેલેથી જ વધુ વળતરની આશા રાખે છે.

ભવિષ્યમાં વધુ વળતર ચૂકવવાથી ઉત્પાદન ખર્ચ વધશે તેમ ધારીને ઉત્પાદકો વસ્તુની કિંમત વર્તમાન સમયમાં જ વધારે છે. આથી ફુગાવો અસ્તિત્વમાં આવે છે.

**(b) અનપેક્ષિત ફુગાવો**

જ્યારે લોકોએ ભાવવધારાની અપેક્ષા ન રાખી હોય તેમ છતાં પણ જો અર્થતંત્રમાં ભાવો વધે તો તેને અનપેક્ષિત ફુગાવો કહે છે.

અથવા તો જેટલા ભાવવધારાની અપેક્ષા રાખી હોય તેનાં કરતાં વધારે કે ઓછો ભાવવધારો થાય તેને અનપેક્ષિત ફુગાવો કહે છે.

**5. વ્યાપકતાની દૃષ્ટિએ :**

વ્યાપકતાની દૃષ્ટિએ ફુગાવાનું વર્ગીકરણ નીચેની બે રીતે કરી શકાય.

**(a) સાર્વત્રિક ફુગાવો**

સાર્વત્રિક ફુગાવાને સર્વગ્રાહી ફુગાવો પણ કહી શકાય. જ્યારે અર્થતંત્રનાં બધાં જ ક્ષેત્રોમાં વસ્તુઓ અને સેવાઓનાં ભાવ વધી રહ્યા હોય ત્યારે તેને સાર્વત્રિક ફુગાવો કહે છે.

જેમાં, અનાજ સહિતની ખાદ્ય ચીજો, વપરાશી ચીજો, મૂડીગત વસ્તુઓ, ટેલિકોમ, પરિવહન, શિક્ષણ આરોગ્ય, વ્યાપાર સહિતની તમામ સેવાઓનાં ભાવોમાં વધારો થાય છે.

**(b) છૂટો છવાયો કે ક્ષેત્રીય ફુગાવો**

છૂટાછવાયા ફુગાવાને ક્ષેત્રીય ફુગાવા તરીકે પણ ઓળખવામાં આવે છે.

આ પ્રકારનાં ફુગાવામાં તમામ વસ્તુઓ કે સેવાઓનાં ભાવોમાં વધારો થતો નથી. માત્ર થોડીક વસ્તુઓ કે સેવાઓનાં ભાવો વધવાનું જ વલણ જોવા મળે છે.

**6. સમયનાં આધારે :**

સમયનાં આધારે ફુગાવાનાં ત્રણ પ્રકારો નીચે મુજબ છે.

**(a) શાંતિનાં સમયનો ફુગાવો**

શાંતિનાં સમયનો ફુગાવો એ ખૂબ જ સામાન્ય ફુગાવો છે. જ્યારે સરકારી ખર્ચ વધે અથવા તો ખુબ જ મોટા પાયે વિકાસનાં પ્રકલ્પો પાછળ વધારે ખર્ચ કરવામાં આવે ત્યારે આ પ્રકારનો ફુગાવો ઉદ્‌ભવે છે.

પછાત દેશો અને વિકાસશીલ દેશોમાં આર્થિક વિકાસનાં શરૂઆતનાં તબક્કાઓમાં આ પ્રકારનો ફુગાવો જોવા મળે છે.

**(b) યુદ્ધનાં સમયનો ફુગાવો**

યુદ્ધનાં સમયગાળા દરમ્યાન કોઈપણ સરકારનો મુખ્ય હેતુ જીત મેળવવાનો હોય છે. યુદ્ધ અને ફુગાવો લગભગ સાથે જ જોવા મળે છે.

યુદ્ધમાં જીત મેળવવા માટે સરકારે ખૂબ જ મોટા પાયા ઉપર લશ્કરી ખર્ચ કરવું પડે છે. ઉત્પાદનનાં તમામ સાધનોને લડાઈનાં યાંત્રિક સાધનો, દારૂગોળો વગેરેનાં ઉત્પાદન તરફ

વાળવામાં આવે છે. તેથી સરકારી ખર્ચમાં ખૂબ જ વધારો થાય છે. પરંતુ સરકારની આવકમાં તેટલો વધારો થતો નથી.

આથી ખૂબ જ મોટા પાયા ઉપર ખાદ્ય પૂરવણી કરવા સરકાર મજબૂર બને છે, અને અર્થતંત્રમાં નાણાંનો કુલ પુરવઠો વધવાને કારણે ફુગાવો અસ્તિત્વમાં આવે છે.

**(c) યુદ્ધોત્તર ફુગાવો**

યુદ્ધ સમયે શરૂ થયેલો ફુગાવો તરત જ નિયંત્રણમાં લાવી શકાતો નથી. યુદ્ધ પુરુ થયા બાદ તરત જ વપરાશી વસ્તુઓનો પુરવઠો વધારવો શક્ય હોતો નથી. એટલે કે યુદ્ધ બાદ પણ વસ્તુઓથી અછત અમુક સમય સુધી ચાલુ રહે છે.

યુદ્ધોત્તર સમયનાં ફુગાવાની ગતિ ઘણી વખત યુદ્ધનાં સમયનાં ફુગાવાની ગતિ કરતાં પણ વધુ હોય છે. યુદ્ધનાં ગાળા દરમ્યાન સરકારે જે નિયંત્રણો મૂક્યાં હોય તે નિયંત્રણો યુદ્ધ બાદ હટાવી લેવામાં આવે છે, આથી ફુગાવાની ગતિ ઝડપી બને છે.

**7. ભાવવૃદ્ધિની ઝડપનાં આધારે :**

ભાવવૃદ્ધિની ઝડપનાં આધારે ફુગાવાનાં નીચે પ્રમાણે પ્રકાર પાડવામાં આવે છે.

**(a) હળવો ફુગાવો**

હળવા ફુગાવામાં સમયનાં લાંબાગાળા દરમ્યાન ભાવો ખૂબ જ ઓછા દરે વધે છે. વિકાસશીલ દેશો અથવા તો પછાત દેશો માટે હળવો ફુગાવો આર્થિક વિકાસ માટે અનિવાર્ય ગણાય છે. હળવા ફુગાવામાં ભાવસપાટી લગભગ વાર્ષિક 2 ટકાનાં દરે વધે છે.

હળવો ફુગાવો અર્થતંત્રને ગતિશીલ બનાવે છે. એટલે કે તે અર્થતંત્રને સ્થગિતતાની સ્થિતિમાંથી બહાર લાવે છે.

**(b) ચાલતો ફુગાવો**

જો ભાવો વધવાનો દર હળવા ફુગાવા કરતાં વધુ હોય અને ફુગાવાનો વાર્ષિક દર જ્યાં સુધી એક આંકડામાં હોય ત્યાં સુધી તેને ચાલતો ફુગાવો કહે છે.

સામાન્ય રીતે આ પ્રકારનાં ફુગાવામાં ભાવ વધવાના વાર્ષિક દર લગભગ 5 ટકાથી 9 ટકાની વચ્ચે હોય છે.

જો આ પ્રકારનાં ફુગાવાને યોગ્ય રીતે નિયંત્રણમાં લેવામાં ન આવે તો તે દોડતા ફુગાવામાં પરિણમે છે.

**(c) દોડતો ફુગાવો**

જ્યારે અર્થતંત્રમાં ભાવવધારાનો વાર્ષિક દર લગભગ 10 ટકાથી 20 ટકાની આસપાસ હોય ત્યારે તેને દોડતો ફુગાવો કહે છે.

જો આ પ્રકારનાં ફુગાવાને નિયંત્રણમાં રાખવામાં નિષ્ફળ નીવડે તો તે તીવ્ર ફુગાવામાં પરિણમે છે.

**(d) તીવ્ર ફુગાવો**

જ્યારે અર્થતંત્રમાં ભાવસપાટી વધવાનો વાર્ષિક દર લગભગ 20 ટકાથી 100 ટકાની વચ્ચે અથવા તો તેનાથી પણ ઘણો વધુ હોય તો તેને તીવ્ર ફુગાવો કહે છે.

ફુગાવાના દરેક પ્રકારમાં આ ફુગાવો સૌથી વધુ હાનિકારક છે. આ પ્રકારનાં ફુગાવામાં ભાવસપાટી સતત વધ્યા જ કરે છે. અને તેની કોઈ જ ઉર્ધ્વ મર્યાદા (Upper Limit) નથી.

પ્રો. કેઈન્સ આ પ્રકારનાં ફુગાવાને સાચો ફુગાવો (True Inflation) કહે છે.

**8. અન્ય**

**(a) વિક્રેતાનો ફુગાવો**

ફુગાવાનાં આ પ્રકારનો ખ્યાલ પ્રો. એ.પી. લર્નરે આપ્યો છે.

તેઓ જણાવે છે કે ઓછી પૂર્ણ રોજગારી અને વધુ પૂર્ણ રોજગારી આ બંને પરિસ્થિતિની વચ્ચે કિંમતો વધવાનું વલણ ધરાવે છે.

જ્યારે અર્થતંત્રમાં ફુગાવો ખુબ જ વધી જાય ત્યારે આ પ્રકારનો ફુગાવો અસ્તિત્વ આવે છે.

**(b) સંચાલિત ફુગાવો**

આ ખ્યાલ પ્રો. જહોન કેનેથ ગ્રાલ્બ્રેથે આપ્યો છે. આ પ્રકારનો ફુગાવો ઉદ્યોગો કે પેઢીની ઈજારાશાહી પર આધાર રાખે છે.

જો પેઢી કે ઉદ્યોગ બજારમાં ઈજારો ધરાવતા હોય તો પોતાને મળતો નફો વધારવા માટે તેઓ વસ્તુઓ અને સેવાઓની કિંમત વધારે છે. જ્યારે મજૂર સંગઠનો દ્વારા વેતન વધારાની માંગણી થાય અને જો વેતનમાં વધારો કરવામાં આવે તો ઉત્પાદન ખર્ચ વધે છે. ઈજારાશાહી પેઢીઓ ઉત્પાદન ખર્ચમાં જેટલો વધારો થયો છે તેનાથી વધુ વધારો વસ્તુ અને સેવાની કિંમતોમાં કરે છે જેથી તેમને નફો મહત્તમ મળે છે.

ફુગાવાનો આ ખ્યાલ અલ્પહસ્તક ઈજારા સાથે સંકળાયેલો છે.

**(c) નફાની ટકાવારીને આધારે થતો ફુગાવો**

આ પ્રકારનાં ફુગાવાનો ખ્યાલ એકલે નામનાં અર્થશાસ્ત્રીએ આપ્યો છે.

તેમનાં મત પ્રમાણે મોટા ઉત્પાદકો વસ્તુઓ અને સેવાની કિંમત નક્કી કરવા માટે અમુક પદ્ધતિ અપનાવે છે. આ પદ્ધતિમાં તેઓ સૌ પ્રથમ ઉત્પાદનનું ખર્ચ ગણે છે અને પછી અમુક નિશ્ચિત ટકાવારી પ્રમાણ જેટલો નફો થવો જ જોઈએ એમ નક્કી કરે છે. એટલે કે ઉત્પાદન ખર્ચમાં નફાનું એ ટકાવારી પ્રમાણ ઉમેરવામાં આવે છે અને વસ્તુ કે સેવાનાં ભાવ નક્કી કરવામાં આવે છે.

જ્યારે ઉત્પાદક કંપનીઓ આ ટકાવારી પ્રમાણ વધારી દે છે ત્યારે ભાવો વધે છે અને તેને નફાની ટકાવારીને આધારે થયેલો ફુગાવો કહેવાય.

## 9.12 ફુગાવાનાં ઉદ્ભવવાનાં કારણો

**1. નાણાકીય આવક**

- જો લોકોની નાણાકીય આવક વધે અને સામે વસ્તુ કે સેવાનો પુરવઠો ના વધે તો ફુગાવો થાય છે. આનો અર્થ એ થયો કે વાસ્તવિક રાષ્ટ્રીય આવક કરતાં નાણાકીય આવક વધારે વધી હોય છે.
- F.W. Peish ફુગાવા માટે નાણાકીય આવકમાં થતા ઝડપી વધારાને મુખ્ય કારણ માને છે.

**2. ઉત્પાદનનું ખર્ચ**

- જો વસ્તુઓ અને સેવાનાં ઉત્પાદન ખર્ચમાં વધારો થાય તો ભાવો વધે છે.
- આ ઉત્પાદનનું ખર્ચ કાચા માલનાં ભાવમાં વધારો પ્રક્રિયામાં વપરાયેલાં ઉત્પાદનનાં સાધનોનાં ભાવમાં વધારો, પરવિહનનાં ખર્ચમાં વધારો વગેરે કારણોને લીધે વધે છે.

**ઉ.દા.** જો કપાસ કે રૂ નાં ભાવ વધે તો કાપડના ભાવ પણ વધે છે. જો મૂડી પરનો વ્યાજ દર વધે તો પણ કાપડનાં ઉત્પાદનનું ખર્ચ વધે જેથી કાપનાં ભાવ વધે.

**3. પરોક્ષ વેરા**

- સરકારો દ્વારા વસ્તુઓ અને સેવાઓ પર વિવિધ પ્રકારનાં પરોક્ષ વેરા નાખવામાં આવે છે અને જો તેમાં વધારો થાય તો તે ફુગાવો પેદા કરે છે.

દા.ત., ભારત સરકાર પેનનાં ઉત્પાદન ઉપર નાખવામાં આવતો GST વધારે તો પેનનાં ભાવ વધે. આમ, પરોક્ષ વેરા ફુગાવાજનક હોય છે.

**4. સબસિડી**

- સરકારો અનેક વસ્તુઓ અને સેવાઓ પર સબસિડી આપે છે તેથી ભાવો નીચા હોય છે. જ્યારે સરકારો આ સબસિડી ઘટાડે છે અથવા રદ કરે છે ત્યારે ભાવો વધે છે.

દા.ત., ભારત સરકાર રાંધણ ગેસનાં એક બાટલાનું ઉત્પાદન ખર્ચ રૂા. 900 હોય અને તે રૂા. 800 માં ગ્રાહકોને વેચતી હોય તો તે રૂા. 100 ની સબસિડી આપી કહેવાય.

**5. ભાવનિર્ધારણ કે ભાવ અંકુશ**

- સરકારો ઘણીવાર કેટલીક વસ્તુનાં ભાવ નક્કી કરે છે અને ખાનગી ઉત્પાદકોને એ જ ભાવે વસ્તુઓ વેચવા આદેશ આપે છે. જો સરકાર ભાવો પર એ રીતે અંકુશ જાળવવાનું છોડી દે અથવા સરકાર ખાનગી ઉત્પાદકોને માટે વધુ વેચાણ ભાવ નક્કી કરે તો પણ ભાવોમાં વધારો થાય છે.

**6. ખાદ્ય પુરવણી**

સરકાર જ્યારે વધારે ખર્ચ કરે છે ત્યારે લોકો પાસે વધુ નાણાં આવે છે, લોકોની આવક વધે છે અને તેથી વસ્તુનો અને સેવાની માંગ વધતાં ભાવ વધે છે.

જો સરકારનું કુલ ખર્ચ સરકારની કુલ આવક કરતાં વધારે હોય તો તેનાં અંદાજપત્રમાં ખાદ્ય ઉભી થાય છે અને એ ખાદ્ય પૂરવા માટે જો સરકાર કેન્દ્રીય બેંક પાસેથી નાણું લે તો નાણાંનાં પુરવઠામાં વધારો થાય છે.

નાણાંનો એ પુરવઠો સરકારી ખર્ચ દ્વારા લોકો પાસે આવે છે અને લોકોની આવક વધતાં માંગ વધે છે. તેથી ભાવો વધે છે. આમ, ખાદ્ય પુરવણી ઘણી વાર ફુગાવાજનક હોય છે.

**7. સાધન બજારમાં અસંતુલન**

જેમ વસ્તુ કે સેવાની માંગ તેના પુરવઠા કરતાં વધારે હોય તો તેનાં ભાવ વધે છે તેમ સાધન બજારમાં પણ બને છે.

જો ઉત્પાદન સાધનો એટલે કે જમીન, શ્રમ, મૂડી અને નિયોજકની માંગ વધારે હોય અને તેમનો પુરવઠો ઓછો હોય તો તેમનાં ભાવ એટલે કે અનુક્રમે ભાડું, વેતન, વ્યાજ અને નફો વધે છે.

ઉત્પાદનનાં સાધનનાં ભાવ વધે એટલે ઉત્પાદનનું ખર્ચ વધે અને તેઓ જે વસ્તુઓ અને સેવા ઉત્પન્ન કરે છે તેમનાં ભાવો વધે છે અને ફુગાવો થાય છે.

**8. નાણાંનો પુરવઠો**

મિલ્ટન ફ્રિડમેન જેવા ઘણાં અર્થશાસ્ત્રીઓ એમ માને છે કે ફુગાવા માટેનું મુખ્ય કારણ નાણાંનો પુરવઠો છે. તેઓ માને છે કે નાણાંનાં પુરવઠામાં વધારો થાય તો જ ફુગાવો થાય છે.

નાણાંનો પુરવઠો કેન્દ્રીય બેંકની નાણાંકીય નીતિને કારણે વધે છે. એટલે કે કેન્દ્રીય બેંક વ્યાજનાં દરમાં ઘટાડો કરે છે, જેથી બેંકોનાં ધિરાણમાં વધારો થાય છે અને આમ, નાણાંનો પુરવઠો વધે છે.

**9. ઓછું ઉત્પાદન**

ઘણી વાર કુદરતી આપત્તિઓને કારણે ઉત્પાદન ઓછું થાય છે. દુકાળ, પુર, વાવાઝોડું, વગેરે કારણોસર ઉત્પાદન ઘટતાં પુરવઠો ઘટે છે. અને જો માંગમાં ઘટાડો ના થયો હોય તો ભાવ વધે છે.

ભારત જેવા દેશોમાં ખેતપેદાશોની કિંમતો સામાન્ય ભાવસપાટીને અસર પહોંચાડે છે. જો આ વસ્તુઓની કિંમતમાં વધારો થાય તો સામાન્ય ભાવ સપાટી ઉપર તેની ગંભીર અસર પડે છે.

ખાદ્ય ચીજવસ્તુઓનાં ભાવ વધવાથી લોકોનું જીવનનિર્વાહ ખર્ચ વધે છે. ભાવસપાટીમાં જેટલાં પ્રમાણમાં વધારો થાય છે તેટલાં જ પ્રમાણમાં ગ્રાહકોની આવકમાં વધારો થતો નથી.

## 9.13 ફુગાવાની વિવિધ અસરો

જ્યારે અર્થતંત્રમાં ફુગાવો હોય ત્યારે બધી વસ્તુઓ અને સેવાઓની કિંમતમાં એકસરખો વધારો થતો નથી. બધી વસ્તુઓ અને સેવાઓની સાપેક્ષ કિંમતોમાં જુદાં - જુદાં ફેરફાર થાય છે અને તે ફેરફાર અનિશ્ચિત પણ હોય છે.

ફુગાવા દરમિયાન અર્થતંત્રનાં તમામ ક્ષેત્રોમાં ભાવ જુદી-જુદી ગતિએ અને અનિયમિત રીતે વધતા હોવાથી આવકની વહેંચણી ઉપર તેની માઠી અસર પડે છે.

ફુગાવાની સામાજિક અને આર્થિક એમ બંને અસરો છે. ફુગાવાની સીધી જ અસર જીવનધોરણ પર પડે છે.

ફુગાવાની અસરને નીચેનાં બે ભાગમાં વહેંચી શકાય.

(a) ઉત્પાદન ઉપરની અસર

(b) વહેંચણી ઉપરની અસર

**(a) ઉત્પાદન ઉપરની અસર**

અર્થતંત્રમાં ફુગાવાની વસ્તુઓ અને સેવાનાં ઉત્પાદન પર ખુબ જ ગંભીર અસર થતી જોવા મળે છે. જ્યારે અર્થતંત્રમાં બેકારી હોય ત્યારે હળવો ફુગાવો જરૂરી છે.

ફુગાવાની કેટલીક ઉત્પાદન ઉપરની અસરો નીચે મુજબ છે.

(i) બચતો ઘટે

(ii) વિદેશી મૂડીરોકાણ ઘટે

(iii) સટ્ટાકીય પ્રવૃત્તિઓ વધે

(iv) વપરાશી વસ્તુઓની અછત

(v) અનુત્પાદક ક્ષેત્રોમાં રોકાણ

(vi) ચલણનું અવમૂલ્યન

**(i) બચતો ઘટે**

અર્થતંત્રમાં જો ફુગાવો અસ્તિત્વમાં હોય તો તે નાણાંનાં મૂલ્યનાં ઘસારામાં પરિણમે છે

આથી લોકોની બચતો ઉપર તેની માઠી અસર પડે છે. બચતો પર માઠી અસર પડવાને કારણે મૂડીરોકાણ પર પણ અસર થાય છે.

**(ii) વિદેશી મૂડીરોકાણ ઘટે**

જો ફુગાવાને કારણે નાણાંનાં મૂલ્યમાં ઘસારો પેદા થાય તો વિદેશી મૂડીરોકાણ પણ ઘટે છે, કારણ કે લોકોને નાણાંનાં મૂલ્ય પર વિશ્વાસ રહેતો નથી.

**(iii) સટ્ટાકીય પ્રવૃત્તિઓ વધે**

ફુગાવો એ સટ્ટાકીય પ્રવૃત્તિઓને પ્રોત્સાહન આપે છે. ઉત્પાદકો અને નિયોજકોમાં ઉત્પાદનનાં બદલે સટ્ટાકીય પ્રવૃત્તિમાં વધુ રસ પડે છે કારણ કે નફો વધારે મળે છે.

**(iv) વપરાશી વસ્તુઓની અછત**

ફુગાવો હોય ત્યારે ઉત્પાદકો અને નિયોજકો બિનવપરાશી વસ્તુઓનું ઉત્પાદન વધારે છે કારણ કે તેમને તેમાં વધારે નફો મળી શકે છે અને આમ, વપરાશી વસ્તુઓની અછત સર્જાય છે.

**(v) અનુત્પાદક ક્ષેત્રોમાં રોકાણ**

અનુત્પાદક ક્ષેત્રે મૂડીરોકાણ થવાથી સટ્ટાકીય પ્રવૃત્તિઓ વધારે જોર પકડે છે. ફુગાવામાં ધનિકોની તરફેણમાં આવક અને મિલકતની પુનઃવહેંચણી થાય છે. તેની ધનિક વર્ગ અનુત્પાદક ક્ષેત્રોમાં જ નાણાં રોકવાનું પસંદ કરે છે.

**(vi) ચલણનું અવમૂલ્યન**

બ્રિટિશ અર્થશાસ્ત્રી પ્રો. જોન રોબિન્સનનાં મતે ફુગાવો દેશની આંતરરાષ્ટ્રીય હરીફાઈ કે સ્પર્ધાત્મકતા માટે વિનાશક છે.

જો વિનિમયદર સ્થિર જ રાખવામાં આવે અને ભાવ સપાટી વધે તો આંતરરાષ્ટ્રીય સ્તરે હરીફાઈ કરવાની ક્ષમતામાં ઘટાડો થાય છે. દેશની નિકાસો ઘટતી અટકાવવા માટે ચલણનાં અવમૂલ્યનનો સહારો લેવામાં આવે છે.

**(b) વહેંચણી ઉપરની અસર**

ફુગાવાની સમાજનાં જુદાં-જુદાં વર્ગો પર જુદી-જુદી અસર પડે છે.

(i) લેણદાર અને દેવાદાર વર્ગ

(ii) નિશ્ચિત આવક મેળવનાર વર્ગ

(iii) વેતન અને પગાર મેળવનાર વર્ગ

(iv) રોકાણકારો

(v) ખેડૂત વર્ગ

(vi) નિયોજકો

(vii) વેપારી વર્ગ

**(i) લેણદાર અને દેવાદાર વર્ગ**

ફુગાવાને કારણે દેવાદાર વર્ગને ફાયદો થાય છે. ફુગાવાનાં પરિણામે નાણાંના મૂલ્યમાં ઘટાડો થાય છે. આથી દેવાદાર વર્ગ ઉપરનો વાસ્તવિક બોજો ઘટે છે.

દેવાદાર જ્યારે નાણું લે છે ત્યારે ફુગાવો ન હોવાને કારણે નાણાંની ખરીદશક્તિ વધુ હોય

છે અને જ્યારે તે રકમ ચૂકવે છે ત્યારે ફુગાવાના કારણે નાણાંની ખરીદશક્તિ ઓછી થઈ હોય છે જેથી દેવાદાર વર્ગને ફાયદો થાય છે. તે જ રીતે લેણદાર વર્ગ જ્યારે ઉછીનું નાણું આપે છે ત્યારે નાણાંની ખરીદશક્તિ વધુ હોય છે અને નાણું પાછું મેળવે ત્યારે નાણાંની ખરીદશક્તિ ઓછી થઈ ગઈ હોય છે, જેથી નુકસાન થાય છે.

**(ii) નિશ્ચિત આવક મેળવનાર વર્ગ**

ફુગાવા દરમિયાન સૌથી વધુ અસર પામતો જો કોઈ વર્ગ હોય તો તે નિશ્ચિત આવક મેળવનાર વર્ગ છે. ફુગાવા દરમિયાન આ વર્ગની આવક નિશ્ચિત હોવાને કારણે તેની વાસ્તવિક આવક ઘટે છે. આ વર્ગનું જીવનનિર્વાહ ખર્ચ વધવાથી જીવનધોરણ નીચે જાય છે.

**(iii) વેતન અને પગાર મેળવનાર વર્ગ**

સામાન્ય રીતે વેતન અને પગાર મેળવનાર વર્ગને પણ ફુગાવા દરમિયાન નુકસાન થાય છે.

ફુગાવાને કારણે જીવનનિર્વાહ ખર્ચ વધે છે પરંતુ તેટલાં પ્રમાણમાં વેતન અને પગારમાં તરત જ વધારો થતો નથી જેથી વાસ્તવિક આવક ઘટે છે.

**(iv) રોકાણકારો**

અર્થતંત્રમાં બે પ્રકારનાં રોકાણકારો જોવા મળે છે.

(i) જે શેરોમાં એટલે કે ઈક્વિટી મૂડીમાં રોકાણ કરે છે.

(ii) જે બોન્ડ્સ અને ડિબેંચર્સમાં રોકાણ કરે છે.

જેમ-જેમ ભાવસપાટી વધે તેમ-તેમ ઈક્વિટી પરના ડિવિડન્ડમાં વધારો થાય છે. આથી ફુગાવાનાં સમયમાં જે રોકાણકારોએ ઈક્વિટીમાં રોકાણ કર્યું છે તેમને ફાયદો થાય છે. જ્યારે બોન્ડ્સ અને ડિબેંચર્સમાંથી નિશ્ચિત આવક મળે છે. તેમાં વધારો કે ઘટાડો થતો નથી. આથી જેમણે ફુગાવા દરમિયાન બોન્ડ્સ અને ડિબેંચરમાં નાણાં રોક્યા છે તેમને નુકસાન જશે.

**(v) ખેડુત વર્ગ**

ફુગાવા દરમિયાન જો ખેત પેદાશોનો ભાવ વધે અને ઉત્પાદન ખર્ચના વધ્યું હોય તો ખેડૂતોને લાભ થાય છે.આ ઉપરાંત વસ્તુઓની કિંમત વધવામાં અને ઉત્પાદન ખર્ચ વધવામાં હંમેશાં સમયનો વિલંબ રહે છે.

ફુગાવો ખેડૂતોને લાભદાયી નીવડે છે કારણ કે તેઓ ફુગાવા દરમિયાન તેમનું દેવું ચૂકવે છે જ્યારે નાણાંની ખરીદશક્તિ તેવા સમયે ઓછી હોય છે.

**(vi) નિયોજકો**

ફુગાવા દરમિયાન ચીજવસ્તુઓનાં અને સેવાઓનાં ભાવ વધે છે. જ્યારે ઉત્પાદનનાં ખર્ચમાં વધારો થતો નથી. નિયોજકો માટે ફુગાવો એ ઈચ્છનીય બાબત છે. તે તેમનાં માટે આશીર્વાદરૂપ સમાન છે. કારણ કે નિયોજકોને મળતાં નફામાં ચોખ્ખો વધારો થાય છે.

**(vii) વેપારી વર્ગ**

વેપારીઓએ ઉત્પાદકો પાસેથી ફુગાવો થયા અગાઉ વસ્તુઓ ખરીદી હોય તો તે સસ્તા ભાવે ખરીદાઈ હોય છે અને તેઓ તે વધેલા ભાવે વેચે છે. જેથી ફુગાવો વેપારીને લાભદાયી નીવડે છે.

## 9.14 ફુગાવાને અંકુશમાં લેવાનાં પગલાં/ફુગાવો નિવારણનાં ઉપાયો

ફુગાવાને નિવારવા માટે દેશની સરકાર અને કેન્દ્રીય બેંક બંને પ્રયાસો કરે છે. આ માટે નીચે મુજબનાં ઉપાયો કરી શકાય છે.

1. નાણાકીય પગલાં
2. રાજકોષીય પગલાં
3. વહીવટી પગલાં

### 1. નાણાકીય પગલાં

ફુગાવાને ડામવા માટે કેન્દ્રીય બેંક નાણાંકીય પગલાં ભરે છે. નાણાકીય પગલાંમાં વ્યાજનાં દરમાં ફેરફાર કરીને નાણાંના પુરવઠામાં ફેરફાર કરવામાં આવે છે.

ભારતમાં રિઝર્વ બેંક આ પગલાં ભરે છે. આ પગલાંને સામાન્ય રીતે નાણાં નીતિ/ધિરાણ નીતિ કહેવામાં આવે છે. જો RBI વ્યાપારી બેંકોને જે ધિરાણ આપે છે તેના ઉપરનો વ્યાજ દર 6 ટકાથી વધારીને 8 ટકા કરે તો વ્યાપારી બેંકો લોકોને અપાતા ધિરાણ ઉપરનો વ્યાજનો દર 8 ટકાથી વધારીને 10 ટકા કરે છે. આમ, ધિરાણ મોંઘુ થાય છે તો લોકો ધિરાણ લેતા નથી. અથવા તો ધિરાણ ઓછું લે છે. જો ધિરાણ ઘટે છે, તો વસ્તુઓ અને સેવાની માંગ ઘટે છે અને ભાવ ઘટે છે.

### 2. રાજકોષીય પગલાં

રાજકોષીય નીતિ એટલે સરકારની આવક અને ખર્ચની નીતિ.

રાજકોષીય પગલાં એટલે સરકાર પોતાની આવક અને ખર્ચ કરવાની નીતિમાં ફેરફાર કરે તે.

આ માટે નીચે મુજબનાં પગલાં લઈ શકાય.

(i) પરોક્ષ કરવેરાનાં દરમાં ઘટાડો
(ii) ખર્ચમાં ઘટાડો
(iii) બચતોને પ્રોત્સાહન
(iv) કાળું નાણું બહાર લાવવાનો પ્રયાસ

#### (i) પરોક્ષ કરવેરાનાં દરમાં ઘટાડો

સરકાર વિવિધ વસ્તુઓ પર અનેક પ્રકારનાં કરવેરા નાંખતી હોય છે. ખાસ કરીને આવા પરોક્ષ વેરા વસ્તુઓનાં ભાવ વધારે છે.

જો ફુગાવો થયો હોય તો તેવાં સંજોગોમાં સરકાર વેરાનાં દર ઘટાડે એમ બને.

દા.ત., ડીઝલ પર સરકાર જો 10 ટકા GST લેતી હોય અને તે 5 ટકા કરે તો તેટલાં પ્રમાણમાં ડીઝલનાં ભાવ ઘટે.

#### (ii) ખર્ચમાં ઘટાડો

સરકાર પોતાનાં ખર્ચમાં ઘટાડો કરવાનો પ્રયાસ પણ ફુગાવાને ડામવા માટે કરે છે. જો ખર્ચ ઘટે તો તેનાં અંદાજપત્રની ખાદ્ય ઘટે છે. ખાદ્ય ઘટે તો ખાદ્ય પુરવણી ઘટે છે. એટલે કે નાણાંનો પુરવઠો ઘટે છે અને તેથી લોકો પાસેનું ચલણી નાણું ઘટે છે. પરિણામે, વસ્તુઓ અને સેવાઓની માંગ ઘટે છે અને ભાવો ઘટે છે.

**(iii) બચતોને પ્રોત્સાહન**

સરકાર લોકો બચત વધારે કરે અને ખર્ચ ઓછું કરે તે માટે પ્રોત્સાહન આપે છે. સરકાર વધુ વ્યાજ આપતી યોજનાઓ બહાર પાડે છે. વળી, સરકાર વેરાનાં દર ઘટાડીને પણ વધારે બચત કરવાની પ્રેરણા આપતી યોજનાઓ પણ બહાર પાડે છે.

જો લોકોની બચતો વધે તો વપરાશી ખર્ચ ઘટે છે અને તેથી માંગ ઓછી થવાથી ભાવો ઘટે છે.

**(iv) કાળું નાણું બહાર લાવવાનો પ્રયાસ**

કાળું નાણું એટલે બિન-હિસાબી નાણું એટલે લોકોએ જેનાં પર વેરો ભરવો જોઈએ એવી આવક છુપાવી હોય અને વેરો ભર્યો ના હોય એવી આવક.

મોટે ભાગે લોકો આવી આવક રોકડ સ્વરૂપે જ પોતાની પાસે રાખે છે. બેંકોમાં રાખતા નથી. આવી બિન-હિસાબી આવક લોકો વસ્તુઓ અને સેવાઓ પાછળ ખર્ચે છે અને તેથી ભાવો વધે છે.

તેથી સરકાર આવા લોકો પોતાની આવક જાહેર કરે અને વેરો ભરે તેવી યોજનાઓ પણ બહાર પાડે છે.

**3. વહીવટી પગલાં**

**(i) આયાતમાં વધારો**

જે વસ્તુઓનાં ભાવ વધ્યા હોય તે વસ્તુઓની બીજા દેશોમાંથી વધુ આયાત થાય અને ઝડપી થાય તે માટે સરકાર પ્રોત્સાહન આપે છે.

આયાત વધે તો પુરવઠો વધે છે અને માંગ તથા પુરવઠા વચ્ચેનું અસંતુલન ઘટે છે, અછત દૂર થાય છે અને તેથી ભાવો નીચે આવે છે.

**(ii) ઉત્પાદનમાં વધારાને પ્રોત્સાહન**

જે વસ્તુઓનાં ભાવ વધ્યાં હોય એમની અછત હોય તો તે વસ્તુઓનું ઉત્પાદન વધે તે માટે સરકાર પ્રયાસ કરે છે.

સરકાર તે માટે પોતે પણ વિવિધ યોજનાઓ ઘડે છે અને ખર્ચ કરે છે.

ઉપરાંત, અછતવાળી વસ્તુઓ ઉત્પન્ન કરનારા ઉત્પાદકોને વધુ ધિરાણ આપવાની વ્યવસ્થા કરાય છે. જો ઉત્પાદન આયાતી કાચા માલ ઉપર આધારિત હોય તો આયાત પરના વેરા ઘટાડાય છે.

**(iii) સંગ્રહાખોરી સામે ઝુંબેશ**

ભાવો વધવાનું વલણ ધરાવે છે ત્યારે ઉત્પાદકો અને વેપારીઓ વસ્તુઓનો વધુ પડતો સંગ્રહ કરે છે અને કૃત્રિમ અછત ઊભી કરે છે.

આવી સંગ્રહાખોરી ડામવા માટે સરકાર પગલાં ભરે છે. ઘણીવાર જુદી-જુદી વસ્તુઓનો કેટલો જથ્થો વેપારીઓ વધુમાં વધુ પોતાની પાસે રાખી શકે તેની મર્યાદા પણ સરકાર નક્કી કરે છે.

સંગ્રહાખોરી ના થાય તે માટે સરકાર વેપારીઓને ત્યાં દરોડા પાડે છે અને માલ જપ્ત કરે છે.

**(iv) ભાવો પર અંકુશ**

સરકાર ઘણી વાર કેટલીક વસ્તુનાં ભાવ નક્કી કરીને ઉત્પાદકોને તથા વેપારીઓને તે જ ભાવે વસ્તુઓ વેચવા માટે જણાવે છે કે જેથી ક્ષેત્રીય ફુગાવો ઉભો ન થાય.

દા.ત., ભારત સરકાર ઔષધ નિયંત્રણ હુકમ (Drug Price Control Order) (DPCO) હેઠળ ઘણી બધી જીવન જરૂરી દવાઓનાં ભાવ નક્કી કરે છે અને ઉત્પાદકોને તે જ ભાવે એ દવાઓ વેચવાની ફરજ પાડે છે.

આમ થવાથી ગ્રાહકોને નીચા ભાવે દવાઓ મળી રહે છે.

**(v) સબસિડી**

જે વસ્તુઓના ભાવ વધ્યા હોય એ વસ્તુઓ ઉપર સરકાર સબસિડી પણ આપે છે.

દા.ત., જો ઘઉં કે ચોખાના ભાવ કે તેલ કે ખાંડનાં ભાવ ખૂબ વધી જાય તો ભારત સરકાર કે રાજ્ય સરકારો તે ચીજો ઓછા ભાવે વધારે પ્રમાણમાં જાહેર વિતરણ વ્યવસ્થા હેઠળની વાજબી ભાવની દુકાનોએથી વેચે છે.

આમ થવાથી એ વસ્તુની માંગ ખુલ્લા બજારમાં ઘટે છે અને તેથી ભાવ નીચા આવે છે.

## 9.15 સ્વાધ્યાય

- **નિબંધ પ્રકારનાં પ્રશ્નો :**

1. ફુગાવાનો અર્થ આપી તેના વિવિધ પ્રકારો જણાવો.
2. ફુગાવાનો અર્થ આપી તેની અસરો જણાવો.
3. ફુગાવાનો અર્થ જણાવી તેનાં નિવારણનાં ઉપાયો જણાવો.
4. ઈષ્ટ ફુગાવો એટલે શું? "વાસ્તવમાં તે વિકાસ માટે ઉપયોગી છે."-સમજાવો.
5. ફુગાવાને નિયંત્રણમાં લાવવા માટેનાં નાણાંકીય પગલાંઓ જણાવો.

- **ટૂંકમાં જવાબ આપો :**

1. ઈષ્ટ ફુગાવાનો ખ્યાલ સમજાવો.
2. ભાવ-વધારાની ઝડપને આધારે ફુગાવાના વિવિધ પ્રકારો જણાવો.
3. ફુગાવાની પ્રક્રિયાને આધારે ફુગાવાના વિવિધ પ્રકારો જણાવો.
4. "ફુગાવાના કારણે દેવાદાર લોકોને ફાયદો થાય છે."-સમજાવો.
5. ફુગાવાના નિયંત્રણમાં લાવવાનાં રાજકોષીય પગલાં જણાવો.
6. ફુગાવો ડામવાનાં વહિવટી પગલાં જણાવો.
7. ફુગાવા અને ઈષ્ટ ફુગાવા વચ્ચેનો ભેદ સમજાવો.
8. ફુગાવાની અસરો જણાવો.
9. નાણાં સંકોચન અને ઈષ્ટનાણાં સંકોચન એટલે શું? બન્ને વચ્ચેનો ભેદ સમજાવો.
10. બેકારીયુક્ત ફુગાવો એટલે શું? સમજાવો.
11. "ફુગાવોએ પુર્ણ રોજગારી બાદ ઉદ્ભવે છે."-સમજાવો.

## બહુવિકલ્પીય પ્રશ્નો

- **MCQS (Multiple Choice Questions)**

1. ફુગાવાના કારણે ...................... લોકોને ફાયદો થાય છે.

   A. દેવાદાર B. લેણદાર

   C. દેવાદાર અને લેણદાર D. ઉપરોક્ત કોઈ નહીં.

2. ફુગાવાને કારણે ..................... પ્રકારની આવકમાં ઘટાડો થાય છે.

   A. નાણાકીય આવક B. વાસ્તવિક આવક

   C. અર્ધનાણાકીય આવક D. અર્ધવાસ્તવિક આવક

3. પૂર્ણ રોજગારી પહેલાં ફુગાવો ઉદ્‌ભવી શકે નહીં. એવું મંતવ્ય ..................... અર્થશાસ્ત્રીએ આપ્યું.

   A. ઍડમ સ્મિથ B. રિકાર્ડો

   C. માલ્થસ D. જે. એમ. કેઈન્સ

4. અર્થતંત્રમાં વસ્તુઓ અને સેવાઓનાં કુલ પુરવઠા કરતાં માંગ વધારે હોય તેને ...................... ફુગાવો કહે છે.

   A. વેતન પ્રેરિત B. ખર્ચ પ્રેરિત

   C. માંગ પ્રેરિત D. આવક પ્રેરિત

5. સરકાર પોતાની આવક કરતાં ખર્ચ વધારે કરે, તેને કારણે ઉદ્‌ભવતા ફુગાવાને ............. કહે છે.

   A. ખર્ચ પ્રેરિત B. ખાદ્ય પ્રેરિત

   C. માંગ પ્રેરિત D. આવક પ્રેરિત

6. ................... પ્રકારનાં ફુગાવામાં ભાવ-સપાટી તેની મૂળ સપાટીએ જ જળવાઈ રહે છે.

   A. નફા પ્રેરિત B. ખર્ચ પ્રેરિત

   C. આવક પ્રેરિત D. મંદી પ્રેરિત

7. અર્થતંત્રમાં વાર્ષિક ભાવ-વધારો 5 થી 9 ટકા હોય તો તેને ................ પ્રકારનો ફુગાવો કહે છે.

   A. ઘોડાવેગ ફુગાવો B. ચાલતો ફુગાવો

   C. હળવો ફુગાવો D. દોડતો ફુગાવો

8. વધુ પૂર્ણરોજગારીના કારણે સર્જેલો વિક્રેતાનો ફુગાવાનો ખ્યાલ .................... અર્થશાસ્ત્રીએ આપ્યો.

   A. પ્રો.એ.પી. લર્નર B. પ્રો. એડમ સ્મિથ

   C. પ્રો. પીગુ D. પ્રો. જે. એમ. કેઈન્સ

9. નિશ્ચિત ટકાવારીનાં પ્રમાણમાં નફો થવો જ જોઈએ જેમાં નફાની ટકાવારીને કારણે ફુગાવો ઉદ્ભવે છે. આ ખ્યાલ ...................... અર્થશાસ્ત્રીએ આપ્યો.

   A. એ.પી. લર્નર  B. એકલે

   C. કેઈન્સ  D. પીગુ

10. ....................ના કારણે ફુગાવો ઉદ્ભવે છે.

   A. નાણાંકીય આવકમાં વધારો

   B. ઉત્પાદન ખર્ચમાં વધારો

   C. પરોક્ષવેરા

   D. ઉપરોક્ત બધાં જ

11. ફુગાવાનાં કારણે ................. લોકોને નુકસાન થાય છે.

   A. દેવાદાર  B. નિશ્ચિત આવક મેળવતા

   C. દેવાદાર અને લેણદાર  D. દેવાદાર અને નિશ્ચિત આવક મેળવતા

12. ફુગાવાના કારણે નાણાંના મૂલ્યમાં..................... ફેરફાર થાય છે.

   A. મૂલ્ય સ્થિર  B. મૂલ્યમાં ઘટાડો

   C. મૂલ્યમાં વધારો  D. ઉપરોક્ત બધાં જ

13. ફુગાવાને નિયંત્રણ કરવાં દેશની મધ્યસ્થ બેંક................ નીતિ અપનાવે છે.

   A. નાણાં વિસ્તરણ  B. નાણાં સંકોચન

   C. નાણાં સ્થિર  D. ઉપરોક્ત બધાં જ

14. ફુગાવાને નિયંત્રણ કરવાં સરકાર ................... ઉપાયો કરે છે.

   A. પરોક્ષ કરવેરાનાં દરમાં ઘટાડો કરે છે.

   B. ખર્ચમાં ઘટાડો કરે છે.

   C. કાળા નાણાંને બહાર લાવે છે.

   D. ઉપરોક્ત બધાં જ

**જવાબો :**

| | | |
|---|---|---|
| 1. A | 6. A | 11. B |
| 2. B | 7. B | 12. B |
| 3. D | 8. A | 13. B |
| 4. C | 9. B | 14. D |
| 5. B | 10. D | |

**એકમ 10**

# વપરાશ

**રૂપરેખા**

**10.1 પ્રસ્તાવના**

**10.2 વપરાશનો અર્થ**

**10.3 વપરાશનાનિર્ધારક પરિબળો**

**10.4 વપરાશ અંગેના વિવિધ સિદ્ધાંતો**

**10.5 વપરાશ ખર્ચને અસર કરતાં પરિબળો**

**10.6 સારાંશ**

**10.7 સ્વાધ્યાય**

## 10.1 પ્રસ્તાવના

અર્થશાસ્ત્રમાં વપરાશ એટલે વ્યક્તિ કે લોકો દ્વારા કરવામાં આવતા માલ અને સેવાઓનો ઉપયોગ ગણી શકાય. વપરાશ એ વપરાશ ખર્ચથી અલગ છે, જેને વ્યક્તિ કે લોકો દ્વારા માલ અને સેવાઓની પોતાના ઉપયોગ માટેની ખરીદી કહી શકાય. વપરાશ મુખ્યત્વે વપરાશ ખર્ચથી અલગ પડે છે. વપરાશ ઉપયોગિતાનાં સંપાદન માટે કરવામાં આવતા ખર્ચ તરીકે વ્યાખ્યાયિત કરવામાં આવે છે. અને જે અર્થશાસ્ત્રમાં મુખ્ય ખ્યાલ તરીકે ગણવામાં આવે છે. અન્ય ઘણા સામાજિક વિજ્ઞાનમાં પણ 'વપરાશ'નો અભ્યાસ થાય છે. વપરાશ એ રોકાણથી ઊલટા હિસ્સામાં જોવા મળે છે. જે ભવિષ્યની આવકના સંપાદન માટે ખર્ચ કરે છે.

અર્થશાસ્ત્રીઓની વિવિધ સંસ્થાઓ વપરાશને અલગ રીતે વ્યાખ્યાયિત કરે છે. મુખ્ય પ્રવાહનાં અર્થશાસ્ત્રીઓનાં જણાવ્યા મુજબ, તાત્કાલિક ઉપયોગ માટે વ્યક્તિઓ દ્વારા ફક્ત નવી ઉત્પાદિત ચીજો અને સેવાઓની અંતિમ ખરીદીનો વપરાશ થાય છે. જ્યારે અન્ય પ્રકારના ખર્ચ – ખાસ કરીને નિશ્ચિત રોકાણ મધ્યવર્તી વપરાશ અને સરકારી ખર્ચ અલગ શ્રેણીમાં મૂકવામાં આવે છે.

## 10.2 વપરાશનો અર્થ

વપરાશ દ્વારા ચીજવસ્તુઓ અને સેવાઓનાં ઉપયોગ થકી ગ્રાહક કે પોતાની ઈચ્છાઓને સંતોષવામાં આવે છે. જ્યારે આપણે કોઈ ચીજ વસ્તુઓનો ઉપયોગ કરીએ છીએ ત્યારે આપણે ખરેખર તેની ઈચ્છિત –સંતોષકારક ગુણવત્તા અથવા ઉપયોગિતાનો ઉપયોગ કરીએ છીએ. જ્યારે આપણે કોઈપણ ચીજવસ્તુઓ અથવા સેવાઓનો ઉપયોગ આપણી ઈચ્છાનાં સંતોષ માટે કરીએ છીએ, ત્યારે આ ક્રિયાને વપરાશ કહેવાય છે.

આમ, વપરાશ ઈચ્છિત વસ્તુ કે સેવાના સંતોષ સાથે સંબધિત છે. વપરાશ એ સૂચિત કરે છે, જેમાં આવકના ખર્ચ અથવા માણસની સંપતિના ઉપયોગની પ્રવૃત્તિનો પણ સમાવેશ થાય છે.

નિયો-ક્લાસિકલ (મુખ્ય પ્રવાહ)નાં અર્થશાસ્ત્રીઓ સામાન્ય રીતે વપરાશને આર્થિક પ્રવૃત્તિનો અંતિમ હેતુ માને છે. આમ વ્યક્તિદીઠ વપરાશનાં સ્તરને અર્થતંત્રની ઉત્પાદક સફળતાનાં કેન્દ્રીય માપ તરીકે જોવામાં આવે છે.

## 10.3 વપરાશનાનિર્ધારક પરિબળો :

વપરાશનાખર્ચને નિર્ધારિત કરવાના નવ પરિબળો નીચે મુજબ છે :

1. આવકનું વિતરણ
2. વ્યાજનો દર
3. પ્રવાહી સંપત્તિ અને સંમતિ
4. અપેક્ષિત ભાવિ આવક
5. વેચાણનો પ્રયાસ
6. મૂડી લાભ
7. ગ્રાહક ધિરાણ
8. આર્થિક નીતિ
9. અન્ય પરિબળો

### 1. આવકનું વિતરણ :

કેઈન્સનું માનવું હતું કે નીચી આવક ધરાવતાં જૂથોની સીમાંત વપરાશ વૃદ્ધિ (Marginal Propensity to Consumption)ઉચ્ચ આવક જૂથો કરતાં વધારે હશે. તેથી, આવક પુનઃવિતરણની નીતિ દ્વારા એકંદર માંગમાં વધારો થઈ શકે છે - એટલે કે ધનિકથી ગરીબમાં આવકનું સ્થાનાતરિત થવું. જો ઉચ્ચ આવક ધરાવતા પરિવારો ઓછી આવક ધરાવતા પરિવારો કરતાં આવકના વપરાશ ઓછો કરે, તો આવકના વિતરણમાં ફેરફાર વપરાશની માંગમાં ફેરફાર કરી શકે છે. જો રાષ્ટ્રીય આવક ઓછી ધરાવતા પરિવારો માટે વપરાશમાં વધારે પ્રમાણમાં વહેંચવામાં આવે તો એકંદર વપરાશનું સમયપત્રક વધશે, જ્યારે આવકના નીચા પુનઃવિતરણ સમાન કારણોસર વિરુદ્ધ અસર કરશે.

### 2. વ્યાજ દર :

લાંબા સમયથી એવું માનવામાં આવે છે કે વ્યાજના દરમાં વધારો થવાથી બચતમાં વધારો થશે અને તેથી વપરાશમાં ઘટાડો થશે. બાકીની અન્ય બાબતો, વાસ્તવિક વ્યાજ દર જેટલો ઓછો છે તે વપરાશના ખર્ચની માત્રા વધારે છે અને બચતની માત્રા ઓછી છે. વાસ્તવિક વ્યાજદર એ વપરાશની તકનો ખર્ચ છે.

વપરાશના ખર્ચ પર વાસ્તવિક વ્યાજ દરની અસર અવેજીના સિદ્ધાંતનું ઉદાહરણ છે. જો કોઈ ક્રિયાની તકનો ખર્ચ વધે છે, તો લોકો તેની જગ્યાએ અન્ય ક્રિયાઓનો વિકલ્પ લે છે. આ કિસ્સામાં, જો વર્તમાન વપરાશની તકની કિંમત અને તેની જગ્યાએ ભાવિ વપરાશ અવેજી કરે છે.

**3. પ્રવાહી સંપત્તિ અને સંમતિ :**

પ્રવાહી સંપત્તિ (નાણા, બોન્ડ, સિક્યોરિટીઝ)નો પુરવઠો અને ટકાઉ માલની હાલની માત્રા દ્વારા રજૂ કરાયેલ સંમતિ ગ્રાહકના ખર્ચને પ્રભાવિત કરી શકે છે. અમુક નિરીક્ષકોની દલીલ મુજબ પ્રવાહી સંપત્તિનો મોટો જથ્થો આર્થિક સુરક્ષાની લાગણીઓનો વધારો કરે છે અને તેનાથી વધુ વપરાશ ખર્ચ કરશે.

**4. અપેક્ષિત ભાવિ આવક :**

અપેક્ષિત ભાવિ આવકની ધારણા મુજબ ગ્રાહક વર્તમાન સમયમાં વપરાશ કરે છે. વર્તમાન નીકાલ્જોગ કે ખર્ચજોગ આવક પરથી વ્યક્તિ પોતાની ભાવિ આવકને અપેક્ષિત કરે છે. જેમ અપેક્ષિત ભાવિ આવક ઊંચી હોય તેમ ગ્રાહકનો વર્તમાન સમયમાં વપરાશ વધે છે.

**5. વેચાણ પ્રયત્નો :**

વેચાણના પ્રયત્નોની માત્રામાં વધારો અથવા ઘટાડો આવકના સ્તરને ધ્યાનમાં રાખીને, ગ્રાહકના ખર્ચના કુલ જથ્થાને અસર કરી શકે છે. જાહેરાતની અસરથી એક ઉત્પાદનથી બીજા ઉત્પાદનમાં, ફેરવવાની અસર દેખાય છે.

**6. મૂડી લાભ :**

કેઈન્સ એ પણ માન્યતા આપી હતી કે વપરાશ ખર્ચ ફક્ત આવક દ્વારા નહીં પણ મૂડી લાભ દ્વારા પ્રભાવિત થઈ શકે છે.

**7. ગ્રાહક ક્રેડિટ :**

ટકાઉ માલ જેવા કે ઓટોમોબાઈલ, ટીવી સેટ, રેડિયો વગેરેના સંદર્ભમાં ગ્રાહકના વ્યવહારને પ્રભાવિત કરવા માટે ગ્રાહક માટે ક્રેડિટની શરતો ઘણીવાર મહત્ત્વપૂર્ણ રહી છે. ગ્રાહકો જે હદ સુધી ખરીદી માટે નાણાં લઈ શકે છે તેના વપરાશનાસ્તરને અસર કરી શકે છે. ઉપકરણો અને ઓટોમોબાઈલ જેવા ટકાઉ માલની માંગ ખાસ કરીને ક્રેડિટની ઉપલબ્ધતા માટે સંવેદનશીલ હોય છે, કારણ કે આવા માલનો ખર્ચ મોટો હોય છે.

**8. નાણાકીય નીતિ :**

કર અને ટ્રાન્સફર ચૂકવણી પણ વપરાશને અસર કરે છે. પરોક્ષ વેરામાં વધારો થવાથી વસ્તુના ભાવમાં વધારો થાય છે અને કરવાળા વસ્તુઓની માંગમાં ઘટાડો થઈ શકે છે. તેવી જ રીતે આવકવેરામાં વધારો થવાથી વ્યક્તિઓની નિકાલજોગ આવક ઓછી થઈ શકે છે અને વપરાશમાં કુલ ખર્ચમાં ઘટાડો થઈ શકે છે.

**9. અન્ય પરિબળો :**

આમાં ઉપભોગ ટૂંકા દષ્ટિ, ઉદારતા, ખોટી ગણતરી, ઉદ્ધતાઈ અને ઉડાઉ જેવા કેટલાક વપરાશનાહેતુઓનો સમાવેશ થાય છે. કેઈન્સ આવા પરિબળોને વ્યક્તિલક્ષી પરિબળો કહે છે.

## 10.4 વપરાશ અંગેના વિવિધ સિદ્ધાંતો

સમગ્રલક્ષી અર્થશાસ્ત્રમાં એવા અમુક સિદ્ધાંતો છે કે જે ઊંડાણપૂર્વક અને લંબાણમાં એ મુદ્દો સમજાવે છે કે પરિવારનાં લોકો તેમની આવકનો કેટલો વપરાશ કરે છે. અને કેટલી બચત કરે છે એ બાબતનો નિર્ણય લે છે. કેઈન્સની જનરલ થિયરી મુજબ કેઈન્સ વપરાશને ખૂબ જ સામાન્ય જ્ઞાનના સ્તર પર ગણાવે છે. તેમના સમયમાં બીજા અર્થશાસ્ત્રીઓ એવી પદ્ધતિ અપનાવતા હતા, જેમાં અમૂર્ત અને ગાણિતિક સિદ્ધાંતનો સમાવેશ થતો હતો. જેના બદલે તેમને અંતઃપ્રેરણા પર લગભગ સંપૂર્ણ આધાર રાખતી હતી, જ્યારે કેઈન્સે વપરાશ સિદ્ધાંતનો કેન્દ્રિય પરિચય આપ્યો.

$$\text{MPC} = \frac{\Delta \mathbf{C}}{\Delta \mathbf{Y}}$$

જેને કેટલાક સમયથી મોટે ભાગે અંદાજિત ગુણાંક તરીકે કહેવામાં આવે છે.

- **કુઝનેટ પેરાડોકસ (Kuznet Paradox)**

કેઈન્સ કુલ વપરાશ અને વર્તમાન નિકાલજોગ આવક વચ્ચેનાં સંબંધોને ‘વપરાશ કરવાની વૃત્તિ’ કહે છે. તેમણે આવક પ્રત્યે વપરાશની સંવેદનશીલતાના બે પગલાઓને વ્યાખ્યાયિત કર્યા છે. સરેરાશ વપરાશ વૃત્તિ (APC – Average propensity to consumption ) એ કુલ વપરાશ અને કુલ આવકનાં ગુણોત્તર તરીકે ઓળખવામાં આવે છે, જે નીચે મુજબ છે

$$A\text{PC} = \frac{\mathbf{C}}{\mathbf{Y}}$$

સીમાંત વપરાશ વૃત્તિ (Marginal Propensity to consumption) એટલે વર્તમાન નિકાલજોગ આવકની સાથે વધતા વપરાશનું માપન કરવું.

$$M\text{PC} = \frac{\mathbf{dC}}{\mathbf{dY}} \quad \text{OR} \quad M\text{PC} = \frac{\Delta \mathbf{C}}{\Delta \mathbf{Y}}$$

- **ડ્યુસેનબેરીની સંબંધિત આવકની પૂર્વધારણા (Duesenberry`s Relative Income Hypothesis)**

ઘણીબધી ચર્ચા-વિચારણા પછી એક સમાધાન કરવાનાં પ્રારંભિક પ્રયત્નોમાંથી વપરાશ – આવકનો સંબંધ અસ્તિત્વમાં આવ્યો, જે આવકની પૂર્વધારણા (Relative Income Hypothesis) નાં ખ્યાલ દ્વારા પ્રો. જેમ્સ ડ્યુસેનબેરીએ (1949 James Duesenberry) એ

સમજાવ્યું. જો કે આ સિદ્ધાંત એક સમય પછી સમગ્રલક્ષી અર્થશાસ્ત્રમાંથી અદ્રશ્ય થઇ ગયો છે, જેનો નોંધપાત્ર પ્રભાવ વર્ષ ૧૯૫૦ અને વર્ષ ૧૯૬૦નાં દાયકામાં જણાયો છે.

## 10.5 વપરાશ ખર્ચને અસર કરતાં પરિબળો

વપરાશ ખર્ચ અથવા વપરાશ વિધેયને પ્રભાવિત કરતા મુખ્ય પરિબળોને નીચે મુજબ દર્શાવી શકાય

1. વ્યાજદર
2. સંપત્તિનો જથ્થો
3. ગ્રાહક ક્રેડિટની શરતો
4. વિલંબિત ચુકવણી
5. માનસિક પરિબળો
6. માળખાકીય પરિબળો

**1. વ્યાજના દર :**

પરંપરાગત અર્થશાસ્ત્રીઓની ધારણા રહી શકે છેકે વપરાશ અથવા બચત એ વ્યાજદર પર આધારિત છે. તેઓ માને છે કે વ્યાજના દરમાં વધારો બચતને પ્રોત્સાહન આપે છે. અને આમ, વપરાશને ઓછી કરવામાં આવે છે. જોકે, વપરાશ/બચત અને વ્યાજદરના સંબંધોને સમજાવવાની બીજી રીત પણ છે. જેમ કે, વ્યાજના દરમાં વધારો એટલે બોન્ડસના નાણામૂલ્યમાં ઘટાડો. આ બોન્ડ-ધારકોની વપરાશની વૃદ્ધિને નીચી કરવાની વૃત્તિ આપે છે. જયારે તેના વ્યાજદરમાં વધારો થાય ત્યારે સ્થિર વ્યાજ ધરાવતા સંપત્તિનું નાણાંમૂલ્ય ઘટે છે. આ સંપત્તિઓના માલિકો ગરીબ બનાવે છે અને વપરાશને ઓછી કરશે અથવા વ્યાજદરના વધારાને કારણે બોન્ડની પસંદગીમાં વધારો થશે. જે લોકોને ઓછા વપરાશ માટે પ્રેરે છે.

**2. સંપત્તિનો જથ્થો/પુરવઠો :**

ઉપભોક્તાની કુલ સંપત્તિ સ્થિતિને વપરાશનો એક મહત્ત્વપૂર્ણ નિર્ધારક માનવામાં આવે છે. સંપત્તિ, શેર, બોન્ડસ, મકાન સંપત્તિ વગેરે વપરાશનાનિર્ણયોને પ્રભાવિત કરે છે. આ સંપત્તિના માલિકો પાસે આ સંપત્તિઓ માટે પૂરતી પસંદગી હોતી નથી. તેથી જ તેમની બચત કરવાની ઈચ્છા ઓછી છે.

ભવિષ્યમાં સંપત્તિઓ રાખવા માટે, જેમની પાસે સંપત્તિને માલિકી નથી તેવા લોકો વધુ બચત કરવાનો અને વર્તમાનમાંઓછો વપરાશ કરવાનો ઈરાદો ધરાવે છે.

### 3. ગ્રાહક ક્રેડિટની શરતો :

ટકાઉ ગ્રાહક માલ હપ્તેથી ખરીદવાની વ્યવસ્થાઆજકાલ લોકપ્રિય બની છે. જો કે, આવા ખર્ચ મોટા પ્રમાણમાં ક્રેડિટની શરતો પર આધારિત છે. જો ઉપભોક્તા ક્રેડિટ વાજબી શરતો પર ઉપલબ્ધ છે તો અમુક પ્રકારની ખર્ચની શક્તિનો વિકાસ થશે.

### 4. વિલંબિત ચુકવણી :

પોતાના દેશનાં વિકાસ માટે સરકાર દ્વારા ધિરાણ બીજા દેશો પાસેથી લેવામાં આવે છે. જેના પર નિર્ધારિત વ્યાજદરની ચૂકવણી પણ કરવી પડે છે. પરંતુ અણધારી ઘટના કે કુદરતી હોનારત કે યુદ્ધ જેવી પરિસ્થિતિઓનાં કારણે આવી ધિરાણ લોન તથા વ્યાજદરની ચૂકવણીમાં વિલંબ થાય છે. જેના કારણે સરકાર દેશનાં નાગરિકો પર કરવેરાનાં વધારાના સ્વરૂપમાં આ ધિરાણનો બોજ લાદે છે. તેથી લોકોનો વપરાશ ખર્ચ ઘટે છે. આમ, વિલંબિત ચૂકવણીઓ વપરાશ ખર્ચને સીધી રીતે અસર કરે છે.

### 5. માનસિક પરિબળો :

મનોવૈજ્ઞાનિક કે વ્યક્તિલક્ષી પરિબળો કે જે ટૂંકાગાળામાં સતત રહે છે તે વપરાશ કાર્યનું સ્વરૂપ નક્કી કરે છે. કેઈન્સ મનોવૈજ્ઞાનિક અથવા વ્યક્તિલક્ષી પરિબળોને મહત્ત્વ આપે છે. જેમાં મૂળભૂત મૂલ્યો, વલણ, મનની સ્થિતિઓ વગેરેનો સમાવશે થાય છે. કેઈન્સ મુજબ, વપરાશ પાછળના હેતુઓએ આનંદ, ટૂંકા દષ્ટિ, ઉદારતા, ખોટી ગણતરી, ઉંડાણપણું અને અવરોધ છે. જો કે ટૂંકા ગાળામાં આ તત્ત્વોમાં નોંધપાત્ર ફેરફાર થતો નથી.

### ૬. માળખાકીય પરિબળો :

આવક વિતરણ, વસ્તી વિષયક, નાણાકીય નીતિ, રાજકોષીય નીતિ વગેરે જેવા માળખાકીય પરિબળો, લાંબા ગાળે એકંદરે વપરાશનાખર્ચ પર થોડું અસર ધરાવે છે.

## 10.6 સારાંશ

વપરાશ એ ઉપયોગિતાના સંપાદન માટે ખર્ચ તરીકે વ્યાખ્યાયિત તથા અર્થશાસ્ત્રનો એક મુખ્ય ખ્યાલ છે. વપરાશ દ્વારા ચીજવસ્તુઓ અને સેવાઓનો ઉપયોગ દ્વારા ગ્રાહકની ઈચ્છાઓનો સંતોષ મેળવવામાં આવે છે. વપરાશનાનિર્ધારક પરિબળોમાં આવકનું વિતરણ, વ્યાજના દર, પ્રવાહી સંપત્તિ, અને સંપત્તિ અપેક્ષિત ભાવિ આવક, વેચાણનો પ્રયાસ, મૂડીલાભ, ગ્રાહક ધિરાણ, આર્થિક નીતિનો સમાવેશ થાય છે. વપરાશનાવિવિધ સિદ્ધાંતોમાં મુખ્યત્વે ત્રણ સિદ્ધાંતો આપેલા છે. કેઈન્સનું વપરાશ વિધેય/મનોવૈજ્ઞાનિક સિદ્ધાંત, કુઝનેટ પેરાડોક્સ અને ડ્યુસેનબેરીનો સંબંધિક આવકની પૂર્વધારણાનો સિદ્ધાંત. વપરાશ ખર્ચ/વિધેયને અસર કરતાં મુખ્ય પરિબળોમાં વ્યાજનો દર, માનસિક પરિબળો, માળખાકીય પરિબળો, સંપત્તિનો જથ્થો, ગ્રાહકની ક્રેડિટ શરતો, વિલંબિત ચુકવણીનો સમાવેશ થાય છે.

## 10.7 સ્વાધ્યાય

- **લાંબા પ્રશ્નોનો ઉત્તર આપો.**

1. ટૂંકનોંધ લખો - વપરાશ.
2. વપરાશનાનિર્ધારક પરિબળો સવિસ્તાર સમજાવો.
3. વપરાશ અંગેના વિવિધ સિદ્ધાંત સમજાવો.
4. વપરાશ ખર્ચ અથવા વપરાશ વિધેય વિશે સમજાવો.
5. વપરાશ ખર્ચ/વિધેયને અસર કરતાં પરિબળો સમજાવો.

- **ખાલીજગ્યા પૂરો.**

1. વપરાશ એ ઉપયોગિતામાં સંપાદન માટેનો.................... છે.

   A. ખર્ચ C. ઉપજ

   B. આવક D. વિધેય જવાબ : A

2. ચીજવસ્તુઓ અને સેવાઓના ઉપયોગ દ્વારા ગ્રાહકની ઈચ્છાઓને સંતોષવી એટલે ..........................

   A. વપરાશ C. સંપાદન

   B. આવક D. ખર્ચ જવાબ : A

3. નીચેનામાંથી ક્યાં વપરાશનાનિર્ધારક પરિબળો નથી?

   A. આવકનું વિતરણ C. પ્રવાહી સંપત્તિ

   B. વ્યાજનો દર D. ઉપરોક્ત તમામ જવાબ : D

4. કેઈન્સ મુજબ નીચી આવક ધરાવતાં જૂથોની સીમાંત વપરાશ વૃદ્ધિ ઉચ્ચ આવક જૂથો કરતા .................... હશે.

   A. ઓછી C. સમાન

   B. વધારે D. શૂન્ય જવાબ : A

5. APC નું આખું સ્વરૂપ...................................

   A. Average Propersity to Consumption

   B. Average Property to Consumption

   C. Average Property to Cummulative

D. Average Property to Capital જવાબ : A

6. સીમાંત વપરાશ વૃત્તિ (MPC) = ......................................

A. C.

B. D. જવાબ : C

7. ...................એ મનોવૈજ્ઞાનિક વપરાશનો સિદ્ધાંત આપ્યો.

A. કેઈન્સ C. કુઝનેટ

B. પિગુ D. ડ્યુસેનબેરી જવાબ : A

8. સંબંધિત આવકની પૂર્વધારણાનો સિદ્ધાંત કોણે આપ્યો?

A. કેઈન્સ C. કુઝનેટ

B. પિગુ D. ડ્યુસેનબેરી જવાબ : D

૯. વપરાશ વિધેય મુજબ જેમ વર્તમાન આવક વધે તેમ, નીચી આવક ધરાવતા જૂથમાં વપરાશ ..................... છે.

A. વધે C. સમાન રહે

B. ઘટે D. શૂન્ય રહે જવાબ : A

10. વપરાશ ખર્ચને અસર કરતા પરિબળોમાં નીચેનામાંથી કયાનો સમાવેશ નથી થતો?

A. વ્યાજદર C. ક્રેડિટની શરતો

B. માળખાકીય D. ઈલેક્ટ્રોનિક સાધન જવાબ : D

એકમ 11

# મૂડીરોકાણ

## રૂપરેખા

11.1 પ્રસ્તાવના

11.2 અર્થ - વ્યાજદર

11.3 અર્થ - મૂડીરોકાણ

11.4 મૂડીરોકાણનાં નિર્ધારક પરિબળો

11.5 મૂડીની સીમાંત કાર્યક્ષમતાનો સિદ્ધાંત

11.6 મૂડીની સીમાંત કાર્યક્ષમતાનાં નિર્ધારકો

11.7 ગતિવર્ધનનો સિદ્ધાંત

11.8 સારાંશ

11.9 સ્વાધ્યાય

## 11.1 પ્રસ્તાવના

મૂડીરોકાણમાં કોઈ પણ પૈસા આપી શકે છે. અને એ નાણાંકીય રોકાણ દ્વારા વ્યાજ પણ વસૂલ કરી શકે છે. આ મૂડીરોકાણ બેક્રો દ્વારા તથા વ્યક્તિગત ધોરણે અથવા નાણાં ધીરણ – કરનાર પેઢી દ્વારા કરવામાં આવે છે. પરંતુ, તે બેક્રો જ છે, જે મૂડીરોકાણ સૌથી વધુ કરે છે. તેઓ બચત ખાતાની થાપણો અથવા ફિક્સ ડિપોઝીટની થાપણોનો ઉપયોગ મૂડીરોકાણ માટે કરે છે. તદુપરાંત, લોકોને થાપણો જમા કરવા માટે પ્રોત્સાહિત કરવા માટે બેક્રો વ્યાજનાં દર પણ ચૂકવે છે. તેથી નાણાંકીય ચક્રમાં પ્રવાહિતતા જળવાયા કરે છે.

## 11.2 અર્થ - વ્યાજદર

વ્યાજદર એ શાહુકાર દ્વારા તેના નાણાંનાં ઉપયોગ માટે લાગુ પાડવામાં આવતી મુખ્ય રકમની ટકાવારી તરીકે ગણવામાં આવે છે. બેક્રો એ લોકો પાસેથી નાણાં જમા લે છે. અને નાણાંની સાથે વ્યાજદરની પણ ચૂકવણી કરે છે. જયારે, બેક્રો દ્વારા નાણાંનું ધિરાણ કરવામાં આવે છે. જેથી તેઓ લાભ મેળવી શકે છે. તે જ સમયે, બેંકથાપણદારો અને નાણાં ધિરાણ લેનાર બંને માટે એકબીજા સાથે સ્પર્ધા કરે છે. પરિણામે, હરીફાઈ તમામ પ્રકારની **બેંકો**નાં વ્યાજદરને એકબીજા સાથે સાંકળી રેન્જ એટલે કે ઓછા તફાવતનાં ગાળામાં રાખે છે. જો કે વ્યાજનાં દર ખૂબ જ સ્પર્ધાત્મક હોય છે. તે સમાન હોતા નથી. બેંકનિશ્ચિત દર (Fixed rate) અથવા ચલ દર (Current rate) સામાન્ય રીતે લગાવતી હોય છે છે. પરંતુ, મુખ્ય દર (Prime rate) બદલાતાની સાથે ઉપરોક્ત જેવાં બધા જ પ્રકારના દર બદલાય છે. મુખ્ય દર (Prime rate) નો આધાર અને

મૂલ્યાંકને મેળવાયેલા ભંડોળ પર હોય છે. વાસ્તવિક વ્યાજદર દસ વર્ષનાં ટ્રેઝરી નોટ (Treasury Note) દ્વારા અથવા ફંડ ભંડોળ દ્વારા નક્કી કરવામાં આવે છે.

## 11.3 અર્થ - મૂડીરોકાણ

રોકાણ એ આવક અથવા પ્રશંસા પેદા કરવાનાં લક્ષ્ય સાથે હસ્તગત સંતતિ અથવા વસ્તુ છે. આર્થિક દૃષ્ટિએ રોકાણ એ એવી ચીજવસ્તુઓની ખરીદી છે. જેનો વપરાશ આજે થતો નથી પરંતુ ભવિષ્યમાં તે સંપત્તિ બનાવવા માટે વપરાય છે. ફાઈનાન્સમાં રોકાણ એ નાણાકીય સંપત્તિ છે કે જે સંપત્તિ ભવિષ્યમાં આવક પ્રદાન કરશે અથવા પછીથી ઊંચા ભાવે નફા માટે વેચી શકાય.

રોકાણ હંમેશાં કેટલીક સંપત્તિનાં પૂર્વાધિકારીની ચિંતા કરે છે (સમય, પૈસા, પ્રયત્નો વગેરે) ભવિષ્યમાં મૂળમાં જે મુકવામાં આવ્યું હતું તેના કરતા વધારે ચૂકવણીની આશામાં હોય છે.

આવક અથવા મૂડી પ્રશંસા મેળવવાનાં ધ્યેય સાથે, ધંધા અથવા પ્રોજેક્ટ અથવા સંપત્તિની ખરીદી શરૂ કરવા અથવા વિસ્તૃત કરવા માટે કામ કરવા માટે નાણા મૂકવાની ક્રિયા એ રોકાણ છે. રોકાણ ભવિષ્યનાં વળતર તરફલક્ષી છે અને તેથી તેમાં થોડુંક જોખમ રહેલું છે. રોકાણનાં સામાન્ય સ્વરૂપોમાં નાણાકીય બજારો (દા.ત, સ્ટોક્સ અને બૉન્ડસ), ક્રેડિટ (દા.ત., લોન અથવા બૉન્ડ), સંપત્તિ (દા.ત., ચીજવસ્તુ અથવા આર્ટવર્ક) અને સ્થાવર મિલકતનો સમાવેશ થાય છે.

## 11.4 મૂડીરોકાણનાં નિર્ધારક પરિબળો

વિવિધ ચીજો અને સેવાઓ આર્થિક વ્યવસ્થા દ્વારા બનાવવામાં આવે છે. આને બે વ્યાપક વર્ગોમાં વહેંચવામાં આવ્યા છે. જેમકે વપરાશી માલ અને મૂડીગત ચીજો. ઉપભોક્તા માલ લે છે જે સંતોષે છે, જે સીધું ઈચ્છે છે. તેનાથી વિપરિત જે માલ સંતોષે છે, તે પરોક્ષ રીતે ઈચ્છે છે - ઉદાહરણ તરીકે, કાપડ બનાવતા મશીન અથવા ટ્રેક્ટર-ઉત્પાદક માલ તરીકે વર્ગીકૃત કરવામાં આવે છે.

ઉત્પાદક માલ પુરતાં ખર્ચને રોકાણ અથવા મૂડી નિર્માણ તરીકે ઓળખવામાં આવે છે. આને વાસ્તવિક રોકાણ તરીકે પણ ઓળખવામાં આવે છે. જે નાણાકીય રોકડાનાં રોકાણ કરતા અલગ હોય છે.

આધુનિક અર્થવ્યવસ્થામાં, મોટાભાગે ખાનગી ક્ષેત્રની કંપનીઓ દ્વારા રોકાણ કરવામાં આવે છે. અને આનો મોટો હિસ્સો વ્યવસાયિક રોકાણ તરીકે ઓળખવામાં આવે છે.

રોકાણનાં મુખ્ય ત્રણ તત્ત્વોનો સમાવેશ થાય છે. હાલની મૂડી બદલવા માટે, ક્ષમતા વધારવા માટે કાર્યક્ષમતા વધારવા માટે. વ્યવસાયિક કંપનીનો મૂળ ઉદ્દેશ નફો મેળવવા માટે વેચવા યોગ્ય માલનું ઉત્પાદન કરવાનો છે.

અહીં, મૂડીરોકાણનાં નિર્ધારકો અથવા અસર કરતા પરિબળો નીચે મુજબ ગણાવી શકાયઃ

1. મૂડીરોકાણ અને નફાકારકતા
   - મૂડીની સીમાંત ક્ષમતા
   - વ્યાજદર - રોકાણનો ખર્ચ
   - રોકાણની સીમાંત ઉત્પાદકતા
2. ફુગાવો
3. ગ્રાહકોની માંગમાં રોકાણ અને પરિવર્તનની પ્રવેગક અસર
4. મૂડીરોકાણ અને મૂડીપુરવઠાની ગોઠવણ
5. મૂડીરોકાણ અને દેવાનાં સ્તર
6. તકનીકી સુધારણા
7. લવચીક વેતનદર
8. કર માળખામાં ફેરફાર

**1. મૂડીરોકાણ અને નફાકારકતા :**

અન્ય પરિબળો યથાવત રહે, તો વધારે નફાકારકતા મૂડીરોકાણની સંભાવનામાં સુધારો કરશે. પ્રથમ ભારતમાં વ્યવસાયિક રોકાણનો મોટો હિસ્સો જાળવી રાખેલા નફામાંથી નાણાં પૂરા પાડવામાં આવે છે. તેથી તેમના સ્તર જેટલા ઊંચા નાણાં રોકાણ માટે નાણાં ઉપલબ્ધ બને છે. બીજું, નવા ભાવિ મૂડી પ્રોજેક્ટ આયોજન પર ઊંચું વળતર સૂચવવા માટે વર્તમાન નફામાં વધારો થઈ શકે છે. તેનાથી કંપનીઓ તેમના ભંડોળને ખુલ્લા બજારમાં ધિરાણ આપવાને રોકાણ કરી શકે છે.

**કેઈન્સ મુજબ,** સમુદાયમાં રોકાણનું પ્રમાણ મુખ્યત્વે બે પરિબળો પર આધારિત છે. મૂડીની સીમાંત કાર્યક્ષમતા અને લાંબા ગાળાની લોન પરનાં વ્યાજનાં દર બંને પરિબળો ખૂબઅસ્થિર છે.

- **મૂડીની સીમાંત ક્ષમતા :**

મૂડીની સીમાંત કાર્યક્ષમતાએ ચોક્કસ પ્રકારની મૂડી સંપત્તિનાં વધુ એકમ ઉત્પાદન માટે અપેક્ષિત કિંમત વળતરનો ઉચ્ચતમ દર છે.

- **વ્યાજદર - રોકાણનો ખર્ચ :**

પ્લાન્ટ, ઉપકરણો અને મશીનરીમાં રોકાણ કરવામાં બિઝનેસ કંપનીઓનો મુખ્ય ઉદ્દેશ નફો કરવો છે. જે કોઈ પેઢી તેના રોકાણોથી નફો મેળવવા માટે અસમર્થ હોય તો તે વિસ્તૃત શુષ્ક વિવિધતા માટે તેની આવકનો એક ભાગ જાળવી શકશે નહીં.

- **રોકાણની સીમાંત ઉત્પાદકતા :**

કેઈન્સ એ જણાવ્યું છે કે, "વર્તમાન રોકાણની માત્રા, રોકાણ માટેનાં પ્રેરિત પરિબળો પર આધારિત છે, તેના બદલામાં, મૂડીની સીમાંત કાર્યક્ષમતાનાં સમયપત્રકઅને વિવિધ પરિપક્વતાની લોન પરનાં વ્યાજદર વચ્ચેનાં સંબંધ પર જોખમોઆધારિત છે."

**2. ફુગાવો :**

ફુગાવાનાં દર જ્યારે અપેક્ષિત હોય છે, ત્યારે રોકાણ પર અનુકુળ અસરો થઈ શકે છે. મૂડી રોકાણનાં પગલે દેવા-ચૂકવણીનાં ભારને ઘટાડવાની અને તેને સરળ બનાવવાની સંભાવના છે તથા ઓછામાં ઓછા એક સમય માટે - કંપનીઓ નફામાં વધારો કરશે. જો કે, ત્યાં એક સરભર વિચારણા છે. ઊંચા ફુગાવાની એક વિશેષતા એ પણ છે કે તે વધુ ચલ હોવાની સંભાવના પણ છે. ઉચ્ચ અને ચલ ફુગાવો મૂડીરોકાણની સંભાવના પર નુકસાનકારક અસર કરે તેવી સંભાવના છે.

**3. ગ્રાહકોની માંગમાં રોકાણ અને પરિવર્તનની પ્રવેગક અસર :**

મૂડી રોકાણનાં સ્તરને અસર કરતું બીજું પરિબળ "પ્રવેગક અસર" છે. આ આવકનાં બદલાવવાનાં દર અને વ્યવસાયિક કંપનીઓનાં ઉત્પાદન માટેની ગ્રાહકની માંગ સાથેનાં આયોજિક મૂડીરોકાણનાં સ્તર સાથે સંબંધિત છે. પ્રવેગક અસર સૂચવે છે કે એકંદર માંગનું સ્તર આવક અને ઉત્પાદનની માંગનાં ફેરફારનાં દરનું કાર્ય છે.

દા.ત., જો ભારતમાં કાપડની માંગ વધે છે, તો કાપડ ઉત્પાદન મશીનોની વધુ માંગ રહેશે.

આમ, માથાદીઠ આવક વૃદ્ધિ અથવા તો વસ્તી વૃદ્ધિ જેવા વપરાશની માંગમાં વધારો કરતી કોઈપણ બાબતો હંમેશા ઉદ્યોગો માટે મૂડી માલ ઉત્પન્ન કરતાં સારી રહે છે. વસ્તીનાં વિકાસથી મૂડીની માંગ વધુ થાય છે. ઉદ્યમીઓને વધુ નફો નળે છે તેથી વધુ મૂડીરોકાણ થાય છે.

**4. મૂડીરોકાણ અને મૂડીપુરવઠાની ગોઠવણ :**

મૂડી ઉત્પાદનનો ગુણોત્તર લવચીક કંપનીઓમાં ગણવામાં આવે તો આપેલ મૂડી પુરવઠાથી વધુ ઉત્પાદન પ્રાપ્ત કરવામાં તે કંપની સમર્થ થવા પ્રયત્ન કરશે. આ મડી પુરવઠાની ગોઠવણ (મૂડી સ્ટોક ગોઠવણ) થિયરીનો સાર છે, જે જણાવે છે કે રોકાણનાં સ્તરો પેઢીઓનાં ઉત્પાદનનાં સ્તર સાથે સકારાત્મક રીતે સંબંધિત હોવાની સંભાવના છે અને હાલનાં મૂડી પુરવઠા સાથે નકારાત્મક રીતે સંબંધિત છે. ક્ષમતાઓનાં નીચા સ્તરે ઓછી આર્થિક પ્રવૃત્તિનાં સમયે માંગ અને રોકાણ વચ્ચે ખૂબ નબળા સંબંધ રહેશે.

વધતી જતી માંગમાં ઊંચુ મૂડીરોકાણએ ઊંચી આર્થિક પ્રવૃત્તિનાં સમયે થશે જ્યારે ઉત્પાદકોની ઉત્પાદન ક્ષમતાને વિસ્તૃત કરવા માટે ઉત્પાદન પૂરતા પ્રમાણમાં વધી રહ્યું છે.

**5. રોકાણ અને દેવાનાં સ્તર :**

કંપનીઓનું દેવું સ્તર પણ રોકાણને પ્રભાવિત કરે છે. જ્યારે વ્યવસાયિક કંપનીઓ ભૂતકાળમાં કરેલા દેવાની ચૂકવણી માટે સંઘર્ષ કરે છે, ત્યારે તેમના વર્તમાન રોકાણનાં સ્તરમાં ઘટાડો થાય છે, આ જ વસ્તુ થાય છે, જ્યારે ઘણા વ્યવસાયોને એક બીજા પાસેથી દેવાની રકમ એકત્રિત કરવામાં મુશ્કેલી પડે છે. જ્યારે દેવુનું આ "ઓવરહેંગ" ઓછું થાય છે ત્યારે જ વેપાર નવા રોકાણો માટે નોંધપાત્ર ભંડોળ મોકલવાનું તૈયાર કરશે.

**6. તકનીકી સુધારણા :**

તકનીકીની પ્રગતિથી આઉટપુટ, અને લાભની તકોમાં વધારો થાય છે. મૂડી રોકાણ માટે આ પરિબળ ખાસ કરીને મહત્ત્વપૂર્ણ છે.

**7. લવદીઠ વેતનદર :**

ઓછા વેતનથી નફાની તકો મળે છે. તેથી તે વધુ રોકાણ તરફ દોરી જાય છે.

**8. કર માળખામાં ફેરફાર :**

કર ઘટાડીને રોકાણ કરવાની પ્રેરણા વધારી શકાય છે. ઘણા દેશોમાં, નવી મૂડી રોકાણો માટે વળતર આપવામાં આવે છે. દા.ત., અવમૂલ્યન દરનાં સંદર્ભમાં લાભ થાય છે.

## 11.5 મૂડીની સીમાંત કાર્યક્ષમતાનો સિદ્ધાંત (Marginal Efficiency of Capital- MEC)

**મૂડીની કાર્યક્ષમતાનો અર્થ :-**

મૂડીની કાર્યક્ષમતા એ કોઈ વ્યવસાય અથવા ઉત્પાદનને સંચાલિત કરવામાં સમાવિષ્ટ મૂડી ખર્ચની માત્રાની તુલના આઉટપુટ (ઉત્પાદન) ગુણોત્તર સાથે કરે છે અને એ ખ્યાલને સમજાવે છે. મૂડી કાર્યક્ષમતાની ગણતરી માટેનાં મૂળ સૂત્રમાં સમાન સમયગાળા માટે ખર્ચનાં દર દ્વારા આઉટપુટનાં સરેરાશ મૂલ્યને વહેંચવાનો સમાવેશ થાય છે. ખર્ચ દ્વારા વહેંચાયેલ આઉટપુટ તે સ્પષ્ટ કરવામાં મદદ કરશે કે જો કોઈ સાહસ હાલમાં સાધારણ નફો પેદા કરે છે, કોઈ એવા તબક્કે પહોંચી રહયો છે જ્યાં ખર્ચમાં ઘટાડો થાય પછી નફાકારકતાનો ખ્યાલ આવશે, અથવા જો સાહસને ભંડોળ આપવાનું ચાલુ રાખવાનું કોઈ વાસ્તવિક મૂલ્ય નથી. જયારે, બાદની પરિસ્થિતિમાં દરેક કિંમતની અવગણના કરવામાં આવે છે, અને બીજી પરિસ્થિતિમાં તેને નકારાત્મક માનવી જોઈએ. કારણકે ધણા વ્યવસાયિક સાહસો ઉચ્ચ સ્તરનાં મૂડી ખર્ચ સાથે શરૂ થાય છે. એ પ્રોજેક્ટ ભાગ્યે જ કામગીરીનાં પ્રથમ તબક્કામાં નફાની અનુભૂતિ કરે છે. અપેક્ષા એ છે કે પ્રારંભિક તબક્કા પછી, કેટલાક ખર્ચ સમાધાન કરવામાં આવશે અને પુનરાવર્તિત નહીં થાય. જેમ જેમ ખર્ચનો દર ઘટતો જાય છે અને આઉટપુટ અથવા ઉત્પાદનમાં વધારો થાય છે, તેમ નફા માટેની તક વધતી જાય છે. આ કારણોસર, કોઈ પ્રોજેક્ટની મૂડી કાર્યક્ષમતાની સમયાંતરે ગણતરી રોકાણકારોને સમજવામાં મદદ કરી શકે છે કે પ્રોજેક્ટ યોગ્ય દિશામાં આગળ વધી રહયો છે.

મૂડીની સીમાંત કાર્યક્ષમતા એ મૂડી સંપત્તિની અપેક્ષિત નફાકારકતાનો ઉલ્લેખ કરે છે. તેને કોઈ મૂડી સંપત્તિનાં સીમાંત અથવા વધારાનાં એકમથી અપેક્ષિત કિંમત કરતા વધુ વળતરનાં

દર તરીકે વ્યાખ્યાયિત કરી શકાય છે. મૂડીની સીમાંત કાર્યક્ષમતા બે પરિબળો પર આધારિત છે : મૂડી સંપત્તિની સંભવિત ઉપજ અને મૂડી સંપત્તિનો પુરવઠાનો ભાવ આ બંને પરિબળોનો ગુણોત્તર એટલે મૂડીની સીમાંત કાર્યક્ષમતા. મૂડી સંપત્તિની સંભવિત ઉપજ એ તેના જીવનકાળ દરમિયાન સંપત્તિમાંથી કુલ ચોખ્ખી વળતર છે. મૂડી સંપત્તિનાં પુરવઠાનો ભાવ એ તે પ્રકારની બ્રાન્ડ નવી સંપત્તિ બનાવવાની કિંમત છે. અસ્તિત્વમાં રહેલી સંપત્તિની પુરવઠા કિંમત નહીં. તેને રીપ્લેસમેન્ટ કોસ્ટ - વૈકલ્પિક કિંમત તરીકે ઓળખવામાં આવે છે.

જો કોઈ મૂડી સંપત્તિની પુરવઠાની કિંમત રૂા. 20,000 અને તેની વાર્ષિક ઉપજ રૂા. 2,000, તો પછી આ સંપત્તિની સીમાંત કાર્યક્ષમતા $\frac{2000}{20,000} \times 100 = 10\%$ છે.

આમ, મૂડીની સીમાંત કાર્યક્ષમતા એ મૂડી સંપત્તિ પર આપેલા રોકાણોથી અપેક્ષિત નફાની ટકાવારી છે.

કેઈન્સ તેની પુરવઠાની કિંમતમાં મૂડી સંપત્તિની સંભવિત ઉપજને સંબંધિત છે અને મૂડીની સીમાંત કાર્યક્ષમતાના સિદ્ધાંતની વ્યાખ્યા આપે છે. "ડિસ્કાઉન્ટના તે દરની સમાન જે તેના જીવનકાળ દરમિયાન મૂડી સંપત્તિમાંથી અપેક્ષિત વળતર દ્વારા તેના પુરવઠાનાં ભાવ આપવામાં આવતી વાર્ષિક શ્રેણીની વર્તમાન કિંમતને સમાન બનાવે છે. આને કોઈ સમીકરણનાં રૂપમાં મૂકી શકાય છે."

$$\text{Sp} = \frac{R_1}{(1+i)} + \frac{R_2}{(1+i)^2} + \cdots \ldots \ldots \ldots \ldots + \frac{R_n}{(1+i)^n}$$

$$3000 = \frac{1100}{1.10} + \frac{2420}{(1.10)^2}$$

જ્યાં,Sp =પુરવઠાની કિંમત અથવા મૂડી સંપત્તિની કિંમત

$R_1, R_2, R_n$= સંભવિત ઉપજ અથવા વર્ષ 1, 2.............nમાં મૂડી સંપત્તિમાંથી અપેક્ષિત વાર્ષિક વળતરની શ્રેણી છે અને

i = ડિસ્કાઉન્ટનો દર

આ મૂડી સંપત્તિને તેમાંથી અપેક્ષિત ઉપજનાં વર્તમાન મૂલ્યની બરાબર સમાન બનાવે છે આને આંકડાકીય ઉદાહરણ દ્વારા નીચે મુજબ સમજી શકાય છે :

ધારો કે,

1.મૂડી સંપત્તિ (n) નો આયુષ્ય 2વર્ષ છે.

2.મૂડી સંપત્તિ (Sp) ની પુરવઠા કિંમત રૂા. 3,000

3.એક વર્ષનાં ($R_1$) નાં અંતે સંપત્તિમાંથી અપેક્ષિત ઉપજ રૂા. 1100

4.બે વર્ષનાં ($R_2$) નાં અંતે સંપત્તિમાંથી અપેક્ષિત ઉપજ રૂા. 2420

ડિસ્કાઉન્ટનો દર જે તેનાં પુરવઠાનાં ભાવ સાથે મૂડી સંપત્તિની ભાવિ ઊપજને સમાન બનાવશે, તે 10% મુજબ નીચે પ્રમાણે થશે :

$$SP = \frac{R_1}{(1+i)} + \frac{R_2}{(1+i)^2}$$

$$3000 ∴ = \frac{1100}{1.10} + \frac{2420}{(1.10)^2}$$

∴રૂા. 3,000=રૂા. 1,000+રૂા. 2,000

આ રીતે, મૂડી સંપત્તિની છૂટવાળી સંભવિત ઊપજ હાલનાં પુરવઠાની કિંમત સાથે સમાનતામાં લાવી શકાય છે. આમ, રોકાણ ત્યારે જ થશે જ્યારે કોઈ સંપત્તિની ચોખ્ખી સંભવિત ઊપજ તેના પુરવઠાનાં ભાવ કરતા વધારે હોય અને આવકનાં પ્રવાહને મૂડી સંપત્તિનાં પુરવઠા ભાવ/કિંમત જેટલા ઊંચા મળે તેટલો ડિસ્કાઉન્ટનો દર ઓછાહશે.

## 11.6 મૂડીની સીમાંત કાર્યક્ષમતાનાં નિર્ધારકો

મૂડીની સીમાંત કાર્યક્ષમતામાં બદલાવ લાવવાનાં વિવિધ પરિબળો ટૂંકાગાળાનાં અને લાંબાગાળાનાં નિર્ધારકો નીચે મુજબ છે :

**1. અપેક્ષિત માંગ :**

જો ભવિષ્યમાં ઉત્પાદનની માંગ ઊંચી રહેવાની સંભાવના છે, તો મૂડીની સીમાંત કાર્યક્ષમતા પણ ઊંચી હશે અને મૂડી રોકાણ વધશે. બીજી બાજુ જો ભવિષ્યમાં ઉત્પાદનની માંગ ઘટવાની અપેક્ષા છે તો મૂડીની સીમાંત કાર્યક્ષમતા ઓછી હશે અને રોકાણ ઘટશે.

**2. વસ્તી વૃદ્ધિ :**

ઝડપથી વધતી વસ્તીનો અર્થ એ છે કે તમામ પ્રકારનાં માલની માંગમાં ઝડપી વૃદ્ધિ થાય છે અને તેથી રોકાણ વધે છે અને તેનાથી વિપરિત, વસ્તીમાં ઘટાડો થવાથી માંગમાં અને રોકાણમાં ઘટાડો થશે.

**3. નવા ક્ષેત્રનો વિકાસ :**

જ્યારે નવા ક્ષેત્રનો વિકાસ થાય છે ત્યારે કૃષિ, ઉદ્યોગો, વીજળી, વસવાટો વગેરે તમામ ક્ષેત્રોમાં ભારે રોકાણ કરવામાં આવે છે.

**4. તકનીકી પરિબળો :**

નવી શોધ અથવા નવી શોધ માટે ઔદ્યોગિક સાહસમાં નવી મશીનરીઓની સ્થાપના જરૂરી છે અને રોકાણને પ્રોત્સાહિત કરી શકાય છે..

**5. ઉદ્યોગોની ઉત્પાદન ક્ષમતા :**

જો અસ્તિત્વમાં રહેલી ક્ષમતાનો સંપૂર્ણ ઉપયોગ કરવામાં આવે તો નવા મૂડી ઉપકરણો પર નવા નવા મૂડી રોકાણ કરીને માંગમાં વધારાનાં કોઈપણ વધારાને પહોંચી વળશે.

## 11.7 ગતિવર્ધનનો સિદ્ધાંત

કેઈન્સનો મલ્ટિપ્લાયર અને પ્રવેગક હરીફ નહીં, પરંતુ સમાંતર ખ્યાલો છે. જ્યારે ગુણાકાર (મલ્ટિપ્લાયર) વપરાશ (અને રોજગાર) પરનાં રોકાણની અસર દર્શાવે છે, ત્યારે પ્રવેગક રોકાણ પરનાં વપરાશમાં પરિવર્તનની અસર દર્શાવે છે.

હેયક નીચે મુજબ કેન્દ્રિય વિચારને સમજાવે છે, "કોઈપણ અંતિમ ઉત્પાદનની આપેલ રકમનાં ઉત્પાદનમાં સામાન્ય રીતે ટૂંકાગાળા દરમિયાન ઉત્પાદિત ઉત્પાદન કરતા અનેકગણી મોટી મૂડીની જરૂર પડે છે. કોઈ પણ વધારામાં અંતિમ માંગ નવી અંતિમ માંગ કરતા અનેક ગણી મોટી મૂડી માલની વધારાની માંગને જન્મ આપશે."

જીવેગનનાં/ગતિવર્ધનનાં સિદ્ધાંતમાં જણાવાયું છે કે જો વપરાશ માલની માંગ વધે તો ઉત્પાદનનાં પરિબળની માંગમાં વધારો થશે, જેમાં મશીન દ્વારા માલનું ઉત્પાદન કરે છે. પરંતુ, મશીનોની માંગ ઉત્પાદનની માંગ કરતાં ઝડપી દરે વધશે.પ્રવેગક/ગતિવર્ધનનો સિદ્ધાંત તેથી રોકાણનાં સ્તરને વપરાશનાં ફેરફારનાં દરનું કાર્ય કરે છે, વપરાશનાં સ્તરનું નહીં. પ્રવેગક ગુણાંક/ગતિવર્ધનનો સિદ્ધાંત એ વપરાશનાં ખર્ચમાં શુદ્ધ પરિવર્તન માટે પ્રેરિત રોકાણો વચ્ચેનો ગુણોત્તર છે.

પ્રતિકાત્મક રીતે,

$$a = \frac{\Delta I}{\Delta C}$$

a = પ્રવેગક ગુણાંક

= રોકાણનાં ખર્ચમાં થયેલા ચોખ્ખા ફેરફાર

I = રોકાણ ખર્ચ

C = વપરાશ ખર્ચ

ધારો કે,

વપરાશના માલ પર 10કરોડ રૂપિયાનાં રોકાણ તરફ દોરી જાય છે. રોકાણ ઉદ્યોગોનાં 20કરોડ રૂપિયા હોય તો, પ્રવેગક ગુણાંક = 2 થશે.

## 11.8 સારાંશ

વ્યાજદર એ શાહુકાર દ્વારા તેના નાણાંનાં ઉપયોગ માટે ચાર્જ કરવામાં આવતા પ્રિન્સિપાલ રકમની ટકાવારી છે. મૂડીરોકાણ એ આવક અથવા પ્રશંસા પેદા કરવાનાં લક્ષ્ય સાથે હસ્તગત સંપત્તિ અથવા વસ્તુ છે. મૂડીરોકાણનાં નિર્ધારક પરિબળોમાં નફાકારકતા, ફુગાવો, ગ્રાહકોની માંગમાં રોકાણ અને પરિવર્તનની પ્રવેગક અસર, મૂડીપુરવઠાની ગોઠવણ, દેવાનાં સ્તર, તકનીકી સુધારણા, લવચીક વેતનદર, કરમાળખામાં ફેરફાર વગેરેનો સમાવેશ થાય છે. મૂડીની સીમાંત કાર્યક્ષમતા એ મૂડી સંપત્તિની અપેક્ષિત નફાકારકતાનો ઉલ્લેખ કરે છે, જેને અસર કરતાં પરિબળોમાં અપેક્ષિત માંગ વસ્તી વૃદ્ધિ, નવા ક્ષેત્રોનો વિકાસ, તકનીકી પરિબળો, ઉદ્યોગોની ઉત્પાદન ક્ષમતા વગેરેનો સમાવેશ થાય છે. ગતિવર્ધનનો સિદ્ધાંત એ વપરાશનાં ખર્ચમાં શુદ્ધ પરિવર્તન માટે પ્રેરિત રોકાણો વચ્ચેનો ગુણોત્તર છે.

## 11.9 સ્વાધ્યાય

- **લાંબા પ્રશ્નોનાં ઉત્તર આપો.**

1. ટૂંકનોંધ આપો - વ્યાજદર અને મૂડીરોકાણ
2. મૂડીરોકાણનાં નિર્ધારક પરિબળો સવિસ્તાર સમજાવો.
3. મૂડીની સીમાંત કાર્યક્ષમતાનો સિદ્ધાંત ઉદાહરણ સાથે સમજાવો.
4. મૂડીની સીમાંત કાર્યક્ષમતાનાં નિર્ધારકો સમજાવો.
5. ટૂંકનોંધ લખો : ગતિવર્ધનનો સિદ્ધાંત

- **ખાલીજગ્યા પૂરો.**

1. .................. એ શાહુકાર દ્વારા તેના નાણાંનાં ઉપયોગ માટે ચાર્જ કરવામાં આવતી પ્રિન્સિપાલ રકમની ટકાવારી છે.

   A. વ્યાજદર　　C. રેપોરેટ

   B. મૂડી　　D. રિવર્સ રેપો રેટ　　**જવાબ :A**

2. વાસ્તવિક વ્યાજદર ........................ વર્ષનાં ટ્રેઝરી નોટ દ્વારા અથવા ફંડ ભંડોળ દર દ્વારા નક્કી કરવામાં આવે છે.

   A. 6　　C. 9

   B. 7　　D. 10　　**જવાબ :D**

3. ............ એ આવક પેદા કરવાનાં લક્ષ્ય સાથે હસ્તગત સંપત્તિ અથવા વસ્તુ છે.

   A. રોકાણ　　C. રેપો

   B. વ્યાજદર　　D. રિવર્સ રેપો　　**જવાબ :A**

4. રોકાણનાં સામાન્ય સ્વરૂપોમાં કોનો સમાવેશ થાય છે ?

   A. નાણાકીય બજારો　　C. સંપત્તિ અને સ્થાવર મિલકત

   B. ક્રેડીટ　　D. ઉપરોક્ત તમામ　　**જવાબ :D**

5. વિવિધ ચીજવસ્તુઓ અને સેવાઓને આર્થિક વ્યવસ્થા બનાવવા........... વર્ગોમાં વહેંચવામાં આવે છે.
   A. 2 C. 4
   B. 3 D. 5 **જવાબ :**A
6. મૂડીરોકાણનાં નિર્ધારક પરિબળો કેટલા છે?
   A. 8 C. 10
   B. 9 D. 11 **જવાબ :**A
7. ફુગાવાનો દર જ્યારે અપેક્ષિત હોય છે, ત્યારે રોકાણ પર...........અસર થાય છે.
   A. સમાંતર C. સાનુકૂળ
   B. પ્રતિકૂળ D. યથાવત્ **જવાબ :**C
8. મૂડીની ................ કાર્યક્ષમતા એ મૂડી સંપત્તિની અપેક્ષિત નફાકારકતાનો ઉલ્લેખ કરે છે.
   A. સીમાંત C. આવક
   B. સરેરાશ D. વ્યાજ **જવાબ :**A
9. મૂડીની સીમાંત કાર્યક્ષમતાનાં નિર્ધારકો ક્યાં નથી?
   A. અપેક્ષિત માંગ C. તકનીકી
   B. વસ્તીવૃદ્ધિ D. જૂની ઉત્પાદનની પદ્ધતિ **જવાબ :**D
10. ગતિવર્ધનનો સિદ્ધાંત =
   A. C.
   B. D. **જવાબ :**A

એકમ 12

# ઉપભોગ વિધેય

રૂપરેખા

12.1 પ્રસ્તાવના

12.2 ઉપભોગ વિધેયનો અર્થ :

12.2.1 ઉપભોગ એટલે શું ?

12.2.2 ઉપભોગ ઉપર અસર કરનાર પરિબળો

12.2.3 ઉપભોગ વિધેય એટલે શું ?

12.3 સીમાંત ઉપભોગવૃત્તિ અને સરાસરી ઉપભોગવૃત્તિ

12.3.1 સરાસરી ઉપભોગવૃત્તિ

12.3.2 સીમાંત ઉપભોગવૃત્તિ

12.4 કેઈન્સનો નિસ્પેક્ષ આવકનો ખ્યાલ

12.5 મિલ્ટન ફ્રિડમેનનો સ્થાયી આવકનો ખ્યાલ

12.6 વ્યક્તિગત અને સમગ્ર ઉપભોગ વિધેય

12.7 સ્વાધ્યાય – ટૂંકાપ્રશ્નો, મોટાપ્રશ્નો, હેતુલક્ષી પ્રશ્નો

## 12.1 પ્રસ્તાવના :

અર્થશાસ્ત્ર વિષય અને તેનું વિષય વસ્તુ સમયનાં પ્રવાહની સાથે, માનવીય અભિગમમાં આવતા ફેરફારો સાથે વત્તા કે ઓછા અંશે બદલાવા પામે છે. જેમ કે, અર્થશાસ્ત્રનાં પિતા એડમ સ્મિથ નો અર્થશાસ્ત્ર વિષય સાથેનો અભિગમ તેમના દ્વારા લખાયેલા પુસ્તક "An inquiry in to the causes of wealth of nations"- 1776 માં અર્થશાસ્ત્ર વિષયરાષ્ટ્રસંપત્તિકેવી રીતે પ્રાપ્ત કરે છે અને કયાં ખર્ચે છે તેની ઉપર સમગ્ર અર્થશાસ્ત્ર કેન્દ્રિત થાય છે તેમ જણાવે છે, ઉપરાંત LAISSEZ – FAIRE- LAISSEZ PASSER શબ્દ પણ તે સમયમાં ખૂબ જ પ્રચલિત હતો. જે મુકત અર્થતંત્ર એટલે કે સરકારના હસ્તક્ષેપ સિવાયના અર્થતંત્રની કલ્પના કરે છે. એટલે કે 18મી સદી પહેલા પ્રવર્તતી વિચારધારા વાણિજ્યવાદને પ્રોત્સાહન આપતી હતી, જે એડમસ્મિથે પડકારી હતી અને નવો અભિગમ વિકસાવ્યો હતો.

ત્યારબાદ 19મી સદીમાં કાર્લમાર્કસ દ્વારા મૂડીવાદી અભિગમની ટીકાઓ કરવામાં આવી હતી અને અર્થશાસ્ત્રનો નવો ખ્યાલ વિકસાવવામાં આવ્યો હતો. 20મી સદીમાં જોન મર્નાડ કેઈન્સ દ્વારા આ મુક્ત અર્થતંત્રના વિચારની વાસ્તવિકતા તપાસવામાં આવી અને રાજયનો હસ્તક્ષેપ અનિવાર્ય માનવામાં આવ્યો. એટલે કે કેઈન્સ મુક્ત અર્થતંત્ર વાસ્તવિક પરિસ્થિતિમાં શક્ય બની શકે નહીં એમ જણાવે છે.

પ્રશિષ્ઠ અર્થશાસ્ત્રીઓ એમ માનતા હતા કે અર્થતંત્રમાં હંમેશા પૂર્ણ રાજગારી પ્રવર્તે છે, જે જોન બેપ્તિરસેના બજારનાં નિયમ પૂરવઠો તેની માંગ સ્વયં સર્જે છે.''પર આધારિત છે. ઉપરાંત અદ્દ્શ્ય હાથનો સિદ્ધાંત – એડમ સ્મિથ પણ આવી જ કંઈક બાબતો દર્શાવે છે.

આમ, 19મી સદીનાં અંતથી શરૂ કરી 20મી સદીનાં શરૂઆતનાં તબક્કામાં એડમ સ્મિથ, કાર્લમાર્ક્સ, જે.બી.સે. વગેરે જેવા અર્થશાસ્ત્રીઓએ આપેલા ખ્યાલો મૂડીવાદ, અદ્રશ્ય હાથ, મુક્ત અર્થતંત્ર બજારનો નિયમ વગેરે અર્થશાસ્ત્ર વિષયમાં કેન્દ્ર સ્થાને હતા.

પરંતુ ૨૦મી સદીના શરૂઆતના સમયમાં વર્ષ 1929ની વૈશ્વિક મહામંદીમાંથી બહાર નીકળવામાં આ તમામ ખ્યાલો એકદમ નિષ્ફળ સાબિત થયા. એટલે કે પ્રતિશિષ્ટ અર્થશાસ્ત્રીઓનો અર્થશાસ્ત્ર વિષયનો અભિગમ વૈશ્વિક અર્થતંત્રને મંદીમાંથી બહાર લાવવામાં નિષ્ફળ સાબિત થયો. તે મંદીના પરિણામે વિશ્વના મૂડીવાદી અર્થતંત્રની રાષ્ટ્રીય આવક અને રોજગારીમાં ઘટાડો નોંધાવા પામ્યો અને અર્થતંત્રની સ્વયં સમતુલા નો ખ્યાલ પણ ખોટો સાબિત થયો.

આ સમયમાં નવ પ્રશિષ્ટ અર્થશાસ્ત્રીઓની વિચારધારાનો ઉદય થયો. જેમાં બ્રિટનનાં અર્થશાસ્ત્રી જોન મર્નાડ કેઈન્સ દ્વારા વર્ષ – 1936 માં GENERAL THEORY OF EMPLOYMENT INTEREST AND MONEY નામનું પુસ્તક તેમનાં અનુભવો અને સંશોધનોને આધારે પ્રકાશિત કરવામાં આવ્યું. આ પુસ્તકે અર્થશાસ્ત્રની વિચારધારામાં આમૂલ પરિવર્તનો લાવ્યા, એટલે કે અર્થતંત્રને મંદીમાંથી બહાર લાવવા માટે, પૂર્ણરાજગારીની સ્થિતિ મેળવવા માટે સરકાર દ્વારાપ્રયત્નોથવા જરૂરી છે આ પ્રયત્નો સરકાર દ્વારા થતા ખર્ચ સ્વરૂપે થવા જોઈએ જેથી અર્થતંત્ર મંદીમાંથી બહાર આવી શકે. જો સરકાર ખર્ચ કરશે, તો મૂડીરોકાણ વધશે, તો રોજગારી સર્જન થશે, તો આવક વધશે તો માંગ વધશે આમ, સમગ્ર અર્થતંત્રનું ચક્ર ફરી ગતિશીલ બનવા પામશે.

કેઈન્સનાં શબ્દોમાં કહીએ તો અર્થતંત્રમાં પૂર્ણરોજગારીનું પ્રમાણ અસરકારક માંગ ઉપર આધારીત છે. જયારે સમગ્ર અર્થતંત્રની કુલ માંગ એ વપરાશી ખર્ચ અને મૂડીરોકાણ ખર્ચ ઉપર આધાર રાખે છે. એટલે જો વપરાશી ખર્ચ અને મૂડીરોકાણ ખર્ચ માં ફેરફાર થાય તો પૂર્ણ રોજગારીની સ્થિતિમાં પણ ફેરફાર થવા પામે છે.

કારણ કે અહીં એક વાત યાદ રાખવી ખૂબ જ જરૂરી છે, કે કોઈ એક વ્યક્તિનું ખર્ચ બીજી વ્યક્તિની આવક છે, જયારે કોઈ વ્યક્તિની આવક કોઈ બીજી વ્યક્તિનું ખર્ચ છે.

## 12.2 ઉપભોગ વિધેયનો અર્થ :

ઉપભોગ વિધેયનો વપરાશ વિધેય તરીકે પણ ઓળખવામાં આવે છે. ઉપભોગ વિધેય સમાન્ય શબ્દોમાં કુલ આવક અને કુલ ઉપભોગ વચ્ચેનો સંબંધ દર્શાવે છે.

એટલે અહીં ઉપભોગ વિધેય સમજવા માટે સૌ પ્રથમ ઉપભોગ એટલે શું ? અને ઉપભોગનેઅસરકર્તા પરિબળો વિશેનો ખ્યાલ સ્પષ્ટ હોવો ખૂબ જ જરૂરી છે.

### 12.2.1 ઉપભોગ એટલે શુ ? / વપરાશ એટલે શું ?

ઉપભોગ કે વપરાશ કોઈ વસ્તુ કે સેવા સાથે સંકળાયેલ શબ્દ છે. વ્યક્તિ કે વ્યક્તિઓનો સમૂહ પોતાની જરૂરિયાતો પૂરી કરવા માટે કોઈ વસ્તુ કે સેવાનો ઉપયોગ કરે છે. જેને ઉપભોગ કે વપરાશ તરીકે ઓળખવામાં આવે છે. આમ, પોતાની જરૂરિયાતો સંતોષવા માટે વસ્તુ કે સેવાની માંગ કરવામાં આવે છે, તેના ઉપભોગ દ્વારાઈચ્છિત તુષ્ટિગુણ પ્રાપ્ત કરવાના પ્રયત્નો કરવામાં આવે છે.

**12.2.2 ઉપભોગ કે વપરાશને અસરકરતાં પરિબળો :**

1. ગ્રાહકોની માંગ
2. ગ્રાહકોની આવક
3. વસ્તુ કે સેવાની કિંમત
4. ગ્રાહકોની ઈચ્છા, શક્તિ અને જરૂરિયાત
5. રોજગારીનું પ્રમાણ

કોઈ અર્થતંત્રમાં કોઈ વસ્તુ કે સેવાનો ઉપભોગ કેટલા પ્રમાણમાં થાય છે કે થશે કે થવો જોઈએ તેનો આધાર તે અર્થતંત્રમાં થતી ગ્રાહકોની માંગ ઉપર આધાર રાખે છે. ગ્રાહકોની માંગને પણ ઘણાબધા પરિબળો અસર કરે છે, જેવા કે સ્વાદ, આદત કે ટેવ, અભિરૂચિ, ઈચ્છા, શક્તિ, જરૂરિયાત વગેરે એટલે કે વસ્તુનો ઉપભોગ સમજતા લોકોનાં વ્યક્તિગત મૂલ્યો કે આદત કે અભિરૂચિ વગેરેનાં સરવાળા ઉપર આધાર રાખે છે.

જેમ ગ્રાહકોની આવકનું પ્રમાણ વધારે તેમ લોકોની માંગ પણ વધારે જોવા મળે છે, અને જેમ આવક ઓછી કે મર્યાદિત તેમ તેમ વસ્તુનાં ઉપભોગનું પ્રમાણ પણ મર્યાદિત જોવા મળે છે.

આ ઉપરાંત વ્યક્તિ કે સમાજની માંગનું પ્રમાણ ચીજ વસ્તુની કિંમત, ઈચ્છા, શકિત, જરૂરીયાત તેમજ રોજગારી જેવા પરિબળો ઉપર આધારિત છે.

વ્યક્તિ કે સમાજ માંગ ત્યારે જ કરે છે જયારે તેના ઉપભોગની જરૂરિયાત હોય અને ઉપભોગ વ્યક્તિગત કે સામાજિક ક્ષમતા ઉપર આધાર રાખે છે.

જેમ કોઈ પણ વસ્તુ કે સેવાની માંગ તેની કિંમત આધારિત હોય છે તેમ તેની વપરાશ ગ્રાહકોની આવક ઉપર આધાર રાખે છે અને ગ્રાહકોની આવક તેમનાં રજગારી પ્રમાણ કે આવક પ્રાપ્તિનાં સાધનો ઉપર આધાર રાખે છે.

ટૂંકમાં કહીએતો ચીજ-વસ્તુ કે સેવાની વપરાશ/ઉપભોગ અને લોકોની આવક વચ્ચે ગાઢ સંબંધ છે. કોઈપણ વસ્તુનો ઉપભોગ ગ્રાહકોની આવક ઉપર નિર્ભર છે, આથી, આવકનાં અમૂક ચોક્કસ સ્તરે ચીજ વસ્તુઓ કે સેવાઓની જ ખરીદી કરવામાં આવે છે તેને વપરાશ કે ઉપભોગ કહેવામાં આવે છે.

**12.2.3 ઉપભોગ વિધેય /વપરાશ વિધેય :**

અર્થતંત્રમાં કુલ ઉપભોગ અને કુલ આવક વચ્ચેનો સબંધ સમીકરણના રૂપમાં રજુ કરવામાં આવે છે. જેમાં કુલ આવક ચલિત પરિબળ છે અને વપરાશ કે ઉપભોગ તેની ઉપર આધારીત પરિબળ છે. એટલે કે આવકમાં વધારો કે ઘટાડો થવાથી ઉપભોગમાં પણ વધારો કે ઘટાડો થાય છે. આમ, તેને વિધેયાત્મક સ્વરૂપે નીચે મુજબ રજૂ કરી શકાય.

$C = f\ (y)$

એટલે કે ઉપભોગ = આવકનું વિધેય

અહીં c= Consumptionઉપભોગ કે વપરાશ

f = વિધેયાત્મક સંબંધ

y = આવક (રાષ્ટ્રીય આવક )

આમ, ઉપભોગ વિધેય એ આવકનાં અલગ અલગ સ્તરે ઉપભોગનું પ્રમાણ દર્શાવે છે. જે નીચે આપેલ અનુસૂચિ ઉપરથી સમજી શકાય.

ઉપભોગ વિધેયની કોષ્ટક દ્વારાસમજૂતી :

| આવક (કુલ આવક) (રાષ્ટ્રીય આવક) (રૂા. કરોડમાં) | ઉપભોગ /વપરાશ (રૂા. કરોડમાં) |
|---|---|
| 00 | 10 |
| 50 | 60 |
| 100 | 100 |
| 150 | 130 |
| 200 | 150 |

ઉપરોક્ત કોષ્ટકમાં ઉપભોગ વિધેયની કાલ્પનિક રજૂઆત કરવામાં આવે છે, જેમાં પ્રથમ અર્થતંત્રની કુલ આવકનું પ્રમાણ દર્શાવવામાં આવ્યું છે, જયારે ત્યારબાદ ઉપભોગનું પ્રમાણ દર્શાવવામાં આવ્યું છે.

કુલ રાષ્ટ્રીય આવકનું પ્રમાણ શૂન્ય રૂપિયાથી શરૂ કરીને 200 કરોડ રૂપિયા સુધી દર્શાવ્યું છે, જયારે વપરાશનું પ્રમાણ 10 કરોડ રૂપિયાથી શરૂ કરીને 150 કરોડ રૂપિયા સુધી દર્શાવવામાં આવ્યું છે.

ઉપરોક્ત કોષ્ટકને પ્રથમ દ્રષ્ટિએ જોતા કદાચ પ્રશ્ન એવો ઉદ્‌ભવે કે આવક શૂન્ય છે પરંતુ ઉપભોગ શૂન્ય નથી. એવું કેવી રીતે શક્ય બને ? આવક વગર ઉપભોગ કેવી રીતે શક્ય બને ?

જોન મર્નાડ કેઈન્સનાં શબ્દોમાં સમજીએતો આવક કે કુલઆવક એ સમગ્ર અર્થતંત્રની એટલે કે કુલ રાષ્ટ્રીય આવકનું પ્રમાણ દર્શાવે છે. એટલે કે કુલ રાષ્ટ્રીય આવકનો અર્થ જાણીએ તો "કોઈ ચોક્કસ વર્ષ દરમ્યાન ઉત્પાદનનાં સાધનો આંતરિક અને બાહ્ય રીતે જે આવક કમાય છે તેનો સરવાળો અને તેનું કુલ નાણાકીય મૂલ્ય." એટલે કોઈ ચોક્કસ વર્ષમાં રાષ્ટ્રીય આવક શૂન્ય હોય તો અર્થતંત્રનાં લોકો તેમની આગળની બચતો કે ભેગી કરેલ મૂડીમાંથી પણ ખર્ચ કરે છે અને ચીજ વસ્તુ કે સેવાનો ઉપભોગ કરે છે.

તેથી કેઈન્સ એવું દ્રઢપણે માને છે કે "આવક શૂન્ય હોઈ શકે છે, પરંતુ ખર્ચ કે ઉપભોગ કયારેય પણ શૂન્ય હોઈ શકે નહી. લોકો પોતાનું અસ્તિત્વ ટકાવી રાખવા માટે ધિરાણ પણ મેળવે છે દેવું પણ કરે છે તેથી આમ, શકય બને છે.

હજુ વધારે સચોટ ઉદાહરણ દ્વારા સમજીએ કે આવક કેમ શૂન્ય હોય અને ઉપભોગ કેમ નહીં. ઉ.દા. કોઈ પણ દેશમાં લોકોની વસ્તી રહેતી હોય છે, તેના દ્વારા સમાજનું નિર્માણ થાય છે. બાળક જન્મે છે ત્યારથી શરૂ કરીને તે બાળક આર્થિક પગભર કે સદ્ધરબને ત્યાં સુધીનું ઉદાહરણ. કોઈએક પરિવારમાં બાળકનો જન્મ થાય છે, તે જીવનનાં જુદા જુદા તબક્કા તરૂણાવસ્થા, કિશોરાવસ્થા, યુવાવસ્થા, પૌઢવસ્થા વગેરેમાં સમયાંતરે પ્રવેશે છે.

બાળકનો શાળામાં પ્રવેશ, ધોરણ 1 થી 12સુધીનો શાળાકીય અભ્યાસ, સ્નાતક કે અનુસ્નાતક કક્ષાનો કૉલેજ કે વિશ્વવિદ્યાલયનાં અભ્યાસ સુધી વિદ્યાર્થી તરીકેનું જીવન, અહીં આ વિદ્યાર્થી પોતે જાતે કશું કમાતો નથી કે કોઈ આવક પ્રાપ્ત કરતો નથી પરંતુ તેના વિકાસ માટે એવી તમામ જરૂરી ચીજ વસ્તુઓનો ઉપભોગ કે વપરાશ તો કરે જ છે. આમ, વિદ્યાર્થી જીવનકાળ દરમ્યાન આવક શૂન્ય હતી પણ વપરાશ કે ઉપભોગ નહીં.

**કોષ્ટકની સમજૂતી :**

સૌ પ્રથમ રાષ્ટ્રીય આવકનું પ્રમાણ શૂન્ય છે ત્યારે ઉપભોગનું પ્રમાણ 10 કરોડ રૂપિયા જેટલું સૌથી નીચું દર્શાવવામાં આવ્યું છે. એટલે કે અહીં લોકો આ સમયમાં આવક ઉત્પન્ન કરતા કે કરી શકતા નથી, જેનું એક કારણ મંદી પણ હોઈ શકે છે. પરંતુ ખર્ચ તેમની આગળના વર્ષોની બચત દ્વારા પોતાનું અસ્તિત્વ ટકાવી રાખવા માટે તે પૂરતું જ કરે છે.

હવે જયારે આવક શૂન્યથી વધીને 50 કરોડ રૂપિયા થાય છે ત્યારે ઉપભોગનું પ્રમાણ 10 કરોડ રૂપિયાની ન્યુનતમ સપાટીથી વધીને 60 કરોડ રૂપિયા જેટલું થવા પામે છે. આ સ્તરે પણ કુલ આવક કરતા કુલ ઉપભોગનું પ્રમાણ લગભગ 10 કરોડ જેટલું વધારે જોવા મળે છે, એટલે કે આ 10 કરોડ રૂપિયા આગળની બચતો માંથી કે દેવું કરીને ખર્ચવામાં આવ્યા છે તે નિશ્ચિત છે.

ત્યાર બાદ જયારે કુલ આવક 100 કરોડ રૂપિયા થાય છે ત્યારે કુલ ઉપભોગ પણ 100 કરોડ થવા પામે છે. આમ, આવક બરાબર ઉપભોગ થવાથી મૂળભૂત વપરાશનું સ્તર જળવાય છે. આ સ્તર ઉપર બચત કે દેવું ઉદ્દભવતા નથી. તેથી તેને મૂળ વપરાશ સ્તર કહેવાય છે.

ત્યારબાદ કુલ આવકમાં વધારો થાય છે જે 150 કરોડ સુધી પહોંચે છે અને કુલ ઉપભોગ 130 કરોડ સુધી પહોંચે છે એટલે કે ઉપભોગ કરતા આવક સર્જન વિશેષ પ્રમાણમાં લગભગ 20 કરોડ જેટલું વધારે જોવા મળે છે. જે વપરાશ વિધેયના સ્થિર અથવા મજબૂત સ્તર /સપાટીનો ઉલ્લેખ કરે છે. લોર્ડ જોન મર્નાડ કેઈન્સ આ સપાટીને ટૂંકાગાળાના મજબૂત સ્તર તરીકે ઓળખાવે છે.

આમ, કોષ્ટક પ્રમાણે રાષ્ટ્રીય આવક કે કુલ આવક તેનાં સર્વોચ્ચ સ્તર 200 કરોડ રૂપિયાએ પહોંચે છે ત્યારે ઉપભોગ 150 કરોડ જેટલો થવા પામે છે.

કેઈન્સનાં શબ્દોમાં સરળ રીતે સમજીએ તો અર્થતંત્રની રાષ્ટ્રીય આવક શૂન્યથી વધીને સર્વોચ્ચ સપાટીએ પહોંચે છે તેની સાથે સાથે ઉપભોગનું પ્રમાણ પણ ન્યુનત્તમ ધોરણથી વધીને મહત્તમ અને ત્યારબાદ ઈષ્યતમ સ્તરે પહોંચે છે. એટલે કે આવક શૂન્ય છે ત્યારે પણ ઉપભોગ થાય છે, આવક વધતા ઉપભોગ પણ વધે છે, એક સ્તરે આવક અને ઉપભોગ બન્ને એક સરખા થાય છે, ત્યાર બાદ આવકમાં થતો વધારો એ ઉપભોગમાં થતા વધારા કરતા વિશેષ જોવા મળે છે.

**વ્યવહારિક ઉદાહરણ દ્વારાસમજૂતી :**

કોઈ એક અર્થતંત્રના લોકોની કુલ આવક અને તેમના દ્વારા કરવામાં આવતી ચીજ - વસ્તુની માંગ /કે ઉપભોગ

ચીજ વસ્તુ = ચોખા

ધારો કે દેશમાં ચોખાનાં ઉત્પાદનમાં કુલ પાંચ પ્રકારનાં ચોખા જોવા મળે છે.

1. રેશનકાર્ડમાં મળતા જાડા ચોખા. કિંમત 2 Rs. /kg.
2. લચકી પ્રકારના ચોખા 10 Rs. kg
3. ગુજરાત સત્તર પ્રજાતિના ચોખા 30 Rs. kg
4. કૃષ્ણકમોદ જાતનાં ચોખા 45 Rs. kg
5. બાસમતી ચોખા 55 Rs. Kg


ઉપરોકત પાંચ પ્રકારની જાતનાં ચોખા તેમની ગુણવત્તા અને કિંમતને આધારે ગોઠવેલ છે.

અર્થતંત્રની કુલ રાષ્ટ્રીય આવક નીચી હોય છે ત્યારે લોકો સૌથી સસ્તી કિંમતના ચોખાનો ઉપભોગ કરે છે. જેમ જેમ આવક વધે છે તેમ તેમ ઉત્તરોતર અનુક્રમે જાડા ચોખાથી લચકી ચોખા,

લચકી ચોખાથી ગુજરાત સત્તર, ગુજરાત સત્તર થી કૃષ્ણ કમોદ અને કૃષ્ણ કમોદથી બાસમતી ચોખાના ઉપભોગ જોવા મળે છે. આમ, બાસમતી ચોખા સૌથી ઊંચી કિંમતના ચોખા હોવાથી આવકમાં થતો વધારો ઉપભોગમાં વધારો એક હદ સુધી કરી શકશે. કારણ કે અર્થતંત્રમાં બાસમતી ચોખાથી વધારે ગુણવત્તાયુક્ત કે મોંઘા ચોખા છે જ નહીં.

આમ, ચોખા સિવાય પણ અન્ય વસ્તુનું ઉ.દા લઈ સમજી શકાય.

**આકૃતિ :ઉપભોગ વપરાશ / વપરાશ વિધેયની આકૃતિ દ્વારા સમજૂતી :-**




ઉપરની આકૃતિ ox ધરી પર રાષ્ટ્રીય આવકનું પ્રમાણ દર્શાવ્યું છે. જયારેoy રેખા પર ઉપભોગનું પ્રમાણ દર્શાવવામાં આવ્યું છે. C રેખા ઉપભોગ રેખા દર્શાવે છે, જયારે yરેખા કુલ આવક રેખા દર્શાવે છે. C રેખા શૂન્ય સ્તર કરતા ઉપરથી શરૂ થાય છે, જે સાબિત કરે છે કે ઉપભોગ કયારે પણ શૂન્ય હોઈ શકે નહીં, જયારે y રેખા શૂન્ય બિંદુથી શરૂ થાય છે જે દર્શાવે છે કે આવક શૂન્ય હોઈ શકે છે.

ઉપરોક્ત આકૃતિને ત્રણ તબક્કામાં સરળ રીતે સમજી શકાય.

1. પહેલો તબક્કો : જયાં ઉપભોગ એ આવક કરતા વધારે છે.
   $c > y$
2. બીજો તબક્કો : જયાં ઉપભોગ અને આવક એક સરખા છે.
   $c = y$

3. ત્રીજો તબક્કો : જયાં ઉપભોગ આવક કરતા ઓછો છે.
   $c < y$

આ ત્રણેય તબક્કા અર્થતંત્રની અને લોકોની અલગ અલગ પ્રકારની ઉપભોગવૃત્તિ અને રાષ્ટ્રીય આવકનું સ્તર દર્શાવે છે. જેની વિગતવાર સમજૂતી જોઈએ.

1. પ્રથમ તબક્કો : $c > y \ = \ >$ કુલ આવક

પ્રથમ તબક્કામાં વપરાશ /ઉપભોગનું સ્તર આવકનાં સ્તર કરતાં ઉપર જોવા મળે છે, એટલે જયારે આવક શૂન્ય છે ત્યારે વપરાશ $c$ બિંદુએ છે. આ સ્થિતિ દર્શાવે છે કે અર્થતંત્રમાં લોકો પોતાનું અસ્તિત્ત્વટકાવી રાખવા માટે આગળની બચતોમાંથી કે દેવું કરીને પણ ખર્ચ કરે છે.

2. બીજો તબક્કો : $c = y$= ઉપભોગ = કુલ આવક

બીજા તબક્કામાં ઉપભોગનું સ્તર વધે છે અને સાથે સાથે આવકનું સ્તર પણ વધે છે આ બન્ને આ તબક્કામાં એક સરખા થાય છે. એટલે ઉપભોગ રેખા અને આવક રેખા એકબીજાને B બિંદુએ છેદે છે. જેને સમતૂટ બિંદુ પણ કહી શકાય.

અર્થતંત્રમાં આ B બિંદુ સુધી કોઈ નવી બચતનું નિર્માણ થવા પામતુ નથી કારણ કે અહીં જે આવકનું સર્જન થાય છે તેટલા જ પ્રમાણમાં ઉપભોગ પણ થાય છે. જુઓ$oc_1 = oy_1$

3. ત્રીજો તબક્કો : $c < y$= ઉપભોગ < કુલઆવક

ત્રીજો તબક્કો અર્થતંત્રમાં આવકનો વધારો, ઉપભોગનાં વધારા કરતા વિશેષ પ્રમાણ દર્શાવે છે. એટલે કે કુલ ઉપભોગની સરખામણીએ કુલ આવકમાં ઝડપી વધારો થાય છે એટલે કે B બિંદુ પછી આવક ઉપભોગ કરતા વિશેષ પ્રમાણમાં વધે છે. (પાના નં. 7નું વ્યવહારીક ઉદાહરણ યાદ કરવું )

બીજા શબ્દોમાં સમજીએ તો આ ત્રીજા તબક્કામાં અર્થતંત્રમાં ઉપભોગનાં પ્રમાણ કરતા આવકનું પ્રમાણ વધારે જોવા મળે છે તેથી $S- S^1$જેટલી નવી બચત ઉદ્દભવવાપામે છે. જે ભવિષ્યમાં મૂડી રોકાણનાં સ્વરૂપમાં પરિણમી શકે છે અને લાંબાગાળે રોજગારી અને આવક સર્જનમાં મહત્ત્વનું યોગદાન આપી શકે છે.

આ તબક્કામાં આવક $oy_1$થી વધી$oy_2$ થાય છે.જયારે ઉપભોગ$oc_1$ થી વધીને $oc_2$ થવા પામે છે.

આમ, ઉપભોગ વિધેય માત્ર ઉપભોગ જ નહિ, પણ બચતનું પ્રમાણ પણ માપે છે. કારણ કે બચત વૃત્તિ એ નહીં ખર્ચેલી આવકનું પરિણામ છે.

## 12.3 સીમાંત ઉપભોગવૃત્તિ અને સરાસરી ઉપભોગવૃત્તિ :

ઉપભોગ વિધેયનાં કુલ બે તકનીકી લક્ષણો કે ગુણધર્મો છે. જે આવક અને ઉપભોગ વચ્ચેનો ગુણોત્તર સમજાવે છે.

ઉપભોગ વિધેય :1 સરેરાશ કે સરાસરી ઉપભોગવૃત્તિ ઉપભોગવૃત્તિ. APC

2. સીમાંત ઉપભોગવૃત્તિ. MPC

### 12.3.1 સરાસરી ઉપભોગવૃત્તિ :

સરાસરી ઉપભોગવૃત્તિ ને સરેરાશ ઉપભોગવૃત્તિ પણ કહેવામાં આવે છે. જેને અંગ્રેજીમાં AVERAGE PROPENSITY TO CONSUME એટલે કે ટૂંકમાં APC પણ કહેવાય છે.

**સરાસરી ઉપભોગવૃત્તિ નો અર્થ :** સરાસરી ઉપભોગવૃત્તિએ કોઈ એક ચોક્કસ સમયે ચોક્કસ આવકનાં સ્તરે ઉપભોગ ખર્ચનો ગુણોત્તર પ્રમાણ દર્શાવે છે.એટલે કે નિશ્ચિત સમયે કુલ ઉપભોગ અને કુલ આવકના ગુણોત્તરને સરેરાશ ઉપભોગવૃત્તિ કહેવામાં આવે છે.

ટૂંકમાં કહીએ તો સરાસરી ઉપભોગવૃત્તિ એટલે કુલ ઉપભોગને કુલ આવક વડે ભાગાકાર કરવાથી જે આંકડો પ્રાપ્ત થાય તેને સરાસરી ઉપભોગવૃત્તિ તરીકે ઓળખવામાં આવે છે.

ઉ.દા. સરાસરી ઉપભોગવૃત્તિ $= \frac{\text{કુલ ઉપભોગ}}{\text{કુલ આવક}}$

AVERAGE PROPENSITY TO CONSUME (APC) = $\frac{\text{CONSUMPTION}}{\text{INCOME}}$

એટલે કે, APC = $\frac{C}{Y}$

એટલે એવું કહી શકાય કે સરેરાશ ઉપભોગવૃત્તિ એ આવકનું સ્તર અને કુલ ઉપભોગ સાથે સંબંધ ધરાવે છે.

- કોષ્ટક દ્વારા સમજૂતી.

| ઉપભોગ | આવક | સરાસરી ઉપભોગવૃત્તિ |
|---|---|---|
| C | Y | $\frac{c}{y} = APC$ |
| 100 | 100 | $\frac{100}{100} = 1$ |
| 170 | 180 | $\frac{170}{180} = 0.94$ |
| 200 | 220 | $\frac{200}{220} = 0.90$ |
| 250 | 300 | $\frac{250}{300} = 0.83$ |


સરાસરી ઉપભોગવૃત્તિ ને આવકનાં પ્રમાણમાં/સંદર્ભમાં ટકાવારી તરીકે દર્શાવવામાં આવે છે.

ઉપરોકત કોષ્ટક પરથી સ્પષ્ટ રીતે સમજી શકાય છે કે જેમજેમ આવકનું પ્રમાણ વધતું જાય છે તેમ તેમ સરેરાશ ઉપભોગવૃત્તિ નું પ્રમાણ ઘટતું જાય છે, જેનું મુખ્ય કારણ ઉપભોગ માટે ખર્ચ કરવામાં આવતી આવકનાં પ્રમાણમાં ઘટાડો છે.

કોષ્ટકમાં જયારે આવક અને ઉપભોગ બન્ને 100, 100 રૂપિયા છે ત્યારે સરેરાશ ઉપભોગવૃત્તિ ની કિંમત 1 મળે છે. એટલે કે કુલઆવકનાં100 % જેટલી રકમનો ઉપભોગ કરવામાં આવે છે, જયારે બચત ઉદ્દભવતી નથી.

જયારે ઉપભોગ 170 રૂપિયા અને આવક 180/- રૂપિયા છે ત્યારે સરેરાશ ઉપભોગવૃત્તિ 0.94 મળે છે. એટલે કે કુલ આવકના લગભગ 94% જેટલી રકમનો ઉપભોગ કરવામાં આવે છે. જયારે બચત સ્વરૂપે 6% આવક રહેવા પામે છે.

આકૃતિ : **સરાસરી ઉપભોગવૃત્તિની આકૃતિ દ્વારા રજુઆત**




ઉપરોકત આકૃતિ ox ધરી પર આવક અને oy ધરી પર ઉપભોગ દર્શાવવામાં આવ્યા છે. CC રેખા ઉપભોગ રેખા દર્શાવે છે. CC રેખા ઉપર દર્શાવવામાં આવેલા પોઈન્ટ P,Q,R,S સરાસરી ઉપભોગવૃત્તિ દર્શાવે છે. જેમ જેમ આવક વધે છે તેમ તેમ ઉપભોગ પણ વધે છે પરંતુ સરાસરી ઉપભોગવૃત્તિ ઘટતા દરે વધવા પામે છે.

**12.3.2 સીમાંત ઉપભોગવૃત્તિ :**

સીમાંત ઉપભોગવૃત્તિને અંગ્રેજીમાં MARGINAL ROPENSITY TO CONSUME કહેવામાં આવે છે. ટૂંકમાં તે MPC થી વધારે પ્રચલિત છે.

**સીમાંત ઉપભોગવૃત્તિનો અર્થ :**

સીમાંત ઉપભોગવૃત્તિએ કુલ આવકમાં થતા વધારાને કારણે કુલ ઉપભોગમાં થતો વધારો સૂચવે છે. એટલે કે કુલ ઉપભોગમાં આવતો બદલાવ જયારે કુલ આવકમાં આવેલા બદલાવ વડે ભાગવામાં આવે ત્યારે સીમાંત ઉપભોગવૃત્તિ મળે છે.

ઉ.દા. સીમાંત ઉપભોગવૃત્તિ = $\frac{\text{કુલ ઉપભોગમાં થતો ફેરફાર}}{\text{કુલ આવકમાં થતો ફેરફાર}}$

અહીં બદલાવ કે ફેરફારને ગાણિતિક સંજ્ઞા $\Delta$ ડેલ્ટા દ્વારાસૂચવવામાં આવે છે.

MARGINAL ROPENSITY TO CONSUME = $\frac{\Delta c}{\Delta y}$


= MPC = $\frac{\Delta c}{\Delta y}$

કોષ્ટક દ્વારા સમજૂતી

| ઉપભોગ C | ઉપભોગમાં બદલાવ $\Delta C$ | આવક y | આવકમાં બદલાવ $\Delta y$ | સીમાંત ઉપભોગવૃત્તિ $\frac{\Delta c}{\Delta y}$ |
|---|---|---|---|---|
| 100 | - | 100 | - | - |
| 170 | 70 | 180 | 80 | $\frac{10}{80} = 0.87$ |
| 200 | 30 | 220 | 40 | $\frac{30}{40} = 0.75$ |
| 250 | 50 | 300 | 80 | $\frac{50}{80} = 0.67$ |

સીમાંત ઉપભોગવૃત્તિ ને સરાસરી ઉપભોગવૃત્તિનાં ફેરફારનો દર પણ કહેવામાં આવે છે. જયારે આવક વધે છે ત્યારે MPC એ APC કરતા વધારે ઝડપથી ઘટે છે. જયારે આવક ઘટે છે ત્યારે MPC એ APC કરતા વધારે ઝડપથી વધે છે. ટૂંકાગાળામાં હંમેશા સીમાંત ઉપભોગવૃત્તિ MPC એ સરાસરી ઉપભોગવૃત્તિ કરતા ઓછી જોવા મળે છે. એટલે કે, MPC <APC.

**આકૃતિ : સીમાંત ઉપભોગવૃત્તિની આકૃતિ દ્વારા રજૂઆત :**




ઉપરોકત આકૃત્તિમાં ox ધરી પર કુલ આવક અને oy ધરી પર ઉપભોગનું પ્રમાણ દર્શાવવામાં આવ્યું છે. જયારે આવક 180/- રૂપિયાથી વધીને 220/- રૂપિયા થાય છે ત્યારે આવકમાં થતો બદલાવ = 220 - 180 = 40 એટલે કે$\Delta y$ = 40 જયારે ઉપભોગમાં 170/- રૂપિયાથી વધીને 200/- રૂપિયા થાય છે ત્યારે ઉપભોગમાં થતો બદલાવ = 200 – 170 = 30 ,

આમ, આ આવક અને ઉપભોગમાં આવતા બદલાવનાં પ્રમાણને સીમાંત ઉપભોગવૃત્તિ નાં સૂત્ર $\frac{\Delta c}{\Delta y}$ પ્રમાણે ગોઠવીએ તો

$$\frac{30}{40} = 0.75$$

0.75 સીમાંત ઉપભોગવૃત્તિ મળે છે. એટલે કે આવકમાં થતા ફેરફારની સામે 75% આવક ઉપભોગમાં વપરાય છે.

**APC અને MPC  ની ખાસ /મુખ્ય બાબતો**

- કેઈન્સનાંસિદ્ધાંતમાં મુખ્યત્વે MPC ટૂંકાગાળાનાં સમયમાં અને APC લાંબાગાળાના વિશ્લેષણને વધારે સચોટ બનાવે છે.
- કેઈન્સMPCને વધારે મહત્ત્વ આપે છે.
- કેઈન્સ પછીનાં અર્થશાસ્ત્રીઓ માને છે કે લાંબે ગાળે APCઅને MPC લગભગ સરખા જોવા મળે છે.
- ગરીબોની સીમાંત ઉપભોગવૃત્તિ  ધનિકોની સીમાંત ઉપભોગવૃત્તિ  કરતા વધારે હોય છે.

**સરાસરી ઉપભોગવૃત્તિ અને સીમાંત ઉપભોગવૃત્તિ વચ્ચે તફાવત :**

| સરાસરી ઉપભોગવૃત્તિ | સીમાંત ઉપભોગવૃત્તિ |
|---|---|
| 1. APC $=\frac{c}{y}$ | 1. MPC $=\frac{\Delta c}{\Delta y}$ |
| 2. આવક વધે ત્યારે APC ઓછી ઝડપથી ઘટે છે. | 2. આવક વધે છે ત્યારે MPC વધારે ઝડપથી ઘટે છે. |
| 3. જયારે ઉપભોગ ખર્ચ આવક કરતા વધે ત્યારે APC નું મૂલ્ય 1 કરતા વધારે મળે છે. | 3. MPC નું મૂલ્ય કયારેય પણ 1 કરતા વધારે જોવા મળે નહી. |

## 12.4 કેઈન્સનું નિરપેક્ષ આવકનો ખ્યાલ :

**અથવા**

**કેઈન્સનો ઉપભોગનો મનોવૈજ્ઞાનિક અભિગમ :**

ઉપભોગ વિધેયમાં ઉપભોગવૃત્તિ નું સ્વરૂપ જાણવા માટે કેઈન્સ દ્વારા નિરપેક્ષ આવકનો ખ્યાલ સમજાવવામાં આવ્યો હતો. જેને ઘણીવાર કેઈન્સનો ઉપભોગનો મનોવૈજ્ઞાનિક અભિગમ પણ કહેવામાં આવે છે.

કેઈન્સના મત મુજબ કુલ ઉપભોગ એ કુલ વર્તમાન ખર્ચવાપાત્ર આવકનું વિધેય છે. ઉપભોગ અને આવક વચ્ચેનો સંબંધ ઉપભોગતા મનોવૈજ્ઞાનિક સિદ્ધાંત મુજબ જોવા મળે છે, જે મુજબ આવક વધે છે તો ઉપભોગ પણ વધે છે, પરંતુ આવકની તુલનામાં ઉપભોગ ઓછા પ્રમાણમાં વધે છે.

કેઈન્સદ્વારા સૂચિત ઉપભોગ વિધેય $= C = a + cya > o, o < C < 1$

જયાં$a$=

$y$ = આવક (કુલ આવક)

$c$ = ઉપભોગ (કુલ ઉપભોગ)

કેઈન્સનો ઉપભોગ અંગેનો મનોવૈજ્ઞાનિક અભિગમ વપરાશવૃત્તિનું કે ઉપભોગવૃત્તિ નું સ્વરૂપ સમજાવવાનો પ્રયત્ન કરે છે. જે કેઈન્સએ મુખ્યત્વે ઉપભોગ સંબધિત ત્રણ દરખાસ્ત કે પ્રસ્તાવ દ્વારા રજુ કરેલ છે.

**દરખાસ્ત કે પ્રસ્તાવ નંબર :1**

**<u>જેમ જેમ વ્યક્તિ કે ગ્રાહકની આવક વધે છે, તેમ તેમ ઉપભોગખર્ચ પણ વધે છે.</u>** કારણ કે વ્યક્તિ કે ગ્રાહક આ સંજોગોમાં પોતાની ઈચ્છાઓને વધારેમાં વધારે સારી રીતે સંતોષવાનાં

પ્રયત્નો તેની કુલ આવકમાં થતા વધારાનાં પોરપ્રેક્ષ્યમાં સાંકળે છે. એટલે કે જેમ જેમ કુલ આવક વધે છે તેમ તેમ ગ્રાહકની ઈચ્છાઓ વધારેમાં વધારે પરિપૂર્ણ થતી જોવા મળે છે.

પરંતુ અહીં યાદ રાખવા જેવી બાબત એ છે કે જેમ જેમ જેટલા પ્રમાણમાં આવક વધી તેમ તેમ વ્યક્તિ કે ગ્રાહક તે સંપૂર્ણ આવક ને ઉપભોગમાં રૂપાંતરિત કરતો નથી. એટલે કુલ આવકમાં થતો વધારો એ કુલ ઉપભોગ ખર્ચમાં થતા વધારાનાં પ્રમાણમાં વિશેષ અથવાતો વધારે હોય છે. એટલે કે ઉપભોગમાં થતા વધારાની સરખામણીમાં આવકનો વધારો વિશેષ હોવાથી કેઈન્સ દરખાસ્ત કે પ્રસ્તાવ નંબર – ૨ રજુ કરે છે.

**દરખાસ્ત કે પ્રસ્તાવ નંબર – ૨**

કેઈન્સ તેમનાં મનોવૈજ્ઞાનિક અભિગમમાં જણાવે છે કે આવક વધે છે તો ઉપભોગ પણ વધે છે પરંતુ આવક અને ઉપભોગમાં થતા વધારાની તુલના કે સરખામણીમાં આવક વધારે હોય છે. તેથી આવકની ઉપભોગમાંથી બાદબાકી કરીએ તો શેષ રૂપે બચત ઉપજવા પામે છે.જેને કેઈન્સ કુલ આવકમાં વધારાનું કુલ ઉપભોગખર્ચ અને બચત એમ બે વિભાગમાં વિભાજન કરે છે. ગ્રાહક કે વ્યક્તિ દ્વારા વધારાની આવકનો અમૂક હિસ્સો બચત સ્વરૂપમાં રાખવામાં આવે છે.

એટલે કે કેઈન્સ આ દરખાસ્ત કે પ્રસ્તાવ નંબર –2 દ્વારા એવું જણાવે છે કે આવકમાં વધારાની સાથે ઉપભોગ ખર્ચ અને કુલ બચત એમ બન્ને બાબતોમાં વધારો થાય છે.

**દરખાસ્ત કે પ્રસ્તાવ નંબર :3**

કેઈન્સ દરખાસ્ત કે પ્રસ્તાવ નંબર : 1 અને ૨ નો સરવાળો કરીને અહીં ત્રીજો દરખાસ્ત કે પ્રસ્તાવ રજૂ કરે છે.જે મુજબ કુલ આવકમાં વધારો એ કુલ ઉપભોગખર્ચ અને બચતોમાં હંમેશા વધારો કરે છે, જે કયારેય પણ ઘટાડો કરી શકે નહીં.

કેઈન્સના ઉપભોગનાં મનોવૈજ્ઞાનિક અભિગમની કોષ્ટક દ્વારા રજૂઆત :-

કોષ્ટક

| આવક<br>y | ઉપભોગ<br>c | બચત<br>y-c = s |
|---|---|---|
| 00 | 10 | -10 |
| 50 | 55 | -05 |
| 100 | 100 | 00 |
| 150 | 145 | 05 |
| 200 | 190 | 10 |
| 250 | 230 | 20 |
| 300 | 270 | 30 |
| 350 | 310 | 40 |
| 400 | 350 | 50 |
| 450 | 390 | 60 |

કેઈન્સનો ઉપભોગનો મનોવૈજ્ઞાનિક અભિગમ ઉપરોકત કોષ્ટકની મદદથી સમજાવી શકાય, જેમાં પણ કેઈન્સનાં પ્રસ્તાવ કે દરખાસ્ત નંબર ૧,૨,૩ જોવા મળે છે.

**<u>પ્રસ્તાવ કે દરખાસ્ત નંબર : 1</u>** સૌ પ્રથમ આવક શૂન્ય છે ત્યારે ખર્ચ 10 હજાર રૂપિયા છે, ત્યારબાદ આવક વધીને 50 હજાર રૂપિયા છે ત્યારે ખર્ચ વધીને 55 હજાર રૂપિયા થાય છે, ત્યાર

બાદ જયારે આવક વધીને 450 હજાર રૂપિયા થાય છે ત્યારે ખર્ચ પણ વધીને 390 હજાર રૂપિયા થાય છે. ટુંકમાં કહીએ તો જેમ જેમ આવક વધે છે તેમ તેમ ઉપભોગ પણ વધે છે.

**પ્રસ્તાવ કે દરખાસ્ત નંબર : ૨**

જયારે આવક 100 હજારથી વધીને 150 હજાર થાય છે ત્યારે ઉપભોગ પણ વધીને 100 હજાર વધીને 145 હજાર થાય છે. જે ૧૫૦ હજારની આવકની તુલનાએ ઓછી છે. એટલે કે અહીંથી બચત ઉદ્દભવવાનુંશરૂ થાય છે.

**પ્રસ્તાવ કે દરખાસ્ત નંબર :3 :-**

આ પ્રસ્તાવમાં કેઈન્સ સૂચવે છે કે આવકમાં વધારાની સાથે એટલે કે શૂન્યથી માંડીને 450 હજારની આવકમાં ખર્ચ 10 હજારથી વધીને 390 હજાર સુધી વધે છે જયારે બચતો 10 હજાર થી વધીને 60 હજાર સુધી વધવા પામે છે.

**કેઈન્સનાં મનોવૈજ્ઞાનિક સિદ્ધાંતનીધારણાઓ :**

1. સ્થિર ઉપભોગ વિધેય માટે આવક જ એક માત્ર ચલિત પરિબળ છે, જયારે અન્ય મનોવૈજ્ઞાનિક અને સંસ્થાકીય પરિબળો જેવા કે આવકની વહેંચણી, અભિરૂચિ, આદત, સામાજિકરીત રીવાજો, કિંમત ફેરફાર, વસ્તી વૃધ્ધિ વગેરે ટૂંકાગાળામાં સ્થિર રહેવા પામે છે.
2. અર્થતંત્ર સામાન્ય પરિસ્થિતિમાં છે, એટલે કે અસાધારણ કે અસમાન્ય પરિસ્થિતિઓ જેવી કે યુધ્ધ, ક્રાંતિ કે કૂદકા મારતો ફૂગાવો જેવી બાબતો અર્થતંત્રમાં પ્રવર્તતી નથી.
3. આસિદ્ધાંત મૂડીવાદી અર્થતંત્રનાં મુક્ત અર્થતંત્રની ધારણા કરે છે એટલે કે સરકારનો હસ્તક્ષેપ અર્થતંત્રમાં પ્રવર્તમાન નથી. જેથી સમાજવાદી અર્થતંત્રો કે અન્ય કોઈ મૂડીવાદી અર્થતંત્ર સિવાયના અર્થતંત્રમાં આ સિદ્ધાંત લાગુ પાડી શકે નહી.

## 12.5 મિલ્ટન ફ્રિડમેનનો સ્થાયી આવકનો ખ્યાલ :

વર્ષ ૧૯૫૭ માં નોબલ પારિતોષિક વિજેતા મિલ્ટન ફ્રિડમેન દ્વારા સ્થાયી આવકનો ખ્યાલ રજૂ કરવામાં આવ્યો હતો. આ સિદ્ધાંત ને તેમણે મૂળભૂત ધારણા જેવી કે ઉપભોગીય વર્તનમાં બદલવાની આગ્રાહી કરી શકાતી નથી, કારણ કે ઉપભોગીય વર્તનમાં બદલાવ એ વ્યક્તિગત અપેક્ષાઓ ઉપર આધારિત છે. જે સમગ્રલક્ષી આર્થિકનીતિનાં ઘડતરમાં વ્યાપક અસરો નિપજાવે છે.

સ્થાયી આવકનો ખ્યાલ એ ઉપભોકતાનાં ખર્ચનાં કે ઉપભોગનાં સિદ્ધાંતો સાથે સંકળાયેલ ખ્યાલ છે. આ સિદ્ધાંતસૂચવે છે કે ઉપભોકતા કે ગ્રાહક લાંબાગાળાની સરેરાશ આવકની ગણતરી કે અપેક્ષા ને ધ્યાનમાં રાખીને ઉપભોગ ખર્ચ કરશે.

ઉપરાંત, સ્થાયી આવકનો ખ્યાલ શ્રમિકોની ભવિષ્યની આવકમાં સુધારણાની આગાહી થશે તો જ ઉપભોગતા ખર્ચમાં વધારો થશે.જો તેમ નહી બને તો ઉપભોગ વધશે નહીં.

એટલે કે ભવિષ્યની લાંબાગાળાની આવક જ સ્થાયી આવકનું સ્તર બનવા પામશે જે સમયાંતરે ઉપભોગનું પ્રમાણ નક્કી કરશે.શ્રમિક ત્યારે જ બચત કરશે કે જયારે તેની વર્તમાન આવક તેણે ધારેલ ભવિષ્યની આવક કરતા વધારે હશે. જેથી તે કદાચ ભવિષ્યમાં થતા આવકના ઘટાડા સામે રક્ષણ મેળવી શકે.

ઉ.દા. દ્વારાસમજૂતી : કોઈ એક શ્રમિક ને જયારે ખબર પડે છે કે કોઈ એક ચોક્કસ સમયગાળા દરમ્યાન તેને બોનસરૂપી વધારાની આવક પ્રાપ્ત થવાની છે, ત્યારે શ્રમિક તેની નજીકનાં સમયગાળામાં તેનાં વર્તમાન ઉપભોગમાં વધારો કરશે. કદાચ એવું પણ બની શકે કે તે શ્રમિક વર્તમાન ઉપભોગ ના પણ વધારે અને બચતમાં વધારો કરે જેથી ભવિષ્યની અનિશ્ચિતતાઓ સામે રક્ષણ મેળવી શકાય.

**ઉ.દા. ૨** કોઈ એક વ્યક્તિને એવી જાણ કરવામાં આવે કે તેમને વારસામાં અમુક હિસ્સો કે નાણાકીય રકમ મળવાની છે, ત્યારે આ વ્યક્તિ કદાચ આ રકમને ભવિષ્યને સુનિશ્ચિત કરવા મૂડીરોકાણમાં રૂપાંતરિત કરશે કે કોઈ સંપત્તિખરીદશે. જેનાથી લાંબાગાળે વધારે લાભ મેળવી શકાય. એટલે કે વર્તમાનમાં ઉપભોગમાં લેવામાં આવતી ચીજ-વસ્તુઓ કે સેવાની જગ્યાએ તે ભવિષ્યની વધારાની આવક ઉત્પન્ન કરવાનો પ્રયત્ન કરશે.

**ઉ.દા. 3** કોઈ એક વ્યક્તિની તરલતા કે આર્થિક સ્થિતિ પણ ભવિષ્યની આવકની આગાહીમાં મહત્ત્વની ભૂમિકા નિભાવી શકે છે. એટલે કે કોઈ એક વ્યક્તિ જેની પાસે કોઈ જ સંપતિ નથી એટલે કે ગરીબ છે તે આવક માં થતા વધારાની સાથે ઉપભોગમાં પણ વધારો કરશે. જયારે જે વ્યક્તિ ધનાઢ્ય છે તે ભવિષ્યની આવકની ચિંતા કર્યા વગર પણ વર્તમાનમાં ઉપભોગ વધારી કે ઘટાડી શકે છે.

## 12.6 વ્યક્તિગત અને સમગ્ર ઉપભોગ વિધેય :

- **વ્યક્તિગત ઉપભોગ વિધેય :** વ્યક્તિગત ઉપભોગ વિધેય, કોઈ એક વ્યક્તિ કે કુટુંબની આવક અને ઉપભોગ ખર્ચનાં સંયોજનો દર્શાવે છે. એટલે કે સમયાંતરે વ્યક્તિગત કે કૌટુંબિક આવકમાં થતો વધારો કેવી રીતે ઉપભોગ ખર્ચમાં વધારો કે ઘટાડો કરશે તે દર્શાવે છે.
- **સમગ્ર ઉપભોગ વિધેય :** સમગ્ર ઉપભોગ વિધેય એ અર્થતંત્રના તમામ વ્યક્તિઓ કે કુટુંબની આવક અને ઉપભોગ ખર્ચનાં વિવિધ સંયોજનો જણાવે છે. એટલે કે સમયાંતરે અર્થતંત્રનાં તમામ લોકો કે કુટુંબોની કુલ આવકમાં થતો વધારો કેવી રીતે કુલ ઉપભોગ ખર્ચમાં વધારો કે ઘટાડો કરશે તે દર્શાવે છે.

## 12.7 સ્વાધ્યાય :

**ટૂંકા પ્રશ્નો :**

1. ઉપભોગ એટલે શું ?
2. ઉપભોગ વિધેય એટલે શું ?
3. ઉપભોગને અસરકરતાં પરિબળો જણાવો.
4. ઉપભોગની વિધેયની આકતિમાં દર્શાવેલા ત્રણ તબક્કાઓ સમજાવો.
5. સીમાંત ઉપભોગવૃત્તિનો અર્થ સમજાવો.
6. સરાસરી ઉપભોગવૃત્તિ એટલે શું ?
7. કેઈન્સનો નિરપેક્ષ આવકનો ખ્યાલ શું દર્શાવે છે ?
8. મિલ્ટન ફ્રિડમેનનો સ્થાયી આવકનો ખ્યાલ શું દર્શાવે છે ?
9. વ્યક્તિગત ઉપભોગ વિધેય એટલે શું?
10. સમગ્ર ઉપભોગ વિધેય એટલે શું ?

- **મોટા પ્રશ્નો**

1. ઉપભોગ વિધેયનો ખ્યાલ આકૃત્તિની મદદથી સમજાવો.

2. સીમાંત ઉપભોગવૃત્તિ અને સરાસરી ઉપભોગવૃત્તિનો તફાવત જણાવો.
3. કેઈન્સનો ઉપભોગનો મનોવૈજ્ઞાનિક અભિગમ સમજાવો.
4. મિલ્ટન ફ્રિડમેનનો સ્થાયી આવકનો ખ્યાલ ચર્ચો.

**હેતુલક્ષી પ્રશ્નો :**

1. ઉપભોગ વિધેયને -------વિધેય પણ કહેવાય છે.
   (અ) બચત (બ) ખર્ચ
   (ક) મૂડીરોકાણ (ડ) વપરાશ
2. ઉપભોગ વિધેયનું સૂત્ર = ------------
   (અ) cf(y) (બ) yf(c)
   (ક) y +c = B (s) (ડ) f(y) (c)
3. સરાસરી ઉપભોગવૃત્તિ = ----------
   (અ) $\frac{\Delta C}{\Delta y}$ (બ) $\frac{\Delta y}{\Delta c}$
   (ક) $\frac{C}{y}$ (ડ) c-y
4. સીમાંત ઉપભોગવૃત્તિ =----------
   (અ) $\frac{\Delta C}{\Delta y}$ (બ) $\frac{C}{y}$
   (ક) $\frac{\Delta y}{\Delta c}$ (ડ) $\frac{y}{c}$
5. આવક શૂન્ય હોઈ શકે પરંતુ --------કયારેય શૂન્યના હોય.
   (અ) ઉપભોગ (બ) બચત
   (ક) મૂડીરોકાણ (ડ) દેવું
6. નિરપેક્ષ આવકનો ખ્યાલ ------એ આપ્યો હતો.
   (અ) મિલ્ટન ફ્રિડમેન (બ) કેઈન્સ
   (ક) એડમસ્મિથ (ડ) કાર્લમાર્કસ
7. સ્થાયી આવકનો ખ્યાલ -------એ આપ્યો હતો.
   (અ) કેઈન્સ (બ) રીકાર્ડો
   (ક) મિલ્ટન ફ્રિડમેન (ડ) એડમ સ્મિથ
8. ગ્રાહકોની --------ઉપભોગને અસરકારક છે.
   (અ) આળસ (બ) મર્યાદા
   (ક) સંબંધ (ડ) માંગ અને આવક
9. ઉપભોગ વિધેયમાં --------ઉપભોગ અને આવકનું એક સરખું પ્રમાણ દર્શાવે છે.
   (અ) c = y (બ) c>y
   (ક) c < y
10. સીમાંત વપરાશવૃત્તિ ----------નાં સમયને ધ્યાનમાં લે છે.
   (અ) લાંબાગાળા (બ) ટૂંકાગાળા
   (ક) મધ્યમગાળા
11. સરેરાશ ઉપભોગવૃત્તિ ---------નાં સમયને ધ્યાનમાં લે છે.
   (અ) મધ્યમગાળા (બ) ટૂંકાગાળા
   (ક) લાંબાગાળા

**જવાબો :-**

૧. (ડ) વપરાશ

૨. (અ) cf(y)

૩. (ક) $\frac{C}{y}$

૪. (અ) $\frac{\Delta C}{\Delta y}$

૫. (અ) ઉપભોગ

૬. (બ) કેઈન્સ

૭. (ક) મિલ્ટન ફ્રિડમેન

૮. (ડ) માંગ અને આવક

૯. (અ) c = y

૧૦. (બ) ટૂંકાગાળા

૧૧. (ક) લાંબાગાળા

એકમ 13

# નાણાકીય સંતુલન

## રૂપરેખા

13.1 નાણાકીય સંતુલન પ્રસ્તાવના

13.2 અર્થ

13.3 વાલરસનો સંતુલન વિચાર

13.4 સામાન્ય સંતુલનનું અસ્તિત્વ, સ્થિરતા અને વિશિષ્ટતા

13.5 સામાન્ય સંતુલન વિશ્લેષણના લાભ

13.6 સામાન્ય સંતુલન વિશ્લેષણની મર્યાદાઓ

13.7 નાણાકીય સંતુલનની વિભાવના

13.8 સમગ્ર વિરુદ્ધ નાણાકીય સંતુલન

13.9 વિકસેલનો નાણાકીય સિદ્ધાંત

13.10 વિકસેલના સિદ્ધાંતની આલેખ દ્વારા સમજૂતી

13.11 વિકસેલના સિદ્ધાંતની ટીકા

13.12 સ્વાધ્યાય

- લાંબા પ્રશ્નો
- ટૂંકા પ્રશ્નો
- બહુવૈકલ્પિક પ્રશ્નો

## 13.1 પ્રસ્તાવના

અર્થશાસ્ત્રમાં સંતુલન વિશ્લેષણ મહત્ત્વનો ભાગ ભજવે છે. આર્થિક સ્થિરતા તરફ લઈ જનારાં પરિબળો મોટાભાગે સંતુલનલક્ષી પરિબળો કહેવાય છે. પણ સ્થિરતા અને સંતુલન બંને જુદા-જુદા ખ્યાલો છે. સંતુલન સ્થિર પણ હોઈ શકે છે અને અસ્થિર પણ હોઈ શકે છે.

પ્રશિષ્ટ અર્થશાસ્ત્રીઓ દ્વારા સ્થિર અર્થકારણની વ્યાખ્યા કરવામાં આવેલી હતી. આના અર્થકારણમાં આર્થિક સંબંધો કેટલાક પરિબળો ઉપર આધાર રાખે અને આ પરિબળો આંતરસંબંધિત હોય છે. પ્રશ્ન એ ઊભો થાય છે કે આવા આર્થિક સંબંધોના સ્થિર સંતુલન જ શક્ય બને તો પછી નાણાંના પરિમાણમાં થતો વધારો ઘટાડો આ વાસ્તવિક સંતુલનમાં કોઈ ફેરફાર ન કરી શકે ? આપ્રશ્નના જવાબ પ્રશિષ્ટ અર્થશાસ્ત્રીઓ 'ના'માં જવાબ આપે છે. પ્રશિષ્ટ અર્થશાસ્ત્રીઓ પ્રમાણે નાણું એ માત્ર વિનિમયનું માધ્યમ છે અને અર્થકારણમાં વાસ્તવિક આંતરાવલંબનમાં કોઈ પણ અવરોધ ઊભો થતો નથી. જો નાણાંના પરિમાણમાં વધારો કરવામાં

આવે તો વસ્તુઓના ભાવો પ્રમાણસર રીતે વધે છે. પરંતુ વસ્તુઓના સાપેક્ષ ભાવોમાં કોઈ ફેરફાર થતો નથી. આમ નાણાકીય વધઘટની અસરથી વસ્તુઓના સાપેક્ષ ભાવસંબંધો અલિપ્ત રહેતા હોય છે.

આવા અર્થતંત્રમાં નાણાકીય ઘટનાઓનું કોઈ મહત્ત્વ હોતું નથી. વાસ્તવિક ઘટનાઓ જ મહત્ત્વનો ભાગ ભજવે છે. આવા સંજોગોમાં આર્થિક સ્થિરતા સાપેક્ષ ભાવ સ્થિરતા સૂચિત થશે. આમાં નાણાકીય સંતુલનનો પ્રશ્ન ઊભો થતો નથી.

## 13.2 અર્થ

નાણાકીય સંતુલન એટલે એવી પરિસ્થિતિ જ્યાં ચોક્કસ કિંમતે નાણાં માટેની માંગ નાણાંના પુરવઠાને બરાબર હોય છે. નાણાંના પુરવઠામાં નાણાકીયઆધાર અને ક્રેડિટના વિવિધ સ્વરૂપો બંનેનો સમાવેશ થાય છે. નાણાકીય સંતુલનમાં નાણાકીય વ્યવસાય સરળ બનાવવા માટે નાણાકીયવ્યવસ્થાઘણી ફાયદાકારક છે. નાણાકીય સંતુલનનો ખ્યાલ મૂળભૂત રીતે યુરોપિયન છે. આ સિદ્ધાંત પર મોટાભાગનુંકામ સ્વીડિશ બ્રિટિશ અને ઑસ્ટ્રિયન અર્થશાસ્ત્રીઓ દ્વારા કરવામાં આવ્યું છે. નાણાકીય સંતુલનનું માળખું કેટલીક રીતે ક્લાસિકલ (પ્રશિષ્ટ) મૉડેલથી અલગ નથી. પ્રશિષ્ટ અર્થશાસ્ત્રીઓના મૂળભૂત રીતે ત્રણ મુખ્ય ખ્યાલો 'સે'નોબજારનો નિયમ, નાણાંનો પરિમાણાત્મક સિદ્ધાંત અને વ્યાજ દરની ભૂમિકા છે.

'સે'ના નિયમ પ્રમાણે પુરવઠો પોતે પોતાની માંગ સર્જે છે. એમની દલીલ હતી કે બજારમાં વસ્તુઓના વેચાણથી પુરવઠો ખરીદવા માટે જરૂરી આવક થાય છે. આમાં સરકારની દખલગીરીની આવશ્યકતા નથી. આ નિયમની નાણાકીય સંતુલનમાં સૌથી સચોટ અભિવ્યક્તિ મળે છે. નાણાકીય સંતુલનમાં ઉત્પાદન ખરેખર માંગનો સ્ત્રોત છે. પરંતુ જો નાણાંની માંગ વધારે હોય તો આવું થતું નથી. કારણ કે આ અસરકારક માંગમાં પરિણમતું નથી.

૧૯મી સદીમાં વાલરસ નામના ફ્રેન્ચ અર્થશાસ્ત્રીએ નાણાંને પણ વસ્તુ સમુચ્ચનો એક ભાગ ગણીને અર્થતંત્રના ભાવસંબંધીને તેમના સમગ્ર સ્વરૂપમાં દર્શાવવાનો પ્રયાસ કર્યો. આ પ્રયાસ સંતુલન સિદ્ધાંતના આજ દિન સુધીનાવિકાસનું પ્રથમ સોપાન છે.

વાલરસએ વાસ્તવિક અર્થકારણના વિભાગને તેના નાણાકીય વિભાગ સાથે સંકલિત કર્યો. આ સંકલનનો અર્થ એ થાય કે આ બંને વિભાગોમાં થતા ફેરફારો એકબીજા ઉપર અસર કરશે. અર્થાત જો એકમાં સંતુલન ન હોય તો અન્યમાં સંતુલન શક્ય નહી બનશે નહી.

જો નાણું એ સમગ્ર અર્થકારણનો એક મહત્ત્વનો ભાગ હોય તો સમગ્ર સંતુલન અને નાણાકીય સંતુલન પરસ્પર સંબંધિત બને છે. અર્થતંત્રના વાસ્તવિક સંતુલનમાં નાણાકીય અસંતુલન અવરોધ લાવી શકે છે. આમ વાસ્તવિક અને સમગ્ર સંતુલન માટે નાણાકીય સંતુલન અનિવાર્ય બને છે.

## 13.3 વાલરસનો સંતુલન વિચાર

પ્રો.વાલરસના સંતુલન વિચારને સામાન્ય સંતુલનનો વિચાર ગણવામાં આવે છે. આ મૉડેલ (Static) સ્વરૂપનો છે. આમાં બધી જ કિમંતો સંતુલન અવસ્થામાં હોય છે. દરેક ગ્રાહક પોતાની આવકનો વપરાશ એ રીતે કરે છે કે જેથી તેને મહત્તમ સંતોષ મળે. દરેક ઉદ્યોગમાં બધા જ ઉત્પાદનના એકમો બધી કિંમતો અને ઉત્પાદિત એકમો સંતુલન અવસ્થામાં હોય છે તથા ઉત્પાદનના સાધનોની માંગ અને પુરવઠો બંને બરાબર હોય છે. આ મૉડેલ નીચેની ધારણાઓ ઉપર આધારિત છે.

(1) ગ્રાહકોની આવક, પસંદગી નિશ્ચિત અને આપેલી છે તથા તેમને સ્થિર ધારી લેવામાં આવ્યું છે.

(2) વસ્તુઓ અને ઉત્પાદનના સાધનોના બજારમાં પૂર્ણ હરીફાઈ છે.

(3) વિવિધ ઉદ્યોગો અને સ્થાનોની વચ્ચે ઉત્પાદનના સાધનો સંપૂર્ણ ગતિશીલ હોય છે.

(4) ઉત્પાદન સેવાઓના બધા એકમો સમરૂપ હોય છે.

(5) ઉત્પાદન પદ્ધતિતથા ટેકનોલૉજીમાં ફેરફાર જોવા મળતા નથી.

(6) બધા જ સાધનોમાં પૂર્ણ રોજગારી જોવા મળે છે.

ટૂંકમાં વાલરસ મૉડેલ માટે અન્ય પરિબળો યથાવત રહે આ આવશ્યક શરત છે. આ ધારણાઓના અંતર્ગત અર્થવ્યવસ્થા સામાન્ય સમતુલાની એવી પરિસ્થિતિ રજૂ કરે છે જ્યાં દરેક વસ્તુ અને સેવાઓની માંગ તેના પુરવઠાને બરાબર હોય છે. બજારના બધા જ હરીફો દ્વારા લેવામાં આવેલા નિર્ણયો એવા જ હશે જેવા ઉત્પાદકો દ્વારા દરેક વસ્તુના વેચાણ તથા ઉત્પાદન માટે લેવામાં આવેલા છે. ખરેખર બજારમાં સામાન્ય પરિસ્થિતિ ત્યારે જ પૂર્ણ થાય છે જ્યારે વસ્તુઓ અને સેવાઓના ખરીદી અને વેચાણના નિર્ણયો સમાન હોય છે.

ગ્રાહકોના ઉદ્દેશ્ય, પસંદગી વગેરે સ્થિર હોવાની પરિસ્થિતિમાં દરેક વસ્તુની માંગ ફક્ત તે વસ્તુની કિંમત ઉપર જ આધાર નથી રાખતી પણ બજારમાં ઉપલબ્ધ દરેક અન્ય વસ્તુની કિંમત ઉપર પણ આધાર રાખે છે. આમ દરેક ગ્રાહક, બજારમાં પ્રચલિત કિંમતોના સાપેક્ષમાં પોતાના કુલ વપરાશને મહત્તમ કરે છે. આનો અર્થ છે કે વસ્તુઓનો સીમાંત વપરાશ તેના કિંમતોના ગુણોત્તર હોય છે. વાલરસ મૉડેલમાં દરેક ગ્રાહક પોતાની સંપૂર્ણ આવકને વપરાશ પર ખર્ચ કરે છે. તેથી તેનો ખર્ચ તેમની આવકોને સમાન હોય છે. તેની આવક તે કિંમત ઉપર આધાર રાખે છે. જેના પર તે ઉત્પાદક સેવાઓનું વેચાણ કરે છે. બીજા શબ્દોમાં એકવપરાશકર્તા પોતાની ઉત્પાદિત સેવાઓનું વેચાણ કરીને આવક મેળવે છે. આમ વપરાશકર્તા માટે વિવિધ વસ્તુઓ માટે માંગ તેમની કિંમતો અને સેવાઓની કિંમતો ઉપર આધાર રાખે છે. આનાથી સ્પષ્ટ છે કે વસ્તુઓ અને સાધન સેવાઓની કિંમતો સાથે-સાથે નિર્ધારિત થાય છે. દરેક વસ્તુની બજાર માંગ મેળવવા માટે અર્થવ્યવસ્થામાં બધા ગ્રાહકોની માંગનો સરવાળો કરવામાં આવે છે. જો કે દરેક ગ્રાહકની માંગ વસ્તુઓ અને સેવાઓની કિંમત પર આધાર રાખે છે. આમ તેની બજાર માંગ પણ સંપૂર્ણ કિંમતો ઉપર આધાર રાખે છે.

**માંગબાજુ**

કોઈપણ વસ્તુની માંગ તે વસ્તુની કિંમતનો વિધેય હોય છે. કિંમત એક સ્વતંત્ર ચલ છે, જ્યારે માંગ નિર્ધારિત ચલ છે. જો દરેક વસ્તુની માંગને $D_1, D_2, D_3 \dots D_n$ દ્વારા દર્શાવવામાં આવે અને દરેકની કિંમતને $P_1, P_2, P_3 \dots P_n$ ના દ્વારા દર્શાવવામાં આવે તો દરેક વસ્તુ માટે નીચેના સમીકરણો બનાવી શકાય છે. જે દર્શાવે છે કે માંગ, કિંમતોનું વિધેય છે.

$D_1 = F_1 (P_1, P_2, P_3 \dots P_n)$

$D_2 = F_2 (P_1, P_2, P_3 \dots P_n)$

$D_3 = F_3 (P_1, P_2, P_3 \dots P_n)$

…………………………...

$D_n = F_n (P_1, P_2, P_3 \dots P_n)$

દરેક ઉત્પાદક ઉત્પાદનની તેટલી જ માત્રાનું ઉત્પાદન અને વેચાણ કરશે. જેના પર વસ્તુની માંગની કિંમત, તેના ન્યૂનતમ સરેરાશ ખર્ચ અને સીમાંત ખર્ચને બરાબર થશે. દરેક ઉત્પાદક પોતાના નફાનો પ્રચલિત સાધન-કિંમતોના સાપેક્ષ, વિવિધ ઉત્પાદક સેવાઓની માત્રાઓને એવા ગુણોત્તર અને માત્રાઓના પ્રયોગ કરતા મહત્તમ કરે છે. ઉપરના સમીકરણની જેમ પુરવઠા પ્રશ્નનું વિશ્લેષણ કરવામાં આવે છે.

વાલરસ મૉડલના સામાન્ય સંતુલનની પરિસ્થિતિમાં વસ્તુઓના માંગ અને પુરવઠાની સાથે સાથે ઉત્પાદક સેવાઓની માંગ અને પુરવઠાની સમાનતા જરૂરી છે. ઉત્પાદક સેવાઓની માંગ ઉત્પાદકોની થાય છે તથા પુરવઠાની ગ્રાહકોથી.

**પુરવઠા બાજુ :**

પુરવઠાની દૃષ્ટિએ દરેક વસ્તુનો કુલ પુરવઠો $S_1, S_2, S_3 \dots S_n$ દ્વારા દર્શાવતા વસ્તુની કિંમતને $P_1, P_2, P_3 \dots P_n$ દ્વારા દર્શાવતા નીચેના સમીકરણથી કહેવામાં આવે છે કે દરેક વસ્તુની માત્રા બધી કિંમતોનો વિધેય છે.

$S_1 = F_1 (P_1, P_2, P_3 \dots P_n)$

$S_2 = F_2 (P_1, P_2, P_3 \dots P_n)$

$S_3 = F_3 (P_1, P_2, P_3 \dots P_n)$

…………………………...

$S_n = F_n (P_1, P_2, P_3 \dots P_n)$

ઉપરના સમીકરણમાં એવું ધારવામાં આવ્યું છે કે પુરવઠો નિશ્ચિત અને સ્થિર છે. વસ્તુઓની સંખ્યા અનંત (n) હોવાથી તેની કિંમતો પણ અનંત છે.

આમ અર્થવ્યવસ્થા સામાન્ય (General) સંતુલનની અવસ્થામાં ત્યારે પહોંચશે જ્યારે

(1) વસ્તુઓની કિંમતોના આધાર ઉપર વસ્તુની માંગ તેના પુરવઠાને બરાબર હોય છે.

(2) સાધન સેવાઓની કિંમતોના આધાર ઉપર દરેક સાધનની માંગ તેના પુરવઠાને બરાબર હોય છે.

આમ વસ્તુ તથા સાધન બજારમાં સમતુલા હોય ત્યારે અર્થવ્યવસ્થામાં સામાન્ય સમતુલા જોવા મળે છે. આનો અર્થ છે કે અર્થવ્યવસ્થામાં દરેક ગ્રાહક અને ઉત્પાદક સમતુલામાં છે. પ્રશ્ન એ થાય છે અર્થવ્યવસ્થામાં વસ્તુ બજાર અને સાધન બજારમાં સમતુલા કેવી રીતે મેળવવામાં આવે. વાલરસએ આ સમસ્યાના નિરાકરણ માટે સામૂહીકરણ (Grouping)નો સિદ્ધાંત અપનાવવા માટે કહ્યું. ધારો કે બધા જ ઉત્પાદકો અને વેચાણકારો નિર્ધારિત કિંમતો ઉપર ખરીદવા અને વેચાણ કરવામાં આવતી વસ્તુઓની માત્રાની ઘોષણા કરે છે. જો નકારાત્મક વણવપરાયેલી માંગ (Negative excess demand)) હોય તો વેચાણકારો કિંમતોને ઓછી કરશે તથા જો હકારાત્મક વણવપરાયેલી માંગ (Positive excess demand) હોય તો ખરીદદારો વધારે કિંમત ચૂકવવા તૈયાર થઈ જશે. બંને પક્ષો દ્વારા આવા પ્રકારની ઘોષણા ત્યાં સુધી થતી રહેશે જ્યાં સુધી એની કિંમત પર નથી પહોંચી જતાં જ્યાં સામાન્ય સમતુલાની પરિસ્થિતિ હોય છે.

## 13.4 સામાન્ય સંતુલનનું અસ્તિત્વ, સ્થિરતા તથા વિશિષ્ટતા

**અસ્તિત્વ :**

સામાન્ય સમતુલાના અસ્તિત્વની સમસ્યા બજારમાં ખરીદદારો તથા વેચાણકારોના વ્યવહારથી સંબંધિત હોય છે. બજારમાં સમતુલાની પરિસ્થિતિ ત્યારે ઊભી થાય છે જ્યારે માંગ અને પુરવઠા રેખા એક ધન કિંમત ઉપર બરાબર હોય છે. આવી કિંમત સમતોલ કિંમત કહેવાય છે. આ કિંમત ઉપર માંગ અને પુરવઠો બંને બરાબર હોય છે. સમતોલ કિંમત ઉપર વધારાની માંગ અને વધારાના પુરવઠાનું અસ્તિત્વ રહેતું નથી. આ કિંમત ઉપર વધારાની માંગ શૂન્ય હોય છે.

સંકેતમાં

$$E_D = Q_D - Q_S = o$$


જ્યાં $E_D =$ વધારાની માંગ$Q_D$માંગની માત્રા $Q_S$પુરવઠાની માત્રા. સમતુલાના અસ્તિત્વ માટે માંગ અને પુરવઠો એકબીજાને ધન કિંમત ઉપર છેદવું જોઈએ. એક ધન કિંમત ઉપર સામાન્ય સમતુલાની બે શરતો છે.

(1) આ કિંમત ઉપર ગ્રાહક પોતાના સંતોષને મહત્તમ કરે છે અને ઉત્પાદક પોતાના નફાને મહત્તમ કરે છે.

(2) આ કિંમત ઉપર બધા બજાર ખાલી થઈ જાય છે અર્થાત્ એક ધન કિંમત ઉપર વસ્તુ બજાર અને સાધન બજાર બંનેનો માંગ અને પુરવઠો બરાબર હોય છે.

આને નીચેની આકૃતિ દ્વારા સમજાવી શકાય છે.

**આકૃતિ-1**





આકૃતિમાં સામાન્ય સમતુલાના અસ્તિત્વને દર્શાવવામાં આવેલું છે. આકૃતિમાં DD માંગ રેખા, SS પુરવઠા રેખા બંને એકબીજાને E બિંદુ ઉપર છેદે છે અને OP કિંમત નિર્ધારિત થાય છે. જે ઘન કિંમતો આ કિંમત બજારમાં માંગ અને પુરવઠાની OS માત્રાને બરાબર કરે છે. આ પરિસ્થિતિ વસ્તુ બજાર અને સાધન બજાર બંનેમાં લાગુ થાય છે.

**સામાન્ય સમતુલામાં સ્થિરતા :**

સામાન્ય સમતુલાની સ્થિરતા ત્યારે જોવા મળે છે જ્યારે માંગ અને પુરવઠા વચ્ચેની સમાનતા આપેલી કિંમત ઉપર ભંગ થાય છે અને વધારાની માંગ તથા વધારાનો પુરવઠો સમતોલ કિંમત અને માત્રા ઉપર લઈ જાય છે. બીજા શબ્દોમાં સંતુલન ત્યારે સ્થિર હોય છે જ્યારે પુરવઠા રેખા, માંગ રેખાને ઉપરથી છેદે છે. સંતુલનની સ્થિરતાને નીચેની આકૃતિમાં દર્શાવવામાં આવેલું છે.

**આકૃતિ-2**




આકૃતિમાં માંગ રેખા DD, પુરવઠા રેખા SSને બિંદુ E ઉપર છેદે છે જે સમતુલાનો બિંદુ છે. સમતોલ કિંમત OP ઉપર OQ માત્રાનું ખરીદ અને વેચાણ કરવામાં આવે છે. જો કિંમત OP થી ઘટીને $OP_2$થઈ જાય છે તો માંગ $P_2d_1$થશે અને પુરવઠો $P_2S_1$થશે. જોઈ શકાય છે કે $P_2d_1>P_2S_1$આમ, $S_1d_1$જેટલી વધારાની માંગ જોવા મળે છે. કારણ કે પુરવઠાની સરખામણીમાં માંગ વધારે છે. આમ ખરીદદારોમાં ઓછા પુરવઠાને કારણે હરીફાઈ થશે. જે $OP_2$કિંમતને વધારીને સમતોલ કિંમત OPઉપર પહોંચાડી દેશે. જો કિંમત OPથી વધીને $OP_1$થઈ જાય છે તો પુરવઠો $P_1S$તથા માંગ $P_1d$જોવા મળે છે. જોઈ શકાય છે કે $P_1S>P_{1d}$જે દર્શાવે છે કે પુરવઠો વધારે છે અને માંગ ઓછી છે જેના પરિણામસ્વરૂપે વેચાણકારો પોતાની કિંમતને ઘટાડશે. વેચાણકારોમાં હરીફાઈને કારણે ફરીથી $OP_2$કિંમત સમતોલ કિંમત OPઉપર પહોંચી જશે. આમ OPકિંમત ઉપર બિંદુ E સમતુલાની સ્થિરતાને દર્શાવે છે.

**સામાન્ય સમતુલામાં અસ્થિરતા :**

અસ્થિર સંતુલનની સ્થિતિ ત્યારે ઉત્પન્ન થાય છે જ્યારે એક વખત સંતુલન કિંમતમાં વિક્ષેપ થવાથી ફરીથી સમતુલાની પરિસ્થિતિમાં પહોંચી શકાતું નથી. આ પરિસ્થિતિ ત્યારે ઉત્પન્ન થાય છે જ્યારે પુરવઠા રેખાને માંગ રેખાને નીચેથી છેદે છે. આ નીચેની આકૃતિમાં દર્શાવવામાં આવ્યું છે.

**આકૃતિ-3**





આકૃતિમાં જોઈ શકાય છે કે માંગ રેખાનો ઢાળ ઉપરની તરફ છે જ્યારે પુરવઠા રેખાને બિંદુ E પરથી નીચેથી છેદે છે. તથા OP સમતોલ કિંમત નિર્ધારિત થાય છે. જો કિંમત OPથી વધીને કિંમત $OP_1$ થઈ જાય છે. માંગ$P_{1d}$અને પુરવઠો $P_{1s}$થઈ જાય છે. જ્યારે પુરવઠો માંગથી ઓછો જોવા મળે છે ત્યારે કિંમત ઉપરની તરફ વધે છે તથા કિંમતમાં વધારો વધારાની માંગને સમાપ્ત કરતો નથી. આ વધુ ગંભીર સમસ્યા બની જાય છે. અર્થતંત્ર માટે કારણ કે સંતુલન પરિસ્થિતિ E ફરી ક્યારે પ્રાપ્ત થશે નહી. આમ નીચેની તરફ પણ અસ્થિરતા જોવા મળે છે. જ્યારે કિંમત ઘટીને $OP_2$ થઈ જાય છે તો $d_1s_1$ જેટલો વધારાનો પુરવઠો જોવા મળે છે. જે કિંમતને વધારે ઘટાડી દે છે. આમ સંતુલન સ્થિતિ Eને ફરીથી પ્રાપ્ત કરવાની કોઈ સંભાવના રહેતી નથી.

**બહુ સમતુલા :**

બહુ સમતુલા પણ સ્થિર અને અસ્થિર સંતુલનની પરિસ્થિતિ પર પ્રકાશ નાખે છે. પ્રો. માર્શલ દ્વારા વાંકાચૂકા માંગ અને પુરવઠા રેખાના માધ્યમથી અનેક સ્થિર અને અસ્થિર પરિસ્થિતિઓની વ્યાખ્યા કરી છે. તે સ્થિર સ્થિતિની શરતને એવી રીતે વ્યક્ત કરે છે "માંગ અને પુરવઠા રેખાના છેદ બિંદુને અનુરૂપ માંગ અને પુરવઠાનું સંતુલન એવી રીતે નિર્ધારિત થાય છે કે અથવા સ્થિર છે અસ્થિર છે. માંગઅર્થાત રેખા તે બિંદુના જમણી બાજુ પુરવઠા રેખાની ઉપર છે કે નીચે છે" બહુ સમતુલાની શરતને નીચેની આકૃતિ દ્વારા દર્શાવવામાં આવેલું છે.

**આકૃતિ :4**




આકૃતિમાં માંગ રેખા $DD_1$ તથા પુરવઠા રેખા $SS_1$ઉપર સમતુલાના ત્રણ બિંદુ A, B તથા C છે. બિંદુ A તથા C સ્થિર સમતુલાના બિંદુ છે. બિંદુ A સ્થિર સમતોલ બિંદુ છે. કારણ કે જ્યારે કિંમત $OP_3$ થી ઉપરની તરફ વધે છે તો માંગથી પુરવઠો વધારે હોય છે. વેચાણકારોમાં પોતાના વધારાના પુરવઠાના વેચાણની હરીફ કિંમતને નીચેની તરફ ધકેલે છે. અને ફરીથી સંતુલન કિંમત $OP_3$ ઉપર સ્થાપિત થઈ જાય છે. આમ બિંદુ C ઉપર પણ સ્થિરતાની પરિસ્થિતિ જોવા મળે છે. જ્યારે કિંમત $OP_1$થી ઉપર તરફ જાય છે તો માંગથી પુરવઠો વધારે હોવાથી વેચાણકારોમાં હરીફ કિંમતને નીચેની સમતોલ કિંમત $OP_1$ ઉપર લઈ જશે. જો કિંમત $OP_1$થીનીચે જાય છે તો પુરવઠાની સરખામણી માંગ વધારે હોવાને કારણે ખરીદદારોની હરીફ કિંમતને વધારીને ફરીથી સમતોલ સપાટી $OP_1$ઉપર લઈ જશે. આમ બંનેના વચ્ચેનું બિંદુ B અસ્થિર સંતુલનનું બિંદુ છે. જો કિંમત $OP_2$ થી વધારે હોય છે તો વધારાની માંગની સ્થિતિ ઉત્પન્ન થશે તથા ઓછા પુરવઠાને કારણે ખરીદદારો વચ્ચે થતી હરીફાઈથી કિંમત સંતુલન બિંદુથી ઉપરની તરફ વધતી જશે. આનાથી વિરુદ્ધ જો કિંમત $OP_2$ ની નીચી થઈ જાય તો વધારાનો પુરવઠો વેચાણકારોમાં હરીફાઈને વધારશે. જેથી કિંમત ઘટી જાય છે. જ્યાં સુધી બિંદુ C ઉપર નવી સ્થિર સમતુલા પ્રાપ્ત થતી નથી.

ઉપરનું વિશ્લેષણ માર્શલની સ્થિરતાની શરતો ઉપર આધારિત છે.પણ વાલરસની દ્રષ્ટિએ સ્થિર અને અસ્થિર સંતુલનની પરિસ્થિતિ વિરુદ્ધ થઈ જાય છે. જ્યાં પુરવઠા રેખાને માંગ

રેખા ઉપરથી છેદે છે. જ્યાં સંતુલન અસ્થિર થશે તથા જ્યાં તે નીચેથી છેદશે ત્યાં સંતુલન સ્થિર થશે. આમ વાલરસની દષ્ટિએ બિંદુ Aની પરિસ્થિતિ અસ્થિર સંતુલનની, બિંદુ B સ્થિર સંતુલનની તથા બિંદુ C ફરીથી અસ્થિર સંતુલનની પરિસ્થિતિ થશે. આવું એટલા માટે કે માર્શલની સ્થિરતાની શરત કિંમત આધારિત ધારણા ઉપર આધારિત છે. જ્યારે વાલરસની માત્રા આધારિત ધારણા ઉપર આધારિત છે.

વાલરસની સામાન્ય સમતુલામાં બજાર સંતુલનની સ્થિરતા હંમેશા જોવા મળે છે. જો અસ્થિર સંતુલન હોય તો દરેક બજાર પોતાના સંતુલન મૂલ્ય પર સમાયોજીત થશે. જ્યારે આવી માત્રા-કિંમત પ્રક્રિયાની પુનરાવૃત્તિ થશે તો અર્થવ્યવસ્થા ભાંગી જવાની અથવા પરીક્ષણ અને ભૂલ દ્વારા સામાન્ય સંતુલન પ્રાપ્ત કરી લે છે.

એરો અને હુરવિજના અનુભવજન્ય પરીક્ષણના આધાર પણ સ્પષ્ટ કરે છે વાલરસની પ્રણાલી સ્થિર છે. જ્યારે કેટલાક અન્ય અભ્યાસોને આને અસ્થિર બતાડ્યું.એરો અને ડેબરોના પ્રમાણે વાલરસની સામાન્ય સમતુલાની પ્રણાલી સ્થિર હોય છે. જ્યારે કદના ઘટતા મળતરની પરિસ્થિતિ હોય છે.

**સામાન્ય સમતુલાની વિશિષ્ટતા :**


એક સંતુલન વિશિષ્ટ ત્યારે બને છે જ્યારે કિંમતો અને માત્રાઓનું માત્ર એક સમૂહ સમતુલાની શરતોને પૂર્ણ કરે છે. દા.ત. નીચેની આકૃતિમાં E બિંદુ ઉપર સંતુલન સ્થિર અને વિશિષ્ટ પણ છે. કારણ કે માત્ર એક જ કિંમત તથા માત્રા OQ બજારમાં સ્થિરતા લાવે છે જે વિશિષ્ટ હોય છે.

સંતુલનની વિશિષ્ટતાને વધારાની માંગની ધારણા દ્વારા પણ સ્પષ્ટ કરી શકાય છે. વધારાની માંગ તે માંગ અને પુરવઠા વચ્ચેનો તફાવત હોય છે.


$E_D = Q_D - Q_S$

વધારાની માંગની સમજૂતી નીચેની ત્રણ આકૃતિઓ દ્વારા સમજાવવામાં આવેલી છે.


**આકૃતિ-5**




**આકૃતિ-6**




**આકૃતિ-7**




આગળ દર્શાવવામાં આવેલી આકૃતિ-2માં OP કિંમત ઉપર જ્યારે પુરવઠા રેખા S,માંગ રેખા Dને ઉપરથી છેદે છે. તો બિંદુ E ઉપર બંને રેખાઓ સમતુલામાં હોય છે. અહીંયા વધારાની માંગ શૂન્ય છે. એટલે કે ED=0 થશે.

- Qએવા યંત્રો કે જ્યાં વધારાની માંગ ધનાત્મક અથવા તો નકારાત્મક જોવા મળે છે. એટલે કે Q $P_2d_1>P_2S_1$આ વધારાની માંગનું ધનાત્મક સ્વરૂપ છે. અહીંયા માંગ આપેલ પુરવઠા કરતા વધારે છે. અને જો $P_1S > P_1d$ હોય તો વધારાની માંગ નકારાત્મક જોવા મળે છે. જે દર્શાવે છે કે માંગ કરતા પુરવઠો વધારે છે.
- સામાન્ય રીતે D તથા S રેખાઓ માટે વધારાની માંગ રેખાનો ઢાળ નકારાત્મક (ડાબી બાજુથી જમણી બાજુ નીચેની તરફ) હોય છે. એટલે કે $ED < D$ જ્યારે વધારાની માંગ

રેખાનો ઢાળ કિંમતના છેદ બિંદુ ઉપર નકારાત્મક હોય છે. ત્યારે આકૃતિ-5માં દર્શાવ્યા પ્રમાણે બિંદુ E ઉપર સંતુલન હોય છે અને વિશિષ્ટ હોય છે.

- ➢ આગળ દર્શાવવામાં આવેલી આકૃતિ -5 માં જ્યાં પુરવઠા રેખાને માંગ રેખા નીચેથી છેદે છે. અહીંયા સંતુલન કિંમત OPથી નીચે વધારાની માંગ ધનાત્મક (હકારાત્મક) અને આનાથી ઉપર નકારાત્મક હોય છે. આમ વધારાની માંગ રેખાનો ઢાળ ધન થશે. ED > O જયારે વધારાની માંગ રેખાનો ઢાળ કિંમત ઉપર છેદતા બિંદુ ઉપર ધન હોય છે તો બિંદુ E ઉપર સંતુલન વિશિષ્ટ અને અસ્થિર હોય છે. જે આકૃતિ-6માં દર્શાવવામાં આવ્યું છે.
- ➢ આકૃતિ-7માં બહુ સમતુલાની પરિસ્થિતિને સ્પષ્ટ કરે છે. આ આકૃતિ, આકૃતિ 4ના વધારાની માંગ પ્રમાણે દોરવામાં આવે છે. રેખા$E_D$ સીધી કિંમત રેખાને $P_1$, $P_2$ તથા $P_3$ બિંદુ ઉપર છેદે છે. જે બિંદુ સંતુલનને વ્યક્ત કરે છે. $P_1$ તથા $P_3$બિંદુએ જ્યાં $E_D$રેખાનો ઢાળ નકારાત્મક છે. બંને સંતુલન વિશિષ્ટ તથા સ્થિર છે. પણ બિંદુ $P_2$ઉપર રેખા$E_D$નો ઢાળ ધન છે. જે વિશિષ્ટ તથા અસ્થિર સંતુલનને વ્યક્ત કરે છે.

## 13.5 સામાન્ય સંતુલન વિશ્લેષણના લાભ(Advantage of General Equilibrium Analysis)

સામાન્ય સંતુલન વિશ્લેષણના લાભ નીચે પ્રમાણે છે.:-

### (1) સંપૂર્ણ અર્થવ્યવસ્થાના સંતુલનનું ચિત્ર

સામાન્ય સમતુલાની પરિસ્થિતિ એક આદર્શ પરિસ્થિતિ છે. જેના પર બધી આર્થિક ક્રિયાઓ સમતુલામાં હોય છે. આ પરિસ્થિતિમાં ગ્રાહકને મહત્તમ સંતોષ મળે છે તથા ઉત્પાદકને મહત્તમ નફો. આ પરિસ્થિતિમાં સાધનોનો કોઈ ખર્ચ થતો નથી તથા બધા સાધનો પોતાની પૂર્ણ કાર્યક્ષમતાથી કાર્ય કરે છે. સમાજની આર્થિક કાર્યક્ષમતા પોતાના ઉચ્ચતમ બિંદુ ઉપર હોય છે. આમ સમાજના આર્થિક કલ્યાણમાં પણ વધારો થાય છે. આ વિશ્લેષણ અર્થવ્યવસ્થાના વિશ્લેષણને સમજવામાં સહાયક બને છે.

### (2) આર્થિક વ્યવસ્થાની કામગીરીનું જ્ઞાન :

સામાન્ય સંતુલન વ્યવસ્થાથી આ સારી રીતે સમજી શકાય કે અર્થવ્યવસ્થામાં પૂર્ણ કાર્યક્ષમતાથી કાર્ય કરી રહી છે કે નહી. અસમતુલાની પરિસ્થિતિને દૂર કરવા માટે પણ સમતુલા સ્થાપિત કરવાનું કાર્ય આ પદ્ધતિ દ્વારા સફળ રીતે કરવામાં આવે છે.

### (3) બજારની જટિલ સમસ્યાઓનું જ્ઞાન :

આ પ્રણાલી આર્થિક ઘટનાઓની પ્રવૃત્તિઓ તથા તેમનું પૂર્વાનુમાન કરવામાં પણ સહાયક હોય છે. ધારો કે 'A' વસ્તુની માંગ વધવાને કારણે તેની કિંમતોમાં વધારો થાય છે. આના પરિણામસ્વરૂપે વસ્તુ 'A'ની પૂરક વસ્તુઓની કિંમતમાં ઘટાડો થશે. આનાથી વસ્તુ 'A'ની માંગમાં કેટલોક ઘટાડો થશે અને ઉત્પાદક સેવાઓની કિંમતોમાં પણ વધારો જોવા મળશે અને વસ્તુ 'A'ની માંગ ઉપર વધારે અસર થશે.

**(4) કિંમત પ્રક્રિયાની કામગીરીનું જ્ઞાન :**

સામાન્ય સંતુલન પ્રણાલી અર્થવ્યવસ્થામાં કિંમતોના વિધેયને સમજવામાં સહાયક છે. જેમ કે સાપેક્ષ કિંમતોમાં ફેરફાર થાય છે તેમ અર્થવ્યવસ્થામાં મુખ્ય ત્રણ નિર્ણયો લેવામાં આવે છે. (1) શેનું ઉત્પાદન કરવું (2) કેટલું ઉત્પાદન કરવું (3) કોના માટે ઉત્પાદન કરવું. આ બધા નિર્ણયો વ્યક્તિગત ઉત્પાદકો તથા ગ્રાહકો દ્વારા લેવામાં આવે છે. કારણ કે દરેક વસ્તુ અને સેવાની કિંમતમાં જેમનું તે ઉત્પાદન, ખરીદ અને વેચાણ કરવા ઈચ્છે છે તેમના માંગ તથા પુરવઠાના ફેરફારોનાં પરિણામસ્વરૂપે પ્રતિક્રિયા હોય છે.

**(5) સૂક્ષ્મ-આર્થિક વિશ્લેષણનો આધાર :**

સૂક્ષ્મ અર્થશાસ્ત્રની સમસ્યાઓનું વિશ્લેષણ, સામાન્ય સંતુલન વ્યવસ્થા ઉપર જ આધારિત છે.

**(a) વપરાશ :** દરેક ગ્રાહક પોતાની સીમિત આવકોને એની રીતે ખર્ચ કરે છે કે આને પોતાના ખર્ચના પરિણામ સ્વરૂપે મહત્તમ સંતોષ પ્રાપ્ત થાય છે.ગ્રાહકનો મહત્તમ સંતોષનું બિંદુ જે તેની સંતુલન અવસ્થાને સૂચિત કરે છે. જેના આધાર ઉપર વપરાશના નિયમોનો અભ્યાસ કરવામાં આવે છે.

$$\frac{MU_A}{Price\ of\ A} = \frac{MU_B}{Price\ of\ B} = \frac{MU_N}{Price\ of\ N}$$

MU = વ્યક્તિનો સીમાંત તૃષ્ટિગુણ

Price = કિંમત

ઉપરના સમીકરણ, ગ્રાહકોની સંતુલન અવસ્થાને દર્શાવે છે.

**(b) ઉત્પાદન :** દરેક ઉત્પાદક, ઉત્પાદનના ક્ષેત્રમાં, તેના સાધનોનું એક આદર્શ સંયોજન સ્થાપિત કરવા ઈચ્છે છે. કારણ કે તેનું ઉત્પાદન ખર્ચ ન્યૂનતમ હોય છે.

$$\frac{Marginal\ Producting\ of\ A}{Price\ of\ A} = \frac{Marginal\ Producting}{Price\ of\ B}$$

$$\frac{Marginal\ Productivity\ of\ N}{Price\ of\ N}$$

Marginal Productivity :સીમાંત ઉત્પાદકતા

**(c) વિનિમય :**બજારની વિવિધ પરિસ્થિતિઓમાં કિંમતોનું નિર્ધારણ તે બિંદુ ઉપર હોય છે. જ્યાં માંગ અને પુરવઠા સંતુલન અવસ્થામાં હોય. કોઈ એક પેઢીનું સમતોલ બિંદુ તે હોય છે જ્યાં તેને વધારે લાભ પ્રાપ્ત થતો હોય છે. આમ જ્યારે પેઢીની સીમાંત આવક તેના સીમાંત ખર્ચને બરાબર હોય ત્યારે પેઢી સમતુલામાં હોય છે.

**(d) વહેંચણી :** વહેંચણીની સમસ્યા એ છે કે કેવી રીતે ઉત્પાદનના સાધનોને વળતર આપવામાં આવે. વહેંચણીનો સીમાંત ઉત્પાદકતાનો સિદ્ધાંત સંતુલનની ધારણા ઉપર જ આધારિત છે.

**(7) સાધન ઉત્પાદન વિશ્લેષણનું જ્ઞાન :**

સામાન્ય સંતુલન વિશ્લેષણનો સૌથી મહત્ત્વપૂર્ણ ફાળો સાધન ઉત્પાદન વિશ્લેષણને જન્મ આપે છે. વાસ્તવમાં આ વિશ્લેષણ, સામાન્ય સંતુલન પ્રણાલીનું આ એક મહત્ત્વપૂર્ણ રૂપાંતરણ છે. આનો વિકાસ પ્રો. લિયોન્ટીઝ દ્વારા કરવામાં આવ્યું. સાધન ઉત્પાદન વિશ્લેષણમાં અર્થવ્યવસ્થાનાં વિવિધ ઉદ્યોગોના આંતરસંબંધો અને આત્મનિર્ભરતાઓનો અભ્યાસ કરવામાં આવે છે. કેટલાક ઉદ્યોગોનું સાધન અને બીજા ઉદ્યોગોનું ઉત્પાદન હોય છે તથા વિવિધ ઉદ્યોગોનાં મેળવવામાં આવતા આ સંબંધ અવિભાજિત હોય છે.

**(8) નાણાકીય સિદ્ધાંત તથા આર્થિક કલ્યાણની પરિસ્થિતિ :**

વર્તમાન સમયમાં સામાન્ય સમતુલા પ્રણાલીનો ઉપયોગ નાણાકીય અર્થશાસ્ત્ર તથા કલ્યાણકારી અર્થશાસ્ત્રના ક્ષેત્રમાં વ્યાપક સમસ્યાઓનું નિરાકરણ મહત્ત્વપૂર્ણ રીતે કરવામાં આવે છે.

## 13.6 સામાન્ય સમતુલા વિશ્લેષણની મર્યાદાઓ :

**(1) અવાસ્તવિક ધારણાઓ :**

આ મૉડેલ અવાસ્તવિક ધારણાઓ ઉપર આધારિત છે. જે રોજ-બરોજના જીવનમાં જોવા મળતી નથી. આ મૉડેલનો મુખ્ય આધાર હરીફાઈ છે જે અવાસ્તવિક છે.

**(2) સ્થૈતિક મૉડેલ**

આ મૉડેલ સ્થૈતિક છે. કારણ કે એવું ધારવામાં છે કે અર્થવ્યવસ્થાના મૌલિક નિર્ધારિત પરિબળો જેમ કે ગ્રાહકોની પસંદગી, ફેશન, ઉત્પાદન વિધેય, પુરવઠા વિધેય, હરીફાઈની સ્થિતિ વગેરેમાં સમયની સાથે કોઈ ફેરફાર થતો નથી જ્યારે વાસ્તવિકતા એ છે કે આ બધા પરિબળ હંમેશા બદલાતા રહે છે તથા વાલરસ મૉડેલ સંતુલન બિંદુની પ્રાપ્તિ ફક્ત એક કાલ્પનિક માત્ર છે.

**(3)** આ મૉડેલમાં દર્શાવવામાં આવ્યું નથી કે પથકયું છે જેના આધાર ઉપર સામાન્ય સમતુલાને પ્રાપ્ત કરવામાં આવે છે. આ મૉડેલ દ્વારા સંતુલનની અવસ્થા સ્થાયી છે કે અસ્થાયી તેની જાણ પડતી નથી.

**(4)** વાલરસ મૉડેલની કેટલીક ધારણાઓ મૉડેલના સમીકરણથી વિશ્લેષિત નથી કરી શકાતી કારણ કે તે સમકાલીન સમીકરણોના સામૂહિક રૂપમાં સામેલ છે. મૉડેલનો આધાર જટીલ ગાણિતિક સમીકરણ છે. જેના દ્વારા સામાન્ય સમતુલા પદ્ધતિના અંતર્ગત, અર્થવ્યવસ્થાના વિવિધ ચલો, મૂલ્યોની અસરોનું માપવું મુશ્કેલ છે.

**ઉપસંહાર :**

સામાન્ય સમતુલાના વિશ્લેષણ દ્વારા અર્થવ્યવસ્થાના સમગ્ર ચિત્રનું દર્શન કરી શકાય છે. જ્યારે વિશિષ્ટ (સૂક્ષ્મ) સમતુલાના વિશ્લેષણમાં કોઈ એક ભાગનો જ ખ્યાલ આવી શકે છે. જેમ વિશિષ્ટ સમતુલાના અભ્યાસ દ્વારા સમગ્ર વિશે ખ્યાલ આવી શકતો નથી તેમ સમગ્ર દ્વારા વિશિષ્ટનો ખ્યાલ આવી શકતો નથી. આમ બંને પદ્ધતિ મહત્ત્વપૂર્ણ છે.

## 13.7 નાણાકીય સંતુલનની વિભાવના :

નાણાકીય સંતુલનની વિભાવનાનો ખ્યાલ વાસ્તવિક સંતુલનના પારસ્પરિક સંતુલન માટેની શરતો ઉપર રચાયેલોછે.જેનેનીચેના મુદ્દાઓ દ્વારા સમજાવી શકાય છે.

- નાણાકીય સંતુલનને કોઈ સ્થિતિ નહીં પરંતુ વિભાવના ગણવામાં આવે છે. આ વિભાવના અર્થતંત્રના વાસ્તવિક અને નાણાકીય વિભાગોના પારસ્પરિક સંતુલન માટેની અમુક શરતો ઉપર રચાયેલી છે. આ શરતોના આધારે કોઈ પણ આર્થિક પરિસ્થિતિનું મૂલ્યાંકન કરી શકાય છે.
- વર્તમાન અર્થકારણ આર્થિક સમતુલામાં છે કે અસમતુલામાં છે તે વિશે જો કોઈ ચોક્કસ મત બાંધવામાં આવે તો નાણાકીય સત્તા યોગ્ય સંતુલન સ્થાપક નીતિ દ્વારા અર્થકારણને સંતુલનથી દૂર કરવાનો પ્રયાસ કરી શકાય છે.
- અસમતુલા ઊભી કરનારા પરિબળોમાં જો નાણાકીય પરિબળો હોય તો સમતુલા માટેની શરતો પણ નાણાકીય હશે. આમ આવી સમતુલાની વિભાવનાને નાણાકીય સંતુલનની વિભાવના કહેવાય છે.
- વાસ્તવિક વિભાગની ઘટનાઓ નાણાકીય સંતુલનલક્ષી ઘટનાઓથી તદ્દન અલિપ્ત રહેતી નથી. દા.ત. વસ્તુઓની કિંમતોમાં થતો વધારો ઘટાડો તેના ઘટનાત્મક સ્વરૂપમાં વાસ્તવિક પણ છે અને નાણાકીય પણ છે.
- ઉત્પાદનમાં વધારો થાય તો ઉત્પાદકોને લાભ થાય છે અને ઉત્પાદકોને પ્રવર્તમાન કિંમતોએ લાભ થતો હોય તો અર્થકારણમાં એક ઊર્ધ્વગામી સંચયી પ્રક્રિયા અસ્તિત્વમાં આવે છે. આવી પ્રક્રિયા વાસ્તવમાં બિનનાણાકીય પરિબળનું પરિણામ છે. તેમ છતાં તે વિદ્યમાન પરિસ્થિતિમાં  નાણાકીય સંતુલનની ઈષ્ટ પરિસ્થિતિથી વિચલિત કરે છે. આવી ઘટના સાથે નાણાકીય સંતુલનનો ખ્યાલ સંલગ્ન છે. આવો ખ્યાલ સંચયી પ્રક્રિયાના ઉદ્દભવની સમજૂતી તરીકે નહીં પરંતુ આવી પ્રક્રિયાને આર્થિક અનિષ્ટમાં જતા અટકાવવા માટેના શક્ય નીતિવિધાનના સંદર્ભમાં પ્રસ્તુત બને છે. કારણ કે પ્રતિક્રિયાત્મક નીતિ નાણાકીય નીતિ જ હોઈ શકે.
- સંચયી પ્રક્રિયાનો ઉદ્દભવ વાસ્તવિક વિરુદ્ધ માત્ર નાણાકીય ઘટનાને આભારી હોય છે. દા.ત. નાણાંના પરિમાણમાં વધારો ભાવવધારો લાવે અને સંચયી પ્રક્રિયા સર્જાય છે. આવા સંજોગોમાંનાણાકીય સંતુલનના ખ્યાલની પ્રસ્તુતતા પ્રત્યક્ષ જ છે.
- સંચયી પ્રક્રિયાનો ખ્યાલ નાણાકીય સંતુલનની સ્પષ્ટતા માટે આપી શકાય છે. આવી કોઈપણ આરોહી કે અવરોહી સંચયી પ્રક્રિયાનું અસ્તિત્વ સંતુલનનો અભાવ સૂચવે છે.

## 13.8 સમગ્ર (સામાન્ય) વિરૂદ્ધ નાણાકીય સંતુલન

| ક્રમ | તફાવતના મુદ્દા | સમગ્ર | નાણાકીય |
|---|---|---|---|
| 1. | કિંમતોની સ્થિરતા | સમગ્ર સંતુલનમાં કિંમતોની સ્થિરતા જોઈ શકાય છે. | નાણાકીય સંતુલનના કિંમતોમાં વધારો કે ઘટાડો થાય તો પણ નવી સપાટીએ સ્થિરતા પ્રાપ્ત કરે છે. અહીંયા કોઈ અપેક્ષિત ભાવસપાટી અભિપ્રેત નથી તો પણ નાણાકીય સંતુલન શક્ય બને છે. |
| 2. | અર્થકારણની અભિવૃત્તિ | સમગ્ર સંતુલનમાં અર્થકારણની અભિવૃત્તિ જાણી શકાય છે | નાણાકીય સંતુલન કોઈ અમુક સ્થિતિ કોઈ અમુક સ્થિતિ તરફ અર્થકારણની અભિવૃદ્ધિ પણ સૂચવતું નથી. દા.ત. ઘડિયાળના લોલકની ક્રિયામાં કોઈ એક સ્થિર સ્થિતિ તરફની અભિવૃત્તિ હોય છે. જો કે આ સ્થિતિને સામાન્ય રીતે સ્વયં પ્રાપ્ત કરી લેતું નથી પરંતુ નાણાકીય સંતુલનમાં વિદ્યમાન ભાવસપાટીથી ઊંચી અથવા નીચી સપાટી સંજોગો પ્રમાણે કલ્પી શકાય. |
| 3. | નિશ્ચિતતા | સમગ્ર સંતુલન અંતર્ગત કિંમતોનું સંતુલન સ્થિતિથી વિચલિત થતું હોય છે. પરંતુ આવા વિશ્લેષણમાં મૂળ સંતુલનનું પુનઃ સ્થાપન અભિપ્રેત હોય છે. | નાણાકીય સંતુલનની બાબતમાં અર્થકારણની કોઈ નિશ્ચિતતા અભિપ્રેત થતી નથી. |
| 4. | મૂડી બજાર અને વસ્તુ બજાર વચ્ચેનો સંબંધ | સમગ્ર અર્થતંત્રમાં વસ્તુ બજાર અને મૂડી બજારમાં સ્થિરતા જોવા મળે છે. | નાણાકીય સંતુલનના સમગ્ર અર્થકારણના બે મહત્ત્વના અંગો મૂડી બજાર અને વસ્તુબજાર વચ્ચેના સંબંધની સ્થિરતા અભિપ્રેત છે. |
| 5. | નીતિવિષયક સૂચનો | સમગ્ર સંતુલનની વિભાવનામાં નીતિવિષયક સૂચનો લેવામાં એટલી મદદરૂપ રહેતી નથી. | નાણાકીય સંતુલનની વિભાવના વાસ્તવમાં નાણાકીય નીતિ સાથે વધુ સંબંધ ધરાવે છે કારણ કે તે નાણાકીય સત્તાને કેટલાક નીતિવિષયક દિશાસૂચનો પૂરા પાડે છે. |

નાણાકીય સંતુલનના સિદ્ધાંતને કેટલાક અર્થશાસ્ત્રીઓ પોતાના આર્થિક વિચારોનો પ્રધાન સિદ્ધાંત બનાવ્યો છે. મુખ્ય રીતે પ્રો. નટ વિકસેલ, પ્રો.રોબર્ટસેન એ પોતાના આર્થિક વિચારોના સિદ્ધાંતના નાણાકીય સંતુલનને મહત્ત્વ આપ્યું છે. સંતુલનલક્ષી નાણાકીયનીતિમાં નાણા પરિમાણ અને ભાવસપાટી વચ્ચેના સંબંધોની ચર્ચા પણ આ સંદર્ભમાં પ્રસ્તુત છે.

## 13.9 વિકસેલનો નાણાકીય સિદ્ધાંત

વિકસેલના સિદ્ધાંતમાં અર્થકારણના બે વિભાગો નાણાકીય વિભાગ અને વાસ્તવિક વિભાગનું સંકલન જોવા મળે છે. નાણાકીય સિદ્ધાંતના વિકાસમાં વિકસેલનું આ મહત્ત્વનું પ્રદાન છે.

વિકસેલનોનાણાકીય સંતુલનનો સિદ્ધાંત ત્રણ મહત્ત્વની શરતો ઉપર આધારિત છે.

1. વ્યાજનો કુદરતી દર અને નાણાકીય દર વચ્ચેની સમાનતા
2. મૂડીરોકાણ અને બચતો વચ્ચેની સમાનતા
3. ભાવસ્થિરતા

**પ્રથમ શરત**

(1) વ્યાજનો કુદરતી દર અને નાણાકીય દર વચ્ચેની સમાનતા

- ➢ વિકસેલના સિદ્ધાંતની આ સૌથી મહત્ત્વની શરત છે. પ્રો. મિડૉલ દ્વારા પણ વિકસેલના નાણાકીય સંતુલનના સિદ્ધાંતનો ઉપયોગ કરેલો છે.
- ➢ વ્યાજનો કુદરતી દર વિકસેલ પ્રમાણે મૂડીની ભૌતિક ઉત્પાદકતા છે. આ ઉત્પાદકતામાં વધારો ઘટાડો શક્ય છે.
- ➢ વિકસેલના મત પ્રમાણે જો નાણાકીય અવરોધો ન થતા હોય તો વસ્તુબજાર કોઈ એક વ્યાજનો દર સ્થાપિત કરશે. આ સ્થાપિત દરને વ્યાજનો કુદરતી દર કહેવામાં આવે છે.
- ➢ વ્યાજનો કુદરતી દર બજારના વાસ્તવિક બળો દ્વારા નિર્ધારિત થતો હોય અને તે વ્યાજના નાણાકીય દર જેટલો હોય તો અર્થતંત્રમાં નાણાકીય સંતુલન અસ્તિત્વમાં હશે.
- ➢ વિકસેલ નાણાકીય વિભાગ અને વાસ્તવિક વિભાગ વચ્ચેના સંકલનનો પ્રયાસ કરે છે પણ જ્યાં સુધી ભાવ વધારા-ઘટાડાના સંદર્ભમાં મૂડીની ઉત્પાદકતાનો વિચાર કરવામાં ન આવે ત્યાં સુધી આવું સંકલન અને સમન્વય શક્ય નથી. નાણાકીયવિનિમયવાળા અર્થતંત્રમાં કિંમતો મહત્ત્વનું સ્થાન ધરાવે છે.
- ➢ વિકસેલે તેના વ્યાજના કુદરતી દરને વ્યાજના વાસ્તવિક દર તરીકે પાછળથી જણાવ્યું છે. વ્યાજના વાસ્તવિક દરની વિભાવનામાં મૂડીની ઉત્પાદકતાના છેદમાં ભાવસપાટી આપોઆપ આવી જશે. પણ આ રીતે જો ભાવોનો વિચાર કરવામાં આવે તો સાંપ્રત ભાવો અને ભવિષ્યનાં ભાવો વચ્ચેની તુલના આપોઆપ ઊભી થશે.
- ➢ ભાવિ નફા વિશેની ધારણાઓ પ્રવર્તમાન વ્યાજના દર ઉપર બાંધવામાં આવશે. એટલે કે ભવિષ્યનાં ભાવો ઊંચા જવાની શક્યતા હશે તો વ્યાજનો કુદરતી દર તેના નાણાકીય દર કરતા ઊંચો હશે. આ અસમાનતા મૂડીરોકાણને પ્રોત્સાહન આપશે.

- એક રીતે વિકસેલનો વાસ્તવિક દર કેઈન્સની મૂડીની સીમાંત કાર્યક્ષમતાની વિભાવના જેવો જ લાગે છે. સરળ શબ્દોમાં વિકસેલના વાસ્તવિક દરમાં મૂડી ઉપરનું વળતર અભિપ્રેત છે.
- વ્યાજનો નાણાકીય દર વસ્તુતઃ ધિરાણ માટેની રકમોના પુરવઠા ઉપર આધાર રાખે છે. જેમાં બેંકો અને કેન્દ્રિય બેંકની નીતિ નિર્ણાયક હશે.
- વ્યાજના વાસ્તવિક દર અને નાણાકીયદરમાં તફાવત હોય તો મૂડીરોકાણમાં વધારા-ઘટાડા દ્વારા ચઢતા કે ઉતરતા ક્રમની પ્રક્રિયા અસ્તિત્વમાં આવી પ્રક્રિયાનું અસ્તિત્વ નાણાકીય સંતુલનનું અસ્તિત્વ સૂચવે છે.

**બીજી શરત :**

**(2) મૂડીરોકાણ અને બચતો વચ્ચેની સમાનતા :**

વિકસેલની બીજી શરત મૂડીરોકાણ અને બચત વચ્ચેની સમાનતા વિશેની છે. વિકસેલના સિદ્ધાંતમાં 'બચત' એ વાસ્તવિક મૂડીરોકાણનો પર્યાય નથી. બચત અને મૂડીરોકાણ વિશેની ચર્ચા દ્વારા વિકસેલ મૂડીબજારની ઘટનાઓનો નિર્દેશ કરવા માગે છે. બચત અને મૂડીરોકાણ સરખા હોય તો પણ તે બંનેને વિકસેલના સિદ્ધાંતમાં કેઈન્સ માને છે તેમ, નિત્યસમ માનવામાં આવ્યા નથી. બચત અને મૂડીરોકાણ નિત્યસમ નથી પરંતુ બંને સરખા હોઈ શકે છે.

- વિકસેલ સંતુલનની બીજી શરત પ્રમાણે જો બચત અને મૂડીરોકાણ સરખા હોય તો નાણાકીય સંતુલન અસ્તિત્વમાં આવશે. જો બંને વચ્ચે તફાવત હોય તો આ તફાવતની માત્રા પ્રમાણે ચઢતા કે ઉતરતા ક્રમનીપ્રક્રિયા ગતિમાન બનશે.
- વિકસેલની બચત વિશેની વિભાવનમાં બચત અને મૂડીરોકાણ વચ્ચેની શક્ય ભિન્નતાથી 'બચત'ને વાસ્તવિક અર્થમાં જોઈ શકાય તેમ નથી. કારણ કે જો આવું કરવામાં આવે તો તત્પશ્ચાત અર્થના વાસ્તવિક મૂડીરોકાણ વાસ્તવિક બચત જેટલી જ રહેશે. વિકસેલનો સિદ્ધાંત વિશેષ રીતે નાણાકીય સિદ્ધાંત છે અને તેથી બચત અને મૂડીરોકાણ વચ્ચેની અસમાનતા એક શક્ય ઘટના છે.
- બચતનો અર્થ તેથી આવકના ઉપભોગ ઉપરના અધિશેષ દ્વારા મૂડીરોકાણ અથવા મૂડીનિર્માણ માટે મુક્ત રાખવામાં આવતા સાધનો એવો થતો નથી. બચતો પણ નાણાકીય ઘટના છે.
- કેઈન્સના સિદ્ધાંતની જેમ જ વિકસેલના સિદ્ધાંતમાં બચતો અને મૂડીરોકાણ બંને અલગ-અલગ છે અને તેમની વચ્ચે અસમાનતા તથા સમાનતા શક્ય છે.
- વિકસેલની બચત અને મૂડીરોકાણ વિશેની વિભાવના સમગ્રભાવી નથી. બચત કરનાર વર્ગ અને મૂડીરોકાણ કરનાર વર્ગ એ બે વચ્ચે કોઈ સ્પષ્ટ ભેદરેખા છે અને બચતોને મૂડીરોકાણમાં રૂપાંતરિત કરવા માટે કોઈ નાણાકીય ભાવતંત્ર આવશ્યક છે.
- બચત કરનાર વર્ગ અને રોકાણ કરનાર વર્ગ એકબીજા સાથે ગાઢ સંપર્કમાં નથી અને પરિણામે બચતો અને મૂડીરોકાણ વચ્ચેની અસમાનતા માટેની શક્યતા ઊભી થાય છે.

**ત્રીજી શરત**

**(3) ભાવસ્થિરતા**

વિકસેલની સંતુલન પ્રતિકૃતિનું ત્રીજું લક્ષણ ભાવસ્થિરતા વિશેનું છે. જો કે ભાવ સ્થિરતા એ પુરોગામી બે શરતોમાં અભિપ્રેત છે પરંતુ વિકસેલે તેને ત્રીજી શરત તરીકે સ્પષ્ટ કરી છે.

અર્થકારણમાં વ્યાજના વાસ્તવિક દર અને નાણાકીય દર વચ્ચે અસમાનતા પ્રવર્તે છે કે નહિ. બચત બરાબર મૂડીરોકાણ છે કે નહિ. એ માટે કોઈ સ્પષ્ટ સંકેત વિકસેલના સિદ્ધાંતમાં ભાવસપાટીના ફેરફાર સિવાય બીજો કોઈ નથી. આગળ દર્શાવ્યા પ્રમાણે ચઢતી-ઊતરતી પ્રક્રિયા ગતિમાન બને તો એનો અર્થ છે કે પ્રથમ બે સમાનતાઓનો લોપ થયો છે. પણ આવી પ્રક્રિયાની અસર ભાવસપાટી ઉપર પડ્યા વગર નહિ રહે અર્થાત્ આપણે વિકલ્પમાં કહી શકીએ કે ભાવોની અસ્થિરતા એ નાણાકીય અસંતુલન માટેનો પ્રત્યક્ષ અને સ્પષ્ટ નિર્દેશ છે.

વિકસેલના મત પ્રમાણે ભાવો જો સ્થિર હશે તો વાસ્તવિક દર અને નાણાકીય દર વચ્ચેની સમાનતા આપોઆપ સ્થાપિત થશે.


વિકસેલના સિદ્ધાંતની પ્રથમ બે શરતો વિદ્યમાન પરિસ્થિતિ નાણાકીય વિશ્લેષણ માટે કોઈ તાત્કાલિક પરીક્ષણ સાધન પૂરું પાડતી નથી.

વિકસેલે વસ્તુબજારની પરિસ્થિતિનો આધાર લઈ આવું કોઈ તાત્કાલિક પરીક્ષણ માધ્યમ કાઢવાનો પ્રયાસ કર્યો છે. સ્પષ્ટ જ છે કે આવું માધ્યમ વસ્તુ બજારના ભાવોની વધઘટ તાત્કાલિક અને સ્પષ્ટ રીતે પૂરું પાડે છે.

## 13.10 વિકસેલના સિદ્ધાંતની આલેખ દ્વારા સમજૂતી

વિકસેલના સિદ્ધાંતમાં આવક પરિમિતિનો અભાવ છે. વ્યાજના દરની બે પરિસ્થિતિઓ મહત્ત્વની છે.(1) બચત અને મૂડીરોકાણ. આ બંનેની સાથે ભાવ પરિમિતિ પણ આવે છે. જો પૂર્ણ રોજગારીની સ્થિતિને ઉદ્‌ગમભૂમિકા તરીકે લેવામાં આવે તો આવક પરિમિતિને કોઈ અવકાશ નથી પણ ભાર પરિમિતિને સંપૂર્ણ અવકાશ છે. નીચે આપેલી આકૃતિ વિકસેલના સિદ્ધાંતની ચલરાશિઓ દ્વારા સંતુલન અસંતુલનના કારણોને દર્શાવે છે.

**આકૃતિ-8**




આકૃતિમાં I I અને SS રેખાઓ તત્પૂર્ણ બચત અને મૂડીરોકાણ રાશિઓનાં વ્યાજ સાપેક્ષ વિષેયો સૂચવે છે. એટલે કે

$$I = f(r)\text{yLku}S = f(r)$$

અહીંયાં $I$ =મૂડીરોકાણ,$S$ =બચત,$f$ =વિધેય અને $r$ =વ્યાજનો દર છે. આકૃતિ પ્રમાણે $r_1$ વ્યાજસપાટીએ બચત અને મૂડીરોકાણ રાશિઓ સંતુલિત સ્થિતિમાં છે. જો વ્યાજનો બજારદર અથવા નાણાકીય દર પણ $r_1$ જેટલો જ હોય તો આ સંતુલન નાણાકીય સંતુલનને પ્રતિબિંબિત કરશે. આ સંતુલન બિંદુએ કુલ માંગ અને કુલ પુરવઠો સરખા થશે. ભાવો સ્થિર રહેશે અને બચતો જેટલું મૂડીરોકાણ થતું રહેશે.

ધારો કે બેંકો દ્વારા નાણાંના પુરવઠામાં વધારો થાય છે જેથીવ્યાજનો કુદરતી દર અને નાણાકીય દર (અથવા બજારદર) વચ્ચે તફાવત ઊભો થશે. આકૃતિમાં દર્શાવ્યા પ્રમાણે જો વ્યાજનો દર $r$ બિંદુએ હોય તો આ તફાવત $rr_1$ જેટલો હશે. હવે $r$ બજારદર $r_1$ કરતા નીચો હોવાથી મૂડીરોકાણને પ્રોત્સાહન મળશે. $r$ બજાર દરે તત્પૂર્વ મૂડીરોકાણની જરૂરિયાત $OM_1$ જેટલો હશે જ્યારે તત્પૂર્વ બચતો $OM$ જેટલી જ હશે અર્થાત્ $r_1$ અને $r$ વચ્ચેનું અંતર $OM_1 - OM = \Delta M$ જેટલા નાણાં પરિમાણના વધારા ઉપર આધારિત હશે. $\Delta M$ એ તત્પૂર્વ બચત અને તત્પૂર્વ મૂડીરોકાણ વચ્ચેનું અંતર દર્શાવે છે.

આનાથી વિરૂદ્ધ જો તત્પૂર્વ બચત અને મૂડીરોકાણ $r$ વ્યાજના દરે સંતુલિત હોય અને નફાની શક્યતાના વધારાથી તત્પૂર્વ મૂડીરોકાણમાં વધારો થાય તો વ્યાજના દર ઉપર ઊર્ધ્વગામી દબાણ આવશે. વ્યાજનો દર $r_1$ સપાટીએ પહોંચશે અને આ વ્યાજના દરની સપાટીએ તત્પૂર્વ મૂડીરોકાણને વધારા માટે કોઈ કારણ નહિ મળે અને આ ઊંચા વ્યાજના દરો તત્પૂર્વ બચત અને મૂડીરોકાણ ફરી સરખા થશે.

જો બેંકો દ્વારા નાણાંના પુરવઠામાં વધારો કરવામાં આવે તો વ્યાજનો નાણાકીય દર બચતો ઉપર પ્રોત્સાહક અસર પાડી શકશે નહિ. પરિણામે વ્યાજનો દર સમતુલામાં રહેશે નહિ. આનાથી ભાવસપાટી ઉપર અસર પડશે. ભાવો વધશે એના પરિણામ સ્વરૂપે વપરાશ ઓછો થશે તથા બચતમાં વધારો થશે. જે મૂળ પ્રારંભિક આવક, પૂર્ણરોજગારી આવક અથવા ઉત્પાદન $O_o$ હોય અને શરૂઆતની ભાવસપાટી $P_o$ હોય તો મૂળ આવકનું નાણાકીય મૂલ્ય $P_oO_o$ જેટલું થાય. નવા સંતુલન બિંદુએ ઉત્પાદનમાં વધારો થવાની શક્યતા નથી તેમ છતાં ઉત્પાદનના નાણાકીય મૂલ્યમાં અવશ્ય વધારો થશે. જો નવી ભાવસપાટી $P_1$જેટલી હોય તો $O_oP_1 > O_oP_o$ થશે. પરંતુ $O_o$ યથાવત રહેતા બંને ઉત્પાદન રાશિઓનું વાસ્તવિક મૂલ્ય બદલાશે નહીં અથવા $\frac{O_oP_o}{P_o} = \frac{O_oP_1}{P_1}$ થશે.

આના ઉપરથી સ્પષ્ટ થાય છે કે વિકસેલે જણાવેલી ભાવસ્થિરતાની શરત નવીન સંતુલન બિંદુએ સંતોષી શકશે. નવી સમતુલા નવી ભાવસપાટીએ સ્થાપિત થશે.

## 13.11 વિકસેલના સિદ્ધાંતની ટીકા

વિકસેલના સિદ્ધાંતની ટીકા બે દૃષ્ટિબિંદુઓથી કરવામાં આવે છે.

(1) વિકસેલે આપેલા સંતુલનના અભિલક્ષણો પરસ્પર સંગત છે કે કેમ ?

(2) આ અભિલક્ષણોની વ્યાવહારિક યર્થાથતા અથવા નીતિવિધાન માટેની તેમની ઉપયોગિતા કેટલી છે ?

### (1) વિકસેલના સંતુલનના અભિલક્ષણોની પરસ્પર સંગતતા :

વિકસેલનો સિદ્ધાંત ત્રણ શરત ઉપર આધારિત છે અને આ ત્રણ શરત (અભિલક્ષણો) પરસ્પર સંગત ન પણ હોય. દા.ત. અર્થતંત્રમાં જો ઉત્પાદકતામાં વધારો થાય તો વ્યાજના કુદરતી દરમાં વધારો થશે. વસ્તુબજારમાં તેથી ભાવો ઉપર અધોમુખી દબાણ આવશે. આવા સંજોગોમાં જો ભાવસ્થિરતાની નીતિ અપનાવવામાં આવે તો વ્યાજના કુદરતી દરમાં વધારો થશે અને અસંતુલનની ઘટનામાં સંતુલન અભિવૃત્તિ જોવા નહીં મળે. અસંતુલનની માત્રામાં તેથી વધારો થશે.

પ્રથમ અને બીજું અભિલક્ષણ પરસ્પર સંગત છે. તેમ છતાં તેમાં એક પ્રકારની પુનરૂક્તિ રહેલી છે. કારણ કે જો બચતો અને મૂડીરોકાણ તત્પૂર્વ રૂપમાં સમાન હશે તો વ્યાજના નાણાકીય દર અને કુદરતી દર વચ્ચે અસમાનતા સર્જાવા માટે કોઈ કારણ નથી. વસ્તુતઃ બચત અને મૂડીરોકાણ, એ બે રાશિઓની તત્પૂર્વ અસમાનતા વ્યાજના દરોની અસમાનતા જન્માવે છે. પરંતુ જો એમ કહેવામાં આવે કે બેંકો વધુ નાણાં વિસ્તરણ દ્વારા વ્યાજના બજારદરને નીચો લાવે તો બચતો અને મૂડીરોકાણ રાશિઓની અસમાનતા, એ કારણ નહીં પણ પરિણામ બનશે. તો આ સાચું છે પણ નાણાંના પુરવઠામાં વધારાને પણ બચતોના વધારાનું તત્પૂર્વ સ્વરૂપ જ કેમ ન ગણી

શકાય ? જો કે જો બેંકો પાસે વર્તમાન કિંમતોએ વધુ નાણાકીય બચતો એકઠી થઈ હોય તો વ્યાજના વિદ્યમાન બજારદર અને તેનો ભાવિદર બંને નીચા ગયા હશે. આવા સંજોગોમાં વ્યાજનો તત્પૂર્વ કુદરતી દર નાણાકીય તત્પૂર્વ અને તત્પશ્ચાત એ બંને દરોથી વધુ હશે અને પરિણામે ઉપચયી પ્રક્રિયા ગતિમાન બનશે.

આમ વિકસેલની પ્રથમ બે શરતો એકબીજા ઉપર આધારિત છે. અને તેથી બેમાંથી એકની આવશ્યકતા શૂન્ય બની જાય છે. જો કે સ્પષ્ટતા અને ચોકસાઈના હેતુ માટે બંનેને આવશ્યક ગણી શકાય.

**(2) વિકસેલના સંતુલન અભિલક્ષણોની વ્યાવહારિક યથાર્થતા :**

નાણાકીય નીતિ માટે કોઈ પરિમેય અને સહજ અભિજ્ઞેય એવા અભિલક્ષણોનું નિર્માણ કરવાનો વિકસેલનો હેતુ હતો. પરંતુ આ હેતુ સિદ્ધ થઈ શક્યાં નથી.

વ્યાજના વિદ્યમાન દર, એ સહજ અભિજ્ઞેય દર છે. કારણ કે બજારમાં જે દર ચાલતો હોય તો તે સહજ રીતે સમજી શકાય એવી હોય જ, તેવી જ રીતે વ્યાજનો કુદરતી દર પણ સહજ અભિજ્ઞેય હોઈ શકે.

મૂડી ઉપરનું ડિવિડન્ડના સ્વરૂપમાં મળતું વળતર એ એક સરળ રીતે પરિમેય અને પિરિચિત ઘટના છે. પરંતુ આ બે દરો વચ્ચેના અસંતુલનને પહેલાના સ્વરૂપમાં કેવી રીતે અભિવ્યક્ત કરવું ? જો ઉદ્યોગોની ઉત્પાદકતામાં વધારો થાય અને પરિણામે ડિવિડન્ડની માત્રામાં વધારો થાય તો કહી શકાય કે વ્યાજના વાસ્તવિક દર અને નાણાકીય દરમાં તફાવત ઓછો થયો છે. પરંતુ આ તફાવતથી ઉપચયી પ્રક્રિયા શરૂ ન પણ થાય. એનો અર્થ એ કે વ્યાજના પ્રવર્તમાન વાસ્તવિક દર વ્યાજના નાણાકીય દર કરતા ઊંચા છે. છતાં તે તેના અનુમાનિત અર્થના તત્પૂર્વ સ્વરૂપમાં ઊંચો નથી.

આમ વિકસેલના અભિલક્ષણો કારણ અને તેની અસર વચ્ચે કોઈ સ્પષ્ટ રેખા રજૂ કરતા નથી. ઉપચયી પ્રક્રિયા જો ગતિમાન ન બને તો માનવાનું રહે કે કુદરતી દર અને નાણાકીય દર બંને સંતુલનમાં છે પરંતુ જો આની પ્રક્રિયા ચાલુ થાય તો એવું ધારવું કે આ બે દરો વચ્ચેના અસંતુલનનું જે પરિણામ છે તે તેના કારણ માટે નિર્દેશક ધોરણ પૂરું પાડે છે. જો બે દરો વચ્ચેનું અસંતુલન મેળવવામાં ઘણી સુવિધા પ્રાપ્ત થઈ શકે. પરંતુ વિકસેલના અભિલક્ષણો આવી વ્યાવહારિક ઉપયોગિતા પૂરી પાડી શકે તેમ નથી. કારણ કે અભિલક્ષણોને તેમના તત્પૂર્વ સ્વરૂપમાં પ્રયોજવામાં આવે તો તે અભિજ્ઞેય પણ નથી અને પરિમેય પણ નથી.

## 13.12 સ્વાધ્યાય :

**લાંબા પ્રશ્નો**

1. નાણાકીય સંતુલનનો અર્થ આવી વાલરસનો સંતુલન વિચારનો અભિગમ સમજાવો.

2. સામાન્ય સંતુલનના અસ્તિત્વ, સ્થિરતા અને વિશિષ્ટતા વિશે નોંધ લખો.

3. સામાન્ય સંતુલન વિશ્લેષણના લાભ અને ગેરલાભ જણાવો.

4. નાણાકીય સંતુલનની વિભાવના સ્પષ્ટ કરો.

5. સમગ્ર વિરુદ્ધ નાણાકીય સિદ્ધાંત સમજાવો.

6. વિકસેલનાનાણાકીય સિદ્ધાંત વિશે ટૂંકનોંધ લખો.

7. વિકસેલના સિદ્ધાંતની આલેખ દ્વારા સમજૂતી આપો.

8. વિકસેલના સિદ્ધાંતની ટીકાઓ જણાવો.

**ટૂંકા પ્રશ્નો**

1. નાણાકીય સંતુલન ક્યારે ઉદ્દભવે ?

2. વ્યાજનો કુદરતી દર કોને કહેવાય ?

3. સામાન્ય સમતુલા ક્યારે મળે છે ?

4. સામાન્ય સંતુલનના અસ્તિત્વ વિશે સમજાવો.

5. સામાન્ય સંતુલનની સ્થિરતા વિશે લખો.

6. સામાન્ય સંતુલનની વિશિષ્ટતા વિશે જણાવો.

7. વિકસેલનાનાણાકીય સિદ્ધાંતની વ્યાખ્યાઓ.

8. વાલરસના સામાન્ય સંતુલન વિશ્લેષણના લાભ લખો.

9. વાલરસના સામાન્ય સંતુલન વિશ્લેષણના ગેરલાભ લખો.

10. વિકસેલના સિદ્ધાંતની કેટલી અને કઈ શરતો છે ?

**બહુવૈકલ્પિક પ્રશ્નો :**

1. પ્રશિષ્ટ અર્થશાસ્ત્રીઓ પ્રમાણે નાણું એ માત્ર ___________ નું માધ્યમ છે.

   (A) સાવચેતી (B) સટ્ટાકીય

   (C) વિનિમય (D) ઉપરોક્તના તમામ

2. પ્રો. વાલરસના સંતુલનના વિચારને કયા સંતુલનનો વિચાર ગણવામાં આવે છે ?

   (A) સામાન્ય (B) અસામાન્ય

   (C) બંને(A) અને(B) (D) એકપણ નહીં

3. વાલરસ પ્રમાણે, જ્યારે નકારાત્મક વણવપરાયેલી માંગ હોય તો વેચાણકારો કિંમતોમાં _______ કરે છે.

(A) વધારો (B) ઘટાડો

(C) બંને(A) અને (B) (D) એકપણ નહીં

4. સામાન્ય સમતુલાના અસ્તિત્વ માટે નીચેનું કયું સમીકરણ સાચું છે ?

(A) $ED = Q_D - Q_S = O$ (B) $ED = Q_D > Q_S$

(C) $ED = Q_D < Q_S$ (D) ઉપરમાંથી એકપણ નહીં

5. વિકસેલનોનાણાકીય સિદ્ધાંત _______શરતો ઉપર આધારિત છે.

(A) એક (B) બે

(C) ત્રણ (D) એકપણ નહીં

6. વિકસેલના સિદ્ધાંતમાં અર્થકારણને કયા બે વિભાગમાં વહેંચવામાં આવે છે ?

(A) નાણાકીય વિભાગ અને વાસ્તવિક વિભાગ

(B) માંગ બાજુ અને પુરવઠા બાજુ

(C) બંને(A) અને (B)

(D) એકપણ નહીં

7. વિકસેલ પ્રમાણે બચત અને મૂડીરોકાણમાં શું જોવા મળે છે ?

(A) સમાનતા (B) અસમાનતા

(C) બંને(A) અને (B) (D) એકપણ નહીં

8. વિકસેલ પ્રમાણે વ્યાજનો કુદરતી દર એ _______ છે.

(A) શ્રમની ભૌતિક ઉત્પાદકતા (B) મૂડીની ભૌતિક ઉત્પાદકતા

(C) સરેરાશ ઉત્પાદન (D) સીમાંત ઉત્પાદન

9. સમગ્ર અર્થતંત્રમાં વસ્તુબજાર અને મૂડીબજારમાં _______ જોવા મળે છે.

(A) સ્થિરતા (B) અસ્થિરતા

(C) (A) અને (B)

**જવાબો** :

1) (C) વિનિમય

2) (A) સામાન્ય

3) (B) ઘટાડો

4) (A) $ED = Q_D - Q_S = O$

5) (C) ત્રણ

6) (A) નાણાકીય વિભાગ અને વાસ્તવિક વિભાગ

7) (A) સમાનતા

8) (B) મૂડીની ભૌતિક ઉત્પાદકતા

9) (B) અસ્થિરતા

એકમ 14

# વ્યાજના આધુનિક સિદ્ધાંતો

## રૂપરેખા


14.1 પ્રસ્તાવના

14.2 વ્યાજનો અર્થ

14.3 વ્યાજના સિદ્ધાંતો

14.4 કેઈન્સનો (તરલતા પસંદગીનો) સિદ્ધાંત

14.4.1 રોકડ પસંદગીના હેતુઓ

14.4.2 વ્યાજ દર ફેરફારની ધારણાઓ અને વ્યાજ દર

14.4.3 વ્યાજ નિર્ધારણ

14.4.4 સમતુલા દરમાં ફેરફાર

14.4.5 સિદ્ધાંતની મર્યાદા

14.4.6 સિદ્ધાંતનું મહત્ત્વ

14.5 IS-LM મોડેલ

14.5.1 રોકાણની માગ અને રોકાણનો પુરવઠો

14.5.2 નાણાંની માગ અને નાણાંનો પુરવઠો

14.5.3 આવક અને વ્યાજ નિર્ધારણ

14.5.4 હિકસ અને હેન્સન સિદ્ધાંતનું મૂલ્યાંકન

14.6 સારાંશ

14.7 ચાવીરૂપ શબ્દો

● સ્વાધ્યાય


## 14.1 પ્રસ્તાવના

આવક નિર્ધારણના સિદ્ધાંતના એક ભાગરૂપે અને મૂડી રોકાણ વિધેયના એક સહનિર્ધારિક પરિબળ તરીકે વ્યાજ મહત્ત્વની ભૂમિકા ભજવે છે. પરંતુ કેવી રીતે નક્કી થાય છે અને કયાં કયાં પરિબળો અસર કરે તેની સમજૂતી આપતાં પ્રશિષ્ટ અર્થશાસ્ત્રીના અને નવપ્રશિષ્ટ અર્થશાસ્ત્ર વિવિધ સિદ્ધાંતો આપવામાં આવ્યા છે. તેમાં પ્રસ્તુત એકમમાં આપણે નવપ્રશિષ્ટ સિદ્ધાંતોનો અભ્યાસ કરવાનો છે.

સામાન્ય વ્યવહારમાં વ્યાજ એ નાણાંમાં રજૂ થતો ટકાવારી દર છે. અમુક મુદ્દત માટે જો મૂડી ઉછીની લેવામાં આવે તો તેના વપરાશ બદલ તેના માલિકને જે કિંમત કે મૂળ નાણાંથી વધુ રકમ આપવામાં આવે તેને વ્યાજ તરીકે ઓળખવામાં આવે છે. જેવી રીતે જમીનના ઉપયોગ બદલ જમીન માલિકને ભાડું આપવામાં આવે છે, શ્રમના ઉપયોગ બદલ શ્રમિકને વેતન આપવામાં

આવે છે, તેવી રીતે મૂડીના ઉપયોગ બદલે મૂડીપતિને વ્યાજ આપવામાં આવે છે. ટૂંકમાં, વ્યાજ એ મૂડીના વપરાશનું વળતર છે. જે મૂડીનો ઉપયોગ થતો નથી તેને વ્યાજ પણ મળતું નથી.

## 14.2 વ્યાજનો અર્થ

પ્રો. સેલિગ્મેનના જણાવ્યા પ્રમાણે - 'મૂડી ભંડોળના વળતરને વ્યાજ તરીકે ઓળખવામાં આવે છે.'

નટ વિકસેલના મત મુજબ : મૂડી માલિકને તેના સંયમના બદલામાં મૂડીની ઉત્પાદકતાના કારણે જે બદલો મળે તેને વ્યાજ કહે છે.

કેઈન્સના મત અનુસાર "વ્યાજ એ શુદ્ધ નાણાકીય ઘટના છે જે વ્યાજ એ રોકડ વૃત્તિ પર કાબુ જતો કરવા માટેનો બદલો છે."

વ્યાજ એ નાણાકીય અર્થકારણમાં ઉદ્‌ભવતી ઘટના છે. આનો અર્થ એ નથી કે નાણાવિહીન અથવા સાટા પદ્ધતિમાં વ્યાજ સંભવી શકે નહિ. આમ છતાં, આ પ્રકારના અર્થકારણમાં લેવડ-દેવડનું કાર્ય એટલું બધું કઠિન હોય છે કે વ્યાજની ગણતરી કરવી મુશ્કેલ છે. આમ છતાં, રોબર્ટસનાં જણાવ્યા અનુસાર વ્યાજનો દર વપરાશ અંગેના, મૂડી રોકાણ અંગેના અને નાણાંની માગ - પુરવઠા અંગેના ત્રિવિધ નિર્ણયો દ્વારા સંયુક્તપણે નક્કી થાય છે. હિકસના IS - LM રેખાઓ પર આધારિત સિદ્ધાંતમાં પણ વ્યાજનો દર સંયુક્તપણે નાણાકીય અને વાસ્તવિક ઘટનાઓ તરીકે દર્શાવાય છે.

## 14.3 વ્યાજના સિદ્ધાંતો

1) પ્રશિષ્ટ અર્થશાસ્ત્રીઓનો સિદ્ધાંત

2) ધિરાણ ભંડોળનો સિદ્ધાંત

3) કેઈન્સનો સિદ્ધાંત

4) IS - LM રેખાઓ પર આધારિત સિદ્ધાંત

ઉપરોક્ત સિદ્ધાંતો તેના વિકાસના ક્રમને આધારે ગોઠવણ કરવામાં આવી છે. પરંતુ પ્રસ્તુત એકમમાં આપણે કેઈન્સનો સિદ્ધાંત અને IS - LM રેખાઓપર આધારિત સિદ્ધાંતની જ ચર્ચા કરવાની છીએ.

## 14.4 કેઈન્સનો (તરલતા પસંદગીનો) વ્યાજનો સિદ્ધાંત

કેઈન્સે તેમના "General Theory of Employment Interest and Money" નામના પુસ્તકમાં જેને આપણે ટૂંકમાં 'જનરલ થિયરી' તરીકે ઓળખીએ છીએ તેમાં વ્યાજનો રોકડ પસંદગીનો સિદ્ધાંત રજૂ કર્યો છે. કેઈન્સે એવી દલીલ કરે છે કે શિષ્ટ અર્થશાસ્ત્રી રજૂ કરેલ વ્યાજનો સિદ્ધાંત નાણાંની માગ કે જે મૂડી રોકાણ માટે કરવામાં આવે છે અને નાણાંનો પુરવઠો કે જે બચત દ્વારા નક્કી થાય છે. બન્ને જ્યાં નાણાંની માગ અને નાણાંનો પુરવઠો સરખા થાય ત્યાં વ્યાજ દર નક્કી થાય છે. પરંતુ કેઈન્સે માને છે કે આ વિશ્લેષણ ભૂલ ભરેલું છે. મૂડી રોકાણ વ્યાજ દર આધારિત છે તે યોગ્ય છે. પણ બચતની પુરવઠા રેખા વ્યાજ દર પર આધારિત

નથી. કારણકે બચત એ આવક સાથે સંબંધિત છે. એટલે કે આવકમાં વધારો-ઘટાડો થવાથી બચતમાં વધારો-ઘટાડો થાય છે. એટલે બચતનો સંબંધ વ્યાજ સાથે નહિ પણ આવક સાથે છે.

વળી પ્રશિષ્ટ સિદ્ધાંતમાં મૂડી રોકાણની માગ પણ વ્યાજ દર પર આધારિત છે. કેઈન્સ માને છે કે મૂડી રોકાણનો આધાર માત્ર વ્યાજ નહિ, પણ મૂડીની સીમાંત કાર્યક્ષમતા બન્ને સંયુક્ત રીતે મૂડી રોકાણનું પ્રમાણ નક્કી કરે છે. વળી, મૂડી રોકાણ આવકનું પ્રમાણ નક્કી કરે છે. એટલે કેઈન્સના સિદ્ધાંતમાં વ્યાજનો દર અને મૂડીની સીમાંત કાર્યક્ષમતા મૂડી રોકાણ નક્કી કરે છે. મૂડી રોકાણ આવક નક્કી કરે છે અને આવક એ બચત નક્કી કરે છે. ત્યારે વ્યાજનો દર અલાયદી રીતે નક્કી થાય છે.

વ્યાજનો દર કેઈન્સના મતે નાણાંની માગ અને નાણાંના પુરવઠા દ્વારા નક્કી થાય છે.

નાણાંનો પુરવઠો જે-તે દેશની કેન્દ્રીય બેન્ક દ્વારા નક્કી કરવામાં આવે છે. અને તે વ્યાજ દરને ધ્યાને લીધા વગર નક્કી થાય છે. વ્યાજ દરમાં ફેરફાર થાય તો નાણાંના પુરવઠામાં ફેરફાર થતો નથી. તેથી નાણાંની પુરવઠા રેખાને OY ધરી (જ્યારે X axis ઉપર નાણાંનો પુરવઠો હોય અને Y axis ઉપર વ્યાજનો દર દર્શાવાય) પર સમાંતર ઊભી રેખા હોય છે. પણ મહત્ત્વનો પ્રશ્ન નાણાંની માગનો છે.

### 14.4.1 રોકડ પસંદગીના હેતુઓ

લોકો રોકડ પસંદગી શા માટે ધરાવે છે ? કેઈન્સના મત પ્રમાણે લોકોની રોકડ પસંદગી પાછળ ત્રણ હેતુઓ રહેલા છે. આ ત્રણ હેતુઓ સમાજની કુલ રોકડ પસંદગી નક્કી કરે છે.

**1) વિનિમય અથવા સોદાકીય હેતુ :**

લોકોને પાતાના રોજબરોજના જીવનમાં સોદાઓની ચૂકવણી કરવા અમુક રોકડ હાથ પર રાખવી પડે છે. કારણકે તેને મળતી આવક અને તેને કરવો પડતો ખર્ચ વચ્ચેના સમયના ગાળાને પહોંચી વળવાનું હોય છે. જો તત્કાળ આવક ઊભી થતી હોય તો નજીવી અથવા શૂન્ય ખર્ચાથી ચલાવી શકાય. એચ. જી. વેલ્સનું એક ઉદાહરણ લઈ તો આ કમ્પ્યુટરના સમયમાં પ્રત્યેક વ્યક્તિનું ખર્ચ અને તેની આવક વચ્ચે સંપૂર્ણ એવો સમન્વય થાય છે કે વ્યક્તિ સોદાકીય હેતુ માટે નાણું ન રાખવું પડે ત્યારે નાણું માત્ર મૂલ્ય માપક જ રહેવાનું. પરંતુ વાસ્તવમાં સમગ્ર અર્થકારણમાં આમ થવું શક્ય નથી.

વ્યક્તિને આવક દૈનિક, અઠવાડિક, માસિક કે વાર્ષિક મળતી હોય છે. જેમ સમયનો ગાળો નાનો તેમ આવા હેતુ માટે ઓછા નાણાં રાખવાં પડે છે. દા.ત. A અને B વ્યક્તિનો માસિક પગાર રૂ. 300 છે. અને બન્ને રોજના રૂ. 20 પ્રમાણે ખર્ચ કરે છે. પરંતુ A વ્યક્તિને 15 દિવસ મળે છે અને B વ્યક્તિને 1 માસ પગાર મળે છે. તેથી બન્નેની સરેરાશ કાઢીએ તો A વ્યક્તિને રૂ. 150 રોકડ સ્વરૂપે રાખવા પડે છે અને B વ્યક્તિને રૂ. 300 રોકડ સ્વરૂપે રાખવા પડે છે.

આ ઉપરાંત બેન્કિંગ વ્યવસ્થાનો વિકાસ, પેઢીની વેચાણ વ્યવસ્થા, રાષ્ટ્રીય આવક, રોજગારી અને ભાવ સપાટીનું પ્રમાણ વગેરે બાબતોથી સોદાકીય હેતુ માટેની માગને અસર કરે છે. કેઈન્સ માને છે કે ટૂંકાગાળામાં આ બાબતો સ્થિર છે અને જે ફેરફાર થાય તો

માત્રને માત્ર આવકના આધારે થાય છે અને સોદાકીય હેતુ માટેની નાણાંની માગ અને આવક ઘન સંબંધ રહેલો છે.

**2) સાવચેતીના હેતુ :**

માનવજીવન અનિશ્ચિતતાઓથી ભરેલું છે. ભવિષ્યમાં ન કલ્પી હોય એવી આપત્તિઓ આવી પડે તો તેને પહોંચી વળવા જે પ્રમાણમાં નાણાં પોતાના હાથ રાખે તેને સાવચેતીના હેતુ માટેની માગ તરીકે ઓળખવામાં આવે છે. દા.ત. માંદગી, બેકારી, અકસ્માત કે પોતાની આવક યોગ્ય સમયે ન મળવી વગેરે. આવી સાવચેતી માટે રાખવામાં આવતી રોકડ પસંદગી પણ આવકને આભારી હોય છે. વધારે આવક મેળવતા વધુ રોકડ રાખે છે અને ઓછી આવક મેળવતા ઓછી રોકડ રાખે છે.

સાવચેતીના હેતુ માટે કેટલી રોકડ રાખવી તે લોકોના સ્વભાવ પર આધાર રાખે છે. ગણતરી બાજ અને સાહસવૃત્તિ ધરાવતી વ્યક્તિ ઓછી રકમ રાખશે અને બીકણ અને ચંચળ વ્યક્તિ વધારે રકમ રાખે છે. આ ઉપરાંત વ્યાપાર-ઉદ્યોગની સદ્ધરતા, બજારમાંથી શાખ મેળવવાની શક્તિ વગેરે પરિબળો સાવચેતી હેતુ માટેની માગને અસર કરે છે.

'સોદાકીય' અને 'સાવચેતી'ના હેતુઓ માટે ઊભી થતી નાણાંની માગને હેતુઓની દૃષ્ટિએ ભિન્ન ગણી શકાય છે. પરંતુ વ્યવહારમાં આવું વર્ગીકરણ કરવું સરળ નથી. જ્યારે બન્ને હેતુઓ માટેની માગનો આધાર આવક સંબંધિત છે. વ્યાજ દર સાથે તેનો કશો સંબંધ નથી. એ નિષ્કર્ષ પર આપણે આવ્યા છીએ. તો વ્યાજ સાથે કયા પ્રકારની નાણની માગ સાથે સંબંધ છે ? કેઈન્સ સિદ્ધાંત પ્રમાણે 'સટ્ટાકીય' હેતુ માટેની માગ જણાવે છે.

**3) સટ્ટાકીય હેતુ :**

ભાવિ અનિશ્ચિત છે. એ કેઈન્સના પુસ્તકનું સામાન્ય ઉચ્ચારણ છે. વ્યાજના દરની બાબતમાં પણ ભવિષ્ય અનિશ્ચિતતા મહત્ત્વનો ભાગ ભજવે છે. ભવિષ્યમાં વ્યાજ દરોમાં કેવો ફેરફાર થવાનો છે તેની અસર લોકોની રોકડ પસંદગી પર પડશે. ભવિષ્યમાં વ્યાજ દર વધવાની કે ઘટવાની ધારણા રાખવામાં આવે તેને કારણે રોકડ હાથ પર રાખવાની વૃત્તિમાં જે વધારો-ઘટાડો થાય છે તેને કેઈન્સે સટ્ટાકીય હેતુ માટેની રોકડવૃત્તિ તરીકે ઓળખાવી છે.

બુદ્ધિપૂર્વક વર્તન કરતો વ્યક્તિ સોદાકીય હેતુ કરતાં વધારે રોકડ નાણું હાથ પર રાખશે નહિ. કારણકે તેને વ્યાજરૂપી આવક ગુમાવવી પડે છે. કેઈન્સે એવી દલીલ કરી છે કે વ્યક્તિ નાણું હાથ પર રાખવાને બદલે બોન્ડમાં રોકે ત્યારે તે એવું અનુમાન કરી લે છે - એવો સટ્ટો ખેલી લે છે કે વ્યાજનો દર સ્થિર રહેશે. પરંતુ વ્યાજના દરો હંમેશા સ્થિર રહે એવી કોઈ વ્યવસ્થા હોઈ શકે નહિ અને ભૂતકાળમાં આવો સ્થિર દર રહ્યો હોવાનું જોવાતું પણ નથી. વળી ભવિષ્યમાં વ્યાજનો દર વધશે કે ઘટશે એવી સંપૂર્ણ શક્યતા રહેલી છે. આ વ્યાજનો વધતો-ઘટતો દર બોન્ડના મૂલ્યમાં ફેરફાર થાય છે. આ સંભવિત બોન્ડ મૂલ્ય ફેરફાર શું તે જોઈએ.

બોન્ડ એ એક નિશ્ચિત વ્યાજદાયી અસ્કામત છે. જેને આપણે જામીનગીરી શબ્દ પ્રયોગ પણ કરીએ છીએ. લોકો જામીનગીરી ઉપરાંત શૅર અથવા ભૌતિક કે સ્થાવર મિલકતમાં કે તૈયાર માલ સંગ્રહમાં પણ રોકાણ કરી શકે છે. પરંતુ તેમાં જામીનગીરીની સરખામણીએ

અન્ય મિલકતોને રોકડમાં સરળતાથી રૂપાંતર કરી શકતા નથી. તેથી લોકો જામીનગીરીને વધારે પસંદ કરે છે.

જામીનગીરીના ભાવ અને વ્યાજના દર વચ્ચે ઋણ સહસંબંધ છે. એટલે વ્યાજના દરમાં વધારો થતા જામીનગીરીના ભાવમાં ઘટાડો થાય છે અને વ્યાજના દરમાં ઘટાડો થતાં જામીનગીરીમાં ભાવમાં વધારો થાય છે. હવે લોકોને ભવિષ્યમાં વ્યાજ દર વધવાની અપેક્ષા હોય તો તે પોતાની પાસે રહેલ રોકડ નાણાંથી જામીનગીરી ખરીદી કરે જેથી રોકડ નાણાંમાં ઘટાડો થાય છે. જ્યારે ભવિષ્યમાં વ્યાજ દર ઘટવાની અપેક્ષા હોય તો જામીનગીરીનું વેચાણ કરીને લોકો હાથ પર વધારે નાણું રાખવા ઇચ્છે છે. આમ સટ્ટાબજારમાં થતી ભાવોની ઉથલપાથલોનો લાભ લેવા લોકો પોતાની પાસે નાણાં રાખે છે. તેજીના સમયમાં ઓછું નાણું હાથ પર રાખશે અને મંદીના સમયે વધારે નાણાં હાથ પર રાખશે. જે જામીનગીરીના ભાવોમાં વધારો થવાની અપેક્ષા હોય તેની સટોડિયાઓ આગળથી ખરીદી કરી લે છે અને જ્યારે ભવિષ્યમાં ભાવ ઊંચા થાય ત્યારે તે વેચી દઈને નફો મેળવે છે.

આમ આ બન્ને સ્થિતિને સારરૂપ મૂકીએ તો -

| વ્યાજને અપેક્ષિત દર | વ્યક્તિનું વર્તન | નાણાંની રોકડ માગ |
|---|---|---|
| A વધવાની ધારણા | જામીનગીરીનું રોકડમાં રૂપાંતર | વધારો |
| B ઘટવાની ધારણા | રોકડનું જામીનગીરીમાં રૂપાંતર | ઘટાડો |


### 14.4.2 વ્યાજ દર ફેરફારની ધારણાઓ અને વ્યાજ દર :

કેઈન્સ કહે છે કે અર્થતંત્રમાં બે પ્રકારનું વ્યક્તિત્વ ધરાવતાં લોકો હોય છે. (1) તેજીનું માનસ ધરાવતા લોકો જે જામીનગીરીના ભાવો વધવાની અપેક્ષા ધરાવતા હોય છે. (2) મંદીનું માનસ ધરાવતા લોકો જે એવું ધારે છે કે જામીનગીરીના ભવિષ્યમાં ભાવોમાં ઘટાડો થશે. બન્ને પ્રકારના લોકોના નિર્ણયો એકબીજાની વિરુદ્ધના હોય છે. જો એમ બને કે બજારમાં તેજીવાળા અને મંદીવાળા બન્નેનું પ્રમાણ સરખું હોય તો જામીનગીરીની ખરીદીની અસર વેચાણ દ્વારા દૂર થાય છે જેથી વ્યાજ દર સ્થિર રહે છે.

કોઈપણ સમયે બજારમાં જો તેજીવાળાઓનું મંદીવાળાઓ કરતાં પ્રભુત્વ હશે તો જામીનગીરીઓની ખરીદી વધશે અને વ્યાજના દરમાં ઘટાડો થશે. આથી ઊલટું જ્યારે મંદીવાળાનું પ્રભુત્ત્વ તેજીવાળા કરતા વધારે હશે તો જામીનગીરીઓનું વેચાણ વધશે જેથી વ્યાજ દરમાં ઘટાડો થાય છે. કેઈન્સ માને છે કે વર્તમાન બજાર વ્યવસ્થામાં ભિન્ન મતો ધરાવતાં લોકો જોવા મળે છે. તે આર્થિક સ્થિરતાની દૃષ્ટિએ હિતાવહ છે. કારણકે જો બધી વ્યક્તિ માત્ર મંદીવાળું માનસ ધરાવતી હોય તો વ્યાજ દરમાં ઘણા મોટા પ્રમાણમાં ઘટાડો થાય છે, તેની અસર મૂડી રોકાણ પર પડતા આર્થિક અસ્થિરતા ઊભી થાય છે.

### 14.4.3 વ્યાજ દરનું નિર્ધારણ :

વ્યાજનો દર અને રોકડ પસંદગી વચ્ચે વ્યસ્ત સંબંધ છે. એટલે વ્યાજ દર વધતાં રોકડ પસંદગીમાં ઘટાડો થાય અને વ્યાજ દર ઘટતા રોકડ પસંદગીમાં વધારો થાય છે.




આકૃતિમાં OX ધરી પર નાણાંનો પુરવઠો અને OY ધરી પર વ્યાજ દર દર્શાવેલ છે. જ્યારે ડાબી બાજુએથી જમણી બાજુએ નીચે ઢળતી LL રેખા વ્યાજ દર દર્શાવે છે. અને બાદમાં તે OX ધરીની સમાંતર થતી જોવા મળે છે. જ્યારે OM જેટલો અર્થતંત્રમાં નાણાંનો પુરવઠો છે. જે વ્યાજ દરને ધ્યાનમાં લીધા વગર જે-તે દેશની મધ્યસ્થ બેન્ક દ્વારા પૂરો પાડવામાં આવે છે.


હવે 6 ટકાના વ્યાજ દર L = M છે. એટલે કે રોકડ નાણાંની માગ અને નાણાંનો પુરવઠો સરખા છે. જેને આપણે સમતુલાની સ્થિતિ તરીકે ઓળખીએ છીએ.


હવે 8 ટકાના વ્યાજ દરે બન્ને પ્રકારની નાણાંની માગ કરતાં RR જેટલો લોકો પાસે રોકડ પસંદગી છે. સામાન્ય વ્યાજ દર કરતાં 8 ટકા વ્યાજ દર વધુ હોવાથી લોકો ભવિષ્યમાં વ્યાજ દર ઘટશે એવી અપેક્ષા રાખતા હોય છે. તેથી પોતાની પાસે રહેલ RR રોકડ પસંદગીથી જામીનગીરીની ખરીદી કરશે. જ્યાં સુધી સમતુલા દર સુધી નહિ ઘટે ત્યાં સુધી આ પ્રક્રિયા ચાલુ રહેશે.

હવે 4 ટકાનો વ્યાજ દર સામાન્ય સમતુલાના વ્યાજ દર કરતાં ઓછો છે. જે બન્ને પ્રકારના નાણાંની માગ, નાણાંના પુરવઠા કરતાં JJ જેટલી વધારે છે. હવે ભવિષ્યમાં વ્યાજ દર વધવાની અપેક્ષા હોવાથી જામીનગીરીનું વેચાણ કરીને રોકડમાં રૂપાંતર કરશે. તેથી જામીનગીરીના પુરવઠામાં વધારો થશે. જે તેના ભાવમાં ઘટાડો થશે. પરિણામ સ્વરૂપે વ્યાજ દરમાં વધારો થશે.

### 14.4.4 સમતુલાના દરમાં ફેરફાર :

કેઈન્સ પોતાના સિદ્ધાંતમાં નાણાંની માગ અને નાણાંના પુરવઠા દ્વારા વ્યાજ દર નક્કી થાય છે. જ્યારે બન્નેમાંથી કોઈ એક પરિબળમાં ફેરફાર થાય તો સમતુલા દરમાં ફેરફાર થાય તે આ આકૃતિ દ્વારા દર્શાવવાનો પ્રયત્ન કરેલ છે.




ઉપરોક્ત બન્ને આકૃતિમાં OX ધરી પર નાણાંનો પુરવઠો અને OY ધરી પર વ્યાજનો દર દર્શાવવામાં આવેલ છે. LL અને $LL_1$ એ જુદી જુદી નાણાંની માગ અને નાણાંના પુરવઠાએ વ્યાજ દરની સમતુલા દર્શાવતી રેખા છે.

પ્રથમ આકૃતિમાં નાણાંના પુરવઠામાં વધારો થાય છે અને નાણાંની માગને સ્થિર ધારવામાં આવી છે. નાણાંનો પુરવઠો OM થી વધીને અને $MM_1$ જેટલો થાય છે. જે દેશની મધ્યસ્થ બેન્ક જામીનગીરીની ખરીદી, અનામત પ્રમાણમાં ફેરફાર કે બેન્ક દરમાં ફેરફાર કરીને કરે છે. આપણે જાણીએ છીએ કે નાણાંનો પુરવઠો અને વ્યાજ દર વચ્ચે વ્યસ્ત સંબંધ છે. જે અનુસાર નાણાંના પુરવઠામાં વધારો થતા વ્યાજ દર 8 ટકા થી ઘટીને 4 ટકા જેટલો થાય છે. હજુ પણ જો નાણાંના પુરવઠામાં $MM_1$ થી $MM_2$ જેટલો વધારો થાય છે. ત્યારે વ્યાજ દર પણ ઘટીને 4 ટકા થી 2 ટકા જેટલો થાય છે. હજુ કેન્દ્રીય બેન્ક દ્વારા નાણાંના પુરવઠામાં $M_1$, $M_2$ થી $M_2$, $M_3$ વધારો કરવામાં આવે છે. પરંતુ વ્યાજ દરમાં કોઈ ફેરફાર થતો નથી. કેઈન્સ આ સ્થિતિને તરલતા બંધન તરીકે ઓળખે છે. નાણાંના પુરવઠામાં વધારો થતો હોવા છતાં વ્યાજ દરમાં શા માટે ઘટાડો થતો નથી ? કેઈન્સ જણાવે છે કે લોકો હવે એવી અપેક્ષા બાંધે કે વ્યાજ દર આનાથી વધારે ઘટશે નહિ. પરંતુ

ભવિષ્યમાં વ્યાજ દરમાં વધારો થશે. તેથી લોકો રોકડ નાણાંનું જામીનગીરીમાં રોકાણ કરતાં નથી. કારણકે ભવિષ્યમાં વ્યાજ દર વધવાનો હોવાથી જામીનગીરીના ભાવમાં ઘટાડો થશે. કેઈન્સ જણાવે છે કે અર્થતંત્રમાં આવી સ્થિતિમાં નાણાંના પુરવઠામાં ફેરફાર વ્યાજ દર પર કોઈ અસર થતી નથી. જે નાણાકીય નીતિની મર્યાદા છે.

વિદ્યાર્થી મિત્રો બીજી આકૃતિમાં નાણાંનો પુરવઠો સ્થિર ધારીને માત્ર નાણાંની માગમાં વધારો થાય તો વ્યાજ દરમાં વધારો થાય છે. જે આકૃતિમાં OM નાણાંના પુરવઠાએ પ્રથમ 8 ટકાના વ્યાજ દરે OM જેટલી નાણાંની માગ છે. LL રેખા પરનું A બિંદુ દર્શાવે છે. હવે નાણાંની માગમાં વધારો થતાં વ્યાજ દર 8 ટકા થી વધીને 10 ટકા થાય છે. જે આપણને આકૃતિમાં $LL_2$ રેખા પરનું B બિંદુ દર્શાવે છે.

પરંતુ જો નાણાંના પુરવઠામાં અને નાણાંની માગમાં એકસરખા પ્રમાણમાં વધારો થાય તો વ્યાજ દરમાં કોઈ ફેરફાર થતો નથી. જે આકૃતિમાં LL રેખા પરના A બિંદુએથી L1L રેખા પરના C બિંદુ દર્શાવે છે. જયાં 8 ટકા સ્થિર વ્યાજ દર છે. તેમાં કોઈ ફેરફાર થતો નથી.

### 14.4.5 સિદ્ધાંતની મર્યાદા :

1) રોકડ પસંદગીના સિદ્ધાંતમાં માત્ર નાણાકીય પરિબળોને લક્ષમાં લેવામાં આવ્યા છે. જ્યારે બિનનાણાકીય પરિબળો જેવાકે બચત, મૂડીની ભૌતિક ઉત્પાદકતા વગેરેની અવગણના કરે છે.

2) કેઈન્સના સિદ્ધાંતમાં સટ્ટાકીય હેતુ મહત્ત્વનો ભાગ ભજવે છે. પરંતુ લોકો વ્યાજ દર સ્થિર હોવાની ધારણા કરે તો વ્યાજ નિર્ધારણ સમજાવી શકે નહિ.

3) કેઈન્સનો સિદ્ધાંત ટૂંકાગાળાનું વ્યાજ નિર્ધારણ સમજાવી શકે. લાંબાગાળાનું નહીં. કારણકે લાંબાગાળે એ મૂડીની ઉત્પાદકતા મહત્ત્વનો ભાગ ભજવે છે.

4) સમાજવાદી અર્થવ્યવસ્થામાં ‘સટ્ટાકીય હેતુ’ માટેની માગ સંભવી શકે નહિ. તેથી આવી અર્થવ્યવસ્થા સિદ્ધાંત વ્યાજ દર સમજાવી શકે નહિ.

### 14.4.6 સિદ્ધાંતનું મહત્ત્વ :

શિષ્ટ અર્થશાસ્ત્રીઓ મંદીમાંથી અર્થતંત્રને બહાર લાવવા માટે નાણાંના પુરવઠામાં વધારો કરીને વ્યાજ દર ઘટાડી મૂડી રોકાણમાં વધારો કરવાનું સૂચવે છે. પરંતુ કેઈન્સ માને છે કે મંદીના સમયે જો વ્યાજ દર અતિ નિમ્ન હોય ત્યારે વ્યાજ દર રેખા સંપૂર્ણ સપાટ બને છે. તેને Liquidity Trap કહે છે. તેવા સમયે નાણાંના પુરવઠાની વ્યાજ દર પર કોઈ અસર થતી નથી. તેથી તેવા સમયે નાણાકીય નીતિને બદલે રાજકોષીય નીતિ હેઠળ મૂડીની સીમાંત કાર્યક્ષમતા વધારો કરી મંદીને દૂર કરી શકાય છે જે કેઈન્સનું આગવું પ્રદાન છે.

## 14.5 IS-LM મોડેલ

કેઈન્સનો સિદ્ધાંત નાણાં બજારની સમતુલા દ્વારા વ્યાજ નિર્ધારણ સમજાવે છે. જો નાણાંની માગ અને નાણાંનો પુરવઠો સરખા થાય ત્યાં વ્યાજ દર નક્કી થાય છે. જ્યારે ધિરાણ ભંડોળના સિદ્ધાંત દ્વારા બચતનો પુરવઠો અને મૂડી રોકાણની માગ સરખા થાય ત્યાં વ્યાજ દર નિર્ધારણ થાય

છે. બન્ને સિદ્ધાંતો કોઈ એક પરિબળ પર ભાર મૂકી એક પરિબળની ઉપેક્ષા કરે છે. હિકસ અને હેન્સન નામના અર્થશાસ્ત્રી બન્ને પરિબળો (બન્ને બજાર)નો સમન્વય કરીને વ્યાજ નિર્ધારણ સમજાવે છે. તથા વ્યાજ એ નાણાકીય ઘટના છે કે વાસ્તવિક ઘટના છે તે વિવાદનું નિરાકરણ કરેલ છે. જેને આપણે IS - LM મોડેલ અથવા વ્યાજના આધુનિક સિદ્ધાંત તરીકે ઓળખીએ છીએ.

વ્યાજના આધુનિક સિદ્ધાંત અનુસાર વ્યાજનો દર ચાર પરિબળો પર આધાર રાખે છે.

1) રોકાણની માગ (મૂડી રોકાણ)

2) રોકાણનો પુરવઠો (બચત)

3) નાણાંની માગ (તરલતા પસંદગી)


4) નાણાંનો પુરવઠો

ઉપરોક્ત ચાર પરિબળોમાંથી પ્રથમ બે વસ્તુ બજારની સમતુલા દર્શાવે છે અને છેલ્લા બે નાણાં બજારની સમતુલા દર્શાવે છે. હિકસ અને હેન્સન ચારેય પરિબળોનો સમન્વય કરીને IS-LM મોડેલ રજૂ કરેલ છે.


### 14.5.1 રોકાણની માગ (I) અને રોકાણનો પુરવઠો (S) :

ધિરાણ ભંડોળના સિદ્ધાંત અનુસાર બચતો, રોકડ સંગ્રહ અને અસંગ્રહ અને નાણાંનું સર્જન વગેરેના કારણે બચતના પુરવઠામાં વધારો થાય છે. જે વ્યાજ દરને ઘટાડે છે. જેના આધારે આપણને IS રેખા પ્રાપ્ત થાય છે.

IS રેખાએ આવકના જુદાં-જુદાં ધોરણોએ વ્યાજ દર અને મૂડી રોકાણ વચ્ચેનો સંબંધ દર્શાવે છે. જેમ વ્યાજ દર વધારે તેમ મૂડી રોકાણ ઓછું અને જેમ વ્યાજ દર નીચો તેમ મૂડી રોકાણ વધારે. એટલે કે બન્ને વચ્ચે વ્યસ્ત સંબંધ જોવા મળે છે. તેથી IS રેખા જમણી બાજુએથી ડાબી બાજુએ નીચે જતી રેખા જોવા મળે છે. આ રેખાનો ઢાળ કેટલો હશે ? તેનો આધાર વ્યાજ દરમાં ફેરફાર થવાથી મૂડી રોકાણમાં કેટલો ફેરફાર થાય છે તેના પર આધાર રાખે છે.




આકૃતિ - ૧





આકૃતિ - ૨

ઉપરોક્ત આકૃતિમાં પ્રથમ આકૃતિમાં OX ધરી પર બચત અને મૂડી રોકાણ દર્શાવવામાં આવેલ છે. અને OY ધરી પર વ્યાજ દર દર્શાવેલ છે. $SY_1$, $SY_2$, $SY_3$, $SY_4$ અને $SY_5$ જુદી જુદી બચત રેખાઓ છે. તેને જોડતી IS રેખા છે. તેના દરેક બિંદુએ બચત અને મૂડી રોકાણ સરખા છે. આકૃતિમાં જોઈ શકાય છે કે બચતમાં જેમ જેમ વધારો થાય છે તેમ વ્યાજ દરમાં ઘટાડો થાય છે. વ્યાજ દરમાં ઘટાડો થવાને પરિણામે મૂડી રોકાણમાં વધારો થાય. તેના આધારે આકૃતિ - 2 IS રેખા તારવવામાં આવેલ છે.


આમ, વ્યાજ દર અને મૂડી રોકાણ વચ્ચે વ્યસ્ત સંબંધ છે. વ્યાજ દરમાં ઘટાડાને પરિણામે મૂડી રોકાણમાં વધારો થાય છે. પરિણામે કુલ રાષ્ટ્રીય આવકમાં વધારો થાય છે. આનાથી વિપરીત સ્થિતિ વ્યાજ દરમાં વધારો થવાથી રાષ્ટ્રીય આવકમાં ઘટાડો થાય છે જે આકૃતિ - 2માં જોઈ શકાય છે.

### 14.5.2 LM રેખાની પ્રાપ્તિ : (નાણાંની માગ અને નાણાંનો પુરવઠો)

કેઈન્સના સિદ્ધાંત દ્વારા આપણે જુદાં-જુદાં આવકના સ્તરે તરલતા પસંદગીનું પ્રમાણ અલગ અલગ હોય છે. આ બાબતને આપણે નાણાં પુરવઠા સાથે એકત્રિત રીતે લઈએ તો આપણને LM રેખા મળે છે. તે રેખા જુદી જુદી આવકના સ્તરે વ્યાજ દર કેટલો હશે તેની જાણકારી આપે છે.




આકૃતિ - ૧




આકૃતિ - ૨

ઉપરોક્ત આકૃતિમાં OX ધરી પર નાણાંનો પુરવઠો અને OY ધરી પર વ્યાજ દર દર્શાવવામાં આવેલ છે. SM રેખા નાણાંની પુરવઠા રેખા છે. $Y_1$, $Y_2$, $Y_3$, $Y_4$ અને $Y_5$ લોકોની જુદી જુદી આવક તરલતા પસંદગી દર્શાવે છે. જેમ જેમ તરલતા પસંદગીમાં વધારો થાય છે તેમ વ્યાજ દરમાં પણ વધારો થાય છે. કારણકે નાણાંનો પુરવઠો સ્થિર છે. આ બાબતને આકૃતિમાં $Y_1$ થી $Y_5$ સુધી રેખાઓ દર્શાવે છે.

આકૃતિમાં જોઈ શકાય છે કે જેમ જેમ આવકમાં વધારો થાય છે તેમ તરલતા પસંદગી વધે છે અને તેથી વ્યાજ દરમાં પણ વધારો થાય છે. આથી LM રેખા ડાબી બાજુએથી જમણી બાજુએ ઉપર તરફ જતી ઘન ઢાળ ધરાવતી રેખા છે. જેને આપણે આકૃતિ - 2માં જોઈ શકાય છે.

**LM રેખાના ઢાળ : (નાણાંનો પુરવઠો સ્થિર)**


LM રેખાનો ઢાળ રાષ્ટ્રીય આવક અને વ્યાજ દરમાં થતાં ફેરફારના કારણે નાણાંની માગમાં થતા ફેરફાર પર આધાર રાખે છે. રાષ્ટ્રીય આવકમાં થતા ફેરફારના કારણે માગમાં

થતો ફેરફાર વધારે હોય તો LM રેખાનો ઢાળ વધારે હોય છે. જ્યારે વ્યાજ દરમાં ફેરફારને કારણે માગમાં થતો ફેરફાર વધારે હોય ત્યારે LM રેખાનો ઢાળ ઓછો હોય છે. એટલે LM રેખા ચપાટ હશે. જ્યારે રાષ્ટ્રીય આવકમાં ફેરફાર થવાના કારણે નાણાંની માગમાં જે ફેરફાર થાય છે તે માગ માત્ર સોદાકીય હેતુ માટેની જ માગ હોય છે. તે લોકોની ઉપભોગ વૃત્તિ બતાવે છે. જ્યારે વ્યાજ દર ફેરફારના કારણે નાણાંની માગમાં થતો ફેરફાર સટ્ટાકીય હેતુ માટેની નાણાંની માગ હોય છે.

આમ જ્યારે વ્યાજ દરના ફેરફારના કારણે કે રાષ્ટ્રીય આવકના ફેરફારને કારણે નાણાંની માગમાં ફેરફાર થાય ત્યારે માત્ર LM રેખાના ઢાળમાં બદલાવ થાય છે.

### 14.5.3 આવક અને વ્યાજ નિર્ધારણ :

IS રેખાએ વસ્તુ બજારની સમતુલા દર્શાવે છે. તેના પરના દરેક બિંદુએ બચત, મૂડી રોકાણ અને ઉત્પાદન સરખું હોય છે. જ્યારે LM રેખાએ નાણાં બજારની સમતુલા દર્શાવે છે. તેના દરેક બિંદુએ નાણાંની માગ, નાણાંનો પુરવઠો સરખા હોય છે. તેથી IS રેખા અને LM રેખા બન્ને એકબીજાને છેદે ત્યાં બન્ને બજારોમાં સમતુલા મળે છે. જેને આપણે આકૃતિ દ્વારા જોઈએ તો -




આકૃતિમાં OX ધરી પર આવક અને OY ધરી પર વ્યાજ દર દર્શાવવામાં આવેલ છે. IS રેખા વસ્તુ બજારની સમતુલા અને LM રેખા નાણાં બજારની સમતુલા દર્શાવે છે. બન્ને રેખા E બિંદુએ એકબીજાને છેદે છે ત્યાં બન્ને બજારોમાં સમતુલા મળે છે. આ સિવાયના અન્ય બિંદુઓ અસમતુલા દર્શાવે છે. M અને N બિંદુએ માત્ર નાણાં બજારની સમતુલામાં છે પરંતુ વસ્તુ બજાર અસમતુલામાં છે. જ્યારે A અને B બિંદુએ વસ્તુ બજારમાં સમતુલા છે પરંતુ નાણાં બજારમાં અસમતુલા છે. જ્યારે IS રેખાની ડાબી બાજુએ આવેલા દરેક બિંદુ બચત કરતાં મૂડી રોકાણ વધારે તેથી વસ્તુ બજારમાં અસમતુલા છે. જ્યારે IS રેખાથી જમણી બાજુએ આનાથી વિપરીત સ્થિતિ જોવા મળે છે. જ્યારે LM રેખાની જમણી બાજુના બિંદુએ નાણાંના પુરવઠા કરતાં માગ વધુ હોય છે. જ્યારે LM

રેખાની ડાબી બાજુના બિંદુ વિપરીત સ્થિતિ જોવા મળે છે. આમ ટૂંકમાં કહીએ તો માત્ર B બિંદુએ બન્ને બજારોની સમતુલા દર્શાવે છે. ત્યાં વ્યાજ દર નક્કી થાય છે.

આમ હિકસ અને હેન્સન IS - LM મોડેલમાં એકસાથે વસ્તુ બજાર અને નાણાં બજારમાં સમતુલા દર્શાવે છે. પરંતુ આ સમતુલા સંખ્યાબંધ પરિબળો વડે બદલાય શકે છે. IS - LM રેખાઓમાં પરિવર્તન થતાં વ્યાજનો દર અને આવકનું ધોરણ બન્નેમાં ફેરફાર થાય છે. આ ઉપરાંત સમતુલામાં ફેરફાર લાવતાં અન્ય પરિબળો જેવા કે -

1) બચતમાં થતો ફેરફાર
2) રોકાણમાં થતો ફેરફાર
3) તરલતા પસંદગીમાં થતો ફેરફાર
4) નાણાંના પુરવઠામાં થતા ફેરફારો
5) રોકાણ અને નાણાંના પુરવઠામાં થતો સમાંતર ફેરફાર
6) સરકારી ખર્ચમાં અને કરવેરામાં થતા ફેરફારો
7) લોકોની ઉપભોગ વૃત્તિમાં અને કિંમતમાં થતા ફેરફારો

આમ, ઉપરોક્ત પરિબળોમાં ફેરફાર થવાથી IS - LM રેખામાં ફેરફાર થાય છે. જેથી વ્યાજ દર અને રાષ્ટ્રીય આવકમાં ફેરફાર થાય છે.

### **14.5.5** હિકસ અને હેન્સન સિદ્ધાંતનું મૂલ્યાંકન

પ્રશિષ્ટ સિદ્ધાંત અને કેઈન્સના સિદ્ધાંતનો સુવ્યવસ્થિત સમન્વય કરીને હિકસ અને હેન્સને IS - LM રેખાઓની મદદથી વ્યાજના દરની વ્યવસ્થિત, તર્કબદ્ધ અને અસરકારક સમજૂતી આપી છે. નાણાકીય અને વાસ્તવિક પરિબળોનો સમન્વય કર્યો છે. આ ઉપરાંત તેમણે નાણાકીય અને રાજકોષીય નીતિનો પણ સમન્વય કર્યો છે. જે સિદ્ધાંતનું ચડિયાતાપણું અને અસરકારકતા બતાવે છે. આમ છતાં આ સિદ્ધાંતમાં વસ્તુઓના ભાવો ફેરફાર થવાની શક્યતાની અવગણના કરવામાં આવી છે. કારણકે નાણાંનો પુરવઠો, વપરાશવૃત્તિ, તરલતા પસંદગી, મૂડી રોકાણ વગેરેમાં ફેરફાર થવાથી માત્ર વ્યાજ દર અને આવકની સપાટીમાં જ ફેરફાર થતો નથી. પરંતુ કિંમત સ્તરમાં પણ ફેરફાર થાય છે. જે સિદ્ધાંતની ક્ષતિ જણાય છે.

## 14.6 સારાંશ

વ્યાજના સિદ્ધાંતો વિવિધ દૃષ્ટિકોણને ધ્યાનમાં લઈને અર્થશાસ્ત્રીઓ દ્વારા આપવામાં આવ્યા છે. તેમાંથી પ્રસ્તુત એકમમાં બે સિદ્ધાંતોનો અભ્યાસ કર્યો. તેમાં રોકડ પસંદગીનો સિદ્ધાંત એ સમજાવે છે કે મંદીના સમયમાં નાણાંના પરિમાણમાં વધારો કરતાં વ્યાજ દર ઘટશે અને મૂડી રોકાણ વધશે અને અર્થતંત્ર મંદીમાંથી મુક્ત થશે. પરંતુ અતિ નિમ્ન વ્યાજ દરો હોય અને અર્થતંત્ર રોકડ પસંદગી જાળમાં ફસાઈ જાય ત્યારે તો તેને નિવારવા રાજકોષીય નીતિ હેઠળ મૂડીની સીમાંત કાર્યક્ષમતા વધારવી જોઈએ. તે કેઈન્સનું મહત્ત્વનું પ્રદાન હતું. જ્યારે હિકસ અને હેન્સને વસ્તુ બજારની સમતુલા અને નાણાં બજારની સમતુલા દ્વારા બન્ને સમન્વય કરીને તરલતા પસંદગીનો સિદ્ધાંત અને ધિરાણ ભંડોળના સિદ્ધાંતમાં ખૂટતી કડીઓનો ઉમેરો કર્યો છે. નાણાકીય પરિબળો અને વાસ્તવિક પરિબળોનો સમન્વય કરી વ્યાજ નિર્ધારણ સમજાવાનો પ્રયાસ કરેલ છે.

## 14.7 ચાવીરૂપ શબ્દો

1) **વ્યાજ :** મૂડીના વપરાશ બદલ મૂડીપતિને મળતા વળતરને વ્યાજ કહે છે.

2) **તરલતા (Liquidity) :** એટલે કોઈપણ અસ્કયામત (asset)ને રોકડ નાણાંમાં રૂપાંતરિત કરવાની સહજતા.

3) **ધિરાણ ભંડોળ :** સામાન્ય અર્થમાં ધિરાણ માટે ઉપલબ્ધ નાણાં ભંડોળ (નાણાંનો પુરવઠો.

4) **તરલતા જાળ (Liquidity Trap) :** એવી સ્થિતિ જેમાં નાણાંના પુરવઠામાં થતો વધારો વ્યાજ દરમાં ઘટાડો નિપજાવી શકતો નથી.

5) **જામીનગીરી :** વિવિધ પ્રકારની નાણાકીય અસ્કયામતોને આવરી લેતો શબ્દ. તેમાં સામાન્ય રીતે સરકારી જામીનગીરી શૅર, ડિબેન્ચર વગેરેનો સમાવેશ થાય છે.

6) **મૂડી રોકાણ :** મૂડી સાધનોના જથ્થાને વાસ્તવિક રીતે ટકાવી રાખવા કે તેમાં વધારો કરવા માટે કરવામાં આવતું ખર્ચ.

7) **નાણાકીય નીતિ :** મધ્યસ્થ બેન્ક દ્વારા બેન્ક દર, જામીનગીરીનું ખરીદ-વેચાણ, અનામત પ્રમાણ ફેરફાર વગેરે ગુણાત્મક અને પરિણાત્મક સાધનો વડે આર્થિક ઉદ્દેશો હાંસલ કરવાની નીતિ.

8) **બૉન્ડ :** જેના પર ચૂકવવામાં આવનાર વ્યાજનો દર નિશ્ચિત હોય તેવો લૉન પત્ર અથવા જામીનગીરી.

9) **બચતો :** ચાલુ આવકનો જે ભાગ વર્તમાનમાં વપરાશ પાછળ ખર્ચાતો નથી તે.

## સ્વાધ્યાય

**નીચેના પ્રશ્નોના સવિસ્તાર જવાબ આપો.**

1. કેઈન્સનો તરલતા પસંદગી સિદ્ધાંત સમજાવો.
2. IS રેખાનો અર્થ આપી તેની ઉત્પત્તિ કેવી રીતે થાય છે તે સમજાવો.
3. LM રેખાનો અર્થ જણાવી LM રેખાની ઉત્પત્તિ જણાવો.
4. IS - LM રેખા દ્વારા વ્યાજ નિર્ધારણ સમજાવો.
5. હિકસ અને હેન્સન સિદ્ધાંત જણાવી ચડિયાતાપણું દર્શાવો.

**નીચે આપેલા પ્રશ્નોના જવાબ લખો.**

1. નાણાંનો અર્થ જણાવી તેની માગના વિવિધ હેતુઓ જણાવો.
2. કેઈન્સનો સિદ્ધાંત માત્ર નાણાકીય ઘટના છે. - સમજાવો.
3. IS - LM મોડેલ દ્વારા વસ્તુ બજાર અને નાણાં બજારની સમતુલા જણાવો.
4. કેઈન્સના સિદ્ધાંતની મર્યાદા જણાવો.
5. સટ્ટાકીય હેતુ માટે થતી નાણાંની માગ અને વ્યાજ દરનું નિર્ધારણ સમજાવો.
6. વ્યાજ દર એ બચત અને મૂડી રોકાણ વચ્ચે સમતુલા લાવનાર પરિબળ છે. - સમજાવો.

**નીચે આપેલ પ્રશ્નોના બહુવિકલ્પોમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરી તેનો ક્રમ લખો.**

1. તરલતા પસંદગીનો સિદ્ધાંત .................... દ્વારા આપવામાં આવ્યો.

   (અ) કેઈન્સ (બ) હિક્સ

   (ક) હેન્સન (ડ) એડમ સ્મિથ

2. તરલતા પસંદગીના સિદ્ધાંત અનુસાર સટ્ટાકીય હેતુ માટે નાણાંની માગ .............. સાથે સંબંધ ધરાવે છે.

   (અ) વ્યાજ દર (બ) આવક

   (ક) બચત (ડ) મૂડી રોકાણ

3. તરલતા પસંદગીના સિદ્ધાંત મુજબ જામીનગીરીના ભાવ અને વ્યાજ દર વચ્ચે ........... સંબંધ જોવા મળે છે.

   (અ) ધન (બ) વ્યસ્ત

   (ક) સંપૂર્ણ ધન (ડ) સંપૂર્ણ વ્યસ્ત

4. તરલતા પસંદગીના સિદ્ધાંત અનુસાર સોદાકીય અને સાવચેતીના હેતુ માટેની નાણાંની માગ ................... સાથે સંબંધ ધરાવે છે.

   (અ) આવક (બ) વ્યાજ દર

   (ક) બચત (ડ) મૂડી રોકાણ

5. રોકડ પસંદગી સ્થિર રહે અને નાણાંના પુરવઠામાં વધારો થાય તો ....................

   (અ) વ્યાજ દરમાં વધારો (બ) વ્યાજ દરમાં ઘટાડો

   (ક) વ્યાજ દર સ્થિર (ડ) વ્યાજ દર અનિર્ણીત

6. તરલતા પસંદગીના સિદ્ધાંત અનુસાર અતિ નિમ્ન વ્યાજ દરે તરલતા પસંદગી રેખા .......................... બને છે.

   (અ) સંપૂર્ણ મૂલ્ય સાપેક્ષ (બ) સંપૂર્ણ મૂલ્ય અનપેક્ષ

   (ક) એકમ મૂલ્ય સાપેક્ષ (ડ) મૂલ્ય સાપેક્ષ

7. સંપૂર્ણ મૂલ્ય સાપેક્ષ તરલતા પસંદગીની રેખાને ............................. કહે છે.

   (અ) તરલતા બંધન (બ) પુરવઠા બંધન

   (ક) આવક બંધન (ડ) વસ્તુ બંધન

8. તરલતા બંધન .....................ની મર્યાદા દર્શાવે છે.

   (અ) રાજકીય નીતિ (બ) નાણાકીય નીતિ

   (ક) સરકારી નીતિ (ડ) વ્યાપાર નીતિ

9. વ્યાજ દર અને મૂડી રોકાણ વચ્ચે ......................... સંબંધ જોવા મળે છે.

   (અ) ધન (બ) સહસંબંધ

   (ક) વ્યસ્ત (ડ) સીધો

10. વસ્તુ બજારમાં બચત, મૂડી રોકાણ, વ્યાજ, ઉત્પાદન અને માગમાં સમતુલા દર્શાવતી રેખા ........................ તરીકે ઓળખાય છે.

(અ) IL રેખા (બ) IS રેખા

(ક) LM રેખા (ડ) IM રેખા

11. IS રેખાનો ઢાળ .................................... પર આધાર રાખે છે.

(અ) વ્યાજ અને મૂડી રોકાણ (બ) રાષ્ટ્રીય આવક અને મૂડી રોકાણ

(ક) વસ્તુનું ઉત્પાદન અને માગ (ડ) વસ્તુના પુરવઠા

12. LM રેખાનો ઢાળ .................................... પર આધાર રાખે છે.

(અ) વ્યાજ દર અને બચત (બ) વ્યાજ દર અને નાણાં પુરવઠા

(ક) વ્યાજ દર અને નાણાંની માગ (ડ) નાણાંનો પુરવઠો

13. નાણાંની માગ સ્થિર હોય અને નાણાંના પુરવઠામાં વધારો થાય તો ...................

(અ) LM રેખાનો ઢાળ બદલાય (બ) LM રેખાનું સ્થાન ફેરફાર

(ક) LM સ્થિર (ડ) IS રેખા સ્થિર

14. IS - LM મોડેલ ................................ દ્વારા આપવામાં આવ્યું

(અ) કેઈન્સ (બ) ફિશર

(ક) હિકસ અને હેન્સન (ડ) કેઈન્સ અને હિકસ

15. વસ્તુ બજાર અને નાણાં બજારનો સમન્વય ...................... સિદ્ધાંતમાં જોવા મળે છે.

(અ) તરલતા પસંદગી (બ) ધિરાણ ભંડોળ

(ક) IS - LM સિદ્ધાંત (ડ) બચત ભંડોળ

16. વ્યાજ એ માત્ર નાણાકીય ઘટના છે એવું ........................ સિદ્ધાંત જણાવે છે.

(અ) તરલતા પસંદગી (બ) ધિરાણ ભંડોળ

(ક) IS - LM મોડેલ (ડ) ઉપરોક્ત બધાં જ

**વૈકલ્પિક પ્રશ્નોના જવાબો**

1. (અ) 2. (અ) 3. (બ) 4. (અ) 5. (બ) 6. (અ) 7. (અ)
8. (બ) 9. (ક) 10. (બ) 11. (અ) 12. (ક) 13. (બ) 14. (ક)
15. (ક) 16. (અ)

❖ ❖ ❖

## યુનિવર્સિટી ગીત

સ્વાધ્યાયઃ પરમં તપઃ
સ્વાધ્યાયઃ પરમં તપઃ
સ્વાધ્યાયઃ પરમં તપઃ

શિક્ષણ, સંસ્કૃતિ, સદ્‌ભાવ, દિવ્યબોધનું ધામ
ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી નામ;
સૌને સૌની પાંખ મળે, ને સૌને સૌનું આભ,
દશે દિશામાં સ્મિત વહે હો દશે દિશે શુભ-લાભ.

અભણ રહી અજ્ઞાનના શાને, અંધકારને પીવો ?
કહે બુદ્ધ આંબેડકર કહે, તું થા તારો દીવો;
શારદીય અજવાળા પહોંચ્યાં ગુર્જર ગામે ગામ
ધ્રુવ તારકની જેમ ઝળહળે એકલવ્યની શાન.

સરસ્વતીના મયૂર તમારે ફળિયે આવી ગહેકે
અંધકારને હડસેલીને ઉજાસના ફૂલ મહેંકે;
બંધન નહીં કો સ્થાન સમયના જવું ન ઘરથી દૂર
ઘર આવી મા હરે શારદા દૈન્ય તિમિરના પૂર.

સંસ્કારોની સુગંધ મહેંકે, મન મંદિરને ધામે
સુખની ટપાલ પહોંચે સૌને પોતાને સરનામે;
સમાજ કેરે દરિયે હાંકી શિક્ષણ કેરું વહાણ,
આવો કરીયે આપણ સૌ
ભવ્ય રાષ્ટ્ર નિર્માણ...
દિવ્ય રાષ્ટ્ર નિર્માણ...
ભવ્ય રાષ્ટ્ર નિર્માણ

**DR. BABASAHEB AMBEDKAR OPEN UNIVERSITY**
(Established by Government of Gujarat)
'Jyotirmay' Parisar,
Sarkhej-Gandhinagar Highway, Chharodi, Ahmedabad-382 481
**Website : www.baou.edu.in**